A JOURNEY TO SYRIA

BY ABDUL SATTAR TAWAKKAL

www.memonbooks.com

A JOURNEY TO SYRIA

BY ABDUL SATTAR TAWAKKAL

DIGITAL EDITION

Converted by

Qasim Moosa Lawai

&

Shoaib Ghaziani

For Website

of

www.memonbooks.com

August 2010

www.memonbooks.com

بسم الله الرحمن الرحيم

سُبْحَانَ رَبِّكَ رَبِّ
الْعِزَّةِ عَمَّا يَصِفُوْنَ ۝
وَسَلٰمٌ عَلَى الْمُرْسَلِيْنَ ۝
وَالْحَمْدُ لِلّٰهِ رَبِّ
الْعٰلَمِيْنَ ۝

-અબ્દુલ સત્તાર તવક્કલ

તવક્કલ હાઉસ

૧૯૬, બ્લોક-બી, આદમજી નગર, કરાચી.

Cell: 0300-2153033

કિતાબનું નામ:
સીરીયાની સફર

લેખક:
-અ. સત્તાર તવક્કલ

સંખ્યા: ૧૧૦૦

ઓગસ્ટ-૨૦૦૬

કિંમત ૨૦૦ રૂપિયા.....

પ્રકાશક:
ખાલીદ અ. સત્તાર તવક્કલ
BR 1/26, કાદરી મંઝીલ, જાફરી ચોક,
ખારાધર કરાચી-૭૪૦૦૦
ફોન નં 2314645 - 2204303
Cell: 0300-9237764

લેઝર કમ્પોઝીંગ:
રઝા કમ્પોઝીંગ
તસદદુક એન. નૂરાની
ફોન: 2238148 - 0345-3356966

પ્રાપ્તીસ્થાન:
આઝાદ પબ્લીશર
પ૬, ઉર્દુ બઝાર, કરાચી
ફોન: 2631839 - 2620178

અનુક્રમણીકા

અ. નં.	વિષય	પાના નંબર
૧.	દુનિયાનું સૌથી જુનું અને પ્રાચીન શહેર દમાસ્કસ	૧૯
૨.	બીબી ઝયનબ (ર.અ.)નો મઝાર શરીફ અને ઝયનબીયા	૨૧
૩.	સીરીયાની કરન્સી	૨૨
૪.	જબલે કાયસુમ અને દમાસ્કસને અજોડ સૌંદર્ય આપનાર નહેરો અને પહાડો	૩૧
૫.	હાબીલના મઝાર પર હાજરીઃ દુનિયાનો પહેલો કતલ અને પહેલી દફનવિધિ	૩૩
૬.	ઈન્નમલ આમાલો બીન નીય્યાત અમલનો દારોમદાર નીય્યત પર છે	૩૬
૭.	દમાસ્કસના અતિ પ્રખ્યાત વિસ્તાર ઝયનબીયાનું ઘીકતું બજાર	૩૮
૮.	હઝરત બીલાલ હબશીના મઝાર મુબારક પર હાજરી	૩૯
૯.	'અલ ફલાહ'નું પ્રકાશન અને ગુજરાતીઓનો આવકાર	૪૦
૧૦.	ઈરાનના શહેનશાહની ભૌતિક જાહોજલાલી અને 'ગલબએ રૂમ'	૪૮
૧૧.	હઝરત અલી (ક.વ.)નો મહાન ઈલ્મી દરજ્જો	૫૩
૧૨.	અસહાબે કહફની ગુફા	૫૫
૧૩.	'ચલ મદીને'	૫૮
૧૪.	અજોડ આશીક સૈયદના હઝરત ઉવયસ કરની	૬૭
૧૫.	દમિશ્કની મસ્જીદનો ગુમ્બદ કુબ્બતુન-નસ્ર	૭૮
૧૬.	સલીબી જંગોના મહાન મુજાહિદ નુરૂદ્દીન ઝંગીનો મઝાર	૮૧
૧૭.	નુરૂદ્દીન ઝંગીની મોઅજીઝાભરેલી અલૌકિક ખિદમત	૮૨
૧૮.	કસીદએ બુરદહ	૮૫
૧૯.	ઈમામ બુસયરીની જીવન ઝરમર	૮૭
૨૦.	ઈમામ બુસયરીની બીમારી અને બારગાહે રિસાલત શર્ફે કબુલિય્યત	૮૮
૨૧.	મહાન આશીકે રસૂલ સહાબીના મઝાર મુબારક પર હાજરી	૯૨
૨૨.	તોપ કાપે સરાય અને તેના અમૂલ્ય નવદેરાત તેમજ તબરૂકાત	૯૯
૨૩.	દુનિયાનું સૌથી મોટું માલદાર અજાયબઘર	૧૦૦
૨૪.	તુર્ક શીલ્પ કળાની અજાયબી અર્થાત સુલ્તાન એહમદની મસ્જીદ	૧૦૩
૨૫.	હુઝૂરે પાકની સીરીયાની સફર અને હઝરત ખદીજાનું પ્રભાવિત થવું	૧૨૩
૨૬.	બયતુલ મુકદ્દસનું શહેર અને મસ્જીદે અકસા	૧૩૧
૨૭.	દુનિયાની અજાયબીઃ થોડુંક ઈજીપ્તના પીરામીડો વિશે	૧૪૩
૨૮.	ઈમામ માલીકની ઉદારતા	૧૬૭
૨૯.	એહદે રીસાલતની પ્રથમ શહીદ ખાતુન	૨૪૭
૩૦.	સીરીયામાં મીલાદુન્નબી અને દરૂદ પાકની મહિમાનો વર્તાવ	૨૫૦
૩૧.	સીરીયામાં બે મહાન પયગમ્બરો (અ.સ.)ના મઝારો	૨૫૧
૩૨.	હઝરત ઈબ્રાહીમ (અ.સ.)ની પેદાઈશનું સ્થળ ગુફા અંગેનો અહેવાલ	૨૬૦
૩૩.	દીન અને દુનિયાના બેતાજ બાદશાહ હઝરત ઈબ્રાહીમ અદહમ (રહે.)	૨૬૨
૩૪.	તરાવીહની જમાતના સૌથી પહેલા ઈમામ	૨૭૩
૩૫.	મુનાજાત	૩૧૮

અર્પણ

મારી વ્હાલી વાલીદા હાજીયાણી હવ્વામા ૯૦ વર્ષથી વધુ ઉમર વિતાવીને અને મારી સાથેના ૭૦ વર્ષનો મમતાભરેલો ઘૂંફાળો સાથ અને છત્રછાયા છોડીને આ ફાની જગતથી ૧૯મી ડિસેમ્બર ૨૦૦૫ સોમવારના વિદાય થઈ ગયા. મારા મા એક અતિ પ્રભાવશાળી અને ધીરજવાન સબ્ર કરનાર ખાતૂન હતા. મારી ઉમર ચાર વર્ષની હતી ત્યારે મારા વાલીદનો ઈન્તેકાલ થઈ ગયો. તે બાદ મારી મમતાળુ માએ મારી પરવરીશ એવી રીતે કરી કે મને કયારેય બાપની ઓછપ મહેસુસ થવા દીધી નહી.

તેમના પ્રેમાળ પાલનપોષણ અને સાચી દિશામાં દોરવણીને પ્રતાપે આજે હું સફળ જીંદગી વિતાવી રહ્યો છું જે મારી માની મમતા, દુઆ અને દોરવણી વિના શકય નહોતું. અલ્લાહ તઆલા એમના રૂહાની સાયાને મારા ઉપર કયામત સુધી જાળવી રાખે. તેમણે મારી એટલે પોતાની માત્ર એકજ ઔલાદની મોહબ્બતમાં જીંદગીની સુંદર પળોને જતી કરીને મને મોટો કરીને, મારો ઉછેર કરીને સંતોષ માનેલ.

અલ્લાહ તઆલાએ એમને સાત હજ અને અનેક ઉમરા નસીબ કર્યા. સીરીયાની બે વખત સફર કરી તથા તુર્કીની મુલાકાત લીધી. તે સિવાય અજમેર શરીફ, મીણા દાતારની ઝિયારત નસીબ કરી એટલું જ નહી પણ લંડન સુધી સફર કરેલ, તે સિવાય સફળ સંસારમાં એકમાત્ર પુત્રથી લઈ ૪૦ જણના ખાનદાનને સંતોષકારક રીતે આ દુનિયાથી રૂખસત થયા. મારા કુટુંબની દરેક વ્યક્તિથી તેઓ મોહબ્બત કરતા હતા બલ્કે એમ કહું તો ખોટું

નહી ગણાય કે પ્રેમના સાગરમાં હિચકોડા લેતા અને લેવડાવતા હતા.

તેમના ચહેલુમ સુધી બેશુમાર કુર્આન પાકના ખતમ કરવામાં આવ્યા તેમજ દરૂદ શરીફ અને આયાતે કરીમા પણ લાખોની સંખ્યામાં પઢાઈ. યાસીન શરીફ અને બીજી અનેક દુઆઓ પણ પઢાઈ. હું મારી માતાજીથી ખૂબજ મોહબ્બત કરતો હતો પરંતુ "કુલ્લો નફસીન ઝાએકતુલ મૌત" દરેક જાનદારને મૌતની મજા ચાખવાની છે.

માની મમતાનો કોઈ બદલો હોતો જ નથી બલ્કે તેનો આભાર પણ સંપૂર્ણપણે માની શકાતો નથી. અલ્લાહ તઆલાએ પણ પોતાનો અને માબાપનો આભાર માનવાનો બંદાઓને હુકમ ફરમાવ્યો છે જેનું અક્ષરસ પાલન સંભવિત નથી છતાં મારી માતા મારાથી રાજી રહ્યા અને રાજી થઈને ગયા એજ મારી મહામૂડી છે. અલ્લાહ પણ તેમના સદકે મારાથી રાજી થાય તેવી દુઆ છે.

માના શોક દર્શનમાં સામાજીક, રાજદ્વારી, પત્રકારો, આલીમો, વેપારી વર્ગ સહિતના વિવિધ ક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યક્તિઓએ ભાગ લીધો હતો અને અમારા દુ:ખમાં શરીક થયા હતા અને મર્હુમા માટે દુઆ ગુઝારી હતી જે એમની બખ્શીશનું કારણ બનશે ઈન્શાઅલ્લાહ.

એ જ મારી મહાન માના કદમોમાં આ પુસ્તક 'સીરીયાની સફર' અર્પણ કરું છું.

-અબ્દુલ સત્તાર

કર્તા તરફથી.....



અલ્લાહ તઆલાનો લાખ લાખ શુકર કે તેના હબીબે પાકના સદકે 'સીરીયાની સફર'નું આલેખન થયું. પહેલાં હું મારી ડાયરીમાં જરૂરી પોઈન્ટ ટપકાવી લેતો અને ઝિયારતો વગેરેના નામો લખીને રાખી લેતો હતો. એવી રીતે સીરીયા અંગે સારી એવી નોંધો મારી પાસે ભેગી થઈ ગયેલ જે માહિતીસભર અને ઈસ્લામના જાજરમાન ઈતિહાસને ઉજાગર કરતી હતી.

આકસ્મીક રીતે દૈનિક મિલ્લતના સબ એડીટર અને પાંત્રીસ વરસથી કોલમ લખતા બશીર મોહંમદ મુનશી સાથે મારી મુલાકાત થઈ. હું એમનું મઝહબી પેજ રવિવારે વાંચતો હતો પણ મુલાકાતનો મોકો મળેલ નહી. ખૈર મારી વાતચીત થઈ અને બે-ચાર-હમ્મા જેટલું લખાણ મેં લખેલ હતું એ એમને બતાવ્યું અને કહ્યું કે મિલ્લતમાં શરૂ કરવાનો ઈરાદો છે.

લખાણ તેમને પસંદ પડયું અને કહ્યું કે લખાણ માટે વિષય બહુ સારો છે તમે શરૂ કરો મારો પૂરેપૂરો સહકાર મળી રહેશે અને ઈસ્લાહ પણ કરી દઈશ.

'મિલ્લત'ના તંત્રી પીરઝાદા ઈન્કિલાબ માતરી તરફથી મંજુરી મળી ગયા પછી સીરીયાના સફરની લેખમાળાનો પ્રથમ હપ્તો ૫ જુલાઈ ૨૦૦૪ના સોમવારના પ્રગટ થયો. શરૂમાં મને પચીસ હપ્તાઓનો અંદાજો હતો પછી ૪૦ સુધી વધારવાનું નક્કી કર્યું, પરંતુ જેમ જેમ લખાણ આગળ વધતું ગયું અને કડીથી કડી મળતી ગઈ. સાથે સાથે વાંચકોનો પ્રતિસાદ પણ સારો મળ્યો. અનેક સુજ્ઞ વાંચકોએ મને રૂબરૂમાં, ફોન કરીને, ફેકસ કરીને 'સીરીયાની સફર'માં સારી એવી દિલચશપી દાખવી. સૌથી મોટી વાત તો એ હતી કે મને મારી ધારણા કરતા વધારે પ્રોત્સાહન મળ્યું.

'સીરીયાની સફર' આગળ વધતી ગઈ. પચાસ હપ્તા થઈ ગયા. ગોલ્ડન જયુબીલી થઈ. 'મિલ્લત'માં ખાસ પૂર્તિ પ્રગટ થઈ. ઉમળકાભેર આવકાર મળ્યો. મેં સીરીયાની બીજી સફર કરી અને પ્રત્યક્ષ માહિતી મેળવવાનો યથાશક્તિ પ્રયાસ કર્યો. ૧૦૦ હપ્તાઓ સુધી કોઈ પણ

વર્તમાનપત્રમાં પ્રવાસમાળા ચાલી હોય તેવો કદાચ આ પહેલો બનાવ છે અને ગુજરાતીમાં તો આ એક રેકોર્ડ છે.

'સીરીયાની સફર'ની લેખમાળા વાંચીને કેટલાક વાંચકોએ એકલા અથવા કુટુંબીજનો સાથે સીરીયાની મુલાકાત લીધી અને મને જાણ કરી તો આશ્ચર્ય સહિત આનંદ થયો. વાંચકોએ સીરીયાની સરઝમીનની મુલાકાત લઈ પયગમ્બરો, સહાબાએ કીરામ અને અવલીયા અલ્લાહના મઝારોની ઝીયારત કરી ફયઝ હાંસીલ કર્યો અને મને જાણ કરી જેને હું મારી લખાણની સાર્થકતા અને સફળતા સમજું છું. અલહમ્દોલિલ્લાહ !

આ પુસ્તકમાં જે નબીઓ, સહાબીઓ અને અવલીયા અલ્લાહના મુબારક જીવન વિશે જે માહિતી અને વિગતો વગેરે રજુ કરાઈ છે તેમાંથી અમુક તો મારા તંત્રીપદે નીકળતા 'અલ ફલાહ'માં જે મેં લખ્યા હતા તે લીધા અને બીજા અમુક બશીર મોહંમદ મુનશીએ અન્ય કિતાબોમાંથી તારવીને આપ્યા.

'સીરીયાની સફર'ના ગુજરાતી–ઉર્દુ ભાષામાં એમ બે પુસ્તકો આપની સમક્ષ રજુ કરી રહ્યો છું જે મારા માટે ગર્વ અને આનંદની બિના છે. મારા પુસ્તકના લખાણથી પ્રકાશન સુધીની પ્રકિયામાં ઘણા મિત્રોએ ભાગ લીધો અને વાંચકોએ મારા ઉત્સાહમાં અનેરો વધારો કર્યો અને પુસ્તક સ્વરૂપે ઉર્દુમાં પણ પ્રગટ કરવાનું દબાણ કર્યુ.

'મિલ્લત'ના તંત્રી જનાબ ઈન્કિલાબ માતરીએ એમના વાલીદે મોહતરમ અને નિડર, સિદ્ધહસ્ત ગુજરાતી પત્રકાર મર્હુમ ફખ્ર માતરી સાહેબ, જેમની સાથે મારા પણ સંબંધો હતા, 'મિલ્લત'માં 'સીરીયાની સફર'ના ૧૦૦ હપ્તા સુધી માહિતીપૂર્ણ અને ઈમાનઅફરોઝ લખાણ પ્રગટ કરીને જે લાગણી દર્શાવી છે તે બદલ હું તેમનો આભારી છું મને ખાત્રી છે કે આ નેક કામનો તેમને દીન અને દુનિયા બંનેમાં અજર મળશે.

બશીર મોહંમદ મુનશીએ બહુ જ મહેનત લીધી તેમને પણ અલ્લાહ તઆલા દીન દુનિયામાં સફળતા બક્ષે આમીન. તે સિવાય 'મિલ્લત' કાર્યાલયના સ્ટાફ સર્વે જ. યુસુફ વોહરા, રઈસ ખાન દુર્રાની, શબ્બીર એહમદ, તસદદુક નુરાની, હબીબ શેખ, હબીબ ખોખર વગેરેએ પણ મને સલાહ–મશ્વેરા સાથે પ્રોત્સાહન આપ્યું.

અલ્લાહના લાખો કરોડો અહેસાન છે કે સીરીયાની બે સફરો કરવા ઉપરાંત મને અનેક દેશની સફર કરવાની તક મળી છે જેમાં મુખ્ય અમેરિકા, ઈંગ્લેન્ડ, ફ્રાન્સ, સ્વીત્ઝર્લેન્ડ, જર્મની, હોલેન્ડ, ઈટલી, ઈજીપ્ત, તુર્કી, સીંગાપુર, બેંગ્કોક, શ્રીલંકા, અરબ અમીરાત અને બર્મા વગેરે શામેલ છે. તેનું ટુંક વર્ણન પણ વાંચકોને રસપ્રદ માહિતી પૂરી પાડશે.

પહેલાં મેં લખ્યું હતું કે બર્મા મને સૌથી વધુ પસંદ પડયું. મારૂં પુસ્તક 'બર્મામાં બાર દિવસ' આ પહેલાં પ્રગટ થઈ ચૂકયું છે. સીરીયાની સફર ઉપરાઉપરી બે વખત કરી મક્કા અને મદીનાના મુકદ્દસ શહેરોની હાજરી. મારી ખુશનસીબી એ છે કે વર્ષમાં એક-બે વાર હું સફર કરૂં છું, તેની તોલે તો દુનિયાની કોઈ સફર આવી શકે જ નહી.

હવે મને સીરીયા સૌથી સુંદર અને સારૂં લાગેલ. ઊંચાઈ પર વસેલું પુરાતન દમિશ્ક શહેર. ઉત્તમ હવા પાણી પયગમ્બરો, સહાબાએ કીરામ અને અલ્લાહના વલીઓના મઝારોની હાજરીનો ફયઝ હાસીલ કરવાનો મોકો. આ બધું જોઈને, તેની પ્રતિતી કરીને દીન અને દુનિયા દરેક રીતે સીરીયાની સફર સુંદર લાગી અને તેને લેખનમાં પરોવી લીધી.

જીંદગી એક સફર છે જે ખુશગવાર પણ હોય છે, અને કઠણ પણ. ઈન્સાન સફરમાં હોય તો મનમગજ રાહત અનુભવે, સફરના કષ્ટોને હસ્તે મોઢે સહન કરી લેવાય છે. સફર ઈબાદત માટે હોય, મુબાહ હોય, મનોરંજન માટે હોય તેનો દારોમદાર સફરની નિય્યત પર હોય છે. સફરમાં ઈલ્મ હાસીલ કરે, અનુભવ પ્રાપ્ત કરે, સવાબ મેળવે કારણ કે સફર વસીલએ ઝફર છે. ઈલ્મ પ્રાપ્તી માટે સફર નિમિત્ત બને છે. 'સીરીયાની સફર' તો મનમગજ અને રૂહને તાજગી બક્ષે છે. સફરમાં જોવાનું અને જાણવાનું ઘણું મળે છે અને એનીજ તારવણી અને સારાંશ મેં આ પુસ્તકમાં રજુ કરવાનો યથાશક્તિ પ્રયાસ કર્યો છે. અંતમાં દુઆ છે કે અલ્લાહ તઆલા મને અને જે જે લોકોએ આ પ્રયાસમાં મને સાથ-સહકાર આપ્યો તેમનો અને આ પુસ્તકનું વાંચન કરનારાઓ સર્વેનો અલ્લાહ બેડો પાર કરે. આમીન.મારી 'સીરીયાની સફર' પુસ્તક રૂપે પ્રગટ થતાં ખરી કસોટી થશે. વાંચકો પસંદ કરશે તો હું મારી જાતને ધન્ય ગણીશ, ખુશનસીબ માનીશ.

-અબ્દુલ સત્તાર તવક્કલ

'સીરીયાની સફર'

પાકિસ્તાનમાં ગુજરાતી ભાષા મૃતપ્રાય બની જશે કે નહી તે અંગે દાવાપૂર્વકની આગાહી કરવા કદાચ કોઈ સમર્થ નથી એ કારણે આજ સુધી આ ભાષામાં સાહિત્ય સર્જન ચાલુ છે જેનો પૂરાવો 'સીરીયાની સફર' પણ છે જે 'મિલ્લત'માં લેખમાળા રૂપે પ્રગટ થતી રહી અને આજે પુસ્તક સ્વરૂપે ગુજરાતી તેમજ ઉર્દુ ભાષામાં પ્રકાશન થઇ રહ્યું છે જે ખરેખર આનંદની વાત છે. લેખક હાજી અબ્દુલ સત્તાર તવક્કલ ખરેખર મુબારકબાદના હકદાર છે કે તેમણે ગુજરાતી ભાષાની સેવા ઉપરાંત ઉર્દુ વાંચકો માટે લેખમાળા રૂપે સારૂં વાંચન પૂરૂં પાડયું છે.

વ્યસ્તતાને લીધે હું સીરીયાની સફરના અમુક હપ્તાઓ વાંચી શકયો. 'સીરીયાની સફર'માં લેખકનો ઇસ્લામપ્રેમ અને પયગમ્બરો, સહાબાએ કીરામ અને વલીઓ પ્રત્યેની અકીદતની સુવાસ વાંચકોને પ્રફુલ્લીત બનાવી ગઇ હશે તેવી મને ખાત્રી છે. આ પહેલાં હાજી અબ્દુલ સત્તાર તવક્કલના તંત્રીપદે મઝહબી માસિક 'અલ ફલાહ' પ્રગટ થતું હતું. લેખક જો 'અલ ફલાહ'ને પુર્નજીવન કરે તો પાકિસ્તાનમાં ગુજરાતી ભાષાના વિકાસ ક્ષેત્રે અવિસ્મરણીય બની શકે છે. કોઇ પણ ગુજરાતી લેખનકાર્યને પ્રોત્સાહન દેવાની મૂળભૂત નીતિને વરેલું છે. 'સીરીયાની સફર' ૧૦૦ હપ્તા સુધી કંટાળા વિના વાંચકોને જકડી રાખે તે લેખકની કળાશક્તિની સફળતા છે. 'સીરીયાની સફર'માં અનેકાનેક ઐતિહાસિક સ્થળો અને મઝારો તેમજ સાહેબે મઝાર બુઝુર્ગની જીવન ઝરમરનું વર્ણન, ઇસ્લામના જાજરમાન ઇતિહાસ તેમજ નામાંકિત બુઝુર્ગોના કારનામાઓનું ઓજસ શરૂઆતથી અંત સુધી સર્વત્ર ઝળકી ઊઠે છે. લેખકે સફરનું વર્ણન જ નથી કર્યુ બલ્કે વાંચકને સફરમાં પોતાની સાથે રાખ્યો છે અને રૂહાની કિરણોને વાંચક સુધી પહોંચાડવામાં લેખક સફળ રહ્યા છે.

અલ્લાહ લેખકને તંદુરસ્તી સાથે લાંબુ આયુષ્ય અર્પણ કરે અને ગુજરાતી ભાષા અને સાહિત્યની સેવા કરવાની તેમની ઉમંગને વધુ મજબૂત બનાવી કાયમ રાખે અને જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં સફળતા બક્ષે આમીન.

–ઇન્કિલાબ માતરી

તંત્રી : 'મિલ્લત' ગુજરાતી–ઉર્દુ

લેખક અને થોડુંક પુસ્તક વિશે

–બશીર મોહંમદ મુનશી

'સીરીયાની સફર'ના કર્તા તરીકે ગુજરાતી વાંચકોમાં વધુ પરિચિત બની લોકપ્રિયતાના સોપાનો સર કરી લેનાર હાજી અબ્દુલ સત્તાર તવક્કલ મારી દ્રષ્ટિએ મઝહબી અભિરૂચિ ધરાવતી વ્યક્તિ ઉપરાંત જીવનની સફરમાં પ્રાપ્ત અનુભવોની લહાણી કરાવનાર એક સારા લેખક પણ પુરવાર થયા છે. ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે ખાસ કરીને પાકિસ્તાનમાં પોતાની કલમી કસબને જોરે 'સીરીયાની સફર'માં તેમણે ઉર્મિલ શૈલીમાં અકીદતથી તરબોળ પ્રસંગોનું નિરૂપણ કર્યું છે અને સાથોસાથ વાસ્તવિક માહિતીની રજુઆત કરવાની સીધીસાદી છટાથી વાંચક વર્ગની ચાહના મેળવી છે તેમાં બેમત નથી.

'સીરીયાની સફર' અંગે વિવેચન કે તેની સમીક્ષા કરવાનો અત્રે મારો આશય નથી. માત્ર એટલું જ દર્શાવવું છે કે ઘણા લેખો અને લેખમાળાઓ એવી પણ હોય છે જેમાં લેખક શું કહેવા ચાહે છે તે મહત્વનું હોય છે અને ભાષાશૈલી, વાકય રચના કે શાબ્દિક વિલાસ ગૌણ બની જાય છે. ખાસ કરીને જ્યારે લખાણમાં અકીદતનું ઓજસ પણ દીપી રહ્યું હોય.

'સીરીયાની સફર'ના વાંચકોને આ પુસ્તકમાં દમિશ્ક અને સીરીયાની સરઝમીનના પ્રાચીન અવશેષો અને માહિતી સાથે ઈસ્લામી ઈતિહાસની ઝલક પણ જોવા મળશે અને અન્ય દેશોની લેખકની મુલાકાતનું મૌલિક વર્ણન પણ વાંચવા મળશે.

'સીરીયાની સફર'ના દૈનિક 'મિલ્લત'માં અઠવાડિક પ્રકાશન દરમ્યાન અનેકાનેક વાંચકોએ ઘણા હર્ષ અને ઉલ્લાસ સાથે મને બતાવ્યું કે 'સીરીયાની સફર'ની સફરથી અમને સારા વાંચનનો સંતોષ મળ્યો છે.

'સીરીયાની સફર'ની શાબ્દિક આકાર-સાકાર મળી રહ્યો હતો. એ દરમ્યાન હાજી અબ્દુલ સત્તાર તવક્કલ સાથે વખતો વખત મુલાકાતો થતી રહી. તેમની જીવનને જોવાની, માણવાની, અનુભવો માણવાની, અનુભવો મેળવવાની, જીવનની ફરજો પ્રત્યે સભાનતા કેળવવાની એમની સદવૃત્તિથી હું પ્રભાવિત થયો અને એજ બધાનું પ્રતિબિંબ તેમના લખાણમાં સર્વત્ર વિદિત છે.

અદેખા-ઈર્ષાળુ શખ્સના એક દ્રષ્ટાંતનું વર્ણન આ પુસ્તકમાં છે અને એવાજ પ્રસંગોનું વર્ણન ઈન્સાની સુઝ સમજને નિખારે છે જ્યારે પ્રવાસમાં તો જાતજાતના અનુભવો થતા રહે છે. જોયેલા અને જાણેલા અહેવાલોની 'સીરીયાની સફર' એક શૃંખલા છે જે આજે પુસ્તકરૂપે સાકાર પામી છે.

હાજી અબ્દુલ સત્તાર તવક્કલ જેવા મહાનુભાવ વડીલો આપણા સમાજની મહામૂડી છે. હું અલ્લાહ તઆલાથી દુઆ ગુજારૂં છું કે એમનો ફયઝ આપણા સમાજને મળતો રહે અને એથી વિશેષ એ કે એમનું આલેખન ચાલુ રહે અને વાંચકોને તેનો લાભ મળતો રહે.

مولاى صل وسلم دائما أبدا
على حبيبك خير الخلق كلهم
محمد سيد الكونين والثقلين
والفريقين من عرب ومن عجم

અલ્લાહ તઆલાનો લાખ લાખ શુકર છે કે દર વરસે એકાદ બે વખત ફેમીલી સાથે ઉમરા કરવાની સઆદત નશીબ થાય છે. આ વખતે ફેમીલીના ૧૬ સભ્યો સાથે અલ્લાહના ઘર બયતુલ્લાહ શરીફ અને હુઝૂર સરવરે દોઆલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની બારગાહમાં હાજરી દેવાનો પ્રોગ્રામ બનાવેલ.

ઉમરા માટે જતી વખતે આવતાં કે જતાં કોઈ ઈતિહાસીક દેશની મુલાકાત લઈ લેવાની તક જતી કરતો નથી. ઈસ્લામી દેશોની રહેણીકરણી, રીતભાત અને સામાજીક મઝહબી પ્રવૃત્તિઓનો અભ્યાસ ઉપરાંત ત્યાં આવેલ મુકદ્દસ સ્થળોની ઝિયારત અને ઐતિહાસીક જગ્યાઓ જોવાનો મોકો મળી જાય છે.

મીસર, તુર્કી, દુબઈ, અરબ અમીરાતોના અનેક સ્થળે જઈ આવેલ આ વખતે સીરીયાની મુલાકાત લઈને ત્યાં ઘણી બધી ઝિયારતોનો લાભ લેવા નક્કી કરેલ. સીરીયન એરલાઈનની ફ્લાઈટ દર શનિવારે સવારે પાંચ વાગે દમિશ્ક રવાના થાય છે. દમિશ્ક સીરીયાનું પાટનગર અને ઐતિહાસીક શહેર છે. જયાં સંખ્યાબંધ સ્થળો દુનિયાભરના ટુરીસ્ટો અને સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે.

મારા ટ્રાવેલ એજન્ટથી સફર અંગેની જરૂરી વાતચીત કરીને સીરીયન એરલાઈન દ્વારા જીદ્દાહ જવાનો પ્રોગ્રામ ઘડી કાઢયો. પ્રોસીજર પ્રમાણે દુબઈની જેમ ૧૬ જણાના વીસાનો એક જ ફેકસ મારા નામે આવેલ. વ્યકિત દીઠ ૧૨ ડોલરને હીસાબે પૈસા આપેલ તેમ જ ૨૪ એપ્રીલ, ૨૦૦૪ની ટિકિટ ઓ.કે. કરાવેલ. સીરીયન એરલાઈનની ઓફિસમાં ટિકિટ માટે સંપર્ક રહેતો હતો. ત્યાંથી ખબર મળેલ કે ૧૫ તારીખ, શનિવારે ૧૧ વાગે ફ્લાઈટ છે તો ૧૪ કલાક દમિશ્ક એરપોર્ટ પર રહેવાનું મુશ્કેલ લાગેલ.

તેમણે મને આગ્રહ કરેલ કે એરપોર્ટ સાફ અને સુંદર સુવિધાઓવાળું છે. ત્યાં એરપોર્ટની અંદર સગવડદાયી હોટલ પણ છે. તમે મોટી ઉમરના અશકત લોકો છો. માટે બે–ત્રણ રૂમ લઈ લેજો. પરંતુ ઝિયારતની જયારે નિષ્ચત કરી છે તો કેન્સલ ન કરો. એમની વાતથી હિમ્મત આવી અને બાદમાં મેં ટિકિટો ઓ.કે. કરાવી લીધી. રાત્રે બે વાગે એરપોર્ટ પહોંચી ગયા. સીરીયન એરલાઈનના કાઉન્ટર પરથી ઓફિસના ફાટુકભાઈએ દૂરથી અવાજ દઈને કહ્યું:

"હાજી સાહેબ, આવી જાવ, તમારી દમિશ્ક, જીદ્દાહની શનિવારના રાતની

ફ્લાઈટ કેન્સલ થયેલ છે અને હવે રવિવારે સવારે દસ વાગે ફ્લાઈટ છે. માટે તમને દમિશ્કની હોટલમાં એક દિવસનો સ્ટે મળશે."

મેં અલ્લાહનો લાખ શુકર અદા કર્યો. મારી ફેમીલીમાં મારી મા, જેમની ઉમર ૯૦ વરસની છે અને તેમની દુઆઓ સહારો અને એમનો સાયો જ મારા જીવનની મોટી સુખ સાહયબી છે. તેમના માટે રોકાણ જરૂરી હતું.

પાંચ કલાકના આનંદદાયી ઉડયન તથા દમામમાં એક કલાક રોકાણ બાદ અમો છ કલાક પછી દમિશ્ક પહોંચી ગયા. સીરીયન એરલાઈન, સઉદી એર લાઈન તથા પીઆઈએના ભાડાં એક જ છે એટલે મફતની મજામાં અમને હોટલ રવાન્ડા બસમાં લઈ જવામાં આવ્યા, જેમાં લંડન જવાવાળા પેસેન્જરો પણ હતા, જેમની ફ્લાઈટ લેટ થઈ જતાં તેઓ માટે પણ હોટલમાં રોકાણનો પ્રબંધ કરાયો હતો.

હોટલ સારી હતી. ફોર સ્ટાર તો હશે જ. એરલાઈન તરફથી ત્રાણ વખતના ખાવાની પણ વ્યવસ્થા હતી. થોડી વાર આરામ કરી લંચ લીધા પછી પુછરપરછ કરતા માલુમ પડયું કે ઝયનબીયા અહીથી ૬૦૦ મીટરના વોકીંગ ડીસટન્સ પર છે. હું સીરીયાની સફરનું વધુ વર્ણન કરું તે પહેલાં થોડું સીરીયા અને દમિશ્ક વિશે મારા વિચાર, અનુભવો તેમ જ જોયેલા ઐતિહાસીક સ્થળો તથા જાણકારી રજુ કરું તો આ પુસ્તક વાંચનારાઓ માટે કદાચ માહિતીદાયી હશે અને સફરની સાર્થકતા સમજાશે.

દુનીયાનું સૌથી જુનું અને પ્રાચીન શહેર દમાસ્કસ અવલીયા અને સહાબાએ કિરામનું શહેર

અમુક રીવાયતોથી માલુમ પડે છે કે હઝરત નુહ (અ.સ.)એ તોફાન પછી કશ્તીમાંથી ઉતરીને સૌથી પહેલાં બે વસ્તીઓ આબાદ કરી હતી. એક હર્રાન અને પછી દમીશ્ક. એ હવાલે દમીશ્ક અત્યારે દુનીયામાં સૌથી જુનું અને પ્રાચીન શહેર છે. હઝરત નુહ (અ.સ.)ના સમયમાં આવેલ તોફાનમાં દુનીયાની એક ચોક્કસ આબાદી નાશ પામી હતી. ઈન્સાની નસલ નામશેષ થઈ ગઈ હતી. તેથીજ હઝરત નુહ (અ.સ.) ને આદમે– સાની એટલે કે બીજા આદમ કહેવામાં આવે છે. તોફાને નુહ પછી સૌથી પહેલાં હર્રાન અને દમીશ્ક આબાદ થયા.

એક રીવાયત મુજબ હઝરત ઈબ્રાહીમ (અ.સ.)ના એક ગુલામનું નામ દમીશ્ક હતું તેણે સૌથી પહેલાં અહી રહેણાંકી વસાહત ઉભી કરી હતી. તેથી આ ઈન્સાની આબાદીનું નામ દમીશ્ક (દમાસ્કસ) પડી ગયું.

મારી એક ટેવ છે. આદત પડી ગઈ છે, કોઈ વસ્તુ કે બાબતની જાણકારી ન હોય તો જાણકારોથી પુછીને વાંચીને તેને હાસીલ કરી લેવી કદાચ આ બાબતને મેં મારો જીવન સીદ્ધાંત બનાવી લીધો છે. સીરીયાની મારી આ સફર પહેલાં પણ મેં દુનીયાના અનેક દેશોની મુસાફરી કરી છે. બર્માની કરેલી સફરનો એક અહેવાલ મેં "બર્મામાં બાર દિવસ" નામે મારા પુસ્તકમાં રજુ કર્યો. એ પુસ્તકના લખાણ પછીજ મેં મનોમન નક્કી કરી લીધું હતું કે હવે પછી દરેક સફરની નોંધપોથી રાખવી. જેમાં જે દેશની સફર કરવામાં આવે તે અંગેની માહીતી શકય એટલી વિસ્તૃત હદે લખી લેવી. એ રીતે મુસાફરી દરમ્યાન થયેલ અનુભવો પણ ડાયરીમાં જળવાઈ રહેશે. ખેર એજ સિદ્ધાંત મુજબ મેં સીરીયા અંગેની માહીતી તથા જાણકારી સીરીયાના માહીતીખાતા, ટુરીઝમ વિભાગ અને એરલાઈનો ઉપરાંત સરકારી કેટલોગો મારફત ભેગી કરી લીધી. જે આ સીરીયાની સફર નામે લેખમાળાને રૂપે ફેરવાઈ ગઈ છે.

દમાસ્કસ શહેર ખરેખર અદભુત છે. જુની અને નવી તેહઝીબનું મીશ્રણ છે. જુની અને નવી સંસ્કૃતી જે અહી વેશ બદલીને ફેલાઈ છે. અને માદર પીદર આઝાદ જે સોસાયટી આ નામના ઈસ્લામી દેશમાં બની ગઈ છે. ઉપરાંત સામાજીકપણે નીર્લજતા તથા કલબો અને શરાબ ખાનાઓનો જે જાળ આ તારીખી શહેરમાં ફેલાઈ ગઈ છે. તેનું વર્ણન કદાચ આગળ જતાં કરીશ. અત્યારે તો વાત દમાસ્કસ શહેરની થઈ રહી હતી.

દમાસ્કસના ઈતિહાસ કારો જેવા કે લાબીન અસાકર વગેરેએ તારીખે દમીશ્કમાં ઉપર લખેલ મંતવ્યો ઉપરાંત એવું લખ્યું છે કે આ શહેર અને વસ્તી ઝૂલકરનેને વસાવી હતી. અમુક ઈતિહાસકારોએ દમાસ્કસ શહેર સીકંદર મકદુનીના એક ગુલામે વસાવ્યું હોવાનું નોંધ્યું છે. આમ ઘણી બધી રીવાયતો અને માન્યતાઓ છે કે દમાસ્કસ શહેર કોણે આબાદ કર્યુ હતું.

તેથી કોઇ ફાઇનલ મંતવ્ય પર પહોંચી જવાનું મુશ્કેલ છે પરંતુ એ હકીકતમાં કોઇ શંકા નથી કે આ શહેર હજારો વરસથી આબાદ છે. બાઇબલમાં પણ તેનો ઉલ્લેખ મોજુદ છે. અને ઇનસાયકલોપીડીયા બર્ટાનીકા મુજબ જયારે માનવોનો ઇતિહાસ લખાવવાની શરૂઆત થઇ તે સમયથી આ દુનીયાના જુનામાં જુના શહેરનું નામ એજ એટલે કે દમીશ્ક કોઇ ફેરફાર વીના ચાલી રહ્યું છે. તેથી જ કહેવાય છે કે દુનીયામાં સૌથી જુનુ હોવા છતાં હજુ પણ આબાદ હોય એવું શહેર દમીશ્ક છે.

ઇસ્લામી સલ્તનતની સ્થાપના પહેલાં આ શહેર પર અનેક લોકો અને પ્રજાઓએ રાજ કર્યું છે. જેનો એક જુદો ઇતિહાસ છે. હઝરત ઉમર ફારૂક (ર.અ.) ની ખીલાફતના સમયમાં મશ્હુર સહાબીએ રસુલ હઝરત અબુ અબીદા બીન જર્રાહ (ર.અ.) ના કમાન્ડમાં સીરીયાનો આ વિસ્તાર દમાસ્કસ ફતેહ થયું. બાદમાં તેને સીરીયાનું પાટનગર બનાવી દેવામાં આવ્યું. જયારે બનુ ઉમય્યાના ખીલાફત કાળમાં લગભગ એક સદીના અરસા સુધી દમાસ્કસ ઇસ્લામી સલ્તનતનું પાટનગર રહ્યું. જેની હદો એટલાન્ટીક મહાસાગરથી હીંદી મહાસાગર સુધી ફેલાયેલી હતી.

સૈયદના હઝરત ઇબ્રાહીમ (અ.સ.) અબુલ અમ્બીયા (અમ્બીયા પયગમ્બરોના વાલીદ) છે. તેઓ સીરીયામાંજ સ્થાયી થયા હતા. અને અહી રહ્યા હતા. હઝરત ઇબ્રાહીમ (અ.સ.) લગભગ એક લાખ અમ્બીયા (અ.સ.) જદ્દેઅમજદ હતા. મોટા ભાગના અમ્બીયા કીરામ (અ.સ.) જેમના વીશે જાણકારી મળી છે. અહીયાજ પેદા થયા હતા. દમાસ્કસનો પહાડ કાસીયુન પયગમ્બરો અને સહાબાએ કીરામ તથા મહાન વલીઓની તબ્લીગનું ઘણું મોટું કેન્દ્ર રહ્યું છે.

સીરીયા અર્થાત શામની ફતેહ પછી મહાન જલીલુદ કદર સહાબાએ કીરામ (ર.અ.) મોટી સંખ્યામાં આવીને અહી વસી ગયા હતા. પરીણામે આ શહેરને અમ્બીયા (અ.સ.) અને સહાબાએ કીરામ (ર.અ.) નું શહેર કહેવામાં આવે તો એમાં કોઇ અતીશયોકિત નહી ગણાય. એજ કારણ છે કે સીરીયા અને દમાસ્કસના ખુણેખુણે ઇસ્લામી ઇતિહાસની સંખ્યાબંધ યાદો ઉપરાંત ઐતિહાસીક યાદગારો, મકબરાઓ, મસ્જીદો અને દર્સગાહો મોજુદ છે. દમાસ્કસ શહેર સમુદ્રની સપાટીથી ૨૨૦૦ ફુટની ઉંચાઇએ આવેલું છે.

બીબી ઝયનબ (ર.અ.) નો મઝાર શરીફ અને ઝયનબીયા વિસ્તાર

૬૦૦ મીટરનો વોકીંગ ડીસ્ટન્સ પગપાળા ચાલીને ઝયનબીયા પહોંચેલ. લગભગ દસ મીનીટમાં એ વિસ્તારમાં પહોંચી ગયા. બીબી ઝયનબ (ર.અ.) નો શાનદાર મકબરો છે. અને ભવ્ય મસ્જીદ પણ છે. આ શાનદાર ઈમારત અને મીનારાઓ વગેરેનું બાંધકામ ઈરાક ખાતેના એહલે બયતના મઝારોના બાંધકામની ઢબનું છે. શીયા ઝાયરીનો બહુજ મોટી સંખ્યામાં અહી આવતા રહે છે.

હઝરત ઝયનબ (ર.અ.) ઈમામુલ મશારીકે વલ મગારીબ હઝરત અલી (ક.વ.) અને સૈયદતુન્નીસા હઝરત ફાતેમા ઝેહરા (ર.અ.) ના સાહેબજાદી અને હુઝુર સરકારે દોઆલમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના નવાસી અને હઝરત હસનેન (ર.અ.)ના હકીકી બહેન છે.

શીસાલત કાળમાં હઝરત ઝયનબ (ર.અ.) ની વીલાદત થઈ હતી. પરંતુ કમસીન હતા. સાનહે કરબલામાં આપ (ર.અ.) પોતાના ભાઈ હઝરત હુસેન (ર.અ.) સાથે હતા અને સૈયદુશ્શોહદા હઝરત ઈમામ હુસેન (ર.અ.) ની શહાદત પછી બીજા એહલે બયત સાથે બીબી ઝયનબ (ર.અ.) ને પણ દમાસ્કસ લાવવામાં આવ્યા હતા. શેહઝાદી ઝયનબ (ર.અ.) પોતાના સમયના અત્યંત ફસીહ અને બલીગ ખાતુન મશહુર હતા. હઝરત ઈમામ હુસેન (ર.અ.) ની શહાદત પછી આપના દિલ પર જે વીતી હશે તે તો જાહેર છે. અને ઈસ્લામી ઈતિહાસના પાનાઓમાં આ બધો બનાવ અંકિત છે.

ઝયનબીયા વિસ્તારમાં મઝાર મુબારકની આજુબાજુ ઘણી બીલ્ડીગો મોજુદ છે. જેમાં ફ્લેટ મુનાસીબ ભાડામાં મળી જાય છે. એક એપાર્ટમેન્ટ ત્રણ રૂમનો ૯ બેડનો લગભગ ૧૫૦૦ લીરા રોજના ભાડા પર મળે છે.

સીરીયાની કરન્સી

સીરીયાની કરન્સી સીરીયન પાઉન્ડ અર્થાત લીરા કહેવાય છે. જેના એકસો પઈસતર્સ જયારે બેંક નોટ, ૫,૧૦,૨૫,૫૦, ૧૦૦,૨૦૦,૫૦૦ અને ૧૦૦૦ લીરાની છે. જયારે સીક્કા ૧,૨,૫,૧૦ અને ૨૫ લીરાના છે. ત્યાં એક ડોલર બાવન લીરામાં મળે. એટલે આપણી કરન્સીને હીસાબે વધારે ફરક નથી.

બીબી ઝયનબ (ર.અ.) ના મઝાર મુબારકમાં હાજર થઈને સલામી આપેલ અને ફાતેહા પઢીને બહાર આવેલ. ઝયનબીયા વિસ્તાર એક ભરચક મોહલ્લા જેવો છે. જયાં દરેક જાતની દુકાનો, જમવાની હોટલો છે. દરેક વસ્તુ ત્યાં મળે. બધેજ ભરચક ગ્રાહકો હતા. મોહર્રમથી ચેહલુમ સુધી આ વિસ્તારમાં બહુજ ભીડ હોય છે. પગ મુકવાની જગ્યા મુશ્કેલ. અમે તો ઓફ સીઝનમાં ગયેલા. બીજા દિવસે સવારે આઠ વાગે હોટલમાં નાશ્તો કરીને એરપોર્ટ જવા રવાના થઈ ગયા. મોસમ ઠંડો હતો. મોંમાંથી ધુમાડા નીકળી રહ્યા હતા.

સીરીયાનું ટેમ્પ્રેચર ઉનાળામાં ૩૨ ડીગ્રી સેન્ટીગ્રેડ એટલે ૯૦ ડીગ્રી ફેરનહાઈટ હોય છે. જયારે શીયાળાની મોસમમાં ૧૦ ડીગ્રી સેન્ટીગ્રેડ એટલે કે ૫૦ ફેરનહાઈટ હોય છે. જયારે ચરદી અને બહારની મોસમમાં ઉષ્ણતામાન ૨૨ ડીગ્રી સેન્ટીગ્રેડ એટલે કે ૭૨ ડીગ્રી ફેરન હાઈટ હોય છે. દમાસ્કસ શહેર સમુદ્રની સપાટીથી ૨૨૦૦ ફુટ ઉંચુ છે. અહીની આબોહવા અને મોસમ અત્યંત ખુશગવાર રહે છે. ઠંડીની મોસમમાં બરફવર્ષા પણ થઈ જાય છે. જયારે ભારે ગરમીમાં પણ રાતનો મોસમ ઠંડો હોવા ઉપરાંત આનંદદાયી રહે છે. બર્દા નામે એક નહેર શહેર નજીકથી પસાર થાય છે. અને તેના પાણીથી ન માત્ર લોકોની જરૂરીયાતો પુરી થાય છે. બલ્કે તેનાથી આસપાસનો વિસ્તાર પણ લીલોછમ રહે છે. ઠંડીની મોસમમાં કોઈ કોઈ સ્થળે વાતાવરણ માઈનસ બની જાય છે. પ્લેન ઠીક ૧૦ વાગે રવાના થઈ ગયેલ. અને બાર વાગે જીદ્દાહ પહોંચી ગયેલ ભીડભાડ ન હોઈ એક કલાકની અંદર ફારેગ થઈ ગયેલ. ટ્રાંસપોર્ટરને પણ પૈસા ભરી દીધેલ હોઈ ૨૫ સીટની વેગન મોજુદ હતી. જે અમને મદીનએ મુનવ્વરા લઈ ગઈ.

હજ ઉમરાની સઆદત મને અલ્લાહના ફઝલો કરમથી વારંવાર નસીબ થયેલ. અલ્લાહનો ફઝલ અને હુઝુર સરકારે દો આલમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)નો બુલાવો હોય છે. જે કારણે સરકારના દરબારમાં હાજરી થાય છે. છેલ્લા કેટલાક વખતથી કરાચી જીદ્દાહથી મદીના મુનવ્વરા જઈ સરકારની બારગાહમાં હાજરી આપી સલાતો સલામ અરજ કરીને હુઝુરે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની સીફારીશ અને વસીલો લઈને અલ્લાહના ઘર તરફ જવાનો લુત્ફ જ કાંઈક અલગ જ હોય છે. એ રીતે ઉમરા કરનારના વિચાર અને લગન ઓરજ હોય છે.

કરાચીથી એહરામ બાંધીને ઉમરો કરવો અને પછી મદીના શરીફ જવું, લોકો ચીલાચાલુ ધોરણે આદત મુજબ કરતા હોય છે. તેને બદલે મારા દિલમાં ઘણા વખતથી વિચાર આવતો

હતો કે હું પહેલાં મદીના મુનવ્વરા જઈ બારગાહે નબવી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની હાજરીનો, સલાતો સલામના નઝરાણાં પેશ કરવાનો ભરપુર લાભ લઈને અલ્લાહના દરબારમાં હાજર થાઉં. અને બધી દુઆ હુઝુરે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ને તુફેલ કબુલ કરાવીને વતન પાછો ફરું.

ઉમરા વખતે પહેલાં મદીના મુનવ્વરા હાજરી દેવાના મસલા બાબત ઉલેમાએ કીરામથી રાબતો કરેલ. તો જાણવા મળ્યું કે મદીના મુનવ્વરા જઈ દરબારે રીસાલત મઆબ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) માં પહેલાં હાજરી આપવી બુઝર્ગાને દીનનો તરીકો છે. એટલે બારગાહે રીસાલત (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) માં પહેલાં હાજરી દેવાની નીય્યતથી ઘરેથી નીકળો તેનો સવાબ અને મદીનાથી ઉમરા કરો. તે સવાબ અલગ. મારા મનનું સમાધાન થઈ ગયેલ. અને તે પછી મેં મદીના મુનવ્વરાની એટલે બારગાહે રીસાલત (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) માં પહેલાં હાજરી અને પછી ઉમરાની અદાયગી માટે મક્કા મુકર્રમા જવનો ક્રમ અને નીયમ બનાવી લીધો.

મદીના મુનવ્વરા તરફ સફર દરમ્યાનજ નહી માત્ર બારગાહે નબવી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની હાજરી અને ત્યાં સલાતો સલામ અરજ કરવાના તસવ્વુરથી મનની લાગણીઓ નીરંકુશ બની જાય છે. પુરા વજુદથી બેકાબુ બની જવાય છે. મદીનએ મુનવ્વરામાં હાજર થતાંજ મારા દિલની બધી કેફીયતજ બદલાઈ જાય છે. મદીનએ પાકનું રૂહાની વાતાવરણ, તેની નુરાની ફીઝા, અલ્લાહના મેહબુબ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના શહેરની ખુશનુમા મહેકવાળી હવા... બસ અસ્સલાતો વસ્સલામો અલયકા યા રસુલલ્લાહ.... અનાયાસે, બેસાખ્તાપણે એક એક ડુંચાટું પુકારવા લાગે છે.

પ્લેનમાં હતો. મહાકાયી વિમાન મદીના મુનવ્વરા તરફ જઈ રહ્યું હતું. સરકારે દોઆલમ પાક શહેર મદીના મુનવ્વરાના ખયાલમાં ખોવાયેલ હતો. નાત શરીફના અશઆર યાદ આવી ગયા. જેમાં શાયરે હવામાં ઉડીને મદીના પહોંચવાની આરઝુ પેશ કરી હતી. હવા મારફત આપણા શાયરોએ બારગાહે નબવી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) માં સલાતો સલામના નજરાણા પણ મોકલેલ અને એ શાયરોની અકીદત પ્રત્યે માન ઉપજેલ અને જે લોકો આ શાયરોની મજાક ઉડાડે છે તેમના તરફ અણગમો ઉપજેલ.

હું સરકારે દોઆલમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના પવિત્રતમ શહેર, જન્નતે અરદી, રીયાઝુલ જન્નાતના ખયાલોમાં ડુબેલ હતો. મસ્જીદે નબવી શરીફની એક એક નુરાની ચીજ વસ્તુ સામે આવતી હતી. અલહમ્દોલીલ્લાહ હરમ શરીફ પહોંચી ગયા. નમાઝ અદા કર્યા પછી સરકારની જાલી મુબારક પર સલાતો સલામના નઝરાણા પેશ કરેલ. રૂહાની શાંતિ મળેલ. ત્યારબાદ મસ્જીદે નબવી શરીફમાંની ખુલ્લી જગ્યામાં જયાં ઓટોમેટીક છત્રીઓ લાગેલી છે ત્યાંથી ગુમ્બદે ખીઝરા પર નજર પડે છે. ત્યાં ઘણાં પાકિસ્તાનીઓ સાથે મુલાકાત થઈ.

પાકિસ્તાનના એક જાણીતા દીની આલીમ ની પણ મુલાકાત થઇ તમારો અકીદો છે કે હરમે નબવી શરીફમાં કોઇ જરૂરત હાજત માટે કોઇને કહેવું વ્યાજબી નથી. સરકારના દરબારમાં કોઇ તરફ આશા રાખવી કદાચ અકીદાની કમજોરીનું પરીણામ છે. જે કાંઇ મળશે અંદરથી મળશે. હું આલીમો અને પરહેઝગારોથી મુલાકાત કરતો પરંતુ કોઇ દીની દુન્યવી જરૂરતો માટે તેમનાથી ગુઝારીશ કરવાને બદલે પોતે દુઆ કરતો. ત્યાં એવા લોકોથી પણ વાસ્તો પડતો જેનાથી આપણને દુખ થાય. એનો થોડો ઉલ્લેખ કરું તો અયોગ્ય નહી હોય. બલ્કે કદાચ આ વાંચનારને પણ મારા આ અનુભવથી લાભ મળે.

એક દિવસે નમાઝ બાદ રોઝએ મુબારક પર સલાતો સલામ પઢી રહ્યો હતો એક શખ્સે આવીને કહ્યું:

આપ પાકિસ્તાનથી આવ્યા છો ?

મેં કહ્યું: જી હાં,

તે કહેવા લાગ્યો,

આપ સલામ પઢી રહ્યા છો. અહીયા હુઝુર પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નથી !

મેં કહ્યું:

પછી કયાં છે ?

તેણે કહ્યું,

ત્રણ ગજ (વાર) અંદાજે આગળ છે.

મેં તે વખતે તેને જવાબ આપ્યા વીના આગળ વધવાની કોશીષ કરી. આગળ ભારે ભીડ હતી. હવે સરકાર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) માટે ફુટ અને ઇંચ ના હોય. હદ થઇ ગઇ. આવું સમજનારા અકલના આંધળાજ હોઇ શકે. બે ચાર ફુટ આગળ સરકાર સાંભળે અને બે ચાર ફુટ પાછળથી ન સાંભળે. ખેર અલ્લાહ આવી ગુમરાહીથી બચાવે. આ પ્રકારની ટોળીઓ મક્કા મુકર્રમા અને મદીના મુનવ્વરામાં ફરતી હોય છે. જેમનું વલણ નકારાત્મક હોય છે. એક દિવસ મગરીબની નમાઝ બાદ ગુમ્બદે ખીઝરા સામે બેસીને દરૂદે પાકનું નઝરાણું પેશ કરતો હતો.

બાજુમાં બેઠેલ શખ્સે હાલ હવાલ પુછીને મને કહ્યું:

તમે પહેલી વખત આવ્યા છો ?

મેં કહ્યું:

નહી મને સરકાર વારંવાર બોલાવે છે. હુઝુરે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) મરજીહ શરીફમાં હાજરીની સઆદત હાસીલ થઇ જાય છે.

તેણે કહ્યું સરકાર નથી બોલાવતા. વાદવીવાદ આગળ વધે તે પહેલાંજ મેં એટલું કહીને પડતું મુકયું કે ભાઇ અમને તો વારંવાર સરકાર બોલાવે છે તને કોણ બોલાવે છે ? એની સાથે

મને કંઈ વાસ્તો નથી.

એક વખતે હજમાં આ પ્રકારનો પ્રસંગ સર્જાયો. એજ ટોળી ભેટી ગઈ. બલ્કે ચોંટી ગઈ. કહેવા લાગ્યા કે ભાઈ હજ બાદ કુરબાની જરૂરી નથી. તમારે ન કરવી હોય તો વાંધો નથી. આપણા હનફી મસ્લકમાં કુરબાની વીના એહરામ ઉતારી શકાય નહી. બીજી વાત એ કહી કે મુઝદલફામાં રાત્રે ઈશાની નમાઝ પછી વીતરની એકજ રકાત પઢવી. આ વાતો અને ફીકહી મતભેદો પર ધ્યાન આપવાને બદલે આપણા અકીદા અને મસલક મુજબ ઈબાદત કરવી જોઈએ. જોઈતી માહીતી અને જરૂરી જાણકારી સનદી આલીમો પાસેથી મેળવી લેવાનું નહી ચુકવું જોઈએ. ખેર આવા વાદવિવાદો તો ત્યાં પણ અને અહી પણ થતા રહે છે. અલ્લાહ ઈમાનની સલામતી આપે. આગળ વધુ કંઈક એ વિષયે વર્ણન કરીશ. એ વખતે ઉમરાની સફર પછી મેં તુર્કીની મુલાકાત લીધી હતી. મારા મીત્ર મંડળ અને દોસ્તોના આગ્રહથી તે અંગેની સંક્ષિપ્ત માહીતી ખાસ કરીને તુર્કીના જોવા લાયક ઐતિહાસીક અને મઝહબી સ્થળો અને ખાસ કરીને તુર્કીના સુલ્તાનોના અમુલ્ય સંગ્રહ, તોપ કાયે સરાએ મ્યુઝીયમ અને તેમાં રખાયેલ અદભુત અજોડ અને મુલ્યવાન વસ્તુઓ તેમજ હુઝુરે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની મુબારક યાદગારોનો ઉલ્લેખ પણ કરીશ. જેથી વાંચકોને જાણકારી પ્રાપ્ત થાય. અત્યારે તો હું સીરીયાની સફરને આલેખવા તત્પર થયો છું.

સીરીયા દમાસ્કસ માટે ૧૧ મે ૨૦૦૪ના રવાનગી હતી. પહેલાં મેં કારવાને ઈસ્લામના ગુલામ મુસ્તુફા કે જેઓ ૧૩ વરસમાં ૩૨ વખત સીરીયા જઈ આવેલ. તેમની પાસેથી દમાસ્કસમાં રોકાણ દરમ્યાન રહેવા માટેની સગવડદાયી હોટલો અને ઝીયરાતના સ્થળોની માહીતી મેળવી લીધી. તેમણે મને ઝયનબીયાની હાશ્મી બીલ્ડીંગમાં જવાની સલાહ આપી હતી. ઉપરાંત કહ્યું હતું કે ત્યાં નબીલ નામે ડ્રાઈવર મળી જશે જે તમને બધી ઝીયારતો તેમજ જોવા લાયક સ્થળોની મુલાકાત કરાવી દેશે. તેમના અનુભવો અને લાગણીઓનો મેં સ્વીકાર કર્યો.

૧૧ તારીખે ૪ વાગે રવાના થઈ અમારું પ્લેન ૬ વાગે દમાસ્કસના એરપોર્ટ પર પહોંચી ગયું. ઈમીગ્રેશનમાં એકજ કાગળ જે વીસાનો હતો તે રજુ કરી દીધો. અર્ધા કલાકમાં બધી જરૂરી વીધી પુરી થઈ ગઈ અને બધાય પાસપોર્ટ પર ૧૫ દિવસના વીઝાની સ્ટેમ્પ લાગી ગઈ. સામાન લઈને લોંજમાંથી બહાર નીકળ્યા તો સ્પોન્સરનો માણસ મોજુદ હતો. જે ૪૦ જણની બસ લઈને આવ્યો હતો. તેણે કહ્યું કે બસમાં તમે હોટલ પર જાવ અને પૈસા આપવાના નથી. અસલ વીઝા કોપી જે અમને ઈમીગ્રેશનમાં મળેલ તે એણે લઈ લીધા તેમજ પાસપોર્ટો તથા ટીકીટો પણ લઈ લીધી. તેણે કહ્યું કે ટીકીટો કન્ફર્મ કરી એન્ટ્રી કરીને સવારે પાસપોર્ટો અને ટીકીટ તમને મળી જશે.

મારી વાલીદા માટે વ્હીલ ચેરની જરૂરત હોય છે. બીબી ઝયનબના મઝારના વિસ્તારમાં થી વ્હીલ ચેર લઈ લીધી. સવારે સરસ ટોયોટા હાઈએસ લઈને નબીલ હાજર થઈ ગયો. તેની

સાથે મારા ફરઝંદ મોહંમદ આરીફને મોકલીને પાસપોર્ટો અને ટીકીટો મંગાવી લીધા. ત્યારબાદ નબીલ સાથે સીરીયાના જાણીતા ઐતિહાસીક સ્થળો અને મઝારો પર હાજરી દેવાના કાર્યક્રમને ઘડી કાઢવા બાબતે ચર્ચા વિચારણા કરી બે દિવસ સુધી સતત ઝીયારતો કરવાનો તેમજ મશ્હુર સહાબાએ કીરામ અને અંબીયા (અ.સ.) તથા દીની બુઝુર્ગોના રોઝા મુબારક તેમજ ઐતિહાસીક સ્થળોની મુલાકાતો લેવાનું નક્કી થયું.

હોટલના મેનેજરે ૩૦૦૦ સીરીયન ડોલર (લીરા) નક્કી કરેલ. સવારના નાશ્તાનો પ્રબંધ અમે ઝયનબીયામાં મળતા ઇંડા, ડબલરોટી વગેરે જરૂરી વસ્તુઓથી કર્યો. ટી બેગ વગેરે સાથે લઇ લીધી. નાશ્તાને ઇન્સાફ આપ્યો. નાશ્તામાં એક વસ્તુની કમી રહી ગઇ હતી. બ્રેડ સ્લાઇસ અહી તુર્કીની જેમ મળતા નથી. લાંબી ડબલરોટી હોય અથવા શીરમાલ જેવી સ્લાઇસ બીલ્કુલ મળે નહી.

ખેર બાર વાગે નબીલ તૈયાર હતો. અમારો કૌટુંબીક કાફલો સીરીયાની સરજમીન પર દમાસ્કસના ઐતિહાસીક શહેરની વિસ્તૃત મુલાકાતે રવાના થઇ ગયો.

અલ્લાહની રાહમાં સૌ પ્રથમ તીર ચલાવનાર મહાન સહાબી હઝરત સાઅદ બિન વકાસ (ર.અ.)ના મઝાર પર હાજરી

હુઝુર સરકારે દોઆલમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) હઝરત સાઅદ બીન અબી વકાસ (ર.અ.) ને સીરીયામાં મોકલ્યા. જે હીજાઝની એ તરફ હતું જે વિસ્તારને રાબીગ કહેવામાં આવે છે. મુસલમાનો મુશરીકો ઉપર તુટી પડયા.

હઝરત સાઅદ (ર.અ.) એ કરેલા તીરોના મારાથી કાફરોમાં ગભરાટ અને ભય વ્યાપી ગયો. કાફરો ઇસ્લામી મુજાહીદોથી અત્યંત ડરી ગયા. હઝરત સાઅદ (ર.અ.) પહેલી વ્યકિત છે જેમણે અલ્લાહની રાહમાં તીર ચલાવ્યું. ઉપરાંત આ લડાઇ ઇસ્લામમાં સૌથી પહેલી લડાઇ છે. હઝરત સાઅદ બીન અબી વકાસ (ર.અ.) તીર ફેંકતીવખતે જે શેર પઢયા તેનો તરજુમો નીચે પ્રમાણે છે.

૧. શું હુઝુરે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ને ખબર પડી ગઇ કે મેં મારા સાથીઓની હીફાઝત મારા તીરોની અણીથી કરી છે ?

અર્થાત ઇસ્લામને માર્ગ અલ્લાહ ખાતર કાફીરો પર તીર વર્ષા કરી રહ્યો છું. તેની ખબર હુઝુર પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ને થઇ ગઇ છે.

૨. આ તીરો મારફત કાફીરોના પહેલા લશ્કરને મેં દફે કર્યુ અને તેમને ભગાડી મુકયા. દરેક નરમ અને સખ્ત જમીનમાં.

૩. યા રસુલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) દુશ્મનોમાં કોઇ તીરઅંદાજ મારાથી પહેલાં તીર ફેંકવા માટે તૈયાર થતો નથી. સાથે સાથે મારા મનમાં રસુલે પાક (સલ્લલ્લાહો

અલયહે વસલ્લમ) ના જીવન પ્રસંગોની એક હારમાળા તોળાતી હતી.

હઝરત સાઅદ બીન અબી વકાસે (ર.અ.) ગઝવએ ઓહદમાં તીરંદાજીનું ગજબનું કારનામું અંજામ આપ્યું હતું. સીરતની કિતાબોમાં મોજુદ છે કે ગઝવએ ઓહદમાં હઝરત સાઅદે (ર.અ.) એક તીરથી ત્રણ આદમીઓને કતલ કર્યા અથવા એક તીરથી ઈસ્લામના ત્રણ દુશ્મનો જહન્નમ રસીદ કર્યા. એમને એક તીર મારવામાં આવ્યું. તેમણે એજ તીર કાફીરો પર ચલાવ્યું અને એકને કતલ કરી દીધો. કાફીરોએ ફરી એજ તીરને એમની ઉપર તાણીને માર્યું. હુઝુર અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના એ જાંનીસાર અને આશીકે રસુલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) સહાબીએ ફરીવાર એજ તીર પોતાના (કમાન)માં ચઢાવી કાફરો પર ફેંકયું હતું અને અન્ય કાફરને કતલ કરી દીધો. એવીજ રીતે ત્રીજી વખત પણ એક કાફીરને તીરથી મારી નાંખ્યો. લોકોને આ વાતથી તાજજુબ થયું તો હઝરત સાઅદ બીન અબી વકાસે (ર.અ.) ફરમાવ્યું: આ તીર મને હુઝુરે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)એ ઈનાયત ફરમાવ્યું હતું. જંગે બદરમાં પણ હઝરત સાઅદ બીન અબી વકાસ (ર.અ.) હુઝુરે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) સાથે રહીને જેહાદ કરી રહ્યા હતા. તેઓ કદી સવાર થતા અને કદી પગપાળા આગળ વધતા. નબીલ અમને સૌથી પહેલાં એક ભરચક બજારમાં લઈ ગયો. જયાં એક કબ્રસ્તાનમાં અલ્લાહની રાહમાં પહેલ વહેલું તીર છોડનાર સહાબી હઝરત સાઅદ બીન અબી વકાસ (ર.અ.) ના મકબરા પર લઈ ગયો. અમે મઝાર મુબારકની ઝીયારત કરી અને ફાતેહાખ્વાની કરી. આસપાસ પણ ઘણી જુની પુરાણી કબરો હતી. આ કબ્રસ્તાન અને તેમાં આવેલ અન્ય સહાબીઓની મઝારોનું વર્ણન હું આગળ જતાં કરીશ.

દમાસ્કસના એક મોહલ્લાનું નામ મીઝઝા છે. હવે તો આ વિસ્તાર દમાસ્કસ શહેરનો જ એક મોહલ્લો છે. પરંતુ પહેલાં આ દમાસ્કસ શહેરની બહાર એક અલગ આબાદી એટલે દમાસ્કસનો પરા વિસ્તાર હતો. આ વિસ્તાર તેના કુદરતી સૌદર્ય અને ખુબસુરતી તેમજ ફળ દ્રુપતામાં મશહુર હતો. જુના ઈતિહાસની સાદી કિતાબ અલ ખુલદાન હમવીમાં છે કે આ વિસ્તાર દમાસ્કસના રમણીય બગીચાઓની વચ્ચોવચ્ચ એક મોટી વસ્તી છે જે ઘટાદાર વૃક્ષોથી ઢંકાયેલી છે અને દમાસ્કસથી અર્ધા ગાવને અંતરે છે. આ વિસ્તારમાં ઘણા બધા નામાંકિત દીની આલીમો પણ પેદા થયા છે. જેમની દીની ખીદમતોનો લાભ આજે પણ મળી રહ્યો છે. એક નામાંકિત આલીમનું નામ હાફીઝ અબુલ હુજજાજ મીમીઝી (રહ.) છે. જેમના ઈસ્લામી જગતના મહાન આલીમો શાગીર્દ છે. જેમાં હાફીઝ ઝહબી, અલ્લામા સૈયદુન્નાસ, હાફીઝ ઈબ્ને કસીર (રહ.) વગેરે શામેલ છે.

વ્યવસાયે એક વેપારી અને ઉદ્યોગપતી હોવાને નાતે મારો વાસ્તો લગભગ જીવનના બધા ક્ષેત્રના લોકો સાથે રહે છે. જેમાં વેપારીઓ, ઈન્ડસ્ટ્રીયાલીસ્ટો, સામાજીક અને બીરાદરીઓના અગ્રેસરો તથા કાર્યકરો અને નોકરશાહો તથા રાજદ્વારી નેતાઓ શામેલ છે.

ઉપરાંત મઝહબી સ્વભાવ અને રહેણીકરણી હોવાને લીધે અનેક મઝહબી કલ્યાણકારી સંસ્થાઓ સાથે સંકળાયેલો રહું છું. ખાસ કરીને દીની પ્રવૃત્તિઓની ધગશને લીધે સંખ્યાબંધ મઝહબી આલીમો સાથે સતત સંપર્ક અને રાબતામાં રહેવાનું થાય છે. કોઈ પણ દીની મસ્અલા, પ્રશ્ન કે જાણકારી માટે આલીમોને પુછી લેવાની કે કીતાબો મારફત જાણકારી મેળવી લેવાની મને એક જાતની ટેવ પડી ગઈ છે. એટલુંજ નહી જરૂરી વાતો પછી ભલેને તે ધંધાદારી હોય કે મઝહબી, ઈતિહાસીક હોય કે સામાજીક નોંધપોથી ટપકાવી લેવાની પણ આદત છે. હું જયારે સફરમાં હોઉ કે સફરની તૈયારીમાં પરોવાયેલો હોઉ તો જરૂરી બાબતો અને માહીતી નોંધી લેવાની મારી આ ટેવ વધુ જોર પકડતી જાય છે. મુસાફરી દરમ્યાન તો પુછપરછ કરીને જોઈ અને જાણીને માલુમ કરીને નોંધો ડાયરીમાં ટપકાવતો રહું છું. આ સીરીયાની સફર પણ મારી એવાજ પ્રકારની નોંધ પોથીઓમાંના લખાણોને આધારે તૈયાર કરાઈ છે.

ખેર નબીલ નામે એ ડ્રાઈવરે અમને એક બંધ મકબરા સામે લાવીને ઉભા કરી દીધા. મકબરાને તાળું લાગેલ હતું. મઝારની સામે નાના મકાનમાં રહેતા મકબરાની ચાવી ધરાવના રખેવાળોને નબીલ બોલાવી લાવ્યો. એ બે ભાઈઓ હતા. ઉમર ૪૦–૪૫ વરસની હશે. અલ્લાહની કુદરત બંને ભાઈઓ નાબીના હતા.

આ મઝાર હુઝુરે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના અતી નામાંકિત સહાબી હઝરત દીયાહ કલ્બી (ર.અ.)નો હતો. મીઝઝા નામે દમાસ્કસની આ વિસ્તારની સૌથી મોટી વીશીષ્ઠતા એ છે કે આ વિસ્તાર નામદાર સહાબી હઝરત દીયાહ કલ્બી (ર.અ.) ની વસ્તી તરીકે ઓળખાય છે. અલ્લાહનો મહાન એહસાન એમના મઝાર પર હાજરીની સઆદત નસીબ થઈ.

હઝરત દીયાહ કલ્બી (ર.અ.) સૌદર્ય પ્રતીભા અને રૂપસ્વરૂપમાં ચેહરે મોહરે બેમીસાલ હતા. હઝરત રસુલે પાકે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એમને હઝરત જીબ્રઈલ (અ.સ.) થી ચહેરે મોહરે મળતા હોવાનું ઠેરવ્યા હતા. હઝરત જીબ્રઈલ (અ.સ.) જયારે ઈન્સાની શકલમાં આવતા તો હઝરત દીયાહ કલબી (ર.અ.) ની સુરત ઈખ્તેયાર ફરમાવતા હતા.

એક વખતે ઉમ્મુલ મોમીનીન હઝરત આયશા સીદ્દીકા (ર.અ.)એ જોયું કે હઝરત દીયાહ કલ્બી (ર.અ.) એક ઘોડા ઉપર સવાર છે. અને હુઝુર અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ ઘોડા પર હાથ રાખીને હઝરત દીયાહ કલબી (ર.અ.) થી વાતો કરી રહ્યા છે. હઝરત આયશા સીદ્દીકા (ર.અ.) એ આ પ્રસંગનો ઉલ્લેખ આપ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) થી કર્યો તો સરકારે દોઆલમે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું કે: એ તો હઝરત જીબ્રઈલ (અ.સ.) હતા.

ઇતીહાસની કીતાબોમાં છે કે હઝરત દીયાહ કલ્બી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એટલા બધા ખુબસુરત અને સૌદર્યવાન હતા કે જયારે કોઇ વિસ્તારમાં જતા તો યુવાન છોકરીઓ આપને જોવા માટે બહાર નીકળી આવતી હતી.

હુઝુરે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ ઇતિહાસીક મકતુબ (પત્ર) જે આજે પણ અક્ષરસ ઇતિહાસના પાનાઓમાં સચવાયેલો છે કયસરે રુમને રવાના ફરમાવ્યો તે આપ (ર.અ.)ની મારફતજ રવાના ફરમાવ્યો હતો. એ રીતે હઝરત દીયાહ કલ્બી (ર.અ.) ને હુઝુરે સરકારે દોઆલમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના એલચી બનવાની સઆદત પણ હાસીલ છે.

હુઝુરે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના આ નામાંકિત સહાબીના અનેક જીવન પ્રસંગો જાણે કે સામે ઉપસી આવ્યા હતા. કોણ જાણે શું કારણ હતું કે અકીદતથી દિલ ઉભરાઇ રહ્યું હતું.

જયારે આપ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) કયસરને બારગાહે નબવી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) થી મળેલો પત્ર પહોંચાડી પાછા મદીનએ મુનવ્વરા આવ્યા તો સીરીયાથી હુઝુરે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) માટે કેટલાક પીશ્તા, અખરોટ અને કઅક (કાક) લઇ આવ્યા. એક ઉની ઝભ્ભો અને ચામડાના બે મોજા લઇ આવીને હદીયા તરીકે બારગાહે રીસાલત (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)માં પેશ કર્યા. હુઝુરે પાકે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) તોહફા કબુલ ફરમાવી લીધા અને મોજા તો એટલા પહેર્યા કે ફાટી ગયા. હઝરત દીયાહ બીન ખલીફા કલ્બી (ર.અ.) ના નામની જોડણી ઇતીહાસકારોએ જુદી જુદી રીતે લખી છે. અમુક આલીમો દીરયહમાં દાલ ઉપર જબર લગાવેલ છે. એટલે દેહયહ એ રીતે દીહયહ અને દહયહ બંને રીતે સહીહ છે.

હઝરત દીયાહ કલ્બી (ર.અ.) ને હુઝુર અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના ખાસ એલચી તરીકે ફરજ બજાવવાની સઆદત હાસીલ થઇ હતી. હીજરી સન ૯માં હરકુલ બાદશાહ પાસે જઇને હુઝુર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નો ગીરામાનામાં (મુબારક ઇતિહાસીક પત્ર) ને આપેજ પહોંચાડયો હતો. ખેર એ મશ્હુર સહાબી જેમના મઝાર શરીફમાં દાખલ થઇને સલામ અરજ કરવા દીલ બેચેન હતું. નબીલ જઇને જે મુજાવરોને બોલાવી લાવેલ બંને આધેડ ઉમરના અને નાબીના હતા. અરબી ઝભ્ભા પહેરેલ હતા. તાળુ ખોલવામાં આવ્યું. અમે અકીદતપુર્વક અંદર પગ મુકયો.

રુહાની માહોલની નુરાનીયત એમની સાથે ૧૨ વરસના છોકરાએ દરવાજો ખોલતાં છવાઇ ગઇ. અંદરનું વાતાવરણ કોઇ અજીબ ખુશ્બુથી મોઅત્તર હતું. એવી ખુશ્બુ જે દિલ અને દીમાગમાં બલ્કે રુહ સુધ્ધાંને મેહકાવી રહી હતી. બાતીનમાં ઉતરી જતી હતી. અમે ફુતેહા પઢી અને દુઆ માંગી. હુઝુર અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના મહાન સહાબીની

ખીદમત શરીફમાં સલામ પેશ કર્યા. બંને ભાઈઓ સાથે હાથ મીલાવીને થોડી બક્ષીસ આપી. જે તેઓએ લઈ લીધી પણ માંગી ન હતી. ન કોઈ અણસાર આપ્યો હતો.

એમાં કોઈ શક નથી કે શામ–સીરીયા અજાયબીઓનું ઘર છે. ઈબ્રતની જગ્યા છે. અદબ અને એહતેરામનો મુકામ છે. શામ હઝરત નુહ (અ.સ.)ના એક છોકરાનું નામ હતું. તેથી દુનીયાના આ અદભુત પ્રદેશનું નામ શામ (સીરીયા) પ્રચલીત થઈ ગયું. દમાસ્કસના શહેરીઓથી થયેલ વાતચીતમાં એવુંજ જાણવા મળ્યું કે જો એ સાચું ન પણ હોય તો એ દીલચશ્પ અને અર્થસુચક તો જરૂર છે.

અમુક લોકોનું કહેવું હતું કે તેનું જુનું નામ સુરીયા હતું જે અસુરીયા નામે જુના જમાનામાં એક સલ્તનત હતી. જયારે સુર સીરીયાના એક કસ્બાનું પણ નામ છે. શામ સુરીયાની ભાષાનો શબ્દ હોય અને યુનાની ભાષામાં સુર હોય બાદમાં બધો પ્રદેશ સુરીયા અને પછી સીરીયા તરીકે મશ્હુર થઈ ગયો. ટુંકમાં સીરીયા એ દેશ છે જે ઘણાં બધા અમ્બીયા અને રસુલો તથા યહુદી અને ઈસાઈ ઉપરાંત ઈસ્લામના નામવર બુઝુર્ગ સહાબીઓ અને ઔલીયા અલ્લાહ ઉપરાંત ઈસ્લામી ઈતિહાસના નામાંકિત જનરલો, સીપાહસાલારો અને ફાતેહ વિજેતાઓ જેવા કે નુરૂદ્દીન ઝંગી વગેરેના વીલાદત તથા વફાતનું સ્થળ છે. નુરૂદ્દીન ઝંગી વગેરે વીશે મારી સીરીયાની આ સફરમાં આગળ જતાં મારી બીસાત મુજબ માહીતી આપવાની કોશીષ કરીશ. સીરીયા અને તેના પાયતખ્ત દમાસ્કસની હાલત આ લેખમાળામાં પ્રસંગોપાત આવતા રહેશે.

અમારી ગાડી ચલાવી રહેલ નબીલ અમને શહેરની ભીડવાળા વિસ્તારમાંથી લઈને આગળ વધ્યો. ત્યારબાદ થોડા સમયમાંજ અમારી ગાડી શહેરથી દુર ઉંચાઈ પર ચઢવા લાગી. માલુમ પડયું અમારી હવે પછીની મંઝીલ કાસયુન પહાડ છે. આગળ જતાં ચારે તરફ પહાડો અને ઠંડી આનંદદાયી ખુશ્નુમા હવા. આપણા મરીના પહાડ જેવો માહોલ થઈ ગયેલ. સામેજ એક પહાડી દેખાવા લાગી. ડ્રાઈવરે કહ્યું કે આ ઈસરાઈલ છે. જે અહીથી માત્ર આઠ દસ કી.મી. છે. જયારે બૈરૂત પણ ૧૫ કી.મી. ના અંતરે આવેલું છે. ઝયનબીયામાં ટુર ઓપરેટરોની પણ ભરમાર છે. આ બધા સ્થળોએ જવા માટે ટુર ઓપરેટરોએ બોર્ડ લગાવી રાખ્યા હતા. ત્રણ દિવસ અને પાંચ દિવસનો ટુર. મેં જવાનું ન હોય તે તરફ ધ્યાન ન આપ્યું. આગળ જતાં મીલીટરી છાવણી આવી ગઈ. જયાં અંદર જવા માટેનો ગેટ બંધ હતો. એક બે મીલીટરી ઓફીસરોએ અમારી ગાડી રોકી અને અમારા પાસપોર્ટ માંગેલ જે અમારી સાથે હતા. તેમાંથી એક પાસપોર્ટ રાખીને ગાડી જવા દીધી.

જબલે કાયસુન અને દમાસ્કસને અજોડ સૌંદર્ય આપનાર નહેરો અને પહાડો

દમાસ્કસને રોનક બખ્શનાર અને શહેરને અતી ખુબસુરત અને લીલોછમ બનાવનાર તેની નહેરો અને પહાડો છે. એટલું બધું પાણી છે કે કોઈ જગ્યા તેનાથી ખાલી નથી. કોઈ મસ્જીદ, કોઈ ખાનકાહ, કોઈ મકાનનું સેહન કે હોજ એવો નથી જે દરેક વખતે પાણીથી છલોછલ ન હોય. ટુંકમાં દમાસ્કસ અને દમાસ્કસના શહેરીના ખુશહાલ જીવનનો આનંદ એજ નહેરો છે. નાના મોટા ઝરણાંઓ તથા ચશ્માઓ એ પથરીલા તેમજ પહાડી વિસ્તારોને પણ હરીયાળા અને ફળફુલો વાળા બનાવી દીધા છે. જોનારને એવું લાગે કે ઠેરઠેર પાણી ફુટી રહ્યું છે.

દમાસ્કસ શહેર તથા તેના પરાં વિસ્તારને સાત નહેરો સેહરાબ કરે છે. જેમના નામો આ છે. નેહરે બાનયાસ, નહેરો, અકરબા, નહેરે અઝીદ, નહેરે કન્વાત, નહેરે સુરા અને નહેરે દબરાની. હકીકતમાં તો આ છ નહેરો બરદી નામે મોટી નહેરની શાખાઓ છે. દમાસ્કસની ક્રીશ્ચીયન વસ્તીમાં શહેરોની નહેરો બાબતનો એક કિસ્સો હોટલના કર્મચારીએ અમને સંભળાવ્યો. આ કિસ્સો બાયબલમાં પણ છે જેનો સારાંશ કંઈક એવો છે. દમાસ્કસના શાહનો એક સીપેહસાલાર નોમાન એક બહાદુર શખ્સ હતો. તેની કોશીષથી અરામ (આ ઈલાકાને) આઝાદી નસીબ થઈ હતી. તેની યહુદીઓ– ઈસરાઈલીઓ સાથે અનેક લડાઈઓ થઈ. એક વખતે તે એક ઈસરાઈલી યુવતીને કેદી બનાવી લઈ આવ્યો. જે તેની પત્નીની સેવા કરતી હતી.

નોમાન કોઢની બીમારીમાં સપડાઈ ગયો. એ મુંઝી બીમારી તેને માટે જાનનો અઝાબ બની ગઈ. તેણે એ સમયના મશહુર હકીમોથી ઈલાજ કરાવ્યો પણ કંઈ ફાયદો નહી થયો. છેવટે નોમાન હતાશ થઈ ગયો. તે યહુદી યુવતી એક દિવસે નોમાનની પત્ની પાસે હઝરત ઈસા (અ.સ.)ના મોઅજેઝાનું બયાન કરવા લાગી. યહુદી યુવતીએ કહ્યું કે: જો મારો માલીક એ નબી પાસે જાય જે અમરૂનમાં છે. તો એ તેની આ બીમારી દુર કરી દે.

નોમાને દમાસ્કસના બાદશાહ તરફથી એક પત્ર ઈસરાઈલના બાદશાહને મોકલાવ્યો. જેમાં લખ્યું હતું કે હું મારા ખાદીમ નોમાનને તારી પાસે મોકલાવું છું જેથી તું તેની આ કોઢની બીમારી દુર કરાવે. નોમાન આ પત્ર સાથે સોના ચાંદીની સોગાતો લઈ ઈસરાઈલના બાદશાહ પાસે આવ્યો.

હઝરત ઈસા (અ.સ.) ને તેની જાણ કરવામાં આવી તો એમણે નોમાનને બોલાવ્યો અને કહ્યું કે: જા અને એરોન નામે નહેરમાં સાત વખત ડુબકી લગાવ. તારું બદન અસલી હાલતમાં આવી જશે.

નોમાન એ સાંભળી ગમગીન બની ગયો. તેણે કહ્યું કે અબાના અને ફરફર નામે નહેરોનું

પાણી આ નહેરથી વધારે સારૂં છે.

ખેર નોમાનને એરોનમાં ડુબકી મારવાથી શીફા હાસીલ થઇ ગઇ. નોમાનનો આ વિચાર અબાના અને ફરફર વધુ બેહતર છે તદ્દન સાચો હતો. પરંતુ તેને શીફા તો હઝરત ઈસા (અ.સ.)ના કહેવા પ્રમાણે એરોનમાં ડુબકી લગાવવાથી મળી.

આ બંને નહેરોનું આજનું નામ બરદી અને આઅવજ છે. બરદીને બરદીયા પણ કહેવામાં આવે છે. ખરેખર તેનું પાણી એકદમ સાફ ચમકીલું અને સફેદ રંગનું છે.

આ નહેરની ઘણી બધી શાખાઓની એક જાળ છે. એક મોટી શાખાનું નામ બાનાત અને કનવાત છે. આ નહેરોનું પાણી નાળીઓ મારફત શહેરમાં આવી બધા મકાનો, મહેલો, બજારો, હમામોમાં આવે છે. અને પછી બાબે સગીર અને બાબે શર્કી તરફથી વધારાનું પાણી પાછું બહાર નહેરે બરદીમાં પહોંચી જાય છે. નહેરે યઝીદ કાસયુન પર્વતમાંથી નીકળી સાલેહીયા નામે વિસ્તારના બગીચાઓને પાણી પુરૂં પાડવા ઉપરાંત મકાનોને પણ પાણી પુરૂં પાડે છે. પરંતુ નીકળે છે કાસયુન પર્વતમાંથી. એજ કાસયુન પર્વત અમારી આગલી મંઝીલ હતી.

હાબીલના મઝાર પર હાજરી: દુનીયામાં પહેલો કતલ અને પહેલી દફનવિધિ

જબ્લે શરકીએ દમાસ્કસ શહેરને ઉત્તર પશ્ચિમ તરફથી ઘેરી રાખ્યું છે. જબ્લે કાસયુનમાંથી અનેક નહેરો નીકળે છે અને તેની એક ચોટીનું નામ જબ્લે શેખ છે.

કાસયુન દમાસ્કસનો એ મુકદ્દસ પહાડ છે જેની ગુફાઓમાં અમ્બીયા અલયહીસ્સલામની યાદગારો અને ચીન્હો મળે છે. તેમજ આબીદો, સાલેહીન અને અવલીયા અલ્લાહનું સ્થાન છે. આ મુકદ્દસ પહાડ પર ઝીયારતગાહ છે, ઔલીયાના મકબરા છે. એક મીનારો (નાનો એવો) છે તેને મીનારે દમ (મીનારતુ–દ–દમ) કહેવામાં આવે છે. દમનો એક મતલબ કુરબાની થાય છે. આ મીનારા બાબત મશહુર રીવાયત છે કે કાબીલ ઈબ્ને આદમે પોતાના ભાઈ હાબીલને આ જગ્યાએ કતલ કર્યો હતો.

કુર્આન મજીદમાં પણ આ કિસ્સાનું સંક્ષિપ્ત વર્ણન મોજુદ છે. છઠ્ઠા પારામાં છે કે:

"અને (હે નબી!) તું તેઓને આદમના બે પુત્રોનો બનાવ સત્યતાપુર્વક સંભળાવ (એટલે કે) જયારે બંનેએ એક એક નીયાઝ (અલ્લાહના નામ પર) ભેટ ચઢાવી ત્યારે તે બંનેમાંથી એક (હાબીલ)ની કબુલ થઈ ગઈ અને બીજાની કબુલ થઈ નહી. ત્યારે બીજાએ (ગુસ્સે થઈને) કહ્યું કે હું તને જરૂર મારી નાખીશ. તે બોલ્યો: (એમાં મારો શું વાંક ? નીયાઝ તો) અલ્લાહ પરહેઝગારોની જ કબુલ કરે છે."

આ સુરએ માએદાની ૨૭મી આયતનો તરજુમો છે. જે મેં કુર્આન પાકમાં તરજુમામાંથી લીધો છે.

હઝરત આદમ (અ.સ.) થી ઈન્સાનીયતની શરૂઆત થઈ. તેથી આ બનાવ બન્યો ત્યારે કહેવાય છે કે દુનીયામાં માનવીઓની સંખ્યા ૧૨૫ની હતી. એવું માનવામાં આવે છે કે આપના જમાનામાં ઈન્સાનોની આબાદીમાં વધારા માટે હઝરત હવ્વાને જોડકા બાળકો એક છોકરો અને એક છોકરી પેદા થયા હતા. આ બંને સગા ભાઈ બહેનો કહેવાતા હતા. અને એમનો નીકાહ જાઈઝ ન હતો. આલીમો કહે છે કે બીજા વખતે પેદા થયેલ છોકરાનો પહેલાંની છોકરી સાથે નીકાહ જાઈઝ હતો. તેથી એક છોકરી હાબીલ સાથે પેદા થઈ. હઝરત આદમે (અ.સ.) હાબીલ સાથે પેદા થનાર છોકરીનો નીકાહ કાબીલ સાથે અને કાબીલ સાથે પેદા થનાર છોકરીનો નીકાહ હાબીલ સાથે કરી દેવા ચાહ્યું. ઈત્તેફાકે કાબીલ સાથે પેદા થયેલ છોકરી ચહેરે મોહરે સારી હતી અને હાબીલ સાથે જન્મેલ એવી ન હતી. તેથી કાબીલને તેની સાથે શાદી પસંદ ન હતી. તે કહેવા લાગ્યો કે હું તો મારી સાથે પેદા થયેલ છોકરી સાથે શાદી કરીશ. હઝરત આદમે (અ.સ.) તેને ઘણો સમજાવ્યો પરંતુ તે રાજી થયો નહી. છેવટે આ વિવાદનો છેડો લાવવા હઝરત આદમે (અ.સ.) નક્કી કર્યુ કે બંને ભાઈઓ કંઈક નીયાઝ અલ્લાહની રાહમાં પેશ કરે. જેની નીયાઝ કબુલ થઈ જશે આ છોકરીની શાદી તેની સાથે કરી

દેવાશે.

હાબીલે એક દુમ્બો અને કાબીલે કાંઇક ફળ લાવી નીયાઝ મુકર્રર જગ્યા મીનારએ –દમ ખાતે લાવીને રાખી દીધા. આસમાનથી વિજળી જેમ આગ આવી અને હાબીલની નીયાઝ દુમ્બાને ખાઇ ગઇ. એ જમાનામાં આગનું નીયાઝની વસ્તુને ખાઇ જવું કબુલ થવાની નીશાની મનાતી હની.

કુર્આન પાકમાંના કિસ્સામાં છે કે જયારે બંનેએ એક એક નીયાઝ પેશ કરી અને એમાંથી એકની કબુલ થઇ ગઇ અને બીજાની કબુલ થઇ નહી. તો કાબીલ કહેવા લાગ્યો હું તને મારી નાખીશ.

કાબીલ ગુસ્સામાં રાતોચોળ બની ગયો. તેણે તેના ભાઇ હાબીલને કતલ કરી નાખ્યો. દુનીયામાં એ પહેલું ઇન્સાની કતલ છે. કાબીલે જયારે હાબીલને કતલ કરી દીધો તો તેની સમજમાં કંઇ આવ્યું નહી કે હવે લાશનું શું કરવું ? પછી અલ્લાહ તઆલાએ કાગડાને મોકલ્યો જે જમીન ખોદતો હતો. જેથી તેને શીખવે કે ભાઇની લાશને કેવા તરીકાથી છુપાવે. એટલે કે કાગડાએ જમીન ખોદીને એક મરેલા કાગડાને માટી હઠાવીને છુપાવી દીધો.

હાબીલ અલ્લાહના મકબુલ બંદા હતા. તેમનો મઝાર અને મકબરો કાસયુન પહાડ પર આવેલ છે. અમે ત્યાં પહોંચી ગયા.

હઝરત હાબીલના મકબરાની અંદર લગભગ ૨૫ ફુટનો મઝાર હતો ત્યાં મોટી સંખ્યામાં ઝાઇરીનો હતા. લીલા રંગની મોટી ચાદર મઝાર ઉપર ચઢેલી હતી. મઝાર પર ફાતેહા ખ્વાની કરીને અમે પાછા નીચે ઉતરવા લાગ્યા.

ઇસરાઇલી તથા તારીખી રીવાયતોથી માલુમ પડે છે. કાબીલે તેના ભાઇ હાબીલને કત્લ કર્યા પછી અહીજ દફન કર્યા હતા. ત્યાં નજીકમાંજ એક ગુલ છે અને કહેવાય છે કે તેમાં લોહીનું નીશાન પણ છે. લોકોમાં એવું મશ્હુર છે કે એ હઝરત હાબીલના ખુનનું નીશાન છે. કાસયુન પહાડ પર એક મસ્જીદ છે જે મસ્જીદે ઇબ્રાહીમ કહેવાય છે અમુક રીવાયતોથી માલુમ પડે છે કે આ જગ્યાએ હઝરત ઇબ્રાહીમ (અ.સ.) ઇબાદત કરતા હતા. એ મસ્જીદની બહાર પહાડમાં એક તીરાડ છે અને તેના બારામાં કહેવાય છે કે કુર્આન મજીદમાં હઝરત ઇબ્રાહીમ (અ.સ.)ના જે વાકેઆનો ઝીકર છે કે એમણે પહેલાં તારા પછી ચાંદ અને પછી સુરજ ફરજી રીતે ખુદા ઠેરવીને પછી એ બધા વિચારોને ખોટા ઠેરવ્યા હતા અને તવહીદના અકીદાની બહુ સારી ઢબે તબ્લીગ ફરમાવી. આ કિસ્સો અહીજ બન્યો હતો.

એક રીવાયત પ્રમાણે હઝરત ઇલ્યાસ (અ.સ.) તે સમયના બાદશાહના જુલ્મોથી ત્રાસીને કાસયુન પર્વતમાં અહીજ છુપાયા હતા. આજ કાસયુન પહાડ પર બીજી પણ એક ગુફા છે. જેમાં હઝરત ઇસા (અ.સ.) અને એમની વાલેદા હઝરત મરીયમ પણ આવ્યા હતા. આ નાની ગુફાની અંદર એક હુજરો પણ આવેલો છે.

અમારી ગાડી જે જગ્યાએ રોકાણી તે આ પહાડી ઉપર નું એક પર્યટનનું સ્થળ છે. ઉતરતી વખતે એક એવું દ્રશ્ય નજરે પડયું કે આંખોએ આ પહેલાં એવું દ્રશ્ય જોયું ન હતું.

ઉચાઈએથી દેખાતો કુદરતનો જલ્વો મીઠા પાણીના ચશ્મા, વહેતી નહેરો, ચારે તરફ પર્વતો જબ્લે શરકીની પર્વતમાળા, ઘટાદાર ઝાડોનું ઉગી નીકળેલું લીલુંછમ જંગલ આ જગ્યાને કહેનારાઓ એ માટે જન્નત સમાન સાથે સરખાવવા પ્રેરાય છે. નીચે આવ્યા તો કાપડ અને જાતજાતની વસ્તુઓની દુકાનો હતી. ત્યાં પણ મઝારોની ઘણી બધી તખ્તીઓ લાગેલી હતી. જેમાં હઝરત શોએબ (અ.સ.)ના મકબરાની તખ્તી પણ લાગેલ હતી. હઝરત હાબીલના મઝારથી વાપસી પર ફ્રેજી ચોકી પર પાસપોર્ટ માટે રોકાયા. મીલીટરી ઓફીસરો કંગાળ હતા. અમારા ડ્રાઈવર પાસેથી સીગારેટ માંગીને પીધી અને ડ્રાઈવરનો મોબાઈલ ફોન લઈને ફોન કરીને વાતચીત કરી. મને નવાઈ લાગી કે નજીવી વસ્તુઓ માટે પોતાનો મોભો ખરાબ કરી રહ્યા છે. એમ પણ શહેરમાં બે પોલીસવાળાઓએ ગાડી રોકીને ડ્રાઈવર પાસેથી પૈસા લીધા. મને સમજ ન પડી કે કયા કાનુનની રૂએ માંગીને લીધા. મીલીટરી છાવણીમાં દુરથી દેખાતી ફ્રેજી ગાડીઓ, મોરચાઓ અને તોપો ગોઠવેલ દેખાની હતી. પરંતુ તેમાં ખાસ દમ લાગતો ન હતો. તેમના માટે દુશ્મનનો મુકાબલો કરવાનું મુશ્કેલ છે તેવો ભાસ થતો હતો. જે જગ્યાએ હાફીઝ અસદ જેણે સીરીયામાં ઘણા વર્ષ રાજ કર્યુ તેમના ફોટા લાગેલા હતા. કયાંક નવા પ્રમુખ જે એમના પુત્ર છે તેમના ફોટા પણ દેખાતા હતા. ખેર, બપોરના ત્રણ વાગી ગયા હતા. નબીલને કહ્યું કે અમને સવેરમાંની દુકાનો પર લઈ જાય. જયાં ફાસ્ટ ખાઈ શકાય. નબીલ એક ચોકમાં લઈ ગયો જયાં ચીકન અને બીફની ઘણી દુકાનો અને હોટલો હતી. ૩૦ લીરાનો એક સવેરમાં મળતો હતો.

ઇન્નમલ આમાલો બીન નીય્યાત
અમલનો દારોમદાર નીય્યત પર છે

૧૯૭૦માં હું જયારે હુજજાજે મુકદ્દસ ગયો અને હજ કરી તે વખતે હજ એટલી સસ્તી હતી કે ઉમરાનો કોઇ રીવાજ ન હતો જેટલો આજે છે. અને લોકો હજ માટેજ જતા ત્યારે મનપસંદ મોઅલ્લીમ અને મકાન પણ આપણી પસંદનો. નવી બીલ્ડીગમાં આધુનીક બાથરૂમ સાથે ૧૪×૧૬ નો રૂમ ઓછામાં ઓછું ભાડું હશે. બે હજાર રીયાલમાં પુરી સીઝન માટે લીધો હતો. મીનામાં ૧૦૦ રીયાલમાં પાંચ દિવસ રહેવાનું. બીલ્ડીગમાં એક જણ. કુલ દસ હજારમાં હજ થઇ જાય. વિમાન મારફત. રમઝાનમાં પણ બહુજ ઓછા માણસો જતા હતા. શરૂમાં પૈસા પાત્ર વર્ગ ઓછો હોઇ અને છુટ્ટીઓ–વેકેશનમાં મરી વગેરે હીલ સ્ટેશનમાં મકાન ખરીદેલ હોય ત્યાં મહીનો રહીને પાછા આવે. શેઠીયાઓ છોકરાઓને મરી અને એબટાબાદ ભણવા મોકલતા હતા. ત્યારબાદના સમયમાં યુરોપ તરફ રૂચી થઇ. પૈસાપાત્ર માણસો છુટ્ટીઓમાં ફેમીલી સાથે યુરોપ વગેરે સ્થળોએ જાય.

ઝીયાઉલ હકના વખતમાં મઝહબ તરફ રૂચી વધી ગઇ. ઝીયાઉલ હક પણ નમાઝ રોઝા અને ઉમરા કરીને શબેકદરની રાત હરમે પાકમાં વીતાવતા. તેમનો અસર લોકો પર પડેલ. નમાઝી પણ વધી ગયા અને ઉમરા તથા હજ માટે રૂચી વધેલ. હાલમાં સફરમાં ઉમરા માટે પાસપોર્ટ આપીને વીઝા માટે ઇન્તેઝાર કરે છે. ૧૨ રબીઉલ અવ્વલ સુધી વીઝા ખુલે એટલે ઉમરા માટે જનારાઓની પડાપડી થાય અને રમઝાન શરીફ આવે તો શાબાનના મહીનાથી જ વીઝા મેળવીને રમઝાનમાં જવાની તૈયારી કરે. મારો અંદાજો છે કે બધાથી વધારે પાકિસ્તાની લોકો ઉમરા અને હજમાં હોય છે. હજ માટે સઉદી અરબની સરકારે મુસ્લીમ વસ્તીના એક ટકાને હીસાબે દરેક દેશો માટે કોટા રાખેલ છે, જે હીસાબે પાકિસ્તાનના દોઢેક લાખ માણસો થઇ જાય છે. તેનાથી વધુ અરજીઓ કરાય છે. મારો લખવાનો હેતુ એ છે કે હજ અને ઉમરા માટે જવાની રગબત વધી છે. તે બહુ જ સારી વાત છે. ઘણા લોકો ખોટી ટીકા કરતા હોય છે કે દેખાવ ખાતર ઉમરો કરે છે તે યોગ્ય નથી. ઘરબાર છોડીને સફર કરવી અને સાધારણ મકાનોમાં રહેવું એ કોઇ ઐયાશી નથી. ખોટા ખર્ચા કરનારાઓની ટીકા કરવી જોઇએ. લાખો રૂપીયાને ખર્ચે સાદીમાં એક બે વાગ્યા સુધી ત્રણ ચાર જમણ કરીને ખોટા ખર્ચા કરે છે તેમને નેક કામમાં ખર્ચ કરવાની સલાહ આપવી જોઇએ.

હજ અને ઉમરા અલ્લાહની નેઅમત છે તેથી તે અંગે સારી ચર્ચા કરવી જાઇએ. નકારાત્મક વલણ અપનાવીને ગુનેગાર થવું ન જોઇએ. મુફ્તી ગુલામનબી એક દિવસ તેમના શાગીર્દો સાથે આવેલ હતા. ઉમરાની વાત નીકળી. મુફ્તી સાહેબનો વાયદો છે કે રમઝાનમાં હું અહી હોઇશ તો તમારે ત્યાં તરાવીહના ખતમના પાંચમા દિવસે જરૂર આવીશ. આઠ વરસ થઇ ગયા, પણ મુફ્તી સાહેબ રમઝાન પહેલાં જ મદીના પહોંચી જાય. તેમના શાગીર્દોને જોઇને મને કહ્યું કે સત્તારભાઇ! આ લોકો મને કહે છે કે હઝરત! આપ દર વરસે જાવ છો. અમને બોલાવો નથી આવતો.

મુફ્તી સાહેબે કહ્યું કે તમે પાકી નિય્યત કરી લ્યો. તમને બોલાવો આવી જશે. હું તો રજબ મહીનાથી જ પાંચ પચ્ચીસ રિયાલ ખીસ્સામાં રાખી લઉ છું.

શાગીર્દોએ પણ થોડા રિયાલ રાખી લીધા અને પાકો ઈરાદો કરી લીધો. તે જ વરસે એક સખીવજુદ શખ્સે તેમને ઉમરા માટે મોકલી આપેલ. સાબિત એ થયું કે નિય્યત જરૂરી છે. એમ પણ ઈસ્લામની તાલીમ પ્રમાણે: "અલ– આમાલો – બિનિય્યાત" અમલનો દારોમદાર નિય્યત પર છે તેથી પણ કોઈના અમલ અને નિય્યત વીશે ખોટી ધારણા કરી લેવી તેમ જ અયોગ્ય ટીકા કરવાથી દુર રહેવું જોઈએ.નકારાત્મક લોકશાહી કહીને ટીકા કરવા અંગેનો એક મશ્હુર કીસ્સો છે.

એક પિતા અને પુત્ર હતા. કોઈ ગામમાં રહેતા હતા. તેમની પાસે એક ગધેડો હતો. તેમણે ગધેડો વેચી નાખવાનો નીર્ણય કર્યો અને વેચવા માટે ગધેડાને લઈને મંડી તરફ જવા નીકળી પડયા. તે વખતે પંચકોશીમાં અનેક નાના ગામોને લાભ મળે તે માટે જાનવરો–ઢોરોના ખરીદ વેચાણ માટે નિર્ધારીત સમયે મંડી યોજાતી હતી.

પિતા અને પુત્ર બંને ગધેડાને વેચવા માટે ચાલી નીકળ્યા. માર્ગમાં એક માણસ મળ્યો. તેણે કહ્યું:

"સવારી મોજુદ છે ને તમે બંને પગપાળા ચાલી રહ્યા છો!"

પિતાએ પુત્ર પર હેત દર્શાવીને પુત્રને ગધેડા પર બેસાડી દીધો અને આગળ ચાલી નીકળ્યા. થોડું અંતર કાપ્યું હતું તો બીજો એક માણસ મળ્યો. તેણે કહ્યું:

"છોકરા! શરમ નથી આવતી પીતાને પગપાળા ચલાવે છે અને તું સવારી પર બેઠો છે."

છોકરો ગધેડા પરથી નીચે ઉતરી આવ્યો અને વિનંતી કરીને પિતાને ગધેડા ઉપર બેસાડી દીધો. થોડું આગળ ગયા તો ત્રીજો એક માણસ મળ્યો. તેણે વળી નવી ટીકા કરી અને ટીકાત્મક સ્વરે કહેવા લાગ્યો:

"પિતાને શરમ નથી આવતી. પોતે સવારી ઉપર બેઠો છે ને બીચારા છોકરાને ચલાવે છે."

આ નવી ટીકા સાંભળી ને પિતા પુત્રે વિચાર્યું કે આપણે બંને ગધેડા પર બેસી જવું જોઈએ. અંતે બંને જણ ગધેડા પર સવાર થઈ ગયા. થોડું આગળ વધ્યા તો ફરી કેટલાક ટીકા કરવાના બંધાણીઓએ કહ્યું:

"બીચારા મુંગા જાનવર ઉપર જુલ્મ કરી રહ્યા છે."

હવે શું કરવું. સમસ્યા ઉભી થઈ ગઈ. ટીકાકારોની અવનવી ટીકાઓનો કોઈ અંત નથી હોતો. પિતા પુત્રે પરસ્પર વાતચીત કરીને નક્કી કર્યુ કે હવે તેઓ ગધેડાને એક મોટી લાંબી જેવી લાકડાના ડંડા સાથે બાંધીને એક આગળથી અને એક પાછળથી ઉચકીને જવા લાગ્યા.

લોકો ભેગા થઈ ગયા કે કેવા મુર્ખ છે કે સવારી મોજુદ હોય અને તેના ઉપર બેસવાને બદલે તેને ઉચકીને ચાલે છે. એવી રીતે આપણે નકારાત્મક ટીકાથી બચવું જોઈએ અને સારા કામમાં ઉત્સાહ વધે એવી રીતે વાત કરવી જોઈએ.

દમાસ્કસના અતી પ્રખ્યાત વિસ્તાર ઝયનબીયાનું ધીકતું બજાર

સીરીયાની સફર દરમ્યાન અમારો મુખ્ય ઉતારો દમાસ્કસના ઝયનબીયા વિસ્તારમાં હતો. ઝયનબીયાની બજારો અને માર્કેટ વિસ્તારમાં જીવન જરૂરીયાતની દુકાનો, હોટલો, ઉપરાંત ફળોની દુકાનો આપણે ત્યાં સદર અને ન્યુ ટાઉનમાં ફળોવાળાની જેમ સજાવેલ દુકાનોમાં દરેક ફળ મળે અને સસ્તું સૌથી મનપસંદ ફળ અમને સ્ટ્રોબેરી લાગેલ. મોટી મોટી લાલ ગુલાબી એક કીલોના બોકસમાં સજાવીને રાખેલ. પઠનો ભાવ કહીને ચાલીસ લીરામાં આપી દે છે અને ટેસ્ટી પણ બહુજ હોય છે. મનમાં વિચાર ઉદભવ્યો કે આવી સરસ સ્ટ્રોબેરી એક્ષપોર્ટ કેમ ન થઈ. આપણે ત્યાં સારામાં સારૂં અને એ ગ્રેડનું ફળ એક્ષપોર્ટ થઈ જાય અને બી તથા સી ગ્રેડનું ફળ શહેરો અને ગામડાઓમાં મળે અને વેચાય છે. કેવી વીધીની વકતા.

બીજી એક વસ્તુનું પણ ધુમ વેચાણ થાય છે અને તે વખણાય છે પણ ઘણી અને તે છે સીરીયાના ચપ્પલ. અમે બધાએ એકેક બે બે જોડી લેડીઝ અને જેન્ટસ માટે લીધી. અહીયા આવીને મેં એક જોડી પહેરી તો મને અફસોસ થયો કે આટલી બધી આરામદાયક ચપ્પલની બે ત્રણ કે વધારે જોડી કેમ ન લીધી.

ખેર સઉદી અરબમાં એકથી વધીને એક ફળ મળે પણ બધાજ આયાત કરેલ. અમે એક દાવતમાં દોસ્ત સાથે ગયેલા. ફળની તારીફમાં મેઝબાને કહ્યું: આ કેળા લબનાનના છે. આ અંગુર અને અર્વોકુ કયા કયા દેશના છે તેણે બતાવેલ.

મેં કહ્યું:

અમારે ત્યાં પાકિસ્તાનમાં આ સર્વ ફળ આનાથી વધારે ટેસ્ટવાળા પેદા થાય છે. અને ઘણાં સસ્તા મળે છે. હવે તો સ્ટ્રોબરી, લીચી અને ચેરી જેવા ફળ પણ પેદા થાય છે. અલ્લાહનો લાખ લાખ શુકર છે કે પાકિસ્તાનના તોલે આવે એવો કોઈ દેશ નથી જયાં ખાવા પીવા, રહેણાંક, હરવા ફરવાની સગવડો જેટલી સહેલાઈથી મળે છે અને સસ્તી હોય છે દુનીયામાં પાકિસ્તાન જેવો કોઈ દેશ નથી. અમારા ઉતારાની હોટલેથી અમે રાબેતા મુજબ દિલની ધગશ અને અકીદત સાથે હુઝુરે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના નામાંકિત સહાબીઓના મઝારો પર હાજરી, સલામ અરજ કરવા અને ઝીયારત કરવાની નીય્યત કરીને નીકળ્યા.

અમારો ડ્રાઈવર અમને લઈને ફરી એકવાર સીરીયાના પ્રાચીન અને આધુનીકતાના સંયોજન જેવા શહેર દમાસ્કસના પ્રખ્યાત કબ્રસ્તાન ઝાહેરે દમીશ્ક તરફ રવાના થઈ ગયો. દીલ મશહુર સહાબીઓની ઝીયારતને હવાલે બેચેન હતું.

મોઅઝ્ઝીને રસુલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) હઝરત બીલાલ હબશીના મઝાર મુબારક પર હાજરીની સઆદત

'ઝાહેરે દમાસ્કસ' અને અલ-બાબે સફીર નામે ઓળખાતા દમાસ્કસના કબ્રસ્તાનોની જમીન અજીબ રુહાની તાસીર ધરાવે છે. અહી હુઝુરે અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના કેટલાક અતિ નામાંકિત સહાબીઓ અને જાંનીસાર આશીકોના મુબારક મઝારો મોજુદ છે, જેમનું ઈશ્કે રસુલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમથી તરબોળ જીવન ફરિશ્તાઓને 'રશ્ક' ઈર્ષા જન્માવતું હશે એમાં કોઈ શંકા નથી. એમાંની એ જ નામાંકિત વ્યકિત હઝરત બીલાલ હબશી (ર.અ.) પણ છે. એવો કયો મુસલમાન હશે કે જે હઝરત બીલાલ હબશી રદીયલ્લાહો તઆલા અન્હોનું નામ સાંભળતાં જ નખશીખ અકીદત અને મોહબ્બત ન બની જતી હોય. ગુલામ અવસ્થામાં જન્મેલા હબશી ગુલામે જયારે હુઝૂરે પાક સલ્લલ્લાહો તઆલા અલયહે વસલ્લમની ગુલામી કબુલ કરી લીધી અરબસ્તાન ઉપરાંત રુમી સલતનતના મોટા તાજદારોના વૈભવ પણ એમની સામે હલકા, ઝાંખા પડી ગયા, બલ્કે શુન્ય સમાન બની ગયા.

ગાડી આગળ વધી તો એક ઠેકાણે મેં 'અલ ફલાહ' લખેલ બોર્ડ વાંચ્યું. હું જાણી શકયો નહિ એ શું છે? એટલામાં ગાડી આગળ વધી ગઈ અને હું ભુતકાળના ઝરુખામાં ઉતરી ગયો. ખારાધરના ભુતકાળની યાદો મન મગજમાં તાજી થઈ ગઈ.

મારા તંત્રીપદે ભુતકાળમાં પ્રગટ થતા મઝહબી ગુજરાતી માસીક "અલ ફલાહ"ના ૧૦-૨-૧૯૬૦ના અંકમાં હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમના એ નામવર મોઅઝ્ઝીન અને મહાન મુજાહીદ હઝરત બિલાલ"ના શિર્ષક હેઠળ એક લેખ મેં પ્રગટ કર્યો હતો. થોડું "અલ ફલાહ માસીક વિશે લખું તો અસ્થાને નહિ ગણાય.

ગુજરાતી મઝહબી માસીક અલ ફલાહનું પસમંઝર પ્રકાશન અને પાક-ભારત ના ગુજરાતીઓએ આપેલો આવકાર

મારી મઝહબ પ્રત્યે રગબત પહેલાંથી જ હતી. ૧૯૬૦માં મેં મચ્છીમીયાની રોડ પર મકાન લીધેલ. ત્યાં વિસ્તારના લોકો સાથે જાણપીછાણ થઈ ગઈ. એક દિવસે એક દિવાલ પર મેં એક બોર્ડ લાગેલો જોયો. બોર્ડમાં લખેલું હતું: "હિઝબુલ ફલાહ કમીટી." તપાસ કરતાં ખબર પડેલ કે એકાદ વરસમાં મોહર્રમમાં આ કમીટીવાળા વાએઝ કરાવતા હતા.

તે લોકો સાથે મુલાકાતો થઈ. અમુક ભાઈઓ મને મળવા આવતા રહેતા. ઉઠવું બેસવું શરૂ કરેલ. એક દિવસે દીનનું કોઈ કામ શરૂ કરવાની ચર્ચા થઈ. અને મઝહબી માસીક કાઢવા માટે ચર્ચા વિચારણા થવા લાગી. હવે સવાલ એવો ઉભો થયો કે ગુજરાતીમાં લખનાર કોઈ ન હતું. મારા ઉપર દબાણ કરીને કહેલ કે તમારા ચર્ચાપત્રો વાંચવામાં આવે છે. એક જણ ઈંગ્લીશ માસીકમાં કામ કરતો હતો અને ડેકલેરેશન વગેરે મેળવવાના તરીકાથી જાણકાર હતો. ડેકલેરેશન માટે અરજી કરવાનો સમય આવ્યો. પબ્લીશર અને પ્રીન્ટરના નામો તો મળી ગયા. હવે વારો આવ્યો તંત્રીનો તો મારા નામ સિવાય કોઈનું નામ ન હતું. હું કયારેક ચર્ચાપત્ર વગેરે લખાણો લખતો હતો. એટલે મેં પણ બીસ્મીલ્લાહ કહીને હા કહી દીધી.

ડેકલેરેશન મળી ગયું. હવે બેસવાનું ઠેકાણું હતું નહિ. રોડ પર એક હોટલમાં બેસીને પહેલા અંકની સેટીંગ કરેલ. મઝહબી સામયીકનું નામ "અલ ફલાહ" રાખવામાં આવ્યું. અલ ફલાહનો પહેલો અંક બહાર પડયો. એ વખતે પણ તેનું ટાઈટલ રંગીન, બલ્કે પંચરંગી હતું. ટાઈટલથી લઈને અંદરના લખાણો અને ગેટઅપ પણ બહુ સારા હતા.

અબ્દુલ હમીદ કંપનીવાળા, અઝીઝ શેઠે મને બોલાવીને પુછયું:

"આ અંક (અલ ફલાહ) કયારે શરૂ કર્યું? અને ઓફીસ કયાં છે?"

અમે તો હોટલમાં બેસીને પહેલો અંક કાઢેલ. અઝીઝ શેઠે કીધું કે ખારાધરમાં આપણું ગોદામ છે, જે મચ્છીમીયાની રોડ પર હતી, જેની ચાવીઓ માણસથી મંગાવીને કહ્યું: સત્તારભાઈને આ ચાવીઓ આપી દો. અમને બહુ જ મોટી ઓફીસ મળી ગઈ.

૧૪ માસ સુધી રેગ્યુલર 'અલ ફલાહ'ના અંક પ્રગટ થતા રહ્યા. આવકાર મળ્યો. લોકોએ અલ ફલાહ'ને એટલો બધો પસંદ કર્યો અને વધાવ્યો કે હું આશ્ચર્યમાં પડી ગયો, કારણ કે 'અલ ફલાહ' એહલે સુન્નતના અકીદાનો પ્રચારક તથા અવલીયાએ કીરામની તાલીમ લોકો સુધી પહોંચાડવાનો ઝરીઓ બની ગયો હતો. અચાનક રાજદ્વારી ઉથલ પાથલ થઈ અને ઐયૂબ ખાનનો માર્શલ લો આવી ગયો. માર્શલ લો ઓર્ડીનન્સમાં ૫૦ ટકા અખબારો બંધ થઈ ગયેલા, જેમાં અમારા 'અલ ફલાહ'નું નામ પણ આવી ગયું. તે બાદ હાઈકોર્ટમાં રીટ કરવા સિવાય કોઈ રસ્તો ન હતો ને એ મુશ્કેલ કામ હતું. અને તે વખતે દિવસે પેટીયું રળીને રાત્રે વખત આપતા હતા. અમારૂં પીઠબળ કોઈ ન હતું એટલે હાઈકોર્ટમાં ગયા નહિ. ત્યાર બાદ કનઝુલ ઈમાન તરજુમો અને તફસીરવાળું કુર્આન મજીદ છપાવેલ. એ બહુ જ લોકપ્રિય

થયેલ. ૧૯૬૦થી આજ સુધી દીની કામમાં દિલચસ્પી લઇ રહ્યો છું. તે વખતના મોલાના મુસલેહુદ્દીન મોલાના અબ્દુલ મુસ્તુફા અઝહરી (જેઓ કોમી એસેમ્બલીના મેમ્બર પણ રહ્યા હતા.) અલ ફલાહમાં 'ફત્વા' આપતા હતા. એ ઉપરાત મેમણ મસ્જીદના ઇમામ અને ખતીબ અલ્લામા કારી મુફ્તી રઝાઉલ મુસ્તુફા આઝમી સાહેબ જેમણે મારા નીકાહ પઢાવેલ, મારા મોટા પુત્ર આરીફના નીકાહ પઢાવેલ અને હાલમાં આરીફની પુત્રી જે મારી પૌત્રી છે તેના નિકાહ પઢાવેલ. એ સર્વે બુઝુર્ગોની સોહબત મળેલ. એટલે કે મારી દુકાને સવૅ આલીમો આવતા હતા. આજે પણ ઉર્લેમાએ કીરામ સાથે મારો એવો જ સંપર્ક છે.

અલ ફલાહનો પહેલો અંક નીકળેલ ત્યારે માંડવીયાનો 'મેહરાબ' અને જમાતે ઇસ્લામીનો 'સંદેશ' નામે મઝહબી માસીકો નીકળતા હતા. અલ ફલાહનો અંક માકૅટમાં આવતા જ શાનદાર આવકાર મળેલ. માંડવીયાએ અમને બોલાવીને શાબાશી આપી કે મારો વરસોનો અનુભવ અને લેખન અને મઝહબી સાહિત્ય છે. પરંતુ 'અલ ફલાહ' કોઈથી કોઇ રીતે ઉતરતું નથી.

માંડવીયા જે પ્રખર સાહિત્યકાર અને ગુજરાતી ભાષાના શાક્ષરે અલ ફલાહને બીરદાવતા કહ્યું:

"હવે તમે મેહરાબની જાહેરાત છાપો અને હું અલ ફલાહની જાહેરાત છાપું." અમારા ઉત્સાહમાં વધારો થયેલ. એવી જ રીતે ઇન્ડીયામાં પણ અમારી એટલે અલ ફલાહની જાહેરાત છપાતી હતી અને ગુજરાત અમદાવાદના જાણીતા મઝહબી માસીક "નૈયબા"ની જાહેરાત છાપતા હતા. તે વખતે 'અલ ફલાહ'નું વાર્ષીક લવાજમ માત્ર પાંચ રૂપીયા હતું, છુટક નકલના ફકત આઠ આના. ઘણા સખીગ્રહસ્થો એ જાહેરાત કરી કે ગરીબ માણસ ગ્રાહક બનવા ચાહતો હોય તો એક રૂપીયો તે આપે અને ચાર રૂપીયા અમે આપશું. મોટી સંખ્યામાં અલ ફલાહના વાર્ષીક ગ્રાહકો બહુ સમયમાં નોંધાઇ ગયા. એવી જ રીતે ૧૪ મહીના ધુમ મચાવી. એમા હાજી અઝીઝ શેઠનો મોટો સહકાર હતો.

હાજી અઝીઝ શેઠ મક્કી ટ્રેડીંગવાળા આશીકે રસુલ હતા. તેમના પુત્ર ઝુબેર મક્કીની શાદી પણ આલા હઝરતના ખાનદાનમાં કરાવી છે. મશહુર નાતખ્વાં છે. હાજી અઝીઝ શેઠનો ઇન્તેકાલ મેમણ મસ્જીદમાં નમાઝમાં સીજદામાં થયેલ. તેમણે દારૂલ ઉલુમ અમજદીયા અને બીજી મઝહબી સંસ્થાઓ અને મદ્રેસાઓમાં મોટી સહાય આપી છે. તેમના મોટા પુત્ર હમીદે ધોરાજી કોલોનીમાં દીની તાલીમ આપવા શાનદાર મદ્રેસો કાયમ કરેલ છે. જેમાં તેમનો ઇન્તેકાલ થયેલ. જેમાં ઇલ્મ હાસીલ કરવા માટેની એક મોટી સંખ્યા મોજુદ છે.

સૈયદના હઝરત બીલાલે હબશી રદીયલ્લાહો તઆલા અન્હો તે સમયના મહાન મૂર્તિપૂજક સરદાર ઉમૈયા બિન ખલફના ગુલામ હતા. રસુલે મકબુલે નબુવ્વતની જાહેરાત કરી કે તરત જ હઝરત બીલાલ દઅવતે –હક કબુલ કરી ઇસ્લામના જાંનિસાર પરવાના બની ગયા. એ સમયે મૂર્તિપૂજકોની માન્યતા વિરૂદ્ધ કંઇ કહેવું એ અક્ષમ્ય અપરાધ હતો. ઇસ્લામનું

નામ લેવું મૃત્યુને આમંત્રણ આપવા સમાન હતું. એવા સમયે હઝરત બીલાલે ઇસ્લામ સ્વીકારી ભારે હિમ્મતનું સબુત આપ્યું હતું.

આપ ઇસ્લામના પવિત્ર વર્તુળમાં ભળી ગયા છે એવી એ કાફીરને જાણ થઇ તો એ નખશીખ બળીઝળી ઉઠયો અને આપના પર જાતજાતના અને ભાતભાતના જુલ્મો કરવા લાગ્યો. કેવા કેવા જુલ્મો ને કેવા કેવા અત્યાચારો. આપને ધગધગતી રેતી પર સુવડાવવામાં આવ્યા, આપના પર મોટા મોટા પથ્થરો વરસાવવામાં આવ્યા, ગળે દોરડાનો ફાંસો આપવામાં આવ્યો અને આગમાં તપાવેલ લાલચોળ સળીયા વડે આપના શરીરે ડામ દેવામાં આવ્યા. આવા અમાનુષી અને અસહ્ય અત્યાચારોનો આપે હસ્તે મુખે સામનો કર્યો પણ આકાએ નામદારની ગુલામી પર અણનમ રહ્યા.

એક દિવસે ઉમૈયાએ હઝરત બીલાલને પુછયું:

"આપ મોહંમદ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) સંબંધે શું જાણો છો?""

આપે નીડરતાથી જવાબ આપ્યો:

" હુઝૂરે અનવર મારા આકા અને મૌલા છે. આપ અલ્લાહના રસુલ છે. આપની મુબારક હસ્તી બન્ને જહાં માટે બરકતવંતી છે."

ઉમૈયાએ આ સાંભળીને હઝરત બીલાલને કહ્યું:

"શું તમે એ પસંદ કરો છો કે તમારા બદલામાં મોહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ને તકલીફ આપવામાં આવે?"

હઝરત બીલાલ આ સાંભળીને એકદમ આવેશમાં આવી બોલી ઉઠયા:

"હરગીઝ નહિ! આવી વાત કરવા પહેલાં તમે મારી છાતીમા ખંજર કેમ ન હુલાવી દીધું? અને અહી ને અહી મને અત્યારે ને અત્યારે કત્લ કરી નાખો એ મને મંજુર છે. પરંતુ મારા આકા અને મૌલા હુઝૂર અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના મુબારક પગમા એક કાંટોયે વાગે એ હું સહી–સાંખી શકું તેમ નથી."

હઝરત બીલાલ ઉપરના અસહ્ય જુલ્મોની ખબર જયારે બારગાહે રિસાલતમાં પહોંચી ત્યારે સરકારે રિસાલત સલ્લલ્લાહો અલયહે વસલ્લમે હઝરત અબુબકર સીદ્દીક રદીયલ્લાહો તઆલા અન્હોને હઝરત બીલાલને ખરીદીને આઝાદ કરી દેવાનો હુકમ ફરમાવ્યો.

હઝરત અબુબકરે (ર.અ.) મોટી કિંમત, બલ્કે મ્હોં માંગી કિંમત ચુકવીને હઝરત બીલાલને આઝાદ કરાવી દીધા. આકાએ નામદારે સીદ્દીકે અકબરના હકમાં દુઆ કરી ત્યાર બાદ હઝરત બીલાલ રદીયલ્લાહો તઆલા અન્હોને હુઝૂરે પાકે પાંચ વખતની અઝાન આપવાનુ કામ સોંપ્યું. આપ આ ખીદમત ઉમદગીથી અંજામ આપતા અને બાકીનો સમય હુઝૂરે અકદસની સેવામાં પસાર કરતા. આપ રસુલે બરહકને વુઝુ કરાવતા. બુલન્દ અવાજે અઝાન આપતા અને નમાઝીઓ એકઠા થઇ જતાં હુઝૂરને ખબર આપતા.

ઉત્તમ મોઅઝઝીન અને હુઝૂરે અકરમના માનીતા સહાબી હોવા ઉપરાંત હઝરત બીલાલ એક જાંબાઝ મુજાહીદ પણ હતા. જંગે બદ્ર વખતે આપ વીરતાપૂર્વક લડયા. કુદરતનું કરવું

એ થયું કે આ જંગમાં એક વેળાનો આપનો માલીક ઉમૈયા, જેણે આપની ઉપર જુલ્મો કરવામા કંઈ કચાશ રાખી ન હતી, એ આપની સામે આવી ગયો. આપે તલવારના એક જ ઝાટકે એનું માથું ધડથી જુદું કરી નાખ્યું. બીજી જ ક્ષણે એ મગરૂરનું મસ્તક આપના કદમોમાં પડયું હતું.

હીજરી સન ૧૧ના રબીઉલ અવ્વલમાં હુઝૂરે અનવર બીમાર પડયા. આપના માથામા જોરદાર દુ:ખાવો ઉપડયો. એ જ તકલીફમા હુઝૂરે આખી રાત વીતાવી. નિત્યક્રમ પ્રમાણે ફજર ટાંણે હઝરત બીલાલે અઝાન પુકારી. હુઝૂરને નમાઝીઓ હાજર થયાની ખબર આપી. પરંતુ નબીએ કરીમ બહાર આવ્યા નહિ. થોડી વાર જોયા પછી સહાબાએ કીરામે હઝરત બીલાલને તપાસ કરવા મોકલ્યા. આપે દરવાજા પાસે ઉભા રહીને કહ્યું:

અસ્સલામો અલયકુમ યા રસુલુલ્લાહ, હુઝુરે અકરમે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જવાબ આપતાં હઝરત અબુબકર(ર.અ.)ને નમાઝ પઢાવવાનું કહેણ મોકલાવ્યું.

હઝરત બીલાલનું હૈયું હાથ ન રહ્યું આપ રડતાં રડતાં સહાબાએ કીરામ પાસે આવ્યા અને હકીકત કહી સંભળાવી. સહાબા પણ રડવા લાગ્યા. હુઝુરના હુકમ પ્રમાણે સીદ્દીકે અકબરે નમાઝ પઢાવી. આના થોડા દિવસો પછી સરવરે કાએનાત આ દુનીયાથી પર્દાપોશ થઇ ગયા.

હઝરત બીલાલ (ર.અ.) બેચેન અને બેકરાર રહેવા લાગ્યા. અઝાનનો વખત થયો. હઝરત બીલાલ (ર.અ.) અઝાન દેવા ઉભા થયા. જયારે અશહદો અન્ન મોહંમદુર્રસુલ્લાહ ઉપર પહોંચ્યા તો બેભાન થઈને ઢળી પડયા. કારણકે હઝરત બીલાલ જયારે પણ અઝાન આપતા હતા હુઝુરની રીસાલતની ગવાહી પોકારતી વખતે એ તરફ ઈશારો કરતા જે તરફ હુઝુર પાક જલ્વા ફરમા હોતા.

સરકારે દોઆલમની જુદાઇ અસહ્ય બની જતાં હઝરત બીલાલ (ર.અ.) માટે મદીનામાં રહેવું અશકય થઈ પડયું. હઝરત અબુબકર (ર.અ.) ને ખીલાફત સોંપાઇ ગયા પછી આપ એમની સંમતી મેળવી સીરીયા ચાલ્યા ગયા. આજે એજ સીરીયામાં હું આપના મુબારક મઝાર પર હાજરી દેવા જઇ રહ્યો હતો. આ મહાન આશીકે રસુલના જીવન પ્રસંગોની હારમાળા મનમગજ પર કબ્જો જમાવી બેઠી હતી.

હઝરત બીલાલ (ર.અ.) ની એ પછી અઝાન આપવાના બે પ્રસંગો ઈસ્લામી ઈતિહાસના પાનાઓમાં સોનેરી શબ્દોમાં નોંધાયેલા છે અને આજે પણ ઈમાનને તાજગી આપે છે.

હઝરત બીલાલ (ર.અ.) ની ફઝીલત માટે એકજ હદીસે પાક પુરતી છે.

હુઝૂરે પાકે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એક દિવસ ફજરની નમાઝ પછી હઝરત બીલાલ (ર.અ.)થી પુછયું

તમારી દ્રષ્ટિએ સૌથી વધારે આશાદાયી તમારો જે અમલ હોય તે મને બતાવો કારણકે મેં આજે રાતે જન્નતમાં તમારા પગનો પગરવ (આહટ) મેં સાંભળ્યો. હઝરત બીલાલે (ર.અ.)

અરજ કરી.

યા રસુલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) હું રાત દિવસમાં કોઈ વખતે પણ જ્યારે કદી વઝુ કરું છું તો પોતાના પરવરદીગાર માટે જેટલી તૌફીક હોય છે નમાઝ જરૂર પઢું છું. પછી એક એવો વખત પણ આવ્યો કે એજ મક્કા મુકર્રમામાં જ્યાં હઝરત બીલાલ (ર.અ.) ને કલ્મએ તૈયબા પઢવા ખાતર ઈજાઓ અપાની હતી. જ્યારે મક્કા મુકર્રમા ફતેહ થઈ ગયું તો હુઝુરે પાકે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) હઝરત બીલાલ (ર.અ.) ને હુકમ આપ્યો કે તેઓ કાબા શરીફની છત પર ચઢીને અઝાન આપે. પરીણામે આપે પહેલી વખત મક્કા મુકર્રમામાં કાબા શરીફની છત પરથી અઝાન આપી.

સરકારે દોઆલમે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) આ દુનીયાથી પરદો ફરમાવ્યો તે પછી હઝરત બીલાલ (ર.અ.) થી મદીનએ તૈયબામાં રહેવાયું નહી. અને તેઓ સીદ્દીકે અકબર (ર.અ.) ના ખીલાફત કાળમાં સીરીયા આવી ગયા હતા.

સીરીયામાં રહેવાસ દરમ્યાન હઝરત બીલાલ (ર.અ.) ને ખ્વાબમાં હુઝુરે અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની ઝીયારત થઈ. જોયું કે આપ ફરમાવી રહ્યા છે:

બીલાલ એવી પણ કેવી બેમુરવ્વતી ? શું હજુ પણ વખત નથી આવ્યો કે તમો મારાથી આવીને મળો ?

બેદાર થયા તો ગમગીન હતા. તરતજ સવારી મંગાવી અને મદીનએ તૈયબા જવા રવાના થઈ ગયા. રોઝએ અકદસ પર હાજર થયા અને ત્યાં રડતા રહ્યા.

હઝરત હસનેન (ર.અ.) તશરીફ લાવ્યા, એટલે હઝરત ઈમામ હસન અને હઝરત ઈમામ હુસેન પધાર્યા, હઝરત બીલાલે (ર.અ.) એમને ગળે લગાવી લીધા બંને શાહઝાદાઓએ ફરમાઈશ કરી કે: આપની અઝાન સાંભળવા અમારું દિલ ચાહે છે.

આ ખબર જોતજોતામાં સમસ્ત મદીના મુનવ્વરામાં ફેલાઈ ગઈ કે હઝરત બીલાલ (ર.અ.) આજે અઝાન દેવાના છે.

હઝરત બીલાલે (ર.અ.) છત પર ઉભા રહીને અઝાન દેવાનું શરૂ કર્યું. હજુ તો માત્ર અલ્લાહો અકબર કહ્યું કે આખું મદીના ગુંજી ઉઠ્યું. દરોદીવાલથી આ અલૌકિક અઝાનના પડઘા પડવા લાગ્યા. એવું લાગતું હતું કે મદીના મુનવ્વરાનું મુકદ્દસ વાતાવરણ ઝુમી રહ્યું છે. અશહદો અલ લાઈલાહા ઈલ્લલ્લાહ કહ્યું તો કોહરામ મચી ગયો અને જ્યારે એમના મુખેથી અશહદો અન્ન મોહંમદુર્રસુલ્લાહના પવિત્રતમ શબ્દો સર્યા તો પરદાનશીન મહીલાઓ બેતાબીના આલમમાં ઘરોમાંથી નીકળી આવી. અને કહેવા લાગી કે રસુલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરી વાર મબઉસ થઈ ગયા. કહેવાય છે કે મદીનાવાસીઓને તે દિવસથી વધારે કોઈ દિવસે મદીના મુનવ્વરામાં લાલ દેખાયા નથી.

એક સનદી રીવાયતમાં છે કે હઝરત બીલાલ (ર.અ.) ના અઝાન દેવાનો એક અનેરો પ્રસંગ સીરીયામાં બન્યો.

અમીરૂલ મોમીનીન સૈયદના હઝરત ઉમર ફારૂક (ર.અ.) જ્યારે સીરીયામાં તશરીફ

લાવ્યા તો એ માટે હઝરત બીલાલ (ર.અ.) ને અઝાન દેવાની ફરમાઈશ કરી. આનાકાની પછી હઝરત ઉમર (ર.અ.) ના આદેશનું પાલન કરવા તૈયાર થઈ ગયા અને જયારે હઝરત બીલાલે અઝાન દેવાનું શરૂ કર્યુ તો ત્યાં મોજુદ સહાબાઓ અને મુજાહીદો તથા સામાન્ય શહેરીઓ રડવા લાગ્યા. અમીરૂલ મોમીનીનને તો ધ્રુસકી ચડી ગઈ. રોતા રોતા આપની દાઢી આંસુઓથી તર થઈ ગઈ. એ જ હાલત બીજા લોકોની હઝરત બીલાલની તૌહીદની તેમ જ રીસાલતની શહાદતની પુકાર સાંભળીને થઈ હતી. રિવાયતોમાં છે કે એ દિવસથી વધારે કોઈ દિવસે લોકોને રોતા જોવામાં આવ્યા નથી.

હઝરત બીલાલ (ર.અ.) ની સીરતથી એવું માલુમ પડે છે કે હુઝૂર અકરમે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પરદો ફરમાવ્યો તે પછી આપના જીવનની એક એક પળ આં હઝરતની ઝીયારતના ઈન્તેઝારમાં વીતી રહી હતી. જયારે વફાતનો સમય નજીક આવ્યો તો બેખુદીન આલમમાં આ શે'ર પઢતા હતા. તરજુમો છે:

કાલે અમારી મેહબુબ વ્યકિત સાથે મુલાકાત થશે મોહમ્મદુર્રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અને આપના સહાબાથી.

મોતની શીફ્ત જોઈને આપની પત્નીએ કહ્યું:

વા વેલાહ" (હાય અફ્સોસ)

પરંતુ હઝરત બીલાલ રદીયલ્લાહો તઆલા અન્હોએ ફરમાવ્યું:

"વા ફર હા" (વાહ રે ખુશી).

હઝરત બીલાલ રદીયલ્લાહો તઆલા અન્હોના મુબારક મઝાર પર હાજરીની સાથે જ મન મગજમાં સમજી ન શકાય તેવી શાંતિ છવાઈ ગઈ. 'કલબ મુતમઈન' બની ગયું. સલામ અરજ કરી, હુઝૂરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમના આ મહાન સહાબીને ફાતેહાનું અકીદત નઝરાણું પેશ કર્યું. ત્યાંથી ખસવાનું મન થતું ન હતું. અદભૂત શબ્દોમાં બયાન ન કરી શકાય તેવું રૂહાની વાતાવરણ હતું.

સીરીયાની સફર દરમ્યાન અમે જે હોટલ અલ હાશ્મી"માં ઉતારો કર્યો હતો ત્યાંના માલીકનું નામ ઝુહેર હતું. સુહેલ હાફીઝે કુર્આન હતો. રાતનો સમય હતો. અમે બેઠા હતા. ગુલામ મુસ્તુફા પણ સાથે હતો. ચર્ચા નીકળી સરકારના જાનીસારો અને આશીકે રસુલની તથા ગુસ્તાખો અંગે.

ઝુહેરે સુરએ કલમની શરૂઆતની આયતો પઢી અને પછી તેનો તરજુમો અને તફસીર કરી. વલીદ બીન મુગેરા નામે શખ્સે આપની શાનમાં ગુસ્તાખી કરીને આપને મઆઝ અલ્લાહ મજનુ કહેલ. અરબીમાં મજનુનો અર્થ પાગલ પણ થાય છે.

આજકાલ મુસલમાનોના વેષમાં એવા બેદીનો કુટી નીકળ્યા છે, જેઓ મોહમ્મદી શાનને ઘટાડવાને જાણે કે પોતાની ફરજ સમજે છે પણ જે પાક હસ્તીની તારીફ અને શાનને ખુદ અલ્લાહ તઆલા બુલન્દ કરતો હોય તો પછી ભલા એ કોની વિસાત છે કે આપની શાનને પસ્ત કરી શકે. આવા ફિત્નતી માણસો ફકત બકવાસ કરીને પોતાનું ઠેકાણું જહન્નમમાં

બનાવવા સિવાય બીજું શું મેળવી શકવાના હતા?

વલીદ બીન મુગેરાની બકવાસથી આપના મુબારક દિલને આઘાત લાગ્યો પછી શું હતું. અલ્લાહના ગઝબનો સમુદ્ર જોશમાં આવ્યો. સુરએ કસમ (પહેલા રૂકુઅ)માં પહેલા પોતાના મેહબૂબે પાકની અલ્લાહે ફઝીલતો બયાન કરી. હુઝૂરે પાક રંજીદા થયા કે તરત જ વહી નાઝીલ થઈ. અલ્લાહ તઆલાએ સરકારની શાનની તારીફ કરી. આપ મજનુ નથી. આપ માટે સર્વોતમ દરજજા છે. આપના દિલનો બોજ અલ્લાહ તઆલાએ હલકો કર્યો. બાદમાં એ ગુસ્તાખ શખ્સની નવ બુરાઈઓનું વર્ણન કર્યુ છેલ્લી બુરાઈમાં આવ્યું કે તે તેના બાપનો નુત્ફો નથી.

અલ્લાહ તઆલાએ ફરમાવ્યું:

"અય પ્યારા! આપ આપના રબના ફઝલથી મજનુ નથી. આપ માટે તો અનહદ સવાબ છે અને બેશક આપ સર્વશ્રેષ્ઠ સદગુણી છો."

"હે મેહબૂબ! તેની (ગુસ્તાખી કરનારની) વાત ન સાંભળો, જે ખોટી કસમો ખાનાર છે. તે ઝલીલ ખુવાર, ટોણા મારનાર, મોટો ચુગલીખોર ભલાઈથી રોકનાર, હદથી આગળ વધનાર, મોટો ગુનેગાર, પાષાણ હૃદયી અને હરામનું બાળક છે."

ગુસ્તાખ વલીદે આ આયતો સાંભળી તો તે એની મા પાસે દોડી ગયો. તલ્વાર મ્યાનમાંથી ખેંચી કાઢી માને કહેવા લાગ્યો, "મોહમ્મદે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમે) જે મારા દસ અયબ બયાન ફરમાવ્યા છે તેમાંના નવને તો હું જાણું છું, કેમ કે ખરેખર એ અયબો મારામાં છે પરંતુ એ બતાવ કે હું હરામી છું કે હલાલી? સાચું કહેજે ! નહીતર હું તારી ગરદન ઉડાવી દઈશ. કારણકે મોહંમદ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની વાત ખોટી નથી હોઈ શકતી

તેની માએ કહ્યું :

તારો પીતા નપુંસક હતો. એટલે મેં ભરવાડ સાથે મોઢું કાળું કરેલ જેને પ્રતાપે તું પેદા થયો તેનો જ તું નુત્ફો છે.

અલ્લાહે ઈરશાદ ફરમાવ્યો:

અમે એ ગુસ્તાખ બેઅદબને સુવ્વર જેવી થોથર પર ડામ દઈશું. અર્થાત તેના ચહેરાને બગાડી દઈશું. એના થોડા અરસા પછી વલીદની શકલ બગડી ગઈ. ત્યારબાદ એ ઝલીલ અને ખુવાર થઈને મર્યો. ગુસ્તાખી કરનાર, ગુસ્તાખો માટે ઈબ્રતનો મુકામ છે. સરકારની તારીફ અલ્લાહ તઆલા કરે. અલ્લાહ તઆલા હબીબે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પર દરૂદ મોકલે. ફરીશ્તાઓ દરૂદ અને સલામ મોકલે અને આપણને સલાતો સલામ, દરૂદો સલાત પઢવાનો અલ્લાહ તઆલાએજ હુકમ ફરમાવ્યો છે.

એક હદીસે પાકનો ભાવાર્થ છે.

તમારા માલ દોલત, તમારી જાન તમારા માબાપ અને ઔલાદથી વધારે જેને મારાથી

મોહબ્બત નથી કરતો તો તે કામીલ મુસલમાન નથી. અલ્લાહ આપણને તૌફીક આપે. દીની બાબતોમાં ગુસ્તાખી કરનાર મુર્ખા હોય છે. પછી ભલે તે નમાઝ પઢે કે રોઝા રાખે, હજ કરે કે ઝકાત આપે. ગુસ્તાખી એ સૌથી મોટી મુર્ખાઇ છે અને દીની મામલાઓમાં ગુસ્તાખી ફકત મુર્ખાઓજ કરી શકે છે. જેને થોડી ઘણી પણ સમજ હોય છે તે આવી ધૃષ્ટતાથી દુર રહે છે. ઘણી વખતે મુર્ખાઇને કારણે દીન અને દુનીયા તેમજ આખેરત બધુંજ બરબાદ થઈ જાય છે. ઉપરથી અલ્લાહ તઆલાનો ઇતાબ અલગ. એ સીલસીલામાં એક હીકાયત યાદ આવે છે. ચાર જણ મુસાફરીએ નીકળેલ. માર્ગમાં મસ્જીદ આવી. વઝુ કરીને એક જણ ઇમામ બન્યો. બીજા ત્રણ જણ મુકતદી બન્યા. નમાઝ શરૂ થઈ મોઅઝઝીન હાંફતો હાંફતો આવ્યો. મોડો થઈ ગયેલ અને અઝાન આપવાની કોશીષ કરી તો નમાઝ પઢનાર મુકતદીમાંથી એક જણે કહ્યું.

વખત જઇ રહ્યો છે. તમે જમાતમાં શામેલ થઈ જાવ.

તેની બરાબર ઉભેલા બીજા મુકતદીએ કહ્યું:

નમાઝમાં બોલવું મના છે.

ત્રીજાએ કહ્યું:

મના છે છતાં તું બોલી રહ્યો છે.

જે ઇમામત કરતો હતો. તે બોલ્યો:

અલ્લાહનો શુકર છે કે હું ન બોલ્યો:

આપણા સમાજમાં પણ આવા મુર્ખાઓની કમી નથી. હજાર મળે છે એવા લોકો જેઓ પોતાની ખોટી મુર્ખાઇ અને દીની બાબતોની માલુમાતના આડમ્બરમાં આ બેવકુફ નમાઝીઓની જેમ પોતાના દીન બરબાદ કરી નાખે છે. અલ્લાહ પાક મેહફુઝ રાખે. અમારી મુસાફરી ચાલુ હતી. સીરીયામાં ભ્રમણ વેગવતું બન્યું હતું. સહાબાએ કિરામના જીવન પ્રસંગો અને જવલંત વિજયોની વાત થઇ રહી હતી. અમારો ડ્રાઇવર જે સ્થાનીક સીરીયન હતો અને સીરીયા વિદેશી પર્યટકો અને મુસલમાન ઝાઇરીનોના આગમનથી ઉભરાયેલું રહેતું હોય સામાન્ય શહેરીઓ સુધ્ધાં ઐતિહાસીક ઘટનાઓ અને માહિતીથી વાકેફ હોય છે. વાત ઇરાનના તે વખતના શહેનશાહની ચાલી રહી હતી.

ઇરાનના શહેનશાહને કીસરા કહેવામાં આવતો હતો. મુસલમાનોએ તેમની વિજયમાળા શરૂ કરી અને ઇસ્લામની રોશની અરબસ્તાનના વિસ્તારોથી બહાર પ્રસરી રહી.

ઇસ્લામના ઉદયકાળ વખતની ઇરાનના શહેનશાહની ભૌતીક જાહોજલાલી અને 'ગલબએ–રૂમ'

તે સમયે દુનિયામાં બે મોટી સલતનતો હતી. આ બંને શકિતશાળી હતી. બન્નેની સરહદો અરબસ્તાન સાથે લાગેલી હતી. રોમન એમ્પાયરની લગામ શહેનશાહ હીરકલના હાથમાં હતી, જયારે ઇરાનનો શહેનશાહ ખુસરૂ પરવેઝ હતો.

કુર્આન પાકમાં 'ગલબતિર–રૂમ' અર્થાત રોમન એમ્પાયરની જીતનો ઉલ્લેખ છે. સીરીયા ઉપર જેની મુસાફરીને આપણે માણી રહ્યા છીએ એ સમયની મહાન લડાઈઓનો ભારે પ્રભાવ પડયો હતો. આ લડાઇ વખતે શામ અર્થાત સીરીયા રૂમની સત્તા હેઠળ હતું. કુર્આન પાકે 'રૂમ'ના વિજયની આગાહી ફરમાવી હતી.

ઇતિહાસમાં અતિ નોંધનીય આ યુદ્ધનો સારાંશ આ મુજબ છે.

ઇ. સ. ૬૦૯માં રસુલે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમને પયગમ્બરી મળી ૬૧૦થી ૬૧૩ સુધી રૂમ અને ઇરાન વચ્ચે છમકલાં શરૂ થયા. ૬૧૩માં યુદ્ધની જાહેરાત થઈ. ૬૧૪માં રૂમીઓનો પરાજય આરંભાયો અને ૬૧૬માં સંપુર્ણ હાર થઈ. ૬૨૨માં રૂમીઓએ ફરી ચઢાઈ કરી અને ૬૨૫માં રૂમીઓએ વિજય મેળવ્યો. નવ વરસના આ અરસા પછી કુર્આન પાકની સુરએ રૂમની આવેલ પ્રથમ આયતોમાં કરાયેલ આગાહી હક અને સાચી સાબિત થઈ.

ઇરાનના શહેનશાહની જાહોજલાલી પર એક ઉડતી નજર નાખીએ. કીસરાની શાનો શોકતનો અંદાજો તેનાથી લગાવી શકાય છે કે નવસો સાંઇઠ (૯૬૦) હાથીઓ શહેનશાહની સવારી માટે મોજુદ હતા. તંબુઓ અને સરસામાન લાવવા લઇ જવા માટે બાર હજાર મોટા અને આઠ હજાર નાના ઉંટો તેમ જ 'અસ્તબલ'માં છ હજાર વિજળી જેવી ઝડપ ધરાવતા હવામાં ઉડતા હોય તેવા ઘોડા હતા. છ હજાર અંગરક્ષકો હતા. બાર હજાર ગુલામો હર વખત શહેનશાહની ખીદમતમાં હાજર હતા. ત્રણ હજાર સુંદરીઓ, જે એશીયાની સૌદર્ય રાણીઓ (આજની ભાષામાં બ્યુટી કવીન) કીસરાના મહેલમાં 'ગંજ સાયગા' અને 'બાદ આવુર્દ' નામે મહેલોમાં ઝર જવાહરોના ઢગલા ખડકાયેલા હતા. શાહી મહેલની છતને ૪૦ સોનાના થાંભલાઓનો ટેકો હતો. ત્રીસ હજાર રેશમી અને સોના જડીત પડદાઓ લટકતા હતા, જેની છતને હજાર ચાંદીના કુમકુમાઓ શોભાવતા હતા. એ જ શહેનશાહનું 'કસરે અબયઝ' (સફેદ મહેલ) હતું.

સીરીયાના સફર દરયાન અમારો પડાવ હાશ્મી એપાર્ટમેન્ટમાં રહ્યો. દમિશ્કના આ એપાર્ટમેન્ટના માલીકે ઠરાવેલ ભાવ છતાં ૬૦૦૦ લીરા લીધા, જે મારા અંદાજે ઘણા ઓછા હતા. તે વખતેમુસલમાનોની ઝબાન પર એકવચનીપણા માટે માન ઉપજયું પરંતુ એ વખતે મને જર્મનીનો એક બનાવ યાદ આવી ગયો, જેને હું વાંચકોને રસપ્રદ નીવડે તે માટે અત્રે લખી રહ્યો છું.

ઘણા લોકો કહે છે કે ઇમાનદારી અને પ્રમાણીકતા તો અંગ્રેજો અને યુરોપના લોકો

પાસે છે અને આપણા પાકિસ્તાનીઓ મુસલમાનો વીશે બુરું ભલું બોલે છે. તેમના માટે મને જર્મનીમાં થયેલ એક કડવો અનુભવ યાદ આવી ગયો. અમો ફ્રેન્કફર્ટથી સીધા ડુસેલડોર્ફ જઈ રહ્યા હતા. અમો ત્રણ જણ હતા, જેમાના બે ગ્રેજયુએટ યુવાનો હતા. ફ્રેન્કફર્ટ પહોંચીને ખબર પડેલ કે ડુસેલડોર્ફ જવા માટે અમારી પાસે વીમાનની ટીકીટ હતી, જે એરપોર્ટ પર રેલ્વે સ્ટેશન પર ઉભેલ લુફ્ત્હાન્સા એકસપ્રેસમા પણ વીમાનની ટીકીટ ચાલે તો આપસમા સલાહ મશ્વેરો કરીને નક્કી કરેલ કે ટ્રેનમાં જવું. થોડુંક ચેન્જ પણ થશે અને માર્ગમાં આવતા ખુબસુરત કુદરતી મનાઝીર (દ્રશ્યો) પણ જોતા જશું. મજા પડશે અને ત્યાંના લોકોએ પણ અમને ટ્રેનમાં જવાની સલાહ આપી. એરપોર્ટથી સીધા સામાન ટ્રોલીમાં નાખીને એકસીલેટરથી નીચે ઉતરી આવ્યા. આગળ જ રેલ્વે સ્ટેશન હતું જયાં અમે પહોંચી ગયા તો ગાડી તૈયાર ઉભી હતી. અમે ગાડી (ટ્રેન)માં બેસી ગયા. ગાર્ડે અમને પુછેલ કે કયાં બેસવું છે?

ચાર જણની કાચની પારદર્શક કેબીન હતી અને બહાર ચાર ખુરસીઓની વચ્ચે એક ટેબલ હતું. હોટલની જેમ તો અમે એ ટેબલની આસપાસ ખુરસીઓ પર બેસી ગયા. બેસવા માટે અમે એવી સીટીગ પસંદ કરીને બેઠા કે બહારના દ્રશ્યોને માણી શકાય. ટ્રેને ચાલવાનું શરૂ કર્યુ અને ઝડપ પણ પકડી. બારી તો દરેક સીટ પાસે હતી. બહારના રમણીય દ્રશ્યો દેખાવા શરૂ થયા અને ઓરેન્જ જયુસ વગેરે પીરસવામાં આવેલ. બીજું ખાવા પીવાનું પૈસાથી પણ મંગાવી શકાય. કોઈ સારો સીન આવે તો ટ્રેનમાં કોમેન્ટરી લાઉડસ્પીકરમાં શરૂ થઈ જાય. કોમેન્ટેટર બતાવે કે આ દ્રશ્ય ચર્ચનું છે. દરેક દ્રશ્ય અને પહાડોનું સવીસ્તાર વર્ણન કરીને મીઠી જબાનમાં બતાવવાનું શરૂ કરે. અમે ડુસેલડોર્ફ પહોંચી ગયા. કરાચીમાં મારા એક મિત્રે કહ્યું હતું કે:

"તમો યુરોપમાં કોઈ પણ શહેરમાં જાવ તો રેલ્વે સ્ટેશન પર ઉતરો તો શહેરના મધ્યમાં હોઈ તમને કોઈ અગવડ નહી પડે. સ્ટેશનની બહાર નીકળતાં જ શહેરની રોનક નજરે પડી. પણ મજુર ન મળે. અમે પેટીઓ ઢસડીને જરાક આગળ જતાં હોટલો નજરે પડી.

એક સારા દેખાવની હોટલ 'બીસ્માર્ક હોટલ' દેખાણી. પણ અહીયા મને બીભત્સ પણું અને મોટા સ્ટોરોના શોરૂમમાં બીભત્સ તસ્વીરો અને સેકસ શોપના બોર્ડ નજરે પડેલા. મેં મારા સાથીઓને જરાક થોભી જવાનું કહ્યું.

એટલામાં બે પાકિસ્તાનીઓ આવતા નજરે પડયા તો મેં તેમને રોકીને પુછેલ કે અમે પાકિસ્તાનથી આવ્યા છીએ અને અમને કોઈ સારો એરીયા બતાવો તો અમો ત્યાં હોટલમા રૂમો ભાડે લઈએ.

તેણે મારી સામે જોઈને કહ્યું:

"હાજી સાહેબ! આપ પહેલી વખત જર્મની આવેલ છો. આ તો પુરું શહેર જ એવું છે. આનાથી સારો એરીયા તમને મળશે નહી."

અમે હોટલના રીસેપ્શન પર જઈને ત્રણ બેડનો એક રૂમ માંગેલ. રીસેપ્શન પર બેસેલ યુવતીએ ૮૦ ડી.એમ. (ડયુસ માર્ક) રોજના નાસ્તા સાથે કીધેલ. અમે રૂમ લઈ લીધો.

બીજા દિવસે જુમ્આ (શુક્રવાર) હતો. મને જુમ્આની નમાઝની ફીકર હતી. મારી સાથેના યુવાનોએ મારી મજાક ઉડાવીને મને કહ્યું:

"હાજી સાહેબ! જુમ્આની નમાઝ કરાચી જઈને પઢશું."

અમારે મ્યુનીચથી એક ગામમાં જવું હતું. અમારો ત્યાં સટલલેસ લુમોનો સોદો હતો. લુમો જોવાની હતી. ત્યાં ટ્રેનમાં પહોંચ્યા. સ્ટેશન બહાર ઘણી ટેક્ષીઓ ઉભી હતી.

જર્મનીમાં મોટા ભાગે ટેકસી ડ્રાયવર મોટી ઉમર અને આધેડ વયની મહિલાઓ હોય છે. અમે તેને કાર્ડ આપ્યો તો એણે અમને તે જગ્યાએ પહોંચાડી દીધા.

અમારે જે વ્યકિતને મળવું હતું તેનું નામ મીસ્ટર એકન હતું. તે મૂળ તુર્કીનો હતો અને તેની પત્ની સીરીયન હતી.

'સીરીયાનો સફર' લખતી વખતે આ બધું મને યાદ આવી ગયું અને અનાયાસે મારી કલમ જર્મનીના એક અનુભવનું વર્ણન કરવા ચાલી પડી. અમે ત્યાં પહોંચી ગયા. મીસ્ટર એકન બીન મુસ્લીમ હતો. મેં તેને કહ્યું કે:

"મારે જુમ્આની નમાઝ પઢવી છે. એ સાંભળીને મારી સાથેના યુવાનો ચમકયા અને અચકાયા હતા કે અહી હાજી સાહેબ નમાઝનું પુછે છે.

અચકાટનું કારણ એ હતું કે મુન્શીયલ ગ્લેસબાગ નાનું ગામડું હતું.

"જરૂર! મારા તુર્કી મહેમાન મિત્રો ઘણા છે. તમને હમણા જ હું મસ્જીદમાં પહોંચાડી દઉ છું."

અમે મોટરમાં બેઠા. મોટર પાંચ સાત મીનીટ ચાલી હતી કે મસ્જીદ આવી ગઈ. મને ઉતારીને તેણે કહ્યું:

તમને હમણા ગાડી મોકલું છું.

મેં કહ્યું: અમે ટેકસીમાં આવી જઈશું.

મસ્જીદમાં દાખલ થયા તો જોયું મસ્જીદ કુલ ચિક્કાર ભરેલી હતી, નમાઝ અને ખુત્બો શરૂ થવામાં થોડી વાર હતી.

વુઝુ વગેરે કરીને અમો નમાઝ માટે શામેલ થયા તો છેવાડે જગ્યા મળી. તુર્કી લોકોની બહુમતી તેમ જ બધા શુટમાં. મેં અલ્લાહનો શુકર અદા કર્યો કે જર્મનીના નાના ગામમાં પણ જુમ્આની નમાઝ મળી ગઈ. મારા સાથીઓ મને જોતા રહી ગયા.

જુમ્આની નમાઝ પઢીને મીસ્ટર એકનની ઓફીસ ગયા. તેણે અમને લન્ચ માટે ઓફર કરી. યુરોપના પુરા ટુરમાં હલાલ ગોશ્તની શંકા તો હોયજ. તેથી વેજીટેબલ, સી ફુડની આઈટમો લેવાનું ખાવાનું નક્કી પહેલાંથીજ કરી લીધું હતું. મેક ડોનલ્ડથી ફીશ બર્ગર વગેરે તેમજ મીલ્ક શેક મંગાવેલ જેથી અમારો લંચ થઇ ગયો. હવે શટલલેસ લુમના સોદાની વાતચીત શરૂ થઈ. લુમો અમે પહેલાં જોઈ આવેલ. વધારે અનુભવ નહી એટલે ખાલી વીંધી કરેલ. સારા મોડલની લુમો જોઈ હતી. જેની કિંમતથી અર્ધી કિંમતમાં આ લુમો મળતી હતી. મારી સાથેના એક સાથીદાર યુવાને મને ફોર્સ કરીને કહ્યું કે આપણને એજ ભાવમાં એકને બદલે બે લુમ આપવામાં

આવે તો આપણે એજ લુમો લઈએ. ફેસલો થયેલ કે એજ લુમોનો સોદો કરવો.

મીસ્ટર એકનની પત્ની તે દરમ્યાન બે ત્રણ વખત ઓફીસમાં આવી, બીન મુસ્લીમ સીરીયન હતી, સીરીયાના હાલના સફરમાં મને ત્યાં મોસમના હિસાબે ત્યાં સફેદ ચામડીની ગોરી સ્ત્રીઓ નજરે પડની હતી, જે સીરીયન જ હોય છે. એકનની પત્ની પણ ખુબસુરત હતી.

બંને યૌવનાઓએ જીદ કરી કે સોદો હું કરું. મેં તે લોકોને કહ્યું કે:

"તમે કુલ ઈંગ્લીશ જાણો છો તે મને વાત કરવામાં ફાવટ નહિ આવે છતાં પણ તે લોકો માન્યા નહિ.

હવે મારો વારો હતો. મેં અંદાજો કરી લીધો કે મીસ્ટર એકનની પત્ની સીરીયન છે. તે જરૂર અરબી જાણતી હશે. મેં તો અરબી અને અંગ્રેજીની ખીચડી પકાવીને વાતચીત શરૂ કરી.

ઉમરા અને હજ માટે, અરબસ્તાન વારંવાર જવાથી થોડી ઘણી અરબી આવડે. છેવટે સોદો પાકો થઈ ગયો.

મીસ્ટર એકનને ઓફર કરી કે:

"અહીયા હોટલમાં રોકાવો અને ખાવપીવો અને મોજ કરો અને મારા મહેમાન તરીકે રહો."

જર્મની મોજ કરવાની જગ્યા છે. મારી સાથેના યુવાનો પણ સારા ખાનદાનના અને મઝહબપરસ્ત હતા. તેમણે પણ રોકાવાનો ઈન્કાર કર્યો. અમે પાછા ડુઝલડોફ આવી ગયેલ.

બીજા દિવસે હોટલના માલીકે નાસ્તા પર અમને કહ્યું:

"રૂમ ખાલી કરી દેજો."

અમે કહ્યું:

"અમારે તો એક બે દિવસ રોકાવું છે."

હોટલનો માલીક બીલ્કુલ નફ્ફટ હતો. તેણે કહ્યું:

"તમારા રૂમની બુકીંગ થઈ ગઈ છે. સાંજે પેસેન્જર આવશે."

અમે મુંઝાણા. હોટલ બદલી કરવી કે કેમ? છેવટે નક્કી કર્યું કે કામ પતી ગયેલ છે અહીથી રવાના થઈ જઈએ.

બીલ આપવા માટે કાઉન્ટર પર આવ્યા તો ૧૦૦ માર્કનું બીલ બનાવેલ. અમોએ કહ્યું:

"ભાઈ અમે ૮૦ માર્કમાં નક્કી કરેલ તો તું શા માટે ૧૦૦ માંગે છે?" તે તો માને જ નહિ. પેલી યુવતી પાછળ બેસી ટેબલવર્ક કરી રહી હતી. અમે કહ્યું:

"આની સાથે અમે ૮૦માં નક્કી કરેલ અને ભાડું ૮૦ જ નક્કી થયું હતું.

તે યુવતી તરફ શેઠે જોયું. હોટલના માલીક સામે યુવતીએ હાવભાવથી ડોકી ધુણાવીને હા કહી. છતાં તે નફ્ફટ માણસ માને જ નહિ. મેં સાથીઓને કહ્યું કે:

"એને પૈસા આપીને એનું મોઢું કાળું કરો."

રકઝક કરતા મારા સાથીઓ છેવટે મારા કહેવાથી માની ગયા અને કહ્યું કે આપ મુરબ્બી કહો છો તો પૈસા આપી દઈએ છીએ.

હોટલ માલીકને તેને હીસાબે બીલ આપવા મારા સાથીદારોએ સમંતી દર્શાવી. બીલના પૈસા આપ્યા તો તેણે એકાઉન્ટન્ટને કીધું કે:

"બરાબર જોઈ લે. હીસાબ! આ પાકિસ્તાની આસાનીથી પૈસા આપે નહિ. આપણા હીસાબમાં ભુલચુક તો નથી!"

છેવટે તે બીલ આપીને અમે રવાના થયેલ. લખવાનું તાત્પર્ય એ કે યુરોપમાં બધાય સારા માણસો અને ઈમાનદાર નથી અને બધાને પ્રમાણીક સમજનારાઓને ખબર પડે કે ત્યાં આપણાથી પણ ખરાબ માણસો છે, જે ઉપરોકત લખાણ અને અનુભવથી જાણવા મળેલ.

જર્મનીમાં તુર્કી મુસ્લીમો મોટી સંખ્યામાં મુસ્લીમ ક્રીચનના નામે જગ્યાએ જગ્યાએ કેબીનો રાખીને કબાબ રોટી વેચે છે. તે બીલ્કુલ હલાલ ગોશ્તના હોય છે. અમે પણ એક કેબીનમાંથી કબાબ ખાધા. ખાતા જ પ્રતિતિ થઈ ગઈ કે અત્યંત લિજજતદાર છે. ધરાઈને કબાબ ખાધા.

આપણા પાકિસ્તાનથી પણ તે વખતે પીપલ્સ પાર્ટીના લોકો અને કાદીયાનીઓ ત્યાં પહોંચીને પોતાને મઝલુમ જાહેર કરે તો તરત જ પાસપોર્ટ રાખીને તેમને વર્ક પરમીટ આપી દેવામા આવતી હતી.

પીપલ્સ પાર્ટીના બે ત્રણ યુવાનો મળેલ. પુછતાં તેમણે બતાવેલ કે શાદી તેમણે જર્મનીની છોકરીથી કરી લીધેલ હતી. જર્મનીમાં શાદી કરવાનું આસાન પણ જાન છોડાવવાનું અતિ કપરું અને મુશ્કેલ.

બીજી શકયતા એ પણ ખરી કે જર્મન ગર્લ શાદીના પાંચ સાત વરસ સુધી બાળક પેદા ન કરે અટલે ભાઈનું ચાલે નહિ. સંતિતિ નિયમન પર ગુજારો કરવો પડે. ખેર વાત પર વાત ત્યાં સુધી નીકળી ગઈ.

હઝરત અલી (ક.વ.)નો મહાન ઈલ્મી દરજ્જો અને શાણપણ ભરેલા ન્યાયી ચુકાદાઓ

અમારી કાર અસહાબે કાફની ગુફા તરફ આગળ વધી રહી હતી. રસ્તામાં અમારી વાતો ચાલુ હતી. સહાબાએ કિરામ અને ખુલફાએ રાશેદીનનો મુબારક ઉલ્લેખ હતો. વાત હઝરત અલી (ક.વ.)ના શાણપણભર્યા ફેસલાઓ પર થવા લાગી.

હઝરત અલીની અક્કલમંદી: સરકારે દોઆલમે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું કે હું ઈલ્મનું શહેર છું અને અલી ઈલ્મનો દરવાજો તો બરકત ખાતર અલીના થોડાક નમુના, હાજર જવાબીના અને અક્કલમંદીના થોડા દાખલા રજુ કરું છું.

એક વખતે આપ નમાઝ માટે જઈ રહ્યા હતા. એક મુસાફરે આપને રોકીને પુછયું કે:

"કયા જાનદાર અંડા આપે છે અને કોણ બચ્ચાં આપે છે?"

પેલા શખ્સને એમ કે જવાબો આપતા આપતા આપની નમાઝ કઝા થઈ જાય. પણ આપે એક જ વાકયમાં જવાબ આપી દીધો:

"જેના કાન બહાર હોય તે બચ્ચા આપે છે અને જેના કાન અંદર હોય તે અંડા આપે છે."

પેલો શખ્સ ભોંઠો પડી ગયો અને આપ નમાઝ માટે મસ્જીદમાં દાખલ થઈ ગયા. બીજો એક બનાવ અને ફેસલો મનનિય છે. બે જણા મુસાફરીમાં ભેગા થઈ ગયા. માર્ગમાં સમય થઈ ગયો. જમવા માટે બેઠા. એક પાસે પાંચ રોટી હતી. બીજા પાસે ત્રણ રોટી હતી. ત્રીજો એક મુસાફર ત્યાંથી પસાર થયો. તેમણે જમવાની દાઅવત આપી દીધી. તે શખ્સ શામેલ થઈ ગયો

જમી લીધા બાદ પેલા શખ્સે તે લોકોને આઠ અશરફીઓ આપી. હવે બંને વચ્ચે વિવાદ શરૂ થઈ ગયો. પાંચ રોટીવાળો કહે કે પાંચ અશરફીઓ હું લઈ લઉ અને ત્રણ તું લઈ લે. તારી ત્રણ રોટી હતી.

બીજા શખ્સે કહ્યું:

"નહિ, હું તો ચાર અશરફીઓ લઈશ. આપણે બંને સરખા ભાગે વહેંચી લઈએ."

હવે હઝરત અલી પાસે બંને જણ ગયેલ તો હઝરત અલીએ ફરમાવ્યું:

"તારી ત્રણ રોટીની ત્રણ અશરફીઓ લઈ લે તો સારૂં છે."

બીજો શખ્સ એટલે ત્રણ રોટીવાળો પોતાની જીદ ઉપર કાયમ રહ્યો.

હવે હઝરત અલીએ ફેસલો આપ્યો કે:

એક રોટીના ત્રણ ટુકડા કરો. એવી રીતે કે આઠ રોટીના ૨૪ ટુકડા થયા. હવે સરખે ભાગે ખાધું એવું અનુમાન કરીએ તો દરેક જણે આઠ ટુકડા રોટીના ખાધા. આઠ ત્રણના ૨૪ ટુકડા થયેલ. હવે ત્રણ રોટીવાળાના નવ ટુકડા થયેલ અને આઠ પોતે ખાધા. એક બચ્યો તે

મહેમાને ખાધો.

બીજા શખ્સની પાંચ રોટીના પંદર ટુકડા થયા. ૮ પોતે ખાધા. પરિણામે આપે ત્રણ રોટીવાળાને એક અશરફી અને પાંચરોટીવાળાને સાત અશરફી વહેંચી લેવાનો ફેસલો આપ્યો. કેટલો સચોટ અને શાનદાર શાણપણ ભરેલ ફેસલો હતો. આ હતી ઈલ્મની બલીહારી.

હઝરત અલી કરમલ્લાહો વજહોનું દરેક પ્રકારના ઈલ્મ ઉપર વર્ચસ્વ હતું.

એક અન્ય સવાલ દસ જણે કર્યો કે:

"ઈલ્મ વધે કે દૌલત" અને સાથે કહ્યું કે અમે દસે દસને અલગ અલગ જવાબ આપો.

આપે ફરમાવ્યું:

"હું તમને દરેકને અલગ અલગ જવાબ આપીશ."

૧. ઈલ્મની એટલા માટે મહત્તા છે કે માલની રક્ષા તમારે કરવી પડે છે. જ્યારે ઈલ્મ જાતે તમારી રક્ષા કરે છે.

૨. ઈલ્મ એટલા માટે માલથી વધીને છે કે માલ ફીરઓન અને હામાનનો વારસો છે જ્યારે ઈલ્મ અમ્બીયાનો.

૩. ઈલ્મ એટલા માટે સરસાઈ ધરાવે છે કે માલ ખર્ચ કરવાથી ઘટે છે જ્યારે ઈલ્મ ખર્ચવાથી વૃદ્ધિ પામે છે.

૪. ઈલ્મ એટલા માટે માલથી વધીને છે કે માલનો હર પળે ચોરી થવાનો ભય રહે છે જ્યારે ઈલ્મની કોઈ ચોરી નથી કરી શકતું.

૫. ઈલ્મ એટલા માટે માલથી સરસાઈ ધરાવે છે કે માલને લાંબો સમય રાખવાથી ખરાબ થઈ જાય છે જ્યારે ઈલ્મને કોઈ નુકસાન નથી પહોંચતું.

૬. ઈલ્મ એટલા માટે માલથીવધીને છે કે માલદાર કયારેક કંજુસ ગણાય છે અને ઈલ્મવાળો હંમેશા સખી તરીકે ઓળખાય છે.

૭. ઈલ્મ એટલા માટે વધારે મહત્તા રાખે છે કે ઈલ્મથી દિલમાં પ્રકાશ મળે છે અને માલથી દિલમાં ઘોર અંધકાર છવાઈ જાય છે.

૮. ઈલ્મ એટલા માટે અમુલ્ય અને કિંમતી છે અને દોલત પર સરસાઈ ધરાવે છે કે માલની વૃદ્ધિથી ફીરઓને પોતાને ખુદા કહેવરાવેલ જ્યારે ઈલ્મથી રસુલોએ પોતાને બંદા કહેવરાવ્યા અને અલ્લાહની ઈબાદત કરી.

૯. ઈલ્મ, માલથી એટલા માટે વધીને છે કે માલથી ઘણા દુશ્મનો બને છે જ્યારે ઈલ્મથી લોકપ્રિયતા પ્રાપ્ત થાય છે.

૧૦. ઈલ્મ એટલા માટે માલ– દોલતથી વધીને છે કે માલ પર કયામતમાં હીસાબ થશે ઈલ્મ પર કોઈ હીસાબ લેવાશે નહિ.

અસહાબે કહફની ગુફા તરફ: જેમનો ઉલ્લેખ સુરએ કહફ'માં ફરમાવાયો છે

'અસહાબે કહફ'ની એ ગુફા, જેમાં અલ્લાહના એ નેક બંદાઓ ત્રણસો વરસ સુધી સુના રહ્યા અને અલ્લાહપાકે જેમની ઉપર ઉંઘ થોપી દીધી હતી એ ઐતિહાસીક ગુફાને 'ગાર'ને જોવાની દિલમાં ભારે ઉત્કંઠા હતી. અમારી કાર 'અસહાબે કહફ'ના 'ગાર તરીકે ઓળખાતા સ્થળ તરફ આગળ વધી રહી હતી અને દર જુમ્માનાતિલાવત કરાતી 'સુરએ કહફની આયતોનું વર્ણન મારા મન મગજમાં ઘુમી રહ્યું હતું.

એ ગુફા કયાં છે તે અંગે વિદ્વાનોમાં જુદા જુદા મતમતાંતરો છે. અમુક લોકો પ્રમાણે એ જગ્યા તુર્કીના શહેર અફસસમાં બનાવવામાં આવે છે. અમુકે ઉન્દલીમથી ગુફાને અસહાબે કહફની ગાર (ગુફા) ઠેરવેલ છે. અમુકે કહ્યું કે તે જોર્ડનમાં છે. અમુકે કહ્યું છે કે તે સીરીયા-શામમાં છે.

એક હતો બાદશાહ અત્યંત નિર્દયી, મહાઘાતકી, જે એની મુર્તીઓની પુજા ન કરે એને ગજબનો માર મારતો,

તે મુર્તિપુજા કરાવીને જ છોડતો. કેટલાક માણસોએ મુર્તીપુજા કરી નહિ. બાદશાહે એમને દરબારમાં બોલાવ્યા.

તેઓ ડર્યા નહિ. અલ્લાહે તેમના દિલ મજબુત બનાવી દીધા તેમણે અંતરની વાત સાફ સાફ કહી દીધી.

"વારૂ તમારો દીન છોડી અમારો દીન ધારણ કરવા માટે વિચાર કરવા હું તમને મેહલત આપું છું. ત્યાર બાદ તમે મારો દીન સ્વીકારો, નહિતર તમને કત્લ કરી નાખીશ."

તેઓ સંતાઈને નીકળી ગયા. એક પહાડમાં ગુફા હતી. આપસમાં વિચાર કરી, તેઓ તેમાં જઈ બેસી ગયા. ત્યાં જ નિંદ્રાએ તેમને ઘેર્યા અને તેઓ સુઈ ગયા.

અત્યારે ખંડેરમાં પલ્ટાઈ ગયેલ અતિ પ્રાચીન શહેર અફસુસના લોકો બુતોને પુજવા અને ભોગ ચઢાવવા નીકળ્યા. તેમાં એક માણસ હળવેકથી અલગ પડી જતો અને લપાઈ-છુપાઈને એક વૃક્ષ તળે જઈ બેસી જતો.

આજેય તે એ રીતે બેઠો હતો. એવામાં બીજો એક જણ તેની પાસે આવ્યો. મુર્તિપુજાની વિરૂદ્ધમાં બન્નેના વિચારો સરખા હતા. એ જ રીતે એક પછી એક એમના જેવા વિચારો ધરાવનારાઓની સંખ્યા સાત પર પહોંચી ગઈ. સાત જ લોકો હતા, જેમણે બાદશાહ સમક્ષ જુઠા મા'બુતોની પુજાનો ઈન્કાર સ્પષ્ટ રીતે જાહેર કરી દીધો. ત્યાર બાદ એમના દિલ તવહીદના પુરથી રોશન થઈ ગયા. અંતે તેમણે પરસ્પર ચર્ચા વિચારણા પછી નિર્ણય કર્યો કે આપણે તવહીદના અકીદા પર અડીખમ રહીશું. આપણી ઉપર જેટલા પણ અત્યાચારો કરાય આપણે હસ્તે મોઢે સહન કરી લઈશું. પરંતુ મુર્તિપુજા હરગીઝ જ નહિ કરીએ.

છેવટે આ બુઝુર્ગોને એમના ઘરોમાંથી બહાર કરી, જાલીમ બાદશાહ સામે ઉભા કરવામાં

આવ્યા.

બાદશાહે કહ્યું:

"મને માલુમ પડયું છે કે તમે અમારા દીનથી ફરી ચુકયા છો. તમે કોઇ એવો દીન ધારણ કરી લીધો છે, જેને હું જાણતો નથી. તમે પ્રતિષ્ઠ કુટુમ્બોના માણસો છો. તમે અમારા દીન તરફ પાછા ફરી જાવ, નહિતર જોનારાઓ એવું દ્રશ્ય જોશે કે એની સામે અમુક માણાં અને માનવ શરીરના કપાયેલા અવ્યવોના ઢગ પડયા છે અને શરીરમાંથી લોહી વહી રહ્યું છે.

પરંતુ અલ્લાહની તવહીદને માનનારા એ બંદાઓએ સ્પષ્ટ કરી દીધું. અમે અમારા દીન પર મક્કમ છીએ. તમારે જે હુકમ કરવો હોય તે કરો અને જે ન કરવું હોય તે ન કરો.

બાદશાહે તેમને વિચારવાની તક આપી બીજા દિવસે દરબારમાં હાજર થવાની આજ્ઞા કરી. બધાએ એ પછી એક સ્થળે ભેગા થઈને વિચારણા કરીને વતનમાંથી હિજરત કરી જવાનો નિર્ણય કર્યો. લઈ શકાયું તેટલું લીધું અને ચાલી નીકળ્યા. એ સમયે એક કુતરો પણ એમની સાથે થઈ ગયો. એમણે પણ કુતરા સામે કંઈ વાંધો લીધો નહિ. આ લોકો ચાલતા રહ્યા. અંતે એક ગુફામાં આવીને રોકાયા. અહી તેમને ફળ મળ્યા. એ ખાધાપીધા પછી તેઓ થાક ઉતારવા માટે સુઈ ગયા. થોડી વારમાં એમને નિદ્રાએ ઘેરી લીધા. એમની આંખો મીચાવા માંડી અને માથા જમીન પર ઝુકી ગયા અને તેઓ ઘેરી નિંદ્રામાં પડી ગયા. રાત પછી દિવસ અને મહીનાઓ પછી વરસો વીતતા ગયા અને એ લોકો ગાઢ નિદ્રામાં સુતા રહ્યા. સુર્ય ઉગતો ને તીરાડોમાંથી એના કિરણો ગુફામાં પ્રવેશતા. એવી રીતે સીધો પ્રકાશ અસહાબે કહફ પર પહોંચે નહિ. તેઓને અલ્લાહ તઆલાની કુદરત પડમાં બદલાવતી રહી. એમના ચહેરા પ્રભાવશાળી બની ગયા. જે કોઇ જોતું પ્રભાવીત થયા વિના રહેતું નહિ. એ રીતે ઉઘતા એમને ૩૦૯ વરસ થઇ ગયા. ત્રાણસો આઠ વરસ સુધી એમનામાંથી એકેયની આંખ ખુલી નહિ. ૩૦૯મા વરસે જાગ્યા તો આ 'મુવરહેદીન'ને કકળીને ભુખ લાગી.

આ ગૃહસ્થોએ એવુ ધાર્યું કે એમને સુતા લાંબો સમય થયો નથી. પરંતુ ઈતિહાસનુ ચક્ર ગુફાના પ્રવેશ માર્ગ પર આવીને જાણે થંભી ગયું હતું.

એક જણે કહ્યું કે આપણે આખો દિવસ ઉઘતા રહ્યા. બીજાએ કહ્યું કે આપણે તો સવારે સુતા હતા અને હજુ તો સુરજ પણ આથમ્યો નથી. એક શખ્સે કહ્યું આપણે કેટલા સુતા એ તર્ક વિર્તક કરવાનું છોડો. અલ્લાહ જ બેહતર જાણે છે. મને તો કકળીને ભુખ લાગી છે. એવું લાગે છે કે મેં ઘણા દિવસથી ખાધું નથી. આપણામાંથી કોઇ જઈ શહેરમાંથી ખાવાનું લઈ આવે. પરંતુ જનાર સમજદાર હોવો જોઈએ. તેને ઓળખી ન કાઢે. કોઈ પીછો ન કરે. જાલીમ બાદશાહના માણસો આ ગુફા વીશે જાણી ગયા તો આપણું આવી બન્યું સમજો.

અંતે એમણે પોતાના સાથીદારોમાંથી એકને સીક્કા આપીને શહેરમાં મોકલ્યો અને તાકીદ કરી કે ગુપ્ત રીતે જઈને કોઇ હલાલ ખાવાનું ખરીદી લાવે. તેઓ સમજી રહ્યા હતા કે અત્યાર સુધી એ જ મુર્તિપુજક બાદશાહનો જમાનો છે. એ ગૃહસ્થ વસ્તીમાં પહોંચ્યા. એક

ભઠીયારાની દુકાનેથી ખાવાનુ ખરીદવા ચાલ્યું. પરંતુ જયારે સીક્કા તેને હવાલે કર્યા તો એ તો ઘણા જુના જમાનાના હતા. બધો ભેદ ખુલી ગયો. એમને પણ જોઈ સંતોષ થયો કે રાજપાટ બદલાઈ ગયું છે. જોત જોતામાં વાત બાદશાહ સુધી પહોંચી અને એ ગૃહસ્થે પણ પોતાના સાથીઓને પણ નવી પરિસ્થિતી અને સંજોગોની જાણ કરી.

કુર્આન પાકે સંક્ષિપ્ત પણે ઉપરોકત ઘટનાનું વર્ણન કર્યા પછી એવો ઈરશાદ ફરમાવ્યો છે કે એ સમયના લોકોએ અલ્લાહ તઆલાના એ નેક બંદાઓની કદરદાની તરીકે એમની પર એક મસ્જીદ બાંધવાનો ઈરાદો જાહેર કર્યો હતો.

કુર્આનપાકના સીરસ્તા પ્રમાણે આ ઘટનાની ઐતિહાસીક અને ભૌગોલીક વિગતો બયાન નથી ફરમાવી કે આ ઘટના કયા સમયમા અને કયાં સ્થળે બની હતી. પરિણામે મુફસ્સીરો, તફસીરકારો અને ઈતિહાસકારોએ એ સીલસીલામાં જુદા જુદા મંતવ્યો દર્શાવ્યા છે. જયારે નીદથી બેદાર થયા તો એમને પરિસ્થિતીની જાણ થઈ. એ દરમ્યાન ખ્રીસ્તી મઝહબ ત્યાં પહોંચી ગયો હતો. એમણે દુનિયાના હંગામાંઓથી અલગ ગુફામાં પોતાની બાકી જીંદગી વીતાવવાનું પસંદ કર્યું. લોકોએ તેમને શહેરમાં આવી જવાનો આગ્રહ કર્યો પરંતુ તેઓ તૈયાર થયા નહિ. અને બાકીનું જીવન તે જ ગુફામાં વીતાવી દીધું.

અમુક રિવાયતોથી માલુમ પડે છે કે જયારે એ સમયનો બાદશાહ એમનો હાલ માલુમ કરવા અને એમની ઝીયારત કરવા ગુફામાં પહોંચ્યો તો એમનો ઈન્તેકાલ થઈ ચુકયો હતો. બીજી રિવાયતો એમની વફાત અંગે ખામોશ છે.

'ચલ મદીને'

અલ્લાહના ઘર અને સરકારે દોઆલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના દરબારમાં વગર બુલાવે (તેડા વીના) માણસ જઈ નથી શકતો. કરોડો લોકો વગર હજ કર્યે મરી ગયા અને ઘણા રોજી રોટી કમાવીને બચત કરીને પહોંચી જાય છે. વાત બુલાવાની છે તો એક બુલાવો અચાનક હોય છે, જેનો પહેલાંથી પ્રોગ્રામ બનેલો નથી હોતો.

મેના મહીનામાં ઉમરા અને સીરીયાની સફર કરીને આવ્યો હતો અને 'સીરીયાની સફર'ની સીરીયલ મિલ્લતમાં ચાલી રહી છે.

એક શનીવારે ઘર તરફ કારમા જઈ રહ્યો હતો. મારી ગાડીમાં બે ચાર નાત શરીફની કેસેટો પડી હોય છે. ના'તની કેસેટ લગાવી તો ના'ત શરીફના અશઆર "ચલ મદીને– તુજે સરકારને બુલાયા હય" આ ના'ત શરીફ હું સાંભળતો રહું છું પણ તે દિવસે મજકુર ના'તના શબ્દો સાંભળીને એ કંઈક અનેરી અસર થઈ અને મારા દિલમાં મદીના જવાની ઉત્કંઠા વધી ગઈ. પણ પ્રોગ્રામ ન હતો. બીજા દિવસે રવીવાર હતો હું મારા બાળપણના મિત્ર રઝ્ઝાક આદમ જેઓ એમસીબીમાંથી સીનીયર એકઝીકયુટીવને ઓહદેથી રીટાયર્ડ થયા છે. બંને રવીવાર બપોરના બાર વાગે કબ્રસ્તાન જઈ રહ્યા હતા. મારી પહેલી પત્નીનો હાલમાં જ ઈન્તેકાલ થયેલ હોઈ, લગભગ દર રવીવારે ફાતેહા પઢવા જતા હતા.

કડવું સત્ય એ છે કે કોઈ સ્નેહી, સ્વજનનો ઈન્તેકાલ થઈ જાય તો શરૂ શરૂમાં કબ્રસ્તાન જવાનું વધારે થાય પછી જેમ જેમ વખત પસાર થતો જાય તેમ તેમ ઓછું થતું જાય, અમુક અપવાદ સિવાય.

ખેર, માર્ગમાં મારા મિત્રને કહ્યું:

આ વખતે મારૂ મન, શબે–મેરાજ મદીનામાં કરવાનું થાય છે પણ હમણાં જ થઈને આવ્યો છું"

હું જાણે મદીનાના વિચારો અને ધુનમાં ખોવાઈ ગયો. વિચારોના વમળ ચાલુ હતા એટલામાં અમારી કાર સાઈટ રોડ પરથી કબ્રસ્તાન જવા દોડી રહી હતી. કાર રસ્તાના મધ્ય ભાગ પર હતી એટલામાં અનાયાસે એક ખાલી ટ્રક અમારી ગાડીને ઓવરટેક કરીને આગળ નીકળી ગઈ. પછી તેની ગતી નોર્મલ થઈ ગઈ.

ટ્રકના પાછળ લખેલું હતું: "ચલ મદીને" એ વાંચીને મારા દિલમાં ઔર ઉમંગ વધી ગઈ અને એ જ મીનીટે, એ જ પળે, નક્કી કરી લીધું કે શબે– મેરાજ મદીનામાં જ કરવી. બીજા જ દિવસે સવારે ટ્રાવેલ એજન્ટ પાસે પ્રોગ્રામને નક્કી કરવા પહોંચી ગયો. તેણે કહ્યું કે વીઝા વગેરેની વીધીઓ થઈ જશે. મેં ૯મી સપ્ટેમ્બર ૨૦૦૪ની ટીકીટ માંગી, કારણ કે ગુરૂવાર હતો. બીજા દિવસે જુમ્આનો દિવસ અને શનીવારે શબેમેરાજની બરકતવંતી રાત. મદીના માટે ગુરૂવાર અને શનીવાર એમ અઠવાડીક બે ફલાઈટો જાય છે. એજન્ટે કહ્યું સીટની કોશીષ કરશું. હાજી સાહેબ તમારૂં થઈ જશે.

મેં કહ્યું:

"ભાઈ તમે વીઝા વગેરેનું માલુમ કરો. અને ટીકીટ બનાવી આપો. હું બંદોબસ્ત કરી લઈશ.

ટ્રાવેલ એજન્ટે મને કોમ્પ્યુટર પર ટીકીટ બનાવી આપી, જેમાં ટીકીટ નંબર પણ ન હતા અને પાસપોર્ટ નંબરનું પણ લખાણ ન હતું.

મસ્જીદ અલ ફારૂકના ટ્રસ્ટનો હું ચેરમેન છું તેથી નમાઝીઓ સાથે સારી એવી ઓળખાણ છે. એક ભાઈ આહમદ યુસુફ બાવીસ (૨૨) વરસ સઉદી એર લાઈનમાં કામ કરીને હાલમાં જ રીટાયર્ડ થયા છે. તેમને ફોન કરીને સીટ 'કન્ફર્મ' કરવા કહ્યું તો તેમણે મને એક દિવસ બાદ કરી દેવાનું કહ્યું. વળતા દિવસે એમનો ફોન આવેલ કે હાલમાં ટ્રાવેલ એજન્ટો સીટો બ્લોક કરી લ્યે છે પછી થોડીક સીટો ખાલી રહી જાય છે. સઉદી એર લાઈન ટીકીટ નંબર, પાસપોર્ટ નંબર, ત્રણ ચાર દિવસ પહેલાની તારીખ સુધી નવો વીઝા અને બીજી જરૂરી માહિતી પુરી પાડો, નહિતર તમારી સીટ કેન્સલ.

તેમણે મને કહ્યું કે:

હાજી સાહેબ, પાસપોર્ટ ની ફોટો કોપી, સઉદી એરલાઈનમાં મારા એક મિત્ર છે તેમની પાસે મોકલો તો તે સીટ ઓ.કે. કરી આપશે. પરંતુ પાંચથી છ તારીખ સુધી વીઝા અને બીજી માહિતી પહોચાડવી પડશે."

મેં તેમને કહ્યું કે:

"આ શરતને કઢાવી નાખો તો મહેરબાની!"

એમણે કોશીષ કરીને ૯ સપ્ટેમ્બરે જવાની અને ૨૬ તારીખે પાછા આવવાની સીટ ઓ.કે. કરાવી આપી.

ટ્રાવેલ એજન્ટે માંડ માંડ ૮ તારીખે પાસપોર્ટ, વીઝા વગેરે લગાવીને આપેલ. પહેલી શરત હોત તો મારી સીટ ચાલી જાત.

ખેર, ૯ સપ્ટેમ્બરના સવારે ૧૦ વાગે એરપોર્ટ પહોંચી ગયા. મારી વાલેદા પણ સાથે હતા અને એ રીતે અમારો કાફલો પાંચ જણનો થઈ ગયો, જે ઘણા વરસથી જતા કુટુમ્બીક કાફલા કરતા નાનો હતો. બોર્ડીંગ કરાવવા કાઉન્ટર પર પાસપોર્ટ અને ટીકીટ આપીને મેં સામાન કાંટા પર મુકયો. સામાનનું વજન ઓછું હોઈ મુશ્કેલી કે અડચણ થઈ નહિ. મેં ઓફીસરને વ્હીલચેર અને મારી મા તથા ફેમેલી માટે આગલી સીટો ફાળવી આપવાની વિનંતી કરી. મારો ડ્રેસ શલ્વાર ખમીસ અને માથે જીન્નાહ કેપ હોઈ કોઈ લીડર જેવો લાગતો. દાખલ થતા સૌથી પહેલા એક મોટો કસ્ટમ અધિકારી જે દેખરેખ રાખતો હતો તે ઝડપથી મારી તરફ લપકયો અને મારી સાથે હાથ મીલાવીને આગળ જવાનો સંકેત કર્યો. કાઉન્ટર ઉપર બેઠેલો ઓફીસર બહુ સારો માણસ હતો. તેણે મને પાંચ બોર્ડીંગ પાસ બીઝનેસ કલાસની પહેલી લાઈનના આપી દીધા, જેની આગળ ફર્સ્ટ કલાસની બે લાઈન હતી. જેમાં એક જાણીતા મૌલાના અને કીસાન ધીવાળા તાહીર શેઠ બેઠા હતા. જેમના મદીનામાં લંગર વીશે મેં

લખેલ છે.

દમામમાં વિમાનનું એક કલાકનું રોકાણ હોઈ હું મૌલાનાની બાજુની સીટ પર જઈને દુઆ સલામ કરીને બેઠો. વાતચીત થતાં સીરીયા વીશેની વાત નીકળી. તેમણે કહ્યું કે:

"મારા વાલીદ પણ સીરીયા ગયા હતા અને તેમણે પણ એક કિતાબ એ બાબતે લખી છે. હું પણ ત્યાં જઈ આવ્યો છું અને બધી ઝીયારતો કરી છે. ખાસ કરીને હઝરત ઈબ્રાહીમના પેદાઈશના સ્થળે પગપાળા ચાલીને ગયેલ અને ઝીયારત કરી. ખેર વાતચીતમાં કલાક નીકળી ગયો અને હું પાછળની સીટ પર આવીને બેસી ગયો. વિમાને મદીના શરીફ ઉતરાણ શરૂ કર્યુ તો અમે દુરૂદ શરીફના નઝરાણા શરૂ કરેલ.

બીઝનેસ અને ફર્સ્ટ કલાસવાળાને પહેલાં પ્લેનમાંથી ઉતારવામાં આવ્યા. મારો પુત્ર રઉફ તરત જ ઈમીગ્રેશન કાઉન્ટર પર લાઈનમાં ઉભો રહી ગયેલ. અમે પહોંચ્યા તો ઓફીસરે મારા તરફ જોયુ તો મેં કહ્યું કે:

"મારી વાલેદા ઝઈફ છે અને વ્હીલચેર પર છે તો તેણે પાછળ ઉભેલા કોન્સલને કહ્યું કે:

"આ લોકોને અંદર જવા દે અને હું પાસપોર્ટ એન્ટ્રી કરૂં છું."

તેણે કહ્યું:

"તમે લગેજ લઈ લ્યો. એટલામાં હું એન્ટ્રી કરીને પાસપોર્ટ આપું છું." મેં આટલા ઉમરાઓ હજો કરી છે. કયારેય આવો અરબ ઓફીસર નથી જોયો. પરંતુ એક બાબત મારા દિલમાં શુકરના જઝબાથી તરબોળ હતું કે સરકારનો બુલાવો આવ્યો છે અને એમાં લેશ માત્ર શંકાને સ્થાન નથી. પરિણામે ડગલે ને પગલે દરેક પ્રકારની સગવડો અને સુવિધાઓ મળી રહ્યાને હું અનુભવી રહ્યો હતો અને એ બધું અલ્લાહ પાકનો મોટો કરમ અને હુઝુરે પાક સલ્લાહો અલયહે વસલ્લમના તુફૈલ અને સદકાને પરિણામે હતું.

એક માણસ પાસપોર્ટ લઈને આવે અને પાંચ કુટ દુર લાલ પટ્ટી ઉપર ઈન્તેઝાર કરે. લેશ આગળ આવે તો તોછડાઈથી પાછળ મોકલે. ખેર,૧૦ મીનીટમાં માનભેર પાસપોર્ટની એન્ટ્રી કરાવીને મારો પુત્ર આવી ગયો.

બીજી પાંચ મીનીટ લાગી, સામાન આવી ગયેલ, મશીનમાંથી પાસ કરાવીને બહાર નીકળી ગયા. અર્ધા કલાકની અંદર બહાર આવીને ટેકસી ૫૦ રીયાલમાં કરી. મોઅલ્લીમનો માણસ આવેલ નહી એટલે ટેકસી કરાવીને જે હોટલમાં ગ્રુપ બુક હતા ત્યાં પહોંચી ગયા. દાર બીન માઝી હોટલ જે હરમથી નજીક છે. આગળની બધી ઈમારતો તોડી નખાઈ છે અને ત્યા ઉંચી ઈમારતો ફોર અને ફાઈવસ્ટાર હોટલો બની. નસીબજોગે આ ઈમારતનો વારો હજી આવેલ નથી. એનો માલીક કે ઠેકેદાર જે ઘણા વરસોથી આ હોટલ ચલાવે છે. અ. રઝાક ઓરીજનલી પાકિસ્તાન ભાવલપુર સ્ટેટનો છે. જન્મે મદીનાનો છે અને પાકિસ્તાન એક વખત પણ નથી આવ્યો. પણ માણસો નોકરો બધાય સરાઈકીમાં વાત કરે અને રઝાક પણ તેમની સાથે સરાઈકીમાં વાત કરે. મારો ખ્યાલ છે કે ઘરમાં પણ સરાઈકી બોલાતી હશે. તેની

કેબીનમાં મને બોલાવે અને ગપસપ કરે. લંડન, અમેરીકા જોવાની ઈચ્છા થયેલ નથી. કેનેડા જવાની ઈચ્છા હતી. ત્યાં ચાર મહીના રહીને આવેલ અને અંગ્રેજી ભાષા શીખી.

મેં કહ્યું:

"અંગ્રેજી લંડનમાં શીખી લીધી હોત તો?"

કહેવા લાગ્યો:

"મને કેનેડા જવાનો શોખ હતો અને ત્યાંની ઠંડી મોસમ પણ મને પસંદ છે. બાકી ઈજીપ્તમાં વર્ષમાં બે–ત્રણ વખત જાઉ છું. ત્યાં મારો ફ્લેટ પણ છે. અમારા હોટલવાળા અને ઉમરાના મોઅલ્લીમો વગેરે પણ ત્યાં જાય છે."

મેં વધુ સવાલ પુછવાનું મોકુફ રાખ્યું, જો કે મનમાં આવ્યું પણ ખરૂં કેપુછી લઉ કે ત્યાં જ શા માટે જાવ છો?

રૂમમાં સામાન પહોંચાડીને સેટ થયા તો ઝોહરની નમાઝ ખતમ થઈ હતી. ગુસલ વગેરે કરીને સાફ કપડાં પહેરી, અત્તર વગેરે લગાવીને અસરની નમાઝ પઢવા મસ્જીદે નબવીમાં પહોંચી ગયા અને નમાઝ અદા કરી.

બે ત્રણ દિવસ મદીનામાં પસાર થઈ ગયા. તેર તારીખના શલ્વાર, ખમીસ અને કોટી તથા માથે કારાકુલીની ગોળ કાળી ટોપી મેં જોઈને અંદાજો લગાવેલ કે અમારા પીર સાહેબ રાવલપીંડીવાળા પુરાની ઈદગાહમાં જેમનો આસ્તાના છે તેમના ખલીફા વગેરે આવેલ હશે. મેં એકથી મુલાકાત કરીને પુછયું:

"તમે આવી ગયા છો?"

તેણે કહ્યું કે:

"પીર નકીબુર્રહમાન આવેલ છે. એમના દાદા હાફીઝ અબ્દુલ રહેમાનનો હું મુરીદ છું."

તે અકીદતમંદ કહેવા લાગ્યો:

"ત્રાણ ચાર્ટર વિમાન આજે પહોંચી ગયા છે અનેત્રાણ વિમાન કાલે આવશે. પીઆઈએના છ વિમાન ચાર્ટર કરાવ્યા છે. લગભગ ૨૪૦૦ જણનો કાફલો છે.

હું તો આશ્ચર્યચકિત બની ગયો. ૨૪૦૦ માણસોનો આવો મોટો કાફલો છે તેનો ખાવાપીવાનો, રહેવાનો ઈન્તેઝામ કેવી રીતે થતો હશે. પુછતાં તેણે કહ્યું કે:

"૬૦થી ૬૫ માણસો કામકાજ અને ખાવા, પકાવવા અને પીરસવાની ખીદમત માટે મુકર્રર કરાયા છે.

"મેં પુછયું:

"પીર સાહેબ કયાં છે?"

તે ખાદીમ કહેવા લાગ્યો:

"અહીયા કયાંક બેઠા હશે. મદીના શરીફમાં પહોંચતા જ અમને ખાસ તાકીદ પુર્વક મનાઈ કરવામાં આવી કોઈ મારો એહતેરામ ન કરે, ન તો કોઈ હાથ ચુમે કે ન હાથ મીલાવે. હું તમારા માટે દુઆ કરૂં તમો મારા માટે દુઆ કરો અને મારી સાથે બે જણથી વધારે હોય તો

તરત જ અલગ થઈ જવું."

મારે પણ પીર સાહેબથી મુલાકાત કરવી હતી. મને મુરીદોએ કહ્યું:

"હમણા આવશે! મગરીબ બાદ બાબે જીબ્રઈલની બહાર સબ્ઝ ગુમ્બદ સામે બેઠા હોય છે."

મગરીબની નમાઝ બાદ સલામ પઢીને હું બહાર નીકળ્યો. ઘણા માણસો ગુમ્બદ સામે બેઠા હોય છે. હું પણ અકસર ત્યાં બેસતો. બીજા દિવસે બહાર બેઠો હતો કે થોડીક વાર બાદ હરમના મોટા ગેટમાંથી પાછો દાખલ થયો. સામે જ બીજી સફમાં પીર સાહેબ બેઠા હતા.

હું તેમની આગળની સફમાં જગ્યા હતી ત્યાં બેસી ગયો. મુરીદો દ્વારા મને ખબર પડી ગઈ હતી કે હાથ ચુમવા કે મુરીદ જેવી બીજી વાત કરવી નહિ. મેં તેમને ધીમેથી સલામ કરી અને મુલાકાત કરી અને કહ્યું કે નમ્રતાથી હાથ મીલાવી લો.

" હું આપના દાદાથી બયઅત છું."

તેમણે મને જોઈને કહ્યું કે:

"હું તમને ઓળખી ગયો છું. કરાચીમાં બેચાર વખત મુલાકાતો થઈ હતી અને મને હોટલમાં આવવાની દાઅવત આપી પણ મુનાસીબ ન લાગ્યું કે ૨૪૦૦ મુરીદો સાથે હોય અને હું જઈને તેમનો વખત લઉ.

ખેર, બીજા દિવસે એમના એક બુઝુર્ગ મુરીદ મોટી ઉમરના હતા. તેમની બાજુમાં જગ્યા મળી. મગરીબથી ઈશા સુધી અમે ગુમ્બદે ખીઝરા સામે બેસતા. તેમનાથી વાતચીત શરૂ થઈ. એને મેં મારી ઓળખાણ આપી કે મોટા પીર સાહેબનો મુરીદ છું તો તેમણે ખુશી થઈને હાથ મીલાવ્યા અને કહ્યું:"મેં પણ ૧૯૪૪માં પીર સાહેબના હાથ પર બયઅત કરી છે. આપણે પીરભાઈ છીએ."

મેં પીર સાહેબ અંગે વધુ વિગતો મેળવવાની કોશીષ કરી, જેમાં હું થોડીક હદે કામયાબ થયો. મેં મદીના શરીફ પહેલાં આવવા વીશે કહ્યું તો એ બુઝુર્ગ મુરીદ કહેવા લાગ્યા:

"તમે તમારા પીર સાહેબના અમલ પર જ અમલ કર્યો છે એટલે કે એમની સુન્નત અને શીરસ્તા પર અમલ કર્યો, કારણ કે હઝરત પણ પહેલાં મદીના શરીફ આવતા અને તે જ ક્રમ એમના જાનશીનનો આજે પણ ચાલે છે. અમે પણ મદીના શરીફમાં ૧૫ દિવસ રહીને મક્કા શરીફમાં ૧૫ શાબાન કરશું.

કાફલા વીશે વાત કરતાં તેમણે કહ્યું:

"૨૪૦૦ જણમાંથી પૈસાપાત્ર માણસે ૪૨૦૦૦ રૂપીયા વિમાન ભાડું, મકાન અને ખાવાપીવાના આપ્યા. કોઈએ ૧૦૦ જણના કોઈએ ૨૦૦ જણના કોઈએ ૪૦૦ જણના મફતમા આપ્યા છે. મુરીદે કહ્યું કે અલ્લાહ જ બેહતર જાણે છે કાફલાનો કેવી રીતે બંદોબસ્ત થયો. બધું ચમત્કારીક છે, કરામત છે. ઘણા જણ એવા છે, જેમણે ૩૦ હજાર, ૩૫ હજાર, ૨૫ હજાર આપેલ છે.

પીર સાહેબ લગભગ બધા જ અરજદારોને સાથે લેતા આવ્યા છે. હજુ પણ એક

ચાર્ટર વધુ થઇ જાય પણ અમુક જણ રહી ગયા.

મુરીદે બનાવ્યું કે ખાવાનો ઈન્તેઝામ ઘણો ઉમદા અને સારો છે. બપોરે ચીકનનું સાલન, રોટી અને ચાવલ પુલાવ, ઝરદો વગેરે હોય. રાતે બકરાના ગોશ્તનું સાલન અને રોટી અને ચાવલની વાનગી હોય.

સબ્ઝી, દાળ, ખાવાની ઇચ્છાવાળા લોકોનેપીર સાહેબે કહ્યું:

"સખી દરબારમાં સબ્ઝી અને દાળ નહિ મળે. એક વખત દાળ બનશે. તે પણ દાળ ગોશ્ત હલીમની જેમ, જેને લોકો બીજા દિવસ માટે પણ રાખે છે. એવી લીઝ્ઝતદાર.

મને પેલા બુઝુર્ગ મુરીદે કહ્યું કે:

"તમે જરૂર હોટલ પર આવો. તમને તો પીર સાહેબે પોતે દાઅવત આપી છે. રોજ રાતે ખાણા પર ૫૦થી ૬૦ મહેમાનો હોય છે. જેમને પીર સાહેબ પોતાની દેખરેખ હેઠળ જમાડે છે."

પીર સાહેબ સાથે કરાચીમાં મેં જમણ લીધું છે. તેમનો ખોરાક બહુ જ ઓછો. ચાવલ ખાતા નથી.એક રોટી પણ ન ખાય. એમની બોડી અને ડ્રેસ શલવાર ખમીસ કોટી અને ગોળ કારાકુલી ટોપી ઉપરાંત બધા ખલીફાઓનો ડ્રેસ પીર સાહેબ જેવો. દેખાવ કે ડોળ બીલ્કુલ નહિ. મુરીદો અને પીર સાહેબ સાથે હોય તો પીર સાહેબ (કોણ? તે) ઓળખાય નહિ. બીજા મોટી ઉમરના ખલીફાને માણસો પીર સમજે એટલી બધી અદભુત સાદગી. દુબળુ, પાતળુ શરીર.

આપણા પ્રમુખ પરવેઝ મુશર્રફ પણ એમના મુરીદ. તેમના વાલીદના જનાઝાની નમાઝ પણ પીર સાહેબે પઢાવી હતી. સોયમમાં ના'તખ્વાની અને સલાતો સલામ તથા લંગર પણ પીર સાહેબની નીગરાનીમાં થયેલ.

બુઝુર્ગ મુરીદે વધુમાં જાણકારી આપતાં કહ્યું:

"પ્રમુખના વાલીદની વરસીમાં પણ પીર સાહેબ અને ખલીફાઓ વગેરે જાય અને સુન્ની અકીદા મુજબ ના'તખ્વાની દુઆ અને સલાતો સલામ અને લંગર થાય. ફસીહ સોહરવર્દી પણ ખાસ કરાચીથી આવે.

પ્રમુખ સાહેબનો અવારનવાર ફોન આવે. મીલીટરીના ઘણા ઉચ્ચઓહદા વાળાઓ આપના મુરીદ છે. કાફલામાં પણ એક રીટાયર્ડ બ્રીગેડીયર હતા. કહેવાય છે કે મજકુર બ્રીગેડીયરે સાહેબે ઘટાડાની મોટી રકમ જે લાખોમાં હતી તે આપી હતી.મારા અંદાજા મુજબ કાફલાનો બજેટ લગભગ દસ કરોડ રૂપીયા હશે.પણ કહેવાય છે પ્રમુખ સાહેબને દાતા દરબારમાં હાજરી આપવાની પીર સાહેબે સલાહ આપી અને પરવેઝ મુશર્રફે દાતા દરબારમાં હાજરી આપી.

રાવલપીડીમાં દર બારમી શરીફની રાતે લંગર લગભગ ૧૦૦ દેગોનો હોય. વરસમાં બેત્રણ મોટા ઉર્સ અને પ્રોગ્રામ હોય. કરાચીના સેંકડો જણ હોય. હાજી હનીફ તૈયબ જયારે ઇસ્લામાબાદ જાય તો પીર સાહેબની ખાનકાહમાં ઉતારો હોય. રૂમમાં ટેલીફોન હોય. હું

અવારનવાર ત્યાંના નંબર પર હનીફભાઈને ટેલીફોન કરું છું.
બુઝુર્ગ મુરીદે વધુમાં કહ્યું કે:

પીર સાહેબે એરપોર્ટ પર દરેકને ૧૦૦ રીયાલની નોટ આપેલ. અમીર હોય કે ગરીબ. ખબર ન પડે કે ગરીબ કોણ છે. એવું પણ જોવામાં અને જાણવામાં આવ્યું કે મુખ્ય મુશર્રફ કામકાજના ભારે બોજા હેઠળ હોય અને મુકત પણ રાષ્ટ્ર પ્રમુખ માટે મન ફાવે ત્યાં જવાનું સહેલું નથી હોતું. પરવેઝ મુશર્રફ સાહેબ કોઈ કોઈ વખતે મોડી રાતે સાદી કારમાં, સરકારી ઝંડો કે સીકયુરીટી વિના, ખાનકાહમાં આવીને પીર સાહેબ સાથે અંગત મુલાકાત કરી જાય છે. કદાચ એમના માટે એ મુલાકાતમાં કોઈ શાંત્વન રહેતું હોય તેમજ રૂહાની શાંતી હાસીલ થાય અને મુકતપણે બધા સાથે હળીમળી શકે.

ખેર વાત બુલાવાની હતી અને આપણે કયાં નીકળી ગયા. બોલાવો હોય તો જ જઈ શકાય. ઘણા વરસો પહેલાંની વાત છે. ૧૫ શાબાનના હું શબ-બેદારી (જાગરણ) કરીને સુતો હતો. મારા ત્રણ ખાસ મીત્રો સવારે દસ વાગે મારા બંગલે આવી ગયા. હું અચાનક તેમને આવતા જોઈને અચમ્બામાં પડી ગયો. મેં ખેરીયત પુછી તો ખબર પડી કે રમઝાનમાં હંમેશા ઉમરા માટે જતા હતા. આ વખતે વીઝાનો મસઅલો હતો.

મને કહ્યું કે:

"૧૫મી શાબાન થઈ ગઈ છે અને સઉદી એમ્બેસીમાં પાસપોર્ટો જમા નથી કરતા. તમે હનીફ તૈયબ વગેરેને કહીને અમને વીઝા મેળવી આપો.

મારા બંગલે નવાઝ શરીફ ચોધરી શુજાઅત, મજીદ મલીક, એજાઝુલ હક ઉપરાંત ટોચના ઘણા નેતા તવક્કલ હાઉસમાં આવેલ પણ તે વખતે ખુદ હનીફભાઈ ન હતા. તેઓ તે વખતે દેશ બહાર હતા.

ખેર, મારા એક મિત્ર જેઓ કર્ટન પર્દા, બંગલાના સપ્લાય કરતા હતા તેઓ સઉદી એમ્બેસી અને કોન્સુલેટના બંગલે પણ પહોંચ ધરાવતા હતા. તેમણે કામ કરી આપેલ. તે વખતે વીઝા ઈન્ચાર્જ બહુ જ સારા માણસ હતા. તેમની મારફત મેં ઘણા માણસોને ઉમરા અને હજના વીઝા અપાવી દીધેલ, જેની અત્યાર સુધી લોકો યાદ અપાવે છે. હું તો ભુલી ગયો છું કે કોને વીઝા મળેલા. સેંકડો જણને વીઝા મળી ગયેલ.

"તમારા વીઝા લાગી જશે, તમે ફીકર ન કરો. હવે વાત પલ્ટી એ ત્રણેય મિત્રો મારા ગળે પડી ગયેલ કે હવે તમારો પાસપોર્ટ પણ સાથે આપો, નહિ તો અમારે પણ નથી જવું. એમનો મીઠો આગ્રહ જોઈને મેં હા કહી દીધી અને મારો પાસપોર્ટ પણ વીઝા માટે આપી દીધો.બીજા દિવસે વીઝા આવી ગયા. મિત્રો અને લોકો તો ખુશ! મને પણ રમઝાનમાં બીજી વખત જવાની તક મળી હું પણ ખુશ કે સારી કંપની પણ ઘર બેઠા મળી અને ઉમરા તેમ જ મદીનાનો બુલાવો પણ આવી ગયો.

બીજા એક વખતે મારા પત્ની તેમના ભાઈ સાથે હજ કરવા ગયા હતા અને હજને આઠ દિવસનો ટાઈમ હતો. મારા ઘરે, આરીફ મુકાતી લીબર્ટી મીલવાળા જેઓ મારા વેવાઈના

મોટા ભાઈ થાય, તેઓ કોઈ કામસર મારે ઘેર આવેલ. કામની વાતચીત બાદ અચાનક આરીફ શેઠે કહ્યું:

"સત્તારભાઈ, ભાભીથી મુલાકાત કરવી છે?"

મેં કહ્યું:

"એ તો હજ પર ગયા છે."

"મને પાસપોર્ટ આપો." મેં જવાબ આપ્યો કે:

"આરીફભાઈ! મજાક ન કરો. હવે પાસપોર્ટ આપવાથી શું થશે? હજને તો માત્ર એક અઠવાડિયું રહી ગયું છે."

તેમણે મારી પાસેથી આગ્રહ કરીને પાસપોર્ટ લીધો. ત્રીજા દિવસે વીઝા અને ટીકીટ આવી ગયેલ. તેઓ અને તેમની ફેમેલી પણ સાથે હતી. તે સમયે ઝકરીયા કામદાર હજ ખાતાના સલાહકાર હતા અને તેઓ મુકાની પેઢીમાં શરૂમાં મેનેજર હતા. અને એ ઉપરાંત સગપણ ખરું એટલે ફટાફટ કામ કરી આપેલ.

મારી ટુંકામાં ટુંકી હજ તો આ એક જ અને ઉમરાની સઆદતનો પણ આ નાનો ગાળો. પ્રસંગ બાકી ૪૦ દિવસની ૭ હજ કરી છે અને મારી વાલીદાએ પણ ૭ હજો કરી છે. તે પછી ઉમરા શરૂ કરેલ. વાલીદા મોટી ઉંમરના અને મને પણ મોટી ઉંમરમાં ઉમરાની મુસાફરી અને સઆદત ઠીક રહે છે. બુલાવા વીશે ગયા સપ્ટેમ્બરમાં ઉમરાના પ્રોગ્રામમાં મારી ત્રણ નવાસીઓ, ત્રણ પુત્રીઓની બેટીઓની જે મારા બંગલે આવેલી હતી, એમને અને મને ખ્વાબમાં પણ ખ્યાલ ન હતો કે ઉમરા પર જવાશે.

મારી એક નવાસીએ હાલમાં જ કુર્આન શરીફ હીફ્ઝ કર્યુ હતું એટલે મેં પાસે બેસાડીને શાબાશી આપી અને થોડીક તિલાવત કરવાનું કહ્યું. તેનો અવાજ અને તિલાવતનો લેહજો બહુ મધુર હતો.

અચાનક મારા દિલમાં ખયાલ આવ્યો કે એને ઈનામરૂપે ઉમરો કેમ ન કરાવવામાં આવે.

"ઉમરો કરવો છે?"

તે આશ્ચર્યચકિત થઈ ગઈ કહે કે:

"અબ્બુ કેમ મજાક કરો છો?"

મારા નવાસાઓ અને પૌત્રો મને બધા અબુ કહે છે.

મેં જવાબ આપ્યો:

નહી.

સાથે બીજી બંને નવાસીઓ જે મારી તરફ લલચામણી આશાભરી ખામોશ નજરે જોઈ રહી હતી અને કદાચ મનોમન કહેતી હતી, અબ્બુ અમને પણ ઉમરો કરાવો.

અનાયાસે મારાથી બોલી જવાયું:

"તમને ત્રણેયને લઈ જાઉ છું. પરંતુ શરત એ છે કે તમારો પાસપોર્ટ દસ દિવસમાં આવી જવો જોઈએ. તમારા પિતાને કહો કે આ (કામનો) સવાબ એ કમાવે, કારણ કે પાસપોર્ટ પણ બની જાય અને તેમની સંમતી પણ મળી જાય.

મેં તાકીદ કરી કે તમારા પિતા સુસ્ત છે. ઘરે જતા જ તેમને આ કામ પર લગાવી દેજો. ખુશ ખુશ ઘેર જઈ તેમણે પોતાના પિતાને પાસપોર્ટ બનાવવા માટે તાબડતોબ પાસપોર્ટના કામે લગાવી દીધા. દસ દિવસમાં પાસપોર્ટ બની ગયો અને કીશોરીઓને ઉમરાની સઆદત હાસીલ થઈ. તેઓને ઉમરાની સફરમાં એટલી બધી મજા આવી કે વારંવાર કહે કે:

"અબ્બુ, અમે તો કરાચીમાં તમારી પાસે બેસતા ગભરાવા લાગતા. અહીયા આવીને ખબર પડી કે તમે તો અમને પુરી કંપની આપો છો."

સફરમાં મિત્ર હોય કે ઘરના માણસ હોય, દોસ્તોની જેમ રહેવામાં મજા આવે છે. હવે એક વરસ તે લોકોને ઉમરા અદા કર્યે થયું છે. હવે તેમને વારંવાર ખ્યાલ આવે છે કે અબ્બુ સાથે ફરી ઉમરા પર ગયા છે.

મેં કહ્યું:

"જુઓ તમને ખ્વાબ આવે તો ભલે આવે. હવે તમે દુઆ કરો કે મને ખ્વાબ આવે કે હું તમને ફરી લઈ જાઉ." આવો હોય છે બુલાવો.

સીરીયાની સફરમાં ઉમરા સાથે આઠ જણાનો પ્રોગ્રામ હતો કે એક દિવસ મને અચાનક ખ્યાલ આવેલ કે મારી સાત પુત્રીઓ છે, જેમને હું એક સાથે ઉમરા પર લઈ જાઉ. સાતેય પુત્રીઓ શાદીશુદા અને એકને છોડીને બાકી બધી બાળકોની મા છે.

મેં તો અલ્લાહનું નામ લઈને ઓફર કરી દીધી. દરેક પોતપોતાની કોશીષ અને સેટીગમાં લાગી ગઈ. એક પુત્રી પ્રેગનેન્ટ હોઈ તેમને એરલાઈન તરફથી પાબંદી હોય છે, કારણ કે વિમાનમાં સગવડો મર્યાદિત હોઈ મુશ્કેલી સર્જાય છે. સફર દરમ્યાન ડીલીવરી થાય અને બાળક જન્મે તો તેની પુરી લાઈફ એરલાઈનને મફત સફરની સગવડો આપવી પડે છે, એવો કાનુન અને શીરસ્તો છે. હમણા કોઈ ચેન્જ થયું હોય તો ખબર નથી.

બાકી છ માંથી એક એમને બાળકો અને પતી અને તેમના માબાપ સંભાળઅને સેવાઅંગે મુશ્કેલી હોય તે મજબુરીએ આવેલ નહિ.

બાકી પાંચ પુત્રીઓએ સેટીગ કરી લીધેલ. બાકી મારા ત્રણ પુત્રોમાંથી મોટા પુત્રે પાંચ જણાની ફેમીલી મળીને કુલ ૧૬ જણ થઈ ગયા, જે ત્યાર સુધીની મારી ઉમરાની અદાયગી માટેનો મોટામાં મોટો કાફલો હતો. લગભગ દર વખતે આઠ જણા હોય. ચાર ચાર બેડરૂમ લેવાની સગવડ પડે અને વ્યાજબી પણ લાગે.

હુઝુર રઉફુર્રહીમના અજોડ આશીક સૈયદના હઝરત ઉવયસ કરની

ફરી આપણે એક વખત સીરીયાના સફરના સોહામણા અને રૂહપરવર દ્રશ્યો અને પ્રસંગોના વૃત્તાંતને માણીએ. તે દિવસે સવારના નબીલ આવી પહોંચતા મેં કહ્યું કે:

"આજે તો અમને અલ્લાહના રસુલના અજોડ આશીક હઝરત ઉવયસ રહેમતુલ્લાહ અલયહના મઝાર પર લઈ જાવ." મારા દિલમાં ઉમ્મતમાં પેદા થયેલ અુક અજોડ આશીકના દરબારમાં હાજર થવાની ઉત્કંઠા જ નહિ, બલ્કે દિલી તમન્ના ઉગ્ર બની હતી.

તે દિવસે જુમ્આનો દિવસ હતો અને અમે મસ્જીદે ઉમવી અર્થાત જામેઅ ઉમવીમાં જુમ્આની નમાઝ અદા કરવાનો પ્રોગ્રામ બનાવ્યો હતો, તેથી હું વહેલામાં વહેલી તકે હઝરત ઉવેસ કરનીના મઝારની ઝીયારત કરી લેવા બેચેન હતો.

નબીલે કહ્યું:

"હાજી સાહેબ, હઝરત ઉવયસ કરનીનો મઝાર તો ઘણો દુર છે. (ગામનું નામ) રક્કામાં છે ત્યાં આવવા જવામાં જ સારો એવો સમય લાગી જશે તેથી જ આપ જુમ્આની નમાઝ આ ઐતિહાસીક જામેઅ મસ્જીદમાં અદા નહી કરી શકો."

હઝરત ઉવયસ કરનીનો મઝાર સાત જગ્યાએ આવેલ હોવાના હવાલા મળે છે. ઈરાકમાં પણ ઈરાનની સરહદ નજીક એક સ્થળે હઝરત ઉવયસ કરનીનો મઝાર છે અને અત્રે સીરીયામાં પણ દમીશ્કથી દુર."

જુમ્આની નમાઝ ઈસ્લામી જગતની આ ઐતિહાસીક મસ્જીદમાં અદા કરવાની તક ઝડપી લેવાની નિય્યત હતી તેથી હઝરત ઉવયસ કરની રહેમતુલ્લાહ અલયહના મઝાર પર ફરી કોઇ અનુકુળ સમયે હાજરી આપી આવવાનું નિર્ધારી લીધું.

અમે જામે ઉમવી તરફ રવાના થયા. સીરીયાના ઐતિહાસીક શહેર દમીશ્કની ખુશ્બુ હુઝુરે પાકે સુંઘી હતી. આ ધરતીની સુવાસ હું પણ અકીદત સાથે મેહસુસ કરી રહ્યો હતો. રસ્તામાં હઝરત ઉવયસ કરનીના વિચારો અને આ સાચા આશીકે રસુલના જીવન પ્રસંગોએ મારા મન મગજ પર કબ્જો જમાવી લીધો. જે શખ્સની તા'રીફ ખુદ રહમતુલ્લિલ આલમીન સલ્લલ્લાહો અલયહે વસલ્લમે પોતાના મુબારક મુખે ફરમાવી હોય એની તારીફ સાચા અર્થમાં બીજું કોઇ કરી શકતું જ નથી. કયારેક હુઝુર પુરનુર યમનની તરફ મોં કરીને ફરમાવતા હતા: યમન તરફથી રહેમતની લહેર આવતી રહે છે.

રસુલે મકબુલ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવે છે કે કયામતના દિવસે અલ્લાહ તઆલા સિત્તેર હજાર ફરિશ્તા હઝરત ઉવયસ કરની રહમતુલ્લાહ અલયહની શિકલના પેદા કરશે અને તેઓની વચ્ચે હઝરત ઉવયસ કરનીને જન્નતમાં દાખલ કરશે, જેથી તેઓને મખ્લુક ન જોઈ શકે. વળી અલ્લાહ ઈચ્છે એ જ શખ્સ તેઓની ઝિયારત કરશે; કેમકે આપ દુનિયામાં ફકત એટલા માટે છુપીને ખુદાની ઈબાદત કરતા હતા કે દુનિયાનો કોઈ માણસ તેઓને નેક ન સમજે એટલે જ કયામતના દિવસે અલ્લાહ તઆલા તેઓને મખ્લુકની નજરોથી

છુપાયેલા રાખશે.

'મારો દોસ્ત મારી કબા નીચે છે. મારા સિવાય તેઓને કોઈ નથી ઓળખી શકતો. રસુલે પાકે ફરમાવ્યું, મારી ઉમ્મતમાં એક મર્દ એવો છે, જેની સિફારિશથી કયામતના દિવસે અલ્લાહ તઆલા મારી ઉમ્મતના એટલા ગુનેહગારોને બખ્શી દેશે જેટલા કે કબીલા રબીય અને કબીલા મઝહરની બકરીઓના વાળ. સહાબાએ અરજ કરી કે યા રસલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) તે કોણ ખુશનસીબ શખ્સ છે અને કયાં રહે છે? આપે ફરમાવ્યું ઉવયસ તેનું નામ છે, ઈલાકા યમનમાં કરન છે. ત્યાં એ રહે છે. સહાબાએ કિરામના સવાલથી આપે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યુ કે મેં તેઓને છુપી નજરથી જોયા છે. સહાબાએ અરજ કરી: આપનો આવો દોસ્ત આપની ખિદમતમાં હાજર કેમ નથી થયો? આપે ફરમાવ્યું કે તેના બે કારણો છે. એક તો સમયનો અભાવ અને બીજું એહતિરામે શરીઅત, તેમની મા ઝઈફ અને નાબીના મુસલમાન છે. તેઓ સુતર વણીને માની ખિદમત કરે છે.

સહાબાએ ફરી સવાલ કર્યો કે શું અમે તેમની ઝિયારત કરી શકીએ છીએ? આપે ફરમાવ્યું: ના. પણ જનાબ ફારૂકે આ'ઝમ અને હઝરતે અલી તેઓને જોશે. તેઓના ડાબા હાથ પર દિરહમ જેવડો એક સફેદ દાગ છે. પણ ખરાબ (કોઢ) દાગ નથી. જયારે તમારી તેમનાથી મુલાકાત થાય તો તેમને મારા સલામ કહેજો અને મારી ઉમ્મતના હકમાં દુઆ કરવા વિનંતી કરજો. જયારે હુઝુર રસુલે મકબુલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના વિસાલનો વખત નજીક આવ્યો ત્યારે સહાબાએ અરજ કરી કે આપનો ઝબ્બો કોને આપવામાં આવે? આપે ફરમાવ્યું, ઉવયસ કરનીને.

હઝરત ઉમર ફારૂક રદિયલ્લાહો તઆલા અન્હોની ખિલાફત દરમ્યાન હઝરત ફારૂક અને હઝરત અલી રદિયલ્લાહો તઆલા અન્હો કુફામાં તશરીફ લાવ્યા ત્યારે તેઓએ નજફના રહેવાસીઓથી હઝરત ઉવયસનું ઠેકાણું પુછયું. એક શખ્સે અરજ કરી કે હું તેઓને ઓળખતો તો નથી પણ એક દીવાના જેવો બકરીઓ ચરાવનાર, ભરવાડ અહી રહે છે, તે ગામમાં કયારેય પણ નથી આવતો.

હઝરત ઉમર અને હઝરત અલી રદિયલ્લાહો તઆલા અન્હો તેના બતાવેલા ઠેકાણે તશરીફ લઈ ગયા. ત્યાં જઈને જોયું કે જનાબ ઉવયસ નમાઝમાં મગ્ન છે. આપે પગોનો અવાજ સાંભળીને નમાઝને ટુંકાવી લીધી અને સલામ કરી. જનાબે ફારૂકે આઝમે સલામનો જવાબ વાળતાં આપનું નામ પુછયું, આપે જવાબ આપ્યો: 'અબ્દુલ્લાહ' હઝરત ફારૂકે આ'ઝમ રદિયલ્લાહો તઆલાએ ફરમાવ્યું કે આપણે બધા અબ્દુલ્લાહ (ખુદાના બંદા જ) છીએ. આપનું ખાસ નામ ઈરશાદ ફરમાવો. આપે કહ્યું: ઉવયસ. પછી હઝરત ફારૂકે આ'ઝમે ફરમાવ્યું: આપનો ડાબો હાથ બતાવો. આપે પોતાનો ડાબો હાથ બતાવ્યો. જે નિશાન જનાબે રસુલે મકબુલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું હતું તે જોઈને હઝરત ફારૂકે આ'ઝમે ફરમાવ્યું કે રસુલે અકરમે આપને સલામ મોકલાવ્યા છે અને પોતાનો મુબારક ઝબ્બો તમને મોકલ્યો છે. આકાએ નામદારે સાથે જ એવી વસિયત ફરમાવી છે કે મારી ઉમ્મત માટે દુઆ કરજો.

હઝરત ઉવયસે ફરમાવ્યું: હે ઉમર! તમે મારાથી બેહતર દુઆ કરી શકો છો. હઝરત ઉમરે જવાબ આપ્યો કે હું પણ એ જ કામ કરું છું અને આપ પણ હુઝુરની વસિયત પર અમલ કરો. હઝરત ઉવયસે કહ્યું હે ઉમર! કદાચ તે કોઈ બીજો ઉવયસ હશે જેને વસિયત કરવામાં આવી હોય! હઝરત ફારૂકે આ'ઝમે ફરમાવ્યું: ના હુઝુર અલયહિસ્સલાતો વસલ્લમે જે નિશાન ફરમાવ્યું હતું તે નિશાન અમે તમારામાં જોઈ લીધું છે. તે પછી હઝરત ઉવયસે કહ્યું: સારૂ, હુઝુર રસુલે મકબુલનો લિબાસ આપો, જેથી હું દુઆ કરું. એટલું કહીને ઝુબ્બો લઈને થોડુંક દુર જઈ તેઓ સિજદામાં પડી ગયા: "હે ખુદા,હું ત્યાં સુધી તારા હબીબનો ઝબ્બો પહેરીશ નહિ જ્યાં સુધી તું આખી ઉમ્મતને બખ્શી ન દે, કેમ કે જનાબ રિસાલત મઆબે ઉમ્મતને મારા હવાલે કરી છે. અવાજ આવ્યો કે થોડાક લોકોને તારી ખાતર બખ્શી દીધા.

આપે પછી અર્ઝ કરી કે હું બધાને બખ્શાવવા ચાહું છું. આ વાતચીતમાં જ્યારે સિફારિશની સંખ્યા વધતી જઇ રહી હતી ત્યારે હઝરત ઉમર અને જનાબે મુરતુઝા તશરીફ લાવ્યા. હઝરત ઉવયસે તેઓને જોઈને ફરમાવ્યું, તમે લોકો થોડો સબ્ર કરને તો હું આખી ઉમ્મતને બખ્શાવી લેત કેમ કે મેં બારગાહે ઈલાહીમાં અર્ઝ કરી હતી કે જ્યાં સુધી એ આખી ઉમ્મતને ન બખ્શે ત્યાં સુધી હું આ ઝુબ્બો પહેરીશ નહિ.

હઝરત ઉમર ફારૂકે જ્યારે આપની તરફ નજર કરી તો ખિલાફતથી જીવ ભરાઈ ગયો અને ફરમાવ્યું કે કોઈ છે જે ખિલાફતને એક રોટીના બદલામાં મારાથી ખરી દે.

હઝરત ઉવયસે કહ્યું, જે અક્કલમંદ નહિં હોય તે જ ખરીદશે. લેણ અને વેચની આવી શી ચર્ચા! ફેંકી દો, જેનું દિલ ચાહશે તે ઉપાડી લેશે. તે પછી આપે હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો ઝુબ્બો પહેરીને ફરમાવ્યું કે અલ્લાહ તઆલાએ આ પ્રેરણાને પ્રતાપે કબીલા બની રબીયા અને બની મઝહરની બકરીઓના વાળ બરાબર ઉમ્મતે મુહમ્મદીને બખ્શી દીધી. પે પછી જનાબે ફારૂકે આ'ઝમે પુછયું: તમે રસુલે મકબુલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ઝિયારત કેમ ન કરી? હઝરત ઉવયસે પુછયું, તમે હુઝુર પુરનુરની ઝિયારત કરી છે? આપે કહ્યું: હા. ફરી હઝરત ઉવયસે પુછયું: અગર આ સાચું છે તો બતાવો કે થોડાક મદની સરકારના (ભવાં) ભેગા મળેલ હતા કે નહિ પણ હઝરત ફારૂકે આઝ'મ અને હઝરત અલી બન્ને આ સવાલનો જવાબ ન આપી શકયા. તે પછી હઝરત ઉવયસે સવાલ કર્યો કે તમો હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમના દોસ્ત છો. બતાવો, ઓહદના દિવસે જ્યારે આપનો દાંત મુબારક શહીદ થયો તો તે આપનો કયો દાંત હતો? અને તમે દોસ્તીના પુરાવારૂપે તમારા દાંતો કેમ ન તોડી નાખ્યા. આમ કહીને હઝરત ઉવયસે પોતાનું મોં ખોલીને બતાવ્યું. તેમના બધા દાંતો તુટેલા હતા. એમણે કહ્યું: મને ખબર ન હતી કે હુઝુર પુરનુરના કયા દાંતો શહીદ થયા છે. એટલા માટે મેં મારા બધા દાંતો તોડી નાખ્યા ત્યારે મને શાંતિ મળી. આ વાત સાંભળીને હઝરત ઉમર અને હઝરત અલી રદિયલ્લાહો તઆલા અન્હો ગમગીન થઈ ગયા અને કહેવા લાગ્યા, મનસબે અદબ કાંઈક બીજી વસ્તુ છે.

હઝરત ઉમરે એ પછી આપને થોડી વસિયત ફરમાવવા વિનંતી કરી. હઝરત ઉવયસે

ફરમાવ્યું: હે ઉમર ખુદાને ઓળખે છે?

આપે કહ્યું, હા તો ફરમાવ્યું: તેના પછી બીજા કોઈને ન ઓળખે તો સારૂં છે.

ફરી પુછયું કે શું ખુદા તને ઓળખે છે? અરજ કરી હા. ફરમાવ્યું: તેના સિવાય તને કોઈ ન ઓળખે તો સારૂં. તે પછી હઝરત ઉમરે ફરમાવ્યું કે હું તમારા માટે કાંઈક લઈ આવું? આપે ખીસ્સામાંથી હાથ નાખીને બે દિરહમ કાઢતા કહ્યું: મેં સુતર વણીને આ પૈસા મેળવ્યા છે. અગર તમે આ વાતની જવાબદારી લ્યો કે હું આને ખર્ચ કરતાં સુધી જીવીશ તો બીજા આપી જાવ. તે પછી આપે ફરમાવ્યું કે હવે તમે લોકો તશરીફ લઈ જાવો અને બન્ને બુઝુર્ગો પાછા તશરીફ લઈ ગયા.

હઝરત અલી અને હઝરત ઉમર ફારૂક રદિયલ્લાહ તઆલા અન્હોની મુલાકાતના લીધે આપ બહુ મશહુર થઈ ગયા, એટલે વતન ત્યાગ કરીને કુફામાં તશરીફ લઈ ગયા, જેથી ગુમનામીમાં રહે.

કહે છે કે આપ રાતોના રાતો ઉઘતા ન હતા અને કહેતા હતા કે રાતો ઝુકુઅ અને સિજદા માટે છે. લોકો પુછતા: આપનો શો હાલ છે? જવાબ આપતા કે રાતના સિજદામાં સુબ્હાન રબ્બી અલ આલા નથી કહી શકતો ત્યાં સવાર થઈ જાય છે. હું ઈચ્છું કે ફરિશ્તાઓની જેમ ઈબાદત કરૂં. લોકો પુછતા: નમાઝમાં એક ધ્યાન થવું કોને કહે છે: ફરમાવતા: કોઈ નમાઝ પઢતી હાલતમાં ખંજર પણ મારી દે તો પણ નમાઝીને એની ખબર ન પડે એને!

રિવાયતોમાં આવે છે કે ત્રણ દિવસ સુધી આપે કંઈ પણ ખાધું પીધું ન હતું. ચોથા દિવસે બહાર તશરીફ લઈ ગયા. રસ્તામાં એક સોનેરી દીનાર પડેલો જોયો પણ ઉપાડયો નહિ. કદાચ બીજા કોઈનો પડી ગયો હોય! આગળ રવાના થયા કંદમુળ ખાઈને ભુખ મટાડવાનો ઈરાદો હતો. આગળ જતાં શું જુએ છે કે એક બકરી મોંમાં એક ગરમા ગરમ રોટી લઈને આપની તરફ આવી રહી હતી. બકરીએ તે રોટી આપની સમક્ષ મુકી દીધી, પણ આપે તે રોટીને હાથ ન લગાવ્યો. કદાચ કોઈની ઉપાડી લાવેલ હોય! અને આગળ ચાલતા થયા. એવામાં બકરીને વાચા સ્ફુરી. એણે કહ્યું: હું તે ખુદાની મખ્લુક છું, જેની તમો છો ત્યારે આપે તે રોટીને ઉપાડી ખાધી. બકરી તરત જ ગુમ થઈ ગઈ.

આપના પાડોશી આપને દીવાનો સમજતા અને કહેતા હતા: અમે કયારેય પણ નથી જોયું આપના ઘરમાં કોઈ એવી ચીજ હોય જે જીવન જરૂરીયાત માટે કામ આવે. રોઝો ઈફ્તાર કરવા માટે પણ ઘરમાં કાંઈ રહેતું નહિ. નિર્વાહ એવી રીતે કરતા કે ખજુરોના ઠળીયા ભેગા કરતા અને તેને વેચીને જે કાંઈ મળતું તેની રોટી ખરીદીને ખાઈ લેતા. આપનો પહેરવેશ હંમેશ મેલો અને ફાટેલો રહેતો. વહેલી સવારે ઘેરથી નીકળી જતા અને ઈશાની નમાઝ પછી ઘેર પાછા વળતા. બાળકો આપને દીવાના ગણીને ઈંટો અને પત્થરો મારતા. આપ તેઓને ફરમાવતા કે મને નાના પત્થરો મારો જેથી લોહી ન નીકળે એટલે મારી પાકી (પવિત્રતા) ન તુટે. મને ફકત નમાઝની ફિક્ર છે. શરીરની જરા પણ ફિક્ર નથી. રિવાયતમાં એમ આવે છે કે આપ આખરી ઉમરમાં હઝરત અલી રદિયલ્લાહો તઆલા અન્હોની ખીદમતમાં હાજર થયા

અને તેઓની સાથે લડાઈઓમાં શામિલ થયા. અંતે એક જંગલમાં આપ રહમતુલ્લાહ અલયહ શહીદ થયા: ઈન્નાલિલ્લાહે વ ઈન્ના અલયહે રાજેઉન.

સીરીયાની સફર દરમ્યાન એક દાઢીવાળા બુઝુર્ગનો ફોટો ઘણી દુકાનોમાં જોયો. પુછતું તો કહેલ કે: "હઝરત અલી (ક.વ.)નો છે." આગલા દિવસે ગુરૂવારે દમાસ્કસ શહેરના મોટા કબ્રસ્તાન બાબે સગીરની ઘણી બધી ઝીયારતગાહોનો હું ઉલ્લેખ કરી ચુકયો છું ઉપરાંત હઝરત સકીના બીન્તે ઈમામ હુસેન, હઝરત ઉમ્મે કુલસુમ બીન્તે હઝરત અલી, ફાતેમા બીન્તે ઈમામ હુસેન, હઝરત અબ્દુલ્લાહ બીન ઈમામ જાફરે સાદીક, સૈયદા મયમુના બીન્તે ઈમામ હસન, હમીદા મુસ્લીમ બીન અકીલ સૈયદના અબ્દુલ્લાહ બીન જાફર, અલ તૈયાર ઈબ્ને રસુલુલ્લાહ વગેરે આલે રસુલના મઝારો પર હાજરી આપવાની તેમ જ ફાતેહા પઢવાની સઆદત હાસીલ કરી. પાછા ગાડીમાં સવાર થઈ ગયેલ. નબીલે કહ્યું કે હવે બાકીની ઝીયારતો કાલે. પાછા અમારા ઉતારા તરફ રવાના થયેલ. પહોંચતા જ થકાવટ ઘણી મેહસુસ થઈ. કોઈને હોટલમાં જમવાનો મુડ ન હતો. અમે બે જણ બહાર ઝયનબીયામાંની હોટલોમાં જઈને ખાવાનું લઈ આવેલ. શીખ કબાબ પણ ત્યાં દરેક જગ્યાએ મળે. શહેરમાં તો ત્યાંની ખાસ ડીશ ગણાય. અમો શીખ (ત્યાંની ભાષામાં શીશ કબાબ કહે છે.) કબાબ અને રોસ્ટ ચીકન તથા સોફ્ટ ડ્રીંક લઈને રૂમ પર પહોંચ્યા અને ડીનર કર્યુ. તે બાદ ઈલેકટ્રીક કીટલી જે ચા માટે અને ગરમ પાણી કરવા માટે સાથે લઈ ગયેલ હતા તેની ઉપર પાણી રાખી ગરમ કરીને ટી બેગ અને દુધ નાખી ચા પીધો. તે બાદ ચાલીને અમુક જણ ઝયનબીયાની બજારમાં ચક્કર લગાવવા નીકળેલ. હું તો ઉતારે જ રોકાયો. તે લોકો ૧૨ વાગ્યા સુધી પાછા આવી ગયા.

બીજા દિવસે સવારે નાસ્તો ઉતારા પર જ બનાવી લીધો. ગેસના ચુલા ફ્રીજ વગેરે કીચનમાં હતા. ડબલ રોટી રાતે લઈ આવેલા. નાસ્તાથી પરવારીને તૈયાર થયા તો નબીલ (અમારો સીરીયન ડ્રાયવર એ પ્રકારનો દમાસ્કસ સીરીયાનો પાકો ભોમીયો) આવી ગયેલ હતો. હાઈએસ ટોયોટામાં પાછા સવાર થઈને રવાના થયેલ. સૌથી પહેલાં હઝરત બીબી સકીના બીન્તે અલીના મઝાર પર લઈ ગયેલ. ત્યાં લગભગ બે ત્રણ હજાર વારની જગ્યા ઉપર એક બીજો મકબરો હતો જયાં ફાતેહા પઢી.

પુછપરછ કરતાં માલુમ પડેલ કે અહી ઈરાની ગવર્નમેન્ટ મઝાર બહારની વિશાળ જગ્યામાં સેહન અને શાનદાર મસ્જીદ બનાવશે, જે બીબી ઝયનબના મઝાર જેવી રોનકદાર અને ભવ્ય હશે. ત્યાર બાદ અમારો કાફલો સરકારે દોઆલમના કદમ મુબારકના નિશાનની ઝીયારત માટે પહોંચી ગયો. ત્યાં એક સાધારણ મસ્જીદ હતી, જેનું નામ "કદમ મસ્જીદ" હતું. મસ્જીદની બાજુમાં કદમ મુબારક માટે એક નાનો ૪×૬ (ચાર છ) ફુટનો રૂમ હતો, જેનો દરવાજો બહાર હતો, જે બંધ હતો.

નબીલ મસ્જીદમાંથી રખેવાળને લઈ આવેલ, જેણે દરવાજો ખોલીને અમને જવા દીધા. જગ્યા ઘણી ટુંકી હતી. આજુબાજુ માર્બલનો ફર્શ અને વચમાં માટીમાં કદમ મુબારકના નિશાન હતા. જયાં દુરૂદ શરીફ પઢેલ. અકીદતથી ઝીયારત કરેલ અને જે અકીદતપુર્વક

અમલ કરે તેને ઈમાન તાજું થાય અને ગજબની રૂહાની શાંતિ, સુકુન મળે તેમાં શંકા માટે કોઈ સ્થાન નથી._એમ પણ સીરીયામાં, દમાસ્કસમાં દુરૂદ શરીફ પઢવાનો રીવાજ બહુ જ પ્રચલિત છે. દુરૂદ શરીફ પઢવાનું સર્વત્ર ચલણ છે.

નબીલ ગાડી ચલાવી રહ્યો હતો. રસ્તામાં કોઈ અડચણ આવે, કોઈ માણસ વચમાં આવે તો તરત જ તે કલમોથી દુરૂદ પઢે અને અલ્લાહ રસુલનું નામ લઈ ગુસ્સાને ઠંડો કરે

ત્યાં બે માણસો લડતા હોય, જીભાજોડી કે બોલચાલ થતી હોય તો તરત જ વચમાં ત્રીજો માણસ જઈને 'સલ્લુ અલન નબી' કહે અને દુરૂદે પાક પઢવા લાગે અને લડનારાઓ પણ ઠંડા પડી જાય.

અઝાનનો અવાજ આવે તો પહેલાં સલામ અને દુરૂદ શરીફ પઢે એવી રીતે જોતા ત્યાંના સમાજમાં ઈશ્કે રસુલનો બહુ જ પ્રભાવ છે. આપણા ઘણા પાકિસ્તાનીઓ પણ દીની તાલીમ લેવા દમાસ્કસ પહોંચેલ છે. મુફ્તી ગુલામનબી ફખ્રી આવેલ અને સાહેબના બે ફરઝંદો પણ સીરીયામાં દીની તાલીમ લઈ ચુકયા છે ઉપરાંત મુફ્તી સાહેબ પણ સીરીયાના મુકદ્દસ મુકામોની ઝીયારત કરી આવ્યા છે.

મુફ્તી ગુલામ નબી ફખ્રી દારૂલ ઉલુમના મોહતમીમ છે. ૪૦ વરસ પહેલાં બકરાપીડીમાં ઝુંપડાથી શરૂ કરીને હિંમત, કોશીષ અને મહેનતથી આજે ૧૨ એકર પર યુનીવરસીટી રોડ પર અઝીમુશ્શાન દારૂલ ઉલુમ વિસ્તારી દીધો છે. મારા તેમની સાથે શરૂથી સંપર્ક છે. પ્રારંભમાં આટાની બોરીઓ માટે અવારનવાર કોશીષો કરતા હતા. તે વખતે હું કોટન યાર્નનું કામ કરતો હતો. એક મીલમાં બેઠા હતા. વાત થઈ તો ખબર પડી કે તેમની ફ્લોર મીલ પણ છે. તેમણે દારૂલ ઉલુમ માટે જેટલી બોરીઓ જરૂરત હોય તે ફ્લોર મીલમાંથી લઈ જવી, જેનાથી ઘણું આશ્વાસન મળેલ. તે બાદ મુફ્તી સાહેબની અણથક કોશીષોથી આજે આલીશાન દારૂલ ઉલુમ જેમાં ત્રણસોથી વધુ તાલીબે ઈલ્મોના રહેવા, ખાવાનો બંદોબસ્ત થઈ રહ્યો છે. ઉપરાંત ઘણા બધા તાલીબે ઈલ્મો ત્યાં પઢાઈ કરે છે. વિદેશી તાલીબે ઈલ્મો પણ છે, જેમાં લંડનના સ્થાયી મેમણ બીરાદરોના નબીરાઓ પણ દારૂલ ઉલુમમાં દીની તાલીમ મેળવે છે.

મુફ્તી સાહેબ સાથે મારા અનેક દસકાઓ પહેલાંના સંબંધો છે અને દીનની ખીદમત માટે મારી પ્રશંસા કરતા રહે છે ઉપરાંત જયારે પણ મને કોઈ મુશ્કેલી આવે તો મુફ્તી સાહેબને ફોન કરું તો પંદર તાલીબે ઈલ્મોને લઈને અમારા બંગલે, ફેકટરી કે દુકાને જયાં પણ કહીએ તેઓ આવી જાય અને કસીદએ બુરદાહ શરીફનો વીર્દ કરે, જેની તેમના મુર્શદની બખ્શીશ છે. તેમના કસીદએ બુરદાહ શરીફના અમલ અને અલ્લાહના અફઝલથી મસઅલો હલ થઈ જાય. એક વખત મારી ફેકટરીમાં લુંટ થઈ. ૪૦ લુમો સ્પેરપાર્ટસ કાઢીને લઈ ગયા. તે વખતે મેં મુફ્તી સાહેબને ફોન કરેલ અને જયારે વિર્દનો સમય આવ્યો તો તેના એક દિવસ પહેલાં ફોન આવેલ કે તમારી ફેકટરી માંથી લુંટાયેલ માલ સામાન સાથે લુંટારાઓ પકડાઈ ગયા છે. તમે આવીને માલની ઓળખ કરી લ્યો. અમે થાણામાં જઈને ઓળખ કરી લીધી. બીજા દિવસે કસીદહ બુરદહ શરીફના વઝીફાનો વિર્દ કરાવેલ. મતલબ કે કસીદહ શરીફની તાસીરથી

ઘણી મુસીબતો હલ થાય છે. એ પણ કસીદએ બુરદહ શરીફની એક જીવંત કરામત છે.

દાતા દરબારની એ વાત મને યાદ આવી ગઈ. મારો કમ છે કે લાહોર જઈને હોટલમાં ઉતર્યા પછી બહાર નીકળવા પહેલાં (બીજે કયાંય પણ જવા પહેલાં) દાતા દરબારમાં જવું બીજે કોઈ સ્થળે જવું નહિ.)

થોડાક વર્ષો અગાઉ મારી સાથે મારા ચાર મિત્રો હતા અને લાહોર પહોંચીને હોટલમાં આરામ કર્યો. બીજો દિવસ જુમ્આનો હતો. નાસ્તો કરીને અમે નીચે ઉતર્યા. મારા મિત્રોએ કહ્યું કે નમાઝમાં ઘણી વાર છે. પહેલાં અનારકલી ચક્કર લગાવીને પછી દાતા દરબાર જઈશું. મેં પહેલાં દાતા દરબારમાં હાજરી દેવાનો આગ્રહ કર્યો. પણ તેઓ માન્યા નહિ. રોડ ઉપર ઘણી ટેક્ષીઓ પસાર થઈ પણ કોઈ અનારકલી જવા તૈયાર નહિ. ઉભા ઉભા અમે થાકી ગયા એટલામાંએક ટેક્ષી આવીને અમારી પાસે ઉભી રહી. મને ડ્રાયવરે કહ્યું:

"દાતા દરબાર જવું હોય તો બેસી જાવ, બીજે કયાંક જઈશ નહિ."

મારા મિત્રો મારા તરફ જોઈને ટેક્ષીમાં બેસી ગયા. એવી જ રીતે મારો જે કમ હતો તે કાયમ રહ્યો. મેં તો એને દાતા સાહેબની કરામત જ લેખી.

મુફ્તી ગુલામનબીની વાત નીકળી તો મને એક વાત યાદ આવી ગઈ. મસ્જીદ અલ ફારૂક આદમજી નગર ખાતે ઘણા વરસોથી હું મસ્જીદ ટ્રસ્ટના ચેરમેન તરીકે સેવાઓ આપી રહ્યો છું. ઈમામની જરૂરત હોઈ, મુફ્તી સાહેબને કહેલ કે સારો ઈમામ મોકલો. એમણે તરત જ ફારેગુત તેહસીલ થયેલ એક આલીમ અતાઉલ્લાહ મુસ્તુફાને મોકલેલ, જે વીસ વરસ સુધી અમારી મસ્જીદમાં ઈમામત કરતા રહ્યા. પાંચ વરસથી તેઓ યુ.કે. માન્ચેસ્ટરની એક મોટી મસ્જીદમાં ઈમામત કરે છે. સારી સ્થીતી છે અને દીની ખીદમત પણ કરે છે. તેમના ઘણા સગા સ્નેહીઓ યુ.કે.માં છે.

એ દરમ્યાન મુફ્તી સાહેબે મારે ત્યાં તરાવીહનો પ્રબંધ કરવાનો આગ્રહ કર્યો. છેલ્લા નવ વરસથી પાંચ દિવસીય તરાવીહ માટે મુફ્તી સાહેબે હાફીઝ મોકલેલ. મોલાના હાફીઝ મોહમ્મદ સાદીક મુલ્તાની. તેઓ એટલી સરસ કીરઅત કરે છે કે દર વરસે નમાઝીઓની સંખ્યામાં વધારો થતો જાય છે. હવે જમાઅત મારા બંગ્લાના ત્રણ માળ અને લોન અને કારપોર્ચ ઉપરાંત રોડ ઉપર પણ દસ પંદર સફો તરાવીહની નમાઝની થાય છે.

હાફીઝ સાહેબની કિરઅત તરાવીહ પઢનારાઓના મન મગજને આકર્ષે છે. દુર દુરથી લોકો તરાવીહ અદા કરવા તવક્કલ હાઉસ આવે છે. એ સિવાય ઓરતોનો આગ્રહ વધી જતાં અમારા બંગ્લાના બીજા માળે ખાસ વ્યવસ્થા કરી છે અને એક વરસે લગભગ ૨૦૦થી વધુ ઓરતોએ તરાવીહની નમાઝ અદા કરી.

તવક્કલ હાઉસમાં તરાવીહ બાદ ઠંડા પીણા અને રીફ્રેશમેન્ટની વ્યવસ્થામાં અડચણો ઉભી થતા આ વખતે નમાઝીઓના સુચનથી આગતા સ્વાગતા માટે પરોણાગતીથી રીફ્રેશમેન્ટ બોકસ તકસીમ કરવાની વ્યવસ્થા વીતરની નમાઝ પહેલાં કરી દેવામાં આવી. હવે વિચારો કે

ત્રણ કલાકની તરાવીહમાં છ સીપારા સાંભળવા આવનારાઓ માટે એવું કહેવું કે તેઓ પરોણાચાકરી માટે આવે છે એવો પ્રચાર કરનારાઓની વાત કોણ માની શકે અને એવું કહેવું ખોટું અને ટુંકા દિલની વાત છે. આને મોટી બળતરા કે અદેખાઈ સિવાય શું કહી શકાય?

અદેખાઈની અધોગતી બાબતનો એક રસીક છતાં મનનિય પ્રસંગ યાદ આવી ગયો. વાંચકોને રસ પડે તે માટે એ પ્રસંગને અહી રજુ કરું છું.

કોઈ શખ્સથી ખુશ થઈને કોઈ ચમત્કારીક બુઝુર્ગ એક વરદાન માંગવાનું કહ્યું. તે શખ્સે કહ્યું કે:

"મને જે પણ વસ્તુની જરૂરત હોય તે મને તરત જ મળી જાય એવું વચન આપો." એટલે કે જે વસ્તુ કે બાબત હું ઈચ્છું તે પુરી થઈ જાય.

બુઝુર્ગે ફરમાવ્યું:

"અવશ્ય. એવું જ થશે કે જેવું તું ઈચ્છશે તે પ્રમાણે જરૂર થઈ જશે. પરંતુ એક શરત છે. શરત એ છે કે જે વસ્તુ તું ઈચ્છશે તેનાથી બમણી તારા પાડોસીને મળશે."

માંગનાર એ શખ્સ ભારે અદેખો અને ઈર્ષાળુ હતો. તેને સૌથી વધારે ઈર્ષા તેના પાડોસીની જ હતી. એ તો બધા જાણે છે. બુઝુર્ગ કશ્ફને લીધે એ શખ્સની હાલતથી વાકેફ હતા. ઈર્ષાળુ પોતાની જ આગમાં બળી જતો હોય છે અને તેથી જ ઈર્ષાથી બચવા અને અદેખાઈથી પનાહ માંગવાની ભારપુર્વક તાલીમ દેવામાં આવે છે.

સાભળીને અને તેની ઈચ્છા પ્રમાણેની વસ્તુ પાડોસીને બમણી મળી જશે, એવું સાંભળતા જ એ એ બીચારો અભાગ્યો, અદેખો સળવળી ઉઠયો. તેના રોમેરોમમાં આગ ભડકી ઉઠી. તેણે તરત જ માંગી લીધું કે:

"મારી એક આંખ ફોડી નાખવામાં આવે, તેવી મારી ઈચ્છા છે."

બુઝુર્ગે કહ્યું: મંજુર! પરંતુ એ શખ્સે પાડોસીની ઈર્ષામાં તેની બંને આંખો કુટી જાય એવી માન્યતા સાથે પોતાની આંખ ફોડાવી લીધી. તો ભાઈ અદેખાઈનો એવો જ અંજામ આવે છે કે બુદ્ધિ બહેર મારી જાય છે. નફા નુકસાનનું કોઈ ભાન ઈર્ષામાં રહેતું નથી. હું તો અલ્લાહનો શુક્ર અદા કરું છું કે દર વરસે તવક્કલ હાઉસમાં તરાવીહની નમાઝમાં નમાઝીઓની સંખ્યા વધતી જાય છે. ગરીબથી લઈને કરોડપતી લોકો આવે છે. ઉપરાંત દીની બુઝુર્ગો, આલીમો, સુફીઓ પણ તશરીફ લાવતા રહે છે. અલ્લામા શાહ તુરાબુલ હક સાહેબ દર વરસે ખત્મે કુર્આનના મુબારક અવસરે રૂહ પરવર તકરીર અને દુઆ કરે છે. ઉપરાંત વયોવૃદ્ધ પીર તરીકત મુફ્તી સુબ્હાન કાદરી સાહેબ પણ તશરીફ લાવે છે.

હઝરત અલ હુસેની અલ જીલાની જેઓ સીરીયાના એક નામાંકીત બુઝુર્ગ છે અને જેઓના અકીદતમંદો શ્રીલંકામાં બહોળી સંખ્યામાં મોજુદ છે તેઓએ પણ શરીક થઈને દુઆ ફરમાવી હતી.

એકહી સફમેં ખડે હો ગયે મેહમુદો અયાઝ
ન કોઈ બંદા રહા, ન કોઈ બંદાનવાઝ

જુમ્આનો મુબારક દિવસ હતો. અમારી તમન્ના હતી જામેઅ ઉમવીમાં જુમ્આની નમાઝ અદા કરીએ. સીરીયાની વિશિષ્ઠ અતિ પ્રાચીન ઈતિહાસ ધરાવતું દમાસ્કસ શહેર છે અને દમાસ્કસ શહેરની વિશિષ્ઠતા છે જામેઅ ઉમવી તરીકે ઓળખાતી અતિ વિખ્યાતનામ મસ્જીદ. માનવ ઈતિહાસનું ઘણું બધું હાર્દ આ મસ્જીદના ઈતિહાસનો એક ભાગ છે.

આ ભવ્ય અને અઝીમુશ્શાન મસ્જીદ દમાસ્કસના જુના શહેરની વચ્ચો વચ્ચ આવેલી છે. પહેલાં તો તેના દરવાજા સુધી પહોંચવા માટે સડકો એટલી તંગ અને ગીચ હતી કે સવારીમાંથી ઘણા દુરથી ઉતરી જવું પડતું. પરંતુ હવે આસપાસના મકાનો અને દુકાનો હઠાવીને મસ્જીદ સામે એક વિશાળ ચોક બનાવી દેવાયો છે.

નબીલ જે અમારો ડ્રાયવર હોવા ઉપરાંત એક સારો ભોમિયો અને ગાઈડ પણ હતો. આખા રસ્તે અમને જામેએ–ઉમવીના ઈતિહાસની બારીકીઓ, તેના બાંધકામ અને વિશિષ્ઠ કળા કારીગરીની વીગતોથી વાકેફ કરતો રહ્યો. એ ઉપરાંત મેં દમાસ્કસમાં ખરીદેલ શહેરની ગાઈડ અને નકશાઓમાં આ ઐતિહાસીક મસ્જીદની વીગતો વાંચી અને જાણી હતી, જેનો સંક્ષિપ્ત સાર નીચે પ્રમાણે છે:

અમે વિશાળ ચોકને પસાર કરીને મસ્જીદમાં દાખલ થયા. આ ભવ્ય મસ્જીદ કોઈ જમાનામાં બાંધકામની કળાની અજાયબીઓમાં ગણાતી હતી બનુ ઉમય્યાના મશહુર ખલીફા વલીદ બીન અબ્દુલ મલીકે આ મસ્જીદ બંધાવી હતી. ઈતિહાસકારો સહમત છે કે આ સ્થળ પહેલાં એક દેવળ હતું, જે યુહન્નાનું દેવળ તરીકે પ્રાચીન સમયથી મશહુર હતું. યહુદીઓ અને ખ્રીસ્તીઓના મઝહબી પુસ્તકોમાં તેનો વિસ્તૃત ઉલ્લેખ મોજુદ છે.

'ઓલ્ડ ટેસ્ટામેન્ટ' જે ઈ.સ. પુર્વે ૪૩૯માં લખાઈ હતી તેમાં પણ એનો ઉલ્લેખ કરાયો છે. બાદમાં ૩૦૦ વરસ સુધી મજકુર દેવળ પર ખ્રીસ્તીઓનો કબ્જો રહ્યો.

જેવું કે હું આ પહેલાં લખી ચુકયો છું કે મુસલમાનોએ જયારે દમાસ્કસનો ઘેરાવ કરી લીધો અને એક દરવાજે હઝરત અબુ ઉબેદા સુલેહ થઈ ગયા પછી દાખલ થયા અને બીજા દરવાજેથી હઝરત ખાલીદ બીન વલીદ હુમલામાં ફતેહ પછી દાખલ થયા તો મજકુર યુહન્નાના દેવળ સામે બંને નામવર મુજાહીદ સહાબીઓની મુલાકાત થઈ.

જેવું કે રિવાયતોથી માલુમ પડે છે કે દમાસ્કસનો અર્ધો ભાગ લડાઈ દ્વારા ફતેહ થઈ ગયો તો શહેરના લોકોએ હથીયાર નાખી મુસલમાનો સાથે સુલેહ કરી લીધી તેથી અર્ધું દમાસ્કસ સુલેહથી ફતેહ થયું. ઈસ્લામી ઉસુલ પ્રમાણે દુશ્મનનો જે ઈલાકો લડાઈ મારફત ફતેહ થાય તેની બાબતે ઈસ્લામી સરકારને પુરેપુરી સત્તા હાસીલ હોય છે કે તે જેવી રીતે ચાહે તેનો ઉપયોગ કરે, પરંતુ જે ઈલાકો સુલેહ દ્વારા ફતેહ થાય, તેમાં સુલેહની શરતોની પાબંદી કરવી પડે છે. સંજોગવસાત આ દેવળનો અર્ધો ભાગ લડાઈથી જીતાયો હતો તેમાં મુસલમાનોએ મસ્જીદ બનાવી લીધી અને બાકીનો ભાગ દેવળ તરીકે બાકી રહ્યો. દમાસ્કસની ફતેહ પછી વરસો સુધી અહી મસ્જીદ અને દેવળ બરોબર કાયમ રહ્યા. જયારે વલીદ બીન અબ્દુલ મલીકનો ખીલાફતકાળ આવ્યો ત્યારે નમાઝીઓની સંખ્યા એટલી વધી ગઈ કે

મસ્જીદ તંગ પડી ગઈ. બીજી તરફ મસ્જીદની લગોલગ દેવળ હોવાને કારણે સતત બદમઝગી શરૂથી ચાલી આવતી હતી.

ખલીફા વલીદ બીન અબ્દુલ મલીકની ઈચ્છા હતી કે દેવળનો હીસ્સો પણ મસ્જીદમાં શામેલ કરી લેવાય. પરંતુ સુલેહની શરત પ્રમાણે કલેસાને તેના સ્થાને કાયમ રાખવાની મજબુરી હતી. ખલીફાએ ઈસાઈઓના મોવડીઓને બોલાવીને વાતચીત કરી અને આ જગ્યાને બદલે ચાર દેવળો બરોબર જગ્યા દેવાની ઓફર કરી. પરંતુ તેઓ અહીથી યુહન્નાહના ગીરજાને હઠાવવા રાજી થયા નહિ.

આટલી હદ સુધી તો રિવાયતો મુનફીક છે. ત્યાર બાદની રિવાયતોમાં મતભેદો છે. અમુક રિવાયતોથી માલુમ પડે છે કે ઈસાઈઓના ઈન્કાર પછી વલીદ બીન અબ્દુલ મલીકે જબરજસ્તી આ ભાગ પર કબ્જો કરી ત્યાં મસ્જીદ બંધાવી. પછી હઝરત ઉમર બીન અબ્દુલ અઝીઝનો ખીલાફત કાળ આવ્યો તો ઈસાઈઓએ એ બાબતની શીકાયત કરી અને હઝરત ઉમર બીન અબ્દુલ અઝીઝે ફેસલો ઈસાઈઓની તરફેણમાં આપ્યો. પરંતુ બાદમાં દમાસ્કસના હાકીમે ખ્રીસ્તીઓને મ્હોં માંગ્યું વળતર આપીને રાજી કરી લીધા અને તેમણે રાજીખુશીથી દાવો પડતો મુકી દીધો. અમુક રિવાયતોથી માલુમ પડે છે કે વલીદ બીન અબ્દુલ મલીકે કોઈ જબરજસ્તી કરી ન હતી, બલ્કે એવું કહ્યું હતું કે જો તેઓ જમીન મસ્જીદને દેવા રાજી થઈ જાય તો દમાસ્કસ અને તેના પરા વિસ્તારમાં જે ચાર ગીરજાઓને તોડી નાખવાનો નિર્ણય લેવાઈ ચુકયો છે તે નિર્ણય પાછો લઈ લેવાશે અને ચારેય ગીરજાઘરો ઈસાઈઓને પાછા આપી દેવાશે તેથી ઈસાઈઓએ પોતાની મરજીથી યુહન્નાનું દેવળ મુસલમાનોને હવાલે કરી દીધું. એ દરમ્યાન ઈસાઈઓએ એવી વાત ફેલાવી દીધી કે અમારા બુઝુર્ગોએ લખ્યું છે કે જે શખ્સ આ યુહન્નાના ગીરજાને તોડશે તે પાગલ બની જશે. ખલીફા વલીદે એ સાંભળીને કહ્યું કે: હું પહેલો શખ્સ હોઈશ જે આ ગીરજાને તોડીશ અને અલ્લાહના માર્ગમાં પાગલ થવાનું પસંદ કરું છું. એટલું કહી તે ત્રીકમ હાથમાં લઈને દારૂલ અમારતમાં થી બહાર નીકળ્યા. તેમણે પીળી કબા પહેરી હતી. બાંહયો ચઢાવી હતી. મુસલમાનોને ખબર પડી તો તેઓ પણ ગીરજા તરફ દોડયા. જોયું કે ખલીફા પોતે ગીરજાની દીવાલોને પાડી રહ્યા છે તેથી દરેક શખ્સ ખલીફાના અનુકરણમાં અને તેને સવાબનુ કામ સમજીને ગીરજાને ધરાશયી બનાવવાના કામમાં શામેલ થઈ ગયા.

હવે વલીદ બીન અબ્દુલ મલીકે બંને ભાગોને જોડીને એક ભવ્ય મસ્જીદના બાંધકામની શરૂઆત કરી, જે તેના બાંધકામ અને હુન્નર કળાને લીધે તે સમયમાં સૌથી આલીશાન અને સૌથી ખુબસુરત મસ્જીદ ઠરી. કહેવાય છે કે તેના બાંધકામ પર એક કરોડ બાર લાખ દીનાર ખર્ચ થયા હતા.

ખલીફા વલીદની તે વખતે સૌથી મોટી તમન્ના એ હતી કે શકય હદે આ કામ જલ્દી પુરૂ કરવામાં આવે. એવું ન થાય કે મોત સુધી કુરસદ ન મળે. અને ખ્વાહીશ દિલની દિલમાં જ રહી જાય. ઘણી વખતે તે પોતે એ જગ્યાએ આવીને બાંધકામની દેખરેખ રાખતો હતો.

કડીયાઓ, કારીગરો અને સંગતરાશોથી એ જગ્યાએ એક નવું શહેર વસેલું દેખાતું હતું. આ મસ્જીદના બાંધકામમાં કામ કરતા કારીગરોની સંખ્યા ૧૨ હજારની હતી, જેમાં રૂમી, યુનાની, શામી, મીસરી, ઈરાકી, અરબી અને ઈરાની ચુનંદા કારીગરો શામેલ હતા. ઈબ્ને બતુતાએ મસ્જીદની લંબાઈ ૧૬૩ વાર અને પહોળાઈ ૧૦૮ વાર હોવાનું લખ્યું છે. મસ્જીદની અંદરનો હોલ જેમાં મેહરાબ બનેલી છે પુર્વ પશ્ચિમે બસ્સો ફુટ લાંબો અને એક સો ફુટ પહોળો બાંધવામાં આવ્યું. તેના કીબ્લા તરફથી દિવારમાં સંગેમરમરની સાથે સોનું પણ જડવામાં આવ્યું હતું.

ઈતિહાસકાર યાકુતે લખ્યું છે કે ખલીફાએ આ ઈમારત પર રાજયનો સાત વરસનો ખીરાજ (મેહસુલી આવક) ખર્ચી હતી, જેમાં બધો ખર્ચ શામેલ છે. ખલીફાએ મસ્જીદના બાંધકામ માં કલઈનો ઉપયોગ કરવાનો આદેશ આપ્યો હતો. ઈસ્લામી સલતનતના બધા ભાગોમાંથી કલઈ ભેગી કરવામાં આવી. માલુમ પડયું કે એ માત્રા પણ અપુરતી છે. છેવટે તપાસ કરતા માલુમ પડયું કે એક સ્ત્રી પાસે કેટલીક માત્રા મોજુદ છે.

તે સ્ત્રીથી માંગવામાં આવતા તેણે સોનાને તોલે આપવાની તૈયારી દર્શાવી. ખલીફાને જાણ કરાતા તેણે કહ્યું કે જો વજનને હીસાબે સોનું લેવાનું કબુલ ન કરે તો બમણી માત્રામાં સોનું આપી દેવામાં આવે. તેથી એ સ્ત્રીએ કહ્યું: "હું તો એ જોવા ચાહતી હતી કે ખલીફા આ ભવ્ય મસ્જીદ પોતાની ખ્યાતી માટે બંધાવવા ચાહે છે અને બળજબરીએ વસ્તુઓ મેળવે છે કે નહિ . હવે મને ખાત્રી થઈ ગઈ કે ખલીફાએ આ કામ અલ્લાહ ખાતર હાથમાં લીધું છે." ત્યાર બાદ એ સ્ત્રીએ કલઈનો બધો જથ્થો હાજર કરી દીધો. ખલીફાએ હુકમ આપ્યો કે ગુમ્બદમાં જેટલા આરીસા અને કાચ લગાવવામાં આવે તે બધા પર 'લિલ્લાહ' શબ્દ લખવામાં આવે.

દમીશ્કની મસ્જીદનો ગુમ્બદ: કુબ્બતુન-નસ્ર

મસ્જીદના મુખ્ય હોલની ઉપર એક શાનદાર ગુમ્બદ બાંધવામાં આવ્યો, જેને કુબ્બતુન-નસ્ર કહે છે. એ કોઈ જમાનામાં દમીશ્કની સૌથી ઉંચી ઈમારત હતી. તેનું દબાદબાભરેલું દ્રશ્ય દુનિયામાં તેનો કોઈ જોટો ધરાવતું ન હતું.

ઈબ્ને બતુના પ્રમાણે આ સીસાનું બુર્જ છે, જે આરસના છ થાંભલાઓ પર ઉભેલું છે. આ થાંભલાઓ અને મેહરાબોમાં એવી ખુબસુરતી અને આકર્ષણ છે, જેનું વર્ણન કરવાનું શકય નથી. તે એકસો ગજ પહોળુંછે અને ૫૪ થાંભલાઓ ઉપર ઉભેલું છે, જે દરમ્યાન ૧૪ હાથીના પગ જેવા થાંભલા છે. મસ્જીદ ઉંચા થાંભલાઓની બનેલી છે, જેની વચ્ચોવચ્ચ ગુમ્બદ છે. મસ્જીદનો આ ભાગ ૪૩૧ ફુટ પહોળો અને ૧૨૫ ફુટ ઘેરાવનો છે, જેની એક દિવાલ તેને મસ્જીદના સેહનથી અલગ કરે છે. આ દિવાલ પણ થાંભલા પણ અવલંબિત છે. દરેક ૨૨ ફુટ બુલન્દ છે. ગુમ્બદની ઉંચાઈ ૧૨૦ ફુટ છે અને તેનો વચલો ભાગ ૫૦ ફુટનો છે.

મશ્હુર સૈયાહ મોહંમદ બીન જુબયર હીજરી સન ૫૮૭માં અહી આવ્યો હતો. તે લખે છે કે જામેઅ ઉમવીના ગુમ્બદોની એવી વિશિષ્ઠતા મશ્હુર છે કે તેમાં ન તો મકડી જાળા બનાવી શકે છે અને ન તો ચામાચીડીયા તેમાં માળા બનાવી શકે છે.

મસ્જીદની કીબ્લા તરફથી દિવાલમાં અનેક મેહરાબો છે. ખીલાફતે ઉસ્માનીયાના સમયમાં જુદા જુદા ફીકહી મસલકો માટે અલગ અલગ મુસલ્લા હતા. હવે જામે ઉમવીમાં હનફી અને શાફઇ જમાતો અલગ અલગ થાય છે. પરંતુ બંને જમાતો માટે એક જ મેહરાબ વપરાય છે. લોકો કોઈ ખાસ મસલકને લીધે નહિ, પરંતુ પોતાની મસરૂફીયતો પ્રમાણે નમાઝ અદા કરે છે. પહેલા શાફઇ જમાત થાય છે બાદમાં હનફી જમાત થાય છે.

મસ્જીદના હોલમાં એક કબર છે, જેની બાબતે મશ્હુર છે કે અહી હઝરત યાહ્યા અલયહીસ્સલામનું સર મુબારક દફન છે. હાફીઝ ઈબ્ને અસાકરે રિવાયત નકલ કરી છે કે જામે ઉમવીના બાંધકામ દરમ્યાન એક ગુફા મળી આવી હતી. વલીદ બીન અબ્દુલ મલીકને તેની જાણ કરવામાં આવી. વલીદ પોતે મજકુર 'ગાર'માં દાખલ થયો. એક સંદુક રાખેલી હતી, જેમાં એક ઈન્સાની માથું હતું અને ત્યાં લખાણ હતું કે આ હઝરત યાહ્યા અલયહિસ્સલામનું સર મુબારક છે. જયારે એક બીજી પ્રચલિત રિવાયત પ્રમાણે આ હઝરત યાહ્યા અલયહિસ્સલામની તુરબત છે, જે હંમેશા ઝીયારતગાહ રહી છે.

હઝરત શેખ સા'દી લેખે છે કે: "જામેઅ દમીશ્કમાં હું યાહ્યા અલયહિસ્સલામની તુરબત પર 'મોઅતકીફ' હતો એટલે મેં દમીશ્કમાં હઝરત યાહ્યાની તુરબત પર એતેકાફ કર્યો.

ઈબ્ને બતુના લખે છે કે તુરબત પર કાળા રેશમનો ગીલાફ છે, જેની ઉપર સફેદ રેશમથી લખેલું છે: "હે ઝકરીયા અમે તને એક ફરઝન્દની ખુશખબરી આપીએ છીએ, જેનુ નામ યાહ્યા છે." ખેર, અમને એક મહાન જલીલુલ-કદર પયગમ્બરને સલામ અરજ કરવાની સઆદત હાસીલ થઈ.

યાહ્યા અલય હિસ્સલામ ના મઝાર મુબારકની દક્ષીણ તરફ એક મોટી શમ્અ–મીણબત્તી લાગેલી છે. તેની ઉચાઇ ૧૨ ફુટ અને ગોળાઇ લગભગ બે ફુટ છે. જામેઅ ઉમવીમાં એવી ઘણી બધી શમ્આ રાખેલ હતી. વીજળીની શોધ પહેલાં આ શમ્આનો રોશની માટે ઉપયોગ કરાતો હતો. રાતના સમયે જયારે આ મહાકાયી મીણબત્તીઓને બુઝાવવામાં આવતી હતી ત્યારે પુરી મસ્જીદ મુશ્કની ખુશ્બુથી એટલી બધી મહેંકી ઉઠતી હતી કે લોકો આ તીવ્ર ખુશ્બુને બરદાસ્ત કરી શકતા ન હતા અને ૮૦ શમ્આ ગુલ કરવાના સમયથી પહેલાં જ બહાર નીકળી જતા હતા.

મસ્જીદના હોલમાંથી સેહન તરફ જાવ તો દરમ્યાનમાં એક વિશાળ પરશાળ છે, જેણે સેહનને ચારે તરફથી ઘેરી રાખેલ છે, જેમાં પુર્વ ભાગમાં એક જગ્યાએ એક મઝાર બનેલો છે, જેના અંગે કહેવાય છે કે અહી હઝરત ઈમામ હુસેનનું સરમુબારક દફન છે, જયાં ઉભા રહીને અકીદતપુર્વક નવાસાએ રસુલુલ્લાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની ખીદમત શરીફમાં સલામ પેશ કર્યો અને ફાતેહાખ્વાની કરી દુઆ માંગી. અમે બરઆમદાના ઉત્તરપુર્વ ખુણે પહોંચ્યા તો ત્યાં એક વિચિત્ર ગાડી રાખેલી નજરે પડી. આ ગાડી વાંસડા અને લાકડાના મજબુત પાટીયાઓની બનેલી હતી અને તેના નીચેના ભાગમાં લોખંડના રાક્ષસી પૈડાં લાગેલ હતા. આ એટલી મોટી ગાડી હતી, જેણે બરઅમાદાના સારા એવા ભાગની જગ્યા રોકી રાખી છે. ત્યાંના વાકેફકાર લોકોએ બતાવ્યું કે આ સુલ્તાન સલાહુદ્દીન ઐયુબીએ બનાવેલી મનજનીક (મોટા મોટા વજની પથ્થરો, કીલ્લાઓની દિવાલોને તોડવા માટે ફેંકવાનું યંત્ર) છે. જેનો એમણે ઘણા યુદ્ધમાં ઉપયોગ કર્યો હતો. હવે તેને યાદગાર તરીકે જામે ઉમવીમાં રાખી દેવામાં આવેલ છે.

મસ્જીદના સહેનમાં ઉભા રહીને જોવામાં આવે તો સમગ્ર વાતાવરણને મસ્જીદે ઉમવીની જાજરમાન ઈમારત રળીયામણું અને દ્રષ્ટિગમ્ય બનાવી દે છે. કુબ્બતુન નસર નામે ગુંબદ ઉપરાંત મસ્જીદના ત્રણેય મીનારાઓ એટલે ગરબી, (પશ્ચીમ તરફનો) શર્કી (એટલે પુર્વ તરફનો) અને મીનારતુલ ઉરૂસ નામે ત્રીજો મીનારો અહીથી દેખાય છે. ઈતીહાસકારોએ લખ્યું છે કે આ મસ્જીદનું સહેન અને મીનારાઓ લોકજીભે અજોડ ગણાતા હતા. આ મસ્જીદના સેહન અને મીનારાઓ સદીઓ સુધી દીની ઈલ્મ તથા નામાંકિત આલીમો, સુફીઓ અને વિલાયતના ઈમામોના કેન્દ્ર બનીને રહ્યા હોવાનું સનદી કીતોબોમાં નોંધાયેલુ છે. જામે ઉમવીયાના ગરબી મીનારનું વર્તમાન નામ ગઝાલીયા છે. હુજજુતલ ઈસ્લામ ઈમામ હબુ હામીદ અલ ગઝાલી રહેમતુલ્લાહના નામથી આ મીનારો સંકળાયેલા છે. ઈમામ ગઝાલી બગદાદના મદરેસએનીઝામીયામાં મોઅલ્લીમ હતા. તે સમયમાં યુનાની ફીલોસોફીની ચર્ચા સામાન્ય હતી. ઈમામ સાહેબે સાયન્સ અને ઈસ્લામ મઝહબ પ્રમાણે ફીલોસોફીને સ્થાપિત કરી. શરૂઆતમાં ઈમામ ગઝાલી ફીલોસોફીના જબરા રસીયા અને નિષ્ણાત હતા. છેવટે આપની તબીયત તસવ્વુફ તરફ માઈલ થઈ ગઈ અને સર્વ કંઈ છોડીને જામે દમાસ્કસના

મીનારા (ગરબી મીનારા)માં ઇબાદતમાં મશ્ગુલ થઈ ગયા. ઝાવયએ ગરબી એ જ મીનારાનો એક ખુણો છે જયાં બેસીને હઝરત ઇમામ ગઝાલી દર્સ આપતા હતા. એ પહેલાં પણ અનેક દીની બુઝુર્ગો એ જ જગ્યાએ હદીસ અને ફીકહનો દર્સ આપતા હતા. અનેક અતિ મશહુર કિતાબો અહીથી બેસીને લખવામાં આવી છે. દીની ઇલ્મ એ તસવ્વુફના સીલસીલામાં કેટલાય આફતાબો અને મેહતાબોનો અહીથી જ ઉદય થયો હતો. આ મહાન ઇતિહાસીક મસ્જીદે મુસલમાનોની ચઢતી અને ઇકબાલમંદીના દિવસો પણ જોયા છે. તેની જમીન ઉપર એ ફરીશ્તા સીફત ઇન્સાનોએ પણ સજદા કર્યા છે, જે દુનિયા માટે એક મીસાલ બનીને આવ્યા હતા. આજે આપણા જેવા લોકોના બેરૂહ સીજદાઓ પણ એ જ જમીન પર થઈ રહ્યા છે અને મુસલમાનોની પસ્તી અને પડતીના સમયને આ જમીન નીરખી રહી છે. પરંતુ ઇન્શાઅલ્લાહ એક દિવસ જરૂર એવો આવશે કે જયારે અંતિમ સમયમાં હઝરત ઇસા (અ.સ.) અમુક રિવાયતો પ્રમાણે આ જ મસ્જીદના મજકુર મીનાર પર નુઝુલ ફરમાવશે અને આ મસ્જીદમાંથી જ હિંમત અને ફતેહમંદીનો એક કાફલો કુચ કરશે, જેનું નેતૃત્વ હઝરત ઇમામ મેહદી ફરમાવશે. એમના મુબારક હાથોમાં હિદાયત અને ફતેહની અને ઇસ્લામની બોલબાલાની એ જ શમ્અ હશે, જેનાથી આ દુનિયા પર મોજુદ ઇન્સાનોમાં ફેલાયેલ અંધકારમાં ફરી એક વખત ઇન્સાફ અને ખુદાપરસ્તીની રોશની પ્રસરી જશે તેમ જ ફરી વાર ઇસ્લામી જગત સહિત દુનિયામાં સર્વત્ર હિદાયતનું પ્રભાત પ્રગટ થઈ જશે. અમે આ ભવ્ય મસ્જીદમાં જુમ્આની નમાઝ અદા કરી. મસ્જીદે ઉમવીમાં પણ મસ્જીદે નબવી શરીફ જેવા ચબુતરા છે.અમે એ ચબુતરા પર બેસીને નમાઝ અદા કરી અને શાહી ઠાઠથી નમાઝ અદા કરવાનો અનુભવ થયો.

અઝાનના સમયે અત્યારે પણ જેની ઢબ ચાલુ છે. સલાત અને સલામ મધુર કંઠે લલકાર્યા પછી મોઅઝીન અઝાનના શબ્દો અદા કરે છે. એક વિશિષ્ઠતા એ છે કે ચાર મોઅઝીનો અઝાન માટે બનેલી ખાસ જગ્યા પર ચઢીને ફરતા ફરતા અઝાન પોકારે છે. મે પહેલી વખત આ નવીનતા જોઇ.

ખતીબે ટુંકો ખુત્બો આપ્યો અને પછી નમાઝ પઢાવી અને પછી આલમે ઇસ્લામ અને મુસલમાનો માટે દુઆ કરી. ઐતિહાસીક મસ્જીદે ઉમવીમાં નમાઝ અદા કરીને આત્મ સંતોષ મળેલ.

ઇસ્લામી ઇતિહાસના ન્યાયપ્રીય અને સલીબી જંગોના મહાન મુજાહીદ નુરૂદ્દીન ઝંગીનો મઝાર

ઇસ્લામી ઇતીહાસના આ મહાન મુજાહીદ અને સલીબી પરીબળોનો જડબેસલાક પ્રતીકાર કરનાર સુલ્તાન નુરૂદ્દીન ઝંગીના અજોડ કારનામાઓના વર્ણન માટે તો એક અલગ કિતાબ દરકાર છે. લગભગ લોકો સલીબી જંગમાં સુલ્તાન નુરૂદ્દીન ઝંગીની જવલંત કારકીર્દીથી, તેમના ઉમદા અખ્લાક અને ઇશ્કે રસુલ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની કેફીયતથી બધા વાકેફ છે. સુલ્તાન નુરૂદીન ઝંગીના મઝાર પર ફાતેહા પઢવાનો મસ્જીદ ઉમવીમાંથી નીકળીને કાર્યક્રમ હતો. અમે પગપાળા જ નુરૂદીન ઝંગીના મઝાર તરફ રવાના થયા. જુમ્માની નમાઝનું અકીદતભર્યુ વાતાવરણ હતું. દુરૂદ શરીફની તકરીર ચાલુ હતી. મારૂં મગજ નુરૂદીન ઝંગીની ખુશનસીબી અને બારગાહે રિસાલતમાં એમની ખીદમતના મોઅજીઝાના વિચારોથી કેફદામી હાલતમાં હતું. એટલામાં અમે એક નાની મસ્જીદ પાસે પહોંચી ગયા. જોડે જ સુલ્તાન ઝંગીનો મઝાર હતો. મસ્જીદમાંથી કસીદએ બુરદહ શરીફના અશઆરોનો ઉહપરવર અવાજ આવી રહ્યો. ખાલીસ અરબી લહેજામાં અત્યંત અકીદતભર્યા અવાજે બુરદાહ શરીફનો વીર્દ થઇ રહ્યો હતો.

મવલાયા સલ્લે વસલ્લમ દાઇમન અબદન
અલા હબીબેકા ખયરે ખલ્કી કુલ્લહમી

ના મુગ્ધ બનાવી દેતા ઉચ્ચારનો અવાજ દીલમાં અજીબ કેફીયત જન્માવી રહ્યો હતો. ત્યાંના સુન્ની અકીદા પ્રમાણેના માહોલને જોઇને દિલને એક પ્રકારનું શાંત્વન પ્રાપ્ત થઇ રહ્યું હતું. સુલ્તાન નુરૂદ્દીન ઝંગીનો મઝાર અત્યંત સાદો હતો. પરંતુ સુલ્તાન નુરૂદ્દીન ઝંગીના જીવનનો એ મોઅજીઝાભરેલ પ્રસંગ ઇસ્લામી જગતને ખુણે ખુણે આજે પણે તેનો પડઘો પાડી રહ્યો છે. સૂલ્તાન નુરૂદ્દીન ઝંગીના મુજાહેદના વિજયમાળા તો ઐતિહાસીક છેજ પરંતુ એમના જીવનનો એક પ્રસંગ તેમનાથી પણ વધારે ઐતિહાસીક અને મહત્વનો છે. જેમાં કોઇ બેમત નથી કે હયાતુન્નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નો અકીદો તમામ ઉમ્મતમા અને ખાસ કરીને એહલે સુન્નત વલ જમાતની એક વીશીષ્ઠતા છે.

કસીદએ બુરદહ શરીફની દસ ફસલો છે. તેમાં અશઆરની સંખ્યા ૧૬૫ છે. પરંતુ સર્વ સ્વીકૃત અશઆરની સંખ્યા ૧૬૦ની છે. કસીદએ બુરદહ શરીફની રૂહાની અસર અંગેઝીઓના લીધેજ તુર્કીની સરકારે ગુંબદે ખીઝરા અને મસ્જીદે નબવી શરીફના બીજા ભાગોમાં ઉમદા લેખન કવર મારફત કોતરણી કરાવી હતી જેને હાલની સઉદી સરકારે મીટાવી દીધા છે. સુફી બુઝુર્ગોએ તસવ્વુફના બધા સીલસીલાઓ કસીદહ બુરદહ શરીફની મોઅજીઝાના સીફતોમા યકીન ધરાવે છે અને રૂહાની તરક્કીનો ઝીનો ગણે છે.

સુલ્તાન નુરૂદ્દીન ઝંગીના હાથે બારગાહે નબવીમાંથી લેવામાં આવેલ મોઅજીઝા ભરેલી અલૌકીક ખીદમત

બધા જાણે છે કે સલીબી જંગ એટલે ધર્મ યુદ્ધોનો સમયગાળો જે ઈ.સ. ૧૦૯૯ થી ૧૧૮૭ સુધી રહ્યો છે. એજ સમયનો આ ડુહપરવર પ્રસંગ છે.

સુલ્તાન નુરૂદ્દીન ઝંગીના તસવ્વુરથી જ સીલસીલાબંધ સલીબી જંગોના યુરોપી યોદ્ધાઓ જમીનની હેઠળ તેમના કફનની અંદર આજસુધી કાંપી અને ધ્રુજી ઉઠે છે. હીજરી સન ૫૫૭માં જયારે સુલ્તાન નુરૂદ્દીન ઝંગી સલીબી જંગમાં મશગુલ હતા. એક રાતે તહજજુદની નમાઝ બાદ એમણે હુઝુર અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની ખ્વાબમાં ઝીયારત કરી. એમણે જોયું કે હુઝુરે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ગુરબા ચશ્મ (બીલાડીની આંખો જેવી આંખોવાળા) બે શખ્સો તરફ ઈશારો કરીને ફરમાવી રહ્યા છે.

અનજદની અનકઝની મીન હાઝામીન

નજાત આપો, ખુલાસો કરો મારી આ બંનેથી

સુલ્તાન ગભરાઈને જાગૃત થઈ ગયા, તરતજ વઝુ કર્યુ. નવાફીલ પઢયા અને સુઈ ગયા એજ વખતે આંખ લાગી ગઈ. અને પછી એજ ખ્વાબ જોયો. ફરી ઉઠયા અને વઝુ કર્યુ નવાફીલ પઢયા અને હજુ સુતાજ હતા કે તરતજ આંખ લાગી ગઈ અને ત્રીજી વખતે પણ એજ ખ્વાબ જોયો.

સુલ્તાન નુરૂદ્દીન ઝંગી માટે હવે નીંદની ગુંજાઈશ ન હતી. તેજ વખતે સલ્તનતના વઝીરે આઝમ જમાલુદ્દીન મુસલીને બોલાવીને બધી હકીકત કહી. વઝીરે આઝમે કહ્યું લેશ પણ ઢીલ કરો નહી. તરતજ મદીનએ તૈયબા ચાલો. અને કોઈને પણ તેનો ઉલ્લેખ કરો નહી. એ વીચારે કે મદીનએ તૈયબામાં જરૂર કોઈ ઘટના બની છે. તેથી સત્વરે બારગાહે નબવીમાં હાજર થઈ જવામાં આવે. વઝીરે આઝમ ઉપરાંત ૨૦ સલ્તનતના મહારથીઓ તથા ૨૦૦ સીપાહીઓને સાથે ઘણા બધા ઝર જવાહીર સાથે લઈને સુલ્તાન પવનવેગે સાંઢણીઓ પર સવાર થઈને મદીના મુનવ્વરા તરફ રવાના થઈ ગયા.

રાત દિવસ સફર કરીને ૧૬ દિવસમાં સીરીયાથી મદીના મુનવ્વરા પહોંચી ગયા. એ જમાનામાં અરબ સુલ્તાનની અસરમાં હતું. મદીનાનો અમીર અને મદીનાવાસીઓ સુલ્તાનના અચાનક આગમનથી આશ્ચર્યમાં પડી ગયા. મદીનાના અમીરે અચાનક આગમનનું કારણ પુછયું તો સુલ્તાને તેને પણ બધી વાત કહી સંભળાવી.

અમીરે પુછયું કે:

સુલ્તાન શું તમે એ બે શખ્સોને જોઈને ઓળખી લેશો ? સુલ્તાને જવાબ આપ્યો. બીલ્કુલ! હું ઓળખી લઈશ.

સલાહ મશ્વેરા પછી નક્કી થયું કે તમામ મદીના વાસીઓને ઈનામ ઈકરામ દેવાને

બહાને સુલ્તાન સામેથી પસાર કરવામાં આવે. તેથી એ મુજબની દાંડી પીટવામાં આવી કે સુલ્તાન નુરૂદ્દીન ઝંગી મદીનએ મુનવ્વરાના તમામ શહેરીઓને ઈનામ ઈકરામથી નવાઝવા ચાહે છે. તેથી આ ઢંઢેરો સાંભળ્યા પછી કોઈ પણ શહેરી મેહરૂમ ન રહે. અને સુલ્તાન સમક્ષ હાજર થઈ ઈનામ હાસીલ કરે. દરેક શખ્સ જ્યારે સુલ્તાનની ખીદમતમાં હાજર થતો તો સુલ્તાન ઈનામ ઈકરામ દેતી વખતે બારીકીથી તેની ઉપર નજર નાખતો એટલે સુધી મદીનાના બધા લોકો સુલ્તાનની ખીદમતમાં આવી ગયા.

સુલ્તાન હેરાન પરેશાન હતો કે જે લોકોની સુરત ખ્વાબમાં દેખાડવામાં આવી હતી તેઓ દેખાયા નથી. છેવટે મદીના શરીફ અને દરબારમાં હાજર લોકોથી સંબોધીને પુછામ આવ્યું કે શું હવે કોઈ ઈનામ લેવા માટે બાકી નથી રહ્યું.

ખાદીમોએ અર્જ કરી

બાદશાહ સલામત! માત્ર બે મગરીબીઓ (પશ્ચિમવાસી ઓ) જેઓ મોટા સાલેહ, સખી અને ઈબાદત ગુઝાર અને ગોશાનશીન લોકો બાકી રહી ગયા છે. તેઓ અત્યંત ખુદાપરસ્ત છે, જન્નતુલ બકીઅમાં પાણી પીવરાવવાની ખીદમત અંજામ દઈ રહ્યા છે. સુલ્તાને તેમને પણ તલબ કર્યા. તેઓ જેવા સુલ્તાનની રૂબરૂ હાજર થયા તો સુલ્તાને તેમને ઓળખી લીધા. પરંતુ તપાસ પહેલાં કંઈ કહેવું ઉચિત ન હતું. સુલ્તાને તેમની સાથે હાથ મેળવ્યા, માનપુર્વક બેસાડીને એમની સાથે વાતો કરી.

પછી વાતચીત કરતાં કરતાં તેઓ કયાં રહે છે? શું કરે છે વગેરે દિલચસ્પી સાથે પુછપરછ કરતાં તેમના રહેવાના હુજરામાં જઈ ચઢયા. હુજરાના ફર્શ ઉપર એક મામુલી ચટાઈ પાથરેલી હતી. તાકમાં કુર્આન પાકનો એક નુસ્ખો રાખેલ હતો. એક ખુણામાં થોડો ઘણો સામાન હતું તો બસ હુજરામાં એ જ કુલ વસ્તુઓ હતી.

સુલ્તાન હેરાન હતા કે ઈલાહી માજરો શું છે? નિરાશ બનીને પાછા જનાર હતા કે એક ચટાઈની નીચે હલનચલન કરતી કોઈ વસ્તુ હોવાનો એહસાસ થયો. ચટાઈને હટાવવામાં આવી તો લાકડાનો એક તખ્તો દેખાયો. તેને હટાવવામાં આવ્યો તો એક સુરંગ દેખાણી, જે રવઝએ અતહર તરફ ખોદાયેલી હતી. એ જ વખતે બંને શખ્સોને ગીરફતાર કરી લેવામાં આવ્યા અને તેમનાથી બધી કેફીયત દરયાફત કરવામાં આવી. બંનેએ ગુનાની કબુલાત કરતાં કહ્યું કે તેઓ રૂમી ઈસાઈઓ (નસરાની) છે. અમારા બાદશાહોએ ઘણો બધો માલ આપ્યો છે અને ઘણો બીજો દેવાનો વાયદો કર્યો છે. અમે પશ્ચિમી હાજીઓનો વેશ ધારણ કરીને અહી આવ્યા હતા કે હઝરત મોહમદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના જસદે મુબારકને કાઢીને રૂમ લઈ જઈએ, જેથી મુસલમાનોનો મર્કઝ ખતમ થઈ જાય.

અમે હુબ્બે રસુલ અને દીનદારી વ્યકત કરી અને કહ્યું કે અમે રસુલલ્લાહ પ્રત્યે અગાધ અકીદતને લઈ વતન છોડીને અહી આવ્યા છીએ તો મદીના વાસીઓએ અમારી અકીદત જોઈને રવઝએ મુબારકની બીલ્કુલ લગોલગ અમને એક હુજરો રહેવા માટે આપી દીધો.

અમે ચુપકે ચુપકે સુરંગ ખોદવાનું શરૂ કરી દીધું. આખી રાત સુરંગ ખોદતા અને સવારે

ચામડાના બે થેલાઓ (મશકો)માં માટી ભરીને જન્નતુલ બકીઅમાં ફાતેહા પઢવાને બહાને જઈને નાખી આવતા અને આખો દિવસ આસપાસના વિસ્તારોમાંની ઝીયારત ગાહોમાં ફરીને ત્યાં લોકોને પાણી પીવરાવતા રહેતા.

વરસોની મહેનત પછી આજે અમે જસદે મુબારક પાસે પહોંચી ગયા હતા. કહેવાય છે કે જે રાતે આ સુરંગ જસદે અનહર નજીક પહોંચનાર હતી વીજળીનું એક તોફાન આવ્યુ. ભારે ધરતીકંપ થયો, જેનાથી લોકો ભારે ભયભિત બની ગયા.

આ હકીકત સાંભળીને સુલ્તાન પર રૂદન છવાઈ ગયું. તેઓ ધ્રુસ્કે ધ્રુસ્કે રડવા લાગ્યા. તે જ વખતે હુજરાએ મુબારક સામે આ બંને શખ્સના માથાં ધડથી જુદા કરી દેવામાં આવ્યા. કહેવાય છે કે સુલ્તાને પોતાને હાથે પોતાની તલ્વારથી એમના માથા વધેરી દીધા હતા.

સુલ્તાને શુકનો સીજદો અદા કર્યો. ત્યાર બાદ રવઝએ અનહરની આજુબાજુ એટલી ઉંડી ખંદક ખોદવામાં આવી કે પાણી નીકળી આવ્યું અને ત્યાર બાદ સીસું ઓગળાવીને ઉંડાણ સુધી પાથરી દેવામાં આવ્યું, જેથી ભવિષ્યમાં એવા કોઈ ખતરાની શકયતા રહે નહિ આ હયાતુન્નબીનો જીવંત મોઅજીઝો છે.

ખુદા મેહફુઝ રખ્ખે હર બલા સે
ખુસુસન દુશ્મનાને મુસ્તુફા સે

હુઝુર અકરમ હાજત મંદ ફરીયાદીની મદદ ફરમાવે છે: કસીદએ બુરદહ

અમે નુરૂદીન ઝંગીના મઝારની બહારના ઓટલા પર નીકળીને ઉભા રહ્યા. આસપાસ નજર દોડાવી. દીલ અને દિમાગ હુઝુરે પાકના મોઅજેઝાના માત્ર ખયાલથી એક જાતનો કેફ અને સુરૂરની હાલતમાં હતા. નજીકની મસ્જીદમાં અમે જયારે ઈસ્લામી દુનિયાના એ મહાન મુજાહીદના મઝાર પર ફાતેહા પઢવા માટે જતા હતા તે વખતે કસીદએ બુરદહ શરીફનું વીર્દ ચાલુ હતું. કસીદએ બુરદહ શરીફ હજુ પણ પઢાઈ રહ્યું હતું. કોઈ કારી મધુર કંઠે અને ભારે અકીદતભર્યા અરબી લહેજામાં કસીદએ બુરદહ શરીફના અશઆર પઢતો હતો. અનાયાસે મારા કાનમાં બુરદહ શરીફનો આ શેઅર પડયો. શું અદભુત અવાજનો અનેરો ગુંજારવ હતો. રૂહ સોંસરવા ઉતરી જતા શબ્દો:

કમ અબરઅત વ સેબન બીલ- લમ્સે રાહતો હુ
વ અપ-લકત અરેબમ-મીર રીબકતીલ-લમીમ

તરજુમો: અસંખ્ય વખત બીમાર અને ભારે શરીર અને માનસીક અસહ્ય દર્દથી પીડાતા લોકો હુઝુર સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમના દસ્તે મુબારક મુકદ્દર હાથનો લમ્સ (સ્પર્શ) થતા જ રોગ અને પીડાથી મુકત બની ગયા. હુઝુરે પાકનો મુબારક હાથ લાગતા જ એમને તરત જ શીફા મળી ગઈ. અનેક પાગલો પાગલપણાની કેદમાંથી છુટી ગયા તેમ જ ઘણા બધા ગુમરાહોને ગુનાહોની કેદથી આપના દસ્તે મુબારકે આઝાદ કરી દીધા. સીરીયાની સફરમાં અને મસ્જીદે ઉમવી નજીક તથા નુરૂદીન ઝંગી જેવા ખુશકિસ્મતના મઝાર નજીક, આ શેઅરના અદભુત અરબી સુર અને લહેજાથી હું દીગ્મુગ્ધ બનીને થંભી ગયો. મને યાદ આવી ગયું કે મેં કયાંક વાંચ્યું હતું કે બારગાહે રિસાલતમાં કસીદએ બુરદહનું અકીદતસભર નજરાણું પેશ કરતી વખતે જયારે ઈમામ બુસયરી આ શેઅર પર પહોંચ્યા તો અલ્લાહ તઆલાના પ્યારા નબી એ સાંભળીને મેહફુઝ અને મસરૂર થઈ રહ્યા હતા અને હુઝુર પાકે બુરદહ યમાની એટલે કે ધારાવાળી યમની ચાદર શરીફ અલ્લામા બુસયરીને અતા ફરમાવી અને કેમ ન હોય સૈયદુલ મુરસલીનના મુબારક હાથના સ્પર્શથી લાઈલાજ રોગી અને માયુસ મુસીબતઝદાએ જાહેરી અને બાતેની શીફા મળી ગઈ. અબુ જહેલના પુત્રે ગઝવએ બદરમાં હઝરત મઉઝ બિન હફરા રદીયલ્લાહો અન્હોનો હાથ કાપી નાખ્યો. તેઓ પોતાના કપાયેલા હાથને ઉઠાવીને હાજર થયા. હુઝુરે પાકે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) કપાયેલ હાથ પોતાના દસ્તે મુબારકમાં લીધો અને તેને તેની જગ્યાએ લગાવી દીધો તો તે કપાયેલ હાથ તંદુરસ્ત હાથની જેમ જોડાઈ ગયો. એવું માલુમ પડતું હતું કે એ હાથને કદી કોઈ નુકસાન પહોંચ્યું જ નથી. કોઈ મજલીસમાં મેં હદીસે પાક સાંભળી હતી એક ઓરત તેના બચ્ચાને લઈને બારગાહે રીસાલતમાં હાજર થઈ. હુઝુરે પાકે બચ્ચાના સીના (છાતી) પર પોતાનો મુબારક હાથ ફેરવ્યો અને ફરમાવ્યું નીકળી જા. એ બચ્ચાને ઉલ્ટી થઈ અને

એક કાળી વસ્તુ બહાર નીકળી ગઈ. અને તે બાળક તંદુરસ્ત થઈ ગયું. એક સહાબીની આંખ એક લડાઈમાં તીર લાગવાથી બહાર નીકળી આવી. હુઝુરે અકરમે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) પોતાના દસ્તે મુબારકથી તેને આંખના ખાડામાં રાખી દીધી અને તરતજ તે અસલી હાલતમાં આવી ગઈ. બાદમાં સહાબી ફરમાવતા હતા કે હુઝુરે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના દસ્તે મુબારકના સ્પર્શ થયા પછી મારી એ આંખને કદી કોઈ પ્રકારની તકલીફ કે પીડા થઈ નથી. હુઝુરે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના દસ્તે મુબારકના આ મોઅજેઝા તો ખુબજ મશ્હુર છે. ગારે સુરમાં હીજરત વખતે હઝરત અબુબકર સીદ્દીક (ર.અ.) ને સાંપે ડંખ માર્યો આપે પોતાના મુબારક હાથે પોતાના લુઆબે દહનને લગાવી દીધું. તરતજ સાંપનું ઝેર નાબુદ થઈ ગયું અને હઝરત અબુબકર (ર.અ.) ઝેરની અસરથી મુકત બની ગયા.

ખયબરની જંગ વખતે હઝરત અલી (ક.વ.) આંખોની ઉગ્ર અને પીડાદાયી બીમારીમાં સપડાઈ ગયા. જેને કારણે કાંઈ દેખાતું ન હતું. હુઝુરે પાકે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) લુઆબે દહન મુબારકને એમની આંખોમાં લગાવી દીધો એમની આંખો તેજ વખતે બીલ્કુલ તંદુરસ્ત થઈ ગઈ. આ પ્રકારના અનેકાઅનેક મોઅજીઝાઓ છે. કસીદએ બુરદહ શરીફમાં મતમતાંતરો મુજબ ૧૬૫ અથવા ૧૬૧ અશઆર હોવાનું વધારે મશ્હુર છે. કસીદએ બુરદહ શરીફમાં દસ ફસલ, બાર વિભાગીય પ્રકરણો છે. જેવા કે મેહબુબની યાદ, નફસનું બયાન અને તફસીરોની કબુલાત. હુઝુરે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની અઝમત અને ફઝાઈલ, મીલાદ શરીફનો ઝીક્ર, મોઅજેઝાઓ, હીજરત શરીફ, વહીનું બયાન, હુઝુર ફરીયાદીની ફરીયાદરસી ફરમાવે છે, હુઝુર પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના કુર્આની આયતો દ્વારા અવસાફ, મેઅરાજ શરીફની ગઝવાત, સહાબાએ કીરામની બહાદુરી અને રેહમતુલ લીલ આલમીનથી રહેમ અને સીફારીશની દરખાસ્ત. કસીદએ બુરદહ શરીફમાંની પાંચમી ફસલ મોઅજેઝાઓના બયાનમાં એક ઈમાન પરવર શેઅર છે.

નબઝન બેહી બાઅદા તસ્બીહીન બે બતનેહેમા
નબઝલ મુસબ્બેહે મીન આહશાએ મુલતકીમી

હુઝુર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)નું દુશ્મનો તરફ કાંકરીઓનું ફેંકવું તે વખતે હતું જયારે કે તે કાંકરીઓ હુઝુરે અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના દસ્તે મુબારકમાં તસ્બીહ કરી રહી હતી. (સુબ્હાનલ્લાહ પઢતી હતી) એ એવું ફેંકવું હતું કે જેવું હઝરત યુનુસ (અ.સ.) તસ્બીહની સાથે માછલીના પેટમાંથી નીકળ્યા. (આયતે કરીમા પઢી તસ્બીહ પઢતા પઢતા નીકળ્યા)

મવલાયા સલ્લે વસલ્લીમ દાઈમન અબદન
અલા હબીબેકા ખયરીલ-ખલ્કે કુલ્લેહેમી

ઈમામ બુસયરીની જીવન ઝરમર અને કસીદએ બુરદહ શરીફમાં ચિરંજીવી મોઅજીઝો

ઈમામ બુસયરીનું પુરૂ નામ શર્કુદ્દીન અબુ અબ્દુલ્લાહ મોહમ્મદ બીન સઈદ બીન હમ્માદ અલ બુસયરી (હસન અલ બુસયરી) છે. અરબી છે. અરબી ભાષાના નાઅત કહેનાર શાયરોમાં હઝરત હસ્સાન બીન સાબીત પછી સૌથી વધારે શોહરત શેખુલ ઈસ્લામ હઝરત ઈમામ બુસયરીને હાસીલ થઈ છે. જેમણે બારગાહે રિસાલતમાં અકીદત ખંડણી પેશ કરતા લખેલ કસીદએ–બુરદહ શરીફને સદા માટે ચિરંજીવી હેસીયત હાસીલ થઈ ગઈ.

સરકારે દોઆલમ સલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમની ઝાને વાલા સીફાત સાથે મોહબ્બત અને અકીદત મુસલમાન માટે જુઝવે ઈમાન છે. કોઈ પણ મુસલમાનનું ઈમાન સંપુર્ણ થતું જ નથી જયાં સુધી તેને આપ માટે ધન દોલત, માલ–મિલ્કત, આલ અવલાદ અને પોતાની જાતથી પણ વધુ મોહબ્બત હોય નહિ.

હઝરત હસ્સાન બીન સાબિતથી લઈને અલ્લામા બુસયરી સુધીના સમય દરમ્યાન હજારો કસીદાઓ લખવામાં આવ્યા, જે હુઝુરે પાકના મહાસીન અને સનાથી ભરેલા હતા. પરંતુ આમા બુસયરી કસીદાને જે ખાસ શફતથી નવાઝવામાં આવ્યો તે સઆદત હઝરત બુસયરીનો જ હીસ્સો છે.

મોહમ્મદ બીન સઈદ અલ માઅરૂફ બ અલ્લામા બુસયરી પહેલી શવ્વાલ હીજરી સન ૬૦૮ મુતનબીક ૭ માર્ચ ઈ.સ. ૧૨૧૩માં મીસરના એક કસબા દુલાસમાં પેદા થયા. આપનો સંબંધ સનહાજા કબીલા સાથે હતો. તેથી જ ઈતિહાસકારો આપને સનહાજી અને વિલાદતના સ્થળને લીધે દુલાસી અને રહણાંકના સ્થળને લીધે દુલાસી બુસયરી લખે છે. બુસયર મીસરના એક ગામનું નામ છે.

અલ્લામા બુસયરીએ ૧૩ વરસની ઉમરમાં કુર્આનપાક હીફ્ઝ કરી લીધું અને અન્ય ઈસ્લામી ઉલુમમાં પ્રવીણતા મેળવીને એક પ્રકારનો કમાલ કરી લીધો.

ઈલ્મે હદીસ, સયર (ઈતિહાસ) અને ઈલ્મે કલામમાં શાક્ષર હતા. સાહિત્યમાં નઝમ અને નસર, ગધપધ ક્ષેત્રે નિપુણતા ધરાવતા હતા. એમનું દીવાન (શાયરી) દીવાને– બુસયરી નામે અનેક વખત છપાયું છે, જેના અંગ્રેજી અને જર્મની ઉપરાંત બીજી ઝબાનોમાં તરજુમા મળે છે. હું કોઈ કામ પ્રસંગે, બલ્કે એક કિતાબની તલાશે ઉર્દુ બજારમાં ગયો ત્યારે મને પણ એવા અનેક તરજુમાઓની માહિતી અને જાણકારી મળી હતી. તે વખતના અને આજ સુધીના સાહિત્યકારોએ આપની ઈલ્મી કાબેલીયતને સ્વીકારી છે, બલ્કે પ્રશંસા ખંડણી અર્પણ કરી છે.

ઇમામ બુસયરી, તસવ્વુફ વ્યવ્યાસ, બીમારી અને બારગાહે રિસાલત શર્ફે કબુલિય્યત

ઇમામ બુસયરી તસવ્વુફમાં હઝરત અબુ અલ અબ્બાસ એહમદ અલ મર્સી હીજરી સન ૬૮૬)ના મુરીદ હતા. જેઓ એ સમયના નામાંકિત દુરવેશ હતા. આપની તરબીયતમાં ઉહાની મુકામાત સર કર્યા. આપ એમના જમાનામાં રિવાજ મુજબ આર્થીક ચિંતાઓ દુર કરવા માટે વઝીર ઝયનુદ્દીન યાકુબ બીન ઝુબેરના શાહી કાતીબ હતા. ત્યાર બાદ જુદા જુદા શાહી દરબારો સુધી પહોંચ થઇ ગઇ. જીવનનો એક હીસ્સો જુદા જુદા સ્થળોએ વિતાવ્યા પછી આપે પોતાને સનાખ્વાનીએ રસુલ માટે વકફ કરી લીધા. એ પછી કુચએ–હબીબના ગુણગાન કામ થી બહાર નીકળ્યા નહિ.

અલ્લામા બુસયરીના સમયમાં મીસર ભારે ઇન્કીલાબી દોરમાંથી પસાર થઇ રહ્યું હતું. સુલ્તાન સલાહુદ્દીન ઐયુબીનો ભાઇ મલીક આદીલ મીસર અને સીરીયાનો હુકમરાન હતો. તેની વફાત પછી ઐયુબીઓમાં ખાનજંગી શરૂ થઇ ગઇ. મીસર અને સીરીયા સલીબીઓના હુમલાનું નિશાન હતા. તાતારીઓ ઇસ્લામની અઝમતને મીટાવવા મથી રહ્યા હતા. આ બધું અલ્લામા બુસયરીની નજરો સામે બની રહ્યું હતું.

અલ્લામા બુસયરી દસ વરસ સુધી બયતુલ મુકદ્દસમાં રીયાઝત અને ઇબાદતમાં મસરૂફ રહ્યા. પછી હિજાઝે મુકદ્દસમાં કયામ કર્યો અને પોતાના પીરો મુરશીદના કદમો સુકુનની દૌલત હાસીલ કરતા રહ્યા.

ઇમામ બુસયરી તે વખતે કોઇ બાદશાહના મુશીર હતા. આપે બાદશાહની તારીફમાં અનેક કસીદા લખ્યા. જયારે કે હુઝુરે પાકની નાઅત શરીફમાં કસીદે બુરદહ શરીફ ઉપરાંત (જે તે વખતે લખાયો ન હતો) અનેક કસીદા પણ હતા. એક દિવસે તેઓ બાદશાહના દરબારમાંથી પાછા આવી રહ્યા હતા. અચાનક રસ્તામાં શેખ અબુ રીજા જે એમના મિત્ર અને એક સાલેહ મુત્તકી તથા તે સમયના કુતુબ હતા. તેમની સાથે મુલાકાત થઇ.

શેખ અબુ રીજાએ પુછયું:

"શું આજ રાતે ખ્વાબમાં તમે રસુલુલ્લાહ સલ્લાહો અલયહે વસલ્લમની ઝીયારતથી મુશર્રફ થયા છો?"

આપે ફરમાવ્યું:

"રાતે તો હું રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ઝીયારતથી મુશર્રફ નથી થયો." ત્યાર બાદ શેખ રીજાના કહેવાથી અલ્લામા બુયસરીના દિલમાં હુઝુરે પાકની ઝીયારતનો એક ખાસ જઝબો પેદા થઇ ગયો. અલ્લામા બુસયરી પોતે ફરમાવે છે કે હું ઘરે આવીનેસુઇ ગયો તો ખ્વાબમાં મને રસુલુલ્લાહની ઝીયારત થઇ. મેં હુઝુરે પાકની બારગાહમાં કેટલાક કસીદા પડયા. આંખ ખુલી તો મારું દિલ એ મુકદ્દસ હસ્તીની મોહબ્બત તથા બરકતવંત ઝીયારતથી મસરૂર હતું. ત્યાર બાદ એક પળવાર પણ એ નુરે–મજસ્સમની મોહબ્બત મારાથી અલગ

થઈ નહિ.

ઈમામ બુસયરી ફરમાવે છે કે ત્યાર બાદ એક દિવસે અચાનક મારી ઉપર ફાલીજ પડયો. પક્ષઘાતનો હુમલો થયો. મારા શરીરનો નીચલો ભાગ બીલ્કુલ બેકાર થઈ ગયો. અનેક જાણીતા તબીબોના ઈલાજથી કોઈ ફાયદો નહિ અને બીમારી વધતી ગઈ, દવા કરી તેમ તેમ દિવસે દિવસે મારી નબળાઈ વધતી ગઈ. હું તંદુરસ્તીની ખરાબીને લીધે ચિંતામાં અને ગમગીન રહેતો હતો અને અલ્લાહની હુઝુરમાં દુઆ કરતો રહેતો.

અલ્લાહ ઝુલજલાલ, કારસાઝે હકીકી અને મુસબ્બેબુલ અસબાબે આપના દિલમાં નાખ્યું કે હુઝુર રિસાલતે મઆબ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની નઅત અને મદહમાં એક કસીદો લખવામાં આવે.

ઈમામ બુસયરીએ એક કસીદો લખ્યો અને અલ્લાહની હુઝુરમાંપોતાની બીમારી દુર થવા માટે તેને માત્ર વસીલો અને ઝરીઓ ઠેરવ્યો.

જુમ્આની મુબારક રાત હતી. એકાંતમાં કસીદો અકીદતપુર્વક પઢતા રહ્યા અને ઈમામ બુસયરી રહેમતુલ્લાહ ઉપર નીંદ છવાઈ ગઈ. ખ્વાબમાં જોયું કે તેઓ દરબારે રિસાલતમાં હાજરછે અને હુઝુર પાકની રૂબરૂ કસીદો પડી રહ્યા છે અને હુઝુર રિસાલત મઆબ સાંભળીને ખુશ અને મસરૂર થઈ રહ્યા છે. જયારે આપ "કમ અબરઅત..." વાળા બયત પર પહોંચ્યા તો હઝરત મેહબુબે રબ્બુલ આલમીને ઈમામ બુસયરીને "બુરદએ-યમાની" (યમની ધારીવાળી ચાદર) એનાયત ફરમાવી.

કસીદો શરીફ પુરો થતા હુઝુર અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે અલ્લામા બુસયરીના શરીર પર પોતાનો મુબારક હાથ ફેરવ્યો એ સાથે જ આપની આંખ ખુલી ગઈ. સમસ્ત વાતાવરણ અલૌકીક ખુશ્બુથી મોઅત્તર હતું અને શરીર ઉપર ફાલીજની કોઈ અસર સુધ્ધાં બાકી રહી ન હતી. જાણે કે કોઈ જાતની બીમારી હતી જ નહિ. સંપૂર્ણપણે તંદુરસ્ત હતા. ઉપરાંત બારગાહે રિસાલતમાંથી અતા થયેલ ચાદર શરીફ પણ જીસમ પર મોજુદ હતી.

મવલાયા સલ્લે વસલ્લીમ દાઈમન અબદન
અલા હબીબેકા ખયરીલ-ખલ્કે કુલ્લેહેમી

અલ્લામા બુસયરીએ બારગાહે ઈલાહીમાં શુકરાના અદા કર્યો, જેણે પોતાના મેહબુબ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની બરકતથી આપને સંપુર્ણ શીફા અતા ફરમાવી હતી. સવારે અલ્લામા બુસયરી કોઈ જરૂરત પર બજારમાં તશરીફ લઈ ગયા તો સામે આવીને એક દેરવેશે સલામ કર્યો અને કસીદો નકલ કરી લેવાની ઈજાઝત માંગી. અલ્લામાએ ફરમાવ્યું:

"મેં હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની મદહમાં અનેક કસીદા લખ્યા છે અને આપને કયા કસીદાની નકલ દરકાર છે?"

દુરવેશે કહ્યું:

"તે કસીદો, જેની શરૂઆતમાં "અમીન તઝીકકોરે જીરાનીમ" છે. અર્થાત આ શે'અરથી કસીદાની શરૂઆત થાય છે.

પુરો શેઅર આ મુજબ છે:

અમીન તઝક-કોરે જીરાનીમ બેઝી સલમી
મઝજતા દમ્અન જરા મીમ-મુકલતીન બેદમી

શું તે મીસલમના સ્થળના પાડોશીઓની યાદમાં આંસુઓને જે તારી આંખમાંથી સરી રહ્યા છે. લોહી ભીના કરી લીધા છે.

મીસરના પાડોસીઓની યાદમાં લોહીના આંસુ સારવાનો ઉલ્લેખ કરીને અલ્લામાએ ઇશ્કની અમાનત અને મોહબ્બતના રાઝને છુપાવી લેવાનો પ્રયાસ કર્યો છે જેથી મખસુસ મેહબુબનું પવિત્ર નામ પરદામાં રહે.

મસસલમ એક ઝાડનું નામ છે. હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમ જયારે મક્કા મોઅઝમાથી હિજરત ફરમાવી મદીનહે મુનવ્વરા તશરીફ લાવી રહ્યા હતા તો રસ્તામાં એ જ ઝાડની નીચે આરામ ફરમાવ્યો હતો. અમુક મીસલમનું અર્થઘટન રવઝએ મેહબુબ, ગુમ્બદે ખીઝરાનું કર્યુ છે.

અલ્લામાએ આશ્ચર્યચકિત બનીને દરયાફ્ત કર્યુ:

"કસમ અલ્લાહની! અત્યાર સુધી મારા આ કસીદાથી કોઇ શખ્સ વાકેફ નથી. સાચું બતાવો, આપે કયાંથી સાંભળ્યું?"

દુરવેશે કહ્યું:

"અલ્લાહની કસમ! મેં તેને ગઇ રાતે સાંભળ્યો હતો." અને રાતના ખ્વાબના મુબારક અહેવાલને શરૂથી આખર સુધી સંભળાવી દીધો અને ફરમાવ્યું:

"હુ પણ એ વખતે બારગાહે રિસાલત પનાહ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)માં મોજુદ હતો.

અલ્લામા બુસયરીએ કસીદાની નકલ એમને આપી દીધી.

દુરવેશે વધુમાં ફરમાવ્યું:

"મેં આપને હુઝુરપાકની રૂબરૂ દરબારે નબવી શરીફમાં એ કસીદો પઢતા જોયા અને હુઝુર પાક સુરૂરના આલમ (અવસ્થા) માં એવી રીતે હલી રહ્યા હતા જેવી રીતે ફળથી ભરેલ ડાળી પવનની લહેર પર ઝુમે છે." ત્યાર બાદ એ કસીદાની ઇશાઅત ચોતરફ થઇ ગઇ.

આ મુબારક કસીદાના ત્રાણ નામ છે. એક તો બુરદહ, જે મશહુર છે. "બરદ" અરબીમાં ખુનકી રાહત અને આરામને કહે છે. આ કસીદો સાંભળવા અને પઢવાથી દિલ અને રૂહને આરામ અને રાહત હાસીલ થાય છે અથવા બુરદહ યમની ચાદર શરીફ ને ખ્વાબમાં અલ્લામા બુસયરીને બારગાહે નબવીથી અતા કરવામાં આવી હતી. બીજું નામ "બુરાઅ" છે એટલે મરઝથી શીફા થવી. અલ્લામાને મરઝથી નીઝાત (છુટકારો) મળ્યો હતો. (૩) "બરદીયા" એટલે વિવિધ રંગની ધારીવાળી ચાદર. આ કસીદામાં ઇશ્કે રસુલના વિવિધ રંગો ચમકતા નજરે પડે છે. એહલે દિલ સદીઓથી કસીદએ બુરદહ શરીફનો વીર્દ કરી રહ્યા છે. સલાતો

સલામ અને મનકબત હુઝુરે પાક પ્રત્યે અકીદત અને મોહબ્બતના ઇઝહારના વિવિધ રંગોને સહારે આશીકાને રસુલ સમસ્ત કાયેનાત પર છવાયેલા રહ્યા. કસીદએ બુરદહની શરહ અને તરજુમા લગભગ હરેક મુખ્ય ભાષામાં છપાઇ ગયા છે.

કસીદએ બુરદહમાં એક રૂહાની અને વજદાની દાઅવત મોજુદ છે. એ જ રૂહાની અસરને લીધે કસીદએ બુરદહને યાદ કરવામાં આવે છે. ઇમારતો પર સોનેરી શબ્દોમાં નકશીકામ દ્વારા લખાય છે એટલે સુધી કે તુર્કીની સલતનને ગુમ્બદે ખીઝરા અને મસ્જીદે નબવી શરીફના ભાગોમાં તેને નકશ કરાવ્યો હતો, જેને હાલની સરકારે મીટાવી દીધો છે. ઉપરાંત કસીદએ બુરદહની એ જ અસરને લીધે તેને જુદા જુદા શેઅરોનો વીર્દ કરાય છે. નાવીઝ પણ બનાવાય છે અને સુફીયા અને અવલીયાએ કીરામ તથા મશાએખોની મજલીસો –મહેફીલોમાં પઢાય છે. મશાએખો આલીમોએ એક વખત નહિ, હજાર વખત કસીદએ બુરદહ પઢયો. ઉમ્મતના લાખો સાલેહ અને મકબુલ શખ્સો કસીદહ બુરદહ પઢતા બારગાહે નબુવ્વતમાં બારયાદ થઈ ગયા. હીજરી સન ૬૯૦માં ૮૮ વરસની ઉમરે અલ્લામા બુસયરીની વફાત થઈ. મઝાર મુબારક ઇસ્કન્દરીયા (મીસર)માં છે અને મઝારની અંદરની તરફ સોનેરી હર્ફોથી કસીદએ બુરદહ શરીફ લખેલો છે:

હવે અમારી આગામી મંઝીલ ઇસ્લામના એ નામાંકિત શૂરવીર અને સલીબી જંગના મહાન ફાતેહ સુલ્તાન સલાહુદ્દીન ઐયુબીના મઝાર પર ફાતેહા પઢવા જવાની હતી. હું આગળ વધવાની તૈયારીમાં જ હતો કે એકાએક મારા મગજમાં એક રૂહાની ઝબકાર થયો. મારી યાદદાશ્તમાં હઝરત ઐયુબ અન્સારી રદીયલ્લાહો અન્હાના મુબારક મઝારનું દ્રશ્ય ઉપસી આવ્યું, જે તુર્કીના ઇસ્તમ્બુલ શહેરમાં આવેલ છે. મારા મિત્રો અને વાંચકો, જેઓ મિલ્લતમાં મારી સીરીયાની સફરની દર સોમવારે પ્રગટ થતી લેખમાળા રસપૂર્વક વાંચે છે અને બાદમાં માર્કેટ ખાતેની મારી ઓફીસમાં આવીને ફોન દ્વારા તે અંગે ચર્ચા કરી તરેહવારના સલાહ સુચનો પણ માંગે છે એટલું જ નહિ ઘણી બાબતોનો આગ્રહ પણ કરે છે. કેટલાક મિત્રો જેમાં મેમણ ગુજરાતી બીરદરીના પ્રતિષ્ઠીત અગ્રેસર નેતાઓ પણ શામેલ છે તેમનું કહેવું છે કે સીરીયાની આસપાસના મુસલમાન દેશોમાં આવેલ બરકત વંતી જગ્યાઓ તથા ઝીયારતોનો ઉલ્લેખ આ લેખમાળામાં, હાજી સાહેબ તમે કરો તો વાંચક વર્ગ ઉપરાંત આગામી નસલને એવી એવી માહિતી તથા જાણકારી મળશે, જેનો અજર તમને મળશે.

મહાન આશીકે રસુલ સહાબીના મઝાર મુબારક પર હાજરીની સઆદત

હઝરત રસુલે પાકના એ મેઝબાન સહાબીના મઝાર પર ફાતેહા પઢવાની અને હાજરી દેવાની ઈસ્તમ્બુલના પ્રવાસ દરમ્યાન મને ભારે ઉત્કંઠા હતી. મઝાર મુબારક ઈસ્તમ્બુલના અત્યંત દક્ષીણ પૂર્વ ભાગમાં આવેલ છે. રસ્તામાં કુસ્તુનતુનીયા પ્રાચીન શહેરના કિલ્લાની એ જુની ફસીલો, રાંગો તથા ઉંચી ઉંચી દિવાલો પણ જોવા મળી, જે કોઈ જમાનામાં જીતી ન શકાય તેવી ગણાતી હતી અને આખી દુનિયામાં મશહુર હતી. પરંતુ આજે તેના ખંડેરો જ ભવ્ય ભુતકાળના શાનની દાસ્તાનો સંભળાવે છે. આ સ્થળ જામે ઐયુબીયાના નામે મશહુર છે અને હઝરત ઐયુબ અન્સારી (ર.અ.) નો મુબારક મઝાર પણ ત્યાં જ છે. હઝરત ઐયુબ અન્સારી (ર.અ.) કોઈ પણ મુસલમાન માટે તાઅરૂફના મોહતાજ નથી. આપનું મૂળ નામ ખાલીદ બીન ઝૈદ હતું. આપ જ એ ખુશનસીબ સહાબી છે, જેમને હુઝુરે પાકની મદીના શરીફની હીજરત પછી એક મહીના સુધી આપ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની મેઝબાનીનો શર્ફ હાસીલ થયો. આપ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની ઉટણી નાકએ કસવા હઝરત ઐયુબ અનસારીના મકાન પર જ આવીને રોકાણી હતી.

ઈસ્તંબુલનું જુનં નામ કુસ્તુનતુનીયા હતું.

ઈસ્તંબુલ તેની ભૌગોલીક અને ઐતિહાસીક માળખાને લીધે એક આગવું શહેર છે. જેની ઘણી બધી ખુબીઓ અને વિશીષ્ટતાઓ છે. આ શહેરના જેટલા નામો રહ્યા છે કદાચ દુનીયાના બીજા શહેરોના એટલા નામ નહી રહ્યા હોય. તેનું પ્રાચીન નામ ઝારગરાદ હતું પછી મેકલાગરાદ થયું. યુનાની યુગમાં આ શહેરનું નામ બેઝન્ત્રા પડી ગયું. ત્યારબાદ ઈ.સ. ૩જી સદીમાં રૂમી બાદશાહ કુસ્તુનતીના (કોન્સ્ટન્ટીનોપલ) થઈ ગયું. અરબી ઈતિહાસકારો તેને મદીનુત–ર–રૂમ પણ કહે છે એક નામ હીપોલીસ પણ છે જેનો અર્થ શહેર થાય છે. મુસલમાનોના કબ્જામાં આ શહેર આવ્યું તો તેને ઈસ્તંબુલ કહેવા લાગ્યા. બાદમાં ઈસ્લામબુસ કહેવાયું. ઉસ્માની ખીલાફત કાળમાં તેનું સરકારી નામ કુસ્તુનતુનીયા જ રહ્યું. એટલે સુધી ખીલાફત ખતમ થઈ તો ઈ.સ. ૧૯૩૦માં તેનું સરકારી નામ ઈસ્તંબુલ થઈ ગયું અને આ શહેર એજ નામથી આજે જાણીતું છે.

હુઝુરે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના એ મહાન સહાબી હઝરત ઐયુબ અન્સારી પોતાના વતનથી હજારો માઈલ દુર અલ્લાહ તઆલાના દીનનો પયગામ લઈને આવ્યા અને અહીજ આ ફાની જગતથી પરદો ફરમાવી ગયા. ઈસ્તંબુલનો અર્ધો ભાગ એશીયામાં અને અર્ધો હીસ્સો યુરોપમાં આવેલ છે. આ દુનીયાનું એકમાત્ર શહેર છે જે બે મોટા ખંડોની વચ્ચે વહેંચાયેલું છે. આ શહેર સલ્તનતે ઉસ્માનીયાનું લગભગ પાંચસો વરસ સુધી પાયેતખ્ત (રાજધાની) રહ્યું તેને એ દરમ્યાન પુરા આલમે ઈસ્લામમાં કેન્દ્રય સ્થાન હાસીલ રહ્યું.

હઝરત અનસ (ર.અ.) ની માસી ઉમ્મે હરાજ બીન્તે મલ્હાન હુઝુરે પાક(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના રઝાઈ રીશ્તેદાર હતા. એક દિવસે આપ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એમના ઘરે બપોરે સુતા હતા કે અચાનક બેદાર થયા તો આપના ચહેરા પર મુશ્કુરાહટ હતી. દરયાફ્ત કરતાં ફરમાવ્યું:

"ખ્વાબમાં મને મારી ઉમ્મતના લોકો દેખાડવામાં આવ્યા જેઓ જેહાદ માટે દરીયાના મોજાઓ પર એવી રીતે સફર કરશે જાણે તખ્ત પર બાદશાહ બેઠા હોય."

ઉમ્મે હરાજે અરજ કરી !

યા રસુલુલ્લાહ ! દુઆ ફરમાવી દો કે અલ્લાહ તઆલા મને પણ શામેલ ફરમાવે.

આપે દુઆ ફરમાવી અને ફરીવાર સુઈ ગયા. થોડીવાર પછી બેદાર થયા. મુબારક ચહેરા પર તબસ્સુમ ખીલેલું હતું. પુછતાં ફરમાવ્યું:

"મારી ઉમ્મતનું પહેલું લશ્કર જે કયસર (રૂમ)ના શહેર (કુસ્તુનતુનીયા) પર જેહાદ કરશે તેની મગફેરતની બશારત દેવામાં આવી છે."

હઝરત અમીર મઆવીયા ના ખીલાફ્ત કાળમાં જયારે કુસ્તુનતુનીયા પર પહેલો હુમલો થયો તો તેમાં ઘણાં બધા જલીલુલ કદર સહાબીઓ શામેલ હતા જેમાં હઝરત અૈયુબ અન્સારી પણ હતા.

હુઝુરે પાકની મદીનએ મુનવ્વરામાં તશરીફ્ આવરી થઈ તો મેઝબાનીનું સદભાગ્ય હઝરત અૈયુબ અન્સારીને હાસીલ થયું. આપે નીચેના રૂમમાં હુઝુરે પાકને ઉતારો આપ્યો. જેથી લોકોને આવવા જવામાં સહુલત રહે. અને હઝરત અૈયુબ અન્સારી એમની પત્ની સાથે ઉપરના રૂમમાં રહેવા લાગ્યા. આપ હુઝુરે પાકનો એટલો અદબ કરતા હતા કે રાત્રે સુની વખતે રૂમના ખુણામાં ભરાઈને બંને પતી પત્ની રાત વીતાવતા. એક વખત ઉપર રૂમમાં પાણી ઢોળાઈ ગયું. એમને ખતરો લાગ્યો કે પાણી કયાંક ટપકીને સરકારને તકલીફ્ ન પહોંચાડે. તેથી આપ અને એમની પત્ની ચાદરથી પાણી જઝબ કરતા રહ્યા. પહેલું લશ્કર કુસ્તુનતુનીયા પર હુમલા માટે રવાના થયું તો હઝરત અૈયુબ અન્સારી (ર.અ.)પણ તેમાં શામેલ હતા. શહેરનો ઘેરાવ લંબાઈ ગયો. એ દરમ્યાન આપ બીમાર પડી ગયા. લોકોએ અરજ કરી:

કંઈ ખીદમત હોય તો ફરમાવો.

જવાબમાં ફરમાવ્યું:

"બસ મારી એક જ ખ્વાહીશ છે અને તે એ છે કે જયારે મારો ઈન્તેકાલ થઈ જાય તો મારી લાશને ઘોડા પર નાખીને દુશ્મનની સરઝમીનમાં એટલી દુર સુધી લઈ જવાનું શકય હોય, લઈ જજો અને ત્યાં લઈ જઈને દફ્નાવી દેજો."

આ બનાવ હીજરી ૪૯નો છે. ઈતિહાસમાં છે કે આપની વસીયત પર અમલ કરવામાં આવ્યો. જનાઝો કુસ્તુનતુનીયાના કિલ્લાની ઊંચી ફસીલો સુધી લઈ જવામાં આવ્યો. રૂમીઓ આ દ્રશ્યને હયરત પામીને જોઈ રહ્યા હતા. મુસલમાન મુજાહીદોએ કહ્યું આ અમારા પયગમ્બરના નામાંકિત સહાબી છે. જો તેમની કબર સાથે કોઈ ગેરવર્તનકરાયું તો પછી આ

વિસ્તારમાં "નાકુસ" કદી લાગશે નહિ.

ઈતિહાસ સાક્ષી છે કે બાદમાં આપને જ કુસ્તુનતુનીયાના અસલ ફાતેહ ગણવામાં આવ્યા, જેમના ઝરીએ આ સરઝમીન પર પહેલી વખત ઈસ્લામનો કલ્મો પહોંચ્યો અને આપના વસીલાથી આ પાક જમીનને એક સહાબીનું મદફન બનવાની સઆદત હાસીલ થઈ.

"આલે ઉસ્માન"ના સુલતાનો ઈસ્તમ્બુલના આ સ્થાન અટલે કે જામેઅ અબુ ઐયુબને મુકદ્દસતરીન સમજતા હતા અને એવી પ્રણાલીકા ચાલુ રહી કે જયારે નવા સુલ્તાનની તાજપોશી આજ મસ્જીદમાં થતી રહી હતી, જેના માટે એક ખાસ જગ્યા બનેલી છે, જે આજે પણ મોજુદ છે. તાજપોશી– રાજયભીષેકની રસમમાં તાજ પહેરાવવાને બદલે સુલ્તાન ઉસ્માન ખાનની તલ્વાર નવા સલ્તાનને બાંધવામાં આવતી હતી. કહેવાય છે કે દુનિયામાં ચાર કુદરતી ખુબસુરત શહેરોમાંથી એક ઈસ્તમ્બુલ છે. મોસમ લંડન માફક ઠંડો હોય છે. કહેવાય છે કે કોઈ કૃત્રિમ ખુશબુથી વધારવાનો ઈસ્તમ્બુલ મોહતાજ નથી અને જરૂરત પણ નથી. કાળા સમુદ્રની આસપાસ વસેલું આ શહેર જોવાલાયક છે. વિમાનમાંથી ઉતર્યા તો એક નવીનતા જોઈ. ઈમીગ્રેશન ફોર્મ આપેલ નહિ પુછતાં માલુમ પડયું કે ઈસ્તમ્બુલમાં ઈમીગ્રેશન ફોર્મ ભરવાની જરૂરત નથી. એરપોર્ટ બીલ્ડીગમાં દાખલ થયેલા વિમાનમાં વેરાવળ ના મજીદ કશરાથી મુલાકાત થઈ તો તેમણે પોતાની ફેમીલી સાથે સથવારો કરવા અને એક જ હોટલમાં ઉતરવાનું કહેલ. ઈસ્તમ્બુલની જરૂરી માહિતી અને કઈ હોટલમાં ઉતરવું તે સર્વે નક્કી કરી રાખેલ. મારો પુત્ર બે મહીના પહેલાં ફેમીલી સાથે ઈસ્તમ્બુલ જઈ આવેલ. તેની સાથે મારા મિત્ર યાકુબ મુંડીયા અને તેમની ફેમીલી ગઈ હતી. તેમની પાસેથી જાણકારી મેળ વી લીધી હતી. એરપોર્ટ પર લગેજ સામાન આવે તે પહેલાં મારી ફેમેલી અને મારા નાના પુત્ર અને મજીદભાઈને સામાન માટે રોકીને હું હોટલ બુક કરાવવા બહાર એરપોર્ટ પર એવીસ નામે એજન્ટની ઓફીસમાં પહોંચી ગયો, જેમાં ગામજી નામે યુવતી સત્કારવા બેઠી હતી. મેં હોટલ સી સુનાયમાં સાત જણ માટે બુકીગ માંગી અને તેણે મારા પુત્ર આરીફનો હવાલો આપીને કહેલ કે તેમની ફેમીલીએ પણ અહીયાથી હોટલ બુક કરાવી હતી. પુરતી માહિતી વીના હોટલ પર સામાન લઈને પહોંચી જાવ તો હોટલના ભાડામાં જ લુંટાઈ જવાય અને ફરવાનો ઉત્સાહ ભાંગી પડે. મારા એક મિત્ર એક અઠવાડિયા માટે ઈસ્તમ્બુલ ગયેલ અને પુરી માહિતી વગર ગયેલ. પરિણામે બે દિવસમાં પાછા આવેલ.

સ્વીટ રૂમના લીસ્ટ પર ૧૮૦ ડોલર ભાવ હતો. ૫૫ ડોલરમાં બે રૂમ અને ત્રણ બેડ અને એક સોફા કમ બેડ હતો. મેં બે રૂમ લીધા અને ૭૫૦ ડોલર. સાત દિવસના રોકડા એડવાન્સમાં આપેલ. જો કે ૭૭૦ ડોલર થાય. આપણી વેપારી વૃત્તિ મુજબ વીસ ડોલર ઓછા કરાવેલ. એક કલાકની ભાગદોડ અને કોશીષ બાદ ફેંસલો થયેલ મજીદભાને પણ એક બે રૂમનો સ્વીટ લઈ લીધેલ.

બીજા બે ત્રણ એજન્ટોની ઓફીસો હતી ત્યાં પણ જઈને પુછપરછ કરી તો કેટલાકે

ભાવ કહેલ એક માણસના પચાસ ડોલર લાગશે. અને મને ખાત્રી થઈ ગઈ કે હોટલ સેનાદમાં જવું એટલે મેં જલ્દી બુક કરાવી લીધેલ. મારી ફેમીલી પણ આવી ગઈ. હોટલની બસ આવીને અમને લઈ ગઈ. એરપોર્ટની આવક જાવક અને સવારનો નાસ્તો સાથે હતો અને દસ ટકા સર્વીસ ચાર્જ લાગે છે. બસમાં બેસીને અમે હોટલ તરફ રવાના થયા. માર્ગમાં હરીયાળી, સમુદ્રના પાણી અને મસ્જીદો જોવા મળી. મસ્જીદો જોઈને યાદ આવ્યું કે ઈસ્તમ્બુલ પુરાતન મસ્જીદોનું શહેર કહેવાય છે જયાં ચાર પાંચ હજાર મસ્જીદો છે. બીલ્ડીગો જોઈ એક વાત ખાસ ધ્યાન ખેંચી ગઈ કે બહારમાં કાચવાળી ખીડકીઓ અને પાકી બીલ્ડીગો ત્રણ ચાર માળની નજરે પડેલ. કોઈ ઝરૂખાવાળી કે ટીપટીપો ડીઝાઈન કરાચી જેમ જોવા મળેલ નહિ. પહેલાં તુર્કીની એક એકટ્રેસ ફિલ્મોમાં કામ કરવા પાકિસ્તાન આવી હતી. તેણે અખબારમાં એક નિવેદન આપેલ કે કરાચી અને પાકિસ્તાનમાં બસો તથા ટ્રકો તેમ જ બીજા વાહનોની ખુબ સજાવટ કરીને બહોળો ખર્ચ કરાય છે તે મારી સમજમાં નથી આવતું. બસો અને બીજા જાહેર વાહનો સાદગી ભરેલ. તુર્કીમાં સજાવટનો કોઈ ફાલતું ખર્ચ નહિ. ખેર ટ્રાફીક હોવા છતાં અમે અર્ધો કલાકમાં હોટલ પર પહોંચી ગયા.

મદીના મુનવ્વરા જતી વખતે બે ત્રણ ફેમીલીઓ જીદ્દાહથી ઈસ્તમ્બુલ ગઈ હતી. તેમની મુલાકાતો થઈ હતી. તેમાંથી હારૂન ડાડા મક્કામાં મળેલ તેમણે કહ્યું હતું:

"ઈસ્તમ્બુલમાં શરદી બહુ જ છે. ગરમ ટોપી રાખશો અને કાન પણ ખુલ્લા ન હોય અને તમે પહોંચશો તો શરદી વધારે હશે. વરસાદ પણ આવ્યા કરે છે. છત્રી પણ લઈ લેશો અને સુરજ અઠવાડીયામાં એક વખત નીકળે. તે વખતે મને જરાક મુંઝવણ થયેલ. અમે હોટલે પહોંચીને અનુભવ્યું કે ઠંડક હતી પણ બરદાસ્તથી બહાર ન હતી. ૧ નવેમ્બરથી ઠંડીની મોસમ ડીકલેર થયેલ. અમે ઘડીયાળનો વખત એક કલાક પાછળ કરી દીધેલ.

હું, મજીદભાઈ અને મારો પુત્ર ત્રણેય હોટલની બહાર નીકળીને ખાવા માટે કંઈક ફેમીલી માટે હોટલમાં જ લઈ જવાનું નક્કી કર્યું. દ્યા વાગે ઈશાની અઝાન થઈ ગયેલ. હોટલો જોતા હતા. જગ્યા જગ્યા ઉપર સ્કેરમા ઉપરાંત જેને તુર્કીમાં ડોનર (કબાબ) કહે છે તે કદમ કદમ પર વેચાય છે અને એક લાખ લીરામાં એક એક ડોનર કબાબ હતા. રા લાખ લીરામાં કોકાકોલાની મોટી બોટલ ખરીદી. મારી ફેમીલીએ તુર્કીમાં પહેલું ડીનર ત્રણ મીલીયન લીરામાં કરેલ. ખાવામાં પુરો સંતોષ થયો નહિ. હોટલવાળાને નાસ્તાનું પુછયું તો તેણે ટાઈમ ૭થી ૧૧ બતાવેલ, જે ભાડામાં શામેલ હતો. તુર્કીના ચલણ લીરાની હાલત ઘણી જ ખરાબ છે. ૧૯૯૫માં એક ડોલરના ૨૦૦૦૦૦ લીરા મળે છે. અમે લીરાનો હીસાબ રાખેલ કે એક લાખ લીરા પચ્ચીસ રૂપીયાની બરોબર થાય.

હોટલ ઠીક ઠીક હતી. સર્વીસ સારી હતી. ફ્રીજ હતું, જે ઠંડી હોવાને કારણે બેકાર હતું ફ્રીજ ખોલીને જોતાં તેમાં સોફ્ટ ડ્રીક સાથે બે ત્રણ પ્રકારના શરાબના નાના મોટા બાટલા હતા, જે જોઈને મનમાં મને ગુસ્સો આવેલ. મુસ્લીમ દેશમાં જયાં અંદાજે ૯૯ ટકા મુસલમાન

વસે છે શરાબ આમ છે. મેં ઈન્ટરફોન ટેલીફોનથી રીસેપ્સનીસ્ટને કહેલ કે ફ્રીજની અમને જરૂરત નથી, લોક કરી જાવ. ફ્રીજમાં લોક ન હોઈ મેં કહ્યું કે શરાબની બાટલીઓ અહીથી ઉપાડો. વેઈટર આવીને અમારા બંને રૂમોમાંના ફ્રીજમાંથી શરાબના બાટલા લઈ ગયેલ. તેથી અમને સંતોષ થયેલ. ત્યાર બાદ અમે બધાએ સુવાની તંયારી કરીને પથારી પર લંબાવીને બત્તી બુઝાવી નાખી અને બધા ઘસઘસાટ ઊંઘી ગયા. સવારે ૬ા વાગે અઝાનના અવાજ શરૂ થયેલ. કીબ્લારૂખ રાને જ માલુમ કરી લીધેલ હતો ને મુજબ મારી માતાજી અને પુત્રીઓ વગેરે સવારે ફજર નમાઝ પઢી અને પછી નાશ્તાના માટે ગયેલ.

તુર્કીમાં પણ પશ્ચિમના આંધળા અનુસરણ અને રીતરિવાજની નકલીદની સર્વત્ર ઘેલછા નજરે પડે છે. નાશ્તાના ટેબલ પર બુફે નાશ્તો લાગેલ હતો. ઓરેન્જ જયુસ બાફેલ અંડા, ત્રણ પ્રકારના ફ્રુ બાર જામ જેલી બ્રેડ અને બે ત્રણ તુર્કી ટાઈપના અભાર અને બીફ સ્લેસ, ચા, કોફી વગેરે, સારો નાશ્તો મળેલ તેથી ખુશી થઈ . પણ ચા સાવ લાઈટ જે આપણી આદત મુજબ આપણને કડક ચા જોઈએ. મેં તો કોફીથી ગુજારો કરેલ પણ મારી વાલીદાને મજા આવી નહિ. બીજા દિવસે ટી બેગનું પેકેટ લઈ લીધેલ. એક કપમાં એક ટી બેગ નાખતા કામ ચાલી ગયેલ. નાશ્તો સારો હોવા છતાં મને યુરોપ એમસ્ટર્ડમ હોલેન્ડમાં ૧૦ વરસ પહેલાં ફાઈવ સ્ટાર હોટલમાં જે બુફે નાશ્તો કરેલ તે યાદ આવી ગયું. એ નાશ્તાની જોડ દુનિયામાં કયાંય પણ મળે નહિ અને કયાંક વાંચ્યા મુજબ હોલેન્ડનો નાશ્તો દુનિયામાં મશહુર છે જયાં વીસ પ્રકારના જયુસ હતા અને નાશ્તામાં લગભગ એકસો (૧૦૦) જેટલી આઈટેમો હતી, તેથી હોલેન્ડનો નાશ્તો આખી દુનિયામાં વખણાય છે અને પહેલા નંબરે ગણાય છે.

તુર્કીમાં ઠેરઠેર હાય–હલ્લો સંભળાય, સલામ કરવાનો રિવાજ બહુ જ ઓછો. અમે રોકાયેલ તે હોટલ સીસુનાયના માલીકની બીજી પણ છ હોટલો અને એક ટુરીસ્ટ કંપની હતી. દર કલાકે એરપોર્ટ પર એક બસ કંપનીની જાય, હોટલ માલીકના છ પુત્રો હતા, તેમાંનો મોહમ્મદ નામે પુત્ર સીસુનાય હોટલનો મેનેજમેન્ટ સંભાળે. તેનાથી પરિચય થઈ જતાં વાતચીત શરૂ કરેલ. તેને મેં કહ્યું હતું કે તમારી ટુરીસ્ટ સર્વીસને બદલે અમે અમારી મરજી મુજબ જવા માંગીએ છીએ.

ખેર, એની સમજમાં વાત આવી ગઈ. એણે ૧૨થી ૫ વાગ્યા સુધી ટોયોટા હાઈ એકસ વેગનનો બંદોબસ્ત કરી આપ્યો. ૯૦ ડોલર નક્કી થયેલ. હું મનમાં ખુશ કે આજની ટુર ૬૦ ડોલરમાં પતી જશે. મજીદ બસરા સાથે ભાગીદારી હતી ૩૦ ડોલર એમના ભાગના હતા. અમે ૧૨ વાગે રવાના થયા.

તુર્કીમાં ભાષાનો બહુ જ મોટો મસઅલો અને સમસ્યા છે. અંગ્રેજી જાણે નહિ, કોઈ કોઈ થોડું અરબી સમજે.

તુર્કીની મશહુર ખીલાફત ઉસ્માનીયાના બાની સ્થાપક સુલ્તાન ગાઝી ઉસ્માન ગણાય છે. તેના નામે જ આ સલ્તનતનું નામ “ઉસ્માનીયા” રખાયું હતું. આ પહેલા આપણે જોઈ

ગયા છીએ કે ઈસ્તમ્બુલ પર અનેક હુમલા થયા હતા. કુસ્તુનતુનીયાને ફતેહ કરવાનો યશ આલે ઉસ્માન વંશના સાતમા યુવાન ખલીફા સુલ્તાન મોહમ્મદ ફતેહને ફાળે જાય છે. આ યુવાન શેહઝાદાએ ૨૨ વરસની ઉમરે ખીલાફતનો કારભાર સંભાળ્યો હતો.

કુસ્તુનતુનીયાની ફતેહમાં સૌથી મોટી રૂકાવટ તેનું ભૌગોલીક સ્થાન હતું. ઉપરાંત એક મોટી રૂકાવટ યુરોપવાસીઓ તરફથી કાળા સમુદ્રને માર્ગે મળતી મદદ હતી, જે બાસ્ફોરસ દ્વારા પહોંચી હતી, જેના પૂર્વ તરફના (એશીયામાંના) કાંઠા પર બાયઝીદ અલદરમે એક કીલ્લો બંધાવ્યો હતો, જે અત્યારે પણ "અનાઝુલ" નામે મોટી દિવાલ તરીકે મશ્હુર છે. સુલ્તાન મોહમ્મદને લાગ્યું માત્ર આ કીલ્લો બાસ્ફોરસ નામે ખાડી પર કન્ટ્રોલ માટે પુરતો નથી તેથી તેણે એ કીલ્લા સામે યુરોપીય કાંઠે એક મજબુત કીલ્લો બંધાવ્યો. જે રોમેલી હીસાર કહેવાય છે. આ રીતે ખાડીમાંથી પસાર થનાર દરેક સમુદ્રી જહાઝ ઉસ્માની ફોજોની બંને તરફની ફોજોના નિશાન પર આવી ગયું.

કુસ્તુનતુનીયાના કીલ્લાથી દિવાલોને તોડવા માટે મામુલી તોપો પુરતી ન હતી, તેથી સુલ્તાને પીતળની એક એવી તોપ તૈયાર કરી, જેના જેવી એક પણ તોપ તે વખતે દુનિયામાં ન હતી. આ તોપથી અઢી ફુટ ઘેરાવાનો અઢી મણ વજનના ગોળાને એક માઈલના અંતર સુધી ફેંકી શકાતો હતો. જયારે આ તોપનો પહેલો અખતરો કરવામાં આવ્યો તો ગોળો એક માઈલ દુર જમીનમાં છ ફુટ ઊંડો ધસી ગયો હતો.

કુસ્તુનતુનીયા શહેર ફરતે મજબુત કીલ્લો હતો અને તે ખાડી અને "ગોલ્ડન હોર્ન" અર્થાત સોનેરી શીંગડું નામે સમુદ્રના પાણીથી ઘેરાયેલો હતો. આ પાણીના ભરાવાની વિશાળ જગ્યા શીંગડાની આકારની તેમ જ પાણી સોનેરી રંગનું હોઈ "ગોલ્ડન હોર્ન" કહેવાય છે જયારે શહેરના પૂર્વ તરફ જમીન છે. તેથી આ શહેરને ફતેહ કરવા માટે શકિતશાળી સમુદ્રી નૌકા કાફલાની જરૂરત હતી.

મોહમ્મદ ફાતેહએ એક સો ચાલીસ નૌકાઓનું એક નૌકાદળ તૈયાર કર્યું. એ તૈયારીઓ પછી શહેરનો ઘેરાવ કરી સુલ્તાનની ફોજો કીલ્લાની પૂર્વ તરફથી દિવાલ સામે પહોંચી ગઈ અને નૌકાદળ ખાડીમાં ફેલાઈ ગયું.

કુસ્તુનતુનીયાની બંદરગાહ ગોલ્ડન હોર્નમાં હતી, જેથી કોઈ જહાઝ ગોલ્ડન હોર્નમાં દાખલ થઈ શકે નહિ. સુલ્તાનનું નૌકાદળ ખાડી પુરતું મર્યાદિત બની ગયું હતું અને બંદરને ઘેરવા અને તેના પર તોપમારો કરવાનો કોઈ માર્ગ ન હતો.

સુલ્તાનની એવી કોશિષ હતી કે કોઈ પણ ભોગે નૌકાદળ ગોલ્ડન હોર્નમાં દાખલ થઈ જાય. પરંતુ સાંકળપાસેના બંને કાંઠે ઉગ્ર તોપમારો કરવા દુશ્મનની તોપો મોજુદ હતી. અને સુલ્તાન મોહમ્મદ ફાતેહે એક આશ્ચર્યજનક અને અદભૂત નિર્ણય કર્યો, જે દુનિયાના ઈતિહાસમાં યાદગાર બની ગયો.

સુલ્તાને જમીન (ખુશ્કી) પર ચલાવીને "ગોલ્ડન હોર્ન"માં યુદ્ધ નૌકાઓને પહોંચાડવાનો નિર્ણય કર્યો. આ ફાસલો દસ માઈલ લાંબો હતો. પશ્ચિમ કાંઠેથી નૌકાઓને જમીન પર ચઢ

ાવી તીરછા માર્ગે આજકાલ "કાસીમ પાશા" તરીકે ઓળખાતા કાંઠે ગોલ્ડન હોર્નમાં પહોંચાડવાના હતા. રસ્તો પહાડી ઊંચાઈવાળો હતો. માત્ર એક રાતમાં નૌકાદળની સીત્તેર નૌકાઓને એક પછી એક મોટા લાકડાના તખ્તોઓ પર ચઢાવવામાં આવી. લાકડાના તખ્તાઓ પર ચરબી લગાવવામાં આવી. બે બળદો તથા ઈન્સાનો ખેંચીને દસ માઈલનો પહાડી માર્ગ વટાવીને ગોલ્ડન હોર્ન સુધી લઇ ગયા. આ જુલુસ રાતભર મશાલોના અજવાળે સફર કરતું રહ્યું. બાઝીનતીની ફોજ આ બધું જોતી રહી પરંતુ સમજમાં આવ્યું નહિ. મશાલોની આ રોશનીમાં શું થઇ રહ્યું છે? શું ભેદ છે?

સવાર થતા સુર્યના પ્રકાશે ભેદ પરથી પડદો હઠાવી દીધો. સીત્તેર નૌકાઓ ભારે તોપખાના સાથે ગોલ્ડન હોર્નમાં પહોંચી ચુકી હતી. પશ્ચિમના ઈતિહાસકારો આ ઘટનાને એક મોજેઝા તરીકે સ્વીકારીને બીરદાવે છે. એ સાથે જ સુલ્તાન મોહમ્મદે એક પુલ બાંધી ભારે તોપખાનું ગોઠવી દીધું. ત્યાર બાદ મુસલમાન શુરવીરોએ ધમસાણનું યુદ્ધ શરૂ કર્યું. કુનેહબાજ મુસલમાન તોપચીઓએ કીલ્લામાં મોટા મોટા બાકોરા પાડી દીધા. ઉસ્માની તોપોએ સેન્ટ રોમાન્સના મજબુત દરવાજા (જે બાદમાં તોપ દરવાજો કહેવાયો) નજીક મોટા મોટા ચાર મીનારાઓને ધરાશય કરી દીધા.

૨૮ મે, ૧૪૫૩ની આખી રાત ઉસ્માની ફોજોએ ઝીક અને દુઆઓમાં વીતાવી. ફજરની નમાઝ પછી આમ હુમલાનો હુકમ દેવાયો. "તોપ કાપે" દરવાજા નજીકની કીલ્લાની દિવાલ પર સીડીઓ અને કમન્દો નાખી દેવામાં આવી. સુલ્તાન મોહમ્મદ પોતે ત્રીસ જાંબાઝો સાથે કીલ્લાની દિવાલ પર ચઢી ગયો. અઢાર જાંબાઝો કીલ્લાની દિવાલ પરથી નીચે ફેંકી દેવાતા શહીદ થઇ ગયા. ધમસાણની લડાઇ પછી કુસ્તુનતુનીયાની દિવાલ ઉપર લાલ હીલાલી પરચમ ફરકવા લાગ્યો. ખ્રીસ્તી ફોજે ૧૧સો વરસથી જામેલી બાઝીનતીની ઝુમી સલ્તનતને ગુમાવી દીધી ત્યાર બાદ "કયસર"નો લકબધારી કુસ્તીયતીન સમ્રાટ માર્યો ગયો.

એ રીતે હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો એ મુબારક ઈરશાદ સાચો પુરવાર થયો કે:

"જયારે કયસર માર્યો ગયો તો પછી કોઇ કયસર પેદા થશે નહી.

સુલ્તાન મોહંમદ ફાતેહ સરદારોના વૃંદમાં કુસ્તુન– તુનીયામાં દબદબાપૂર્વક ફાતેહની હેસીયતે દાખલ થયો મશહુર ખ્રીસ્તી દેવળ સેન્ટ સોફીયામાંથી તસ્વીરો હઠાવવામાં આવી. સાફસફાઇ પછી કુફ્ર અને શીર્કના એ વખતના સૌથી મોટા મથક અને ઈસ્લામ તથા મુસલમાનોના દુશ્મન મથકમાં મોઅઝઝીને "અશહદો અન્ન મોહમ્મદુર– રસલુલ્લાહ"ની બાંગ પોકારી.

"તોપ કાપે સરાય અને તેના અમુલ્ય નવદેરાત તેમ જ તબર્રુકાત

તોપ કાપે મ્યુઝીયમ દુનિયામાં મશહુર છે. મેં તે દિવસે ત્રણ સ્થળો જોવાનું મનોમન નક્કી કર્યુ હતું. અમો બધા ટોયોટા વેનમાં ગોઠવાઈ ગયા અને તોપ કાપે તરફ લઈ જવા માટે ડ્રાઈવરને કહેલ. ટુરીસ્ટ પત્રીકામાંથી ફોટો તેને બતાવેલ. આ બધી માથાકુટ ટુરમાં ન જવાથી થઈ હતી. ટુર- વાળા પ્રોગ્રામ મુજબ લઈ જાય અને અંગ્રેજીમાં સમજાવે. પણ એક જણના ૫૦થી ૬૦ ડોલર લ્યે. જયારે અમને માથા દીઠ માત્ર આઠ ડોલરનો ખર્ચ આવેલ. થોડીક માથાકુટ અને થોડુંક જાતે જ સમજી લેવાનું બેહતર સમજેલ. ખેર ડ્રાઈવર અમને "તોપ કાપે" લઈ ગયેલ. અમને ગેટ બહાર ઉતારીને નીચેની સાઈડમાં પાર્કીંગ કરવા ડ્રાઈવર ચાલ્યો ગયો. સામે જ ટીકીટ બારી હતી. અંદર જવાના પાંચ લાખ લીરા ને આપણા ૧૨૫ રૂપીયા થાય. ટીકીટો લીધેલ. અંદર પુરાતન જમાનાની તોપો અને બીજા હથીયારો તથા લડાયક સામાન અને યાદગારોની સામેના સહેનમાં લાંબી લાઈનમાં ગોઠવેલા હતા. તોપ કાપે સરાય મ્યુઝીયમનો બોર્ડ લાગેલ અને તુર્કી ભાષામાં "સરાય" મહેલને કહે છે અને "કાપે" દરવાજાને કહે છે એટલે કે તોપ દરવાજા મહેલ. અરબીમાં "કસ્રે બાબુલ-મદફ્અ કહે છે. રોમન બાદશાહ કયસરના યુગમાં સેન્ટ ઉમાનેસ દરવાજા નામે એક દરવાજો હતો. સુલ્તાન મોહમદ ફાતેહે જયારે હુમલો કર્યો તો મુસલમાનોએ એક ભારે તોપ આ દરવાજા સામે ગોઠવી દીધી. મુસલમાનોની તોપના ગોળાએ સૌથી વધારે નુકસાન એજ દરવાજાને પહોંચાડયું હતું. બાદમાં સુલતાન એ જ દરવાજાથી શહેરમાં દાખલ થયો હતો. તેથી આ દરવાજો "તોપ કાપે" (તોપ દરવાજો) તરીકે મશહુર થઈ ગયો. બાદમાં અહી એક મહેલનું બાંધકામ થયુ, જે ઉસ્માની ખીલાફતના સુલ્તાનો, અંતિમ સુલ્તાન અબ્દુલ મજીદ સુધી રહેવા માટે ઉપયોગમાં લેવાતો. હવે આ મહેલ એક ઈતિહાસીક સંગ્રહસ્થાન મ્યુઝીયમ છે, જે તેના કિંમતી "નવાદીર"અને તબર્રુકોને લીધે દુનિયાનું સૌથી મોટું અમીર અજાયબ ઘર છે.

દુનિયાનું સૌથી મોટું માલદાર અજાયબઘર

કેટલાક વાકેફ ગારોનું કહેવું છે કે જો તુર્કી કોઇ સમયમાં દેવાળીયું થઇ જાય તો આ મ્યુઝીમ (તોપ કાપે) અમુક વખત સુધી આખો દેશનો ખર્ચ ઉપાડી શકે છે. આ મહેલ એક કીલ્લો છે, જેમાં અનેક મોટા મોટા ખંડો છે અને તેમાં આ મ્યુઝીયમ ફેલાયેલો છે. તેને બે કલાકમાં જોઇ લેવાનું શકય નથી. ગેટની સામેની ઇમારત કસરે–મોહંમદ અલ ફાતેહ નામે છે, જેની ખુલ્લી પરસાળની વચ્ચોવચ્ચ ફર્શ ઉપર એક મોટું સુરાખ છે. ઉસ્માની ખીલાફતના લાલ હીલાલી પરચમ અહીથી લહેરાતો હતો, જે સદીઓ સુધી ઇસ્લામી જગતની એકતાનું પ્રતીક રહ્યો હતો. આગળ મહેલનો વિસ્તાર શરૂ થાય છે.

મેં સાંભળેલ મુજબ મને મઝહબી તબર્રૂકાત જોવામાં દિલચસ્પી હતી, તેથી સૌથી પહેલાં એ જ વિભાગમાંના બરકતવંતા હોલમાં દાખલ થયા તો મધુર કંઠે તિલાવતનો અવાજ કાને પડતાં એક રૂહાની ખુશી મેહસુસ થઇ. આ હોલમાં હુઝેરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમના તબર્રૂકાત રાખવામાં આવ્યા છે. એમ તો આખી દુનિયાના જુદા જુદા ભાગોમાં તબર્રૂકાત છે પરંતુ ઇસ્તમ્બુલના તબર્રૂકાત વધુ મુસ્તનદ છે. મને પણ આપણા પ્યારા નબી મોહમ્મદ મુસ્તુફા (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની બરકતવંતી ચીજો જોવાની ઉત્કંઠા હતી. આખરે અમો તે શો કેસ જે હોલની વચ્ચો વચ્ચ હતો ત્યાં પહોંચ્યા. તિલાવતનો અવાજ પુરા હોલમાં આવી રહ્યો હતો. દરેક વસ્તુની આગળ એક તખ્તી લાગેલ હતી, જેથી જોનારને માલુમ પડે કે આ કઇ વસ્તુ છે.

એક શોકેસમાં સરકારે દોઆલમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના પગનો પુરે નિશાન છે. તેની બાજુમાં કુર્આન પાકનો એ મુબારક નુસ્ખો છે, જે હઝરત ઉસ્માન ગની (ર.અ.) શહાદત વખતે તેનાથી તિલાવત કરતા હતા. તેના એક પાના પર હલ્કા ખુનનો નિશાન હતો. એને જોઇને મારા પુત્રે તેનો ફોટો ખેંચી લીધેલ, જે સાફ આવેલ અને તેની ઘણી કોપીઓ બનાવીને અકીદતમંદોને આપી. અત્યંત સુંદર લાકડાની પેટીઓ અને મોંઘેરા શોકેસમાં રખાયેલ આ તબર્રૂકાતમાં મુએ મુબારક, દન્દાન, ગઝવએ બદરમાંનો હુઝુર પાકનો અલમ (ઝંડો) મીસરના શાહ મકકુલને નામે સરકારે દોઆલમે લખેલ પત્ર અને રસુલે પાકની મોહર મુબારક પણ શામેલ છે. હુઝરે પાકની બે તલ્વારો પણ એક શો કેસમાં છે. ચારેય ખલીફાઓની ચાર તલ્વારો , હઝરત ખાલીદ બીન વલીદની એક ભાગમાં કાઅબા શરીફના દરવાજાનો એક ટુકડો, કાબા શરીફનું કુફ્લ અને ચાવીઓ (તાળા ચાવી) મીઝાબે રહેમતના બે ટુકડા અને હુઝુરે પાકના રવઝએ મુબારકની મુકદ્દસ માટી પણ મોજુદ છે. એક શોકેસમાં એક લાકડી પડી હતી. વાંચતા માલુમ પડેલ કે તે હઝરત મુસા (અ.સ.) નો અસા મુબારક જેનાથી આપ મોજીઝા બતાવતા હતા. બીજી તરફ એક અમામા (પાઘડી) હતી, જેની આગળની તખ્તીમાં હઝરત યુસુફ અલયહિસ્સલામ નું નામ હતું. હીરાજડીત દાબડીવાળા શોકેસના લખાણ પ્રમાણે તેમાં સરકારે દોઆલમના દાંત મુબારક હતા. દાબડી બંધ હતી.

માત્ર રમઝાન મુબારકની સત્તાવીસમી રાને આ તકર્રુકો બહાર કાઢી એની ઝીયારત કરાવવામાં આવે છે.આ તબર્રુકોમાંથી વધારે તો અબ્બાસી ખલીફાઓ પાસે મોજુદ હતા અને છેલ્લા અબ્બાસી ખલીફા અલ મુતવક્કલના ભાગમાં આવ્યા હતા., જે મીસરમાં હીજાજ મમલુક સુલ્તાનનો આશ્રયે જીવન વીતાવતો હતો. દસમી સદી હીજરીમાં હીજાજ અને મીસરે ઉસ્માની સુલ્તાન સલીમની સત્તા સ્વીકારી લીધી અને ખાદીમે હરમૈ ન શરીફૈનનો મનસબ અતા કરાયોતો ખલીફા મુતવક્કલે ખીલાફતનો મનસબ પણ સુલ્તાન સલીમને સોંપી દીધો અને હરમૈન શરીફૈનની ચાવીઓ તેમ જ આ તબર્રુકાત પણ એમને હવાલે કરી દીધા. આ રીતે સુલ્તાન સલીમ દસમી સદી હીજરીમાં આ તબર્રુકાત મીસરથી ઈસ્તમ્બોલ લઈને આવ્યા અને તોપ કાપે સરાયમાં તેને સુરક્ષિત રાખવા એક ખંડ બંધાવ્યો. સુલ્તાનની અકીદતનો અંદાજો એ વાતથી લગાવી શકાય છે કે જયાં સુધી સુલ્તાન સલીમ જીવતા રહ્યા આ હોલમાં પોતાને હાથે ઝાડુ દેતા અને સફાઈ કરતા હતા. એ ઉપરાંત તેમણે આ રૂમમાં કુર્આનના હાફીઝોને મુકર્રર કર્યા છે. તેઓ અહી ચોવીસ કલાક તિલાવત કરતા રહે. હાફીઝોની ડયુટીઓ મુકર્રર હતી. એક જમાતનો સમય પુરો થઈ જાય એ પહેલાં હાફીઝોની બીજી જમાત આવીને તિલાવત શરૂ કરી દેતી હતી. આમ સીલસીલો ચાલુ રખાયો. આવી રીતે દુનિયામાં કદાચ આ માત્ર જગ્યા છે, જયાં ચાર વરસ સુધી સતત કુર્આન પાકની તિલાવત થતી રહી અને એ દરમ્યાન એક પળવાર પણ બંધ થઈ નહી. અતા તુર્કના સમયમાં આ સીલસીલો મોકુફ કરી દેવાયો.

આ ઉપરાંત પણ આ વિશાળ મ્યુઝીયમમાં અતિ મુલ્યવાન "નવાદીરાત" ભર્યા છે, જેમાં સુલ્તાન મોહમદ ફતેહની અબા, સુલ્તાન મુસ્તુફાનો લોખંડી પોષાક જેના ઉપર સોનું ચઢેલું છે. સુલ્તાન મુરાદના મુલ્યવાન શસ્ત્રો મોજુદ છે. સુલ્તાન સલીમે ઈરાનના બાદશાહ ઈસ્માઈલને હરાવ્યો અને ઈરાનનો શાહી તખ્ત ઈસ્તમ્બુલ લઈ આવ્યો. અને તખ્ત હીરા જવાહેરાતનો ખજાનો છે, જેનો આજ સુધી દુનિયામાં કોઈ જોટો નથી.

સુલ્તાન અબ્દુલ મજીદના સમયનો એક કુવારો છે, જે બે ભાગમાં બનેલો છે. દરેક ભાગમાં ૪૮ કીલો શુદ્ધ સોનું ખર્ચાયુ છે. ૯૬ કીલોગ્રામ સોનાનો આ કુવારો અત્યારે પણ મોજુદ છે. તેના જુદા જુદા ભાગોમાં છ હજાર છસ્સો છાંસઠ (૬૬૬૬) હીરા જડેલા છે. આ કુવારાની આસપાસ સોનાનો અત્યંત ઉમદા અને દેખાવડો ફ્રેમછે. અહી એક મોટો ઈતિહાસીક હીરો પણ જોવા મળ્યો, જે ૮૬ કેરટનો છે અને તેમાંથી કુટતા કીરણો આંખોને આંજી નાખે છે. ઉપરાંત એક હોલ એ શાહી તોહફાઓ અને ભેટ સોગાતોથી ભરેલો છે, જે અવાર નવાર યુરોપના જુદા જુદા રાજા મહારાજાઓ ઉસ્માની ખલીફાઓને હદીયામાં પેશ કરતા હતા. તેમાં શૃંગારની વસ્તુઓ શમ્શદાન, શસ્ત્રો, વાસણો, દાગીનાઓ વગેરે શામેલ છે. ઉપરાંત અહી એ તખ્તો પણ (રાજસીહાસન) પણ છે, જેમાં નાદીરશાહ, સુલ્તાન એહમદ વઝીરના તખ્તો પણ શામેલ છે, જે શુદ્ધ સોનાના બનેલા છે અને હીરા ઝવેરાતથી સુશોભીત છે. પરંતુ હુઝુરે પાકના અને અન્ય મઝહબી ઈસ્લામી ઈતિહાસના તબર્રુકાતોજોઈ લીધા બાદ મને કોઈ

બીજી વસ્તુઓમાં રસ રહેલ નથી.તે બાદબીજા હીસ્સામાં આવેલ તો એક કારી તિલાવત કરી રહ્યો હતો તે ઓરડાને પણ પુરાતન મઝહબી ચીજોથી શણગારમાં આવ્યો હતો. કાલાના દરવાજાની સજાવટ એવી હતી કે આપણને મેહેસુસ થાય કે કોઇ રૂહાની એલૌકિક જગ્યા છે.

તિલાવત સાંભળતી વખતે મને એમ લાગેલ કે ટેપ રેકોર્ડર પર કોઇ કેસેટ લાગેલ છે. કારીને જોયા બાદ ખબર પડી કે આ તો સાચે જ સામે કારી તિલાવત કરી રહ્યા છે. કારીનો અવાજ મધુર અને મીઠો હતો. તોપ કાપેના મશહુર મ્યુઝીયમથી મુબારક તબર્રૂકાતની ઝીયારત બાદ અમો ધીમે ધીમે રૂહાની ફયઝ અને ઈમાન તાઝા કરીને પાછા ફરી રહ્યા હતા. બહાર નીકળતા અમારો ડ્રાઇવર ઇન્તેઝાર કરતો ઉભો હતો. ગાડી નીચે પાર્કીંગમાં હતી. અમારી ફેમીલીને ધ્યાનમાં લઇને તેણે કીધું કે પોલીસ હેરાન કરે છે. તેઓ બધા પાછા આવી ગયા છે. હું ગાડી લઇ આવું છું. અમે રોડ પર ઉભા થયા કે ડ્રાયવર ગાડી લઇને આવ્યો. અમારી સાથેની ઓરતોને ગાડીમાં ચઢવામાં થોડીક વાર લાગતા પોલીસ આવી ગઇ અને ડ્રાઇવર જે વીસેક વરસનો યુવાન અને સ્માર્ટ હતો તેને પોલીસ ધમકાવવા લાગી. તુર્કી ભાષામાં વાદવિવાદ ચાલુ થઇ ગયેલ. કે ત્રણ પોલીસવાળા બીજા પણ આવી ગયા. મેં પોલીસવાળાને ઇશારાથી કંઇક ગોટા વાળીને સમજાવેલ કે અમારી સાથે મોટી ઉમરના લોકો હોય તેમને ચઢવામાં વાર લાગી પણ તેઓ મારૂં કંઇ સાંભળે નહિ. વાતચીત જોર જોરથી થવા લાગી. ડ્રાઇવર કંઇ સમજાવવાનો પ્રયત્ન કરતો હતો. એક પોલીસવાળાએ તે ડ્રાયવરને એક જોરદાર ચમાટ લગાવી દીધી, જેથી અમને અફસોસ થયેલ. હુંપણ ગોટા વાળીને તેઓને કહેતો રહ્યો પણ પેલા કંઇ સાંભળે જ નહિ. છેવટે બે પોલીસ ઓફીસર જેવા લાગતા જણ આવ્યા અને અમારી તરફ નજર કરીને અંદાજો લગાવેલ કે અમે ટુરીસ્ટ છીએ. મેં પણ તેમને ડ્રાઇવરને બચાવવા માટે મારાથી બની શકતા ઇશારા અને જબાથી કહ્યું. છેવટે તેમણે ડ્રાઇવરને જવાની રજા આપી. હવે ડ્રાઇવર ગાડીને લઇ ગયેલ પણ તેનો ચહેરો લાલ થઇ ગયેલ અને ટેનશનમાં હતો. હવે ફીકર થઇ અને ઘણી કોશીષ કરી કે તેનો ટેનશન ખતમ થાય પણ ઘણી વાર સુધી તેનો મુડ ખરાબ રહેલ અને છેવટે ધીમે ધીમે નોર્મલ થઇ ગયો. હવે મારો ઇરાદો તુર્કીની કળા કારીગીરી અને બાંધકામની અજાયબી સમાન ઇસ્તમ્બુલની અતિ શાનદાર અને જાજરમાન સુલ્તાન એહમદ મસ્જીદમાં જવાનો હતો. સૌદર્ય અને બેનમુન કળા તથા અદભૂત મીનાકારીથી દીવા સમાન એવી કોઇ બીજી મસ્જીદ દુનિયામાં જોવામાં નથી આવી.

અમારી ગાાડી તુર્કીના ખુબસુરત શહેરના મનમોહક દ્રશ્યોને દેખાડતી સુલ્તાન એહમદ મસ્જીદ તરફ આગળ વધી રહી હતી.

તુર્કી શીલ્પ કળાની અજાયબી: અર્થાત સુલ્તાન એહમદની મસ્જીદ

અમારો નાનો કાફલો સુલ્તાન એહમદની મસ્જીદ પાસે પહોંચી ગયો. કોચથી નીચે ઉતરેલ એ બધો રસ્તો ટુરીસ્ટ બસો અને વેગનોથી ભરેલો હતો. પાર્કીંગ ફુલ હતી. અમને ઉતારીને ડ્રાયવર પાર્કીંગ માટે ગયેલ અને અમે મેઈન મસ્જીદ તરફ ચાલવા લાગેલ. એક એવી મસ્જીદ જે આપણા લાહોરની બાદશાહી મસ્જીદની યાદ અપાવે છે. પરંતુ બન્ને મસ્જીદોની ડીઝાઈન અને બનાવટ શોભામાં ઘણો જ ફરક લાગે. આ મસ્જીદ શું છે? તુર્કીની શીલ્પ કળા અને બાંધકામ કળાની એક અજાયબી છે. તેમાં દાખલ થતા જ ઈન્સાન તેની ભવ્યતા, જાહોજલાલી અને હુસ્નો જમાલમાં ખોવાઈ જાય છે. મસ્જીદની અંદર અર્ધા ભાગ સુધી ટુરીસ્ટ અને તે બાદ આગળ રૂકાવટ ઉભી કરીને થોડોક માર્ગ ખુલ્લો રાખેલ, જેને નમાઝ પઢવી હોય અને નફલ પઢવા હોય તે મુસલમાનો માટે. ટુરીસ્ટ લગભગ મોટી સંખ્યામાં યુરોપના ગેરમુસ્લીમ હતા. અમો બે રકાત નફલ પઢી અને મસ્જીદની કારીગરી જોવામાં તલ્લીન થઈ ગયા. સૌદર્ય અને મીનાકારીને હિસાબે આ મસ્જીદ એટલી બધી અઝીમુશ્શાન છે કે દુનિયામાં એવી કોઈ મસ્જીદ જોવા મળતી નથી. આ મસ્જીદ ઈ.સ. ૧૬૧૬માં સુલ્તાન એહમદે બંધાવી હતી. એ વખતે એ વિસ્તારમાં સૌથી મોખરેની ઈમારત ઈસાઈઓની મશહુર દેવળ "આયા સોફીયા"ની હતી.

સુલ્તાન એહમદે હુકમ આપ્યો કે આ ઈમારતની સામે એક એવી મસ્જીદનું બાંધકામ કરવામાં આવે, જે આયા સોફીયાથી વધારે બુલન્દ અને ભવ્ય હોય, તેથી આ મસ્જીદની ઈમારતે ખરેખર આયા સોફીયાની ઈમારતને સદંતર ઝાંખી પાડી દીધી છે અને હવે ઈસ્તમ્બુલના આ વિસ્તારમાંજ સુલ્તાન એહમદની મસ્જીદનું સૌથી જાજરમાન બાંધકામ છે અને તેના છ મીનારા સમુદ્રમાં દુરથી ઈસ્તંબુલના ચિહન અને પ્રતીક તરીકે નજરે પડે છે. એવું મશહુર છે કે સુલ્તાન એહમદે આ મસ્જીદનું બાંધકામ કરનાર એન્જીનીયરને કહ્યું હતું કે હું આ મસ્જીદને દરેક રીતે આયા સોફીયાથી કયાંય વધુ સરસ જોવા ચાહું છું, તેથી તેના મીનારાઓ સોનાના બનાવવા માં આવે.

એન્જીનીયરે ઘણું વિચાર્યું પરંતુ સોનાના મીનારા બાંધવાનું તેને શકય માલુમ પડયું નહી. બીજી તરફ સુલ્તાનની વાતને રદ કરવાનું પણ તેને માટે શકય ન હતું. છેવટે તેના મગજમાં સુલ્તાનની નારાજીથી બચવાની એક તરકીબ અને તદબીર આવી ગઈ.

તુર્કી ભાષામાં સોનાને "અલતીન" કહે છે. તેનાથી હળતો મળતો શબ્દ "અલતી" છે, જેનો મતલબ છ (૬) થાય છે. આ મસ્જીદના છ મીનારા બાંધવાની વાત પુછી તો જવાબ આપી દઈશ કે હું તો સુલ્તાનના મુખે "અલતીન" સોનાને બદલે અલતી છનો શબ્દ સાંભળ્યો હતો તેથી છ મીનારા બાંધી દેવાયા. એવું પણ કહેવાય છે કે તે વખત સુધી હરમ શરીફ સિવાય કોઈ મસ્જીદના મીનારાઓ છ ન હતા. પરિણામે મક્કાના શરીફે સુલ્તાન એહમદની મસ્જીદના છ મીનારા હોવા અંગે વાંધો લીધો અને ટીકા કરી, જેના જવાબમાં સુલ્તાન

એહમદે હરમ શરીફમાં એક વધુ મીનારો બંધાવીને હરમ શરીફના મીનારાઓની સંખ્યા સાતની કરી દીધી. મસ્જીદની ઈમારતનું એક વિશાળ– પહોળા લાંબા ચબુતરા ઉપર ચણતર કરવામાં આવ્યું છે તેની અંદરનો હોલ ૬૪ મીટર લાંબો અને ૩૨ ફુટ પહોળો છે. અને છત લગભગ ચાર મંઝીલ જેટલું બુલન્દ છે. પુરી છત ખુબસુરત ગુમ્બદોથી ભરેલી છે, જેમને ઘણા ખુબસુરત કમ સાથે બનાવવામાં આવેલ છે. મીમ્બરથી ખતીબનો અવાજ મસ્જીદના દરેક ભાગમાં સંભળાય છે, બલ્કે બહુ સારી પેઠે અને સ્પષ્ટ સંભળાય છે. ચારે તરફ દિવાલોમાં અને છતોમાં કાચ અને સબ્ઝ ટુકડાઓથી એટલી બધી ઉમદા મીનાકારી કરવામાં આવી છે કે તેની ઉપર અનાયાસે નજર ચોંટી જાય છે. ઉજાસ માટે હોલમાં બસ્સો ને સાંઈઠ રોશનદાન અને બારીઓ રાખવામાં આવી છે. ઉચાઈમાં પણ કોઈ એવી જગ્યા નથી કે જયાં કોઈ ને કોઈ રોશનદાન કે ખીડકી મોજુદ ન હોય. એમની વચ્ચેનું અંતર એવું સપ્રમાણ છે કે કોઈ સ્થળે લેશ પણ ફરક દેખાતો નથી. મસ્જીદની છત ચાર સંગેમરમર– આરસપહાણના મોટા થાંભલાઓ ઉપર ઉભી કરાઈ છે. દરેક થાંભલાની ગોળાઈ ૩૨ ફુટ છે અને તે પહાળી અને ચાર વાર લાંબી આરસની સીલાઓ પર બનેલું છે.

મસ્જીદની બહાર મદ્રેસાઓ અને ખાનકાહો માટે હુજરા બનેલા છે અને બગીચામાં સુલ્તાન એહમદ પ્રથમ અને સુલ્તાન ઉસ્માન સાની તેમ જ સુલ્તાન મુરાદના મઝારો છે. મસ્જીદની શીલ્પકળા મીનાકારી અને અદભૂત ચણતરનું એવું બીજું આકર્ષક અજાયબી ભરેલ નમુનો બીજે કયાંય નથી. સીવીલ એન્જીનીયરીગના આ આધુનિક વખતમાં પણ આવા બાંધકામની કલ્પનાથી મોટા મોટા નિષ્ણાતોને પરસેવા છુટી જશે. એ વિસ્તારમાં કુદરતી સૌર્દય પણ ઘણું જ. ચારેતરફ હરીયાળી અને ઘટાદાર વૃક્ષો, જે વાતાવરણને ખુશનુમા બનાવતા હતા. જોવાની મજા આવી. સાંજે પાંચ વાગે હોટલ પાછા ફરેલ તો મગરીબની અઝાન થઈ રહી હતી. રાત પડી ગઈ. પહેલાં રાતે ડીનર માટે હોટલ બહાર નીકળેલ. ચાલતા ચાલતા એક ટેલીફોન કેબીન નજરે પડી જયાંથી મેં કરાચી ફોન કરીને હોટલનો ટેલીફોન નંબર અને રૂમ નંબર આપી દીધેલ અને કહેલ હું કેબીનથી ફોન કરી રહ્યો છું. મારા પુત્રે મને કહ્યું કે સીધા આગળ થોડું ચાલશો તો હોટલો આવશે. મારા પુત્રે આ વિસ્તાર પુરો જોયો હતો તેથી તેણે મને સલાહ આપી કે આગળ રેકડોનલ, મેકડોનલ પણ આવશે. આગળ જતા એક ખુણા પર હોટલ આવેલ, જેમાં ગરમાગરમ આલુના પરાઠા બનતા હતા. તે ખુશ્બુથી બધાય ત્યાં ઉભા રહી ગયેલ. ભાવતાલ પુછીને હોટલમાં જઈને પહેલાં એક બે પરાઠા મંગાવેલ, જે સારા લાગતા પછી તો બધા માટે પરાઠાનો ઓર્ડર આપી દીધો. એક મોટી કોકાકોલા ત્રણ લાખમાં એટલે ૭૫ રૂપીયામાં મંગાવેલ, કારણ કે તુર્કીની હોટલમાં કયાંય પણ પાણી મળે નહિ, મીનરલ વોટર મળે અને તેને જ સર્વત્ર પીવાનો રિવાજ છે. કોકાકોલા અને મીનરલ વોટર લગભગ એક ભાવ. બધા ઠંડા પીણા જ પીતા હતા. પાછા ફરતી વખતે મારા માટે પણ એક પરાઠો લઈને હોટલ પહોંચેલ. ખાધા પછી વગર દુધની પીને હોટલ પહોંચ્યા તો માંડ

સાડા સાત વાગ્યા હતા. જ્યાં છ વાગે ઈશા થઈ જાય. ત્યાં મુશ્કેલીથી ૧૦ વાગ્યા સુધી વાનો કરીનેથાકી ગયા ને ૧૦ વાગે સુઈ ગયા.

સવારે નાશ્તાથી પરવારીને મજીદભાઈથી સલાહ મશ્વેરો કરીને સ્ટીમરની સહેલ કરવાનું નક્કી કરેલ. પાંચ ટાપુમાં જતી સ્ટીમરોને શોધેલ. અમો ટ્રામમાં બેસીને નજીકમાં જ અંકારા પોર્ટ પહોંચ્યા. ટ્રામનું ભાડું લગભગ ૧૨ રૂપીયા હતો. અંકારા પહોંચ્યા . ત્યાં લોચ માટે દલાલોએ ઘેરી લીધેલ અને કહેલ કે મોટા જહાઝ બધાય ચાલી ગયા છે. અમારી લૌચમાં ચાલો, તમને "બોસફોરસ"નો ચક્કર લગાવીને બે કલાકમાં પાછા લઈ આવીશું. સ્ટીમર પાંચ કલાક લગાવે છે. અમે વિચારતા, વિચારતા આગળ ચાલ્યા તો આગળ બોસફોરસ જવા માટે સ્ટીમર તૈયાર ઉભી હતી.

રવિવારનો દિવસ હોઈ જાહેર રજા હતી. ભાડું રોજ દસ લાખ તુર્કી લીરા તો આજે પાંચ લાખ લીરા હતું. રવિવારે ૫૦ ટકા ભાડું ઓછું હોય છે, જેથી વધારે ને વધારે લોકો ફરવા જઈ શકે. અમે તો ટીકીટ લઈને સ્ટીમર પર બેઠા તો મને એ જોઈને આશ્ચર્ય થયું કે લગભગ ૧૫૦૦ (પંદર સો) માણસની સીટો ધરાવતી બે માળની સ્ટીમર હતી અમે તો અંદર ગોઠવાયેલ સીટો પર બેસી ગયા.

આબનાહે બોસફોરસ તરીકે ઓળખાતા આ સમુદ્ર માર્ગનું નામ અનેક વખત સાંભળ્યું હતું. તેની ઐતિહાસીક અને ભૌગોલિક મહત્તા વીશે પણ વાંચ્યું હતું. કલ્પનામાં તેનો જે નકશો હતો તેથી આ ખાડીને અનેક ગણી સોંદર્યવાન જોઈ. બે મહાસાગરો વચ્ચેનો આ સમુદ્રી માર્ગયુરોપ અને એશીયા વચ્ચે એક સરહદનું કામ કરે છે. બે હરીયાળા કાંઠાઓ વચ્ચે આસમાની રંગના દરિયાની આ મનમોહક "લકીર" અથવા સમુદ્રી પટ્ટી ૧૮ માઈલ લાંબી અને તેનો સીત્તી મોટો પટ (પહોળાઈ) તેના ઉત્તર તરફના મુખની છે. તેની સૌથી વધારે ઓછી પહોળાઈ "રોમીલી" કીલ્લાની સામે છે જ્યાં તેનો કુલ પાટ ૮૦૦ વારનો રહી ગયો છે. તેનું ઉંડાણ જુદી જુદી જગ્યાએ ૪૦થી લઈને ૧૩૨ વાર સુધી છે. બોસફોરસનો એશીયા તરફનો વિસ્તાર કાંઠાનો પહેલાં "જવ્વાના તુલીયા" કહેવાતો હતો. તે કુસ્તનતુનીયાથી બીલ્કુલ અલગ હતો પરંતુ હવે ઈસ્તમ્બુલ શહેર ફેલાતા ફેલાતા દરીયા કાંઠા સુધી ફેલાઈ ગયો છે. હવે આ વિસ્તાર સ્કેદાર કહેવાય છે અને આ રીતે ઈસ્તમ્બુલ એક માત્ર શહેર છે, જે અર્ધું યુરોપમા અને અર્ધું એશીયામાં આવેલું છે. શહેરના બંને ભાગોને એક અત્યંત ભવ્ય અને ખુબસુરત પુલ દ્વારા જોડી દેવામાં આવ્યા છે.

૧૯૭૩માં યુરોપ અને એશીયાને જોડતા એક નવા પુલને ખુલ્લો મુકવામાં આવ્યો, જે જમીન રસ્તે બે મહા ખંડોને જોડે છે. આ પુલ બંને કાંઠા વચ્ચે એક "હીલાલ" સ્વરૂપનું છે. પુલ વચ્ચે સમુદ્રમાં કોઈ થાંભલો નથી. પુલને લોખંડના બે મજબુત રસ્સાઓએ સંભાળી અને ટકાવી રાખ્યો છે પુલની લંબાઈ એક હજાર મીટર છે અને પહોળાઈ ૩૩.૩૪ મીટર છે. એ સમુદ્રથી ૬૪ મીટર ઊંચું છે અને છે અને તેના બંને કાંઠેના થાંભલાઓ ૧૬૫ મીટર ઊંચા છે. સમુદ્રમાંથી જુઓ ચાલતી કારો ઘણી નાની દેખાય છે. પુલની ઊંચાઈ એટલી બુલન્દ

રખાઈ છે કે બોસફ્રોરસમાંથી પસાર થતા રાક્ષસી કદના જહાઝોને પણ કોઈ અડચણ પડે નહિ. દરરોજ સરેરાશ બે લાખ વાહનો આ પુલ પરથી પસાર થાય છે. અમારી સ્ટીમરે પણ એ જ પુલની નીચેથી બાસ્ફોરસની ખાડીને ઓળંગી હતી. અમારી સ્ટીમર ચાલી તો ખબર પડી કે જહાઝની બંને ખુલ્લી જગ્યાએ બાકડા લાગેલ હતા. બધા બાકડા યુરોપ અને અમેરીકના સહેલાણીઓથી ઘેરાઈ ગયેલ હતા. ત્યાં એક સીટ પણ ખાલી ન હતી. ખુલ્લી જગ્યામાં ઠંડી પણ લાગે પણ આ ગોરાઓને ખુલ્લી હવા અને ઠંડી અને તડકાનો શોખ.

સ્ટીમર ચાલતા જ ધડાધડ કેમેરાઓ મુવીના બટન ઓન થઈ ગયા. અને ટેરીસ્ટો ફોટા પાડવા લાગ્યા. આપણે ફોટો બનાવીએ તો આપણો ફોટો લીધો હોય. પણ તેઓ ખાલી (માત્ર) સીનેરીના ફોટા લેતા હતા. એક ટાપુ આવે તો ત્યાં સ્ટીમર બે ત્રણ મીનીટ રોકાય અને પેસેન્જરો ઉતરે અને થોડાઘણા ચઢે. અમારી સ્ટીમર આગળ વધી તો રસ્તામાં મેં ઉપર વર્ણનકર્યુ તે બોસફોરસનો લટકતો પુલ આવેલ, જેના નીચેથી અમારી સ્ટીમર–જહાઝ પસાર થયેલ ત્યાં ફોટા અને મુવીની ભરમાર હતી. આ પુલ જેમ મેં ઉપર લખ્યું તેમ એશીયા અને યુરોપ બંનેમાં છે. યુરોપ અને એશીયાની આ સરહદના ટુરીસ્ટો ઘેલછાની હદે ફોટા પાડે છે અને મુવી ઉતારાતા હોય. યુરોપી, અમેરીકન અથવા ગોરા સહેલાણીઓ જ નહિ બધા માટે આ દ્રશ્ય ભારે અકર્ષણ જમાવે છે.

ખેર, પોણા બે કલાકના સફર બાદ અમો છેલ્લા ટાપુ પર પહોંચ્યા જયાં એલાન થયેલ કે જહાઝ બે કલાક રોકાશે. ટાપુની સહેલ કરી પાછા આવી જજો. અમે જયારે ઉતરીને ટાપુના ગામમાં દાખલ થયા કે હોટલ– વાળાઓની બુમાબમ. લગભગ હોટલવાળા "સી ફુડ" વેચતા. દરેક હોટલવાળો ગ્રાહકોને પોતાની તરફ આકર્ષે.

અમે એક હોટલ પસંદ કરીને નાની અને તાજી માછલી જે ડબલ રોટીમાં ફાઈ કરીને કન્દ કબાબ જેમ બનાવીને આપે,તેનો ઓર્ડર આપ્યો. ભાવ પાંચ લાખ લીરા ૧૨૫ રુપીયા લગભગ. ખેર, ચાર લાખમાં ફેસલો થયો. એક ફાઈ પડી હતી તેમાં શું પડયું તે તપાસ કરતા માલુમ પડયું કે માછ્લીની આંખો ફાઈ કરીને ટુથપીક જેવી બારીક લાકડીમાં પરોવીને અંડાના ઉમેણમાં ફાઈ કરતા હતા, જેને ગોરાલોકો શોખથી ખાતા હતા. અમને આશ્ચર્ય થયું. મારા પુત્રને બહાર સ્ટોર પર મોકલીને એક મોટી કોકાકોલા મંગાવી ત્રણ લાખમાં મચ્છી કબાબ ખાવામાં પડી. તે બાદ ટાપુ પર ચક્કર લગાવીને દુકાનો હોટલો અને ચાની હોટલો, આઈસક્રીમની દુકાનો સારી જેવી જોઈ. લાલ ચા મળી, જે પીધી.

અમે તુર્કીની એક નવીનતા એ પણ જોઈ. પુરી ચીકન મશીનમાં શેકાઈ રહી હોય તેની સાથે બકરાની મુંડી પણ આપે, જે જોતાં આપણને ખાવાનું મન થાય. ખેર સ્ટીમરમાં પાછા ફરવાનું ટાઈમ થઈ ગયેલ હોઈ અમો પાછા આવીને જહાઝમાં સવાર થયેલ. અંદશ સીટો પર બેસી ગયેલ. જહાઝમાં ઘણા ફોરેનર હતા. બે છોકરીઓ સાથે વાતચીત શરુ થઈ. બંને સ્કુલ ટીચર હતી. મારી પુત્રીઓને તેમની સાથે વાતચીતમાં લગાવી દીધેલ. વખત પસાર થઈ ગયેલ અને પાછા કીનારે પહોંચ્યા તો મગરીબનો વખત થઈ ગયેલ. હોટલે પહોંચીને થોડો

આરામ કરેલ. વળતા દિવસે અમે ઈસ્તમ્બુલની ઐતિહાસીક મસ્જીદે જામેઅ સુલેમાનીયા જોવા માટે ગયા. આ મસ્જીદ વિશાળ હોવાને લીધે ઈસ્તમ્બુલની મોટી મસ્જીદ ગણાય છે. એ મશહુર ઉસ્માની ખલીફા સુલેમાન આઝમના સમયમાં બંધાઈ હતી અને તે તુર્કી ખલીફાનો ઉરૂજનો સમય હતો. એ એમના મશહુર ઈન્જીનીયર "ઝીનાન"એ આ મસ્જીદના બાંધકામમાં પોતાની બધી કળા કારીગીરી લગાવી દીધી. ઝીનાનનું નામ આજે પણ સીવીલ ઈન્જીનીયરીંગના મેદાનમાં મશહુર છે. જામેઅ સુલેમાનીયામાં જ "ઝીનાન"ની કબર પણ આવેલી છે. આ ઈતિહાસીક ઈન્જીનીયરને બાંધકામ કળાનો ઈમામ માનવામાં આવે છે. તેણે પોતાની જીંદગીમાં એકસો છત્રીસ (૧૩૬) મસ્જીદો, સત્તાવન (૫૭) મદ્રેસાઓ, સાત મકતબ, બાવીસ (૨૨) મુસાફરખાનાઓ, પાંત્રીસ (૩૫) મહેલો, એકતાલીસ (૪૧) હમામો અને આઠ ગોદામોનું બાંધકામ કર્યુ હતું. એ રીતે તુર્કીમાં તેની ત્રણસો સાંઈઠ યાદગારો તેના મર્યા પછી પણ મોજુદ રહી. એ યાદગારોમાં જામેઅ સુલેમાનીયા તેનો સૌથી મોટો શાહકાર છે. દસમી સદી હિજરીમાં આ મસ્જીદનું બાંધકામ થયું હતું. તેની પાયાવીધી ઈસ્લામી જગતના મશહુર આલીમ અને સુફી બુઝુર્ગ શેખુલ ઈસ્લામ સઉદ અબુ સઉદ બાકન્દી રહેમતુલ્લાહ અલયહેના હાથે થઈ હતી. મસ્જીદના મુખ્ય દરવાજા સાથે જ જમણી તરફ વઝુ કરવાનો બેહતરીન ઈન્તેઝામ છે.

દુનિયાભરના અનેક પ્રકારના પથ્થરોથી સુશોભીત આ મસ્જીદના વિશાળ હોલમાં દરેક બાજુ હુન્નર કળાના અજોડ નમુના દ્રશ્યમાન છે. પથ્થરો અહી લાવવા માટે તેની મૂળ કિંમતથી વધારે ખર્ચ થતો હતો, જે બળદ ગાડીમાં લાવવામાં આવતા હતા. ભારે વજનના પથ્થરોને અહી સુધી પહોંચાડવા માટે કેટલીક વખતે દસ દસ બળદની જોડીઓ ધરાવતા ગાડાઓનો ઉપયોગ કરાતો હતો.

મસ્જીદનું મીમ્બર અને મેહરાબ સુલ્તાન એહમદની મસ્જીદની જેમ અત્યંત ભવ્ય છે. આ હોલ ૬૯ મીટર લાંબો અને ૩૩ મીટર પહોળો છે અને ૧૩૮ બારીઓ ખીડકીઓ છે. હોલમાં ઠેર ઠેર એવી શમ્આ ગોઠવાયેલ છે, જે ઓછામાં ઓછું ૧૦–૧૦ ફૂટ ઉંચી ત્રણ ત્રણ ફુટ જાડી છે. રાને શમ્આ રોશન કરાતા તેમાંથી નીકળતા ધુમાડાથી દિવાલો ખરાબ થઈ જવાનો અંદેશો હતો તેથી શમ્આની ઉપર ખુબસુરત કારીગીરીવાળી ચીમનીઓ બનાવવામાં આવી હતી, જે ધુમાડો બેકાર ન જાય તે માટે આ ધુમાડામાંથી "શાહી" બનાવવામાં આવતી હતી, જે લખવાના કામમાં લેવાતી હતી.

યુરોપના એક દેશ ઈટાલીના એક દેવળ તરફથી લાલ આરસપહાણની એક બેહતરીન "સીલ" તોહફામાં મોકલાઈ હતી અને એવી ઈચ્છા દર્શાવવામાં આવી હતી કે આ "સીલ"ને મસ્જીદના મેહરાબમાં લગાવી દેવામાં આવે જ્યારે આ સીલ પહોંચી તો ઝીનાને ખલીફા સુલેમાન આઝમથી કહ્યું કે આ સીલને મેહરાબમાં લગાવવાનું મને મુનાસીબ નથી લાગતું. આપ ફરમાવો તો મસ્જીદના મુખ્ય દરવાજાના ઉંબરા (દહેલીઝ)માં એને લગાવી દેવામાં આવે.

ખલીફાને પ્રસ્તાવ પસંદ પડયો અને એ પથ્થર ઉંબરામાં લગાવી દેવાયું. ઝીનાનને

શંકા હતી કે દેવળવાળાઓએ આ પથ્થરમાં કોઈ શરારત કરી છે તેથી એક દિવસે પ્રયોગ ખાતર તેણે કોઈ મસાલાથી એ પથ્થરને ઘસ્યો અને જોયું કે અંદર શું છે?

ઘસવા પછી એ પથ્થરની અંદર કાળા રંગની એક "સલીબ" (ક્રોસ) બનેલ હતી. તે જાહેર થઈ ગઈ. આ પથ્થર આજે પણ મસ્જીદના ઉંબરામાં લાગેલો છે અને તેમાં ક્રોસનું નિશાન આજે પણ દેખાય છે. જે હવે થોડું ઘસાઈ ગયું છે. મસ્જીદની બહાર સુલ્તાન સુલેમાનની કબર સહિત ઘણી કબરો બનેલી છે.

સુલ્તાન સુલેમાન આઝમે ૪૮ વરસ સુધી દબાદબાપૂર્વક રાજય કર્યુ. ઈસ્લામી ઈતિહાસમાં આટલી મોટી હકુમત કોઈને હાસીલ થઈ નથી. યુરોપ, એશીયા અને આફ્રીકા ત્રણ મોટા ઉપખંડોના મોટા મોટા પ્રદેશો પર તેની સત્તા હતી. હંગેરીથી લઈને અરબી સમુદ્ર સુધી તેની જાહોજલાલીનો પરચમ ફરકતો હતો.

ઈસ્તમ્બુલનું મશહુર અને ઐતિહાસીક બજાર જેના દ્રશ્યો પણ ઘણી બધી ફીલ્મોમા જોવા મળે છે.બંધ બજાર છે જેને તુર્કી ભાષામાં "કબાલી જારશી" કહેવામાં આવે છે આ પુરા બજાર ઉપર મોટી મોટી ખુબસુરત અને નકશીદાર કમાનો (મેહરાબો) પર પાકી છત છે. તેથી એ બંધ બજાર કહેવાય છે જે ઈસ્તમ્બુલની એક વિશિષ્ઠતા છે.

આ બજારના મુખ્ય દરવાજામાંથી દાખલ થતા જ દુર સુધી મોટી કમાનદાર છતનો સીલસીલો અને બંને તરફ દુકાનો ઘણો દ્રષ્ટીગમ્ય દશ્ય સર્જાવે છે આ બજારમાં ૩૨૧ દુકાનો, છ ગુસલખાના, પાંચ મસ્જીદો અને ૬૫ ગલીઓ છે. દરેક પ્રકારની વસ્તુઓ અહી મળી જાય છે. ભાવ પણ મુનાસીબ છે.

રાત્રે મેં ત્યાં બહાર નહી નીકળવાનું પહેલાંથી નક્કી કરી રાખ્યું હતું. ત્યાં શરાબની આમ છુટ હતી એટલે કોઈ ધીંગા મસ્તી કરતાં એટલી ફેમેલીવાળાઓએ રાતે હોટલમાં જ રહેવુ બેહતર છે. વળતા દિવસે ફરી કોચ કરાવીને ઈસ્તમ્બુલ જોવા નીકળ્યા. મજીદભાઈએ શોપીંગનું કારણ બનાવીને આવેલ નહી હોટલવાળાથી વાતચીત કરીને ૯૦ ડોલરના બદલે ૭૦ ડોલરમાં કોચ નક્કી થઈ મેઈન બોસફોરસ પુલ ઉપર જવાનું હતું. અમે બીજા જોવા લાયક સ્થળો પણ જોયા છે. અ વખતે ડ્રાયવર સમજદાર હતો. હોશીયાર હતો તે જેટલી જોવા લાયક જગ્યાઓ હતી ત્યાં લઈ ગયેલ. કેપીટલ સુપર માર્કીટ, જે લંડનના સુપર સ્ટોકની બરોબરીની હતી મશહુર સ્કુલો, કોલેજો, પહાડી પર શાનદાર હોટલો જે ઊંચાઈને આખરેહતી. ત્યાંથી ઈસ્તમ્બુલ પુરું દેખાય જેમ કે ઈસ્લાબાદમાં શકરપીડીયાથી આખું ઈસ્લામાબાદ દેખાય છે. સમુદ્ર કાંઠાની હોટલો જેમાં અંદર જઈને રૂમનું ભાડું પુછેલ તો ઓછામાં ઓછા ૨૦૦ ડોલરથી ૧૫૦૦ ડોલર સુધી રૂમનું ભાડું. શફા રેસ્ટોરન્ટમાં લંચ કરેલ. લંચમાં શીખ કબાબ ત્યાંની મશહુર આઈટમ "શીખ કવાબ"માં દહી સલાદ વગેરે નાખીને આપે આપણા દહી વડા જેવી આઈટમ લાગે. ખેર ખુબસુરત જગ્યા કુદરતી સૌદર્ય ભરેલા માહોલમાં બેસીને ખાવાની મજા પડી. આવા મનહર દશ્ય અને ખુશનુમા તાજગી ભરી હવાના વાતાવરણમાંથી ઉભા

થવાનું મન થતું ન હતું. એટલામાં એક શુટબુટ અને ટાઈ પહેરેલ દેખાવડો શખ્સ દાખલ થયો અમે અંદાજો લગાવેલ કે હોટલનો માલીક હશે મને એમ કે હવે તે ટેબલ ખુરશી પર ગોઠવાશે અથવા કેબીનમાં બેસશે. પરંતુ તે જવાને તો અમને આશ્ચર્યમાં નાખી દીધા. કોટ ઉતારીને ખીટીએ ટાંગ્યું અને કબાબની સગડી પાસે જઈને પ્લેટમાં કબાબ કાઢયા અને બેરાનું કામ શરૂ કરી દીધું. આપણે ત્યાં તો હોટલનો માલીક અથવા કોઈ શેઠ આવું કામ કરતા શરમ સંકોચ અનુભવે. તેણે અમારી ટેબલ પર આવીને સસ્મિત પુછયું કે:

"લંચ કરી લીધું. જમણ કેવું હતું મજા આવી?"

અમે પાકિસ્તાની તરીકે પરિચય અપ્યો અને ખાણાની તારીફ કરી. તે બહુ જ ખુશ થયેલ. તે બાદ ડ્રાયવર અમને સી સાઈટ લઈ ગયેલ. આપણા સી વ્યુ જેવો દેખાવ. એક બાજુ સમુદ્ર સામેની સાઈડ આલીશાન હોટલો અને ઈમારતોની હારમાળા ડ્રાયવરે ગાડી ઉભી રાખી અમો ઉતરીને હોટલોની લાઈનમાં પહોંચ્યા. ગ્રાન્ડ હોટલ ઈસ્તમ્બુલ, પ્રીન્સ હોટલ એવા ઘણા નામો જોયા. અમે ચેક કરવા અને જાણકારી મેળવવા ખાતર બે ત્રણ હોટલોના રીસેપ્શન પર જઈને રૂમનો ભાડો પુછતા બોર્ડ તરફ ઈશારો કરેલ બોર્ડ જોતા ભાડા બહુ જ ઉંચા હતા. ૫૦૦થી ૧૫૦૦ ડોલર પણ હોટલો જોવા જેવી. માર્ગમાં એક મોટી ખુબસુરત સ્કુલ આવેલ. ડ્રાઈવરે કીધું કે અહી ઈરાકના માજી પ્રમુખ સદ્દામ હુસેને તાલીમ લીધી છે. આપણા પ્રમુખ પરવેઝ મુશર્રફે પણ તુર્કીમાં તાલીમ લીધી છે. એમના પિતા પાકિસ્તાનના રાજદુત તરીકે તુર્કીમાં ઘણા વરસ રહેલ એટલે જ આપણા પ્રમુખ કમાલ અતા તુર્કથી પ્રભાવિત છે. હવે તુર્કીમાં પણ કમાલ અતા તુર્કનું વર્ચસ્વ ઢીલું પડતું જાય છે. હાલમાં ઈસ્લામ તરફી પાર્ટી જીતીને સત્તામાં આવી છે પણ મીલીટરીની દખલગીરી હોઈ વધારે પડતા મઝહબ તરફ ઢળતા રોકે છે. ખેર આપણે ત્યાં પણ ઈસ્લામ તરફ લોકોમાં મોહબ્બત ઓછી થઈ નથી અને ધીમે ધીમે પ્રમુખ સાહેબ પણ ઈસ્લામ તરફ પ્રેરાઈ રહ્યા છે. અલ્લાહ તઆલા દીને ઈસ્લામ પર કાયમ રાખે.

ફરતાં ફરતાં સાંજ પડવા આવી. ડ્રાઈવરે હોટલ ચાલવાનું કહેલ, અમો હામી ભરેલ અને તે હોટલ લઈ ગયેલ. પુરો દિવસ હરવા ફરવાથી થાકી ગયેલ હોઈ રૂમમાં બે કલાક આરામ કરેલ બહાર નીકળવાની હિંમત ન હની. શરદી પણ હતી. એ વિચારીને હોટલની નીચે રેસ્ટોરન્ટમાં જ જમવાનું નક્કી કરેલ. ડાઈનીંગ હોલ આકર્ષક હતું. બેસીને મેન્યુ કાર્ડ જોઈને બારબેકયુ, ચીકન બોટી, બીફ બોટી, વગેરેનો ઓર્ડર આપેલ. દરેક પ્લેટમાં એક બાળક ખાઈ શકે એટલા ચાવલ સાથે હતા જે અમને બહુ જ ઓછા લાગેલ. અમે બે ચાર ચાવલની અલગ પ્લેટો મંગાવી અને જમ્યા. જરા ટેસ્ટ ચેન્જ થયેલ અને લાઈટ ખાણું ખાધું. ધરાઈને ખાધું. પચાસ લાખનો બીલ આવેલ. તે વખતના પંદર સો. હાલમાં તો એક ડોલરના બાર લાખ લીરા મળે છે. હજાર ડોલર લઈ જાવ તો તમે તુર્કીમાં અબજપતિ બની જાવ. ત્યાંની કરન્સીની સમજ નથી આવતી. દીન પ્રતિદીન નીચે જ આવે છે. મારી પાસે તુર્કીથી આવ્યા બાદ એક મીલીયનની એક નોટ હની, જેને મેં સઉદી અરબમાં મની ચેન્જરને બતાવેલ.

તેણે મારા હાથમાંથી નોટ લઇ લીધેલ અને મને પાંચ રીયાલની નોટ પકડાવી દીધી.

મની ચેન્જરે કહ્યું: "ચુપચાપ રાખી લ્યો."

બીજા દિવસે બજારમાં જવાનું નક્કી કરેલ અને બજારમાં ગયા. ભાવ એવા કહે કે આપણને માંગતા વિચાર આવે. એકંપહોંચેલો માણસ કોટ વગેરે લઈને ઉભો હતા. અમને કહ્યું કે: "આ લઇ લ્યો. બહુ જ સસ્તો છે." તેની પાસે સ્વેટર વગેરે પણ હતા. ભાવ પુછતા ગળે પડી ગયો. ભાવ લગાવવા કહેલ અમે ઓછી બોલી આપી. અમે પાકિસ્તાન અથવા ઇન્ડીયાના છીએ તે એવું સમજી ગયો. તેણે એક ભારતી ફીલ્મના ગાયનની એક કડી સંભળાવી:

"મેરે મનકી ગંગાઓર તેરે મનકી જમનાકા
સંગમ હોગા કે નહિ બોલ રાધા બોલ સંગમ હોગા કે નહિ

અને એક પાકિસ્તાની કોમી ગીત: જીવે જીવે પાકિસ્તાન, જીવે પાકિસ્તાન જીવે"

અમે આશ્ચર્યચકિત બની ગયા કે ઉર્દુ તો અહી ઘણા જાણે છે. પરંતુ અંદાજો થઇ ગયો કે તે ઉર્દુ જાણતો ન હતો. તેણે રહીને ગાયનોની એક બે કડીઓ ગોખી લીધી હતી. આપણે ત્યાં જે રીતે પઠાણો ગાલીચાઓ લઇને નીકળે અને દુકાને દુકાને આવીને ગાલીચા લેવાનું કહે અને ત્રાણ ચાર હજાર રૂપીયા ભાવ બતાવે અને પાંચસોમાં આપી દે ભાવ પુછો એટલે ચોંટી પડે ને છોડાવવાનું મુશ્કેલ. ખેર અમે માંડ માંડ જાન છોડાવી અને આગળ વધી ગયા. બજારનો આંટો લગાવીને આવી ગયા.

તુર્કીમાં પણ મારા એક પાકિસ્તાની દોસ્તનો પુત્ર હતો. એના ફોન નંબર મારી પાસે હતો. મેં ફોન કર્યો તો કહે કે હું ઇસ્તમ્બુલથી કરાચીથી લાહોર જેટલો દુર છું. તમને કોઇ અડચણ મુશ્કેલી હોય તો બોલો. મેં કહ્યું કે અમને કોઇ મુશ્કેલી નથી. તેણે વિવેક કરતા કામકાજ હોય તો ફોન કરી લેવા શીષ્ટાચારરૂપે કહ્યું.

મારા સફરમાં કોઇ એવી જગ્યા હજુ સુધી આવી નથી જયાં પાકિસ્તાની ન હોય. મેં ઘણા દેશોનો પ્રવાસ કર્યો પણ કોઇ પણ જગ્યાએ પાકિસ્તાની ન હોય તેવું બન્યું નથી. હોટલમાં રોજ નવી સબ્ઝી બનતી હતી, જે આપણને પાકિસ્તાની ડીશ લાગે તે લીધી. માર્ગમાં ચાવલ–ફ્રાઇ નાના નાના શોકેસો લગાવીને વેચવા માટે લોકો બેઠેલા હોય છે.તેમની પાસેથી ચાવલ લેવાનો ક્રમ બનાવી લીધો હતો. આપણે ત્યાં ચવાણું વગેરે વેચાય તેમ ફ્રાઇ ચાવલના શોકેસ ઇસ્તંબુલમાં હોય છે. ડીનર હોટલના રૂમમાં કરીને થોડીક ગપસપ કરી અને પછી આવતી કાલેપાછા કોઇ બીજા ટાપુમાં જવાનું નક્કી કરેલ અને સુઇ ગયા. સવારે નાસ્તાથી પરવારીને બંદર તરફ પગપાળા ચાલી નીકળ્યા, કારણ કે વચ્ચમાં ટ્રામનો એક જ સ્ટોપ આવતો હતો એટલે ટ્રામમાં બેસવા કરતાં પગપાળા ચાલવાનું મુનાસીબ લાગેલ. ઇસ્તમ્બુલમાં ટ્રામમાં ભીડ બહુ જ હોય છે. મોટા ભાગે ઉભા રહેવું પડે. સીટ મુશ્કેલીથી મળે અને ટ્રામના સ્ટોપ સુધી ચાલવાનું અલગ હતું. અમે બંદર પર પહોંચ્યા. થોડોક અનુભવ હોઇ એક કહીને બીજા ટાપુની ટીકીટ રીટર્ન લીધી. એ જહાઝ પણ મોટી સાઇઝની સ્ટીમર.

જહાઝ રવાના થયો. તેમાં પણ ઘણા પેસેન્જરો હતા. પણ વીક એન્ડથી ઓછા. ઘણા જણ ખુલ્લી હવામાં બાકડાઓ પર બેસીને સમુદ્રની ઠંડી હવાનો લહાવો લઈ રહ્યા હતા.

હું બહાર ખુલ્લામાં નીકળી ગયો અને એક બાકડા તરફ આગળ વધ્યો. એક જગ્યા ખાલી દેખાઈ ત્યાં જઈને બેસી ગયો. બાજુમાં એક આધેડ ઉમરની સ્ત્રી બેઠી હતી. લીબાસ સાફ સુથરો, ગૃહસ્થાઈ દેખાય. વાતચીત પણ પ્રેમાળ–પણે કરે. મેં સલામ બાદ વાતચીત શરૂ કરી તો મેં પુછયું:

"તમે પણ પ્રવાસી છો?"

તેણે કહ્યું:

"નહિ! અમો તો અહી જ રહીએ છીએ. હું ટાપુના ગવર્નરની પત્ની છું."

મને તાજજુબ થયેલ કે આપણે ત્યાં તો ગવર્નરની પત્ની માટે સ્પેશીયલ લોન્ચ હોય. સાથે એક બે બોડીગાર્ડ હોય અને આ બાઈ એકલી અટુલી અને કહે છે કે હું ગવર્નરની પત્ની છું. ખેર તે લોકોને આવી રીતેસફર કરતા જોઈને મને ખુશી થઈ. કાશ! આપણા દેશના સત્તાધીશોનો પણ એવો વખત આવે કે લોકો સાથે બેસીને સફર કરે.

પેરીસની એક વાત યાદ આવી ગઈ. મારો મત અનુભવ. એક મોટર સાયકલ હળવા સાયરન સાથે નીકળી. તેની પાછળ મોટર કાર પસાર થઈ. અમારો ટેક્ષી ડ્રાઈવર કહે કે ફ્રાન્સના પ્રમુખ નીકળ્યા છે. પ્રમુખ જે સર્વસત્તાધીશ. તે આવી રીતે જાહેર રસ્તા પર નીકળે તે આપણને તો આશ્ચર્યજનક લાગે. આપણે ત્યાં તો ટ્રાફીક બંધ અને એક બે કલાક ટ્રફીકનું બખડજંતર સર્જાય. ખેર ગવર્નરની પત્ની સાથે શીષ્ટાચાર પુરતી વાતચીત કર્યા બાદ મને ઠંડક લાગતા હું પાછો અંદર આવી ગયેલ.

મારી પુત્રીઓ, બે જાપાની યુવતિઓ જે દેખાવે અને ચહેરે મોહરે સારા ખાનદાની અને શીક્ષીત લાગતી હતી. તેમની સાથે એક બાકડા પર બેસી વાતો કરતી હતી. વાતચીત કરતાં ખબર પડી કે એક યુવતિનું નામ યુહમી નામ હતું. બીજી યુવતિનું નામ મને યાદ નથી રહ્યું. વાતચીતમાં ખબર પડી કે વરસ દહાડો નોકરી કરે અને એક મહીનો રજા કરે. પુછતા માલુમ પડયું કે લગભગ ૧૦૦૦ ડોલરથી વધારે પગાર હતો અને કોમ્પ્યુટર ઓપરેટીગ કરતી હતી. બાદમાં કરાચી આવ્યા પછી પુત્રીઓ સાથે પત્રવ્યવહાર મજકુર જાપાની યુવતિઓએ રાખેલ અને તેમના ખેંચેલ ફોટાઓ પણ મોકલાવેલ. ઈમેઈલ મોકલવાનું પણ ચાલુ રાખેલ. આપણી છોકરીઓને એટલી નવરાશ ન હોય કે વખત કાઢે. ખેર એક ટાપુ પર પહોંચ્યા. આ પણ એક ખુબસુરત અને રળીયામણો ટાપુ હતો. ત્યાં પણ એ જ સીકુડ મળતું હતું. અહી એક શાવરમાનો સ્ટોલ પણ હતો. રાઉન્ડ એબાઉટ જોયો. ત્યાં ઘણી પબ્લીક હતી. અમે પણ ત્યાં જ બેંચ પર બેસી ગયા. લંચ કરીને આઈસ્ક્રીમ મંગાવીને ખાધેલ.

પાછા ફરવાનો ટાઈમ થઈ જતાં પાછા સ્ટીમરમાં આવી ગયા. જહાઝમાં જવા વખતે જે મજા આવે તેવી પાછા ફરતી વખતે ન આવે એ વાસ્તવિકતા છે. પીકનીક કે બીજે કયાય આપણે જઈએ ત્યારે ઉત્સાહ હોય પાછા ફરવામાં થકવાટ હોય ઉત્સાહ ન હોય. ગોદી પર

પહોંચ્યા. બધાએ કીધું કે ચાલવું નથી. ટેકસી કરાવી લ્યો તો મેં ટેકસી કરાવી. એક સારો માણસ હતો જે ત્રણ લાખ લીરા મીટરથી બનેલ અને બીજી ટેકસીના પાંચ લાખ લીરા બનેલ તો આવી ચોરી દરેક જગ્યાએ થાય.

ઈસ્તંબુલમાં શરદીને કારણે ઓરતોનો લીબાસ પેન્ટ અને સ્વેટર કે કોટથી શરીર ઢંકાયેલ હતો. બાકી અહી તો પુરો યુરોપ જેવો મીની સ્કર્ટ અને અર્ધનગ્ન હોય છે. પુરૂષો કોટ પેન્ટ અને ટાઈ પહેરે છે. ઈસ્લામ જેવો કોઈ પોષાક કે ઈસ્લામ જેવી કોઈ વાત નજરે જ ન પડે. આપણે યુરોપમાં કે કોઈ ગેરમુસ્લીમ મુલ્કમાં હોઈએ તેમ લાગે.

ખેર હવે સઉદી એર લાઈનને અક્કલ આવી ગઈ છે. ભાડું ઉમરા ઉપરાંત ૧૫૦૦૦ વધારે લાગે છે. અમે ગયા ત્યારે જીદ્દાહના ૨૦૦૦૦ અને સાથે ઈસ્તમ્બુલથી જીદ્દાહ અને જીદ્દાહ ઈસ્તમ્બુલ જીદ્દાહ, ચાર અને ચાર, આઠ કલાકની ફલાઈટ મફત, બલ્કે ૫૦૦ રૂપીયા ઓછા. મારા પુત્ર આરીફ પોતાની ફેમીલી સાથે તુર્કીનો પ્રવાસ કરી આવેલ અને ત્યાં રોકાઈને જોવા લાયક બધા સ્થળોની મુલાકાત કર્યા બાદ હું પણ ફેમીલી સાથે તુર્કીના પ્રવાસે ગયેલ, કારણ કે આરીફે તુર્કી અને ઈસ્તમ્બુલ શહેરના ઘણા વખાણ કર્યા. પરિણામે મને પણ ઉત્કંઠા જાગી. બીજા દિવસે રવાનગી હોઈ હોટલે પહોંચીને હળવું ખાઈને સુઈ ગયા. તુર્કીમાં ઈસ્તમ્બુલ ઘણું જોવા જેવું અને કુદરતી સૌદર્યથી ભરપુર તથા ઐતિહાસીક ઈમારતો વાળું શહેર છે. પણ ન છુટકે બીજા વખતે આવવાનું વિચાર કરીને રવાના થયેલ. મેં તોપકાપીમાં હજરે–અસવદનો સોનાનો કવર જોયેલ તે વખતથી સંગે –અસવદ વીશે થોડીક જાણકારીની યાદ આવેલ. જે અહી ટુંકમાં આપની જાણકારી માટે લખું છું.

બયતુલ્લાહની દીવાલમાંનો પવિત્ર કાળો પત્થર હજરે– અસવદ: એક વિવેચન

ચાંદીના મજબુત ખોળીયામાં જડેલો એક કાળો પત્થર બયતુલ્લાહની દિવાલમાં સ્થાપિત છે. આ મુબારક પત્થરનો ઈતિહાસ નવાઈ પમાડનારી ઘટનાઓની યાદ અપાવે છે. આ મુબારક પત્થર અનેક ભયંકર અકસ્માતોનો ભોગ બન્યો છે. કહેવાય છે કે આ પથ્થર હઝરત આદમ અલયહીસ્સલામ સાથે જન્નતમાંથી ઉતારવામાં આવેલ છે. આ જન્નતનો પથ્થર છે જેને અલ્લાહ તઆલાએ પૃથ્વી પર ઉતાર્યો છે.

અમુક આલીમોનું કહેવું છે કે હજરે અસવદ જન્નતથી લાવવામાં આવ્યો નથી પણ હઝરત જીબ્રાઈલ (અ.સ.) જબલે હબુ કુબયસમાંથી લાવ્યા હતા. આ પર્વતે તુફાને–નુહના સમયમાં આ પત્થરને અલ્લાહ તઆલાના હુકમથી રક્ષણ આપ્યું હતું. તુફાને–નુહ પછી હઝરત ઈબ્રાહીમ અલયહીસ્સલામે જયારે બયતુલ્લાહનું નવેસર ચણતર શરૂ કર્યુ અને જયાં પત્થર છે ત્યાં સુધી દિવાલો તૈયાર થઈ ગઈ તો હઝરત ઈબ્રાહીમ અલયહીસ્સલામે પોતાના ફરઝંદ હઝરત ઈસ્માઈલને કોઈ એક પત્થર લઈ આવવા કહ્યું કે જેથી તે પથ્થરને એ દિવાલમાં એ જગ્યાએ સ્થાપિત કરાય જયાંથી તવાફ શરૂ કરવામાં આવે. તે વખતે હઝરત જીબ્રઈલ

અલયહિસ્સલામે જન્નતથી લાવેલો પથ્થર તરત જ આપની સમક્ષ ધરી દીધો. આ તે જ હજરે અસ્વદ છે જે જુદા જુદા સમયમાં પ્રકાર પ્રકારના કાવત્રાનો પણ ભોગ બન્યો હોવા છતાં પોતાની જગ્યાએ બરોબર જળવાઇ રહ્યો છે.

હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામે કરેલા ચણતર કામ પછી અરબના મશહુર કબીલા કુરયશે જયારે બયતુલ્લાહનું ચણતર કામ શરૂ કર્યુ તો તે પથ્થરને મૂળ સ્થાને સ્થાપિત કરવાને મામલે મોટો વાદવિવાદ સર્જાઇ ગયો. મક્કાના દરેક ખાનદાનના લોકોની ઇચ્છા એવી હતી કે પથ્થરને મૂળ જગ્યાએ રાખવાનું સન્માન તેમના જ ખાનદાનને મળવું જોઇએ. આ મતભેદ એટલો ઉગ્ર બની ગયો કે વાત મારવા મરવા સુધી પહોંચી ગઇ. અંતે એવું નક્કી થયું કે સવારમાં કાબા શરીફમાં પહેલો દાખલ થનાર શખ્સ એ માનનો હકદાર બનશે. હવે બન્યું એવું કે અલ્લાહ તઆલાના અંતિમ આપણા પ્યારાનબી હઝરત મોહમ્મદ મુસ્તુફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમને એ સન્માન હાસીલ થયું. હજરે અસ્વદને તેની મૂળ જગ્યાએ મુકવા પહેલા આપે તેને એક ચાદરમાં રાખ્યો અને દરેક કબીલાવાળાને તે ચાદરનો ખુણો પકડી લેવા કહ્યું. આમ જયારે એ પત્થર તેની મૂળ જગ્યા પાસે પહોંચ્યો ત્યારે આપે પોતાના મુબારક હાથે એ પથ્થરને બયતુલ્લાહની દિવાલમાં સ્થાપિત ફરમાવ્યો. એ વખતે આપની વય પચ્ચીસ કે પાત્રીસ વરસની હતી. હઝરત ઇબ્ને ઉમર રદીયલ્લાહો તઆલા અન્હોથી રિવાયત છે કે હઝરે અસ્વદ અને મુકામે-ઇબ્રાહીમ એ બંને જન્નતના યાકુત છે જો અલ્લાહ તઆલાએ તેના પ્રકાશને બુઝાવી દીધો ન હોત તો પૂર્વ અને પશ્ચિમ વચ્ચેનું સઘળું તેના પ્રકાશથી ઝગમગી ઉઠયું હોત. ઇતિહાસમાં એ વાતનું વર્ણન મોજુદ છે કે કાઅબાના ચણતર વખતે હઝરત ઇબ્રાહીમે (અ.સ.) હજરે અસ્વદને જયારે દિવાલમાં સ્થાપિત કર્યો ત્યારે તેના પ્રકાશથી આસપાસની જગ્યા ઝગમગી ઉઠી, તો જયાં સુધી હજરે અસ્વદની રોશની ફેલાઇ ત્યાં સુધીના ભાગને અલ્લાહ તઆલાએ હરમ તરીકે ઠરાવ્યું. એક વાર ફારૂકે આઝમે હજરે અસ્વદને ચુંબન લઇને ફરમાવ્યું: "ઓ હજરે અસ્વદ! ખુદા સાક્ષી છે, હું તને એક કાળો પથ્થર સમજું છું. તું પોતાનીમેળે કોઇ લાભ કે ગેરલાભ કરી શકતો નથી. જો રસુલે ખુદાએ તને ચુંબન લીધું ન હોત તો હું પણ ચુંબન લેત નહિં"હજરે અસ્વદના ઇતિહાસમાં જયાં અનેક ઘટનાઓ બન્યાનું વર્ણન મોજુદ છે ત્યાં આ પત્થરની વિરૂદ્ધ કાવત્રાઓનું વર્ણન પણ દિલચસ્પ અને ઇબ્રતરૂપ પણ છે.

ઇતિહાસકારો લખે છે કે આ પત્થરને મૂળ જગ્યાએથી હટાવી અને તેનો નાશ કરવાના જુદા જુદા સમયમાં વિવિધ કાવત્રા કરવામાં આવ્યા છે. જેમ કે જુરહમ, અયાદ, રમાલીકા ખઝાઆ અને કરામતાના કબીલાઓ તથા કોમો અનેક વાર હજરે અસ્વદને બયતુલ્લાહની દિવાલમાંથી કાઢીને ઉઠાવી ગયા હતા જેથી તેઓ એક નકલી બયતુલ્લાહ બનાવી તેને તેમા સ્થાપિત કરી શકે અને ખુદાના સાચા ઘરની મહાનતા અને મહત્તાનો અંત આવી જાય. પરંતુ તેમના એ બધા પ્રયાસો નિષ્ફળ નીવડયા, જયારે હજરે અસ્વદ તેના મૂળ સ્થાનથી વધારે વખત માટે જુદો રહ્યો નહિ અને તે તેના મૂળસ્થાન પર જલ્દી પાછો આવી જતો હતો.

ઈતિહાસકારો લખે છે કે યઝીદના હુકમથી હસન બિન નમીરે હઝરત અબ્દુલ્લાહ બીન ઝુબેરથી લડવા માટે મક્કા મોઅઝ્ઝમા પર ચઢાઈ કરી ત્યારે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબેરે પોતાના સાથીઓ સહિત ખાનએ કાઅબાની આસપાસ મસ્જીદે હરામમાં આસરો લીધો અને તડકાથી રક્ષણ માટે તંબુઓ તાણી લીધા.

હસીન બીન નમીરે મક્કામાં દાખલ થઈ અબુ કુબયલની પહાડીઓ તેની સામેની પહાડી જબલે અહમર પર "મિનજમીક" (પથ્થર ફેંકવા માટેનું યંત્ર) ગોઠવી દીધું અને તે વડે હઝરત ઈબ્ને ઝુબેર અને તેમના સાથીઓ ઉપર પથ્થર વર્ષા કરી. જેનાથી કાઅબાની ઈમારતને નુકસાન થયું. કાઅબા શરીફના ગીલાફના લીરા લીરા થઈ ગયા અને કાઅબાની દિવાલોમાં તિરાડો પડી ગઈ. એ જ અરસામાં ઈબ્ને ઝુબેરના સાથીઓના એક તંબુમાં અચાનક આગ લાગી ગઈ, જેથી કાઅબાના ગીલાફ ઉપરાંત લાકડાનો તમામ સામાન બળી ગયો અને કાઅબાની દિવાલો હલી ગઈ એટલે સુધી કે હજરે અસ્વદ પણ ઘટનાનો ભોગ બની ફાટી (તડકી) ગયો. એ જ દિવસોમાં યઝીદના મૃત્યુની ખબર સંભળાઈ એટલે હસન બીન નમીર સીરીયા ભણી પાછો ફર્યો. ત્યાર બાદ અબ્દુલ્લાહ બીન ઝુબેરે બયતુલ્લાહ શરીફની ખખડી ગયેલી ઈમારતને તોડાવી ઈબ્રાહીમ અલયહિસ્સલામે ચણેલી મૂળ ઈમારતના પાયાઓ ઉપર નવેસરથી ચણતર કરાવ્યું. આગને લીધે હજરે અસ્વદ ફાટી ગયું હતું અને તેના ત્રણ ટુકડા થઈ ગયા હતા. એ કારણે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબેરે તે ટુકડાઓને ચાંદીના મજબુત પતરામાં ચાંદીના તાર સાથે ખાનએ કાઅબાની દિવાલમાં સ્થાપિત કરી દીધો. થોડા સમય પછી પ્રખ્યાત અબ્બાસી ખલીફા હારૂન રશીદના સમયમાં ચાંદીના પતરામાં હજરે અસ્વદના જે ટુકડા મજબુત રીતે જડવામાં આવ્યા હતા તે ઢીલા પડી ગયા હોઈ અને આ પત્થર પોતાની મૂળ જગ્યાએથી નીકળી જવાનો ભય પેદા થયો હોઈ ખલીફા હારૂન રશીદે પત્થરોમાં કાણાં બનાવી તેમાં ચાંદી ભરાવી દીધી એથી હજરે અસ્વદની સપાટી પણ એક સરખી થઈ ગઈ અને એ મજબુત પણ થઈ ગયો. ઈતિહાસમાં હજરે અસ્વદને કાઅબાની દિવાલમાંથી બહાર કાઢી લેવાના એક કાવત્રા ઉપર હીજરી સન ૩૧૭માં અમલ કરાયો.

હીજરી સન ૩૧૭માં જયારે મક્કા મુકર્રમા પર કરામતાએ કબ્જો કર્યો તો અબુ તાહીર સુલેમાન બીન અલ હસને હરમ પાકમાં લોહીની હોળી રમી. ૮મી ઝીલહજ ૩૧૭ હીજરીના તેણે એટલી બધી કત્લેઆમ ચલાવી કે હાજીઓની લાશોથી ઝમઝમનો કુવો ભરાઈ ગયો. ત્રીસ હજાર નિર્દોષ લોકોને મોતની નીંદ સુવરાવી દીધા, જેમાં સત્તરસો હાજીઓ અને સાતસો તવાફ કરનારાઓ શહીદ થઈ ગયા. તેણે આ બધો હત્યાકાંડ "મીઝાબે રહેમત" એટલે કાબા શરીફના પરનાઓ ? જે સોનાનો હતો ઉપાડી લેવા, હજરે અસ્વદ અને મુકામે ઈબ્રાહીમ ઉઠાવી જવાની નાપાક ધૃષ્ટતાથી કર્યો હતો. બે માણસો આ મલીન હરકત માટે કાબા શરીફ પર ચઢયા અને પળવારમાં માથાભેર જમીન પર પડી જહન્નમ ભેગા થઈ ગયા.

૧૪મી ઝીલહજ સન ૩૧૭ રવીવારને દિવસે અસરના સમયે જાફર બીન હલ્લાજે અબુ તાહેરના હુકમથી હજરે અસ્વદને કોદાળીથી ઉખેડી લીધો. તેની ઉપર અનેક પ્રહારો

થયા, જેનાથી અનેક ટુકડા થઈ ગયા અને તે જગ્યા ખાલી રહી ગઈ. તવાફ કરનારાઓ માત્ર એ જગ્યાએ હાથ રાખીને હાથને ચુમી લેતા હતા. લગભગ બાવીસ વરસનો લાંબો અરસો વીતી ગયા પછી બેહરીનના શહેર "હજર"થી બુધવાર ૧૦ ઝીલહજ હીજરી સન ૩૩૯ના આ મુબારક પથ્થર પાછો આવ્યો. અલ્લામા જલાલુદીન સહતી લખે છે કે જાલીમ અબુ તાહીર "ચેચક"ની બીમારીમાં સપડાયો તેનું શરીર ફાટી ગયું અને ઝીલ્લતની મોતે મર્યો.

અલ્લામા તકીમુદ્દીન લખે છે કે હજરે અસ્વદ ૨૨ વરસમાં ચાર દિવસ ઓછા હતા ત્યારે પાછો લાવવામાં આવ્યો હતો. એ બનાવ પછી વિવિધ સમયે હજરે અસ્વદને ચાંદીની ફ્રેમમાં જડી દેવામાં આવ્યો. હીજરી સન ૪૬૫માં અબ્દુલ્લાહ બીન ઝુબેરે ચાંદીની ફ્રેમ હજરે અસ્વદ પર ચઢાવી. હીજરી સન ૧૮૯માં ખલીફા હારૂન રશીદે હજરે અસ્વદને ચાંદીની મજબુત ફ્રેમમાં જડી દીધો. ૩૦૯૭ દીરહમ વજનની ચાંદીની ફ્રેમ બનાવવામાં આવી. હીજરી સન ૧૦૯૭માં નવી ફ્રેમમાં મઢવામાં આવ્યો. હીજરી સન ૧૨૬૮માં તુર્કીના સુલ્તાન અબ્દુલ હમીદ ખાને સોનાની ફ્રેમ ચઢાવી, જેની ઉપર આયતુલ કુરસી લખેલ હતી. ૧૨૮૧ હીજરીમા સુલ્તાન અઝીઝે સોનાની ફ્રેમ ઉતારી હજરે અસ્વદને ચાંદીના "તોક" (ફ્રેમ)માં મઢી દીધો. હીજરી સન ૧૩૩૧માં સુલ્તાન મોહમ્મદ રશાદ ખાને ચાંદીની ફ્રેમ ચઢાવી, જે હીજરી સન ૧૩૭૫ સુધી કાયમ રહી. છેલ્લે શાહ સઉદે ચઢાવેલી નવી ફ્રેમ આજ સુધી મોજુદ છે.

હુઝુરે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ના ફરમાનોમાં સીરીયાની સરઝમીનની ફઝીલત

એક સહાબી અબ્દુલ્લાહ બીન ખોલા નામે છે. તેઓ કહે છે કે એક દિવસે મેં સરકારની બારગાહમાં અરજ કરી.

"યા રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ મારા માટે આપ કોઈ શહેર પસંદ ફરમાવી દયો, જેમાં હું રહું. જો હું જાણતે કે આપ બાકી રહેશો તો આપના કુર્બા પર કોઈ વસ્તુને સરસાઈ આપને નહિ. એટલે સુધી કે આપની જુદાઈમાં અહી રહેવાનું મારા માટે અતિ કઠીન હશે.

આપે ફરમાવ્યું:

"સીરીયામાં રહેવાનું રાખો." પરંતુ સીરીયા અંગે મારો અણગમો જોઈને ફરમાવ્યું:

તમે જાણો છો કે સીરીયા (શામ)ના હકમાં અલ્લાહતઆલાનો શું ઈર્શાદ છે? અલ્લાહ તઆલા ફરમાવે છે: શામ! (સીરીયા) સારા શહેરોમાંથી તું બર્ગુઝીદા છે. તારામાં મારા બેહતર બંદાઓને દાખલ કરીશ. એટલે મારા બેહતર અને સારા બંદાઓ તારી ધરતી ઉપર આવશે અને અહી જ તેમને ફરીથી જમીનમાં દાખલ કરીશ. આ જમીન મારા બેહતર બંદાઓનું મદફન બનશે.

શામ (સીરીયા)ને ખુશખબરી હોય, તેની ઉપર રહેમતના ફરિશ્તાઓ પોતાના "બાજુ" (બાવળા) ફેલાવીને રહે છે. એક રિવાયતમાં છે કે સૌથી વધારે દયાળુ અલ્લાહે તે (શામ)ની

ઉપર પોતાની રહેમત ફેલાવી છે.

હઝરત અબુ દરદાની હદીસમાં છે કે હુઝુર રસુલે પાકનો ઈરશાદ છે:

મુસલમાનોનો મજમો એક જમીનમાં છે, જેને "ગોતા" કહે છે, (સીરીયામાંનો એક વિસ્તાર) તેમાં શહેર છે, જે દમાસ્કસ કહેવાય છે. તે (એક) એ દિવસે મુસલમાનોની બેહતરીન મંઝીલ હશે. હાકીમ કહે છે કે આ હદીસની સનદ સહિહ છે.

ઉમર બીન મુહાજીર અન્સારીનું કથન છે કે વલીદ બીન અબ્દુલ મલીક (ઉમ્મીયાના ખલીફા) જામે મસ્જીદની તામીરમાં ચાર સંદુકો ખર્ચ કર્યો હતો. દરેક સંદુકમાં અઠ્ઠાવીસ લાખ દીનાર હતા અને સીતેર હજાર તો સામેના ભાગના મીનાકારી કામમાં ખર્ચ થઈ ગયા.

હઝરત ઉમર ફારૂક રદીયલ્લાહો તઆલા અન્હોએ સીરીયામાં રહેતા હઝરત કઅબથી કહ્યું: તમે નબી કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના શહેર મદીનામાં શા માટે નથી ચાલી જતા તો એમણે કહ્યું:

મેં અલ્લાહની કિતાબમાં જોયું છે કે સીરીયામાં અલ્લાહના ખઝાનાઓ છે અને તેમાં એના બંદાઓમાંથી ખઝાનાઓ છે."

એક રિવાયતમાં છે કે હઝરત નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું:

"મેં મેઅરાજની રાતે એક સફેદ વસ્તુ જોઈ જાણે કે તે મોતી છે. તેને એક ફરીસ્તાએ ઉઠાવી રાખી હતી, મેં પુછયું:

"તમે શું ઉઠાવી રાખ્યું છે?"

ફરીશ્તાએ અરજ કરી:

"અમુદે કિતાબ." (કિતાબનું હાર્દ અર્થાત કદ). અમને હુકમ થયો છે કે તેને શામ સીરીયામાં રાખો.

હઝરત કઅબ બીન અહબાર (ર.અ.) ફરમાવે છે કે બીજી જમીન ચાળીસ વરસ પહેલાં સીરીયાથી બરબાદ થઈ જશે.

હઝરત ઝૈદ બીન સાબિત(ર.અ.) હુઝુરે પાકથી રિવાયત કરે છે કે:

તફસીરમાં લખ્યું છે કે ઝુલ કરનૈન મીસરની ખીણમાં પહોંચ્યા તો એમને એક નુર બુલન્દ થતું દેખાયું. એમણે પોતાના દિમશક નામે ગુલામને શહેર આબાદ કરવાનો હુકમ આપ્યો, તેથી દિમશક આબાદ કરાયું.

એક કથન છે કે હઝરત સુલયમાન અલયહિસ્સલામના હુકમથી બે શયતાનોએ તેને બનાવ્યું હતું. એકનું (શયતાન જીન્નતાનું) નામ બરીદ અને બીજાનું જખ્રૂદ હતું. એમનાજ નામોથી દમીશ્કના બે દરવાજાના નામ છે બાબે બરીદ અને બાબે જબ્રૂદ.

સીરીયા (શામ)માં દસ હજાર "આઅયાન" મુજાહીદો દાખલ થયા જેઓ હુઝુર પાકનો દીદાર કરનારા (એટલે કે સહાબી) હતા. તેની હદ સર્બશથી ફુરાત સુધી છે અને "હમસ"માં સાતસો સહાબાએ કિરામ દાખલ થયા. એક હદીસ (ઝઈફ)માં છે કે ઉર્દુન– (જોર્ડન)નું નામ એટલા માટે પડયું કે તેની હવા ઘણી ભારે છે અને બયતુલ મુકદ્દસની નજીક

છે. બસરાની બુનિયાદ હઝરત ઉમર ફારૂકની ખિલાફત કાળમાં પડી. અઢાર વરસમાં આબાદ કર્યું. કુફા દારૂલ ફઝલ છે. એ ગોળ (સેટેલાઇટ ટાઉન) હોવાને લીધે તેનું નામ કુફા પડયું. મીસર (આજનું ઈજીપ્ત) મશહુર વસ્તી (આબાદી) છે. તેની એ ખુબીઓમાંથી એક ખુબી એ છે કે ફીરઔનના સમયના સાહીરો (જાદુગરો) એક પળવારમાં ઈમાન લઈ આવ્યા હતા. ઈરાકનું નામ એ માટે "ઈરાક" પડયું કે તેની જમીન સપાટ છે. તેમાં ન પહાડો છે ન ખીણો.

પ્રાચીન જમાનામાં આ બધા વિસ્તારો સીરીયા– શામમાં જ ગણાતા હતા. હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમે એ જ સીરીયાને પોતાના કદમ મુબારકથી બે વખત પાવન ફરમાવ્યું અને ઝીનત બખ્શી. એ જ પ્રસંગને ઈસ્લામી ઈતિહાસમાં "સીરીયાની સફર" કહેવાય છે. એક પહેલી (મુસાફરી) અને એક બીજી સફર.

એક રિવાયતમાં છે કે હુઝુરે પાકે ઈરશાદ ફરમાવ્યો મને શામ તરફથી રહેમતની સુગંધ (ખુશ્બુ) આવે છે.

કદાચ ઈશારો હઝરત ઉવેસ કરની તરફ હતો. "કરન" પણ એ જ વિસ્તારનો એક પ્રદેશ છે. ચાલો આપણે પણ તુર્કીના ઉડતા ઉલ્લેખ પછી સીરીયા અંગે કુર્આન અને હદીસે પાકના થોડાક વાંચનથી ઈમાનને તાજું કરીએ

સુરએ અમ્બીયા પારા ૧૭માંની એક આયત છે, જેમાં અલ્લાહ તઆલા ફરમાવે છે:

"અને અમે તેને અને લુતને નજાત બખ્શી, એ જમીન (સરઝમીન) તરફ જેમાં અમે પૃથ્વીવાસીઓ માટે બરકત રાખી." આ સરજમીનથી મુરાદ "સીરીયા" છે. એથી સીરીયાને એ બરકત હાસીલ છે કે અહી ઘણા બધા અમ્બીયાએ દુનિયવી હયાત વિતાવી છે એટલે જ એ વિસ્તારની હરીયાળી તથા ફળદ્રપુતા (ઝેતુન વગેરે ફળફળાદી)ને વગેરેને લીધે દુનિયાના બીજા વિસ્તારોથી ફઝીલત ધરાવે છે. ઉપરાંત અહીની નહેરો તેમ જ પાકીઝા પાણી તેમ જ સર્વાંગી વાતાવરણ સીરીયાના ખાસ પ્રદેશમાં દાખલ થતા જ મન મગજને પ્રફુલ્લિત બનાવે છે જેનો અનુભવ આજે પણ ગમે તે શખ્સ ગમે ત્યારે સીરીયાની પાક ઝમીનમાં જઈને કરી શકે છે. એ જ કારણે સીરીયાને કુર્આન પાકે બરકતવાળી જમીન કહી છે. જેવું કે પહેલાં મેં લખ્યું છે કે બયતુલ મુકદ્દસ, ફલસ્તીન અને જોર્ડન તેમ જ હાલના મીસર તથા ઈરાકના પ્રદેશો સીરીયમાં જ હતા. ઈતિહાસીક રીતે સાબિત છે હઝરત ઈબ્રાહિમ અલયહિસ્સલામ "ફલસ્તીન"માં સ્થાયી થયા અને હઝરત લુત અલયહિસ્સલામ "મુતફેકા"માં.

સુરએ "મોમેનુન"માંની એક મુબારક આયતનો ભાવાર્થ છે કે:

અમે મરિયમ અને તેના બેટાને નિશાની (બનાવ્યા) કર્યા અને ઠેકાણું આપ્યું એક ઉંચી જમીનમાં વસવાટનું ઠેકાણું તથા નજરની સામે વહેતું વિપૂલ પાણી.

કુર્આન પાકની તફસીરોમાં કહેવાયું છે કે એ સ્થળ દીમશ્ક છે.

હઝરત યુસુફ અલયહિસ્સલામની મશ્હુર દુઆ છે જેનુ વર્ણન કુર્આન પાકમાં કરાયું છે કે:

"તવફ્ફની મુસ્લેમંવ– વલ હીકની બીસ–સાલેહીન"

આ મુબારક આયતમાં સાલેહીનથી મુરાદ હઝરત ઈબ્રાહીમ, હઝરત યાકુબ અને હઝરત ઈસ્હાક છે.

હઝરત યુસુફ (અ.સ.)ની પહેલી તદફીન અને નાઈલ નદીની વિશિષ્ટતાઓ

જેવું કે ઐતિહાસીક નાઈલ– અથવા નીલ નદીએ અનેક કોમોની કોણ જાણે કેટલીય ચઢતી પડતીઓને તેની લહેરોમાં છુપાવી રાખી છે. આ નદી હજારો વરસથી એવી જ રીતે વહી રહી છે. હદીસ પાકમાં તેને "જન્નતની નદી" કહેવાઈ છે. મેઅરાજ મુબારકની રાતે હુઝુર નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ જયારે સીદરતુલ મુન્તેહા પાસે તશરીફ લઈ ગયા તો આપે બોરડીના એ ઝાડ (સીદરા એટલે બોરડી) સીદરાના ઝાડની મૂળમાં બે જાહેર અને બે છુપાયેલી નદીઓ જોઈ. સીદરા (બોરડી)ની કદાચ એ જ બરકત છે. આપણે ત્યાં મુર્દાને ગુસલ દેવાના પાણીમાં બોરડીના વૃક્ષના પાંદડા નાખવામાં આવે છે.

હઝરત જીબ્રઈલને આપના સવાલના જવાબમાં અરજ કરી કે આ જાહેરમાં દેખાતી નદીઓ "નીલ" અને ફુરાત છે. એક આલીમે મારી સાથે ચર્ચા કરતી વખતે આ હદીસ બુખારી શરીફમાં હોવાનો હવાલો આપ્યો હતો. હવે રહી એ વાત કે નીલ નદીનો જન્નત સાથે શું સંપર્ક છે? એ તો કોઈ નથી જાણતું. અલ્લાહ અને તેના રસુલે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જાણે છે. અને તેની તપાસ પાછળ પડવાની પણ શું જરૂરત છે. અલબત્ત, નીલ નદીની કેટલીક વિશિષ્ઠતાઓ છે. મોટા ભાગની નદીઓ ઉત્તરથી દક્ષિણ તરફ વહે છે જયારે નીલ નદીની એક વીશીષ્ઠતા એ છે કે કે તેનું વહેણ દક્ષીણ દીશાથી ઉત્તર દીશા તરફ છે.નીલ નદી તેની લંબાઈને લીધે દુનીયાની સૌથી મોટી નદી છે જે ચાર હજાર માઈલમાં ફેલાયેલી છે.

નીલ નદી વીશે એ વાત હજારો વરસ સુધી સંશોધકો માટે એક કોયડો બનીને રહી છે કે તેનું શ્રોત–ઉદભવસ્થાન કયાં છે? એન્સાયકલોપીડીયા બ્રીટાનીકામાં નીલ નદીના શ્રોત અને ઉદભવ સ્થાનની શોધના સદીઓ લાંબા ઈતિહાસનું વર્ણન કરાયું છે. છેવટે એવી માન્યતા લોકપ્રિય બની છે કે આ નદી યુગાન્ડાના વિકટોરીયા સરોવરમાંથી નીકળી રહી છે. એક અર્થમાં તો એ દુરસ્ત છે કે વિકટોરીયા ઝીલ પાણીનું એ સૌથી મોટું ભંડાર છે જયાંથી નીલ નદી તેના ચાર હજાર માઈલ લાંબા સફરની શરૂઆત કરે છે. પરંતુ શરૂઆતથી મુરાદ શ્રોત (ઉદભવ સ્થાન) છે તો સવાલ એવો પેદા થાય છે કે વિકટોરીયા સરોવરનું પાણી કયાંથી આવી રહ્યું છે હજુ એ બાબત કોઈ સક્કર સરવે સંપૂર્ણ થયો નથી.

ઈન્સાન હજારો વરસની તેહકીક – સંશોધન અને રીસર્ચ છતાં દુનિયામાં જ આ નદીના અંતિમ છેડાને સો ટકા ખાત્રી સાથે શોધી નથી શકયો તો સાદીક અને મસુદક સલ્લલ્લાહો અલયહે વસલ્લમે નીલ નદીના જન્નત સાથે જે સંપર્કનું નિશાન ફરમાવ્યું છે તેનો

નાદ્રશ્ય સુરાગ કોણ લગાવી શકે છે! ખેર, હઝરત યુસુફ (અ.સ.) ની તદફીન અંગે મીસરવાસીઓ વચ્ચે ભારે મનભેદો સર્જાઈ ગયા. વાદ વિવાદ વધી ગયો. દરેક મોહલ્લાવાળાઓ બરકત મેળવવા ખાતર પોતાના જ મોહલ્લામાં તદફીન કરવા ચાહતા હતા. અંતે એવું નકકી કરવામાં આવ્યું કે આપને નીલ નદીમાં દફન કરવામાં આવે, જેથી નીલ નદીના પાણી આપની કબરને સ્પર્શ કરીને, ચુમીને વહેની રહે અને તેની બરકતનો ફયઝ તથા લાભ સમસ્ત મીસરવાસીઓને મળે. આરસપહાણ કે "રખામ" નામે કિંમતી મજબુત પથ્થરના સંદુક– તાબુતમાં હઝરત યુસુફ અલયહીસ્સલામને નીલ નદીમાં પહેલી તદફીન કરવામાં આવી અને બાદમાં જેવું કે બધાને માલુમ છે કે ચારસો વરસ પછી હઝરત મુસા (અ.સ.) અને બની ઈસરાઈલે દરીયાએ–નીલ ઓળંગીને જયારે સીરીયા તરફ કુચ કરી તો હઝરત યુસુફ (અ.સ.) ની વસીયત પ્રમાણે આપના તાબુતને પણ સાથે લઈ લીધો અને સીરીયા પાસે તદફીન કરી. મારા કહેવાનો મતલબ છે હઝરત યુસુફ (અ.સ.) જેવા મહાન પયગમ્બરે કે જેમના કીસ્સાએ કુર્આન પાકમાં "અહસનલ–કુસુમ" બેહતરીન કીસ્સો કહેવામાં આવ્યો છે. એમણે પણ એ જ બરકતવાળા સીરીયા (તે વખતના)માં દફન કરવાની વસીયત ફરમાવી હતી.

મીસરની ઈતિહાસ પ્રસિદ્ધ નાઈલ નદી એક સમયમાં દર વરસે સુકાઈ જતી હતી અને મીસરના લોકોમાં એવો રિવાજ અને અંધશ્રદ્ધા પ્રચલિત હતી કે જયાં સુધી એક કુંવારી અને સ્વરૂપવાન સંદરીનું બલીદાન અપાય નહિ ત્યાંસુધી એ સુકી જ રહેતી.

હઝરત ફારૂકે આઝમ રદીયલ્લાહો અન્હોના ખિલાફત કાળમાં મીસર ફતેહ થયું અને એ મુસલમાનોના કબ્જામાં આવ્યું. હઝરત ઉમર ફારૂકે આઝમે હઝરત ઉમર બીન સાઅદને ત્યાંના ગવર્નર નીમ્યા. થોડા સમય પછી હઝરત ઉમર બીન સાઅદે સાંભળ્યું કે નાઈલ નદી સુકાઈ ગઈ છે. આપે લોકોથી પુછપરછ કરીને હકીકત જાણી.

આપને દર વરસે યુવતિનો નિરર્થક અપાતા ભોગનો જાહેલિયત ભર્યો રિવાજ ખુબ જ ખરાબ લાગ્યો. ફરમાવ્યું:

"સબ્ર કરો! અને જુઓ કે અલ્લાહને શું મંઝુર છે!"

પછી આપે હઝરત ફારૂકે આઝમને એક પત્ર લખીને નાઈલ નદીના સુકાઈ જવા અને એક કુંવારી કન્યાનો ભોગ આપવા વીશે લખેલ.

અમીરૂલ મોમીનીને બધી હકીકતથી વાકેફ થયા પછી એક પત્ર ગવર્નર ઉમર બીન સાઅદને લખ્યો અને તેની સાથે નાઈલ નદીને નામે લખેલ એક પત્ર પણ બીડી દીધો.

હઝરત ફારૂકે આઝમે નાઈલ નદીને નામે લખેલ પત્ર આ મુજબ હતો:

"આ પત્ર અલ્લાહના બંદા ઉમર બિન ખત્તાબ તરફથી લખાયેલો છે. હે દરીયાએ નીલ! હે નદી અગર તું અલ્લાહના હુકમથી વહે છે તો હજુ પણ તારૂં વહન અલ્લાહ તઆલાથી જ ઈચ્છીએ છીએ. પરંતુ જો તું પોતે મુખ્તાર હોય, તારી લેશ પણ પરવા અને જરૂરત નથી." બીજા પત્રમાં આપે મીસરના ગવર્નરને એવો હુકમ આપ્યો કે કુંવારી કન્યાને બદલે આ પત્રને નદીના તટમાં સુકી રેતીમાં જઈને નાંખી દેજો.

અમીરૂલ મોમીનીનનો આ ઇરશાદ સાંભળતા જ મીસરમાં ધૂમ મચી ગઇ. અસંખ્ય માણસોની ભીડ આ દ્રશ્ય જોવા ભેગી થઇ ગઇ. માનવ મેહરામણથી નાઇલ નદીનો કાંઠો ભરાઇ ગયો. મીસરના ગવર્નરે માનવ મેદની સામે અમીરૂલ મોમીનીનનો પત્ર નાઇલ નદીમાં નાખી દીધો અને બધા પાછા ફર્યા. થોડી જ વાર થઇ હશે ત્યાં નાઇલ નદી પુરબહાર એટલા જોરશોરથી વહેવા લાગી કે એથી પહેલાં આટલા જોરનું તેનું વહેણ કયારેય ન હતું. પાછલા તમામ વરસો કરતા તેની સપાટી ૧૮ ફુટ ઉંચી થઇ ગઇ અને તે દિવસથી આજ સુધી નાઇલ નદી ભરપુર રીતે બંને કાંઠે વહી રહી છે.

સૈયદેના અલી મુર્તુઝા કરમલ્લાહો વઝહોએ ફરમાવ્યું મેં હુઝુરે પાક સલ્લલ્લાહો વસલ્લમથી સાંભળ્યું કે સીરીયા (શામ)માં ચાળીસ (૪૦) અબ્દાલ હશે અને જયારે એમાંથી એકની વફાત થશે તો અલ્લાહ તઆલા તેના બદલે બીજાને મુકર્રર ફરમાવશે. એમના જ વસીલાથી વરસાદ થશે અને એમની બરકતથી દુશ્મનો પર ફતેહ હાસીલ થશે. એમને જ કારણે એહલે–શામ (સીરીયાવાસીઓ)થી અઝાબ દુર થશે.

હુઝુરે પાકે સલ્લાહો અલયહે વસલ્લમે સીરીયાની સરઝમીનનો પ્રવાસ– સફર કર્યાનો વિસ્તૃત એહવાલો સીરતે પાકની કિતાબોમાં મળે છે, જેનું બરકત માટે અહીં ટુંક વર્ણન કર્યું છે.

વેપારી કાફલા સાથે સરકારે દોઆલમ સીરીયાની સફર કરી તે વખતે આપની ઉમર શરીફ બાર વરસની હતી. આપના કાકા અબુ તાલીબપણ કાફલામાં જવાના હતા. રસ્તાઓની તકલીફોને લીધે અબુ તાલીબ આપને સાથે લઇ જવા ચાહતા ન હતા. કાફલો રવાના થતી વખતે હુઝુરે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) આગ્રહ કરતા આપને પણ સાથે લઇ ગયા.

સીરીયાની હદમા કાફલો દાખલ થયો, જયાં બુસરા નામે એક શહેર હતું. ત્યાં એક મોઅજેઝા સભર અદભુત પ્રસંગ બન્યો, જેમાં હુઝુરે પાકની સદાકત અને આપની નબુવ્વત અને રેહમતુલ–લીલ– આલમીન હોવાની નિશાનીઓ તથા મોહરે–નબુવ્વતની એક ઇસાઇ પાદરીએ સાચી હોવાની સાક્ષી પુરાવી હોવાની ઐતિહાસિક હકીકતો સીરીયાની આ સફરના એહવાલમા મોજુદ છે. આવો આપણે એ સફરની મોઅજીઝા ભરેલી હકીકતોથી ઈમાન તાજું કરીએ.

સીરીયાના બુસરા શહેરમાં એક જુનું દેવળ હતું જેમાં એક પાદરી રહેતો હતો. તેનું નામ "બુહૈરા" હતું. પાદરી આસમાની કિતાબોનો પ્રખર જાણકાર હતો અને ઘણા વરસોથી દેવળમાં એકાંતમાં રહેતો હતો. તેની પાસે બાપદાદાથી મળેલી એક જુની કિતાબ હતી. મક્કાના કુરૈશનો કાફલો જયારે પડાવ નાખીને પડયો તો બુહૈરાએ એક માણસને મોકલાવીને સંદેશો કહેરાવ્યો કે: આજે મારા તરફથી તમારી દાવત છે. મેં ભોજનની વ્યવસ્થા કરી છે, તેથી કાફલાનો એક એક જણ જમવા પધારે. કાફલાના લોકોને આ સંદેશ સાંભળીને નવાઇ લાગી, કારણ બુહૈરા પાદરી કોઇની સાથે મેળમેળાપ કરતો નહિ. દાવત તો જુદી વાત છે. ખેર કાફલાના લોકો સામાનની પાસે જ સરકારે દોઆલમને છોડીને બુહૈરા પાસે પહોંચી ગયા અને પુછયું:

"અમારા કાફલાઓ તો અવારનવાર અહી આવતા રહે છે. કોઈ વખતે નહિ આજે તમે શા માટે અમારી દાવત કરી છે?"

બુહૈરાએ કહ્યું:

"કોઈ ખાસ વાત નથી. ફકત મને એવું થયું કે આજે આપણે સાથે બેસીને ભોજન કરીએ!"

જયારે હકીકત એ હતી કે બુહૈરાએ તેની પાસેની ધાર્મીક કિતાબોમાં સરકારે દોઆલમની નીશાનીઓ વાંચી હતી. તે જાણતો હતો કે હવે સમય પાકી ગયો છે. દુનિયામાં અંતિમ નબીની પધરામણી થવાની છે. બુહૈરા દેવળની એક ઊંચી જગ્યાએ બેઠો હતો તેણે જોયું કે એક કાફલો આવી રહ્યો છે. પરંતુ એ જોઈને તેના આશ્ચર્યનો કોઈ પાર રહ્યો નહિ કે એક વાદળ કાફલા ઉપર સાયો કરીને સાથે ચાલી રહ્યું છે. જોત જોતામાં કાફલાએ સામેના મેદાનમાં પડાવ નાખ્યો. કાફલાના લોકો પોત પોતાનું કામ આટોપવા આમતેમ ફેલાઈ ગયા અને હુઝુરે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એક ઝાડની બાજુમા આવી બેસી ગયા. ઝાડનો પડછાયો જયાં હુઝુર બેઠા હતા ત્યે તરફ ફરી ગયો અને વાદળનો ટુકડો પણ આપના માથા ઉપર આવીને થોભી ગયો. આ અલૌકિક દ્રશ્ય જોઈને બુહૈરા સફાળો ચોંકી ઉઠયો, કારણ કે તેણે દુનિયામાં તશરીફ લાવનાર અંતિમ પયગમ્બરની જે નિશાનીઓ વાંચી હતી તેમાંની એક નિશાની એ પણ હતી કે અંતિમ નબી જે જે જગ્યા જશે, તે તે જગ્યાએ આપની ઉપર વાદળનો સાયો રહેશે. એ બાબતની વધુ ખાત્રી કરવા માટે જ બુહૈરાએ કુરૈશના કાફલાની દાવત કરી હતી. જયારે બધા લોકો આવી ગયા તો બુહૈરા બધાના ચહેરા મોહરાને બારીકાઈથી જોવા લાગ્યો. પરંતુ તેને હુઝુર પાકની કમી લાગી. તે વખતે હુઝુરની ઉમર શરીફ ૧૨ વરસની હતી. બુહૈરાએ પુછયું:

કુરૈશના લોકોએ કહ્યું:

"બધા આવી ગયા છે. માત્ર એક છોકરાને અમે માલસામાન પાસે મુકી આવ્યા છીએ."

બુહૈરાએ કહ્યું: મેં તો બધાની દાવત કરી છે. પછી તમે એકને શા માટે મુકી આવ્યા. જાવ, એને બોલાવી લાવો. એક જણદોડતો ગયો અને રસુલે પાકને સાથે લઈ આવ્યો. બુહૈરાએ જોયું કે આપ આવી રહ્યા હતા અને સાથે સાથે વાદળ પણ આપના મુબારક માથા પર સાયો કરતો સાથે આવી રહ્યો છે. હવે બુહૈરાને આપની મુબારક ઝાતમાં એ બધી નિશાનીઓ ચોખ્ખી દેખાઈ રહી હતી, જે તેણે પોતાની પાસેની કિતાબોમાં વાંચી હતી. જમી પરવાર્યા પછી લોકો પાછા જવા લાગ્યા તો બુહૈરાએ આપને રોકી લીધા અને કહ્યું:

"હે કુરૈશી યુવાન! તમને "લાત" અને ઉઝઝાની કસમ છે. મારી વાતનો સાચો જવાબ આપો." સીરતની કિતાબોમાં છે કે બુહૈરા મૂર્તીપૂજક ન હતો જયારે લોકો લાત અને ઉઝઝા મક્કાની તે વખતના જાણીતા બૂતોના નામ હતા. અસલ તો એણે બૂતોની કસમ એટલા માટે આપી કે એક તો મક્કાના લોકો એમની કસમ ખાતા હતા. બીજું તે બૂતપરસ્તી અને

તૌહીદના ભેદ વીશેની ચકાસણી કરવા ચાહતો હતો.

આપે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ફરમાવ્યું:

"આવા ગંદા સોગંદ મને આપો નહિ. દુનિયામાં આ વસ્તુઓ મને સૌથી વધારે અપ્રિય છે."

બુહૈરાએ તોળી ફેરવ્યું: તેને તૌહીદની ઝલક ચોખ્ખી દેખાઇ આવી તેણે કહ્યું:

"હું કેટલાક સવાલો પુછું અને આપ જવાબ ઇરશાદ ફરમાવો."

પછી તો બુહૈરા સવાલ પુછતો ગયો અને હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમ તેને જવાબ આપતા ગયા અને બુહૈરાને પાકી ખાત્રી થઇ ગઇ કે આસમાની કિતાબોમાં જે નિશાનીઓ હુઝુરે પાકની લખેલી છે તે સાચી છે. છેવટે તેણે હુઝુરે પાકનો હાથ પકડીને કહ્યું:

"બંને જહાનના સરદાર, એ જ છે, એજ છે, આ જ પાલનહારના સાચા રસુલ. અલ્લાહ એમને સમસ્ત કાએનાત માટે રહમત બનાવીને જાહેર કરશે." પછી તો કાફલાના આગેવાનોએ બુહૈરાને પુછયું કે તમને આ બધી વાતની ખબર અને ખાત્રી કેવી રીતે થઇ.

બુહૈરા બોલ્યો:

"તમારો કાફલો જયારે પહાડની પાછળથી બહાર નીકળ્યો, તે વખતે હું દેવળમાં ઊંચી જગ્યાએ હતો. મેં જોયું કે દરખ્તો અને પત્થરો સીજદામાં પડી ગયા છે. આ વસ્તુઓ ફકત નબીને જ સીજદો કરી શકે છે. બીજી નિશાની મોહરે નબુવ્વત જે એમના બંને ખભાઓની વચ્ચે છે. કસીદએ બુરદહ શરીફના એક શેઅરમાં ઇમામ બુસેરી રહેમતુલ્લાહ અલયહે એ જ મોઅજેઝાનું વર્ણન કર્યું છે, જેને બુહૈરા રાબીએ (પાદરી) જોયો હતો.

મીસલુલ ગમામતે અન્ના સારા સાએરતુન
તકીએ હર્રા વતીસીન લીલ હજીરે હમી

એટલે કે હુઝુર જયાં પણ તશરીફ લઇ જતા એક વાદળ જેવી ચાલનાર વસ્તુ હુઝુર પાકને બપોરની ગરમીથી બચાવવા માટે સાથે રહેતી હતી. કસીદએ બુરદહ શરીફમાં બુહૈરા પાદરીના કીસ્સા તરફ જ ઇશારો છે, જેમાં બુહૈરાએ જોયું કે વાદળ તો ત્યાં જ મોજુદ છે જયાં કાફલાવાળા હુઝુરને સામાન પાસે છોડીને આવ્યા હતા. બુહૈરાએ વાતચીતને અંતે હુઝુર પાકથી કહ્યું: "મા ઇસ્મોક" તમારું નામ શું છે.

હુઝુરે ફરમાવ્યું:

"મોહમ્મદ છે." એ સાંભળીને બુહૈરા હુઝુર તરફ લપકયો અને મુબારક પેશાની ચુમવા લાગ્યો અને કહેવા લાગ્યો:

"લાઇલાહા ઇલ્લલ્લાહ મોહમ્મદુ–ર– રસુલુલ્લાહ!"

નીગાહે લુત્ફ કે ઉમ્મીદવાર હમ ભી હંય,
લીયે હુવે એ દિલે બેકરાર હમ ભી હંય
હમારે દસ્તે તમન્નાકી લાજ ભી રખના
તેરે ફકીરોં મેં અય શેહરયાર હમ ભી હંય.

હુઝુરે પાકની સીરીયાની સફર અને હઝરત ખદીજાનું પ્રભાવિત થવું

હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમના કાકા અબુ તાલીબ વ્યવસાયે કારોબારી હતા. કુરૈશના લોકોનો દસ્તુર હતો કે વરસમાં અમુક વખત વેપારના હેતુસર સીરીયા– શામ જતા રહેતા હતા. અરબ અને ખાસ કરીને કુરૈશ એટલે બની ઈસરાઈલ ઈસ્લામ જાહેર થવાથી પહેલાં હજારો વરસથી વ્યવસાયે વેપારી હતા. હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમના મોટા દાદા (પૂર્વજ) "હાશીમ"એ અરબ કબીલાઓ સાથે વેપારી કરારો કરીને તેને કુટુમ્બીક ધંધા તરીકે મજબુત બનાવ્યો હતો તેથી જ હુઝુર પાકનું કમાવવા તરફ ધ્યાન ગયું તો વેપારથી બેહતર કોઈ ધંધો પસંદ ફરમાવ્યો નહિ. કાકા અબુ તાલીબ સાથે બાળ પણથી જ કરેલા કેટલાક પ્રવાસને લીધે દરેક પ્રકારનો અનુભવ હાસીલ થઈ ચુકયો હતો જયારે હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમ કોઈ અનુભવના મોહતાજ ન હતા. અલ્લાહ પાકના પ્યારા રસુલની ઉમર શરીફ પચ્ચીસ વરસની હતી તે વખતે હઝરત ખદીજાના ભાગીદાર બનીને ફરી સીરીયા તરફ વેપાર માટે તશરીફ લઈ ગયા. સીરતની કીતાબોમાં છે કે અબુ તાલીબે હુઝુરથી અરજ કરી કે મારી પાસે હવે વેપારી માલ બીલકુલ બાકી રહ્યા નથી અને કુરૈશનો કાફલો સીરીયાની સફરે જનાર છે. ખદીજા બીન્તે ખુવૈલિદ પોતાનો માલ આપીને લોકોને મોકલી રહ્યા છે. આપની ઈચ્છા હોય તો ખદીજાનો માલ લઈને જાવ. હું માનું છું કે તેઓ બીજા કરતા આપની ઉપર વધારે પસંદગી ઉતારશે" અને બની શકે છે કે તેનાથી કંઈક માલ નફામાં હાસીલ થઈ જાય.

ઉમ્મુલ મોમીનીન હઝરત ખદીજા બિન્તે ખુવૈલિદ મક્કાના મોટા માલદાર, શરીફ અને નામાંકિત મહિલા હતા. એટલું જ નહિ પરંતુ એમના વાલીદ ખુવૈલિદ બિન અસદ મક્કી શહેરના સોદાગર અને અને એક રીતે નગર શેઠ હતા. એમના ઈન્તેકાલ પછી બીબી ખદીજાએ બધો કારોબાર અને વેપાર પોતાના હાથમાં લઈ લીધો અને કુનેહપૂર્વક વેપાર ધંધામાં વધારો કરતા રહ્યા. એમની બે શાદીઓ થઈ હતી. બંને વખત બેવા થઈ ગયા પછી એમણે શાદીનો વિચાર માંડી વાળ્યો હતો અને વેપાર તેમ જ માલ મિલ્કતના વહીવટ અને દેખરેખમાં પરોવાઈ ગયા હતા.

હઝરત ખદીજતુલ કુબરા આટલા બધા પૈસાપાત્ર, ખાનદાની, સદાચારી ખાતૂન હતા અને એટલું બધું નેક અને પવિત્ર જીવન વીતાવતા હતા કે મક્કાનો જનસમુદાય એમને "તાહિર" (પાક દામન) ના માનવાચક લકબથી બોલાવતો હતો અને આપ "તાહીરા" તરીકે સર્વત્ર મશહુર હતા. અલ્લાહ તઆલાએ તંવગરી સાથે જ આપને અનુપમ ખુબસુરતી પણ અતા ફરમાવી હતી. આપની ખુબસુરતી તથા ખુબસીરતીની મીસાલો આપવામાં આવતી હતી.

હઝરત બીબી ખદીજતુલ કુબરા ઠરેલ બુદ્ધિમાન અને વેપાર ક્ષેત્રે કુશળ હતા. એ જ ખુબીઓ એમના સદગુણોથી આકર્ષાઈને મક્કાના મોટા મોટા પૈસાદાર અને કબીલાઓના

નામચીન સરદારો આપની સાથે નીકાહ કરવાના અભિલાષી અને તલબગાર હતા. આપને શાદી માટે અનેક માગાંઓ મળી રહ્યા હતા. પરંતુ બીબી ખદીજાએ શાદી નહિ કરવાનો પાકો નિર્ણય કરી લીધો હતો.

હઝરત બીબી ખદીજાની એક વેપારી કુનેહ એવી પણ હતી કે તેઓ તજરૂબેકાર શખ્સોને વેપારનો માલ દઈને આસપાસના વિસ્તારોમાં અને પરદેશોમાં મોકલતા હતા અને જે નફો થતો તેમાંથી નક્કી કરેલો હીસ્સો મહેનતાણામાં આપતા હતા. હવે એ સમયે ફરી એક વેપારી કાફલો સીરીયા જવાની તૈયારીમાં હતો.

હુઝુરે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ને સમસ્ત અરબ સમાજ અમીન અને સાદીકના અતી માનવાચક લકબોથી બોલાવતો હતો. આપની જબરી શાખ અને પ્રતીષ્ઠા હતી. હઝરત બીબી ખદીજા પણ આપની ઉમદા ખ્યાતી સાંભળી ચુકયા હતા અને આપના સદગુણોથી પરીચીત હતા. હઝરત ખદીજાએ પોતાના એક ખાસ કારીન્દા કે જેનું નામ ખઝનમીયા હતું તેને હુઝુરે પાકની ખીદમત શરીફમાં મોકલ્યો. વિનંતી કરી કે જો આપ મારો વેપારી માલ સાથે લઈ જાવ અને અલ્લાહ તેમાં નફો આપે તો આપ જેટલો મુનાસીબ સમજો નફો લઈ લ્યો. એક રીવાયતમાં એવું પણ છે કે હઝરત બીબી ખદીજાએ આપને રૂબરૂ બોલાવીને વેપારી માલ લઈ જવામાં ભાગીદારી કરવાની તથા બીજાઓને જે વળતર આપે છે તેનાથી બમણું દેવાની નમ્ર અરજ કરી જેને હુઝુરે પાકે કબુલ ફરમાવી હતી. સીરીયાની સફર માટે જયારે વેપારી કાફલો રવાના થવા લાગ્યો તો હઝરત બીબી ખદીજાએ પોતાના અતી વિશ્વાસુ અને વફાદાર ગુલામ મૈસરહ અને નાણાકિય હીસાબ કીતાબ કરનાર ખઝનમીયાને પણ હુઝુરે પાકની ખીદમત ચાકરી માટે સાથે રવાના કરતાં ફરમાવ્યું:

યાદ રાખો ! સીરીયાના સફરમાં મોહંમદ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ને કોઈ તકલીફ પડે નહી એમના દરેક ફરમાનની તાબેદારી કરજો. એમની સાથે કોઈ વાતે મતભેદ કરશો નહી. એમની સલાહ પ્રમાણે અમલ કરજો અને એમની સેવા ચાકરીનો હક અદા કરજો.

કાફલાએ તેની મંઝીલ તરફ પ્રયાણ કર્યુ. ઘણા લોકો કાફલાને વિદાય કરવા માટે એક ગાવના પંથ સુધી સાથે ગયા. પછી પાછા ફર્યા. એક પછી બીજી મંઝીલ વટાવતો કાફલો સીરીયાની હદમાં દાખલ થઈ ગયો. બસરાની બજારમાં જઈને પડાવ નાખ્યો એ વખતે મંડીઓ અને બજારો ખુલ્લા મેદાનોમાં લાગતા હતા. જેવી રીતે આજે આપણે ત્યાં મંગળ બજારો કે એવા બીજા અઠવાડીક દિવસોમાં બજારોનું આયોજન કરાય છે.

હુઝુરે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) મેદાનમાંના એક એવા સુકાઈ ગયેલા ઝાડ નીચે તશરીફ ફરમા થઈ ગયા જે લીલી ડાળો અને પાંદડાઓ વગરનું હતું. મૈસરહ હુઝુરે પાકના એક એક અમલનું બારીકાઈથી નીરીક્ષણ કરી રહ્યો હતો. હુઝુરે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) તશરીફ રાખતાંજ એ સુકાયેલું ઝાડ હરીયાળું અને ફળદાર બની ગયું. ઉપરાંત આસપાસ પણ હરીયાળી અને પ્રફુલ્લતા ફેલાઈ ગઈ. સામેજ ખ્રીસ્તીઓનું એક

દેવળ હતું. એમાં નસ્તુરા નામે પાદરી રહેતો હતો. તેણે પ્રાચીન કીતાબોમાં વાંચ્યું હતું કે આ મેદાન પાસેના મજકુર ઝાડની નીચે એક સમયે અલ્લાહના આખરી નબી પધારીને તશરીફ રાખશે.

નસ્તુરા બીબી ખદીજાના ગુલામ મૈસરહ પાસે આવ્યો અને બોલ્યો:

આ ઝાડની નીચે બેઠેલ જવાન કોણ છે ?

મૈસરહે કહ્યું:

મક્કાના અમીન અને સાદીક.

નસ્તુરા કહેવા લાગ્યો.

મારા ઈલ્મ પ્રમાણે હઝરત ઈસા પછી આજ સુધી આ ખુબસુરત યુવાન સીવાય આ ઝાડની નીચે કોઇ બેઠું નથી. મારી જાણકારી એવી હતી આ ઝાડ નીચે નબી સીવાય કોઇ બેસશે નહી.

થોડી વાર દુરથી હુઝુરે પાક તરફ જોયા પછી નસ્તુરાએ પુછયું:

"શું એમની આંખોમાં લાલાશ નજરે પડે છે?"

મૈસહરે જવાબ આપ્યો:

"હા, એવું મેં જોયું છે કે આપની આંખો હંમેશા લાલ રહે છે."

નસ્તુરા બોલી ઉઠયો: ખરેખર, આ એ જ નબી છે અને આખરી નબી છે."

એક રિવાયત પ્રમાણે નસ્તુરા હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પાસે આવ્યો અને કહેવા લાગ્યો.

"આપને લાત અને ઉઝ્માની કસમ આપું છું– બતાવો આપનું શુભ નામ શું છે?"

હુઝુરે પાકે ફરમાવ્યું: "મારી પાસેથી દુર થઇ જા, કારણ કે આજ સુધી કોઇ અરબવાસીએ મારી સાથે આવી અજુગતી સખ્ત વાત કરી નથી."

એ જ પ્રમાણે સીરીયાની પહેલી સફર દરમ્યાન બુહૈરા પાદરીએ પણ આપની કસોટી કરવા ખાતર "લાત અને ઉઝ્મા"ની કસમ આપી હતી અને હુઝુર પાકે તેને ચેતવણી આપી અને ટપાર્યો હતો.

નસ્તુરાના હાથમાં એક કિતાબ હતી, જેમાં તે જોઈને કહી રહ્યો હતો:

"કસમ છે તે ખુદાની, જેણે હઝરત ઈસા અલયહીસ્સલામ પર "ઈન્જીલ" નાઝીલ ફરમાવી. આ એ જ છે એટલે કે તે એ જ નબી આખરુ–ઝઝમાન છે.

બીજી તરફ મૈસરહ આપની એક એક વાતને બારીકીથી જોતો હતો. તેનું કહેવું છે કે જયારે ધુપ તેજ બની જતી તો આસમાન પર બે ફરીશ્તાઓ તેમની પાંખો ફેલાવીને આપની ઉપર સાયો કરી દેતા હતા. નસ્તુરાની વાતો સાંભળીને મૈસરહને પાકી ખાત્રી થઇ ગઇ. હુઝુરે પાક કોઇ મામુલી શખ્સ નથી. ધીમે ધીમે આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની મોહબ્બત તેના દિલમાં રચી વસી ગઇ અને તે ધગશ અને અકીદતથી આપના આદેશોનું હોંશે હોંશે પાલન કરવા લાગ્યો. જાણે કે તે બીબી ખદીજાનો નહિ, હુઝુરે પાકનો ગુલામ હોય. ખેર, હુઝુરે

પાકે પોતાની સાથેનો વેપારી માલ બસરાની મંડીમાં ફરોખ્ત કર્યો અને બીજા વેપારીઓથી બમણો નફો થયો. માલની લેવડ દેવડ પછી બીજો માલ ખરીદી લીધો અને અતિ પ્રમાણીક વેપારીની ઢબે પરસ્પર મામલો કર્યો. આ સફરમાં બીજા સંગાથી વેપારીઓને પણ આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની બરકતથી સારો નફો મળ્યો.

મૈસરહે કહ્યું:

"મોહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)! મારા આકા! અમે ૪૦ વરસથી આ ફર્મ (બીબી ખદીજાની પેઢી) માટે વેપાર કરીએ છીએ પરંતુ આટલો વિપુલ નફો થયાનું અમે કદીએ જોયું નથી."

હવે કાફલો પાછો મક્કા જવા રવાના થયો. એક રિવાયતમાં છે કે કાફલો જયારે મક્કાની નજીક પહોંચ્યો તે વખતે મૈસરહે અરજ કરી:

"હુઝુર! મારી અરજ છે કે આપ અમારાથી પહેલાં મક્કા તશરીફ લઈ જાવ અને બીબી ખદીજાને સફળ વેપારી સફરની ખુશખબરી બખ્શો."

એ સમયે બીબી ખદીજા પોતાની બેનપણીઓ સાથે "બાલાખાના" (મેડી) પર બેઠા હતા. બપોરનો સમય હતો. ધોમ ધકતો તડકો હતો. એટલામાં એમણે જોયું કે હુઝુર પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના મુબારક માથા પર બે ફરીશ્તાઓ સાયો કરી રહ્યા છે. સીરતની કિતાબોમાં છે ફરિશ્તાઓ પંખીઓના રુપમાં હતા. તમામ બેનપણીઓ પણ આ અદભૂત દ્રશ્ય જોઈ અચંબામાં પડી ગઈ. નજીક આવતાં માલુમ પડયું એ વ્યકિત અન્ય કોઈ નહી ખુદ રસુલે પાક હતા. સીરીયાની સફરની વીગતો સાંભળીને બીબી ખદીજા ખુબ જ રાજી થયા. બીજી તરફ કાફલો મક્કા પહોંચી ગયો અને પછી મૈસરહે પણ સફર દરમ્યાન જોયેલી અદભૂત અલૌકિક ઘટનાઓનો અહેવાલ રજુ કરી હુઝુર પાકની વેપારી કુનેહ અતિશ્રેષ્ઠતમ ચારિત્રમના ભારોભાર વખાણ કર્યા જે સાંભળીને બીબી ખદીજા વધુ ને વધુ નવાઈ પામ્યા. અને આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની મોહબ્બત એમના દિલ ઉપર છલોછલ છવાઈ ગઈ અને અભિલાષા જન્મી કે કાશ આ યુવાન મારા શૌહર બની જાય તો હું મારા તન, મન અને ધનને એમના મુબારક કદમોમાં ન્યોછાવર કરી દેવા આતુર છું.

બીબી ખદીજાની એક હોશીયાર અને રાઝદાર બેનપણી હતી જેમનું નામ નફીસા બિન્તે ઉમૈયા હતું. એક દિવસે એ બેનપણીથી બીબી ખદીજાએ પોતાના દિલની વાત કહી અને માંગું લઈ જવા માટે વાતાવરણની તપાસ કરવાનું કહ્યું. નફીસાએ ખીદમત માટે હુઝુર પાકની પવિત્ર સેવામાં હાજર થઈને અરજ કરી:

"કઈ વસ્તુ આપને નીકાહ કરવામાં અવરોધરુપ છે?"

ફરમાવ્યું:

"હું દુનિયવી માલ મત્તા નથી ધરાવતો."

નફીસાએ અરજ કરી:

"પરંતુ જો કોઇ એવી મહિલા પેદા થઇ જાય, જેની માલમતા પણ વિપૂલ પ્રમાણમાં હોય ઉપરાંત સૌંદર્યવાન અને વંશ ખાનદાનને લીહાજે પણ સૌથી ચડીયાતી હોય તો શું આપ કબુલ ફરમાવી લેશો?"

હુઝુર પાકે ફરમાવ્યું:

એવી મહિલા કયાં પેદા થાય છે?"

નફીસાએ અરજ કરી:

"ખદીજા બિન્તે ખુવૈલિદ! આપને ઘણું ચાહે છે. જો આપ ફરમાવો તો એમને શૌક અપાવું અને શાદી માટે રાજી કરું."

હુઝુરે પાકે ફરમાવ્યું કંઇ વાંધો નથી."

એક રિવાયતમાં છે કે બીબી ખદીજાએ હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમને પોતાની પાસે બોલાવીને ઉબરૂમાં પણ શાદીની વાત પાકી કરી હતી.

શાદીની વાત થઇ ગયા પછી નક્કી કરેલા દિવસે હુઝુર રસુલે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમ પોતાના કાકા અબુ તાલીબ, અમીરૂલ હમઝહ, હઝરત અબ્બાસ અને બનુ હાશીમ અને મુદર કબીલાના અગ્રેસરો અને વડીલો સાથે હઝરત બીબી ખદીજાના મકાન પર તશરીફ લઇ ગયા. જયાં અકદ નીકાહ થયા. બીબી ખદીજાના કાકા ઉમર બીન અસદે કહ્યું કે જો કુરૈશ ગવાહ થઇ જાય તો મેં ખદીજા ખુવૈલીદની દુખ્તર મોહમ્મદ બીન અબ્દુલ્લાહની "ઝવજીયતમાં આપી. મેહર વીશે વિવિધ રિવાયતો છે. સાડા બાર અવકીયા હતી.એક અવકીયા ૪૦ દીરમનું છે. એક રિવાયતમાં મહેર ૫૦૦ દીરહમ છે. ૨૦ ઊંટોની કિંમત બરોબર છે.

"ઇજાબ–કબુલ" પછી મજલીસમાં મુબારકબાદીનો શૌર બુલન્દ થયો. મુબારક સલામતીની આપલે થઇ. આનંદ અને ઉત્સવના માહોલમાં નીકાહની આ મજલીસ બરખાસ્ત થઇ.

હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમની મુબારક આંખોમાં અલ્લાહનો દીદાર કરનાર આ અતિ પવિત્રતમ આંખોમાં એવી ચમક હતી કે મોટા મોટા ધમંડીઓના માથાં ઝુકી જતા હતા. આપનો પુરનુર ચહેરો એટલો બધો રૂઆબદાર અને પ્રભાવશાળી હતો કે સામેવાળો અંજાઇ જતો. તેના દિલમાં ફરી વાર દિદાર કરવાની ઉત્કંઠા થતી હતી. આપની વાતચીતમા પવિત્રતા, ચાલઢાલ અને આપની હર અદામાં એટલી દિલકશી હતી કે આપની મુલાકાત કરનાર આપની પ્રશંસા કરવા લાગી જતો હતો.

હસીનોમેં હસી અયસે કે ફખ્રે મેહબુબ ખુદા ઠેહરે
વો નબીયોં મેં નબી અયસે કે ફખ્રે અમ્બીયા ઠેહરે.

આ જાહેરી અને બાતીની ઉમદા અને ઉત્તમોત્તમ અખ્લાક અને સંસ્કારોને લીધે જ બીબી ખદીજાએ પોતાનું સર્વસ્વ, આપની મોહબ્બતમાં કુરબાન કરી દેવાનો નિર્ણય ફરમાવ્યો હતો.

મોહબ્બતકા તેરી, બંદા હર એક કો અય સનમ પાયા
બરાબર ગરદને શાહો–ગદા દોનોં કો ખાસ પાયા.

આલા હઝરત ફરમાવે છે.

જીસકે આગે સરે સરવરાં ખમ રહેં
ઉસ સરે તાજે રફઅત પે લાખો સલામ
જીસકે આગે ખીચી ગરદને ઝુક ગઈ
ઈસ ખુદાદાદ શૌકતપે લાખો સલામ.

હઝરત બીબી ખદીજાએ લોકોના મુખે તો હુઝુરે પાકના સતત વખાણ સાંભળ્યા હતા. હુઝુર રસુલે પાકના એક ફોઈ બીબી સફિયહની શાદી બીબી ખદીજાના ભાઈ અવ્વામબીન ખુવૈલીદ સાથે થઈ હતી. તેમની મારફત પણ તેઓ આપની મુબારક સીફતોથી વાકેફ થયા હતા.અને અંતે તો સીરીયાની સફરના પોતાના ગુલામથી મોઅજેઝા ભરેલા અહેવાલો સાંભળી બીબી ખદીજાના દિલમાં ઉત્કંઠા પેદા થઈ હતી.

મેં પણ મારી સીરીયાની સફરની લેખમાળામાં હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સીરીયાની સફરો, પહેલી અને બીજી સફરનો ક્રમવાર ટુંક અહેવાલ રજુ કરીને બારગાહે રિસાલતમાં અકીદત ખંડણી અર્પણ કરવાનો વિનમ્ર પ્રયાસ કર્યો છે.

નીકાહ વખતે હઝરત બીબી ખદીજાની ઉમર શરીફ ૪૦ વરસની હતી. હુઝુર રસુલે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમના નિકાહમાં આવ્યા પછી બીબી ખદીજાને ૬ સંતાનો થયા. બે સાહેબઝાદાઓ અને ચાર સાહેબઝાદીઓ હઝરત ખદીજાએ ૬૫ વરસની ઉમરે આ ફાની જગતથી પડદો ફરમાવ્યો. એમની હયાતીમાં હુઝુરે પાકે બીજી કોઈ ખાતુન સાથે નિકાહ કર્યા ન હતા.

હુઝુરે પાકની સીરીયાની બીજી સફર અને ઉમ્મુલ મોમીનીન હઝરત ખદીજા સાથે નિકાહ તો એક પ્રકારે પુર્વાપર સંબંધ હોવાને કારણે ઉમ્મુલ મોમીનીનનો થોડો વિસ્તારથી ઝીક કર્યો છે.

મને યાદ પડે છે કે જુનનો મહીનો, કરાચીમાં ગરમી સોળે કળાએ ખીલી હતી. અતિશય તાપમાનને લીધે રસ્તાઓ પર અવરજવર સુદ્ધાં ઘણી પાતળી હતી. વરસ હતું ૧૯૬૭નું. મને યાદ પડે છે કે ૭મી જુને ઈસરાઈલે બયતુલ મકદૂસ પર કબ્જો કરી લીધો હતો. ત્યાર બાદ ચોથી જુલાઈ ૧૯૬૭ના યુનોમાં જેમાં બયતુલ મુકદ્દસને ઈસરાઈલમાં ભેળવી દેવાને ગેરકાયદે કરાર દીધું હતું. આ ઠરાવ પસાર કરાયો તે વખતે એક પણ સભ્ય દેશે તેનો વિરોધ કર્યો ન હતો. જો કે ઈસરાઈલ અને અમેરીકા યુનોની મીટીંગમાં ગેરહાજર રહ્યા હતા.

હું લતીફ માર્કીટ ખાતેની મારી તવક્કલ ટ્રેડર્સ નામે દુકાનેથી ઝોહરની નમાઝ અદા કરવા ગયો હતો. એ દિવસોમાં કરાચી અને દેશભરના તમામ અખબારોના પહેલાં પાનાની સુર્ખીઓ બયતુલ મુકદ્દસના અહેવાલોથી ભરેલી રહેતી હતી. હું અને મારો એક નામાંકિત

વેપારી મિત્ર ન્યુ મેમણ મસ્જીદમાંથી કાપડ માર્કીટ તરફ જઈ રહ્યા હતા. એક અખબારી ફેરીયો ઈસ્લામી મુજાહીદ ઐયુબી આવશે અને કીબ્લએ અવ્વલ બયતુલ મુકદ્દસને નાપાક યહુદીઓના કબ્જામાંથી છોડાવશે, એવા પ્રકારની કંઈ બુમો પાડતો હતો. આઈઆઈ ચુંદરીગર રોડની બાજુએથી એક ટોળું નીકળ્યું કોધે ભરાયેલ ટોળું નિરકુંશ બની ગયું. બેકાબુ લોકોએ પથ્થરમારો શરૂ કર્યો અને જોત જોતામાં દુકાનો અને માર્કીટો ફટોફટ બંધ થઈ ગઈ. ટ્રાફીક ગાયબ થઈ ગયો. કેટલાક લોકોના હાથમાં સુલ્તાન સલાહુદીન ઐયુબીના નામના સુત્રોવાળા નાના બેનરો પણ હતા. કરાચીમાં જ નહિ પુરા મશરકી (પૂર્વ) પાકિસ્તાન અને ઢાકાની સડકો, પુરા પાકિસ્તાન અને આખી ઈસ્લામી દુનિયામાં બયતુલ મુકદ્દસ પર યહુદી કબ્જા સામે નફરતની જવાળાઓ ભભૂકી રહી હતી.

મારા મિત્રે કહ્યું:

"સત્તારભાઈ કોઈ સુલ્તાન ઐયુબી વીના બયતુલ મુકદ્દસ ને ફરી આઝાદ કરાવી શકે તેવો એક પણ અરબ બાદશાહ કે શાસક હાલ તો નજરે પડતો નથી. બધા જ માયકાંગલા છે."

હું શું જવાબ આપું. મારૂં દિલ દિમાગ પણ અંદરથી તો બીજા મુસલમાનોની જેમ શોકાતુર હતું. સર્વત્ર સુલ્તાન ઐયુબીના નામની ચર્ચા હતી.

મારા મિત્રે કહ્યું: "આ ભીડમાંના મોટા ભાગના લોકોએ તો માત્ર ઐયુબીનું નામ જ સાંભળ્યું છે. તેના કારનામાઓથી જાણકાર કે વાકેફ નથી." સત્તાર ભાઈ! તમે તો અવારનવાર લખતા રહો છો. કંઈક સુલ્તાન ઐયુબી વીશે પણ લખી કાઢો ને!"

મેં મૌન સેવી લીધું. અને આજે સીરીયાની સફર દરમ્યાન હું એ જ મહાન મુજાહીદ અને નાપાક તાકતોના કબ્જામાંથી ઈસ્લામના કીબ્લએ અવ્વલના હરમે પાકને આઝાદ કરાવનાર અને કુઝેડ સલીબી લડાઈ કે ધર્મ યુદ્ધ તરીકે ઈતિહાસમાં ઓળખાતા સમરાંગણમાં ઈસ્લામ દુશ્મન ફોજને "શીકસ્તે ફાશ" દેનાર સુલ્તાન સલાહુદીન ઐયુબીના સીરીયાના પાટનગર દમીશ્કમાં આવેલા મઝારના દરવાજાની સીડી પર ઉભો હતો.

મીસરમાં ૨૪ વરસ અને સીરીયામા ૧૯ વરસ હકુમત કરનાર, અદલ ઈન્સાફ અને તકવામાં "અસલાફ" (પૂર્વજો)ના જાંનશીન સુલ્તાન ઐયુબીના અતિ ઈન્કલાબી જીવન વૃત્તાંત વીશે સીરીયાની સફર નામે આ લેખમાળામાં મને થોડુંક લખવાનું મુનાસીબ લાગ્યું, કારણ કે સુલ્તાન ઐયુબીએ મુસલમાનો અને ઈસ્લામી સલતનતને દુશ્મનોના હીચકારા હુમલાઓથી બચાવવા કરેલી કામ્યાબ કોશિષોના ઉલ્લેખ વીના સીરીયા સફરનું વર્ણન મને અધુરૂં દેખાયું. મને ખાત્રી છે કે મેં આ લેખમાળામાં મારી શકિત અને આવડત મુજબ લખેલ અહેવાલોની જેમ સુલ્તાન ઐયુબીના જીવન વીશેની માહિતી પણ મારા વાંચકોને પસંદ પડશે, ઈન્શાઅલ્લાહ.

આશીકે રસુલ અને મુત્તકી સુલ્તાન નુરૂદ્દીન જંગીનો ટુંકી બીમારીમાં ૨૧મી શવ્વાલ હીજરી સન ૫૬૯ મુતાબીક ૧૫ મે ૧૧૭૪ના ઈન્તેકાલ થયો હતો. સુલ્તાન જંગીની જેહાદ

માટેની બેપનાહ લગન અને ઇસ્લામની આબરૂમંદી ખાતર શહાદતનો શૌક સુલ્તાન સલાહુદ્દીન ઐયુબીના જીવન ચરિત્રનું પણ સૌથી મોખરેનું પ્રકરણ છે.

સુલ્તાન સલાહુદ્દીન ઐયુબીના નામથી વાકેફ ન હોય એવો કવચીત જ કોઇ શખ્સ હશે. સુલ્તાન નુરૂદ્દીન જંગીએ એમને તેમના કાકા કે જેમનું નામ શેરકોહ હતું. એક લડાયક મુહીમ (સાહસ) પર મીસર મોકલ્યા. આ બનાવ ઇસ્વી સન ૧૧૬૬નો છે. તેમણે સંખ્યાબંધ વિસ્તારોને જીતીને સલાહુદ્દીન ઐયુબીએ આ લડાઇઓમાં મોખરેની ભૂમિકા ભજવી અને શુરવીરતા દાખવી. સુલ્તાન નુરૂદ્દીને સીપેહસાલાર સલાહુદ્દીન ઐયુબીને "હલબ" અને "કુફરતાબ"નો વિસ્તાર જાગીરમાં આપ્યો.

આ બધા અરસા દરમ્યાન મીસરનો ઇતિહાસ ભારે લોહીયાળ રહ્યો છે. બળવાઓ, નાના મોટા યુદ્ધો, સલીબી હુમલાઓના પરિણામે જબરી અરાજકતા રહી. અંતે મીસરને નુરૂદ્દીને સંપૂર્ણપણે ફતેહ કરી લીધું અને શેરકોહને મીસરનું મુખ્ય પ્રધાનપદ અર્થાત ગવર્નરી સોંપી દીધી. બે મહીના પછી શેરકોહની વફાત પછી સલાહુદ્દીન ઐયુબીને મીસરનો કારભાર સોંપી દેવાયો જયાં એમણે ૨૪ વરસ શાસન કર્યું.

બયતુલ મુકદ્દસનું શહેર અને મસ્જીદે અકસા

એ વખતે બયતુલ મુકદ્દસનું શહેર ૨૦૯ એકર પર ફેલાયેલું હતુ, જેમાં ગુમ્બદે સખરા પણ શામેલ છે. ગલીઓ સાંકળી હતી અને ઈમારતો નજીક નજીક બનેલી હતી. ૨૦૯ એકરમાંથી ૧.૩૫ એકર વિસ્તાર તો મસ્જીદે અકસાનો હતો. આ વિસ્તારની જુની મેહરાબો અને ઈમારતો તો આજ સુધી કાયમ છે. એક સ્ટ્રીટનું નામ દાઉદ સ્ટ્રીટ છે. ઉપરાંત જુદા જુદા મઝહબોની અવકાફની મિલ્કતો મસ્જીદો, ગીરજાઓ બીજી ઈમારતો એ શહેરને ઘેરી લીધું છે. એ વખતે પંચાવન હજાર આદમીઓ એક એકરના વિસ્તારમાં આબાદ હતા. મુસલમાનો, ખ્રીસ્તીઓ, યહુદીઓ ઉપરાંત દરેક નસલ, ભાષા અને મઝહબના લોકો બયતુલ મુકદ્દસમાં હતા.

બયતુલ મુકદ્દસનો કોઈ પણ મોહલ્લો એવો ન હતો કે જયાં મસ્જીદ અને ગીરજા ન હોય. મસ્જીદે અકસા ઉપરાંત શહેરમાં ૩૭ મસ્જીદો અને ૨૦ જેટલા પાદરીઓ "રાબીઓ" (યહુદી ધર્મગુરૂઓ)ની ખાનકાહો હતી. બધે જ મીનારા જ મીનારા દેખાતા હતા.

ઈતિહાસ બતાવે છે કે હઝરત સુલેમાન અલયહિસ્સલામના જમાનામાં બયતુલ મુકદ્દસના રહેણાંકીય અને વેપારી ભાગો અલગ અલગ હતા. હઝરત ઈસા (અ.સ.) જયારે આ શહેરમાં આવ્યા ત્યારે શહેરની આબાદી અઢી લાખની હતી. એક ખાસ જુથ સિવાય પુરી કોમ ગુનાહીત જીવનની રસીયા બની ગઈ હતી. યહુદીઓ પોતાને દરેક કોમથી ઉચ્ચતર અને બીજી કોમોને હલકી ગણતા હતા. તેઓ કહેતા હતા કે અલ્લાહે યહુદીઓને ફરિશ્તાઓથી બેહતર ઠેરવ્યા છે.

૯ ઓગસ્ટ ઈ.સ. ૭૦માં ખ્રીસ્તી બાદશાહના રોમન જનરલ "ટીટસે" બયતુલ મુકદ્દસ જીતી લીધું. એક યહુદીએ બળતી મશાલ હયકલે સુલેમાનીમાં ફેંકી દેતાં આગ ભડકી ઉઠી. આગ બુઝાવવાની કોશિષ છતાં મૂળ હયકલે સુલેમાની ઈસ. ૭૦માં બળીને ભસ્મીભૂત થઈ ગયું. ઈ.સ. ૧૦૧માં યહુદીઓએ નિરંકુશ ખ્રીસ્તીઓની કત્લેઆમ ચલાવી. ઈ.સ. ૧૩૬માં રોમન શહેનશાહ હેડરીને શહેર ફરી આબાદ કર્યું. કુસ્તુનતીન નામે રોમન બાદશાહ જેણે કુસ્તુનતુનીયા શહેર વસાવ્યું. તેણે ઈ.સ. ૪૩૭થી સતત એક સદી સુધી યહુદીઓને કારણે આ શહેરમાં વ્યાભિચાર અને બદકારી પરાકાષ્ઠાએ રહી. છેવટે ઈસ્વીસન સાતમી સદીમાં શહેનશાહ હરકયુલસે યહુદીઓને બયતુલ મુકદ્દસમાંથી કાઢી મુકયા.

હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમની હિજરત શરીફથી અઢાર મહીના પહેલા મેઅરાજ શરીફની અતિ મુકદ્દસ બનાવના વરસમાં તો મતભેદ હોઈ શકે છે. પરંતુ આ પવિત્ર બનાવ ૨૭ રજબના બન્યો તેમાં મતભેદ નથી. અને પછી અલ્લાહ પોતાના રસુલને મસ્જીદે હરામથી મસ્જીદે અકસા સુધી લઈ ગયો. મેરાજ શરીફના બનાવથી બચ્ચો બચ્ચો વાકેફ છે.

બયતુલ મુકદ્દસના સમસ્ત લોહીયાળ ઈતિહાસમાં માત્ર એક જ પ્રસંગ એવો છે કે જેને ફતેહ કરનારના શહેરમાં દાખલ થવાનો શહેરીઓએ જશન મનાવ્યો હોય અને તે મહાન ફાતેહ હતા. અમીરૂલ મોમીનીન હઝરત ફારૂકે આઝમ અને સોંપણીનો કરાર થયો. એ હીજરી

સન ૧૫ અને ઈ.સ. ૬૩૬નો બનાવ છે.

ખીલાફતે રાશેદા, ઉમવી અને અબ્બાસી તથા ફાતેમી ખિલાફતના રાજ અમલ પછી વારંવાર ઈસાઈઓ આ શહેર પર કબ્જા માટે ધર્મયુદ્ધ અથવા સલીબી જંગનું રૂપ ધારણ કરી લીધું. ફ્રાન્સ, ઈટલી, જર્મન, મીસરી અને બ્રીટનની ફોજો તેમાં શામેલ થઈ.

ધમસાણની લડાઈઓ ઠેર ઠેર, ગામે ગામ થઈ. અંતે ૧૫ જુલાઈ ૧૦૯૯માં સલીબી ફોજો બયતુલ મુકદ્દસમાં દાખલ થઈ ગઈ. મસ્જીદે ઉમરમાં ઘોડે સવારો ઘુસી ગયા. એમણે ત્યાં મોજુદ મુસલમાનોની એટલી કત્લેઆમ ચલાવી કે તેમના ઘોડાઓના ગોઠણો લોહીના ચશ્માંમાં ડુબેલા લાગતા હતા. તેમણે બચ્ચાઓને પગથી પકડીને દિવાલો પર માર્યા અને ફેરવીને કિલ્લાથી રાંગ પરથી ફેંકી દીધા. મસ્જીદે અકસા અને મસ્જીદે ઉમરને લુંટી એકસો રતલ ચાંદીની કંદીલ, કિંમતી સામાન લુંટી લીધો. આ કત્લેઆમની ખબર બગદાદમાં પહોંચી તો લોકો માતમી લીબાસ પહેરીને ગલીઓમાં નીકળી આવ્યા. આ પહેલી સલીબી જંગ હતી. બીજી ૧૧૪૭માં થઈ. મેં ઉપર લખ્યું તેમ સલાહુદ્દીન ઐયુબીનું કાકા સાથે મીસર જવું મુસલમાનો માટે રેહમત સાબીત થયું.

સલાહુદ્દીન ઐયુબીએ આંતરીક અને બાહ્ય કાવતરાઓને નીષ્ફળ બનાવી દીધા. પરીણામે સીરીયા અને મીસર મુત્તહેદ અને સંગઠીત બની ગયા. ખ્રીસ્તી સલીબીઓનો ઈસ્કંદરીયામાં ઘોર પરાજય થયો અને તેઓ સુલેહ કરવા મજબુર બની ગયા. પરીણામે સુલ્તાન ઐયુબી અને સલીબીઓ વચ્ચે બાર વર્ષીય અમનનો કરાર થઈ ગયો. પરંતુ સલીબીઓએ સંધીનો ભંગ કર્યો. તેમ છતાં સુલ્તાન સલાહુદ્દીન ઐયુબીએ કોઈ ઈન્તેકામી કારવાઈ કરી નહી. ઈસાઈઓ સતત સુલેહના કરારોનો ભંગ કરતા રહ્યા. એટલે સુધી કે કર્કના હાકેમ સરનાતે મક્કા મોઅઝ્ઝમા અને મદીનતુન્નબી પર ચઢાઈ કરવાનો નાપાક ઈરાદો કર્યો. તે રવઝએ રસુલ સાથે ગુસ્તાખી કરવાનો મલીન ઈરાદો ધરાવતો હતો. તેણે પોતાના નાપાક ઈરાદાને અમલીરૂપ દેવા માટે હીજાઝના કાંઠે ફોજો ઉતારી દીધી.

ઘણાં લાંબા સમયથી હરમે નબવી શરીફની બેહુરમતી કરવાની નાપાક યોજના તેના મગજમાં પરવરીશ પામી રહી હતી. તે કર્કના કિલ્લામાં બેસીને જહાઝ તૈયાર કરાવતો રહ્યો. જહાઝોના જુદા જુદા ભાગો બનાવીને તે દરીયા કાંઠે પહોચાડતો રહ્યો. અને સીધા સાદા દોસ્તપરવર અરબો આ ભેદી સામાનને ઉંટો પર લાદીને મુકર્રર સ્થળે પહોંચાડી દેતા. જહાઝ તૈયાર કરાવીને તેણે પોતાની ફોજને મુસલમાનોના બંદર ઈલાને ઘેરામાં લઈ લીધો. રીજીનાલ્ડ (અરનાતા) ના સલીબી ફોજીઓ એક વરસ સુધી કત્લ ગારત કરતા રહ્યા એવું લાગતું હતું કે જાણે મુસલમાનો પર કયામત તુટી પડી છે. એક વખતે તો આ સલીબી સૈનિકો મદીનએ મુનવ્વરાથી એક દિવસના ફાસલે પહોંચી ગયા હતા. આ પવિત્ર શહેરની સલામતી ખતરામાં હતી કે સુલ્તાન સલાહુદ્દીન ઐયુબીને ખબર પહોંચી ગઈ. આશીકે રસુલ સુલ્તાન તડપી ઉઠયો. સમુદ્રી બેડાને આગળ વધારી તે અરનાતાના લશ્કર પર તુટી પડયો.

સલીબીઓને પરાસ્ત કર્યા. સલીબી સૈનિકો કેદ પકડાયા અથવા માર્યા ગયા. અલબત્ત અરનાતા પોતે ભાગી ગયો ત્રીજી જુલાઇ ૧૧૮૭ના સુલ્તાન ઐયુબીએ કર્ક તરફ કુચ કરી. હતીયન નામે સ્થળે ઘમસાણની લડાઇ થઇ.

લડાઇનું મેદાન ઘઉંની ગુણોની જેમ લાશોના ઢગલામાં ફેરવાઇ ગયું. કેદીઓમાં અરનાતા પણ શામેલ હતો. ગુસ્તાખે રસુલ અરનાતાને સુલ્તાન સલાહુદ્દીન ઐયુબીએ પોતાને હાથે જહન્નમમાં પહોંચાડી શાને રીસાલતમાં ગુસ્તાખીનું વેર લીધું.

સુલ્તાન સલાહુદ્દીન ઐયુબીના મુજાહીદ લશ્કરે બયતુલ મુકદ્દસનો ઘેરાવ કરી લીધો. તે વખતે શહેરમાં એક લાખ ઇસાઇ ફોજીઓ મોજુદ હતા. રજબ મહીનાની ૨૦મી તારીખ હતી. (ઇ.સ. ૧૧૮૭) ઇસ્લામી તરીકા પ્રમાણે ખુનખરાબાથી બચવા ચાહતા વારંવાર વચન ભંગ કરનારા ખ્રીસ્તીઓ અને તકબ્બુરમાં આંધળા બની ગયેલા યહુદીઓને ઓફર કરી કે જો શહેરીઓ હથીયાર નાખીને બયતુલ મુકદ્દસ ને ખાલી કરીને નીકળી જાય તો એમને જીવતદાન બખ્શી કરી દેવાશે. પરંતુ આ ઓફરને રદ કરી દેવાઇ. અંતે શમ્શીરને જોરે ઇસ્લામના આ ગાઝી સુલ્તાને શહેરને ફતેહ કરવાનો નીર્ણય કર્યો. ઘમસાણનું યુદ્ધ થયું. જયારે સલીબી સંગઠનને પોતાની જાન બચી જવાનો કોઇ માર્ગ દેખાયો નહી તો વારંવાર સતત સુલેહની ઓફર કરવા લાગ્યા અને તે સુલ્તાન જે પણ શરતો મુકે તે મંજુર કરીને. રહેમદીલ સુલ્તાને વ્યકિત દીઠ ફીદીયો મુકર્રર કર્યો અને કુલ ફીદીયો ૩૦ લાખ દીનાર વસુલ થયો. સુલ્તાન સલાહુદ્દીને ફતેહ પછી દુશ્મનોને અમાન આપી દીધું. અને બયતુલ મુકદ્દસમાં ઝુબેહ કરી દેવાયેલ ૭૦ હજાર મુસલમાનોનું વેર લીધું નહી. જુમ્માનો દિવસ રજબ મહીનાની ૨૭ તારીખ હીજરી સન ૫૮૨ મુતાબીક ઇ.સ. ૧૧૮૭માં ગાઝી સુલ્તાન હીલાલી પરચમ લહેરાવતો બયતુલ મુકદ્દસમાં દાખલ થયો. મસ્જીદે ઉમર અને બીજા મુકદ્દસ સ્થળોએથી સલીબીઓને હઠાવીને, ઉખેડીને હીલાલી પરચમ ફરકાવી દેવામાં આવ્યો.

જેરૂસલેમની મલેકા સબીલા શહેરમાંથી જતી વખતે સુલ્તાનની ખીદમતમાં હાજર થઇ. તેની સાથે બીજી પણ મહીલાઓ હતી. જેણે રડતાં અને ટળવળતાં બાળકોને ગોદમાં ઉઠાવી રાખ્યા હતા. તેમણે સુલ્તાનથી આજીજી કરી કે આ નાના બાળકોના બાપને છોડી મુકવા દયા દાખવવામાં આવે. સુલ્તાને ઘણાં કેદીઓને છોડી દીધા.

ગાઝીએ ઇસ્લામ સુલ્તાન સલાહુદ્દીને મસ્જીદે અકસા અને કુબ્બતુલ સખરાને નજાસતોથી પાક કરીને બધી ઇમારતોને ફર્શ અને દીવાલો તથા છતોને દમાસ્કસના ગુલાબ (ગુલે આબ– એટલે ગુલાબનો અર્થજ ગુલનું પાણી થાય છે ગુલ એટલે આપણે જેને ગુલાબનું ફુલ કહીએ છીએ તે ગુલાબનો મતલબજ ગુલનું પાણી થાય છે.) થી ધોવરાવ્યા. હઝરત ઇસા (અ.સ.) અને હઝરત મરીયમની કાલ્પનીક તસ્વીર સાફ કરાવી. ૪ થી શાબાનના કાઝી મોહીદ્દીન મોહંમદ બીન અલી શાફઇએ જુમ્માનો ખુત્બો આપ્યો. બયતુલ મુકદ્દસ નાપાક લોકોના કબ્જામાંથી આઝાદ થઇ ગયું. અને જુમ્માની નમાઝ પછી ગાઝી સુલ્તાન દમાસ્કસ પાછા જવા રવાના થઇ ગયા.

બયતુલ મુકદ્દસનો અને ગાઝી સુલ્તાનનો મુજાહેદાના ઈતિહાસ અને તેના કારનામાઓ તો અસંખ્ય છે અત્રે થોડું લખી શકાયું જે મારી નમ્ર કોશીષોથી જે માહીતી મેં ભેગી કરી અને નોંધો ટપકાવી રાખી હતી. તેનું સંકલન કરીને અત્રે આ સીરીયાના સફરમાં રજુ કરવાની મેં નમ્ર કોશીષ કરી છે. ખેર ટુંકમાં આજથી ૯૧૨ વરસ પહેલાં એટલે કે ત્રાણ માર્ચ ૧૧૯૩ના ફાતેહ અને ઈસ્લામના ગાઝી તરીકેનું અતી માનનીય બીરૂદ પામનાર સુલ્તાન સલાહુદ્દીન ઐયુબી દમાસ્કસમાં મોતના પડખામાં હંમેશ માટે સુઈ ગયો. જેણે સતત ૨૦ વરસ સુધી ઈસ્લામ દુશ્મન તાકતોનો બહાદુરીપુર્વક મુકાબલો કર્યો હતો.

વફાત વખતે આશીકે રસુલ સુલ્તાનના વારસામાં ન કોઈ જમીન જાયદાદ હતી અને ન કોઈ રોકડ કે સોનું. રહેમુલ્લાહો તઆલા, રહમતોહુ વાસેઆ.

ગાઝી સુલ્તાનનું આખું જીવન જેહાદના મેદાનમાં વીત્યું. તે પણ અદલ ઈન્સાફ, તકવામાં પુર્વજોના ખરા જાનશીન હતા. ૪૩ વરસ રાજસત્તા એમની અદના દાસી બનીને રહી. આજે ફરી નાપાક યહુદીઓ, જેમની ઉપર સ્વયં અલ્લાહ તઆલાએ નાફરમાની કરવા, પયગમ્બરોને નાહક કતલ કરવા, આસમાની કીતાબોમાં ફેરફાર કરવા અને અલ્લાહની મખ્લુક પર અને ખાસ કરીને મુસલમાનો પર અત્યાચારી કાવત્રાઓ કરવાના ગુનાસર ફીટકાર વરસાવી છે. એવી પ્રજાએ આજે કીબ્લએ અવ્વલ પર કબ્જો કરી લીધો છે. આજે પણ મુસલમાન ઉમ્મત પર તેના જુલ્મ ત્રાસના વાદળા છવાયેલા છે. અફઘાનીસ્તાન, ઈરાક તેમજ મુકદ્દસ સરજમીન ફલસ્તીન પર થતા કાવાદાવા અને મુસલમાન અબાલ વૃદ્ધો અને મહીલાઓના ઉઠી રહેલા જનાઝાઓ રોજીંદાનો ક્રમ બની ગયો છે. આજે બયતુલ મુકદ્દસને યહુદી સામ્રાજયનું પાટનગર બનાવવાના મલીન ઈરાદાઓ અને કાવત્રાઓમાં સલીબી દુનીયા રાચી રહી છે. ૯/૧૧ પછી પ્રમુખ બુશના માનસમાં છુપાયેલ મલીનતાને લીધે મુસલમાનો સામે સલીબી યુદ્ધ શરૂ કરવાનો નીર્ધાર વ્યકત કરતા શબ્દો સરી પડયા હતા. (જો કે બાદમાં તે અંગે માફી માંગી એ ઈતિહાસના રેકોર્ડ પર છે)

ઉમ્મતે મુસ્લીમા પર આવી પડેલા આવા કપરા સ્થીતી સંજોગોમાં ઉમ્મતને કોઈ સલાહુદ્દીનનો ઈન્તેજાર છે. ઈન્તેજાર છે. ઈન્તેજાર છે. આજે સમસ્ત ઈસ્લામી જગત પોકારી રહ્યું છે.

અય સવારે અશહબે દવરાં બયા, અય ફરોગે દીદએ ઈમકાં બયા

હે શેરદિલ સવાર હવે આવી જા, એ શકયતાની આંખને જીવંત બનાવનાર આવી જા.

આજે સમસ્ત ઈસ્લામી જગતમાં કીબ્લએ અવ્વલને યહુદીઓના નાપાક કબ્જામાંથી છોડાવવા અને મુસલમાનોને સલીબીઓના નાપાક કાવત્રાઓ, હુમલાઓ અને ગેરકાયદે કબ્જાઓની ચુંગાલમાંથી બચાવવા સર્વત્ર દર્દમંદ મુસલમાનોને કોઈ ફાતેહે બયતુલ મુકદ્દસ, ઈસ્લામના ગાઝી સલાહુદ્દીન ઐયુબીનો નખશીખ ઈન્તેજાર છે.

મન અને મગજ પર યહુદીઓની નાપાક સાઝીશો અને ઈસ્લામ અને મુસલમાનોની દુશ્મનીમાં લડાયેલ સલીબી જંગો તેમજ ગાઝી સુલ્તાન સલાહુદ્દીન ઐયુબીના કારનામાઓની

યાદો રચી વસી ગઇ હતી. ખેર, સુલ્તાન સલાહુદ્દીન ઐયુબીના મઝાર પર ફાતેહા પઢીને અલ્લાહની બારગાહમાં તેના હબીબે પાકનો વસીલો આપીને મુનાજાત કર્યા પછી અમે બહાર સીડી પર આવીને ઉભા હતા. એટલામાં થોડા ઘણાં ઝાઈરીનો પણ આવી પહોંચ્યા. કેટલાક ત્યાં ઉભા હતા. અરબી ભાષામાં બે ત્રણ જણ અમારી બહુ નજીક ઉભા રહીને કંઈક વાદવીવાદ કે ચર્ચા કરતા હતા. મેં પણ તેમની ચર્ચાનો વિષય સમજવાની કોશીષ કરી. અમારી સાથે અમારો શોફર કહો તો શોફર અને ગાઈડ કહો તો ગાઈડ, નબીલ પણ ઉભો હતો. અરબીમાં ચાલી રહેલ વીવાદમાં વધુ કંઈ ગતાગમ ન થતાં મેં કાર તરફ જતાં રસ્તામાં નબીલને પુછયું કે આ ભાઈઓ શું ચર્ચા કરતા હતા ?

નબીલે કહ્યું:

અબસા વત વલ્લા ની મુબારક આયતના શાને નુઝુલ પર વાત કરતા હતા અને ઉમ્મુલ મોમીનીન હઝરત ઉમ્મે હબીબાના મોફન વીશે ચર્ચા કરતા હતા.

અરબી ભાષામાં થઈ રહેલ ચર્ચામાં અબસા વત વલ્લાની આયત અને હઝરત ઉમ્મે હબીબાના નામે તો મારૂં ધ્યાન ખેંચ્યું હતું. નબીલના જવાબથી મને પણ ઉત્કંઠા જાગી એને મશ્વેરા પછી અમે દમાસ્કસના મશહુર કબ્રસ્તાન બાબે સગીરમાં જઈને બાકી રહી ગયેલી ઝીયારતો પુરી કરવાનો નીર્ણય કર્યો. આ પહેલાં હું લખી ચુકયો છું તેમ સીરીયામાં અને ખાસ કરીને દમાસ્કસમાં મશ્હુર પયગમ્બરો ઉપરાંત અસંખ્ય સહાબાએ કીરામ, તાબેઈ બુઝુર્ગો, ઈસ્લામી ફીકાહના આલીમો, સહીત અવલીયાએ કીરામના મુબારક મઝારો આવેલા છે. હઝરત બીલાલ (ર.અ.) ના મઝારથી થોડે દુર ઉમ્મુલ મોમીનીન હઝરત ઉમ્મે હબીબા (ર.અ.) નું મઝાર શરીફ છે. મશ્હુર નાબીના સહાબી હઝરત ઈબ્ને ઉમ્મે મકતુમ (ર.અ.) ના ઉપરાવર જીવન પ્રસંગોનું વર્ણન કરૂં એ પહેલાં થોડીક અકીદત ખંડણી ઉમ્મુલ મોમીનીનને અર્પણ કરવાની સઆદત હાસીલ કરી લઉ.

મશ્હુર કહેવત છે કે "સફર વસીલએ ઝફર" એટલે સફર એ ઝફર એટલે કે કામ્યાબીનો વસીલો છે. આવી મહાન હસ્તીઓની ઝીયારતને અલ્લાહ તઆલા મારા માટે પણ દુનીયા અને આખેરતમાં ઝફરનો વસીલો બનાવે આમીન. આજ કબ્રસ્તાનમાં થોડું આગળ ચાલીને એક મઝાર છે જેને માટે કહેવાય છે કે એ ઉમ્મુલ મોમીનીન હઝરત ઉમ્મે હબીબાની અંતિમ આરામગાહ છે. હઝરત ઉમ્મે હબીબાનું નામ રમલહ છે. આપના નીકાહનો પ્રસંગે અત્યંત અજીબ છે. તેઓ હઝરત અબુ સુફ્યાનના પુત્રી હતા. એ સમયે હઝરત અબુ સુફ્યાન સરકારે દોઆલમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના પ્રખર વિરોધી હતા. જંગે બદરમાં અબુ જહેલ વગેરેના કતલ થઈ ગયા પછી મક્કાના કાફીરો અને મુશરીકોની સરદારી એમનાજ ભાગમાં આવી હતી.

એ રીતે તેઓ ગઝવએ ઓહદ અને ગઝવએ ખંદક વગેરેમાં હુઝુરે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના સૌથી મોટા મદ્દે મુકાબીલ હરીફ હતા. હઝરત ઉમ્મે હબીબા એજ અબુ સુફ્યાનના દિકરી હતા. એ અબુ સુફ્યાને એમના નીકાહ ઉબેદુલ્લાહ બીન જહશ સાથે

કરી દીધા હતા. અબુ સુફ્યાનના ઘરમાં રાત દિવસ મુસલમાનોનો વિરોધ પ્રતીકારની ચર્ચા વિચારણા થતી હતી. પરંતુ એ ઈસ્લામની દિલકશી હતી કે એવા દુશ્મનના કુટુંબમાંજ તેની બેટી અને જમાઈ મુસલમાન થઈ ગયા. તે વખતે ઈસ્લામ કબુલ કરવાનો અર્થ મુસીબતો અને યાત્નાઓને પોતે આમંત્રણ દેવાને બરાબર હતું. અને એવા કુટુંબમાં ઈસ્લામ લાવવાનું તો વધારે સંગીન ગુનો હતું જયાં રાત દિવસ મુસલમાનો વિરૂદ્ધ આયોજનો થતા હોય. પરીણામે ઉમ્મે હબીબા અને એમના પતીએ હીજરત કરી જવાનો ફેસલો કરી લીધો. એ સમયે મુસલમાનો ઘણી મોટી સંખ્યામાં હીજરત કરીને હબશા ચાલ્યા ગયા હતા. એ બંને જણ પણ હબશા ચાલ્યા ગયા. ત્યાંજ એમને ત્યાં એક દિકરી ઉમ્મે હબીબાનો જન્મ થયો. એજ નીસ્બતે બીબી રમ્લા, ઉમ્મે હબીબા (હબીબાની મા) તરીકે મશ્હુર થઈ ગયા.

એક રાતે હઝરત ઉમ્મે હબીબાએ ખ્વાબમાં જોયું કે એમના પતીનો ચહેરો વિકૃત બની ગયો છે. ગભરાઈને ઉઠી ગયા. વિચાર્યું કે ઉબેદુલ્લાહની હાલતમાં કોઈ મોટી ક્રાંતિ આવનારી છે. બાદમાં ઉબેદુલ્લાહે ખ્રીસ્તી ધર્મ સ્વીકારી લીધો એજ હાલતમાં ઉબેદુલ્લાહ મરી ગયો. હઝરત ઉમ્મે હબીબાની તે વખતની વીવશતાનો અંદાજો લગાવી શકવાનું મુશ્કેલ છે. ઈસ્લામ ખાતર પોતાના કુટુંબથી કપાઈ ગયા હતા. એમણે વતન સુધ્ધાં છોડી દીધું હતું. પતી હતો તે પણ મુરતદ થઈ ગયો અને થોડા દિવસોમાં તેનો પણ ઈન્તેકાલ થઈ ગયો. પરાયા પરદેશમાં એકલા અટુલા થઈ ગયા. પરંતુ કાતીબે તકદીરને કંઈક બીજુંજ મંજુર હતું. હઝરત ઉમ્મે હબીબાની કિસ્મત ચમકી ઉઠી હતી. સૈયદા ઉમ્મે હબીબા ફરમાવે છે કે મેં એક રાતે ખ્વાબમાં જોયું કે એક શખ્સ મને ઉમ્મુલ મોમીનીન કહીને સંબોધન કરી રહ્યો છે. મેં ખ્વાબની તાબીર લીધી કે હુઝુરે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) મારી સાથે નીકાહ ફરમાવશે.

હજુ એ ખ્વાબને જોયાને થોડા દિવસો થયા હતા કે કોઈએ દરવાજો ખટખટાવ્યો. જોયું તો હબશાના બાદશાહ નજજાશીની એક કનીઝ ઉભી હતી. બાદશાહનો સંદેશો લઈને આવી હતી. કનીઝનું નામ અબ્રહા હતું.

અબ્રહાએ કહ્યું:

મને નજજાશી બાદશાહે મોકલાવી છે. અને કહેવડાવ્યું છે કે મારી પાસે હુઝુરે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નો પત્ર અને હુકમ પહોંચ્યો છે કે જેમાં આપે મને એની ખીદમત સોંપી છે કે હું આપની સાથે હુઝૂરે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના નીકાહનો પ્રબંધ કરૂં. તેથી આપ કોઈને વકીલ મુકર્રર કરો જેથી તે આપની તરફથી નીકાહ કરી શકે.

સૈયદા ઉમ્મે હબીબાનો એ સાંભળીને ખુશીનો પાર રહ્યો નહી અને જે દાગીના એમણે પહેર્યા હતા તે બધા ઉતારીને કનીઝને આપી દીધા. અને હઝરત ખાલીદ બીન સઈદ બીન આસને પોતાના વકીલ મુકર્રર ફરમાવી દીધા. નજજાશી બાદશાહે હુઝુરે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના પીતરાઈ ભાઈ હઝરત જાફર બીન અબી તાલીબ અને બીજા મુસલમાનોને ભેગા કર્યા. અને ખુત્બો આપ્યો. એજ વખતે હઝરત ખાલીદ બીન સઈદને

હઝરત ઉમ્મે હબીબાની મહેરના ૪૦૦ દીનાર હવાલે કરી દીધા. હઝરત ખાલીદે વકીલની હેસીયતે નીકાહ કબુલ કર્યો.

નીકાહ પછી જયારે બધા લોકો ઉઠીને જવા લાગ્યા તો નજજાશી બાદશાહે કહ્યું:

થોડું રોકાઈ જાવ, અમ્બીયાએ કીરામની સુન્નત છે કે નીકાહ પછી ભોજન ખવરાવે છે. ભોજન પીરસવામાં આવ્યું. બધાએ તેને ઈન્સાફ આપ્યો પછી બધા રૂખસત થઈ ગયા. હઝરત ઉમ્મે હબીબા પોતે ફરમાવે છે કે મને મહેર પેઠે ૪૦૦ દીનાર મળ્યા હતા. મેં તેમાંથી એકસો દીનાર અબ્રહા કનીઝને વધુ ઈનામ તરીકે આપવા ચાહ્યું તો કનીઝ કહેવા લાગી. મને બાદશાહે, આપની પાસેથી કંઈ પણ લેવાની મનાઈ કરી છે. અને જે આભુષણો આપે મને આપ્યા હતા તે પણ આપને પાછા આપી દેવાની તાકીદ કરી છે. અને તેને બદલે બાદશાહે મને પોતાના તરફથી ભારે ઈનામ આપી દીધું છે.

નજજાશી બાદશાહે (ર.અ.) ત્યારબાદ ઉમ્મુલ મોમીનીન હઝરત ઉમ્મે હબીબાની ખીદમત શરીફમાં ઘણી બધી ભેટ સોગાદો મોકલી જેમાં શાહી ખુશ્બુઓ પણ શામેલ હતી. અને ભારે માન સન્માન અને ઇકરામ સહીત આપને મદીના તૈયબા મોકલવાનો બંદોબસ્ત કર્યો. હઝરત ઉમ્મે હબીબા મદીનએ મુનવ્વરા જવા લાગ્યા તો અબ્રહા કનીઝ આપની ખીદમતમાં હાજર થઈ અને અરજ કરી:

હું પણ મુસલમાન થઈ ચુકી છું અને મારી તરફથી સરકારે દોઆલમ હબીબે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની બારગાહમાં સલામ અરજ કરી દેશો.

હઝરત ઉમ્મે હબીબાએ સલામ બારગાહે નબવીમાં પહોંચાડી દેવાનો વાયદો કર્યો અને રૂખસદ થઈગયા. મદીનએ મુનવ્વરા પહોંચીને એમણે વાયદા મુજબ અબ્રહાનો સલામ હુઝુરને પહોંચાડયો. સરકારે દોઆલમે બધી હકીકત સાંભળીને તબસ્સુમ ફરમાવ્યો અને અબ્રહાનેદુઆઓ આપી. બીજી તરફ એમના વાલીદ અબુ સુફ્યાન બદસ્તુર મુસલમાનોના સૌથી મોટા મદ્દે મુકાબીલ હરીફ હતા. એમને જાણ થઈ કે એમની બેટી સાથે હુઝૂરે પાકે નીકાહ ફરમાવી લીધો છે. તો સખ્ત દુશ્મની છતાં એમણે હુઝુરે પાક સંબંધે જે જુમ્લો (વાકય) કહ્યો તે એ હતો કે: મોહંમદ એ લોકોમાંથી છે જેમનો પયગામ રદ કરી શકાતો નથી.

સુલેહ હુદૈબીયા વખતે યુદ્ધબંધીનો જે કરાર થયો હતો સ્વયં મક્કાના મુશરીકોએ તેનો ભંગ કરી તોડી નાખ્યો હતો. સુલેહ ખતમ થઈ ગઈ. હવે અબુ સુફ્યાનને ખયાલ આવ્યો કે હુઝુર રસુલે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) કોઈપણ સમયે મક્કા પર હુમલો કરી શકે છે. તેથી તે યુદ્ધ બંધીની મુદ્દતમાં વધારો કરવાનો પ્રસ્તાવ લઈને બારગાહે નબવીમાં મદીનએ મુનવ્વરા આવીને હાજર થયો. હુઝુરે પાકે (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એ પ્રસ્તાવને રદ કરી દીધો.

અબુ સુફીયાને વિચાર્યુ બેટી (હઝરત ઉમ્મે હબીબા) પાસે જઈને એમનાથી સીફારીશ કરાવવી જોઈએ. અબુ સુફીયાન ઉમ્મુલ મોમીનીન પાસે પહોંચી ગયા. મુલાકાત પછી તેઓ બીસ્તર પર બેસવા લાગ્યા. તરતજ લપકીને હઝરત ઉમ્મે હબીબાએ બીસ્તર સંકેલી લીધો.

અબુ સુફીયાને પુછયું:

આ બીસ્તર મારા લાયક નથી કે હું આ બીસ્તરને લાયક નથી?

હઝરત ઉમ્મે હબીબાએ જવાબમાં ફરમાવ્યું.

હે બાપ ! આ મેહબુબે રબ્બુલ આલમીન (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નો મુબારક બીસ્તર છે. અને તમે હજુ કુફ્ર અને શીર્કની નજાસતમાં સપડાયેલા છો.

બેટીના મુખેથી આવો જવાબ સાંભળીને અબુ સુફ્યાન ઝંખવાઈ ગયા. ભોંઠા પડી ગયા અને બોલ્યા:

મારાથી જુદા થઈને તમારામાં કેટલો બધો ફરક આવી ગયો છે.

અલ્લાહો અકબર ! આ નમુનો છે. કામીલ ઈમાનનો. આ દ્રષ્ટાંત છે ઈશ્કે રસુલનો. જેને લીધેજ અલ્લાહ તઆલાએ ઉમ્મે હબીબાને ઉમ્મુલ મોમીનીનના દરજ્જે મુમતાઝ ફરમાવ્યા હતા અને એજ છે તે મોહબ્બતે રસુલ જેના વીના કદી કોઈ પણ શખ્સ કામીલ મોમીન બની શકતોજ નથી.

હુઝુરે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) નું ફરમાન છે: (ભાવાર્થ)

તમારામાંથી કોઈ શખ્સ મોમીન નહી હોય, જયાં સુધી મારી મોહબ્બત તેને તેની અવલાદ અને માબાપ અને બીજા બધા લોકોથી વધારે ન હોય.

અર્થાત દિલમાં સરકારે દોઆલમની મોહબ્બત સૌથી વધારે એટલે કે અવલાદ અને માબાપની મોહબ્બતથી પણ વધારે ન હોય. ઈમાનના દાવાઓ પોકળ છે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

અલ્લામા ઈકબાલના શબ્દોમાં

બ મુસ્તુફા બ રસા એશ રા કે દી હમા ઉસ્ત અગર બઉ ન રસીદી તમામ બુલહબી અસ્ત

હુઝુરે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ના મુબારક કદમો સુધી પોતાને પહોંચાડ કે સમસ્ત દીન અને મઝહબ એજ છે જો એમની સુધી ન પહોંચ્યો તો પછી બધુંજ સર્વ કંઈ બુલહબી છે. ઉમ્મુલ મોમીનીન હઝરત ઉમ્મે હબીબાની વફાત શરીફ હીજરી સન ૪૪માં થઈ હતી. એમણે કુલ ૬૫ હદીસે પાકની રીવાયત કરી છે.

અકીદત સાથે ઉમ્મુલ મોમીનીનની ખીદમતમાં સલામ પેશ કર્યો. ફાતેહા ખ્વાની કરી અને દીન દુનીયાની ભલાઈની દુઆ માંગીને મઝાર શરીફ બહાર આવી ગયા.

બારગાહે રીસાલતનું પાક અને બરકતવંત દ્રશ્ય છે. હુઝુરે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) મસ્જીદે હરામમાં તશરીફ ફરમા છે. હુઝુરની ખીદમત શરીફમાં કુરેશના સરદારો જેમાં શીબાનો પુત્ર રબીઅ અને અબુ જહલનો પુત્ર તેમજ હઝરત અબ્બાર ઈબ્ને મુત્તલીબ જેવી નામાંકિત વ્યકિતઓ શામેલ હતી. બેઠા છે અને હુઝુરે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એમને બુતપરસ્તીની બુરાઈ અને દીને ઈસ્લામની ખુબીઓ સમજાવી રહ્યા છે. અને સંપુર્ણ તવજ્જોહ સાથે કુરેશના અગ્રેસર સાથે વાતોમાં મશગુલ છે. દીને હકની તબ્લીગ અને દાઅવતનું કામ થઈ રહ્યું છે. એટલામાં એક મીસકીન અને આંખોથી માઝુર શખ્સ

અબ્દુલ્લાહ બીન શરીહ ઈબ્ને માલીક બીન રબીઅ ઝહેરી કે જેમને ઉમ્મે મકતુમ પણ કહેવામાં આવે છે બારગાહે રીસાલતમાં હાજર થયા.

અરબીમાં મકતુમ અંધજનને કહેવામાં આવે છે. જયારે એમની વાલેદા અમાજમા ઉમ્મે મકતુમ તરીકે પરીચીત હતા.

ખેર ઈબ્ને મકતુમ આં હઝરત (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની સેવામાં હાજર થયા. આં હઝરત એમના આગમનથી નાખુશ થયા કે આ શખ્સ નાબીના છે. મજલીસના રંગઢંગનું ધ્યાન રાખશે નહી. અને બેમોકા વાતચીત કરશે. સરદારો સાથે અતી ગંભીર વાત થઈ રહી છે. ઈસ્લામની દાઅવત આપી રહ્યો છું તે કામ અધુરૂં રહી જશે.

ખરેખર થયું પણ એવુંજ. ઈબ્ને મકતુમે મજલીસના મોભાનો ખયાલ કર્યો નહી અને હુઝુર (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની નજીક આવીને બેસી ગયા.

અને કહેવા લાગ્યા:

મને કલામુલ્લાહની ફલાણી ફલાણી સુરત શીખાવો. અને મારી તરફ તવજ્જોહ ફરમાવો કારણકે હું કોઈ રેહબર વીના મહેનતથી પુછતો પુછતો આપની ખીદમતમાં હાજર થયો છું. જેવી રીતે હું આ પહેલાં લખી ચુકયો છું કે હું ઉમ્મુલ મોમીનીન હઝરત ઉમ્મે હબીબાના મઝાર મુબારકથી બહાર નીકળ્યો. જયાં કેટલાક અરબો અરબી ઝબાનમાં ચર્ચા કરતા હતા અને તેમાં અબસ વતવલ્લાની આયતનો ટુકડો ફકત સમજાયો હતો. અને અવારનવાર અરબ દેશોમાં જવાની અલ્લાહ તઆલાના ફઝલથી તક મળી છે. ઉપરાંત મકકા મુકર્રમાતથા મદીનએ મુનવ્વરામાં રોકાવવાનું સદભાગ્ય હાસીલ થયું છે. એ ઉપરાંત સીરીયા, તુર્કી અને મીસર સહીતમાં અરબ ભાષા બોલાય છે એવા દેશોની મુલાકાત કરવાનો અને ત્યાંના લોકો સાથે સંપર્કમાં રહ્યો છું. છતાં મને તે અરબ લોકોની વાતચીતમાં વધારે સમજણ પડી નહી.

મુબીનને પુછતાં તેણે હઝરત ઈબ્ને ઉમ્મે મકતુમ વીશે વાતચીત થઈ રહી હોવાનો ખુલાસો કર્યો અને મને પણ અલ્લાહ તઆલાએ જેમની ખશીયતે –ઈલાહી (અલ્લાહના ખોફ) ના વખાણ કર્યા અને કુર્આન પાકમાં એમના માટે એક સનદ અતા ફરમાવી દીધી. એમના મઝાર મુબારક ઉપર પણ હાજરી દેવાની ઉત્કંઠા જાગી અને હું સીરીયામાં આવેલ એમના મઝાર મુબારક પર હાજર હતો. મારા મનમગજમાં હઝરત ઈબ્ને ઉમ્મે મકતુમ જેવા દરજજાવાળા સહાબીની જીવન ઝરમરના અમુલ્ય પ્રસંગોનું જાણે કે રટણ થતું હતું. સીરીયાની સફરના વાંચકોની જાણકારી અને એક નીખાલસ સહાબીના ઉલ્લેખથી બરકત હાસીલ કરવા ખાતર અત્રે મેં યથાશકિત મુજબ થોડું લખવાની કોશીષ કરી છે.

સીરીયાના પાયતખ્ત દમાસ્કસમાં આવેલ મશ્હુર કબ્રસ્તાન બાબુસ સગીરમાં હઝરત બીલાલ હબશી (ર.અ.)ના મઝારની બીલ્કુલ નજીક એક મઝાર પર હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમ્મે મકતુમના માનવંતા નામનો કુત્બો લાગેલ છે.

બારગાહે રીસાલતના તેઓ બીજા મોઅઝ્ઝીન હતા. જેઓ એહદે નબવી શરીફમાં

મોટા ભાગેફજરની અઝાન આપતા હતા. મક્કા મુકર્રમાના રહેવાસી હતા અને ઉમ્મુલ મોમીનીન હઝરત ખતીજતુલ કુબરા (ર.અ.) ના મામાના દીકરા અને ભાઈ હતા. બાળ પણમાંજ એમની આંખો જતી રહી હતી અને નાબીના થઈ ગયા હતા. પછી જયારે હીજરતનો સીલસીલો શરૂ થયો તો આપ નબીએ રેહમત (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) થી પહેલાંજ મદીના મુનવ્વરા જઈને સ્થાયી થઈ ગયા હતા.

કુર્આન પાકની બે આયતો હઝરત ઈબ્ને ઉમ્મે મકતુમ અંગે નાઝીલ થઈ છે.

સુરએ નીસાની ૯૫ નંબરની આયતની શરૂમાં છે કે :

મુહાજીરોમાંથી જે લોકો જેહાદથી બેઠેલા છે (એટલે જેહાદ ન કરે) તેઓ અને અલ્લાહના માર્ગમાં જેહાદ કરનારા બરાબર હોઈ શકતા નથી.આ પવિત્ર આયત નાઝીલ થઈ તો હઝરત ઈબ્ને ઉમ્મે મકતુમ ભારે ચીંતામાં પડી ગયા કે તેઓ આંખોના ઉઝરને લીધે જેહાદમાં શરીક થઈ શકતા ન હતા. ફીકર એટલી બધી વધી ગઈ હતી કે આકુળ વ્યાકુળ બનીને બારગાહે નબવીમાં હાજર થઈ ગયા. અને અરજ કરી:

યા રસુલુલ્લાહ ! મારા માબાપ અને હું પોતે આપ પર કુરબાન ! હું આંધળો હોઈ જેહાદમાં શરીક થઈ શકયો નથી. એટલું કહીને પોતાનો ઉઝર પેશ કર્યો.

તેથી એજ વખતે આયતનો આ હિસ્સો પણ નાઝીલ થયો:

"સીવાય એ લોકોના જેમને ઉઝર હોય."

ખેર વાત થઈ રહી હતી બારગાહે રીસાલતમાં કુરેશના સરદારોની હાજરી અને એજ વખતે હઝરત ઈબ્ને ઉમ્મે મકતુમના આગમનની.

હઝરત ઈબ્ને ઉમ્મે મકતુમના સવાલનો કોઈ જવાબ અલ્લાહના રસુલે આપ્યો નહી. અને રાબેતા મુજબ કુરેશના સરદારોને તબ્લીગ કરવામાં પરોવાઈ ગયા. થોડીવાર તો ઈબ્ને ઉમ્મે મકતુમ ચુપ રહ્યા અને ફરીવાર એ મુજબ સુરત શીખવવા અને પોતાની તરફ ધ્યાન દેવાનું કહેવા લાગ્યા.

અલ્લાહના મેહબુબે સરદારોની ખાતરદારી વાસ્તે કંઈ જવાબ આપ્યો નહી. એટલે સુધી કે એવું વારંવાર થયું. એમની આ અજુગતી દખલ એ સરદારોની તંગદીલી અને રંજીશનું કારણ હતી. આં હઝરત (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ચી–જબીન થયા (આપની મુબારક પેશાની પર વળ પડયા) મુબારક ચહેરા પર ખફગીના ચીન્હો દેખાયા અને પોતાનો પવીત્ર ચહેરો એ નાબીના તરફથી ફેરવીને એ સરદારો તરફ મુતવજજહ થયા અને એજ હાલતમાં સુરએ અબસા નાઝીલ થઈ.

જેનો ભાવાર્થ છે કે:

ભવાં ચઢાવ્યા અને મોઢું ફેરવ્યું. એ વાતથી કે આપની પાસે અંધજન આવ્યો અને આપને શું ખબર કે કદાચ તે (અંધજન) પાક થઈ જાત. અથવા તે શીખામણ લેત અને તેને શીખામણ લાભ આપતે. પણ જે માણસ દીનથી બેપરવાઈ કરે છે તો આપ તેની ફીકરમાં પડો છો. જો કે તે અંગે આપ ઉપર કોઈ દોષ નથી કે તે સુધરતો નથી અને જે આપની પાસે

ઉમંગથી દોડતો આવે છે તો આપ તેનાથી બેપરવાઇ કરો છો.... જેમ જેમ આ આયતો હુઝુરે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) હઝરત જીબ્રઇલ(અ.સ.) ના મોઢેથી સાંભળતા હતા. આપનો મુબારક રંગ પીળો પડી જતો હતો. એટલે સુધી કે જયારે કલ્લા ઈન્નહ તઝકેરાહ કે કુર્આન તો એવું કદી ન થાય. કુર્આન તો એક નસીહત છે. વાળી આયત આવી તો ખુશ થઇ ગયા. અને આપનો મુબારક રંગ યથાવત થઇ ગયો. આ કોઇ અલ્લાહ તરફથી નારાજી નથી માત્ર મહેરબાની અને ઇનાયત મારફત નસીહત છે. એ દરમ્યાન હઝરત ઇબ્ને ઉમ્મે મકતુમ પોતાના મકાન પર ચાલ્યા ગયા હતા. સરકારે દોઆલમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) એમના ઘેર તશરીફ લઇ ગયા અને પોતાની સાથે એમને લઇને કાશાનએ નબુવ્વતમાં પાછા પધાર્યા. પોતાની મુબારક ચાદર પાથરીને તેની ઉપર હઝરત ઇબ્ને ઉમ્મે મકતુમને બેસાડયા.

હુઝુર પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) જયારે પણ ઇબ્ને ઉમ્મે મકતુમને જોતા તો ઇરશાદ ફરમાવતા.

તમારી કોઇ હાજત કે કામ હોય તો કહો.

હુઝુર પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અંધજન હઝરત ઇબ્ને ઉમ્મે મકતુમને બે વખત મદીના મુનવ્વરામાં પોતાના કાયમ મુકામ નમાઝના ઇમામ મુકર્રર ફરમાવીને સફર પર તશરીફ લઇ ગયા.

ઇસ્લામી ઇતિહાસમાં એમના વીશે અદભુત અહેવાલ છે. હઝરત અનસ બીન માલીક ફરમાવે છે કે મશહુર કાદસીયાની લડાઇમાં જોયું કે બખ્તર પહેરેલ એક અંધજન (હઝરત ઇબ્ને ઉમ્મે મકતુમ) એક તાઝી ઘોડા પર સવાર છે તેમની આગળ એક કાળો નીશાન (ઝંડો) હતો અને આંખે નહી જોઇ શકતા હોવા છતાં તેઓ કાફીરો પર હુમલા કરતા હતા. એવું પણ વર્ણવવામાં આવ્યું છે કે મદીનએ તૈયબા હીજરત પછી જયારે સરકારે દો આલમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) કોઇ જેહાદ વગેરે માટે મદીના તૈયબાથી બહાર તશરીફ લઇ જતા હતા તો મોટા ભાગે હઝરત ઇબ્ને ઉમ્મે મકતુમ નેજ મદીનએ તૈયબામાં પોતાના નાયબ બનાવીને તશરીફ લઇ જતા હતા. આપે તેર વખત એમને મદીના મુનવ્વરામાં પોતાના નાયબ તરીકે મુકર્રર ફરમાવ્યા. ખેર દિલના ઉડાણથી મહાન સહાબી કે જેમની મશીયતે ઇલાહીની સ્વયં કુર્આન પાકે સનદ આપી છે એમના મઝાર પર હાજરી આપી, અકીદત ખંડણી અર્પણ કરી અને દુઆ માંગી.

હઝરત ઇબ્ને ઉમ્મે મકતુમના મઝાર પર ફાતેહા પઢીને કબ્રસ્તાન બાબુલ સગીરથી બહાર નીકળેલ તો પાકિસ્તાની છ આઠ જણ દેખાયા. તેમનાથી વાતીચત કરતાં ખબર પડી કે તેઓ લંડનથી આવી રહ્યા છે. અને કરાચીની ફ્લાઇટ લેટ થતાં એરલાઇન તરફથી હોટલમાં ઉતારો મળેલ હતો. જેનો લાભ લઇને ઝીયારત માટે નીકળ્યા હતા.

લંડનનો પ્રવાસ કરીને આવેલ માણસની વાતમાં રણકોજ અલગ હોય છે. લંડન જવું એક અલગ લહાવો છે. દુનીયાભરમાંથી લોકો લંડન જોવા આવે છે અને લંડન જોઇને જાણે

કે સંતોષ મેળવે છે. હું પણ ત્રણ ચાર વખત લંડન જઈ આવ્યો છું. છેલ્લે હું કેરો (ઈજીપ્ત) થઈને લંડન ગયેલો. તેનું થોડુંક વર્ણન કરવાનું મુનાસીબ લાગે છે. ગયા વરસે હું અને મારો સૌથી નાનો પુત્ર ખાલીદ જેને યુકે અને અમેરિકાના વીઝા મળેલ હતા. તેને વીઝીટ કરવાનો ઘણો શોખ હતો. લગભગ અમારા પુરા ખાનદાનના અમેરિકાના વીઝા છે પણ હું ૧૯૮૭માં ન્યુયોર્કમાં પાંચ દિવસ રોકાઈને પાછો આવ્યો હતો. હાલમાં ગયા વરસે મેં મનમાં નક્કી કર્યુ હતું કે લંડન જવું. મારી આદત મુજબ એક કાંકરે બે પક્ષી મારવા માટે એરલાઈનની શોધ શરૂ કરી તો ઈજીપ્ત એરલાઈન સસ્તી અને એક દિવસ કેરોમાં ફાઈવ સ્ટાર હોટલમાં રહેવાનું અને ખાવાનું. તો મેં લગભગ ૨૪ હજારમાં ટીકીટ કન્ફર્મ કરાવી.

એજન્ટે મને રીપોર્ટ આપ્યો કે ત્રણ દિવસ બાદની ફલાઈટ છે. તેમાં બે દિવસ મફત સ્ટે મળશે. ફાઈવ સ્ટારમાં બે દિવસ રહેવાનું અને જમવાનું. મેં તરતજ તેને કહી દીધું કે બે સીટો ઓકે કરાવી લ્યે અને ૧૫ દિવસ બાદની વાપસી ઓકે કરાવે.

૨૦૦૩ના છેલ્લા સપ્તાહમાં અમો ઈજીપ્ત પહોંચ્યા. અને અમને હોટલની મુવ એન્ડ પીક બસ આવીને હોટલમાં લઈ ગઈ. પહેલો દિવસ તો હોટલમાં ખાવા અને આરામ કરવામાંજ તેમજ હોટલમાં અને આસપાસ હરવા ફરવામાં નીકળી ગયો. બીજા દિવસે સવારે નાસ્તો બુફે હતો. જે બહુજ સારો હતો ત્યાં ઘણા બધા પાકિસ્તાનીઓ હતા. નાસ્તામાં એકબીજાથી મીટીંગ કરેલ તેઓનું કહેવું હતું કે કેરો મ્યુઝીયમ અને પીરામીડ જોવા માટે સાથે કોસ્ટર કરી લઈએ અથવા ટેકસીમાં ચાર પાંચ જણા બેસી જઈએ. પણ આપણી આદત મુજબ કોઈ મેળ ન ખાય. એટલા મતભેદ દેખાયા અને કેટલાક જણ તો નાસ્તો તેમના માટે આસમાનથી કોઈ અજાયબી ઉતરી હોય તેમ નાસ્તાના ટેબલ પરથી ઉભા થવાનું નામજ લેતા ન હતા. કારણકે તેઓ લંડન ખાતે એટલે બ્રીટનના વીવીધ વિસ્તારોમાં મજુરી કરવા જતા હતા. મેં મારા પુત્ર સાથે સલાહ મશ્વેરો કરીને એક ટેક્ષીવાળાથી વાત કરી અને કહ્યું કે અમો બેજ જણા છીએ અને કયાંય વધારે ખોટી થવું નહી પડે. એટલે લગભગ ૧૫૦૦ પાકિસ્તાની રૂપીયામાં પીરામીડ અને મ્યુઝીયમ લઈ જવા ઉપરાંત કેરો શહેરમાં લગભગ ચાર કલાક ફેરવ્યા બાદ અમને હોટલમાં મુકી દેશે. એવું નક્કી થયું.

અમો ટેકસીમાં બેઠા અને પહેલાં પીરામીડ તરફ રવાના થયેલ. માર્ગમાં બીલ્ડીગો બધીજ જુની જે આપણા ખારાધર, મીઠાધર, રણછોડલાઈનમાં જે જે જુની બીલ્ડીગો હતી તેવી નજરે પડી. હાલ તો આપણે ત્યાં આ વિસ્તારોમાં પણ નવી બીલ્ડીગો બની ગઈ છે. પરંતુ મને ત્યાં જુની બીલ્ડીગો દેખાણી. ખેર.

અમે પીરામીડ વાળા વિસ્તારમાં પહોંચ્યા તો ત્રણસો ચારસો ફુટ લગભગ દુર વાડ બાંધેલ હતી. નજીક જવું હોય તો ટીકીટ લેવી પડે.

દુનીયાની અજાયબી: થોડુંક ઈજીપ્તના પીરામીડો વીશે

મારી હંમેશની એક આદત રહી છે કે મુસાફરી દરમ્યાન કે ઓફીસમાં ઘરે જે કાંઇ વીશીષ્ઠપણે વાંચવાનું થાય છે તેની નોંધો દરરોજ કરાતા નામાની જેમ ટપકાવી લેવી. અને રસપ્રદ, રસીક કે જરૂરી લાભદાયી વાતોની નોંધો ટપકાવી લેવી. સીરીયાની સફર દરમ્યાન કે દુનીયાના જુદા જુદા દેશોની મુલાકાત વખતે પહેલાંથીજ જાણકારી મેળવી લેવાનો પણ મારો સદા ક્રમ રહ્યો છે. પછી એ માહીતી એરલાઇનો, એલચી ખાતાઓ, ટુરીસ્ટ ગાઇડો કે પુસ્તકો મારફત મળે કે જે તે દેશના ભોમીયા કે ગાઇડ પાસેથી કે ઐતિહાસીક સ્થળો નજીક પુસ્તીકાઓ અને ફોટા દ્વારા મળી હોય. મેં જોયેલું, અનુભવેલું, ટપકાવી લીધેલું. તારવણી કરેલ નોંધપોથીઓના આધારે મારી આ સીરીયાની સફર શાબ્દીકપણે સાકાર પામી છે. વાંચકોનો પણ વાંચન રસ જળવાઇ રહે અને મારા કેટલાક પ્રભાવશાળી મીત્રોના આગ્રહથી થોડીક માહીતી પણ મીસરના પીરામીડો વીશે રજુ કરી છે. પહેલાંના જમાનામાં દુનીયાની સાત અજાયબીઓ મશ્હુર હતી. આ અજાયબીઓમાં થી આજે પણ જળવાઇ રહેલી અને જાનજાનના જમીની અને કુદરતી ફેરફારોથી સુરક્ષીત રહેલી એક અજાયબી મીસરના પીરામીડો છે. જેને જોવા માટે દુનીયાભરથી દરરોજ મોટી સંખ્યામાં લોકો અને પ્રવાસીઓ ઉમટી આવે છે. એજ ભવ્ય અજાયબી એટલે પીરામીડો સામે હું અને મારો પુત્ર ઉભા હતા. આ અજાયબી એવી અદભુત છે કે તેની ઉપર નજર પડતાંજ લાગે ટનોનું વજન ધરાવતા આવા મોટા પથ્થરોને આટલી ઉંચાઇ સુધી કેવી રીતે ગોઠવ્યા હશે અને તે પણ હજારો વરસ પહેલાં અને તેજ અજાયબી છે.

મારા પુત્રે કહ્યું:

નજીક જવું હોય તો જઇએ નહી તો પીરામીડ અહીથીજ જોઇ લઇએ. મારી ઇચ્છા તો છે કે મ્યુઝીયમ જોવા જઇએ. જ્યાં ફીરોઓનોની લાશો છે.

એક વખતે હું હજની અદાયગી માટે જતી વખતે કેરોમાં રોકાયો હતો. તે વખતે પીરામીડોને ધરાઇને અને નજીકથી જોઇ લીધા હતા. અને પીરામીડની અંદર જવા માટેનો જે બે ફુટ લગભગનો સાંકડો માર્ગ છે તેમાં લગભગ અમે સુઇને નીચે ઉતર્યા હતા. અંદર ફીરઓનની કબરો હતી. નીચે ઉતરવાનું પણ એક એડવેન્ચર હતું. હવે સાંભળવા મુજબ અંદર જવા દેતા નથી. નજીકમાંજ તે વખતના ફીરઓનની સીહ પર સવાર રાક્ષસી કદની એક મુર્તી છે જેને અબુલ હોલનું પુતળું કહેવામાં આવે છે. મને જાણવા મળ્યું તેની રસપ્રદ માહીતી ઇન્શા અલ્લાહ આગળ રજુ કરીશ. આ પુતળું નાક કહે છે. તેનું નાક કપાયેલું છે અને ચહેરો વિકૃત બનાવી દેવાયો છે.

પીરામીડની આશ્ચર્યજનક ઇમારતો આજની અત્યંત પ્રગતી કરી ગયેલ દુનીયાના નીષ્ણાંત એન્જીનીયરો માટે પણ એક ચેલેન્જ સમાન છે. અને વિસ્તાર અને કદ અને ઉંચાઇને હવાલે મીસરના પીરામીડો દુનીયાની મોટી ઇમારત છે. પીરામીડો કોણે અને શા માટે બનાવ્યા

? તે અંગે ઈતિહાસકારોના એટલા બધા વિરોધાભાસી મંતવ્યો તથા મકામી કથાઓ દંતકથાઓ પ્રચલીત છે કે તેને આધારે કોઇ નીર્ણય કરવાનું અશકય નહી તો મુશ્કેલ જરૂર છે. જે વાત વધારે મશ્હુર છે તે છે કે હઝરત નુહ (અ.સ.) ના સમયમાં આવેલ તોફાનથી પહેલાં મીસરના એક બાદશાહ સોરીદે એક ખ્વાબ જોયો હતો.

નજુમીઓ અને જાદુગરોએ તેની તાબીર કરી કે દુનીયાભરમાં સર્વત્ર એક મુસીબત આવવાની છે. સોરીદે એ વખતે પીરામીડ બાંધવાનું ફરમાન બહાર પાડયું. અને તેમાં એવા ભોંયરા અને સુરંગો બનાવવામાં આવ્યા કે જેમાં નાઈલ નદીનું પાણી દાખલ થઈને ખાસ જગ્યા સુધી જઈ શકે.

તે વખતની મીસરી પ્રજા જેટલી વિદ્યાઓ જાણતી હતી જેવું કે તબીબી વિજ્ઞાન કે લાશો હજારો વરસ સુધી જાળવી રાખવાના નુસખા જાણતા હતા અને જાદુ સુદ્ધાં કે જેનાથી તેઓ જાણકાર હતા. તેને પીરામીડોની ઈમારતોની છતો, થાંભલાઓ અને દીવાલો પર તેને જાળવી રાખવા માટે લખી અને કંડારી લેવામાં આવી. બાદમાં એજ ઈમારત ફીરઓનના મકબરાઓ માં ફેરવાઈ ગઈ.

એક મંતવ્ય એવું પણ મશ્હુર છે કે પીરામીડની પ્રથા કોમે આદના એક બાદશાહ કે જેનું નામ શદ્દાદ હતું. (જન્નત બનાવનાર નહી બીજો કોઇ બાદશાહ) તેણે સ્થાપી હતી. કેટલાક વિધ્વાનો હઝરત ઈદરીસ (અ.સ.) ને પીરામીડોના બાની ઠેરવે છે. આ ઈમારતો એટલે પીરામીડો અંગે જાતજાતની તીલસમાતી કહાનીઓ પણ મશ્હુર રહી છે. અને સંખ્યાબંધ કીતાબોમાં તેનું વર્ણન કરાયું છે. ઉપરાંત અનેક ફીલ્મો અને ડોકયુમેન્ટરી ફીલ્મો પણ બની છે. પરંતુ એક વાત નક્કી મનાય છે કે પહેલાંના સમયના મીસરના બાદશાહો ફીરઓનોના મકબરાઓ તરીકે આ ઈમારતો બાંધવામાં આવી છે. મીસરના જુદા જુદા વિસ્તારોમાં અનેક પીરામીડો ચણાઈ ગયા હતા. જે મામુલી સાઈઝના હતા. એમના બાંધકામમાં સીડી પગથીયા પ્રકારનું ચણતર હતું આવા પીરામીડોને "ટ્રુ પીરામીડ" કહેવામાં આવે છે.

જુનામાં જુના મકબરાઓ (પીરામીડો) ઈજીપ્તના 'સકરહ શહેરથી થોડા માઈલ દુર દક્ષીણમાં આવેલ છે જે ઈ.સ. પૂર્વે એટલે હઝરત ઈસા (અ.સ.) ની વીલાદતના સમયથી ૧૬૦૦ વરસ પહેલાં બંધાયા હતા. અને એજ ત્રણ પીરામીડો આજે દુનિયાની અજાયબી ગણાય છે. હવે આ વિસ્તાર કાહેરાનો જ એક ભાગ બની ગયો છે.

આધુનિક રીસર્ચ મુજબ આ ત્રણ પીરામીડો હઝરત ઈસા (અ.સ.) થી લગભગ ૨૫૯૦ વરસ પહેલાં 'ખોફો' નામે ફીરઓન અને તેના પુત્રો 'ખફરે' અને 'મનકારા'એ બંધાવ્યા હતા. જમીન પર તેનું ક્ષેત્રફળ ૧૩.૧ એકર છે. માત્ર એક બાજુ તેની પહોળાઈ જમીન પર ૭૫૬ ફુટ છે. પીરામીડ ચણાયું ત્યારે તેની ઊંચાઈ ૪૮૧ ફુટ હતી. બાદમાં તેની ઊંચાઈ ૩૧ ફુટ ઘટી ગઈ તેના બાંધકામમાં વીસ લાખથી વધારે પથ્થરના બ્લોક છે. જેમાંથી એક પણ પથ્થર–કે શીલા બે ટનથી ઓછા વજનની નથી કેટલાક પથ્થરો તો ૧૫ ટન વજનના છે. આ પથ્થરોને એવી હુન્નરમંદીથી ગોઠવવામાં જોડવામાં ચણવામાં આવ્યા છે. કે વચ્ચમાંની

જગ્યા દેખાતી નથી. પરિણામે દુરથી રાક્ષસી કદનું પીરામીડ એક જ પથ્થરનું બનેલું દેખાય છે. દુનિયામાં પથ્થરોની બનેલી આ સૌથી મોટી ઈમારત છે. જેમાં ૨૪ લાખથી વધુ પથ્થરો છે. અને પીરામીડ દરેક બાજુથી ૭૫૫ ફુટ લાંબુ છે. અને તે તેમા એક સરખા માપની બાજુ છે. જે આશ્ચર્યજનક છે.

આ પીરામીડને 'અહરમુલ અકબર' મોટું પીરામીડ કેહવાય છે. તેનીજ અંદર એક સુરંગ જેવું અંદર જવાનું બાકલરૂં છે. જે ગુફા જેવું લાગે છે.

મેં ઉપર લખ્યું તેમ મને પણ પીરામીડની અંદર એ બાકોરા દ્વારા અંદર જવાની એડવેન્ચર ભરેલી તક મળી હતી અરબ ઈતિહાસકારો પ્રમાણે આ કોઈ પીરામીડનો દરવાજો નથી. બલ્કે અબ્બાસી ખલીફા મામુન અલ રસીદ તેના રાજય અમલ દરમ્યાન મીસરના પીરામીડની અંદરનું રહસ્ય જાણવા માટે આ મોટા પીરામીડની વચ્ચમાં ખોદવાનો આદેશ આપ્યા. માત્ર આટલા ખોદકામ પાછળ ભારે ખર્ચ આવ્યો.

ખોદકામથી માલુમ પડયું દિવાલની અંદરની બાજુની પહોળાઈ ૨૦ હાથની છે. વીસ હાથ સુધીનું ખોદકામ પુરૂં થયું તો સંજોગવસાત તે એજ જગ્યા હતી. જયાંથી સુરંગ ઉપરની તરફ જાય છે. જયાં સોનાની એક થાળી મળી આવી જેમાં એક હજાર સોનાના સીક્કા હતા. ત્યાર બાદ ખલીફા મામુન રશીદે ખર્ચનો હીસાબ કર્યો તો તે મળી આવેલ સોનાના સીક્કાની બરોબર હતો. જાણે કે પહેલાં જ એ ખર્ચ માટે રકમ સુરંગના મોઢા પાસે મુકી દેવાઈ હતી.

સુરંગને અંતે એક વિશાળ હોલ છે જયાં સુરંગ પુરી થાય છે. અને તેના ઉપર પશ્ચીમ ખુણામાં એક પથ્થરની હોજ છે જેમાં બાદશાહની લાશ રાખવામાં આવતી હતી. પીરામીડની દિવાલો પર ચિત્ર વિચિત્ર લીપી યા અનેક લખાણો હતા. જે કાળક્રમે ભુંસાઈ ગયા છે. અને ઠેર ઠેર હીરા મોતી જડેલા હતા. હવે તો કોઈ વસ્તુ બાકી બચી નથી. આ મોટા પીરામીડ નજીક બીજા નંબરે "મધ્યમ વચલો પીરામીડ છે. જેને 'હરમ– અવસાન' કહેવામાં આવે છે. તે બંધાયો ત્યારે ૪૭૧ ફુટ ઊંચો હતો. હવે તેની ઊંચાઈ ૪૪૩ ફુટ છે. જે ખોફો નામે ફીરઓનના પુત્ર 'ખેફ્ર' બંધાવ્યો હતો. જે 'શેફર્ન' નામે વધારે જાણીતો છે.

ત્રીજા પીરામીડનું બાંધકામ ખેફ્ર પછી ફીરઓન બનેલ 'મનકારા'એ કર્યુ જે 'માઈસરીનુસ' નામે ઓળખાય છે. આ ત્રણેય પીરામીડો કાહેરા શહેરની સપાટીથી ઘણી ઊંચાઈએ આવેલ હોઈ અહીથી કાહેરા શહેરનું દ્રશ્ય દેખાય છે. અને અહીજ પ્રેક્ષકોની વધારે ભીડ જામેલ હોય છે. જે ત્રણ પીરામીડ કાહેરા નજીક 'જીઝા' વિસ્તારમાં આવેલ છે. જે હવે શહેરનો પરાવિસ્તાર બની ગયો છે. તેઓ અસાધારણ સાઈઝના છે. એજ ત્રણ પીરામીડો દુનિયાની અજાયબી ગણાય છે જેવું કે હું ઉપર લખી ચુકયો છું.

આ પીરામીડોની પૂર્વ દક્ષીણમાં જગ પ્રસિદ્ધ 'અબુલ હવલ' આવેલ છે. હકીકતમાં તો એ વચલા પીરામીડના સ્થાપક 'ખિફ્ર'નું પૂતળું છે. જે તેણે પોતે પોતાની હયાતીમાં જ

બનાવ્યું હતું. પ્રાચિન નામ 'બેલબેલ' હતું. અરબોએ તેનું નામ 'અબુલ હવલ' રાખી દીધું. એ પૂતળા–બૂતનું માથું અને ગરદન જમીનની સપાટી પર દેખાતા હતા. અને લોકોનું અનુમાન હતું કે પૂતળાનું બાકીનું શરીર જમીનમાં દટાયેલું છે તેથી સમય જતાં ખોદકામ કરાયું તો અનુમાન સાચું ઠર્યું હવે જમીન પૂતળાની ચારે તરફથી ખોદાયેલી છે અને ખિફરના 'મુજસ્સમાં'નું પુરું શરીર દેખાય છે.

હઝરત શેખ મોહમ્મદ નામે એક સુફી બુઝુર્ગ થઈ ગયા છે તેઓ હંમેશા રોઝાથી રહેતા હતા. 'મુનકેરાત'ની રોકથામ માટે એમણે એક ઝુંબેશ શરૂ કરી હતી. મીસરના સામાન્ય લોકો ફીરઔનના વંશથી ઘણા પ્રભાવીત હતા આજે પણ એમની ઉપર ફીરઔન–યુગની ઘેરી છાપ અને અસર છે. મીસરના લોકો આજે પશ્ચીમની અસરમાં આવી ગયા હોવા છતાં પોતાના બાપદાદાઓ જેમ ફીરઔનની સંસ્કૃતિની અસરમાં છે.

પરંતુ મીસરને–સરકારી સ્તરે તો મુસલમાન દેશ ઠેરવવામાં અને કહેવામાં આવે છે. પરંતુ આજના જદીદ (આધુનિક) યુગમાં પણ તેઓ એજ જુની સંસ્કૃતિનું પ્રતિબિંબ ઝીલી રહયા છે. રીત ભાત રેહણી કરણી, હુન્નર કળા, અને આધુનીક બાંધકામમાં ફીરઔનના યુગની પયરવી પુરા ઈજીપ્તમાં દેખાઈ રહી છે. બલ્કે ઝળકી રહી છે.

મીસરના આમ લોકો, એમની સરકારોના ધુમ પ્રચાર હેઠળ પોતે ફીરઔનના વંશજો હોવાનું ઘણા ફખરથી કહે છે જો કે એ પણ હકીકત છે કે અરબ રાષ્ટ્રવાદનું ઈજીપ્ત પારણું છે. અને ત્યાંથીજ 'અરબવાદ ફેલાયો છે. મીસરના લોકો ઘેલછાની હદે ફીરઔની તેહઝીબનું ચુસ્તપણે પાલન કરી રહયા હોય તેવું નજરે પડે છે. હોટલો, સરકારી ઈમારતો, મ્યુઝીયમો, સાહિત્યના પ્રકારનો, એટલે સુધી કે યુનિવરસીટીઓ તથા તાલીમી સંસ્થાઓમાં ફીરઔનના યુગના કપડો, આભુષણો, ફર્નીચર, ચિત્રો, પેઈન્ટીગ્સ, સુશોભન વગેરે જીવનના દરેક ફીલ્ડ (ક્ષેત્ર)માં ફીરઔનની તેહઝીબ પ્રદર્શીત કરાય છે. એટલે સુધી કે ઘરો, મકાનો, હોટલો સુધ્ધામાં પડદાઓની ઢબ પણ ફીરઔનના કાળની રખાય છે. હોટલોમાં નાચનારીઓનો પોષાક પણ ફીરઔનની રાણીઓ અને દાસીઓ જેવો હોવાની જાહેરાતો કરાય છે. મીસરના આમ લોકો પર ઈસ્લામથી વધારે ફીરઔનના જમાનાની છાપ હોય તેવું દેખાય છે. ઉમ્મે કુલ્સુમ, જે મીસરની મશહુર ગાનારી, ગાયીકા છે. તેના ગીતો સર્વત્ર સંભળાય છે. સંગીતના વાજીત્રો સુધ્ધાં ફીરઔનના સમયના જ સરકારી સમારંભોમાં ગીત સંગીતની ધુનો વગાડે છે. અલ્લામા ઈકબાલના શબ્દોમાં

સુનીન મીસ્ર વ જઝાર મેં
વો અઝાં મેને દીયાથા જીસને
પહાડોંમે રેઅશએ સીમાબ

મીસરમાં મને એ અઝાન સાંભળવા મળી નહી જેણે જડ પથ્થરો અને પહાડોને પારા જેવો ધ્રુજારો અતા કર્યો હતો.

આજે મીસરની નાઈટ કલબો અને નૃત્યગૃહોમાં તેમની તેહઝીબના બાથરૂમોના હોજની જેમ ફીરઔનની સંસ્કૃતિના નાચ–નૃત્ય રજુ કરાય છે. કાહેરામાં આવતા મોટા ભાગના સેહલાણીઓ, વિદેશી પર્ચટકો, આ માદર પીટર આઝાદ સંસ્કૃતની નાચનારીઓના અંગઉપાગોનું કરાતું વિચિત્ર પ્રદર્શન અને જાતિય વૃતિની ઉશ્કેરણી, કરતા નૃત્યો જોવા માટે તો ખાસ કરીને આવતા હોય છે. સઉદી અરબ ઉપરાંત મધ્યપૂર્વની અમારતોના શેખો, શેહઝાદાઓ અને માલેતુજજાર અરબો મીસરી સંસ્કૃતિ અને કળાની મોજ માણવા કાહેરાના પ્રવાસે અવાર નવાર આવતા રહે છે. અને ત્યાં મહેલો અને મકાનો બંધાવીને રાખે છે.

એ ઉપરાંત મીસરના જાદુ ટોણાની પણ ઘણી અસર છે. ફીરઔનની સંસ્કૃતિ જેને આજે દુનિયા મીસરની તેહઝીબ કહે છે. તેમાં જાદુગરોનું જ જોર અને વર્ચસ્વ હતું. ખુદાઈનો દાવો કરનાર ફીરઔને પણ હઝરત મુસા (અ.સ.) સામે જાદુગરોની જ ફોજ ઉતારી હતી. અને હઝરત મુસા (અ.સ.)નો 'અસા'બે ઉમદા જાદુગરોના બધા સાંપોને ફીરઔનના ભર્યા દરબારમાં નીગળી ગયો હતો.

ખેર હઝરત શેખ મોહમ્મદે અબુલ હવલની મહાકાય મૂર્તિના ચેહરાને એવી રીતે વિકૃત કરી નાખ્યો કે તેના નકશ–નીગાર દેખાય નહી. જો કે પાછળથી ચોટીના નિષ્ણાંતોએ રીપેરીગ કર્યુ છતાં પૂતળું 'નકકરો' જ રહયું છે.

અબુલ હવલનું રાક્ષસી કદનું પૂતળું ૨૪૦ ફુટ લાંબુ, અને ૬૬ ફુટ ઊંચુ છે. તેનું નાક માનવ કદ જેટલું છે. અને તેના હોઠ ૭ ફુટથી વધુ લાંબા છે. તેનો ચેહરો પુરૂષનો છે પરંતુ બાકીનું ધડ સિંહ જેવું છે. ઉપરાંત નવાઈની વાત તો એ છે. આ મોટું અબુ હવલનું પૂતળું એક જ પથ્થરનું બનેલું છે તેમાં કોઈ સાંધો નથી. કયાંય જોડાણ માટેનો કોઈ મસાલો વપરાયો નથી.

ઈતિહાસ સાક્ષી પુરાવે છે કે પીરામીડો અને અબુલ હવલના પૂતળા માટે પથ્થરો અસ્વાનના વિસ્તારમાંથી લાવવામાં આવ્યા હતા. જયાં આજે અસ્વાન ડેમ બાંધવામાં આવ્યો છે નજીકમાંજ ફીરઓની શેહઝાદીઓના કીલ્લા જેવા આકારના મેહલોના ખંડેરો આવેલા છે.

કાહેરાનો મ્યુઝીયમ સાંજ પડતાં બંધ થઈ જાય છે. એટલે અમે ટેકસીવાળાને મ્યુઝીયમ લઈ જવાનું કહયું માર્ગમાં કેરોની જુની અને નવી બીલ્ડીગો તરફ ડોકયું કરતા રહયા. માર્ગો અને વાહનો જુના પુરાના મોટરો પણ જુની વધારે.

ખેર અમે મ્યુઝીમ પહોંચીને ટીકીટ લીધી. અને ખુશ થઈ ગયા કે ચાર પાંચ સોમા મ્યુઝીયમ જોવા મળી ગયેલ અંદર દાખલ થયા તો ચારે તરફ પથ્થરની તરેહ તરેહની મૂર્તિઓ નજરે પડેલ, જેમાં અમને કંઈ રસ ન પડેલ અમારે તો ફીરઔનની મમીઓ જોવી હતી. એટલે આતુરતાપૂર્વક મ્યુઝીયમમાં પુછતા પુછતા એ હોલ પાસે પહોંચી ગયા જેમાં મમીઓ રાખી હતી. ફીરઔનોની લાશો રાખી હતી.

પરંતુ તેની અંદર જવા માટે વધારાની ટીકીટ હતી. જે મ્યુઝીયમમાં દાખલ થવાથી ઘણી વધારે હતી. કચવાતા મને ટીકીટ લીધી. અંદર જવું જરૂરી હતું ખેર અમે અંદર દાખલ થયા તો ચાર બાય સાત (૪–૭)ની લગભગના શોકેસ બનેલ હતા. જેમાં મમીઓ અને લાશો રાખી હતી. પણ આપણને એમ લાગે કે લાશ પર કાળું ડામર લગાવી દીધેલ છે. જેથી આપણને કોઇ કાળી, ધોળી કે ઘઉવર્ણી ચામડી દેખાય નહી.

શો કેસમાં કોઇ નાનકડું સાધન કે યંત્ર રાખેલ હતો. જેનો કનેકશન બહારથી હતો. કદાચ ઓકસીજન માટે હતો. તે સમજ પડી નહી અને પુછયું પણ નહી ખેર આત્મ સંતોષ થયેલ કે મીસરની બહુ મશ્હુર અને ચર્ચીત બનેલ લાશો મસાલો ભરીને રખાયેલ, હજારો વરસ જુની છે. તે જોઇ લીધી. તો આત્મ સંતોષ થયેલા સાથે જ અલ્લાહના દુશ્મનો અને હઝરત મુસા અલયહીસ્સલામને પારાવાર દુ:ખ દઈને ખુદાઇના દાવેદાર ફીરઔન તેમજ બીજા ફીરઔનોની કાળી ડબાગ લાશો જોઈને દિલમાં ઈબ્રત પેદા થઈ કે અલ્લાહના દુશ્મનોની હજારો વરસ જુની લાશો જાળવીને તેમની ફજેતી કરવામાં આવી છે. અલ્લાહની પનાહ

સાથે જ મને મીસરની જ ધરતી પર બનેલ એક રૂહાની પ્રસંગ યાદ આવી ગયો. હા! એક બરકતવંતી લાશનો એહવાલ: ઈમાનને તાજગી આપી, અવલીયા અલ્લાહની શાન–માન અને મહાન મરતબા તથા દરજજાનો એહવાલ થોડું યંત્ર, ભારે પ્રોત્સાહન થતું રહેલ, વાંચકોની ખુશતબઈ માટે લખીને, એક મહાન વલી અલ્લાહને અકીદત અંજલી આપવાનો મેં નજીવા ભર્યો પ્રયાસ કર્યો છે.

મીસરની સરઝમીન પર સુરજ બહુજ ઉષ્ણ કિરણો વરસાવી રહયો હતો. અતિશય તાપ, અસહ્ય ગરમી હજારો માણસોની ભીડ એક જનાઝાને કાંધો આપીને, રડતી આંખે લઈ જઈ રહી હતી. જનાઝો ખુલ્લા રસ્તા પર આવી ગયો સાથે જ સુરજ જાણે કે બેકાબુ બનીને આગ વરસાવી રહયો હતો. એમ પણ મીસરના રણ વિસ્તારને લીધે સમસ્ત પ્રદેશમાં ભારે ગરમ વાતાવરણ રહે છે.

એજ વખતે પક્ષીઓના ઝુંડને ઝુંડ ચારે તરફથી આવીને ભેગા થવા લાગ્યા પંખીઓના ટોળાઓથી આસમાન ઢંકાઇ ગયું પક્ષીઓ એ જાણે કે પોતાની પાંખોથી પાંખો મેળવીને એ જનાઝા ઉપર સાયો કરી દીધો. એ સ્પષ્ટ હતું આ જનાઝો ખચીત કોઇ મોટા અલ્લાહના વલીનો છે. હવે લોકો એક પ્રકારના અલૌકિક સાયામાં જનાઝો ઉઠાવીને આગળ વધી રહ્યા હતા. જનાઝો તેની મંઝીલ પર પહોંચ્યો ન હતો. લોકોના ઘસારાને લીધે અતી ધીમી ગતીએ જનાઝો આગળ વધી રહ્યો હતો. એટલામાં એક મસ્જીદમાંથી અઝાન થઈ. મોઅઝઝીન જયારે કલમએ શહાદત અશ્હદો અન્ન લાઇલાહા ઈલ્લલ્લાહ પર પહોંચ્યો તો લોકો આશ્ચર્યથી એ કરામત જોતા રહી ગયા કે અલ્લાહના એ મકબુલ બંદાએ કફનમાંથી શહાદતની આંગળી ઉંચી કરીને અલ્લાહની વેહદાનીયતની ગવાહી આપી.

લોકો આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયા. બધા વિચારવા લાગ્યા કે કદાચ એ વલીઅલ્લાહ જીવતા છે. એટલે જનાઝો નીચે રાખી દેવામાં આવ્યો પણ અલ્લાહના એ વલીની આંગળ

ી એજ હાલતમાં રહી. કોશીષો કરવામાં આવી છતાં આંગળીની શહાદતનો થયેલ ઇશારો જેમનો તેમ રહ્યો અને એજ હાલતમાં તદફીન કરવામાં આવી.

મીસરના લોકોનું કરામત જોઈને ઈમાન નીખરી આવ્યું. આજે પણ મીસરના ખતીબો આ કરામતનું વર્ણન ભારે અકીદત અને ગર્વપુર્વક કરે છે એ મહાન વલીઅલ્લાહ જેમની આ ફાની જગતથી પરદો ફરમાવી ગયા પછીની કરામત છે એમનું નામે નામી હતું હઝરત ઝુન્નુન મીસરી રહેમતુલ્લાહ અલયહ.

મીસરના ફીરઓનોની કાળાશને લીધે અરૂચીકર દેખાતી લાશો જોઈને મ્યુઝીયમમાંથી બહાર નીકળ્યા પછી મને હઝરત ઝૂન્નુન મીસરી (રહ.) ની એ મીઠી કરામત યાદ આવી ગઈ અને મન મગજ પ્રફુલ્લીત બની ગયું.

ઝૂન્નુનનો અર્થ થાય છે માછલીઓનો માલીક.

તેઓ ફરમાવે છે કે:

હું એક વખત નહેરને કાંઠે ગયો (ત્યાં નદીના કિનારા પર) એક મહેલ નજરે પડયો. વઝુ કર્યા પછી મેં મહેલ પર નજર કરી તો ત્યાં એક ખુબસુરત સ્ત્રીને ઉભેલી જોઈ.

મેં તેની કસોટી કરવા પુછયું.

તું કોણ છે ?

તે કહેવા લાગી.

ઝૂન્નુન ! જયારે મેં તને દુરથી જોયો તો હું તને દીવાનો સમજી. જયારે તું વધુ નજીક આવ્યો તો તને આરીફ (અલ્લાહની માઅરેફત ધરાવનાર) ધાર્યો પણ જયારે તને એક ધ્યાનથી જોયું તો તું ન દીવાનો, ન આરીફ અને ન આલીમ દેખાયો.

મેં કહ્યું:

તે કેવી રીતે ?

એ બોલી: જો તું દિવાનો હોત તો તહારત ન કરને, આલીમ હોત તો નામેહરમ તરફ નજર ન કરત અને જો તું આરીફ હોત તો માસીવા (અલ્લાહ સીવાય કોઈ અન્ય) પર તારી આંખ ન ખુલી હોત. આટલું કહીને તે અદ્રશ્ય થઈ ગઈ.

હું સમજી ગયો કે મને ચેતવણી આપવામાં આવી છે. આ બનાવથી મારા દિલમાં ખુદાનો ખોફ છવાઈ ગયો. તે પછી હું નદી તરફ ચાલી નીકળ્યો. જયાં એક કિશ્તીમાં લોકો બેઠા હતા હું પણ એમાં બેસી ગયો.

અચાનક એક સોદાગરનું મોતી કિશ્તીમાં ગુમ થઈ ગયું. લોકો મારી ઉપર શંકા કરવા લાગ્યા. (મારો દુરવેશીભર્યો લીબાશ જોઈને) મને પુછપરછ કરી. મેં ઈન્કાર કરતાં લોકોએ મને સખ્ત તકલીફ પહોંચાડી. પણ હું ખામોશ રહ્યો. જયારે તે લોકો હદથી વધારે ઈજા પહોંચાડવા લાગ્યા તો અલ્લાહની બારગાહ માં અરજ કરી.

ઈલાહી ! તું બધા હાલને જાણે છે. હજુ તો મેં એટલા શબ્દો કહ્યા હતા કે ત્યાં પાણીમાં સેંકડો માછલીઓ સપાટી પર ધસી આવી. અને દરેકના મોંમા એક એક મોતી હતું. મેં

તરતજ એક માછલીના મોમાંથી એક મોતી લઈને તે લોકોને આપી દીધું. કિશ્તીમાં બેઠેલા લોકો આ જોઈને લજાઈ જ મર્યા. ભોંઠા પડેલા મુસાફરો માફી માંગવા લાગ્યા ત્યારથી આપનું નામ ઝુન્નુન (માછલીઓના માલીક) તરીકે મશ્હુર થઈ ગયું.

આપ પ્રથમ તબક્કાના સુફી બુઝુર્ગોમાં છે. આપનું નામ સુબાન ઈબ્ને ઈબ્રાહીમ છે. કુનીય્યત અબુલ ફયઝ છે. ઝૂન્નુન લકબથી મશ્હુર છે. આપ મીસરના અખમીમ વિસ્તારમાં રહેતા હતા. ઈમામ શાફેઈનો મઝાર પણ એજ સ્થળે છે. હઝરત શેખ ઝુન્નુન ઈમામ માલીકના શાગીર્દોમાં હતા. આપ માલીકી મસલકના પેરોકાર હતા. તસવ્વુફ અને માઅરેફતના રહસ્યોનું વર્ણન કરનાર આપ જેવી વ્યકિત પહેલાં કોઈ ન હતી.

હઝરત મૌલાના અબ્દુલ રેહમાન જામી (રહ.) એ લખ્યું છે કે શેખ ઝુન્નુન મીસરીની હીજરી સન ૨૪૫માં ખલીફા અલ મુતવક્કલ અલીમુલ્લાહ જાફર બીન મોઅતસીબ બીન હારૂન અલ રશીદના સમયમાં વફાત શરીફ થઈ. જનાઝામાં શામેલ તમામ લોકો પરીન્દાઓના સાયામાં જનાઝો લઈને ચાલ્યા હતા. એવા પંખીઓ આ પહેલાં જોવામાં આવ્યા ન હતા. અલબત્ત હઝરત ઝૂન્નુન મીસરી પછી ઈમામ ગઝાલી શાગીર્દ ઈમામ શાફેઈના જનાઝામાં ફરીવાર એવાજ પંખીઓ દેખાયા હતા.

સુફીઓનો મુનકર એવો એક યુવાન હઝરત ઝૂન્નુન મીસરી (રહ.) ની ખીદમતમાં આવ્યો. આપે તેનો મીથ્યાભ્રમ અને ખોટા વિચારો દુર કરવા માટે એક અમલી શીખામણ અને સબક આપ્યો.

હઝરતે તેને એક અંગુઠી આપી ફરમાવ્યું:

આને પાંચ દિનારમાં ગીરવી રાખીને કંઈક ખાવાનું લઈ આવ.

યુવાન એક ભઠીયાર ખાનામાં ગયો અને તેને એ અંગુઠી બતાવી ભઠીયારાએ અંગુઠી જોઈને કહ્યું:

હું તો એનો એક દિરહમ આપીશ.

યુવાન પાછો હઝરત ઝુન્નુન મીસરીની ખીદમત શરીફમાં હાજર થયો.

હઝરતે તેને અંગુઠી પાછી આપતાં કહ્યું કે:

જાવ ઝવેરી બજારમાં જઈને એનો ભાવ પુછી આવ.

હવે એ યુવાન અંગુઠી લઈને ઝવેરી બજારમાં પહોંચી ગયો. એક મોટા ઝવેરી પાસે જઈને તેણે અંગુઠી બતાવી ને તેનો ભાવ પુછયો.

ઝવેરીએ અંગુઠી જોઈ તપાસીને કહ્યું:

આની કિંમત ૧૦૦૦ દીનાર છે.

તે યુવાનના આશ્ચર્યનો પાર રહ્યો નહી. તે પાછો અલ્લાહના એ વલીની ખીદમતમાં હાજર થયો.

હઝરતે ફરમાવ્યું:

તારો સુફીઓ વીશે તો ઈલ્મ ભઠીયારા જેટલો અને જેવો છે. એટલે ભઠીયારો બીચારો

કિંમની અંગુઠીના નંગની કિંમત વીશે શું જાણે. તેણે એક દીરહમની કિંમત સમજીને યુવાનને જણાવી દીધી. જયારે ઝવેરી તો નગીનાઓ, હીરાઓની કિંમતથી વાકેફ હતો અને વસ્તુઓને ઓળખવામાં નીષ્ણાંત હતો. તેથી તેણે ૧૦૦૦ દીનાર ભાવ કહ્યો.

યુવાન આપની અમલી શીખામણને સમજી ગયો અને શરમીંદા થયો અને સુફી બુઝુર્ગો અંગેની પોતાની માન્યતાઓ અને વિચારો અંગે તૌબા કરી.

૧૯૬૦માં અલ ફલાહમાં લખેલ હઝરત ઝૂન્નુન મીસરીના વાકેઆત અને કરામતોવાળો લેખ યાદ આવી ગયો. મારી પાસે લખાણ મોજુદ છે. વાંચકોને રસ પડશે એટલે તેમાંથી તારવીને મહાન વલીઅલ્લાહના કેટલાક પ્રસંગો રજુ કરું છું.

એક વખત આપને એક જગ્યાએ એક આબીદ રહેતા હોવાનું માલુમ પડયું. આપ એને જોવા માટે તશરીફ લઈ ગયા. ત્યાં જઈને શું જુએ છે કે આબીદ એક વૃક્ષની સાથે લટકેલો છે. અને પોતાના નફસને કહી રહ્યો છે કે ખુદાની ઈબાદતમાં તું મારું અનુકરણ કર, નહીંતર હું તને એવીજ રીતે રાખીશ (લટકતો રાખીશ) ત્યાં સુધી કે તું ભુખી મરી જઈશ. આ જોઈને આપ રડવા લાગ્યા.

આબીદે આપના રૂદનનો અવાજ સાંભળ્યો તો કહ્યું કે એવો તો વળી આ કોણ શખ્સ છે જે એવા માણસની દયા ખાઈ રહ્યો છે જેનામાં શર્મ થોડી ગુનાહ અગણીત છે.

આપ તે આબીદ પાસે ગયા, સલામ કરી અને પુછયું કે:

આ શું હાલત બનાવી રાખીછે ?

તેણે કહ્યું:

આ શરીર ઈબાદતે ઈલાહીમાં મારો સાથ નથી દેતું અને ખલ્કતની સાથે મળવા ઈચ્છે છે.

આપે ફરમાવ્યું:

હું તો સમજયો કે કદાચ તેં કોઈ કબીરા ગુનો કર્યો હશે અથવા કોઈ મુસલમાનનું ખુન કર્યું હશે.

તે બુઝુર્ગે કહ્યું:

તું નથી જાણતો કે ખલ્કતની સાથે મળવું તમામ ગુનાઓને આમંત્રણ આપવા સમાન છે.

આપે ફરમાવ્યું:

તું મોટો ઝાહીદ છે. ત્યારે તે બુઝુર્ગે કહ્યું: કે શું તું મારાથી મોટા ઝાહીદને જોવા ઈચ્છે છે ?

આપે ફરમાવ્યું:

હા! ત્યારે તેણે કહ્યું: આ પહાડ ઉપર ચઢી જાવ.

હઝરત ઝુન્નુન મીસરી ફરમાવે છે કે હું એ પહાડ ઉપર ચઢી ગયો અને જોયું કે ઝૂંપડામાં એક બુઝુર્ગ બેઠા છે. જેમનો એક પગ દરવાજાની અંદર છે. અને બીજો પગ કાપી નાખેલી દશામાં દરવાજાની બહાર પડયો છે. એ કપાયેલા પગને કીડા ખાઈ રહ્યા હતા.

હું તેમની પાસે ગયો અને સલામ અર્ઝ કરી તેમની તબીયતનું પુછયું.

બુઝુર્ગે કહયું કે.

"એક દિવસ હું આ ઝુંપડામાં બેઠો હતો એવામાં એક યુવાન સ્ત્રી અહીથી પસાર થઈ એને જોઈ મારા દિલમાં તેના તરફ આકર્ષણ જાગ્યું તો ઔરતને પકડી પાડવા માટે મેં મારો હજુ એક પગ બહાર કાઢયો હતો ત્યાં એવો સાદ આવ્યો કે શર્મ કર, ત્રીસ વરસ સુધી અલ્લાહ તઆલાની ઈબાદત કરતા રહયા પછી શયતાની ઈનાયત ઈખ્તેયાર કરી રહયો છે. એ સાંભળીને મેં તે દરવાજાની બહાર હતો એ પગને કાપી નાખ્યો અને ત્યારથી એજ હાલતમાં અહી બેઠો છું. હવે જુઓ શું થાય છે અને મારા સાથે શું વર્તન કરવામાં આવશે!

પછી તેણે પુછયું.

"તમે મારા જેવા ગુનેગાર શખ્સની પાસે શું લેવા આવ્યા છો?" અગર તમે કોઈ ખુદાને જોવા ઈચ્છો છો તો આ પહાડના સૌથી ઊંચા શિખર પર ચાલ્યા જાવ."

હઝરત ઝુન્નૂન કહે છે:

"પણ હું થકાવટને કારણે ત્યાં ન પહોંચી શકયો, પણ તે બુઝુર્ગ વીશે આ બુઝુર્ગને પુછતા જાણવા મળ્યું કે એ હઝરત ન જાણે કેટલાય સમયથી ત્યાં એક ઈબાદતગાહ બનાવીને પડયા રહે છે."

એક શખ્સે તેમનાથી ઝગડો કર્યો કે ઈન્સાનને એની રોજી જાત મહેનત અને કોશીષથી મળે છે. આ સાંભળી ને તે બુઝુર્ગ કહયું કે હું હવે પછી એવી કોઈ ચીજ નહી માંગુ જેનો સંબંધ મખ્લુક સાથે કોશીષ કરીને મેળવવાનો હોય, થોડા દિવસ એમને એમ પસાર થઈ ગયા ન કાંઈ ખાધુ અને ન કંઈ પીધું.

તે પછી અલ્લાહ તઆલાએ મધમાખીઓને તેમની તરફ મોકલી આપી એટલા માટે કે તેમની આસપાસ ઉડે અને તેને મધ આપે.

હઝરત ઝુન્નૂન મીસરી રહમતુલ્લાહ અલયહ ફરમાવે છે કે આ વાતો સાંભળીને મારા આખા શરીરમાં કંપારી ફરી વળી.

મેં સમજી લીધું કે જે શખ્સ અલ્લાહ તઆલા પર તવક્કલ કરે છે. ખુદાએ કરીમ તેનો ખુદ કારસાઝ બની જાય છે. તેની મહેનતને વ્યર્થ નથી જવા દેતો.

હું પાછો વળી રહયો હતો. ત્યારે જોયું કે એક આંધળુ પક્ષી એક વૃક્ષ પર બેઠું હતું તે વૃક્ષથી નીચે આવ્યું ત્યારે મારા દિલમાં વિચાર આવ્યો કે આ અંધ પક્ષી કેવી રીતે ખાતું પીતું હશે! હું એજ વિચારમાં મગ્ન હતો. એવામાં તે પક્ષીએ પોતાની ચાંચથી જમીન ખોદી, તુરત બે પ્યાલી ખુદાની કુદરતથી દ્રષ્ટિગોચર થઈ. જેમાં દાણા અને પાણી હતાં આંધળા પક્ષીએ પેટ ભરીને ખાધું અને પાછું પોતાની જગ્યાએ જઈને બેસી ગયું. તેટલા સમયમાં તો તે પ્યાલીઓ અદ્રશ્ય થઈ ગઈ. આ બધું જોઈને આપનું હૈયું હાથ ન રહયું આપને ખુદાવંદે કરીમ પર પુરેપુરો વિશ્વાસ થઈ ગયો અને એ રીતે આપની તૌબા પાકી થઈ ગઈ.

જયારે પાછા ફરી રહયા હતા ત્યારે રાત્રીનો સમય હતો આપે જંગલમાં એક જગ્યાએ

એક થેલી જોઈ એમાં સોના–મહોરો હતી જેના ઉપર અલ્લાહનું નામ લખેલું હતું આપના સાથીઓ એ બધો માલ આપસમાં વહેંચી લીધો. આપે ફરમાવ્યું.

"હવે આ ખાલી થેલી મને આપો. તેના ઉપર મારા દોસ્તનું નામ લખેલું છે."

તે થેલી આપે લઈ લીધી. અને તેને બહુજ અદબથી ચુંબન કર્યુ જેને કારણે આપનો મરતબો બહુજ બુલન્દ થઈ ગયો.

એક રાત્રે આપે સ્વપ્નામાં સાંભળ્યું.

"ઝુન્નૂન! દરેક શખ્સે માલ તરફ દ્રષ્ટિ કરી પણ તે ઉચ્ચ વસ્તુ (મારા નામ તરફ) તરફ ચાહના દર્શાવી. અમે આ વર્તનને બદલે બરકતે–ઈલ્મ, અને હિકમતના દરવાજા તારા પર ખોલી દીધા.

આપ અસીમ ઈબાદત અને અમાપ રિયાઝત કરતા હતા. આપના બહેન આપની સાથે રહેતા હતા. તેઓ પણ એટલી હદે આરીફ થઈ ગયેલા કે એક દિવસ કુરઆન મજીદની તિલાવત કરી રહેલા ત્યારે આ આયત:

"અમે તમારા ઉપર વાદળનો છાંયો કર્યો અને અમે તમારા પર મનોસલવા ઉતાર્યા"

('મન' એક જાતનો હલ્વો અને 'સલ્વા' એક જાતનું પંખીડું) પર પહોંચ્યા તો ખુદાવંદે કરીમને સંબોધીને અર્ઝ કરી બેઠા: કે તેં બની ઈસરાઈલ પર તો 'મનો–સલ્વા' મોકલ્યાં પણ ઉમ્મતે મુહમ્મદી પર ન મોકલ્યાં અને તારી ખુદાઈની કસમ! જ્યાં સુધી તું મને 'મનો–સલ્વા' નહી મોકલે ત્યાં સુધી હું હરગિઝ બેસીશ નહિં.

એમનું આ કહેવું હતું કે તુરતજ એજ વખતે 'મનો– સલ્વા' આવવા માંડયું. આ જોઈને બીબી સાહેબા જંગલ ભણી ચાલી નીકળ્યાં. ત્યાર પછી આપને કોઈએ કયારેય પણ જોયા નહી.

અબુ જાફર અહેદ બયાન કરે છે કે એક વખતે હું હઝરત ઝુન્નૂનની ખિદમત શરીફમાં હાજર થયો આપના થોડા મિત્રો પણ આપની પાસે બેઠા હતા ત્યાં પથ્થરોની ઈનાયતની ચર્ચા થઈ રહી હતી. નજીકમાં જ એક તખ્ત પડેલો હતો. હઝરત ઝુન્નૂન મીસરીએ ફરમાવ્યું.

"પથ્થરો વગેરે અવલીયા અલ્લાહના તાબેદાર અને ફરમાં બરદાર હોવાનો અર્થ એ છે કે હું આ તખ્તને કહું કે તે આ મકાનની આસપાસ પ્રદક્ષિણા કરે તો તુરતજ પ્રદક્ષિણા કરવા લાગે."

આપના મોંમાંથી એટલા જ શબ્દો નીકળ્યા હતા, ત્યાં તો તે તખત મકાનની આસપાસ પ્રદક્ષિણા કરવા લાગી ગયો. અને પછી પોતાની જગ્યા પર પોત મેળે ગોઠવાઈ ગયો.

એક વખત એક માણસ આપની ખીદમતમાં આવ્યો. અરજ કરી.

"હું ગળાડુબ કરજદાર છું મારી પાસે કશું નથી જેથી હું કરજ ભરી શકું." આપે તેને એક પથ્થર ઉપાડીને આપી દીધો. તે માણસ એ લઈને બજારમાં ગયો ખુદાની કુદરતથી તે પથ્થર ઝમર્રૂદ બની ગયો. ચારસો દિરહમમાં વેચીને આ માણસે પોતાનું કરજ ચુકવી દીધું.

રિવાયત છે કે આપને દસ વર્ષ એકધારી રીતે આશઅસુરકાની ઈચ્છા રહી. પણ આપે

ન ખાધું એક વખત ઈદની રાત્રે આપના નફસે કહયું, હવે તો તું કાલે મને આશ સુરકા ખવડાવી દે. તારા માટે એ કોઈ મોટી વાત નથી. આપે નફસને સંબોધીને કહયું.

"અગર તું બે રકાતમાં પુરું કુરઆન શરીફ ખતમ કરવામાં મારી મદદ કરે તો તારી દરખાસ્ત મંજૂર છે."

નફસે તૈયારી બતાવી અને આપે બે રકાતમાં કુરઆન શરીફ ખતમ કરી દીધું.

બીજા દિવસે આશ સુરકા આપની સામે લાવવામાં આવ્યો આપ લુકમાં ઉપાડીને મોમાં નાખવાના જ જતા હતા કે નફસ બોલી ઉઠયો.

"છેવટે દસ વર્ષે પણ હું કામ્યાબ થઈ ગયો."

આપે તરતજ જવાબ આપ્યો. "ખુદાની કસમ! તું કામ્યાબ નથી થઈ શકતો."

તેજ વખતે એક માણસ માથા ઉપર આશ સુરકાની એક દેગ ઉપાડીને આપની ખીદમતમાં હાજર થયો અને વિનંતી કરી કે:–

"હું એક ગરીબ મજદુર છું અને મને આપની ખીદમતમાં મોકલવામાં આવ્યો છે. લાંબો સમય થયો મારા બાળકો આશ સુરકા ખાવાની ઈચ્છા રાખે છે. પણ એ નસીબ નથી થયું કાલે ઈદના લીધે આશ સુરકા તૈયાર કરીને સુઈ ગયો.

રાત્રે સ્વપ્નામાં સૈયદના વ મૌલાના હઝરત મોહમ્મદ મુસ્તુફા સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો ઈરશાદ થયો. અગર તું કયામતને દિવસે મારી સિફારીશ અને દીદાર ઈચ્છતો હોય તો આશ સુરકાની દેગ ઝુન્નૂન મીસરીની પાસે લઈ જા અને મારી તરફથી તેમને કહે કે મોહમ્મદ બિન અબ્દુલ્લાહ બિન અબ્દુલ મુત્તલિબ (સલ્લલ્લાહો અલયેહ વસલ્લમ)નો ઈરશાદ છે કે થોડી પળો માટે તમારા નફસથી સુલેહ કરી લો અને આશ સુરકાના થોડાક લુકમા ખાઈ લો."

આ સાંભળીને આપ રડી પડયા અને ફરમાવ્યું.

"હું તાબેદાર છું."

હઝરત ઝૂન્નુન મીસરી ના બોધ વચનો ઘણા છે તેમાંથી થોડા અમુલ્ય અકવાલ અત્રે રૂહની તાઝગી માટે રજુ કર્યા છે. ફરમાવ્યું:

નફસની પસંદનું અનુસરણ બદતરીન વસ્તુ છે.

જે પેટ ખાણાથી ભરેલ હોય તેમાં હિકમત નથી આવી શકતી.

ગુનાહથી રોકાયા વગર અસ્તગફાર પઢવું જુઠા લોકોનું કામ છે. તે શખ્સ ઉચ્ચત્તમ છે જેના દિલના ખાસ શુગલ તકવા (પરહેઝગારી) છે.

તનની તંદુરસ્તી થોડું ખાવામાં અને આત્માની તંદુરસ્તી થોડા ગુનાહ કરવામાં છે. અગર કોઈ શખ્સ બલામાં ફસાઈ જાય અને સબ્ર કરે તો એમાં કંઈ આશ્ચર્ય નથી પણ આશ્ચર્ય તો એમાં છે કે બલામાં ફસાઈ જાય અને છતાં ખુશ હોય.

જ્યાં સુધી માણસો અલ્લાહ તઆલાથી ડરશે ત્યાં સુધી કામના રહેશે અને જ્યારે ખુદાનો ખૌફ દિલમાંથી જતો રહેશે તો ગુમરાહ થઈ જશે.

માણસ પર મુસીબતો છ કારણોને લીધે આવે છે. (૧) તેની નિય્યતમાં આખેરતના અમલ વિશે કમજોરી હોય (૨) તેમનો એકાંતનો સમય શયતાની કામોમાં જતો હોય (૩) મોતને નજદીક સમજવા છતાં લાંબી ઉમ્મીદો વર્ચસ્વ જમાવતી રહે. (૪) મખ્લુકની રઝામંદીને ખાલિકની રઝામંદી પર સરસાઇ આપવામાં આવે (૫) વાસના અને લાલચની તાબેદારી કરવામાં આવે અને રસુલે કરીમ સલ્લલ્લાહો અલયહે વસ્સલમની સુન્નતની પેરવીને છોડી દેવામાં આવે (૬) બુઝુર્ગોના હાડકાં વેચવામાં આવે છે એટલે કે બુઝુર્ગોના કામો પર ફખ્ર કરે છે અને પોતે કંઇ નથી કરતા.

હિમ્મતવાન માણસ કેવોય કમજોર કેમ ન હોય, સલામતીની વધારે નજીક હોય છે. અલ્લાહ તઆલાની મોહબ્બતની નિશાની એ છે કે બંદો સદાચારી વર્તન કરવામાં અને હુકમ બજાવી લાવવામાં તેમજ સુન્નતે નબ્વી સલ્લલ્લાહો અલયહે વસલ્લમની પેરવી કરવામાં દરેક રીતે ખુદાના હબીબ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને તાબેઅ હોય. સોબત ન રાખ– પણ અલ્લાહ તઆલાની સાથે દોસ્તીમાં ખલ્કની સાથે નસીહત લેવામાં, નફરતની સાથે મુખાલેકન કરવામાં, દુશ્મન સાથે અદાવતમાં.

માઅરેફત ત્રણ જાતની હોય છે. એક તોહીદની માઅરેફત, જે સામાન્ય મોમીનને હાસીલ છે. બીજું આરીફોની મોહબત અને બયાનથી. જે હાકિમો અને આલીમો માટે મર્યાદિત છે. ત્રીજી માઅરેફત સિફત અને વેહદાનિયતની, જે ફકત અવલિયા અલ્લાહને હાસીલ છે. જેઓ છુપી રીતે અલ્લાહ તઆલાથી મુશાહેદો અને તેઓને અલ્લાહ તઆલાના એવા ભેદો નજરે પડે છે જેના કારણે 'લતાઇફે–અન્વારે' ઝાહીર થાય છે.

તૌબા દરેક અવયવોની હોય છે. દિલની તૌબા એ છે કે હરામથી પરહેઝ કરે. આંખની તૌબા એ છે કે કોઇ એવી જ ચીજ કે વાત ન જુએ જે જોવું હરામ હોય. કાનની તૌબા નાજાઇઝ વાતોનું ન સાંભળવું: ખરાબ કામોથી બચવું. હાથ પગની તૌબા છે. હરામ ચીજોને ન ખાવી તે પેટની તૌબા છે. ઝીના અને બદકારીથી બચવું શર્મગાહની તૌબા છે. બેકાર અને દુ:ખ પહોંચાડનારી વાતોથી બચવું જીભની તૌબા છે.

અલ્લાહ તઆલા સાથે મોહબ્બત રાખનારાનો અદના દરજ્જો એ છે કે એને અગર આગમાં પણ નાખી દેવામાં આવે તો તેની હિમ્મતમાં જરાભર પણ કમી ન થાય ! લોકોએ પુછયું કે તે કોણ છે ? જવાબ મળ્યો: જે પોતાના નફસને સારી રીતે ઓળખતો હોય !

ફરમાવ્યું જે શખ્સ તકદીર પર રાજી હોય. ફરમાવે છે કે જે શખ્સે ખલ્કની સાથે મોહબ્બત કરી તે જાલીમ બાદશાહના ફર્શ પર બેસી ગયો સમજો.

ઇરાદતમંદોએ પુછયું: દુનિયા શું છે ? ફરમાયું: જે વસ્તુ હક તઆલાથી ગાફીલ કરી દે એ દુનિયા છે. પછી પુછયું. કમીના ઇન્સાન કોણ છે ? ફરમાવ્યું: જે ખુદા સુધી પહોંચવાનો રસ્તો ન જાણતો હોય અને ન તો કોઇને પુછે.

યુસુફ બિન હુસયને અરજ કરી:

" મને નસીહત ફરમાવો."

હઝરત ઝુન્નુન મીસરીએ ફરમાવ્યું:

નફસની દુશ્મનીમાં ખુદાનો દોસ્ત બની જા. કોઈને પોતાથી 'હકીર (ઉતારતો– તુચ્છ) ન સમજ. પછી ભલે જે તે તારાથી ગમે તેટલી નીચી કોટીનો કેમ ન હોય. શી ખબર તેની આકેબત કમ હશે !

હઝરત ઝુન્નુન મીસરી રહેમતુલ્લાહ અલયહ ફરમાવે છે કે :

તવક્કલનો અર્થ ઘણા ખુદાઓની ઈનાઅતમાંથી નીકળીને એક ખુદાની ઈનાઅતમાં આવી જવાનું છે. સર્વે 'વસાઈલ' ત્યાગીને હક તઆલાની ઈબાદતમાં મગ્ન થઈ જવાનું નામ છે અને પોતાનો હકીકી અર્થમાં તેનો બંદો સમજવો એ છે.

આપની વફાતની રાત્રે સીત્તેર મકબુલ બંદાઓ હુઝુર રસુલે કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ખ્વાબમાં ઝીયારતથી મુશર્રફ થયા.

આપે ઈરશાદ ફરમાવ્યો:

"અલ્લાહ તઆલાનો મેહબુબ દોસ્ત ઝુન્નુન તેની પાસે પહોંચી ગયો છે. અમે તેના સ્વાગત (ઈસ્તેકબાલ) માટે આવ્યા છીએ."

'જામેઅતુલ–અઝહર' તરીકે ઈસ્લામી દુનિયામાં સર્વત્ર પ્રખ્યાત એ દુનિયાભરમાંની નામાંકિત યુનીવર્સીટી હેઠળ આજે તો ઘણી બધી પેટા સંસ્થાઓ કામ પણ કરી રહી છે. પરંતુ તેની શરૂઆત હીજરી સન ૩૬૧માં એટલે કે આજથી (એટલે કે ઈ.સ. ૨૦૦૫થી) ૧૦૬૫ વરસ પહેલાં થઈ હતી. ખલીફા મોઈઝ્ઝુદ્દીનના એક ગુલામનું નામ 'જોહરૂલ કાતિબ' હતું. મુળ તો 'જામેઉલ અઝહર' એક ભવ્ય મસ્જીદનું નામ છે. જે જોહરૂલ કાતિબે બંધાવી હતી. આજે પણ એ યુનીવર્સીટીની જોડે જ આવેલી છે. બલ્કે આ મસ્જીદના વિસ્તારમાં આ દર્સગાહ આવેલી છે.

'જામેઉલ–અઝહર નામે ઓળખાતી આ ઈતિહાસીક મસ્જીદના બાંધકામમાં કોઈ એવું 'તીલસીમ' રખાયું છે કે જેને લીધે મસ્જીદની ઈમારતમાં કોઈ ચકલી, કબુતર કે કોઈ પંખી–પક્ષી રહી શકતું નથી. બાદમાં ખલીફા હાકીમ બઅમ્રીલ્લાહે મસ્જીદની ઈમારતનું આધુનિકરણ કર્યું તેને માટે ઘણી બધી મિલ્કતો વકફ કરી કાહેરાનું શહેર પણ જોહરૂલ કાતિબે જ વસાવ્યું છે. આ મસ્જીદ જામેઉલ–અઝહર અત્યંત પ્રાચિન મસ્જીદ છે અને એ સમયના રિવાજ પ્રમાણે મસ્જીદમાં દર્સના હલકાઓનું આયોજન કરાતું હતું અને ધીમે ધીમે તેણે એક નામાંકિત દર્સગાહનું રૂપ ધારણ કરી લીધું જેમાં મોટા મોટા આલીમો તાલીમ હાસીલ કરી અને ઈસ્લામી ઈતિહાસના નામાંકિત આલીમોએ તેમાં દર્સ આપ્યો. પરીણામે આ મદ્રેસા કે દર્સગાહની ખ્યાતિ ધીમે ધીમે ઈસ્લામી જગતમાં ચોતરફ ફેલાઈ ગઈ અને મસ્જીદની નજીક મોટી ઈમારતો તામીર થતી રહી. પાછલી સદીમાં તેણે એક સંપુર્ણ યુનીવર્સીટીનું રૂપ ધારણ કરી લીધું. હવે તાલીમ 'જામેઉલ–અઝહર' (મસ્જીદ)માં નહી બલ્કે 'જામેઅતુલ–અઝહર'

(અઝહર યુનીવર્સીટી)માં થાય છે અને 'જામેઉલ અઝહર એક ઈતિહાસીક મસ્જીદ તરીકે બાકી રહી ગઈ છે.

'અઝહર'માંથી ભૂતકાળના જલીલુલ–કદર આલીમો પેદા થયા અને પાછલી સદી (વીસમી સદી)ના પ્રારંભ સુધી 'બેદીની'ના પુર સામે બંધ બાંધવામાં 'જામેઅ–અઝહર'ની શાનદાર ભુમિકા રહી છે પરંતુ હવે એવા લોકો છવાઈ ગયા જેઓ પશ્ચિમી સંસ્કૃતિ, મગરીબી તેહઝીબ અને વિચારોથી પ્રભાવિત અને તેની અસરમાં હતા. ઉપરાંત સરકારી સરપરસ્તીને લીધે એવા લોકોના સંચાલનથી દર્સગાહનો દીની રંગ અતી ઝાંખો પડી ગયો. હવે અહીંયા ઈન્તેબાએ સુન્નતનો તે 'એહતેમામ' (પ્રબંધ) નથી જે કોઈ દીની દર્સગાહની વિશિષ્ઠતા હોય છે 'તાલીબે–ઈલ્મો અને ઉસ્તાદો (વિધાર્થીઓ અને પ્રોફેસરો) પર ચારિત્ર અને મામલાઓમાં દીનની અમલદારી પહેલાંની સરખામણીએ નહીવત રહી ગઈ છે. સીવાય પોષાક બદલાઈ ગયો છે. ચહેરાઓ પર દાઢીઓ ઘટતાં ઘટતાં બેનીશાન બની ગઈ છે. માથા પરથી અમામાઓ અને શરીર પર ઝભ્ભાઓ ગુમ થઈ ગયા છે. ટુંકમાં અઝહર યુનીવર્સીટીએ દીની મામલાઓમાંનું તેનું પહેલાં જેવું સ્થાન અને ભુતકાળની પ્રતિષ્ઠા ગુમાવી દીધી છે.

જામેઅ હુસેન (ર.અ.) શહીદે કરબલા ઈમામ હુસેન (ર.અ.)ના સર મુબારકનું દફન

જુના કાહેરા શહેરની એક જુની સડક પર આવેલ એક મસ્જીદનું નામ 'જામેઉલ–હુસયન' છે આ મસ્જીદ શહીદે કરબલા સૈયદુશ–શોહદા ઈમામે આલી મુકામ હઝરત હુસયન રદીયલ્લાહો અન્હો તરફ મનસુબ છે અને અહીં આપનું મુબારક માથું હોવાનું મશહુર છે. મસ્જીદની અંદર એક મઝાર છે. જ્યાં લોકોની જબરી ભીડ રહે છે. ભવ્ય મસ્જીદ છે.

કાહેરાના મધ્યમાં 'જામેઅ ઉમર બીન આસ' આવેલ છે. જે ન માત્ર મીસરમાં બલ્કે સમસ્ત આફ્રીકામાં સૌથી જુની અને પ્રથમ મસ્જીદ છે. હઝરત ઉમર ફારૂકે આઝમના ખીલાફતમાં જ્યારે મશહુર સહાબી હઝરત ઉમર બીન આસ રદીયલ્લાહો તઆલા અન્હોએ મીસરને ફતેહ કર્યું તો ત્યાં સૌથી પહેલાં એક મોટી મસ્જીદની બુનિયાદ રાખી. તે વખતે અહીં અંગુરના બગીચા હતા. હઝરત ઉમર બીન આસ(ર.અ.)ના હુકમથી જમીન સપાટ બનાવવામાં આવી અને મસ્જીદનો કીબ્લો નક્કી કરવામાં ૮૦ સહાબાએ કીરામ શામેલ હતા. જેમાં હઝરત ઝુબેર બીન અવામ, હઝરત અબાદા બીન સીમીત, હઝરત અબુ દરદા અને હઝરત અબુઝર ગીફારી રદીયલ્લાહો તઆલા અન્હુમ અજમઈનના નામો ખાસ કરીને ઉલ્લેખનીય છે. મસ્જીદના સૌથી પહેલાં ઈમામ ખુદ હઝરત ઉમર બીન આસ હતા અને મોઅઝ્ઝીન બીજા સહાબી હઝરત અબુ મુસ્લીમ આફઈ હતા. મીસરના પાટનગર કાહેરાના એક મોહલ્લાનું નામ 'હારતુ–શ–શાફઈ' છે અહીં જ ઈમામ સાફઈનો મઝાર છે. જેની ઉપર શાનદાર મકબરાની ઈમારત છે અને સાથે જ એક મસ્જીદ છે.

હઝરત ઈમામ શાફઈને હીજરી સન ૧૮૪માં ખલીફાના આદેશથી ગીરફતાર કરવામાં

આવ્યા અને બગદાદ પહોંચાડવા માં આવ્યા તે વખતે ઈમામ આઝમના શાગીર્દ હઝરત ઈમામ મોહંમદ બીન હસન શીબાનીની ખલીફા હારૂન રશીદના દરબારમાં સારી એવી વગ અસર હતી. ઈમામ શાફઈ જ્યારે હારૂન રશીદ પાસે પહોંચ્યા તો એમણે ઈમામ મોહંમદનો હવાલો આપ્યો. ખલીફા હારૂન રશીદે ઈમામથી પુછયું એમણે ફરમાવ્યું: તેઓ મોટા આલીમ છે અને હું એમનાથી પરિચિત છું.

ઈમામ શાફઈ મીસરના શાકસોના આગ્રહથી મક્કા મુકર્રમાથી કાહેરા તશરીફ લઈ ગયા અને ઈસ્લામી ઈલ્મનો આ મહાન આફતાબ હીજરી સન ૨૦૪માં ગુરૂબ થઈ ગયો.

ઈમામ શાફઈની સફરનું વર્ણન તેમણે પોતાના જ શબ્દોમાં એમના મશ્હુર શાગીર્દ રબીઅ બીન સુલેમાન સમક્ષ કર્યુ જે હોનહાર શાગીર્દે લખી લીધું. અમે 'અલફલાહ'માં તેને પ્રગટ કરેલ હતું. જે આજે સાડા ચાર દાયકા પછી, 'અલફલાહ'ની મીઠી યાદો સહિત અને હઝરત ઈમામ શાફઈ રહેમતુલ્લાહ મુબારકની જીવનથી મળતી પ્રેરણા અને માર્ગદર્શન ખાતર અત્રે રજુ કરું છું.

ઈમામ શાફઈ ફરમાવે છે કે:

"હું મક્કાથી રવાના થયો તે વખતે મારી ઉમર ૨૪ વરસની હતી. બે યમની ચાદરો મારા શરીર પર હતી. રસ્તામાં એક પડાવ પર નજર પડી. મેં સાહિબ-સલામત કરી એક વયોવૃધ્ધ ગૃહસ્થ મારી સમક્ષ આવ્યો અને પોતાની સાથે જમવાની દાવત આપી. ખાધા પછી અલ્લાહનો શુક્ર અને મારા વૃધ્ધ મેઝબાનનો આભાર માનીને હું બેઠો. વાતો થવા લાગી. તેમણે સવાલ કર્યો શું મક્કી છો ? મેં જવાબ આપ્યો જી હા, તેમણે ફરી પુછયું. "શું કુરેશી છો ?" મેં કહ્યું જી હા, હૂ કુરૈશી છું.

પછી પુછયું: "કાકા: આપે કેમ જાણ્યું કે હું મક્કી અને કુરૈશી છું ?"

તેમણે જવાબ આપ્યો:

"તમે શહેરી છો તે તમારા પોષાક પરથી જાણ્યું અને તમે કુરૈશી છો તે તમારા ખાવા પરથી." જે ઈન્સાનજ નિસંકોચ પણે ખાઈ લે તે મસલન કેવળ કુરૈશની છે."

મેં પુછયું:

"આપ કયાંના રહીશ છો ?"

તેમણે કહ્યું:

"હુઝુર અકરમ સલ્લલ્લાહો અલહયે વસલ્લમનું શહેર મદીના મારૂં વતન છે."

મેં પુછયું:

"મદીનામાં કિતાબ અને સુન્નતનો સૌથી મહાન આલીમ અને મુફ્તી કોણ છે ?"

એમણે જવાબ આપ્યો:

"બની અસ્હાબના સરદાર માલિક બીન અનસ." (ઈમામ માલીક).

મેં કહ્યું: અલ્લાહ જ જાણે છે હું ઈમામ માલીકને મળવા માટે કેટલો આતુર અને ઉત્સુક

છું."

વૃધ્ધે કહ્યું: " ખુશ થઈ જાવ. અલ્લાહે તમારી ઈચ્છા પુરી કરી દીધી. ભુરૂં ઉંટ જુઓ. એ અમારૂં સૌથી સારૂં ઉંટ છે એના પર તમે સવારી કરશો. હવે કાફલો રવાના થનાર છે."

જોતજોતામાં ઉંટોની કતારો લાગી ગઈ. મને પણ પેલા ઉંટ પર બેસાડવામાં આવ્યો અને કાફલાએ કૂચ આરંભી. મેં કુર્આન પાકની તિલાવત શરૂ કરી. મક્કાથી મદીના સુધી સફર ખતમ થયો. આઠમે દિવસે અસરના સમયે અમે મદીનાએ મુનવ્વરામાં દાખલ થયા. મસ્જીદે નબવી શરીફમાં નમાઝ અદા કરી. મઝારે અકદસ પર હાઝીર થયો અને સલાતો સલામ પઢી. ત્યાં ઈમામ માલીક નજરે પડયા. એમણે એક ચાદરનો તેહબંદ બાંધેલ હતો. બીજી ચાદર માથે ઓઢેલ હતી અને બુલન્દ અવાજે હદીસ રિવાયત કરી રહ્યા હતા.

'મારા જેવા ઈન્સાને ઈબ્ને ઉમરના વાસ્તાથી આ કબરના નિવાસીથી રિવાયત કરી છે....."

આમ કહીને એમણે જોરથી પોતાનો હાથ ફેલાવી દીધો અને મઝાર મુબારક તરફ ઈશારો કર્યો. આ દ્રષ્ય જોઈને ઈમામ માલીકનો પ્રભાવ મારા ઉપર છવાઈ ગયો હું જગ્યા મળી ત્યાં જ બેસી ગયો. ઈમામ માલીક હદીસે પાક રિવાયત કરવા લાગ્યા. મેં ઝડપથી એક તણખલું ઉપાડયું અને ઈમામ માલીક કોઈ હદીસ સંભળાવતા ત્યારે હું એ તણખલાને થુંક વડે ભીજવી હથેળીમાં એ લખી લેતો.

ઈમામ માલીક મારૂં આ કૃત્ય જોઈ રહ્યા હતા પણ મને એની ખબર ન હતી. અંતે મજલીસ સમાપ્ત થઈ. ઈમામ માલીક જોવા લાગ્યા કે સૌની પેઠે હું પણ ઉભો થઈને ચાલ્યો જાંઉ છું કે નહી ! પરંતુ હું બેઠો જ રહ્યો. આ જોઈ ઈમામ માલીકે મને ઈશારાથી પોતાની પાસે બોલવ્યો. હું નજીક ગયો. તેઓ થોડીકવાર તો મને ધ્યાન પુર્વક જોવા લાગ્યા. પછી ઈરશાદ ફરમાવ્યો:

"તમે હરમના રહેનારા છો ?" મેં હકારમાં જવાબ આપ્યો. ફરમાવ્યું: શું ફરમાવ્યું: મેં ફરી હકારમાં જવાબ આપ્યો. ફરમાવ્યું: "બધા લક્ષણ બરાબર છે. છતાં તમારામાં એક બેઅદબી પણ છે." મેં પુછતાં એમણે કહ્યું "હું રસુલુલ્લાહના પવિત્ર કલામ સાંભળાવી રહ્યો હતો ત્યારે તમે તણખલું લઈ હથેલી વડે રમત કરી રહ્યા હતા."

મેં કહ્યું: "મારી પાસે કાગળ કલમ ન હતા. એટલે આપને મુખે જે સાંભળતો તે હથેલી ઉપર આ રીતે લખતો જતો હતો."

આ સાંભળી ઈમામ માલીકે મારો હાથ ખેંચીને જોયો પણ ત્યાં અક્ષરો ન હતા. એથી તેમણે ફરમાવ્યું. "અહી તો કાંઇ પણ નથી."

મેં કહ્યું: "અલબત હાથ પર થુંક કાઈમ ન રહે. પણ મેં જે હદીસો સાંભળી તે બધી મને યાદ થઈ ગઈ છે."

ઈમામ માલીક એ સાંભળી આશ્ચર્ય પામ્યા અને કહેવા લાગ્યા, બધી નહી તો તમે

માત્ર એક જ હદીસ સંભળાવો."

મેં તરત જ કહ્યું:

"મારા જેવા માણસે ઈબ્ને ઉમરના વાસ્તાથી આ કબ્રના નિવાસીથી રીવાયત કરી છે..... અને ઈમામ માલીકની જેમ મેં મઝાર મુબારક તરફ જોરથી હાથ ફેલાવીને ઈશારો કર્યો. પછી ઈમામ માલીકે બેઠકથી માંડીને મજલીસ પુરી થતાં સુધી સંભળાવેલી બધી હદીસો મેં પુરી સંભળાવી દીધી. હવે સુરજ આથમી ચુકયો હતો. ઈમામ માલીકે નમાઝ પઢી. મારી તરફ ઈશારો કરી પોતાના ખાદિમને ફરમાવ્યું: "તારા આકાનો હાથ પકડ" અને મને કહ્યું: ખાદિમ સાથે મારે ઘેર જાવ." હું કશીય આનાકાની વિના ઉભો થયો અને ઈમામ સાહેબને ઘેર પહોંચ્યો.

થોડી વાર પછી ઈમામ સાહેબ ખાદિમ સાથે પધાર્યા. સાથે એક થાળ હતો. થાળ જમીન પર મુકી, ઈમામ માલીકે મને સલામ કરી, ખાદિમને કહ્યું: હાથ ધોવરાવો." ખાદિમ વાસણ લઈને મારી તરફ આગળ વધ્યો. પણ ઈમામ માલીકે તેને રોકતાં ફરમાવ્યું: "તું નથી જાણતો કે ખાણા પહેલાં મેઝબાને હાથ ધોવા જોઈએ અને ખાણા પછી મહેમાને. મને એ વાત ગમી. મેં તેનું કારણ પુછયું: તેમણે ફરમાવ્યું" મેઝબાન મહેમાનને નોતરે છે. એટલે પહેલાં હાથ પણ એણેજ ધોવા જોઈએ મને તે ખાણા પછી છેલ્લે હાથ એટલા સારૂં ધુએ છે કે કદાચ કોઈ બીજો મહેમાન આવી ચડે તો મેઝબાન એનો પણ સાથ પુરાવી શકે." જમી પરવાર્યા પછી, ઈમામ માલીક મક્કાવાળાઓ વિષે પુછવા લાગ્યા. આમ કરતા રાત પડી. તેઓ ઉભા થતાં બોલ્યા હવે આરામ કરો ! હું થાકયો પાકયો તો હતો જ, એટલે લાંબા થતાં જ નિદ્રાધિન થઈ ગયો. પાછલા પહેર બારણા પર ટકોરા પડતાં મારી આંખ ઉઘડી ગઈ. અવાજ આવ્યો. અલ્લાહની રહેમત હો, તમારા ઉપર (નમાઝનો વખત થયો છે).

મેં જોયું તો ખુદ ઈમામ માલીક હાથમાં લોટો લઈને ઉભા હતા. હું શરમાયો. પણ એઓ કહેવા લાગ્યા. અબુ અબ્દુલ્લાહ ! મુંઝાઓ નહી ! મહેમાનની સેવા કરવાની મેઝબાનની ફરજ છે. બીજા દિવસે ઈમામ માલીક સાથે મસ્જીદે નબવીમાં ફજરની નમાઝ અદા કરી. અંધકાર ઘણો હતો તડકો નીકળતાં જ ઈમામ માલીક જ્યાં કાલે બેઠા હતા. ત્યાં જ આજે પણ જઈ બેઠા અને પોતાની કિતાબ 'મવતા' મારા હાથમાં આપી દીધી. મેં કિતાબ સંભળાવવા માંડી અને લોકો લખવા લાગ્યા.

હું ઈમામ માલીકને ત્યાં આઠ મહીના રહ્યો. ફરી 'મવતા' મને લિફઝ–મોઢે થઈ ગઈ. મારી અને ઈમામ માલીક વચ્ચે એટલો ગાઢ પ્રેમ બંધાઈ ગયો હતો કે કોઈ અજાણ્યા માટે અમારા બેમાં કોણ મેઝબાનને કોણ મહેમાન એ નક્કી કરવાનું પણ મુશ્કેલ થઈ પડયું હતું. હજ પછી મદીનાની ઝીયારત કરવા અને 'મવતા' સાંભળવા માટે મીસરના લોકો મદીના આવ્યા અને ઈમામ માલીકની સેવામાં પહોંચ્યા. મેં મીસરીઓને પુરી મવતા મોઢે

સંભળાવી. ત્યાર પછી ઈરાકવાસીઓ આવ્યા. મઝાર મુબારક અને મિમ્બર વચ્ચે મને એક નવયુવાન દેખાયો. એણે સ્વચ્છ વસ્ત્રો પહેર્યા હતા એની નમાઝ પણ સારી હતી. મેં નામ પુછયું. તેણે બતાવ્યું વતન પુછયું તો જણાવ્યું કે તે કુફાનો છે.

મેં પુછયું: "કુફામાં કિતાબ અને સુન્નતનો મહાન આલીમ અને મુફ્તી કોણ છે ? એણે કહ્યું: ઈમામ અબુ યુસુફ અને મોહંમદ બીન હસન, જેઓ ઈમામ અબુ હનીફાના શાગીર્દ છે.

મેં એ પછી ઈમામ માલીક પાસે જઈ મારો ઈરાદો જણાવ્યો. તેમણે ઈલ્મની તલબ અને એની પ્રાપ્તીના લાભ વર્ણવી રસ્તામાં મારા ખાવા પીવાનો બંદોબસ્ત કરી આપ્યો. વહેલી સવારે તેઓ મને બકીઅ સુધી વિદાય કરવા આવ્યા. પછી મોઢેથી બોલ્યા: "કુફા પહોંચવા માટે કોણ પોતાનું ઉટ ભાડે આપે છે ? એ સાંભળીને હું તો ગભરાયો. મેં કહ્યું:

"આપ આ શું કહી રહ્યા છો ? ઉટ ભાડે રાખવા જેટલી મારી પાસે રકમ નથી. ન વળી આપની પણ એવી હાલત છે !

ઈમામ માલીક હસ્યા, પછી કહેવા લાગ્યા:

"ઈશાની નમાઝ બાદ તમારી વિદાય લઈને ગયો ત્યારે બારણા પર ટકોરા પડયા. બહાર નીકળી જોયું તો અબ્દુલ રહેમાન બીન કાસિમ ઉભા હતા. તેઓ ભેટ લાવ્યા હતા. વિનવવા લાગ્યા કે હું એ સિક્કા લઉ. એમણે મારા હાથમાં એક થેલી પકડાવી દીધી. એમાં સો દિનાર હતા. એમાંથી પચાસ મેં મારા બાલબચ્ચા માટે રાખ્યા ને પચ્ચાસ હું તમારા માટે લાવ્યો છું.

પછી ઈમામ માલીકે ચાર દિનારમાં ઉટ ઠેરવી આપ્યું અને બાકીની રકમ મને સોંપી અને વિદાય કર્યો.

હાજીઓના એ કાફલા સાથે હું રવાના થયો. ચોવીસમે દિવસે અમે કુફા પહોંચ્યા. હું અસર પછી મસ્જીદમાં દાખલ થયો. નમાઝ પઢી અને બેસી ગયો. એટલામાં એક છોકરો દેખાયો, એ નમાઝ પઢી રહ્યો. હતો. પણ એની નમાઝ ઠીક ન હતી. મારાથી રહેવાયું નહી એટલે હું એને નસિહત કરવા ઉભો થઈ ગયો.

મેં કહ્યું: મીયાં સાહેબઝાદા ! નમાઝ સારી રીતે પઢો. જેથી આખેરતની પકડથી રક્ષણ મળે." છોકરો મારાથી ગુસ્સે થયો અને પોતાની ચાદર જોરથી ઝટકતો બહાર જવા લાગ્યો.

સંજોગવસાત મસ્જીદના દરવાજા પરજ એ છોકરાને મોહંમદ બીન હસન અને અબુ યુસુફ મળી ગયા. છોકરાએ તેઓને આ વાત બતાવી. બંનેએ કહ્યું:

"તમે એ શખ્સ પાસે જાવ અને પુછો કે નમાઝમાં કેવી રીતે દાખલ થાવ છો ?"

છોકરો પાછો આવ્યો અને મને સવાલ કર્યો. મેં જવાબ આપ્યો. બે ફર્જ અને સુન્નતની સાથે નમાઝમાં દાખલ થાઉ છું"

છોકરાએ આ સાંભળી બંને હઝરતોને મારો જવાબ પહોંચાડયો એના પરથી તેઓ

સમજી ગયા કે આ જવાબ એવા માણસનો છે જેની નજર ઈલ્મથી ભરપુર છે. પરંતુ તેઓએ છોકરાને કહ્યું:

"ફરી જઈને પુછો કે એ બંને ફર્જ શું છે અને સુન્નત શું છે"

છોકરાએ આવીને મને એ સવાલ કર્યો. મેં જવાબ આપ્યો. "પહેલો ફર્જ નિય્યત છે બીજો ફર્જ તકબીરે તહેરીમા છે અને પછી બંને હાથો ઉઠાવવું."

પછી ઈમામ યુસુફ અને મોહંમદ બીન હસને મારી સાથે મુલાકાત કરી અને મારી કસોટી કરવા માટે ફીકહના એક એક પ્રકરણનો એક એક સવાલ લખીને ખાલી જગ્યા વચ્ચમાં રાખીને કાગળ મારી સામે ધરતા કહ્યું:

" આ મસલાઓના જવાબ મળતા નથી લખી આપો."

મેં બધા મસઅલાના જવાબો લખ્યા અને કાગળ મોહંમદ બીન હસન સામે રાખી દીધો. તેમણે મારું લખાણ ધ્યાનથી વાંચ્યું. પછી પોતાના ખાદિમને હુકમ આપ્યો. "તમારા આકાને ઘેર લઈ જાવ."

એ પહેલાં વાતચીત દરમ્યાન મારી ઈમામ માલીક સાથે મુલાકાત અને તેમનાથી ફયઝ હાસીલ કરવા અને મવતાને મોઢે યાદ હોવાનો અહેવાલ તેમણે મને પુછીને જાણી લીધો હતો એ પછી જ તેઓ મારો ઈમ્તેહાન લેવા તત્પર બન્યા હતા.

ખાદિમને હુકમ અપાયા પછી હું નિસંકોચ ઉભો થઈ ગયો. મસ્જીદના દરવાજા પર પહોંચ્યો તો ખાદીમે કહ્યું:

"આકાનો હુકમ છે કે આપ સવારી પર બેસી તેમના ઘેર જાવ."

મેં જવાબ આપ્યો: સવારી હાજર કરો."

ખાદીમે એક શણગારાયેલો ખચ્ચર મારી સામે હાજર કર્યો. જ્યારે હું તેની ઉપર સવાર થયો તો શરીર પરના જુના કપડાં નજરમાં ખટકવા લાગ્યા. મારી હાલત પર મને અફસોસ થવા લાગ્યો. ખાદીમ કુફાની ગલી શેરીઓમાંથી થતો મને મોહંમદ બીન હસનના ઘર પર લાવ્યો.

થોડી વાર પછી મોહંમદ બીન હસન આવ્યા તેમણે એક હજાર દિરહમનો કિંમતી પોશાક મને પહેરાવ્યો અને પોતાના કુતુબખાનામાંથી ઈમામ અબુ હનીફાનું પુસ્તક 'અલ કિતાબુલ વસ્ત' કાઢીને લઈ આવ્યા. હું એ કિતાબના પાના ઉથલાવવા લાગ્યો. મેં રાને જ એને યાદ કરવી શરૂ કરી દીધી. સવાર થતાં પહેલાં પુરી કિતાબ હીફ્ઝ–મોઢે કરી લીધી પણ મોહંમદ બીન હસનને તેની જરા પણ ખબર પડી નહી.

ઈમામ શાફઈ (રહે.)નો એક દિલચસ્પ પ્રસંગ

મોહંમદ બીન હસન કુફાના સૌથી મોટા મુફ્તી હતા. એક દિવસ હું તેમની બાજુમાં બેઠો હતો એક મસઅલા અંગે ફતવો પુછવામાં આવ્યો. તેમણે બતાવ્યું કે ઈમામ અબુ હનીફાએ આ મુજબ કહ્યું છે.

હું બોલી ઉઠયો કે:

"આપથી શરતચૂક થઈ ગઈ છે. આ મસઅલામાં ઈમામ અબુ હનીફાનો કોલ આ નથી. પણ આ મુજબ છે અને ઈમામ અબુ હનીફાએ તેમની કિતાબમાં આ મસઅલાનો ઉલ્લેખ ફલાણા મસઅલાની નીચે અને ફલાણા મસઅલાની ઉપર કર્યો છે." મોહંમદ બીન હસને તુરત જ કિતાબ મંગાવીને જોઈ તો મારી વાત સાચી નીકળી. તેમણે એજ વખતે પોતાના જવાબમાં સુધારો કરી લીધો. કેટલા દિવસ પછી મેં મોહંમદ બીન હસનથી સફરની ઈજાઝત માંગી. તેમણે ફરમાવ્યું:

"હું મારા કોઈ મહેમાનને જવાની ઈજાઝત નથી આપતો. મારી પાસે જે માલ દૌલત મોજુદ છે તેમાંથી અર્ધું તમે લઈ લ્યો."

મેં જવાબ આપ્યો.

"આ વાત મારા મકસદ અને ઈરાદાથી વિરૂધ્ધ છે. મારી ખુશી માત્ર સફરમાં છે."

એ પછી તેમણે પોતાના સંદુકની પુરી રોકડ રકમ મંગાવી તેમાંથી ત્રણ હજાર દિરહમ નીકળ્યા. તેમણે એ બધી રકમ મારા હવાલે કરી દીધી.

હું એ પછી ઈરાક અને ઈરાનના પ્રવાસે નીકળી પડયો અને લોકોથી હળતો મળતો રહ્યો. આવી રીતે મારી ઉમર એકવીસ વરસની થઈ ગઈ.

એ પછી હું હારૂન અલ રશીદના સમયમાં બગદાદ આવ્યો. બગદાદના ફાટક પર પગ રાખ્યો જ હતો કે એક શખ્સે મને રોકયો અને નરમાશથી પુછયું: "આપનું નામ ?"

મેં જવાબ આપ્યો "મોહંમદ".

પછી તેણે વાલીદનું નામ પુછયું "મેં કહ્યું ઈદરીસ શાફઈ."

તે કહેવા લાગ્યો.

"આપ મુત્તલબી છો ?"

મેં હા પાડી.

એ પછી તેણે ખીસ્સામાંથી એક નોટબુક કાઢી અને મારા જવાબો તેમાં લખીને મને જવા દીધો.

હું એક મસ્જીદમાં પહોંચ્યો અને વિચારવા લાગ્યો કે આ માણસે જે કંઈ લખી લીધું છે એનો જોઈએ શું અંજામ આવે છે.

અર્ધી રાત પછી પોલીસે મસ્જીદ પર છાપો માર્યો અને દરેક શખ્સને રોશનીમાં જોવો શરૂ કર્યો. છેવટે મારો વારો આવ્યો અને પોલીસે મોટા અવાજે લોકોને કહ્યું: "તમારે બધાને

હવે ડરવાની કોઇ વાત નથી જે માણસની અમને શોધ હતી તે મળી ગયો છે."

એ પછી મને કહ્યું: "અમીરૂલ મોમીનીન સમક્ષ ચાલો !"

મેં આનાકાની કરી નહી. તુરત જ રવાના થયો. તેઓએ મને શાહી મહેલમાં પહોંચાડ્યો.

મારી નજર અમીરૂલ મોમીનીન પર પડતાંની સાથે મેં સાફ અને મક્કમ અવાજે તેમને સલામ કરી.

અમીરૂલ મોમેનીનને મારો આ અંદાજ પસંદ આવ્યો, તેમણે સલામનો જવાબ આપ્યો.

પછી અમીરૂલ મોમેનીને મારો વંશ પુછયો. મેં મારી વંશાવળી છેક આદમ અલયહીસ્સલામ સુધી પહોંચાડી દીધી.

આ પર અમીરૂલ મોમીનીન કહેવા લાગ્યા. "બેશક! આ ફસાહત અને બલાગત અવલાદે મુત્તલીબનો જ હીસ્સો છે. બતાવો. શું તમે પસંદ કરશો કે તમને મુસલમાનોનો કાઝી બનાવીને સલ્તનતમાં શામેલ કરી દઉ. તમે કિતાબ અને સુન્નત અનુસાર તમારો અને મારો હુકમ ચલાવ્યા કરો !

મેં જવાબ આપ્યો:

"સલ્તનતમાં કાઝી બનવું મને મંજુર નથી" આ સાંભળી અમીરૂલ મોમીનીન ખામોશ થઇ ગયા.

ફરી એ મસ્જીદમાં પાછો ફર્યો. જ્યાં ઉતર્યો હતો, એક નવજવાને નમાઝની ઇમામત કરી. તેની કિરઅત તો સારી હતી પણ ઇલ્મ ઓછું હતું. નમાઝમાં શરતચુક થઇ ગઇ. પણ શું કરવું એ તેની સમજમાં આવ્યું નહી.

મેં કહ્યું "ભાઇ, તમે અમારી અને તમારી બધાની નમાઝ ખરાબ કરી નાખી."

નવજવાને ફરી નમાઝ પઢાવી.

અને પછી મેં તેને કહ્યું "કાગળ, કલમ અને શાહી લઇ આવો, હું તમારા માટે 'સરળ (ભુલચુક)નું પ્રકરણ લખી આપીશ."

તે તુરત જ પાછો આવ્યો. અલ્લાહ તઆલાએ મારૂં ઝહન પણ ખોલી દીધું અને મેં કિતાબ, સુન્નત અને ઇજમાએ ઉમ્મત અનુસાર એક લાંબી કિતાબ લખી દીધી. કિતાબનું નામ તેના નામ પર " કિતાબુલ ઝઅફરાન" રાખ્યું.

હવે મને ત્રણ વરસ થઇ ચુકયા હતા અને એ દરમ્યાન હિજાઝથી હાજીઓ પાછા આવ્યા. હું તેઓને ઇમામ માલિકની અને મારા વતનની હાલત પુછવા ગયો. હાજીઓમાં મને એક નવજવાન જોવા મળ્યો મેં તેને ઇમામ માલિક અને હિજાઝ સંબંધે પુછપરછ કરી.

તે કહેવા લાગ્યો, "બધા ઠીક છે."

મેં ઇમામ માલિક સંબંધે બીજી વાર સવાલ કર્યો તે કહેવા લાગ્યો, "ટુંકો જવાબ આપું કે વિગતવાર કહું ?"

મેં કહ્યું: ટુંકાણમાં જ વિધ્વતા રહેલી છે."

એ કહેવા લાગ્યો તો સાંભળો ઈમામ માલિક તંદુરસ્ત છે અને બહુ જ દોલતમંદ થઈ ગયા છે."

આ સાંભળી મને મન થયું કે ઈમામ માલિકને હું ગરીબીમાં તો જોઈ ચુકયો છું. હવે અમીરીની હાલતમાં પણ તેમને જોવા જોઈએ.

એ પછી હું બંદોબસ્ત કરીને રબીયા ઈલાકા તરફ રવાના થયો. હું રમલા શહેર પહોંચ્યો. મેં ભાડેથી સવારી લીધી અને હિજાઝ રવાના થઈ ગયો.

છેવટે ૨૭મા દિવસે મદિનતુર્રસુલ પહોંચી ગયો. મસ્જીદે નબવીમાં નમાઝ પઢી. હવે શું જોઉ છું કે લોઢાની એક ખુરસી મસ્જીદમાં રાખી છે. ખુરસી પર મીસરી કિમખાબનો તકિયો લાગેલો છે અને તકીયા પર લખ્યું છે. "લાઈલાહા ઈલ્લલ્લાહ મોહમ્મદુર્રસુલુલ્લાહ."

હું હજુ એ જોઈ જ રહ્યો હતો કે ઈમામ માલિક બીન અનસ આવતા દેખાયા. પુરી મસ્જીદ અત્તરથી મેહકી ઉઠી. ઈમામ માલિક સાથે ચારસો કે એથી વધુનું ટોળું હતું. ઈમામ માલિક પોતાની મજલીસમાં પહોંચ્યા તો બેઠેલા બધા માણસો ઉભા થઈ ગયા.

ઈમામ માલિક ખુરસી પર બેસી ગયા અને જર્રાહ અમદનો એક મસઅલો રજુ કર્યો. મારાથી ન રહેવાયું. મેં બાજુના એક માણસના કાનમાં કહ્યું. "આ મસઅલાનો આ જવાબ છે." એ માણસે મારો બતાવેલ જવાબ મોટા અવાજે કહી સંભળાવ્યો પણ ઈમામ માલિકે એ તરફ કોઈ ધ્યાન ન આપ્યું અને શાગીર્દો પાસે જવાબ માંગ્યો. શાગીર્દોના જવાબો ખોટા હતા. ઈમામ માલિકે કહ્યું. "તમે બધા ગલતી પર છો. માત્ર પહેલા માણસનો જવાબ સાચો છે."

આ સાંભળી પેલો જાહિલ માણસ, જેના કાનમાં મેં જવાબ બતાવ્યો હતો તે બહુ જ ખુશ થયો.

ઈમામ માલીકે બીજો મસઅલો રજુ કર્યો. એ જાહિલ મારી તરફ જોવા લાગ્યો. મેં તેને ફરી જવાબ બતાવી દીધો. આ વખતે ઈમામ સાહેબના શાગીર્દો સાચો જવાબ ન દઈ શકયા અને એ જાહિલની ઝબાની મારો જવાબ જ સાચો નીકળ્યો.

પછી ત્રીજા મસઅલા વખતે પણ આમ જ બન્યું. ત્યારે ઈમામ માલીકે એ જાહિલને સંબોધન કરીને કહ્યું "અહી આવો ! એ જગા તમારા માટે નથી."

એ માણસ ઈમામ માલીક પાસે પહોંચ્યો તો ઈમામ માલીકે તેને પુછયું. "શું તમે મો'ના પઢી છે ?"

જાહિલે જવાબ આપ્યો. "નહી"

ઈમામ માલીકે પુછયું. "ઈબ્ને જરીજના ઈલ્મ પર તમારી નજર છે ?"

તેણે ફરી કહ્યું "નહી."

ઈમામ માલીકે પુછયું: "જાફર બીન મોહંમદ સીદ્દીકને મળ્યા છો ?"

જવાબ આપ્યો: "નહી"

હવે તો ઈમામ માલીકને આશ્ચર્ય થયું અને પુછવા લાગ્યા: "પછી આ ઈલ્મ તમને કયાંથી મળ્યું ?"

જાહિલે જવાબ આપ્યો: "મારી બાજુમાં એક નવજવાન બેઠો હતો અને તે જ મને દરેક મસઅલાનો જવાબ બતાવી રહ્યો હતો."

હવે ઈમામ માલીકે મારી તરફ ગરદન ઉઠાવી બીજાઓની ગરદનો પણ ઉચી થઈ, ઈમામ માલીકે એ જાહિલને કહ્યું: "જાવ અને એ નવજવાનને મારી પાસે મોકલી દયો."

હું ઈમામ માલીક પાસે પહોંચ્યો અને અગાઉ જ્યાં જાહિલ બેઠો હતો એ જગા પર બેસી ગયો. ઈમામ માલીક મને બહુ ધ્યાનથી જોતા રહ્યા, પછી ફરમાવ્યું: "શાફઈ છો ?"

મેં અરજ કરી: જી હા, ! શાફઈ છું."

ઈમામ માલીકે મને ધસડીને સીનાથી લગાવી લીધો. પછી ખુરસી પરથી ઉતરી પડયા. અને કહ્યું: "ઈલ્મનો જે બાબ આપણે શરૂ કરી ચુકયા છીએ, તેને તમે પુરો કરો.

મેં તેના પર અમલ કર્યો અને જરાંહે અમદના ચારસો મસઅલા રજુ કર્યા, પરંતુ કોઈ પણ માણસ જવાબ આપી ન શકયો.

ઈમામ માલિકની ઉદારતા

હવે સુરજ આથમી ચુકયો હતો. અમે મગરીબની નમાઝ પઢી અને ઈમામ માલિકે મારી પીઠ થાબડી. પછી પોતાને ઘેર લઈ ગયા.

હવે ત્યાં જુની ઈમારતને બદલે નવી ઈમારત ઉભી હતી. હું ચોધાર આંસુએ રોવા લાગ્યો. આ જોઈ ઈમામ માલિકે પુછયું. "અબુ અબ્દુલ્લાહ, તમે શા માટે રડો છો ? કદાચ એમ સમજી રહ્યા છો કે મેં દુનિયા માટે આખેરત તજી દીધી ?"

મેં જવાબ આપ્યો: "જી હા ! એજ અંદેશો મારા દિલમાં પેદા થયો હતો."

ઈમામ માલીક કહેવા લાગ્યા: "તમારું દિલ સંતોષીત રહે, તમારી આંખો ઠંડી થાય, આ જે કાંઈ જોઈ રહ્યા છો તે હદિયો છે. ખુરાસાનથી, મીસરથી, દુનિયાના દુર દુરના ખુણાઓથી હદિયા પર હદિયા ચાલ્યા આવે છે. નબી સલ્લલ્લાહો અલયહેવસસલ્લમ હદિયા કબુલ કરી લેતા હતા અને સદકા રદ કરી દેતા હતા. મારી પાસે ખુરાસાન અને મિસરના આ'લા કપડાની ત્રણસો 'ખિલઅતો મોજુદ છે. હવે આ બધું મારા તરફથી તમારા માટે હદિયો છે. પેટીઓમાં પાંચ હજાર દીનાર રાખ્યા છે. તેની ઝકાત કાઢી લેવાયેલ છે. એમાંથી પણ અર્ધી રકમ તમારી છે"

બીજી સવારે અમે ફજરની નમાઝ અદા કરી અને મસ્જીદથી એ હાલતમાં પાછા ફર્યા કે મારો હાથ ઈમામ માલિકના હાથમાં હતો અને ઈમામ માલિકનો હાથ મારા હાથમાં હતો. ઘર પાસે પહોંચીને જોઈએ છીએ તો ખુરાસાની ઘોડાઓ અને મીસરી ખચ્ચરો ઉભા છે. મારા મ્હોમાંથી નીકળી ગયું. "આવા સુંદર ઘોડા તો મેં આજ સુધી જોયા નથી."

ઈમામ માલિકે જવાબ આપ્યો: "આ બધી સવારીઓ પણ તમારા માટે જ છે."

મેં અરજ કરી, "ઓછામાં ઓછું એક જાનવર તો આપના માટે રહેવા દો !"

ઈમામ માલિકે જવાબમાં કહ્યું:

"મને અલ્લાહથી શરમ આવે છે કે એ જમીનને મારી સવારી પોતાની ખરીઓથી રગદોળે જેની નીચે નબી સલ્લલ્લાહો અલયહે વસલ્લમ આરામ ફરમાવી રહ્યા છે."

એ સાંભળી મને ખાતરી થઈ ગઈ કે આ અમીરી હાલતમાં પણ ઈમામ માલિકનો તકવા રાબેતા મુજબ બાકી છે.

ઈમામ માલિકના ઘરમાં ત્રણ દિવસ કયામ રહ્યો. પછી હું મક્કા રવાના થઈ ગયો પણ એ હાલતમાં કે અલ્લાહે બખ્શેલી બધી માલ મિલ્કત લદાયેલાં જાનવરો આગળ આગળ જઈ રહ્યા હતા. મેં એક માણસને વાપસીની ખબર પહોંચાડવા પહેલાંથી જ મક્કા મોકલી દીધો હતો.

જ્યારે હરમની હદોમાં પહોંચ્યો તો વાલિદા કેટલીક ઔરતો સાથે જોવામાં આવ્યા. તેમણે મને ગળે લગાવી લીધો. પછી હું આગળ વધવા લાગ્યો: વાલિદા કહેવા લાગ્યા:

"કયાં ?"

મેં કહ્યું: "ઘરે ચાલો."

તેમણે કહ્યું: "હાય, હાય, કાલે તો મક્કાથી ફકીરની સુરતમાં ગયો હતો અને આજે અમીર બનીને પાછો ફર્યો છે. જેથી તારા પિતરાઈ ભાઈઓ પર ધમંડ કરી શકે !"

મેં કહ્યું: "તો પછી તમે જ બતાવો કે હું શું કરું ?"

વાલિદાએ કહ્યું: મુનાદી (જાહેરાત) કરાવી દે કે ભુખ્યાઓ આવે અને ખાય, પગપાળા આવે અને સવારી લઈ જાય, નિવસ્ત્રા આવે અને કપડાં પહેરી જાય, આવી રીતે દુનિયામાં પણ તારી આબરૂ વધશે અને આખેરતનો બદલો પણ તેની જગા પર મહેફુઝ રહેશે."

મેં વાલીદાના હુકમ પર અમલ કર્યો. આ બનાવની શોહરત દૂર દૂર સુધી ફેલાઈ, ઈમામ માલિકે પણ સાંભળ્યું અને મારી હિમ્મત વધારી. તેમણે કહેરાવ્યું: " જેટલું દઈ ચુકયા છો એટલું દર વરસે તમને મોકલતો રહીશ." એમણે એમના એ વાયદાને પુરી રીતે નીભાવ્યો, દર વરસે તેઓ મદીનામાં જેટલું આપ્યું હતું એટલો માલ નિયમિત મોકલતા રહ્યા. લગાતાર અગ્યાર વરસ સુધી. એમની વફાત થઈ ત્યાં સુધી આ સીલસીલો ચાલુ રહ્યો હતો. ઈમામ શાફઈની આ સફરનું વર્ણન મારા તંત્રીપદે પ્રગટ 'અલ ફલાહ'ને આધારે કર્યું છે.

હઝરત ઉમર બીન અબ્દુલ અઝીઝના સુધાર કાર્યો, ઈસ્લાહી કામો ચાલુ હતા કે રબજ હીજરી ૧૦૧માં મરઝુલ-મોત શરૂથઈ ગયો. એ બાબતે બે રિવાયતો છે. એક તો એ બીમારી સ્વભાવીક હતી. બીજું એ કે ઝેર અપાયાને પરિણામે હતી. તેનું કારણ એવું બયાન કરાયું છે કે 'આલે-મરવાન'ને મેહસુસ થઈ ગયું કે જો વધુ અરસા સુધી હઝરત ઉમર બીન અબ્દુલ અઝીઝની ખિલાફત કાયમ રહી તો પોતાને સત્તા કદી પાછી મળશે નહી. પરીણામે એક ગુલામને એક હજાર દીનાર આપીને એમને ઝેર અપાવી દીધું. હઝરત ઉમરને બીમારી દરમ્યાન એ વાતની જાણ થઈ ગઈ છતાં આપે ગુલામથી કોઈ ઈન્તેકામ લીધો નહી. માત્ર એટલું કર્યું કે અશરફીઓ તેની પાસેથી લઈને બયતુલ-માલમાં જમા કરાવી દીધી અને ગુલામને કહ્યું કે હું તને આઝાદ કરું છું. તમને અહીથી એવી જગ્યાએ ચાલ્યા જાવ જ્યાં તમને કોઈ જોઈ ઓળખી શકે નહી.

વફાતથી થોડા સમય પહેલાં એમના બીરાદરે નીસ્બતી (સાળા) મુસ્લીમ બીન અબ્દુલ મલીકે અરજ કરી.

"અમીરુલ મોમીનીન ! આપે પોતાની અવલાદને માલ અને દોલતથી હંમેશા મેહરૂમ રાખ્યા અને એમને બીલ્કુલ તંગદસ્ત છોડી જઈ રહ્યા છો. એમની બાબતે અમે કે ખાનદાનના કોઈ બીજા શખ્સને કંઈ વસીયત કરતા જાવ."

એ સાંભળી ફરમાવ્યું:

"કસમ અલ્લાહની, મેં એમનો હક દબાવ્યો નથી. અલબત જે માલમાં એમને હક ન હતો તે એમને આપ્યો નથી."

વીસ દિવસની બીમારી પછી ૨૦ કે ૨૫ રજબ હીજરી સન ૧૦૧માં એમની ઉપર 'નઝઅ'ની હાલત તારી થઈ. બધા લોકોથી ફરમાવ્યું.

"મને એકલો છોડી દો."

બધા લોકો ઉઠીને ચાલ્યા ગયા. એમના પત્ની ફાતેમા અને સાળા મસ્લીમા બહાર દરવાજા નજીક ઉભા રહ્યા. એમણે સાંભળ્યું કે ફરમાવી રહ્યા હતા.

"શું મુબારક ચહેરા છે જે ન આદમીઓના છે ન તો જીન્નાતોના !"

પછી વારંવાર સુરએ કસમની આયત પઢવા લાગ્યા. જેનો ભાવાર્થ છે. " આ આખેરતના ઘરને અમે એમની માટે તૈયાર કરી રાખ્યો છે જે જમીનમાં ઘમંડ અને ફસાદનો ઈરાદો નથી રાખતા અને અંજામ (નેક) તો પરહેઝગારોનું જ છે."

ત્યાર બાદ ખામોશ થઈ ગયા. ભાઈએ બહેનને કહ્યું કે અંદર જઈને જુઓ. ઈન્તેકાલ કરી ગયા. એ વખતે આપની ઉમર ૩૯ કે ૪૦ વરસની હતી. એમણે બે વરસ પાંચ મહીના અને ચૌદ દિવસ ખલિફા તરીકે ફરજ બજાવી. હઝરત ઉમર બીન અબ્દુલ અઝીઝના તેર પુત્રો હતા. એમણે અવલાદ માટે છોડેલ કુલ વારસો ૧૭ દીનાર હતો.

હઝરત ઉમર બીન અબ્દુલ અઝીઝની વફાતની ખબર ફેલાઈ તો બધાને સદમો થયો. એક કાસીદ આપની વફાતની ખબર લઈને બસરા પહોંચ્યો તો બસરાવાસીઓમાંથી કોઈ એવું ન હતું જેની આંખો ભીજાઈ ગઈ ન હોય. મશહુર એહલુલ્લાહ હઝરત ખ્વાજા હસન બસરી રહેમતુલ્લાહએ ખબર સાંભળી ઈન્ના લિલ્લાહ..... પઢયા પછી ફરમાવ્યું. "હે દરેક નેકીના માલીક."

મોહંમદ બીન મોઈદનું બયાન ઈતિહાસના પાનાઓમાં મોજુદ છે કે હું રૂમના શહેનશાહના દરબારમાં ગયો તો તેને ભારે ગમગીન સુરતમાં જમીન પર બેઠેલો જોઈને મેં પુછયું "તમારી આ શી હાલત છે ? તેણે કહ્યું. "નેક મર્દનો ઈન્તેકાલ થઈ ગયો."

મેં પુછયું.

"તે કોણ ?"

શાહ બોલ્યો. મુસલમાનોનો અમીર ઉમર બીન અબ્દુલ અઝીઝ. થોડીવાર ખામોશ રહ્યા પછી બોલ્યો.

"જો ઈસા અલહીસ્સલામ પછી કોઈ શખ્સ મડદાઓને જીવતા કરી શકતો હતો તો તે ઉમર બન અબ્દુલ અઝીઝ જ હતા અને દુનિયાનો ત્યાગ કરી દેનાર 'રાહીબ' પર કોઈ આશ્ચર્ય થતું નથી કે તે બંદગીમાં મશગુલ થઈ ગયો છે અને દુનિયાને છોડી દીધી છે પરંતુ હું તો એ શખ્સનો હાલ સાંભળીને હેરાન છું કે જેના કદમ નીચે દુનિયા હતી પરંતુ તેને ઠુકરાવીને દુરવેશીભર્યું જીવન અપનાવી લીધું."

શેખ મુજાહીદ ફરમાવે છે કે:

હું સફરમાં હતો એક નબતી, મીસરનો રહેવાસી સાથે મુલાકાત થઈ. પરિચય પછી

તેણે અને પુછયું.

શું તમે ઉમર બીન અબ્દુલ અઝીઝના ઈન્તેકાલ વખતે મોજુદ હતા ?"

મેં કહ્યું, "હા" એ સાંભળીને એ રડવા લાગ્યો અને એમને માટે રહેમતની દુઆ કરવા લાગ્યો.

મેં પુછયું:

"તમે એમને માટે રહેમતની દુઆ શા માટે માંગો છો. તેઓ તો મુસલમાન હતા અને તમે બીન મુસ્લીમ !"

"હું ઉમર બીન અબ્દુલ અઝીઝને રોતો નથી. હું તો એ 'નુર' પર રડું છું જે જમીન પર હતો અને હવે ઓલવાઈ ગયો."

ઈલ્મ અને ફઝલના એતેબારથી હઝરત ઉમર બીન અબ્દુલ અઝીઝ 'ઈમામે–વકત' હતા. કુર્આન, હદીસ, ફીકાહ સહિતના તમામ દીની ઉલુમો પર એમને એક સરખો પ્રભુત્વ હતો. હઝરત ઈમામ અહેમદ બીન હમ્બલ તેમજ બીજા જલીલુલ–કદર ઉમ્મતના આલીમોના મંતવ્ય પ્રમાણે ઉમર બીન અબ્દુલ અઝીઝ પહેલી સદી હીજરીના મુજદ્દીદ હતા.

ઈમામ માલીક અને ઈબ્ને એયનીયાનું કથન છે કે "ઉમર બીન અબ્દુલ અઝીઝ 'ઈમામે–અઝ્ર' હતા.

હઝરત ઉમર બીન અઝીઝ બાળપણથી જ નમાઝ રોઝાના પાબંદ હતા. પરંતુ ખલીફા બન્યા પછી એટલી બધી ઈબાદત કરતા હતા કે જોનારાઓ અચમ્બામાં પડી જતા હતા. પાંચેય નમાઝો મસ્જીદમાં જમાઅત સાથે અદા કરતા હતા. અઝાનનો અવાજ સાંભળતાં જ મસ્જીદમાં પહોંચી જતા અને તકબીરે ઉલા જવા દેતા નહી.

હઝરત અનસ બીન માલીકનું કથન છે કે મેં ઉમર બીન અઝીઝથી વધારે કોઈને રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ સાથે 'મુશાબેહત' ધરાવતી નમાઝ પઢતાં નથી જોયો. હંમેશા સોમવાર અને જુમેરાતના રોઝો રાખતા.

આપના ઉમદા અખ્લાકના સીલસીલામાં કિતાબોમાં સંખ્યાબંધ વાકેઆત અને પ્રસંગો લખેલા છે. આ બધાનું અત્રે વર્ણન કરવાનું બીલ્કુલ શકય નથી. માત્ર બરકત અને ઈમાનની તાજગી ખાતર થોડુંક વર્ણન કર્યું છે.

એક વખતે મીસરની એક મહિલા પોતાની યતીમ બાળકીઓ માટે વઝીફો મુકર્રર કરાવવાના હેતુસર 'દમીશ્ક' સીરીયામાં આવી. હઝરત ઉમર બીન અઝીઝના દરવાજા પર પહોંચી તો લોકોથી પુછયું.

"શું અમીરુલ મોમીનીનને ત્યાં દરબાન છે ?" લોકોએ બતાવ્યું કે અહી કોઈ દરબાન વગેરે નથી. જ્યારે ચાહો અંદર જઈ શકો છો. ઓરત ઘરમાં ગઈ. હઝરત ઉમર બીન અબ્દુલ અઝીઝના પત્ની ફાતેમા રોટી પકાવતા હતા. ઓરતે સલામ કરી. એમણે તેને પોતાની પાસે બેસાડી.

મીસરથી આવેલ ઓરત અચમ્બામાં પડી ગઇ અને મકાનને જોવા લાગી. પછી તેણે કહ્યું.

"હું તો અહી એ માટે આવી હતી કે આ ઘરના ફયઝથી મારા ઘરની વેરાનીને દુર કરીશ. પરંતુ આ ઘરતો પોતે વેરાન બની રહ્યું છે."

એટલામાં હઝરત ઉમર બીન અબ્દુલ અઝીઝ બહારથી આવ્યા અને કુવામાંથી પાણી ખેંચી ખેંચીને મકાનની સામે પડેલ માટી પર નાખવા લાગ્યા. એ દરમ્યાન બે ત્રણ વખત પોતાની પત્ની તરફ જોયું. એ મીસરી ઓરત કહેવા લાગી.

"બીબી તમે પરદામાં થઇ જાવ. આ મજુર આપને વારંવાર જોઇ રહ્યો છે."

ફાતેમા બોલ્યા.

" આ મજુર નથી, એજ અમીરૂલ મોમીનીન છે."

બાદમાં ખલીફા ઉમર બીન અબ્દુલ અઝીઝે મજકુર મહીલાની યતીમ છોકરીઓ માટે ભરણપોષણનો બંદોબસ્ત કરી દેવા મીસરના ગવર્નરને પત્ર લખી આપ્યો.

હુઝુરે રસુલે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) થી હઝરત ઉમર બીન અબ્દુલ અઝીઝની મોહબ્બત ઇશ્કના દરજજા સુધી પહોંચી ચુકી હતી. દરેક કામમાં ઉસ્વએ–રસુલને સામે રાખતા. આખેરતનો ઝીક કરતી વખતે ઘણી વખત ફરમાવતા કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને કેવી રીતે મોઢું દેખાડીશ.

મરઝુલ–મોતમાં લોકોએ સલાહ આપી કે આપ મદીનએ મુનવ્વરામાં આખેરતનો સફર ઇખ્તેયાર કરતે તો હુઝુરે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ), હઝરત અબુબકર સીદ્દીક(ર.અ.) અને હઝરત ઉમર ફારૂક (ર.અ.) સાથે આપની અંતિમ આરામગાહ બની જાત. રવઝએ અત્હરમાં એક કબરની જગ્યા છે. ફરમાવ્યું "અલ્લાહની કસમ ! અલ્લાહ તઆલા મને આગ સિવાય દરેક પ્રકારનો અઝાબ આપે તો હું તેને ખુશીથી બરદાસ્ત કરીશ પરંતુ હું તેની કલ્પના પણ નથી કરી શકતો કે હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમના મુબારક પહેલુમાં મારી જાતને દફન થવા પાત્ર સમજતો હોઉ."

એમણે હુઝુર પુરનુરના કેટલાક તબર્રૂકાત, યાદગારો (પલંગ, ગાદલો, ચાદર, પ્યાલો, તીરકશ, અસા અને ચક્કી) વગેરે એક હુજરામાં મેહફુઝ કરી દીધા હતા. દરરોજ તેની ઝીયારત કરીને પોતાની આંખો ઠંડી કરતા હતા. કદી કદી ફરમાવતા આ તબર્રૂકાત એ ઝાતે ગીરામીની યાદગાર છે જેમની બદોલત અલ્લાહ તઆલાએ આપણને માનનિય બનાવ્યા છે.
આ તબર્રૂકાત ઉપરાંત હુઝુર રસુલે પાકની કોઇ યાદગાર મળી જતી તો તેને ચુમતા અને માથા અને આંખો પર રાખી લેતા. એક વખતે સહાબીના સાહેબઝાદાએ હુઝુરે પાકનો એક મુબારક ફરમાન આપને દેખાડયો જેમાં આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે એ સાહેબને જાગીર અતા ફરમાવી હતી. હઝરત ઉમર બીન અબ્દુલ અઝીઝે એ ફરમાન મુબારકને ચુમીને આંખો પર રાખી લીધું.

ઈન્તેકાલ પહેલાં વસીયત કરી કે એમના કફનમાં હુઝુર રસુલે પાકના મુએ-મુબારક અને નાખુન રાખી દેવામાં આવે.

હુઝુર સરવરે આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ સાથે બેપનાહ મોહબ્બતના લીધે તેઓ હુઝુર સાથે સંબંધ-સગાઈને ભારે મહત્વ આપતા હતા. એક દિવસે હઝરત અલી કરમલ્લાહો વજહોના આઝાદ કરેલ ગુલામ ઝરીક એમની ખીદમતમાં હાજર થયા અને કહ્યું કે બયતુલ-માલના રજીસ્ટરમાં મારું નામ નથી હું હઝરત અલીની ગુલામીનો શર્ફ હાસીલ કરી ચુકયો છું. ઝરીકની શીકાયત સાંભળીને હઝરત ઉમરના આંસુ નીકળી પડયા અને ફરમાવ્યું "હું પોતે અલીનો ગુલામ છું."

મદીનતુલ-નબીથી એટલી બધી મોહબ્બત હતી કે ફરમાવતા હતા કે:

"હું એ તો બરદાસ્ત કરી લઈશ કે કોઈ શખ્સ એવા ગુનાસર મારી ઝુબરૂમાં લાવવામાં આવે કે તે દારૂ લઈ જતો હતો પરંતુ હું એ બરદાસ્ત નહી કરું કે કોઈ એવો મુજરીમ મારી સામે લાવવામાં આવે, જેણે હરીમે મદીનામાંથી કોઈ વસ્તુ કાપી હોય. (ઝાડ-ઘાસ વગેરે).

કયામતનો ઝીક્ર સાંભળીને આપનું રૂદન બેકાબુ બની જતું હતું. ઈબ્ને હોશબનું કથન છે કે :

"મેં ઉમર બીન અબ્દુલ અઝીઝ અને ખ્વાજા હસન બસરીથી વધારે કોઈ શખ્સને કયામતથી ડરનાર જોયો નથી. એવું માલુમ પડતું હતું કે જાણે દોઝખ માત્ર એ બંને માટે બનાવવામાં આવી છે." જ્યારે આટલા આકંદ માટેનું લોકો કારણ પુછતાં તો ફરમાવતા કે: "તમે મને રોવા બાબતે મલામત ન કરો કારણ કે ફુરાતને કીનારે જો બકરીનું એક બચ્ચું પણ હલાક થઈ જાય તો તેના બદલામાં ઉમર બીન અબ્દુલ અઝીઝ પકડાશે."

હઝરત ઉમર બીન અબ્દુલ અઝીઝની એજ ખુબીઓ અને અવસાફ જોઈને પહેલાના આલીમો અને ઈતિહાસકારોએ એમને ઉમર (ફારૂક) સાની' (બીજા ઉમર) પાંચમા ખલીફાએ રાશીદ અને પહેલી સદી હીજરીના મુજદ્દીદ ઠેરવ્યા છે.

શેખ અબુ સુલેમાન દારાનીનું કથન છે કે ઉમર બીન અબ્દુલ અઝીઝ 'ઝોહદ'માં 'ખયરૂન-તાબેઈન' હઝરત ઉવેસ કરનીથી પણ આગળ છે. કારણ કે એમની પાસે દુનિયા પુરી આનશાન સાથે આવી પરંતુ એમણે તેને ઠુકારવી દીધી અને હઝરત ઉવેસ કરનીને દુનિયા સામે 'સાબેકો' વાસ્તો જ પડયો નથી.

હઝરત માલીક બીન દિનાર ફરમાવતા હતા કે લોકો કહે છે કે માલીક 'ઝાહીદ' છે. માલીકનો 'ઝલહદ' શું ? ઝાહીદ તો ઉમર બીન અઝીઝ છે કે દુનિયા મ્હો ખોલીને એમની સામે આવી અને એમણે તેનાથી મોઢું ફેરવી લીધું. અઢી વરસની ટુંકી મુદ્દતમાં મહાન કારનામાઓ અંજામ દેનાર આ મહાન હસ્તીનું નામ રહેતી દુનિયા સુધી જીવંત બની રહેશે.

કુર્આન મજીદમાં અલ્લાહ તઆલાએ ઘણા બધા અમ્બીયા અને રસુલોનો ઉલ્લેખ ફરમાવ્યો છે. તેમાં અમુક નબીઓનો ઉલ્લેખ અનેક જગ્યાએ આવ્યો છે પરંતુ હઝરત યુસુફ(અ.સ.) ના અહેવાલની એવી વિશિષ્ઠતા છે કે 'સુરએ-યુસુફ' આપના નામે મનસુબ

છે. જેમાં આપના મુબારક જીવનના તમામ ઇતીહાસીક અને સબક આમોઝ પ્રસંગો સીલસીલાવાર બયાન કરવામાં આવ્યા છે અને આ મુબારક સુરતમાં આપનું નામ ૨૪ જગ્યાએ આવ્યું છે. કુર્આન પાકે હઝરત યુસુફ અલયહીસ્સલામના કીસ્સાને "અહસનલ–કસસ" ફરમાવ્યો છે.

ઇન્સાન જ્યારે હઝરત યુસુફ (અ.સ.)ના હાલાત અને જીવન પ્રસંગોને વાંચે છે તો ન માત્ર હઝરત યુસુફના મુબારક જીવનના ઉતાર ચઢાવનો નકશો નજરોની સામે આવી જાય છે બલ્કે મીસરની પ્રજાનો ઇતિહાસ પણ સામે આવી જાય છે. કુર્આન પાકના પવિત્ર શબ્દો મુજબ "અલબત યુસુફના આ કીસ્સામાં અને તેમના ભાઇઓના કીસ્સામાં નિશાનીઓ છે. પુછનારાઓ માટે"

હઝરત યુસુફ (અ.સ.) અને એમના ભાઇઓના આ કીસ્સામાં સમજદાર લોકો માટે ઇબ્રત ભેરલો સબક છે. આપને ભાઇઓએ જેવી રીતે ઘરમાંથી કાઢયા, ઇર્ષાથી કત્લ કરવાનો પ્રયાસ કર્યો, જાત જાતની ઇજાઓ પહોંચાડવામાં કોઇ કચાશ રાખી નહી છેવટે એક દિવસ આવ્યો કે હઝરત યુસુફ અલયહીસ્સલામ પાસે ભોંઠા અને શરમીંદા તથા મોહતાજ બનીને મીસર પહોંચ્યા. અલ્લાહ તઆલાએ હઝરત યુસુફ (અ.સ.) ને દીન દુનિયાના આલા મનસબ પર નિયુકત કર્યા. મીસરના સત્તાધીશ હોવા છતાં તેમણે પોતાના બીરાદરોના ગુનાઓને દરિયાદિલી સાથે માફ કરી દીધા. બરોબર એવી જ રીતે હુઝુર રસુલે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની બીરાદરીએ પણ આપની સંબંધે યોજનાઓ ઘડી એટલે સુધી કે મઆઝઅલ્લાહ કત્લ કરી દેવા સુધ્ધાંના મનસુબા બનાવ્યા. તરેહ તરેહની ઇજાઓ પહોંચાડી, હુમલા કર્યા, વતન છોડવા મજબુર કર્યા પરંતુ એ દિવસ જલ્દી આવી ગયો, જે ઇતિહાસમાં ફતેહ મક્કાનો દિવસ તરીકે જાણીતો છે બધા બીરાદરીવાળા હાથ બાંધીને ઉભા હતા. ભોંઠપ અને શરમીંદગી એમના અસ્તીત્વ પર સ્પષ્ટ દેખાઇ રહી હતી. પરાજય પણ ભારે ઘોર થયો હતો. અલ્લાહ તઆલાના પ્યારા મેહબુબ, રહેમતુલલ્લીલ આલમીને હઝરત યુસુફ અલયહીસ્સલામના શબ્દો "લાતસરીબા અલયકુમુલ અવમ..... ફરમાવીને માફી અતા ફરમાવી દીધી.

મીસર અને કેરોના ઐતિહાસીક સ્થળો તેમજ ત્યાં રસપ્રદ માહીતીની આપણે સારી એવી શાબ્દીક સહેલ કરી. ત્યાંના નામાંકિત નબીઓ અને બુઝુર્ગોના ટુંકપરવર જીવન ઝરમર પર રોશની નાખી આપણને ઇમાનની તાજગી મળી. હું મારા નિશ્ચિત પ્રોગ્રામ પ્રમાણે લંડન રવાના થયેલો અને લંડન વિશે થોડું ઘણું લખાણ પણ લખેલું હતું. અચાનક ૧૯ જુન ૨૦૦૫ ના લંડનના બે અઠવાડીયાના પ્રવાસે જવાનું થયેલ. તો મેં જાનું લખેલ લખાણ એક કોરે મુકી દીધું. કેમકે આ વખતે ખાસ લખવાના હેતુથી અંગ્રેજોના દેશને જોયો, સમજ્યો અને અનુભવ્યો, સાથે અતિ યાદગાર ફોટા પણ લીધા. જે હવે પછી લખીશ. તેમાં લંડનની શાબ્દીક સહેલનો લહાવો ઉપરાંત રસપ્રદ માહીતી વાંચકોને મળશે. હવે પાછા સીરીયા ચાલીએ. અત્રે એક વાત નોંધનિય છે કે સીરીયાને અરબી ભાષામાં સુરીયા કહે છે. વિમાન

પર અરબીમાં સુરીયા લખેલું હોય છે.

ઈદે મિલાદુન્નબીના મુબારક દિવસે અને બરકતવંતી ઘડીઓ આ વખતે મદીનએ મુનવ્વરામાં ગુજારવાનોપ્રોગ્રામ પહેલાંથી જ નક્કી કરી રાખેલ હતો. હવે ગ્રુપ બનાવવામાં કોઈ મુશ્કેલી ન પડી. હું અને મારી પત્ની માશે નાનો પુત્ર ખાલીદ અને તેની પત્ની મારી વહુ અને મારી બે પુત્રીઓ જે ગયા વર્ષે અનિવાર્ય સંજોગોને કારણે મદીનએ મુનવ્વરાની હાજરી વખતે ગયા વરસે મારી સાથે આવી શકી ન હતી. આઠ જણના ગ્રુપમાં એક જણની કમી હતી. મારી બીજા નંબરની પુત્રી જે ગયા વર્ષે અમારી સાથે હતી. પરંતુ મક્કા મુકર્રમામાં તબીયત બગડતાં તે પુરા અરકાન ન કરી શકી અને સીરીયા પણ તેને કંઈ યાદ ન હતું. તેની બીમારી અને ત્યાં પડેલ મુશ્કેલીઓ આગળ જતાં લખીશ. આ વખતે ૧લી સફરના સઉદી અરબે વીઝા ખોલી દીધા હતા. પાસપોર્ટ તૈયાર હતા. ટ્રાવેલ એજન્ટને આઠ પાસપોર્ટ આપી દીધેલ. પાસપોર્ટની ફોટો કોપી જીદ્દાહ એરટ્રાવેલ માટે મોકલી જે એક અઠવાડીયામાં પાસ થઈને આવી ગઈ. હવે વીઝા માટે પાસપોર્ટ જમા કરાવવા માટે ટીકીટ સાથે મોકલવાનું જરૂરી હતું. સીરીયન એરલાઈનનું ભાડું હજી નક્કી થયેલ ન હોઈ અમને એક અઠવાડીયું ઈન્તેઝાર કરવા માટે કહેવામાં આવ્યું.

એજન્ટે કહ્યું કે ૧૫ દિવસની અંદર વીસા માટે પાસપોર્ટ જમા કરાવવા જરૂરી છે. મને ફીકર લાગી ગઈ પણ એક અઠવાડીયામાં સીરીયન એર લાઈનનું ભાડું નક્કી થઈને આવી ગયું. જે સઉદી એરલાઈન કરતાં ૨૫૦૦ રૂપીયા વધારે હતું તો તરત જ તે જ દિવસે ટીકીટ બનાવીને બીજા દિવસે વીઝા માટે પાસપોર્ટ જમા થઈ ગયા. ભીડ ન હોઈ સવારે જમા થયેલ પાસપોર્ટ સાંજે વીઝા લાગીને પાછા આવી ગયેલ.

સીરીયાના વીઝા માટે મોટા પ્રમાણમાં કાફલાના વીઝા અરજી માંગે છે. તેમનો સંપર્ક કરીને વીઝા માટે પાસપોર્ટની ફોટો કોપી મોકલી આપી આ વખતે ૨૫ ડોલર વીઝાના લીધા. જે ગયા વરસથી થોડાક વધારે હતા. પાસપોર્ટ માટે સીરીયાના વીઝા આવી ગયેલ.

૯ એપ્રીલ ૨૦૦૫ના જવાનું નક્કી કરેલ એક અઠવાડીયા સુધી પાસપોર્ટ અને વીઝા મારા બ્રફીકેસમાં પડેલા રહ્યા ન હતા. દર વખતે છેલ્લે દિવસે જ બધી કાર્યવાહી પુરી થાય!

શનીવારે વહેલી સવારે સાડા ચાર વાગે ફ્લાઈટ હતી. સીરીયન એરલાઈનના એરપોર્ટ મેનેજર ફારૂક ભાઈ, જેઓને મારી અવર જવરનો ગયા વરસે હું સીરીયા પણ ગયો હતો. એમણે ખયાલ થઈ ગયો એમને આગળની સીટો આપવા માટે કહ્યું. તેમણે કહ્યું કે તમે ફીકરજ ન કરો. પરંતુ જરા વહેલા આવી જજો.

અમે લગભગ એક વાગે એરપોર્ટ પહોંચી ગયા. ત્રાણ કલાક પહેલાં કાઉન્ટર ખુલે અને બોર્ડીંગની કાર્યવાહી શરૂ થાય થોડીક વાર ઈન્તેઝાર કરતા ફારૂક ભાઈ આવી ગયા. તેમના આવતાં જ કાઉન્ટર પર હલચલ શરૂ થઈ ગઈ. સામાન લઈને કાઉન્ટર પર પહોંચ્યા સામાન ઓછો હતો મુશ્કેલી પડી નહી. પરંતુ ફારૂક ભાઈએ એક ચિંતાજનક સમાચાર આપેલ કે ફ્લાઈટ બે કલાક લેટ છે અને જીદ્દાહની ફ્લાઈટ દોઢ કલાક પછી હતી. તે નીકળી જશે. મેં કહ્યું:

"અલ્લાહ બહેતર કરશે. તમે અહીથી મેસેજ આપી દયો કે ફેમીલી ગ્રુપ છે અને મારા જાણીતા પણ છે."

ફલાઈટ લગભગ સાડા છ વાગે રવાના થઈ જે લગભગ દમામ થઈને ત્યાં એક કલાકનો સ્ટોપ હતો. સાડા દસ વાગે એટલે કે આપણા સાડા બાર વાગે ત્યાં ફલાઈટ પહોંચી જે લગભગ અઢી કલાક લેટ હતી. પણ અલ્લાહની મહેરબાની કે વિમાનનો દરવાજો ખુલતા જ બે ઓફીસર અંદર દાખલ થયા અને કહ્યું કે જીદ્દાહના પેસેન્જર જલ્દી ચાલે.

અમો જલ્દી જલ્દી નીચે ઉતરીને એક ખાસ બસમાં બેસી ગયા. તે ઓફીસર પણ અમારી સાથે બેસી ગયો. સીધા બોર્ડીંગ ગેટ પર લઈ જઈને બોર્ડીંગ પાસ આપેલ અને પાંચ મીનીટમાં અમો વિમાનમાં બેસી ચુકયા હતા. અમે કહ્યું વઝુ અને એહરામ પહેરવું છે. તો કહે વિમાનમાં કરી લેજો અત્યારે બીલ્કુલ વખત નથી. ખેર વિમાનમાં બેસીને મેં વોશરૂમમાં જઈને સાવચેતીપુર્વક વઝુ કર્યુ અને એહરામ બહાર નીકળીને બાંધ્યું. હંમેશની જેમ આ વખતે મદીના જવાનું ન થયું. કારણ કે ઈદેમીલાદને હજુ ૧૧ દિવસની વાર હતી. એટલે પહેલાં મક્કા જઈને ઉમરા કરીને છ સાત દિવસ ત્યાં રોકાઈને મદીના જવાનું નક્કી કરેલ. ખેર વખતરસર જીદ્દાહ પહોંચી ગયા. જીદ્દાહમાં ઉમરાના ઝાયરીન અમો આઠ જણ જ હતા અલગ કાઉન્ટર ૧૦ મીનીટમાં અમારૂં ઈમીગ્રેશન પતી ગયું. એજન્ટનો માણસ ગાડી સાથે હાજર હતો જે અમને મક્કા લઈ ગયેલ એજન્ટની સલાહથી હોટલ બુક કરાવી જે નવી જ સગવડદાયી હતી. હરમ શરીફનો રસ્તો પાંચ મીનીટનો પડતો. આગળની બીલ્ડીંગો તુટી ગઈ હોય અમારી હોટલ સૌથી પહેલા હતી. ઝોહરની અઝાન વખતે મક્કા પહોંચી ગયેલ. હોટલમાં ઝોહર પઢી અને અસરની નમાઝ બાદ ઉમરા અદા કરવાનું નક્કી કરેલ. બપોરનું ભોજન પ્લેનમાં મળી ગયેલ હોઈ ખાવાનું રાને નક્કી કરેલ. તવાફમાં ભીડ બીલ્કુલ ન હતી. હજરે–અસવદને જોઈ દિલ બેકાબુ બની ગયું અને બધાએ જેટલા લઈ શકાય એટલા બોસા આરામથી લીધા. અને પછી સફા મરવા લઈ કરેલ. મગરીબ પહેલાં ફારેગ થઈ ગયેલ. ત્યાર બાદ તો રોજ તવાફમાં હજરે અસવદને ચુમવાની સઆદત હાસીલ થતી રહી. વહેલા જવાનો આ એક ફાયદો થયો. અમે શનીવારે પહોંચી ગયા હતા અને બુધવાર સુધી ભીડ ઓછી હતી. ગુરૂવારે અતરાફના લોકો આવી ગયા. ત્યાં એવો શીરસ્તો છે કે લોકો ગુરૂવારે આવી જાય અને જુમ્મા પઢીને જાય. એટલે ભીડ થઈ ગઈ. ખેર ચાર દિવસમાં આરામથી તવાફ થઈ જતો અને હજરે અસવદને ચુમવાનો, બોસા દેવાનો ઔલોકીક લહાવો અને સદભાગ્ય પણ હાસીલ થઈ જતો અને મગરીબ બાદ થોડો વખત કા'બા સામે બેસવાનો મોકો મળતો. કા'બા શરીફને જોવામાં પણ કહે છે કે સીનેર નેકી છે. અવાર નવાર કોઈ પાકિસ્તાની મળી જાય એક સરહદનો પઠાણ મળી ગયો તેણે કહ્યું કે હું સુથાર છું અને બીન લાદન જે ઉસામાના ભાઈઓની મોટી કંપની છે તેમાં કામ કરૂં છું. જે જગવિખ્યાન છે જેના જુદા જુદા બાવન ડીપાર્ટમેન્ટ તો સઉદીમાં છે. જેમાં હરમ શરીફની સફાઈ અને કન્ટ્રકશન શામેલ છે. હરમ શરીફ સામે બાબુલ અઝીઝ (ગેટ)ની સામે બહુમાળી ઈમારત બની રહી છે. ટાવર બનશે. ૭માથી

૧૦૦ માળાનો પ્રોગ્રામ છે. માણસો રાત દિવસ કામ કરે છે પણ ત્રણ વરસ થઈ ગયા બીજા પાંચેક વર્ષ લાગશે. હવે એમ સાંભળવા મળેલ કે બીન લાદન ખર્ચો, પ્લોટ સરકારનો અને ત્રીસ વરસની લીઝ બીન લાદનની પછી હરમની મિલ્કત.

સાંભળવા મુજબ એક ફ્લેટ કોમન, કીચન અને વોશરૂમ ત્રીસ લાખ રિયાલમાં, ત્રીસ વરસની લીઝનો ભાવ નીકળશે. પાકી માહીતી મળેલ નહી.

તે પઠાણ તેમાં કામ કરતો હતો અને ૭૫૦ રીયાલ પગાર આવતો, ૨૫૦ રીયાલ નોખા તે બહુજ ખુશ હતો અમને કહ્યું કે તમો હજારો લાખો રૂપીયા ખર્ચ કરીને ઉમરો કરવા આવો છો. હું અહી છ રીયાલમાં ઉમરો કરી લઉ છું. બે રિયાલમાં મસ્જીદે આઈશા જે મક્કાની મીકાત કહેવાય છે ત્યાં જઈને મારો અહેરામ છે તે પહેરી લઉ છું અને વાપસીના બસના બે રિયાલ આપીને ઉમરા કરી લઉ. ઉમરા અદા કરીને ટકો કરાવવાના બે રીયાલ એમ છ રીયાલમાં મારા ઉમરા થઈ જાય છે. હવે મને વધુ શું જોઈએ ?

એક લુહાર મળેલ કહે કે હું પણ એ જ કંપનીમાં કામ કરૂં છું બે વરસ થઈ ગયા. ખબર જ નથી પડતી. કેમ કે મગરીબ અને ઈશા અહી અચુક નમાઝ પઢું છું અને તવાફ કરૂં છું. આ પહેલાં હજ માટે ગયો હતો તો એક પાકિસ્તાની સુથાર મળેલ પુછતાં તેણે કહ્યું કે ૧૧ મહીના દુબઈ વગેરેમાં કામ કરીને હજનો એક મહીનો અહી પસાર કરૂં છું.

મેં કહ્યું:

"ભાઈ તારા પાસે હુન્નર છે તું ગમે ત્યાં જઈ શકે છે. તારે દુબઈ જવાની શું જરૂરત છે તું અહી જ કામ કર અને ઈબાદત કર !"

તેણે કહ્યું:

"નહી ! હું અગર પુરો વરસ રહું તો મને આ અરબ લોકોની જેમ કા'બાની અને હુઝુરના રોઝાની એ કદર નહી રહે. એક મહીના રોકાણમાં જે ખુશી થાય છે અને ઈન્તેઝાર પછી અહી મુબારક અને મુકદ્દસ સ્થળોની ઝીયારત કરવાની અનેરી જ મજા છે."

એમ અલગ અલગ વિચાર ધરાવતા માણસો મળતા રહે પરંતુ અકીદત પાકી તો પાકિસ્તાનીઓને જ સૌથી વધારે હોય છે. એવો મારો જાત અનુભવ છે. જુમ્આની નમાઝ બાદ મદીનાએ મુનવ્વરા જવાનું નક્કી કરેલ. બે દિવસ પહેલાં માર્ગમાં એક ટોયોટોવાળાને પુછેલ તો તેણે તરત જ તૈયારી બતાવી ૪૫૦ રીયાલ જે બીલ્કુલ વાજબી હતા. વાત પાકી કરીને અલ્લાહ વકીલ કીધેલ. તેણે અલ્લાહને ગવાહ બનાવી લીધો. જેથી પછી વાંધો ન આવે. એણે પોતાનો મોબાઈલ નંબર આપ્યો અને અમારા મોબાઈલ નંબર લઈ લીધા. તેનું નામ અબ્દુલ રહીમ હતું તે સાંઈઠ વરસના અટાપેટાનો હતો. નમાઝ બાદ તેનો ફોન આવેલ નમાઝીઓને ભારે ગીર્દીને લીધે એક કલાક લાગી જશે. અમે કહ્યું કે કંઈ વાંધો નહી. ડ્રાયવર એક કલાક પહેલાં જ આવી ગયો. સામાન વગેરે ગોઠવીને અમો બીસ્મીલ્લાહ કહીને દીયારે હબીબ તરફ રવાના થઈ ગયા.

મક્કાથી મદીના જવાનું હોઈ ના'તની પાંચ કેસેટો સાથે લઈ ગયા હતા. જે સાંભળતાં

સાંભળતા મદીના કયારે પહોંચી ગયા તેની ખબર જ ન પડી. માર્ગમાં થોડું આગળ જતાં ડ્રાયવરે અમને એક બાઉન્ડરી બંધાયેલી બતાવી. નાની બાઉન્ડરી હતી. તેણે કહ્યું કે આ ઇદ હલીમાનો મઝાર છે. અહી જવા નથી દેતા.

સૌથી પહેલાં જે ખુશનસીબ ખાતુનને હુઝુરે અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને દુધ પીવડાવાનું સદભાગ્ય હાસીલ થયું તે અબુ લહબની બાંદી "સોવયબા" હતા. જે મુબારક રાતે હુઝુર પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમની વિલાદત શરીફ થઈ. સોવયબા એ અબુ લહબને વધામણી આપી કે તમારા ભાઈ અબ્દુલ્લાહના ઘરમાં ફરઝંદની વિલાદત થઈ છે.

અબુ સહબે એ વધામણી સાંભળી તેને આઝાદ કરી દીધી અને હુકમ આપ્યો કે જાવ દુધ પીવરાવો.

અલ્લાહ તઆલાએ પોતાના મેહબુબ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની વિલાદત પર અબુ લહબે જે ખુશી અને મુસર્રત વ્યકત કરી તેના અઝાબમાં કમી કરી દીધી અને સોમવારે (હુઝુરની વિલાદતના દિવસે) તેના ઉપરથી અઝાબ ઉઠાવી લેવાય છે.

મીલાદ શરીફ પઢનારાઓ માટે આ હદીસમાં હજજત છે કે હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની વિલાદતની રાતે ખુશી અને મુસર્રતને વ્યકત કરે. મતલબ કે અબુ લહબ કાફર હતો તેની મઝમ્મત કુર્આન પાકમાં નાઝીલ થઈ ચુકી છે. જ્યારે તેણે મીલાદ મુબારકની ખુશી મનાવી અને તેણે પોતાની બાંદીને દુધ પીવરાવવા માટે આઝાદ કરી દીધી. તો હુઝુરે પાકની તરફથી અલ્લાહ તઆલાએ તેને તેનો બદલો અતા ફરમાવ્યો અને વિલાદતના મુબારક દિવસ એટલે કે સોમવારે તેને અઝાબથી રાહત મળી. વિલાદત– મીલાદ શરીફની ખુશી–ખુશાલી વ્યકત કરનાર મોમીનની સઆદત અને તેના અજરનું શું પુછવું અને કોણ તેનો અંદાજો લગાવી શકે છે. સોવયબા માટે હુઝુર મદીનએ મુનવ્વરાથી કપડાં અને ઈનામ મોકલાવતા હતા. (મદની યુગમાં) સોવયબાની વફાત 'ગઝવએ–ખયબર' પછી હીજરી સન ૮માં થઈ એજ સોવયબાએ સૈયદુશ–શોહદા હઝરત હમ્ઝા બીન અબ્દુલ મુત્તલીબને પણ દુધ પીવરાવ્યું છે. એ બીનાએ હુઝુરે અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અને હઝરત હમ્ઝા દરમ્યાન રઝાઈ ભાઈની નીસ્બત પણ સાબિત છે.

હુઝુરે પાકે સાત દિવસ સૈયદા આમેનાનું દુધ નોંશ ફરમાવ્યું અને થોડા દિવસ સોવયબાનું. ત્યાર બાદ હલીમા સાદીયાને દુધ પીવરાવવાની સઆદત હાસીલ થઈ. એજ મહાન ખાતુનના મઝારની બાઉન્ડરી દેખાડીને ડ્રાયવર કહી રહ્યો હતો કે અહી જવા નથી દેતા. એમનું નામ અને નીસ્બત જ 'હીલમ' અને 'વકાર' તથા 'સઆદત'ના ગુણ ધરાવે છે. એમનો સંબંધ બની સાઅદ બીન બકર કબીલા સાથે હતો. જેમની મધુર ભાષા, વાણીની મીઠાસ, સમતોલ આબોહવા તેમજ 'ફસાહત' અને 'બલાગત' (વકતૃત્વ છટા અને ભાષાકીય નિષ્ણાંતપણું) મશહુર હતી.

"હું અરબોમાં સૌથી વધારે 'ફસીહ છું એ માટે કે હું કુરેશી છું અને મેં બની સાઅદ બીન બકર કબીલાનું દુધ પીધું છે.

હઝરત હલીમા સાદીયાના દુધ પીવરાવવાના વિષયે હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમની જે ફઝીલત અને કરામતો તથા મોજેઝાઓ રિવાયતોમાં છે તેને આવરી લેવાનું કે શુમાર કરી લેવાનું હદથી બહાર છે. બરકત ખાતર ટુંકમાં વર્ણન કર્યુ છે. સ્વંય હલીમા સાદીયાનું કથન છે કે તેઓ ફરમાવે છે કે હું બની સાઅદ બીન બકર કબીલા સાથે દુધ પાવા માટે કોઇ બાળકને લેવા મક્કા મુકર્રમા આવી. એ જમાનો ભારે દુકાળનો હતો. આસમાનમાથી જમીન પર પાણીનું એક ટીપું પણ વરસ્યું ન હતું. અમારી પાસે એક ગધેડી હની. જે દુબળી હની, કમજોરીને લીધે ચાલી શકતી ન હતી. એક ઉટણી હતી જે એક ટીપું પણ દુધ આપતી ન હતી. મારી સાથે મારા બચ્ચાં અને પતિ હતા. અમારી તંગીની એવી હાલત હતી કે ન રાત ચેનથી પસાર થતી અને ન દિવસ આરામથી. અમારા કબીલાની ઓરતો જ્યારે મક્કા પહોંચી તો એમણે દુધ પીવરાવવા માટે તમામ બચ્ચાઓને લઇ લીધા. હુઝુર સલ્લલ્લાઓ અલયહે વસલ્લમ સિવાય. કારણ કે જ્યારે તેઓ સાંભળતી કે તેઓ યતીમ છે તો એમને ત્યાં જતી જ ન હતી. કોઇ ઓરત એવી રહી નહી કે જેણે બચ્ચાને લઇ લીધો ન હોય. માત્ર હું જ બાકી હતી અને હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમ સિવાય કોઇને જોતી ન હતી.

મેં મારા પતિથી કહ્યું:

"અલ્લાહની કસમ ! બચ્ચાને લીધા વિના મક્કા મુકર્રમાથી પાછા ફરવાનું મને સારું લાગતું નથી. હું જાઉ છું અને એ જ યતીમ બચ્ચાને લઇ લઉ છું હું એને જ (મારું) દુધ પીવરાવીશ." ત્યાર બાદ હું ગઇ. મેં જોયું કે હુઝુરે પાક દુધથી વધારે સફેદ ઉની કપડામાં લપટાયેલા છે અને આપનામાંથી મુશ્ક અને અમ્બરની ખુશ્બુઓ પ્રસરી રહી છે. આપની નીચે લીલું 'હરીર' (ઉમદા કાપડ) પાથરેલું હતું અને 'કફા' (ગુદી) ભેર સુઇ રહ્યા હતા.

હલીમા સાદીયા ફરમાવે છે કે:

મેં ચાહ્યું કે આપને નીદમાંથી બેદાર કરી દઉ. પરંતુ આપના હુસ્નો–જમાલ પર ફરેફતા થઇ ગઇ. પછી મેં ધીમેથી નજીક જઇને મારા હાથોમાં ઉઠાવીને મારો હાથ આપના મુબારક સીના પર રાખ્યો તો આપે તબસ્સુમ ફરમાવીને મુબારક આંખો ખોલી દીધી અને મારી તરફ 'નઝરે–કરમ' ઉઠાવી તો મુબારક આંખોમાંથી એક નુર નીકળ્યું જે આસમાન સુધી પરવાઝ કરી ગયું. મેં આપની બંને મુબારક આંખો વચ્ચે ચુંબન કર્યુ અને મારા ખોળામાં બેસાડી લીધા. જેથી દુધ પીવરાવું. મેં જમણી છાતી આપના મુબારક દહનમાં આપી તો આપે દુધ નોશ ફરમાવ્યું પછી મેં ચાહ્યું કે ડાબો પીસ્તાન દહેન મુબારકમાં આપું તો આપે લીધું નહી અને દુધ ન પીધું.

આપ જાણતા હતા કે હલીમાનો એક છોકરો પણ છે અને એ દુધ એના ભાગનું છે. હલીમા સાદીયા ફરમાવે છે કે ત્યાર બાદ એજ ક્રમ રહ્યો હુઝુરે પાક પોતાના રઝાઇ ભાઇ માટે એક પીસ્તાનને છોડી દેતા હતા.

પછી હું આપને લઈને પોતાની જગ્યાએ આવી અને મારા પતિને દેખાડયા. તેઓ પણ આપના જમાલ મુબારક પર આશીક થઈ ગયા અને શુકરનો સીજદો અદા કર્યો. તેઓ પોતાની ઉંટણી પાસે ગયા તો જોયું કે તેના આંચળ દુધથી ભરેલા છે. જો કે આ પહેલાં તેના આંચળમાં દુધનું એક ટીપું ન હતું. અમે દુધ દોહયું અને ખુબ ધરાઈને પીધું અને ખેર બરકત સાથે રાતે ચેનની નીંદે સુતા. આ પહેલાં ભૂખ અને પરેશાનીને લીધે નીદ આવતી ન હતી. મારા પતિએ કહ્યું.

"હે હલીમા ! બશારત અને ખુશી હોય કે તમે એ મુબારક ઝાતને લઈ લીધી. તમે જોતા નથી કે આપણને કેટલી ખયર અને બરકત હાસીલ થઈ છે અને આ બધું આ ઝાત મુબારકને તુફેલ છે.

બીબી હલીમા ફરમાવે છે કે એ પછી અમે થોડી રાતો મક્કા મુકર્રમામાં રોકાયા. એક રાતે મેં જોયું કે એક નુરે આપની આજુબાજુ ઘેરો નાખી લીધો છે. એક શખ્સ લીલા (હરા) કપડાં પહેરેલ આપના સીરાણે ઉભો છે. પછી મેં મારા પતિને જગાડીને કહ્યું: "આ જુઓ "

શોહરે કહ્યું: "હલીમા ખામોશ રહો ! અને આપણે ત્યાં હાલતને છુપાવો. ગુપ્ત રાખો. કારણ કે મને માલુમ પડયું છે કે જે દિવસે આ ફરઝંદની વિલાદત થઈ. યહુદીઓના આલીમોએ ખાવા પીવાનું છોડી દીધું છે અને એમને ચેન સુકુન નથી."

હલીમા સાદીયા ફરમાવે છે કે ત્યાર બાદ લોકોએ એક બીજાને રૂખસદ કર્યા અને મને પણ સૈયદા આમેનાએ જવાની ઈજાઝત આપી. હું મારા દરાઝમાં ગોશ (માદા ગધેડી) પર હુઝુરે પાકને મારા ખોળામાં લઈને સવાર થઈ. મારી ગધેડી ઘણી ચપળ–ચુસ્ત બની ગઈ અને પોતાની ગરદનને ઉપર તાણીને (ઝવાબથી) ચાલવા લાગી. અમે જ્યારે કાઅબાની સામે પહોંચ્યા. તેણે (ગધેડીએ) ત્રણ સીજદા કર્યા અને પોતાનું માથું આસમાન તરફ ઉઠાવીને ચીશ નાખી. પછી કબીલાના (સવારી)ના જાનવરોની આગળ આગળ દોડવા લાગી. લોકો એની ઝડપ જોઈને તાજજુબ કરવા લાગ્યા. કબીલાની બીજી મહીલાઓએ (જે મક્કામાંથી દુધ પીવરાવા માટે બાળકો લેવા આવી હતી) કહ્યું.

"હે બીન્તે ઝોવેબ ! શું આ એજ જાનવર (ગધેડી) છે જેની ઉપર બેસીને તમે અમારી સાથે આવ્યા હતા ? એ તો તમારો બોજો પણ ઉઠાવી શકતું ન હતું અને સીધી રીતે ચાલી પણ શકતું ન હતું.

મેં જવાબ આપ્યો.

"અલ્લાહની કસમ ! આ તેજ જાનવર છે અને તેજ ગધેડી છે. પરંતુ અલ્લાહ તઆલાએ આ ફરઝંદની બરકતથી તેને તાકાતવાન બનાવી દીધી છે." એ સાંભળી અમારા કબીલાઓની મહિલાઓ કહેવા લાગી: "અલ્લાહની કસમ આ (ફરઝંદ)ની મોટી શાન છે."

હલીમા સાદીયા ફરમાવે છે કે મેં મારી ગધેડીને જવાબ દેતાં સાંભળી કે:

"હા, ખુદાની કસમ ! મારી ઘણી મોટી શાન છે. હું મરીયલ હતી અમને જીવન અતા ફરમાવ્યું. કમજોર હતી મને કુવ્વત અને તવાનાઈ બખ્શી. હે બની સાઅદની ઓરતો !

તમારી પર તાજજુબ છે અને તમે ગફલતમાં છો. તમે નથી જાણતી કે મારી પુશ્ત (પીઠ) પર કોણ છે ? મારી પીઠ પર સૈયદુલ મુરસલીન, ખયરૂલ અવ્વલીન વલ આખેરીન અને હબીબે રબ્બુલ આલમીન છે."

હલીમા સાદીયા ફરમાવે છે કે રસ્તામાં ડાબે જમણેથી હું સાંભળતી (ગેબી અવાજને) કે "હે હલીમા ! તમે તવંગર થઈ ગયા અને બની સઅદનીઓરતો તમે બુઝુર્ગતરીન થઈ ગયા. હે હલીમા તમે જાણો છો કે તમારૂં દુધ પીનાર કોણ છે ? એ "મોહમ્મદ" (સલ્લલ્લલ્લાહો અલયહે વ આલેહી વસલ્લમ) આસમાન અને જમીનના રબના રસુલ અને તમામ આદમથી અફઝલ છે."

અમે બની સાઅદની વસ્તીમાં જ્યારે પહોંચી ગયા તો કોઈ બીજો પ્રદેશ તેનાથી વધારે દુકાળ ગ્રસ્ત અને ઉજજડ ન હતો. મારી બકરીઓ 'ચરાગાહ (બીડ)માં ચરવા જતી સાંજે ખુબ ભરપુર પેટે અને રૂષ્ઠપુષ્ઠ તથા દુધથી ભરેલી પાછી ફરતી તો અમે એ બકરીઓનું દુધ દોહતા અને અમે બધા ખુબ ધરાઈને પીતા અને બીજાઓને પીવરાવતા.

અમારી કોમના લોકો ચરવાહો (બકરીઓ ચરાવનારાઓ)ને કહેતા કે તમે પોતાની બકરીઓને એ જગ્યાએ લઈ જઈને શા માટે ચરાવતા નથી જ્યાં બીન્તે અબી ઝોએબ (હલીમા સાદીયા)ની બકરીઓ ચરે છે, જો કે અમે જાણતા હતા કે અમારા ઘરમાં આ ખયર અને બરકત કયાંથી આવે છે એ બરકત અને ખુશી ગેબી ચરાગાહોની હતી. ત્યાર બાદ અમારી કોમના ભરવાડોએ પણ અમારી બકરીઓ ચરાવનારાઓ સાથે બકરીઓ ચરાવવાનું શરૂ કરી દીધું. એટલે સુધી કે અલ્લાહ તઆલાએ એમના માલ અને એમની બકરીઓમાં પણ ખયર અને બરકત પેદા કરી દીધી અને હુઝુર સલ્લલ્લાહો અલયહે વસલ્લમે તુફેલ અને સદકામાં તમામ કબીલામાં ખયર અને બરકત ફેલાઈ ગઈ. હું જાણતી હતી કે આ સર્વ કંઈ હુઝુરના બુઝુર્ગ વજુદની બરકત છે.

હલીમા સાઅદીયા ફરમાવે છે કે હું હુઝુરે પાકને પારણામાં (મેહદમાં) ચાંદથી વાતો કરતા અને ઈશારા કરતા જોતી અને જે તરફ ચાંદને ઈશારો ફરમાવતા ચાંદ એજ તરફ ઝુકી જતો અને ફરિશ્તાઓ આપને ઝુલો દેતા.

દરરોજ એક નુર (સુર્ય જેવો) આપ ઉપર ઉતરતો અને આપને ઢાંકી લેતો. પછી આપ નજરે પડતા. આપ જ્યારે કોઈ વસ્તુ પર મુબારક હાથ રાખતા તો બિસ્મિલ્લાહ કહેતા. હું કદી પણ હુઝુરને દુર જવા દેતી નહી પરંતુ એક દિવસ મારાથી ગફલત થઈ ગઈ. આપ પોતાની રઝાઈ (દુધ શરીક બહેન) શીમા સાથે, જે આપની સાથે ખાસ કરીને રહેતી, ચાલ્યા ગયા. એ ગરમીના દિવસો હતા. તો હું આપની તલાશમાં નીકળી અને મેં આપને શીમા સાથે જોયા. મેં શીમાને કહ્યું: ગરમી અને લુમાં લઈને આવી ગઈ. શીમાએ કહ્યું: અમે ગરમીનો આપ મેહસુસ કર્યો નહી કારણ કે મેં જોયું કે વાદળનો ટુકડો આપ ઉપર સાયો કરી રહ્યો છે જ્યાં પણ આપ તશરીફ લઈ જતા વાદળ પણ સાથે જતું. એટલે સુધી અમે ઘરે પહોંચી ગયા.

હલીમા સાઅદીયાને એક દિવસ હુઝુરે પાકે ફરમાવ્યું "હે માદર ! ભાઈઓ સાથે જ્યારે

તેઓ બકરીઓ ચરાવવા જાય છે મને શા માટે મોકલતા નથી. જેથી હું સહેલ કરું અને તમારી બકરીઓ ચરાવું. તેથી હલીમા સાઅદીયાએ હુઝુરે પાકના પવિત્ર વાળોમાં કંગઈ કરી અને આંખોમાં સુરમો લગાવ્યો. કપડાં બદલાવ્યા અને બદનઝરીથી બચવા માટે આપની ગરદનમાં યમની તખ્તી બાંધી. હુઝુરે પાકે તેને તોડીને ફેંકી દીધી અને ફરમાવ્યું:

"મારો રબ મારો મુહાફીઝ છે." ત્યાર બાદ હુઝુર પોતાના રઝાઈ ભાઈઓ સાથે બહાર તશરીફ લઈ ગયા અને બકરીઓ ચરાવવામાં મશ્ગુલ થઈ ગયા. જ્યારે અર્ધો દિવસ વિતિ ગયો તો ઝમીરા હલીમાનો દીકરો, અબ્બાજાન, અમ્માજાન પુકારતો ભાગતો આવ્યો અને કહેવા લાગ્યો.

"મોહમ્મદ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) અમારી સાથે ઉભા હતા. અચાનક શખ્સ જાહેર થયો અને એમની નજીક આવીને એમને અમારી વચ્ચેથી પહાડની ઉપર લઈ ગયો અને સુવરાવીને એમને શીકમ (પેટ) મુબારકને ચાક કર્યો. (ચીરી નાખ્યો) એની આગળ અમે નથી જાણતા કે એમની શું હાલત થઈ. એ સાંભળી હલીમા સાઅદીયા અને એમના પતિ દોડતા ગયા. જ્યારે આપની પાસે પહોંચ્યા તો જોયું કે આપ પહાડ પર બેસી આસ્માન તરફ જોઈ રહ્યા છે. આપે જ્યારે એમને જોયા તો તબસ્સુમ ફરમાવ્યો.

હુઝુરે પાકના 'શક્કે– સદર' સીના મુબારક ચીરીને દિલને ફરિશ્તાઓએ ગુસલ દેવાનો કીસ્સો વિવિધ શબ્દોમાં જુદી જુદી રિવાયતોને હવાલે કીતાબોમાં મળે છે.

એક દિવસે હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમ બની લેસ બીન બકરમાં પોતાના રઝાઈ ભાઈઓ સાથે મેદાન–ખીણમાં હતા એટલામાં ત્રણ શખ્સો નજરે પડયા (જે મુકરબ ફરિશ્તાઓ હતા) તેમાંના એકના હાથમાં સોનાનો થાળ હતો જે બરફથી ભરેલ હતો. એકના હાથમાં ચાંદીનો 'બદનો' (પાણી નાખવા માટેનો નલકીવાળો લોટો) હતો. એમણે હુઝુરે પાકને એમના સાથીદાર (બાળકો) વચ્ચેથી ઉપાડી લીધા. બધા સાથીઓ મોહલ્લા તરફ ભાગી ગયા. ત્યાર બાદ એ ત્રણમાંથી એકે આપને જમીન પર નરમીથી સુવરાવ્યા એ એક સીના મુબારકને જોડમાંથી દુટી મુબારક સુધી ચીરી લીધો. હુઝુરે પાકને લેશ પણ તકલીફનો એહસાસ થયો નહી. પેટમાંની રગોને કાઢીને તેને બરફ અને 'ઓલા'ના પાણીથી સારી પેઠે ગુસલ આપી પાછી એમની જગ્યાએ રાખી દીધી. બીજા ફરિશ્તાએ તેના સાથીને કહ્યું કે હવે તમે હઠી જાવ. તે ફરિશ્તાએ પોતાના હાથને અંદર લઈ જઈને આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના મુબારક દિલને કાઢયું અને તેમાંથી એક 'કાળા નુકતા'ને કાઢયો અને ફેંકી દીધો. એ ફરિશ્તો બોલ્યો આ શયતાનનો હીસ્સો છે. પછી મુબારક દિલની એ વસ્તુથી ભરી દીધો જે તેમની પાસે હતી. પછી ફરિશ્તાએ પોતાની ડાબી જમણી બાજુમાં કંઈ ઈશારો કર્યો જાણે કે કોઈ વસ્તુ (અલૌકીક ગેબી મખ્લુક પાસેથી) માંગી રહ્યો છે તો એમણે એક 'અંગુશ્તરી' (અંગુઠી) નુરની આપી જેની નુરાનીયતથી આંખો અંજાઈ જતી હતી. ત્યાર બાદ હુઝુરે પાક સલલ્લાહો અલયહે વસલ્લમના મુબારક દિલ પર મોહર લગાવવામાં આવી.

હુઝુરે મેહબુબે રબ્બુલ આલમીન સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ફરમાવે છે કે મારૂ

દિલ નુરથી લબરેઝ થઈ ગયું તે નુર નબુવ્વત અને હિકમતનું હતું પછી દિલને એની જગ્યાએ રાખી દીધું. હું એ મોહરની ઠંડક અને ખુશી લાંબા અરસા સુધી મેહસુસ કરતો રહ્યો. એક રિવાયત પ્રમાણે હુઝુરે ફરમાવ્યું તેની ઠંડક અને ખુશી હું અત્યારે પણ મારા સાંધાઓ અને રગોમાં પામી રહ્યો છું. માલુમ પડયું કે એ નુરાની ઠંડક તમામ ઉમર શરીફ સુધી રહી. પછી ફરી ફરિશ્તાઓએ સીના મુબારક જોડથી નાફ સુધી હાથ ફેરવ્યો અને જીલ્દ મુબારક પહેલાં જેવી થઈ ગઈ. ત્યાર બાદ ફરિશ્તાએ આપને આહીસ્તગીથી ઉઠાવ્યા અને સીનાથી લગાવી આપની બંને મુબારક આંખો વચ્ચે બોસો આપ્યો અને કહેવા લાગ્યો:

"હે અલ્લાહના હબીબ ! કંઈ ન પુછો ? આપ તો (બધું) જાણો છો કે આપના માટે શું શું ખયર અને ખુબીઓ છે. ત્યાર બાદ ફરિશ્તાઓનું એ જુથ આસમાન તરફ પરવાઝ કરી ગયું. મશ્હુર સહાબી હઝરત અનસ રદીયલ્લાહો અન્હો ફરમાવતા હતા કે અમે હુઝુરે મેહબુબે રબ્બુલ આલમીનની મુબારક સીના અને શીકમ પર એ જોડના નિશાનને સીધી લકીરની જેમ જોતા રહેતા હતા.

હલીમા સાદીયા ફરમાવે છે કે જ્યારે આ મુબારક ઘટના બની તો મારા શોહર અને બીજાઓએ પણ સલાહ આપી કે બહેતર એજ છે કે હુઝુરને એમની વાલેદા માજેદા અને જદ્દેઅમજદ (દાદા અબ્દુલ મુત્તલીબ)ને સોંપી દેવા જોઈએ.

હલીમા સાદીયા ફરમાવે છે કે:

ત્યાર બાદ અમે આપને લઈને મક્કા તરફ રવાના થયા. મક્કાની નજીક પહોંચ્યા તો હુઝુરે પાકને એક જગ્યાએ બેસાડી હું મારી જરૂરીયાત માટે ચાલી ગઈ. પાછી આવી તો હુઝુરે પાકને પોતાની જગ્યાએ જોયા નહી. ઘણી તલાશ કરી પરંતુ કોઈ નિશાન મળ્યું નહી એટલામાં એક વૃધ્ધ શખ્સ લાઠી ટેકતો મારી પાસે આવ્યો: અને કહ્યું:

"હે સાદીયા ! રડો નહી ! અને ગમ ન કરો. હું તમને એક જગ્યાએ લઈ જાંઉ છું." મારા ઈન્કાર છતાં તે મને કાઅબામાંના સૌથી મોટા બૂત હબલની સામે લઈ ગયો. હબલ માથાભેર અમારી સામે પડી ગયો. બીજા બધા બૂતો પણ ઉંધા વળીને પડી ગયા. એટલામાં હબલના મોમાંથી આવાજ આવ્યો :

"હે બુઢ્ઢા ! અમારી સામેથી દુર થઈ જા ! શું તું નથી જાણતો કે બધા બૂતોની તબાહી અને તમામ પૂજારીઓની બરબાદી આ ફરઝંદે જલીલને હાથે થશે. રબ તઆલા હરહાલમા એમનો મુહાફીઝ છે. ત્યાર બાદ હલીમા સાઅદીયા હઝરત અબ્દુલ મુત્તલીબ પાસે પહોંચી ગયા અને બધી હકીકત કહી સંભળાવી. હઝરત અબ્દુલ મુત્તલીબે કાઅબા શરીફનો તવાફ કર્યો. બારગાહે ઈલાહીમાં ઈલ્તેજા કરી. ગેબી અવાજ સંભળાયો કે સરકારે દોઆલમ તહામાંની વાદીમાં એક દરખ્તની નીચે તશરીફ ફરમા છે. બધા જઈને હુઝુરે પાકને સવારી પર બેસાડીને ખુશ ખુશ મક્કા લઈ આવ્યા.

હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સવારી મક્કામાં પહોંચતા જ ખુશીથી

સમસ્ત વાતાવરણ ઝુમી ઉઠયું. હઝરત અબ્દુલ મુત્તલીબે ઘણું બધું સોનું અને બેશુમાર ઉંટો સદકામાં આપ્યા. ઘણી બધી દોલત આપની ઉપર ન્યોચ્છાવર કરી હલીમા સાઅદીયાને કીસમ કીસમના ઇનામ ઇકરામથી માલામાલ કર્યા. હલીમા સાદીયા સૈયદા આમનાની ખીદમતમાં હુઝુરે પાકને સુપુર્દ કરવા પહોંચી ગયા.

હલીમા સાઅદીયાનું દિલ હુઝુરે પાકની જુદાઈની કલ્પનાથી ધ્રુજી ઉઠયું. કોઇ રીતે તેઓ પોતાની જાત પર કાબુ પામી શકયા નહી કે હુઝુરે પાક નજરોથી દુર રહે. મનમાં ભિન્ન ઉત્કંઠા જાગી હતી કે કોઇ રીતે લાડલા મોહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો વિયોગ સહન કરવો પડે નહી. એટલામાં સૈયદા આમેનાએ ફરમાવ્યું:

મક્કામાં વબા ફેલાઇ છે તેથી ભલે તમે 'મોહમ્મદ'ને તમારા કબીલામાં પાછા લઈ જાવ."

આનંદ વિભોર બની ગયેલ એ ખુશનસીબ દાઇ હલીમા હુઝુરે પાકને ફરી ઉંટણી પર સવાર કરાવી પોતાના કબીલા તરફ રવાના થઇ ગયા. કેવી અનુપમ કિસ્મત. કેવી ખુશબખ્તી.

એજ હલીમા સાઅદીયાના મઝારથી થોડે દુર ગાડી રોકીને ડ્રાયવર કહી રહ્યો હતો કે અહી હલીમા સાઅદીયાનો મઝાર છે.

લાખો લાખો સલામ એ ખુશનસીબ ખાતુન પર ! જેને તમામ જહાંનોના પરવરદિગારના 'મેહબુબ'ને દુધ પીવરાવવાનું સદભાગ્ય હાસીલ થયું.

ખેર, ગાડી આગળ વધી તો માર્ગમાં દારૂલ શીફા હોસ્પીટલનો બોર્ડ દેખાયો. મને ગયા વરસનો બનાવ પુરેપુરો યાદ આવી ગયો. મારી પુત્રીને મેં પુછયું:

"આ હોસ્પીટલ યાદ છે ?" તો કહે કે નહી."

વાત એમ બની હતી કે ગયા વરસે મદીનામાં ૯ દિવસ તો હેમખેમ પસાર થઇ ગયા. છેલ્લા દિવસે રવાના થવાને સમયે મક્કા માટે ગાડી આવી. તો મારી પુત્રીને ચાલવામાં તકલીફ થઇ એક સીધો પગ અને હાથ કમજોર થઇ ગયેલ. જાણે લકવો લાગી ગયેલ. વાતચીતમાં પણ જરાક ફરક પડી ગયેલ. અમો ચિંતામાં પડી ગયા અને મક્કા પહોંચીને બે વ્હીલચેર મંગાવી અને વ્હીલચેર પર તેને તવાફ અને સફા મરવાની સઇ કરાવેલ બાદમાં હોસ્પીટલ લઇ ગયેલ. દવા વગેરે આપીને કરાચી જઇ ટેસ્ટ વગેરે કરાવવાનું કહેલ. જીદ્દાહમાં એક પાકિસ્તાની ડોકટર ઓળખીતો હતો તેને ફોન કરીને પુછેલ તો તેણે કહ્યું કે મક્કામાં એક પાકિસ્તાની હોસ્પીટલ છે. જ્યાં સાધન સામગ્રી મોજુદ છે તમે ત્યાં જાય. અમે તો બીસ્મીલ્લાહ કહીને ઉમ્મુલ–કુર્રા હોસ્પીટલમાં ગયેલ.ટેસ્ટ શરૂ કરેલ અને દવા ઇન્જેકશનની શરૂઆત થઇ જેનો ૮૦૦ રીયાલનો બીલ થયેલ. જે મેં જમા કરાવી દીધો. હજુ પણ ટેસ્ટ ચાલુ હતા. હવે સ્કીન ટેસ્ટકરાવવું પડશે. મારી પુત્રી કરાચીમાં સ્કુટર પરથી તેમના શોહર સાથે બુર્કામાં કોઇ કામસર જતી હતી એટલામાં બુર્કો વીલમાં ફસાઇ ગયો. તે નીચે પટકાઇ ગઇ માથામાં ચોટ આવી. હોસ્પીટલ લઇ ગયેલ. ઇલાજ ઇન્જેકશન વગેરે લગાવેલ અને

સ્કીન ટેસ્ટનું કહેલ તો તેને ગંભીર લીધેલ નહી અને કહે કે ઠીક થઈ ગયું છે. જરૂરત લાગતી નથી. તો કરાવેલ નહી.

ખેર, હવે કોઈ માથાની ચોટનું સ્કીન ટેસ્ટ અથવા એમ.આઈ.આર. કરાવી લેવું જોઈએ. હવે સ્કીન ટેસ્ટના ૯૦૦ રીયાલ કહેલ બીજા ટેસ્ટનો પણ બીલ બની ગયો હતો. નીચે ૩૦ ટકા ડીસ્કાઉન્ટ કરી દેવાની છુટ હતી. મતલબ કે ભાવ એવા હતા કે ૩૦ ટકા વધારે જ રાખીને બાદમાં ત્રીસ ટકા ઓછા કરી આપે.

અમે તપાસ કરી તો સરહદ પ્રાંતનો શેરઅલી નામે ડોકટર હતો. જે એમબીબીએસ હતો. તેની ઓફીસ અને તપાસવાનો રૂમ સારા જેવો ફર્નીશડ હતો. અમો ત્યાં ગયા. તો કહે કે તમો ટેસ્ટ કરાવી લ્યો જરૂરી છે. જ્યાં પણ જશો તો આ ટેસ્ટ કરાવવું જરૂરી છે અને પૈસાની ફીકર ન કરો તમે જેમ કહેશો કરી લઈશું. અમને આશ્વાસન આપીને સારી વાત કરેલ અમે કીધું અમારે હરમમાં નમાઝો પઢવી છે અહી કેટલી વાર લાગશે ?

તેણે કહ્યું.

"ઝોહરની નમાઝ બાદ રીપોર્ટ પણ આવી જશે અને પેસન્ટને લઈ જજો." અમો ગ્રીન સીગ્નલ આપી એટલે સ્કીન ટેસ્ટ માટે લઈ ગયેલ. ખેર ટેસ્ટ વગેરે થઈ ગયેલ ડો. શેરઅલીએ હોસ્પીટલમાં મસ્જીદ બનાવી રાખી હતી. નમાઝ બાદ ડોકટર પણ ચાલી ગયેલ અને રીપોર્ટવાળા કહે કે અસર બાદ આવશે. ત્યારે તમારો બીલ બનશે અને રીપોર્ટ પણ બાદમાં મળશે. હવે અમે ફસાઇ ગયા. ભૂખ પણ લાગી હતી.

હોસ્પીટલની બહાર નીકળ્યા સામે એક અરબી અથવા લબનાની રેસ્ટોરન્ટ હતી. તેમાં જઈને લન્ચ લીધું. ચાપાણી પીને પાછા આવ્યા. રૂમમાં બેઠા. માંડમાંડ અસરની અઝાન થઈ તો મસ્જીદમાં જઈને બેસી ગયા. અસરની નમાઝ પઢીને શેરઅલીએ કીતાબ ખોલી દર્સ આપવાનું ચાલુ કર્યું. હવે મને ભલો માણસ લાગેલ. દર્સ આપીને ઉભો થયો. અમો તેનાથી હાથ મેળવ્યો અને મને રીપોર્ટ અને બીલ જલ્દી બનાવી આપવાનું કહ્યું: તેણે જવાબ આપ્યો:

"હું ઓફીસમાં જઈને તમારૂ બીલ અને રીપોર્ટ મંગાવું છું તમો ૧૦થી ૧૫ મીનીટમાં મારી પાસે આવો."

અમો ઉપર ગયા તો સ્કીન ટેસ્ટનું ૧૮૦૦ અને બીજા બીલ ૧૨૦૦ના એમ ટોટલ ત્રણ હજારનું બીલ જોઈને અમે ચોંકી પડયા કે ભાઇ લોકો ૯૦૦ રીયાલ કહેતા હતા અને ૧૮૦૦ કેમ થઈ ગયા.

અમે ડો. શેરઅલીથી વાત કરી તો હાવભાવ બદલાઇ ગયા હતા. અમે કહ્યું ૧૮૦૦ સ્કીન ટેસ્ટના લગાવેલ જેના ૯૦૦ ૯૦૦ તો તમારા માણસે કહેલા હતા. તેણ કહ્યું કે કંઈક કરી આપું છું. તમારો બીલ ૩૦૦૦નું છે જે તમારા માટે ખાસ રિયાઅત કરી ૧૮૦૦ રીયાલ કરી દઉ છું. હવે ૯૦૦ રીયાલ તો પહેલેથી જ વધારે હતા. એટલે બીલ ૨૧૦૦નો હતો. જેમાંથી ૩૦ ટકા

કાપીએ તો વધુમાં વધુ ૧૫૦૦ થાય.

તો ભાઇ ડોકટરે આડી પાલીએ માપીને ૧૮૦૦માં ફેસલો કરીને જાણે કોઇ મોટો ઉપકાર કર્યો હોય તેવી વાત કરે. અમારી ઉપર તેની જે સારી છાપ હતી તે ભુંસાઇ ગઇ અને વિશ્વાસઘાત જેવું લાગ્યું.

મને પણ ગુસ્સો આવ્યો અને ટેન્શનમાં પણ હતો. એટલે નીચે ઉતરી ગયો. રીપોર્ટ સારો ન હતો. ખૂનની ગાંઠ જામી ગઇ હતી. એ લોકો તેને બ્રેઇન ટયુમર કહેતા હતા. ખેર, ડોકટરે બીલ બનાવ્યું, પણ આડી પાલીએ માપીને

આડી પાલીએ માપવાનો એક કીસ્સો આપણા તળપદી સાહિત્યનો ઘણો મશહુર છે. ભાગલા પહેલાના આપણા વતનના લોકો તેનાથી વાકેફ છે નવી પેઢીને પણ જાણવા મળે તે ખાતર આ કીસ્સાને ટુંકમાં અત્રે રજુ કરું છું.

અનાજના એક વેપારીએ ગામના જમીનદાર (એ સમયે તો જમીનદાર બાપુનું જ ગામમાં રાજ રહેતું હતું. તે જ મુન્સીફ અને તેજ પોલીસવાળો. તેનો જ ન્યાય) પાસે આવીને ફસલ (પાક)નો સોદો કરેલ. ફસલ પાકે તો પુરો માલ મને આપવાનો.

સોદો થઇ ગયો. પાલી એક માપ, જે આપણે ત્યાં રીવાજ હતો કે લગભગ એક શેરની પાલી. હવે પાક ઉતર્યો વેપારી ડીલીવરી લેવા ગયો તો જમીનદારે આવકાર આપીને પોતાના નોકરને કહ્યું કે અનાજ આપીને પૈસા લઇ લ્યો. નોકરને પહેલાંથી શીખડાવી રાખ્યું હતું તે મુજબ નોકર ઉંધી પાલીએ માપવા લાગ્યો. જેથી પૈસાનો હીસાબ વધી ગયો. જમીનદારની નિય્યતમાં ખોટ હતી. પહેલાંથી જ દાનત ખરાબ હતી.

વેપારીએ કહ્યું: "ભાઇ આ તો કેવી રીતે માપો છો ?"

જમીનદારે જવાબ આપ્યો:

"આપણી પાલીને હીસાબે વાત થઇ હતી. ઉંધી કે સીધીની વાત થઇ ન હતી.

ખેર, વાદવિવાદ પછી નક્કી થયું કે રાજાથી ફેસલો કરાવી લેવામાં આવે. રાજા વાજા અને વાંદરા ત્રણેય સરખા, રાજા પણ મુર્ખ માણસ હતો. તેની પાસે ઇન્સાફ કરાવવા બંને જણ ગયા.

વેપારી અને જમીનદારની વાતો સાંભળી અને બંને પક્ષોની દલીલોને સાંભળી કે પાલીની વાત થઇ હતી. જમીનદારે કહ્યું કે ઉંધી કે સીધી પાલીની વાત થઇ ન હતી. જ્યારે વેપારીનો આગ્રહ હતો કે બરોબર પાલીના માપસર હીસાબ કરવામાં આવે.

હવે ચતુરતામાં એકદમ ઝીરો એવા રાજાએ વચલો ચુકાદો સંભળાવી દીધો.

"જાવ ! સીધી અને ઉંધી બંને નહી વચલો માર્ગ એ કે આડી પાલીએ માપીને માલ આપી દો. બીજી રીતે ભરાની પાલીમાં તો કંઇક માલ આવે પરંતુ આડી પાલીના માપમાં તો વધારે નુકશાન થાય. એ પછી કહેવત મશહુર થઇ ગઇ. "આડી પાલીનો માપ."

અમારી સાથે આપણા પાકિસ્તાની ડોકટરે આડી પાલીનો ન્યાય કર્યો. એક દિવસના

લગભગ પચાસ હજાર રૂપીયા પાકિસ્તાની આડી પાલીને હીસાબે અમારી પાસેથી લુંટી લીધા.

ખેર, અલ્લાહનો શુકર કે બીમારીની ગંભીરતા અમને સમજાઇ ગઇ.

એ સાથે જ મેં કરાચીમાં મારા મિત્ર હાજી હનીફ તૈયબને ફોન કરીને વિગત સમજાવી. બીજા દિવસે શનીવારના અમે પાછા આવવાના હતા. તો ડો. ભટ્ટી પાસેથી ટાઇમ લઇ લ્યો. તેમણે ટાઇમ લઇ લીધો. અમો શનીવારે કરાચી પહોંચી ગયા. ડો. ભટ્ટીએ તપાસ કરીને ઓપરેશન કરાવવાનું કહેલ બીજા દિવસે એમ.આઇ.આર.નો રીપોર્ટ આવી ગયો. સોમવારે ઓપરેશન માટે બોલાવેલ. સોમવારે ઓપરેશન કરીને લોહીની બંધાયેલી ગાંઠ કાઢી નાખી.

મંગળવારે સવારે ડો. ભટ્ટી સ્પેશીયલ રૂમમાં જોવા માટે આવ્યો અને મારી પુત્રીને ઉભા થવાનું કહ્યું. તે પલંગમાંથી ઉતરીને ઉભી થઇ ગઇ. ટટ્ટાર ઉભી રાખતા તેને કોઇ તકલીફ થઇ નહી. ડોકટરે ચાલવાનું કહ્યું. મારી પુત્રી રૂમમાં દિવાલ સુધી ચાલીને પાછી વળી, "કોઇ તકલીફ છે ?" ડોકટર ભટ્ટીએ પુછયું.

કોઇ જ તકલીફ જ ન હતી. ડોકટરે કહ્યું: "તો પછી અહી હોસ્પીટલમાં શું કામ છે ? જાવ ઘરે જાવ !"

પછી ડોકટરે અમને સંબોધીને કહ્યું:

"બાર વાગ્યા પછી જશો તો રૂમનું એક દિવસનું ભાડું વધારે ચઢી જશે."

રૂમનો ચાર્જ ૧૨૦૦ રૂપીયા એરકન્ડીશન્ડ સાથે. કુલ ૩૫૦૦૦માં ઓપરેશન અને ઈલાજ વગેરે થઇ ગયેલ મારી પુત્રી બીલ્કુલ તંદુરસ્ત થઇ ગઇ. જે અલ્લાહનો ફઝલ અને ઉમરાની બરકત જ હતી. નહીતર મને તો એક વરસ તો ઈલાજનો પ્રોસીજર અને લાખોમાં ખર્ચનો અંદાજો હતો. ડો. ભટ્ટી જે દીમાગના સ્પેશીયાલીસ્ટ છે. તેમના માટે માન ઉપજ્યું. કયાં મક્કામાં લુંટતો ડો. શેરઅલી ને કયાં આપણા પાકિસ્તાનમાં રહેતો ડો. ભટ્ટી.

ગોરા કબ્રસ્તાનના વળાંક પર થોડું આગળ ડીફેન્સમાં એક સારી સગવડવાળી નેશનલ મેડીકલ સેન્ટર નામે હોસ્પીટલ છે. પાછળથી એક ગરીબ દર્દી માટે ભટ્ટી વાત કરતાં તેણે કહ્યું કે મોકલજો હું જોવાના પૈસા નહી લઉ અને બીજો કોઇ મામલો થશે તો પણ કરી લઈશું. એની સરખામણીમાં અમે તે બાદ મારી પત્ની બીમાર હતી તેને સીપીબરાર ખાતેની એક હોસ્પીટલમાં રાખ્યા હતા. જે એક સખી વજુદ ગ્રહસ્થો મધ્ય વર્ગનો વ્યાજબી ભાવે એ ગરીબોને ઝકાતમાંથી ઈલાજ કરાતું હોવાનું મશહુર કરી રાખેલ છે પણ મારો પનારો પડેલ, મારી પત્નીને સાત દિવસ દાખલ કરેલ ૩૫૦૦૦નું બીલ બનાવેલ. રૂમનો ચાર્જ ૧૫૦૦, આઇસીયુનો માત્ર પલંગનો ચાર્જ ૨૨૦૦ રૂપીયા.મેં શીકાયત કરી મોટા વિસ્તારની હોસપીટલોમાં ૧૨૦૦ રૂપીયા લેવાય છે. તમારે ત્યાં ૧૫૦૦ સો શા માટે મારી શીકાયતના જવાબમાં કહેવામાં આવ્યું કે ગરીબોને અમે ઝકાતમાં ઓછા કરી અપીએ છીએ. છે ને કમાલ ! ઝકાતમાંથી તો દરેક જગ્યાએ ફ્રી થઇ જાય. મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગ

કયાં જાય ?

ખેર, થોડા દિવસ પછી મારી પત્નીનો ઈન્તેકાલ ૨૧ જુન ૨૦૦૫ના થઈ ગયેલ.

લખવાનું તાત્પર્ય એ કે ત્રણેય હોસપીટલોની સરખામણી કરીને જોઈએ કે માણસના માનસની વાત છે. પૈસાપાત્ર હોય કે મધ્યમ વર્ગનો હોય, પૈસાની લાલચ કોઈને વધારે અને કોઈને ઓછી.

ખાનગી ગ્રહસ્થ વાળી હોસ્પીટલમાં લોહીની બોટલના વધુપૈસા લેવાય. ડોકટરને શીકાયત કરતા કહે કે અમારા ખર્ચા ઘણા વધારે થાય છે. તો એવું તો ચાલ્યા કરે છે.

એમ અમારી કાર મક્કા મુકર્રમાથી મદીના મુનવ્વરા તરફ આગળ વધી રહી હતી. થોડું વધુ અંતર કપાતાં એક ખુલ્લા મેદાનમાં છુટા છવાયા ઝાડ નજરે પડયા. ડ્રાયવરે કહ્યું. આ વાદીએ–ફાતેમા છે. જે એક જમાનામાં ખુબસુરત બગીચો હશે.

હું જ્યારે પણ હજ અને ઉમરા પર જાઉ છું તો ચા માટે દુધના ડબ્બા વાદીએ–ફાતેમા બ્રાન્ડ લઉ છું આગળ જતાં એક કુવો આવ્યો. જે દુરથી બતાવેલ અને ડ્રાયવરે કહ્યું કે આ કુવાનું પાણી પહેલાં ખારૂ હતું સરકારે દોઆલમે પોતાના મુબારક 'લુઆબે–દેહન' નાખતાં પાણી મીઠું થઈ ગયેલ. મદીના મુનવ્વરામાં એક એવા કુવાને જોવાનો મોકો મળ્યો હતો.

ખેર આ વખતે અમારી પાસે ના'ત શરીફની ચાર પાંચ કેસેટો હતી. સરકારની શાનમાં એક પછી એક ના'ત શરીફ સાંભળતા રહ્યા. અરબસ્તાનનું રણ હતું. મક્કાથી મદીના શરીફની સફર હતી. મદીનએ મુનવ્વરાની હાજરીના અહોભાવથી મન મગજ ઘેરાયેલા હતા. ના'ત શરીફના શબ્દો કાન દ્વારા સીધા દિલમાં ઉતરીને રૂહ સુધ્ધાંને અકીદતથી તરબોળ બનાવી રહ્યા હતા. અમે મદીના કયારે પહોંચી ગયા તેની વખતની કોઈ ખબર જ ન રહી.

મદીના મુનવ્વરા પહોંચીને ડ્રાયવરને હોટલ શોધવામાં થોડો સમય લાગી ગયો. ઈશાની નમાઝ મસ્જીદે શરીફમાં થઈ ગઈ. સાડા નવ વાગે હોટલે પહોંચી ગયા. વાજબી ભાડું ૧૧૦ રીયાલ ચાર બેડના. ખરા ખર્ચમાં ૩ સ્ટાર હોટલ હતી. હોટલ હતી ૧૦૦ રૂમની અને ૧૦ માળની. સેન્ટ્રલી એરકન્ડીશન્ડ હતી. રૂમ અને બાથરૂમ મોટા હતા. મુબારક સલામ નામ હતું. બાબુલ સલામની સાથે જ હતી. હરમ શરીફની સામેની પહેલી જ હોટલ કહેવાય પરંતુ ચાલવાનું હરમના ખુલ્લા ભાગમાં પણ લાંબો માર્ગ, પાંચ સાત મીનીટ લાગે.

હોટલની સગવડ સારી, કીચન પણ સારૂ, દરેક રૂમમાં ટુવાલ, ચાદર રોજ બદલી કરે અને સફાઈ પણ દરરોજ થાય. સાબુ અને શેમ્પુ પણ દરરોજ આપે. પાકિસ્તાની રેસ્ટોરન્ટ થોડીક દુર પડે. પરંતુ હોટલવાળાએ સગવડ રાખી હતી..... હોટલનું અમને કાર્ડ આપીને કહી દીધું કે જ્યારે ખાવાનું મંગાવવું હોય તો ઓપરેટરને ફોન કરશો તે..... નંબર મીલાવી દેશે અને તે ઓર્ડર પ્રમાણેનું ખાણુ હોટલ પર પહોંચાડી દેશે. બાદમાં અમે એ મુજબ જ ઓર્ડર આપી ખાવાનું મંગાવી લેતા.

મસ્જીદે નબવી શરીફમાં પણ વધારે ભીડ ન હતી. સોમવાર અને ગુરૂવારે ઘણા માણસો

રોઝા રાખે એટલે મરદોમાં અને ઓરતોમાં ઈફ્તારના દસ્તરખાન લાગે. અમો પણ સોમવારે અને ગુરૂવારે રોઝા રાખીએ.

ખેર, મોહંમદ નામે ઠઠ્ઠાનો એક સિંધી છે જે બત્રીસ (૩૨) વરસથી મદીનામાં રહે છ અને સબ્ઝ ગુમ્બદ સામે છત્રીવાળી જગ્યા છે ત્યાં રોજ મગરીબ અને ઈશા પઢે. સોમવાર અને ગુરૂવારે દસ્તરખાન બીછાવે મદદ માટે એક પોત્રા અને એક નવાસાને સાથે લઈ આવે. ૫૦થી ૬૦ માણસો તેના દસ્તરખાન પર બેસે. પાકિસ્તાનના બધા સિંધીઓ અહી આવે છે. હું પણ તેના દસ્તરખાન પર ઈફ્તાર કરું. સાથે કાજુ લઈ જાઉ. જે દરેક માણસને થોડા થોડા આપી દઉ. બધા પરસ્પર મોહબ્બતથી મળે. સિંધીઓ પણ મોહબ્બતથી મળીને સાથે ઈફ્તારીનો અનેરો આનંદ મેળવે.

મસ્જીદે નબવી શરીફમાં ઈફ્તારીની રૂહાની ખુશી કંઈક ઔર જ વસ્તુ છે. ઈફ્તારીમાં ૧૦થી ૧૫ ખજુરો ખાઈ લ્યો. તમને ખબર પણ ન પડે. આપણે ત્યાં તો આપણે ઈફ્તારીમાં બે ખજુરો માંડ ખાઈ લઈએ. અહી ઈફ્તારીમાં દહી અને ડબલ રોટી પણ હોય, સાંભળ્યા મુજબ માજી વડા પ્રધાન નવાઝ શરીફ પણ હાલમાં મદીનામાં મસ્જીદે નબવીમાં મગરીબ ઈશા પઢે છે અને રોઝા રાખે છે અને ઈફ્તારીનો દસ્તરખાન લગાવે છે. આ વખતે મક્કા મદીનાનો મોસમ ઘણો ખુશગવાર હતો. વરસાદ વરસતો અને વાદળો ઘેરાયેલા રહેતા.

રહેમતની વર્ષા અને વરસાદ બંને, અલૌકીક રૂહાની માહોલનું સર્જન કરતા હતા. રબ્બીઉલ્નો રબીઉન્–નુર, મીલાદ મુબારકનો મહીનો હતો. બારમીની રાતથી ભીડ વધી ગઈ. આ વખતે સૌથી વધારે ભીડ હતી. જે શુક્રવારે મગરીબની નમાઝ સુધી રહી.

હવે દર વરસે મીલાદમાં માણસો ઘણા વધી જાય છે આશીકાને રસુલ મગરીબ બાદ કોઈ તિલાવત કરે, કોઈ દુરૂદ શરીફ પઢે. કોઈ બે ચાર જણા ધીમે અવાજે ના'ત શરીફ પઢે. અમુક માણસો ફરતા હોય જે કહે કે દુરૂદે ઈબ્રાહીમ પઢો બાકી બીજી કોઈ ના'ત અને સલામ અહી ન પઢો.

ખેર મદીના શરીફની હાજરી વિશે ઘણું લખાઈ ગયું છે એટલે આ વખતે તેનો વધુ ઉલ્લેખ નહી કરું. અલબત એક વાત યાદ છે. થોડા વરસો અગાઉ હું ઉમરા માટે ગયેલ ત્યારે મારી એક પુત્રીએ મને કહ્યું હતું કે મદીનામાં એક બુઝુર્ગ છે. મસ્જીદે કુબા પાસે એમનો બગલો છે અને સવારે બે કલાક તકરીર અને વાએઝ કરે છે. હાજતમંદોને પાણીની બોટલ પઢીને આપે છે. હું આ વખતે ગયેલ તો હઝરત એક વિશાળ હોલમાં બેઠા હતા. તકરીર કરતા હતા. અરબીમાં તકરીર હતી. ખાસ સમજમાં આવી નહી. પરંતુ અંદાજો થયેલ કે જીન્નાતો કબ્જામાં છે. તકરીર બાદ લાવવામાં આવેલ બોતલો પર એક સામટો દમ કરેલ. જે અકીદતમંદ લઈ ગયા. મારી પાસે પાણીની બોતલ ન હતી. બહાર એક સ્ટોર પર પીર સાહેબના માણસો બેસતા હતા. જે ૫૦ રીયાલમાં પીર સાહેબે દમ કરેલ બોતલ આપતા હતા. મેં પુછપરછ કરી કે આ પીર ઉઘાડે છોગે ઈલાજ કરે છે અને પાણી અને તેલના પૈસા પણ લ્યે છે અને તેને કોઈ રોકતું પણ નથી. શું હકીકત છે ?

તો સાંભળવા મળેલ કે એક પ્રીન્સને તેનાથી ફાયદો થઈ ગયો તો પ્રીન્સે પોતાની વગ વાપરીને એને આ જગ્યા આપી અને વાએઝ તકરીરની તેમજ આ કામ માટેની રજા મેળવી આપી. એમ પણ સઉદીયામાં પ્રીન્સ લોકોનું વર્ચસ્વ છે.

કોઈ બીલ્ડીગ બને કે કોઈ મોટો વેપાર ઉધોગ હોય પ્રીન્સની અવશ્ય ભાગીદારી અથવા હીન હોય. ખેર, આવું દરેક દેશમાં બનતું હોય છે. હાલમાં અમેરીકાના દબાણથી સુધરાઈની ચુંટણીઓ કરાવવામાં આવશે. જે સઉદી ઈતિહાસમાં પહેલી ચુંટણી હશે.

મક્કાથી મદીના જતાં માર્ગમાં અબ્દુલ રહીમ ડ્રાયવરે ડીઝલ ફુલ કરાવેલ. મેં પણ નીચે ઉતરીને પેટ્રોલ અને ડીઝલના ભાવ જોયા. પેટ્રોલ ૯૦ પૈસા ૧૦ રૂપીયાનું એક લીટર, લગભગ૧૫ રૂપીયા પાકિસ્તાની. એક રીયાલનું ત્રણ લીટર ડીઝલ.

એક જમાનામાં હું હજ માટે જતો ત્યારે અર્ધા રિયાલમાં એક ગેલન. જે લગભગ ચાર લીટરથી વધારે હોય. તે આપણા રૂપીયાના લગભગ ૧૦૦ના ૯૦ સઉદી રીયાલ મળતા હત. એ ૧૯૭૦ની વાત છે.

મોઅલ્લીમ એજન્ટ ઈન્ડીયાનો કીડવાઈ નામે હતો. બહુ સારો માણસ. તેને કાર માટે કહી દીધું તેણે પાકિસ્તાની કારવાળાને મોકલી દીધો. તેણે આવીને કહ્યું:

"હાજી સાહેબ, હું પણ આપનો પાકિસ્તાની ભાઈ છું ગાડી મારી છે પણ હું ચલાવી નથી શકતો. અહીના કાનુન મુજબ સઉદી ડ્રાયવરોને ગાડી ચલાવવાની છુટ છે અથવા સઉદી માલીક હોય તો તેના નોકરને ગાડી ચલાવવાની છુટ હોય. આજ કાલ દરેક દુકાનમાં પણ સઉદીને નોકર રાખવું જરૂરી છે. દિવસે દિવસે અહી સખ્તાઈ વધતી જાય છે.

એજન્ટે જીદ્દાહ એરપોર્ટ પર ટીકીટો લઈ લે છે. મેં કીડવાઈને ૬ માણસની ટીકીટો મંગાવી લેવાનું કહ્યું. માણસ વહેલો મોડો થાય તો એરપોર્ટ પર તકલીફ ન થાય. ટી.સી.એસ.થી ટીકીટો આવી ગઈ એટલે મને શાંતિ થઈ.

રવિવારે ફજરની નમાઝ અદા કરીને અમે મદીનાથી જીદ્દાહ રવાના થયા. આ વખતે કરાચી શેર બજારના મોટા મોટા રાજા કહેવાતા માણસો આવ્યા હતા. એરો એશીયાવાળા યાકુબ તાબાણી, અકીલ ઢેઢી એવા ઘણા મોટા માણસો ઈદે મીલાદુન્નબી નીમીત્તે મદીના મુનવ્વરામાં આવેલ હતા. અલ્લાહ આ મુબારક ઘડીઓ મદીનામાં પસાર કરવા દરેક મુસલમાનમાં શોખ પેદા કરે, આમીન.

પ્લેન વખતસર હતું. સામાન બોર્ડીંગ કરાવી લીધેલ. સીટો આગળની ન આપી, છેવાડે સીટો મળી. દમામમાં પેસેન્જરો ઉતરી જતાં અમો આગળની સીટો પર બેસી ગયા. દમામથી પ્લેન રવાના થયું. બે કલાક બાદ દમીશ્ક એરપોર્ટ આવી ગયું.

દમામમાં વરસાદ હોઈ પ્લેનમાં આંચકા આવતા અને સીટ બેલ્ટ બાંધી લેવાનું કહેલ. ઘણા માણસો પ્લેન હાલક ડોલક અને ફજલ ફાલકાની જેમ ઉચું નીચું થતાં તિલાવત અને દુરૂદનો વીર્દ ચાલુ રાખેલ. મેં મારી સાથેની ફેમીલીને 'યા હફીઝો'નું વીર્દ કરવાનું કહ્યું.

વરસાદ ખતમ થતાં પ્લેન સ્થિર થઈ ગયું બધા મુસાફરોની જાનમાં જાન આવી.

આપણે આસમાનમાં અધ્ધર હોઈએ તો માનસીક રીતે એવું લાગે કે કોણ જાણે એક સેકન્ડમાં શું થઈ જશે ? કાચા મનના માણસો અને ઓરતો રડવા લાગી ગઈ.

એમ તો જોવામાં આવે તો બાયરોડ વધુ અકસ્માતો થાય છે અને મૃત્યાંક પણ ઘણો ઉંચો છે. મદીના, મક્કા, જીદ્દાહ રોડ પર ઘણા અકસ્માતો થાય છે. પરંતુ બસ, ગાડી કે વેનમાં એવો ડર ન લાગે.

ખેર, અમે દમાશકસ એરપોર્ટ પર ઉતરી ગયા. બીજી ફ્લાઈટ ટાન્ઝાનીયાથી આવી હતી. ટ્રાન્ઝીટ ફ્લાઈટ હતી. જેમાં ૫૦ વોહરા ભાઈઓ અને મહીલાઓ ઝીયારત માટે આવેલ હતા. તેમનો એજન્ટ બીજો હતો. નહીતર પાકિસ્તાન, ઈન્ડીયા, ઈરાન અને આસપાસના જેટલા પણ લોકો ઝીયારત માટે આવે છે તેમનો એક એજન્ટ અબ્દુલ કરીમ સીયલાબી નામે છે. જેની સર્વીસ પણ પુરી હોય. ગ્રુપ માટે અલગ કાઉન્ટર હોય. વોહરા બીરાદરીના ભાઈઓ એન્ટ્રીમાં લાગી ગયા. પછી અમારો વારો આવ્યો.

એટલામાં અમારા એજન્ટનો માણસ જે એરપોર્ટ પર આવેલ હતો તેનો મોબાઈલ ઈમીગ્રેશન કાઉન્ટર પર આવી ગયો. સ્ટેમ્પ લાગી ગઈ તો બેંક કાઉન્ટર પર ગયો.

ડોલરના સીરીયન ૫૦ પાઉન્ડ, અહીથી વટાવી લેવામાં સગવડતા અને કાનુની એક ડોલરના ૫૩ પાઉન્ડ મળે.

કાઉન્ટર પર એક વોહરા મહિલા અને એક પુરૂષ બંને ઉભા હતા અને બેંકના કેશીયર સાથે માથાકૂટ કરતા હતા. તેમણે સો (૧૦૦) ડોલરની નોટ આપી હતી અને બેંકના કેશીયરનું કહેવું હતું કે તમે ૨૦ ડોલરની નોટ આપી છે. વહોરા ભાઈ એક નોટ બતાવીને કહે આ મારી નોટ છે. પેલો નોટો ગણવા લાગેલ. એટલામાં પહેલી બાનુ ઈમ્મીગેશનના એક ઓફીસર પાસે પહોંચી ગઈ. બધી વાત જણાવી તેને સાથે લઈ આવી અને કહ્યું કે મેં સોની નોટ આપી છે અને આ કેશીયર વીસની નોટ આપી હોવાનું કહે છે.

કેશીયરે તેમનું નામ અને પાસપોર્ટ નંબર લખીને ૧૦૦ ડોલર પાછા આપી દીધા. કેશીયરની નિય્યત ખરાબ ન હતી, ભુલી ગયો હતો. પછી તેમને પુરતો જવાબ ન આપે. ટેન્સનમાં હતો. થોડીક વાર પછી હીસાબ જોડી લીધો. પછી હું તેની પાસે ગયો અને સીરીયન પાઉન્ડ મેળવી લીધા.

ડોલર આપણે દમાસ્કસ શહેરમાં પણ વટાવી શકીએ પરંતુ ભાવ લગભગ સરખો. એટલે અહીથી કેશ કરાવી લેવાનું વધારે સારૂં. સામાન માટે ટ્રોલી લેવા ગયા તો એક ડોલર એક ટ્રોલીનું ભાડું. ચાર ડોલર આપીને અમે ચાર ટ્રોલી લીધી. બજારમાં કાનુની રીતે કરન્સી વટાવવાની મનાઈ છે. છુપી રીતે લેવડ દેવડ થતી રહે છે.

સામાન ભરીને બહાર નીકળ્યા. સલબીનો માણસ મોજુદ હતો. હાઈએસ લઈને આવેલ હતો. હાઈએસના ડ્રાઈવરને જોઈને હું અચમ્બામાં પડી ગયો.એ અમારો ગયા વરસનો ડ્રાવયર અને ભોમીયો નબીલ હતો. તે મને જોઈને ભેટી પડયો અને બહુજ ખુશ થયો અને નોપાર્કીંગની જગ્યામાં જ સામાનને વેન ઉપરના કેશીયરમાં ચઢાવવા લાગ્યો. એટલામાં એક

પોલીસવાળો આવી ચઢયો અને આપણી જેમ લાયસન્સ લઈને ચાલ્યો ગયો. થોડી દુર ઓફીસર બેઠો હતો. તેની બુક અને ચાલાનના કાગળીયા હતા. તરત જ તે ચાલાન બનાવવામાં પરોવાઈ ગયો. ગાડી પાસે નબીલ અને એજન્ટના માણસે તેને ઘણું સમજાવ્યું તે માને તો રિવાજી પોલીસવાળો શાનો !

હવે મારો વારો હતો. હું સીધો પોલીસ ઓફીસર પાસે પહોંચી ગયો અને માંડ માંડ, ભારે લમણાઝીક પછી તેને સમજાવ્યું કે મારી ફેમીલી માટે એણે ગાડી અહીયા ઉભી રાખી હતી. પેલા ઓફીસરને ગળે મારી વાત ઉતરી ગઈ અને પેલા પોલીસવાળા પાસેથી નબીલનું લાયસન્સ લઈને મને આપી દીધો.

પેલા પોલીસવાળાએ તો દહાડી બનાવવાની હતી. ખેર, પછી મેં પુછતાં જાણવા મળ્યું કે બશરૂલ અસદ તેના પિતાની સરખામણીએ વધુ લોકપ્રિય બનવા ચાહે છે અને તે માટે પ્રયાસો કરે છે. તેણે સરકારી નોકરો અને પોલીસવાળાઓ દરેકનો પગાર ડબલ કરી આપેલ છે. ત્રાણસો ડોલર પગાર. નવી ભરતી બસ્સો ડોલરથી કરાય. ત્યાં મોંઘવારી પણ નથી, એટલે કે સીરીયા અને દમાસ્કસમાં વસ્તુઓના ભાવ ઉચા નથી. ઘણી બધી વસ્તુઓ સસ્તી મળે છે. પરંતુ ઘણી બધી વસ્તુઓના ભાવ લગભગ પાકિસ્તાની ભાવ જેવા.

ખેર, અમે હાશ્મી એરપોર્ટ પહોંચી ગયા. ઝુહેર હતો નહી તેનો નાનો ભાઈ હુમેર અને માણસો હતા. જે મને સારી પેઠે ઓળખતા હા. મેં તેમને કહ્યું:

"હું ગયા વરસે રોકાયો હતો તેજ ફ્લેટ મને આપો". તેઓ તરત જ ગ્રાઉન્ડ ફ્લોરમાં ગત વરસે અમે રોકાણા હતા તે ફ્લેટ બતાવેલ. તેમાં કીચન ફ્રીઝ વગેરે સહિતની સગવડો હતી. એટલે ત્રાણ રૂમના ફ્લેટમાં અમે સામાન ગોઠવી દીધો. થોડોક આરામ કરવા પલંગ પર પડયા.

મેં નબીલને રોકાવાનું કહી દીધું હતું. કારણ કે સાથે પ્રોગ્રામ નક્કી કરવો હતો. જેથી ક્રમબધ્ધ રીતે દમાસ્કસ તેમજ સીરીયાના બીજા વિસ્તારમાં આવેલ સ્થળોની મુલાકાત લઈ શકાય. થોડી વારમાં ઝુહેર આવી ગયો. તેને મેં જીદ્દાહથી મોબાઈલ ફોનથી મેસેજ કર્યો હતો. જે તેને મળી ગયેલ હતો. તે કહેવા લાગ્યો:

"હાજી સાહેબ ! આપ અમારી બીલ્ડીંગના બીજા માળે આવી જાવ. ત્યાં સફાઈ અને મેન્ટેનેન્સ વધુ સારા છે.

મેં કહ્યું:

"નહી ! અમને અહીજ ઠીક છે અને વાલીદા પણ છે."

તે કહેવા લાગ્યો:

"લીફ્ટ છે." એટલું કહીને તે અમને ઉપરના સારા ફ્લેટમાં જે વધારે સગવડદાયી હતો શીફ્ટ થઈ જવા સમજાવવા લાગ્યો અને અંતે મારા પુત્રને ફ્લેટ જોવા સાથે લઈ ગયો. ફ્લેટ તો એક સરખો હતો પરંતુ સાફસફાઈ વધારે હતી. ફેમીલીથી સલાહ મશ્વેરો કરતા તેમણે કહ્યું કે અમને અહીજ ઠીક છે.

પછી ઓફીસમાં જઈને પ્રોગ્રામ વિશે ચર્ચા કરી.

ઝુહેરે પુછયું:

"કેટલા દિવસનું આપનું રોકાણ છે ?"

મેં કહ્યું:

"છ દિવસ છે પરંતુ આજનો દિવસ કાઢી નાખો અને પાંચ દિવસનો પ્રોગ્રામ બનાવો."

મેં કહ્યું:

"મારે ટોટલ ઝીયારતો કરવી છે. ઝીયારતના સ્થળો દુર કે નજીક હોય."

નબીલ સાથે જુદા જુદા વિસ્તારો અંગે વાતચીત કરીને ઝુહેરે કહ્યું:

"કાલે દમાસ્કસમાંની ઝીયારતો કરી લ્યો અને પરમ દિવસે વહેલી સવારે સાડા છ વાગે નીકળી જાવ અને દુરના વિસ્તારોમાં જઈને રાતના નવથી દસ વાગે પાછા આવીજશો." દુર વિસ્તારનું અંતર, આવવા જવાનો રસ્તો, વગેરેની થોડી મુદ્દાસરની ચર્ચા પછી બે દિવસમાં દુરની ઝીયારતો કરવાનું વિચાર્યું.

તેમણે કહ્યું ટોટલ ૬૦૦ કીલો મીટર દુર જવાનું છે. જો એક દિવસમાં ૪૦૦ કીલો મીટરના વિસ્તારમાંની ઝીયારતો કરશો તો બીજા દિવસે રક્કા સહિતનો ૬૦૦ કીલોમીટરનો વિસ્તાર જોઈ આવશો. એટલે વાજબી એ જ છે કે એક દિવસ બધી ઝીયારતો કરી લેવાનું નક્કી થયું. ભાવતાલ કરવાનું મુશ્કેલ હતું. તે લોકો કહેવા લાગ્યા. અમારી ઉપર બધું છોડી દો, ઝુહેરે પણ એવો જ સુર પુરાવ્યો અને કહ્યું કે કાલથી પાંચ દિવસ સુધી નબીલ આવશે અને છેલ્લે દિવસે શુક્રવારે એરપોર્ટ પણ મુકી આવશે. વાત થઈ ગઈ. પ્રોગ્રામ બની ગયો પૈસાની વાત થઈ નહી ખેર, મને પણ ભરોસો હતો કે એ લોકો વધુ પૈસા નહી માંગે.

બીબી ઝયનબનો રોઝો રૂમથી નજીક હતો. સાંજે ઘરની મહીલાએ જઈને ફાતેહા અને નમાઝ વગેરે ત્યાં પઢી આવી.

થોડીવાર બાદ હું અને મારો પુત્ર ખાલીદ બહાર નીકળી ગયા અને ઝયનબીયાનો આંટો હતો લગાવી આવ્યા.

બીબી ઝયનબના મઝાર પર ફાતેહા પઢી.

હવે ખાવા પીવાના બંદોબસ્તની ફીકર થઈ. આ વખતે ગયા વખતના અનુભવથી સીરીયા માટે ખાસ કોરમો બબરચી પાસે બનાવીને ટીન પેક કરાવી લીધો હતો. જેથી બપોરના તો બહુ મજા પડે. સવારે રૂમમાં જ નાસ્તો બનાવી લેવાય. કીચન મોજુદ હતો. રોટીનો પ્રોબ્લેમ ડબલ રોટી. ડબલ રોટી ત્યાં સોફ્ટ મળે નહી. નાન રોટી ઠંડી પડી જાય તો મજા ન આવે. અમે એક નવી શોધ કરી શમઉન કહે. હથેળી જેવડી રોટી કે ડબલ રોટી જે કહો તે ચાલે. તંદુરમાં બનાવી, જે સવેરમા વાળાની ખાસ રોટી હતી. મોટી રોટી પાંચ પાઉન્ડની બે અને નાની રોટી પણ પાંચ પાઉન્ડની એ પણ બહુ જ સોફ્ટ અને સ્વાદિષ્ટ. જે અમે રાત માટે અને સવાર માટે લીધેલ. બાકી નાસ્તા માટે ઈંડા અને તેલ તેમજ બીજી જરૂરી વસ્તુઓની ખરીદી કરીને ફ્લેટ પર પહોંચ્યા એદરમ્યાન ઓરતો બીબી ઝયનબના મઝાર પર ફાતેહા

પઢીને આવી ગઇ હતી.

કોરમાનો ટીન ખોલીને ગરમ થતાંની સાથે જ ખાવા બેસી ગયા. ગુઝારો થયેલ. હોટેલમાં ફીકું મળે. કારણ કે અરબ દેશો, યુરોપ દેશો અને અમેરીકામાં દરેક જગ્યાએ મરચાં ઓછા ખવાય. બલ્કે નામ પુરતા પણ નહી. આપણને મજા ન પડે. એટલે સાથે ટીન લઇ ગયેલા.

સીરીયામાં હોટલો ઘણી. ત્યાં પણ આપણને આપણી ખાવાની આઇટમો મળી જાય. ૩૫ રૂપીયા તો કોલ્ડ ડ્રીંકની બોતલના જે પાણીને બદલે લઇ લ્યો.

સવારે નાસ્તાથી પરવારીને માંડ ઉઠયા હતા કે દરવાજે નોક થયો. નબીલ આવી ગયો હતો તેનો તકીયા કલામ હતો "બાબા નબીલ મોજુદ" ૧૦ વાગે નબીલ આવી ગયેલ. અમો હજુ તૈયાર ન હતા. ગાડીમાં બેસતાં બેસતાં ૧૧ વાગી ગયા અને એજ ગયા વરસની યાદ તાજી કરતી સડકો પર અમારી ગાડી દોડતી થઇ ગઇ.

હવે આજે તો દમાસ્કસની ઝીયારતો કરવાની હતી. અમે અમારો કાર્યક્રમ નબીલ પર છોડી દીધો હતો. જ્યાંથી શરૂઆત કરે. ગાડી આગળ વધતી રહી. થોડીવારમાં એક ફેશનેબલ વિસ્તાર, આપણા તારીક રોડ જેવો દેખાય ત્યાંથી પસાર થવા લાગી.

મેં પુછયું.

"ભાઇ આ કયો ઇલાકો છે ? પહેલાં અમે જોયેલ નથી." નબીલ કહેવા લાગ્યો:

"આ બાબ તુમા ગેરમુસ્લીમ ઇસાઇઓનો વિસ્તાર છે. તે લોકો અતરાફમાં પરાવિસ્તારોમાં રહે છે. આ તે લોકોની દુકાનો છે."

વિસ્તારને જોતાં માલુમ પડયું કે જીન્સની પેન્ટ અને ટુંકા શર્ટમાં અમુક યુવતિઓ ફરતી દેખાઇ. તે મોટે ભાગે બીન મુસ્લીમ હતી. થોડાક આગળ જતાં આપણે ત્યાં જેમ હીરોઇનચી બેઠા હોય તેમ શરાબી-દારૂના નશામાં ચુર કેટલાક લોકો બેઠેલા દેખાયા. ડ્રાયવરે ગાડી રોકી તો એક શરાબી ગાડી પાસે આવીને નબીલ પાસેથી પૈસા માંગવા લાગ્યો. નબીલે પણ થોડી મજા લઇને તેને કંઇક આપ્યું. મેં નબીલથી નારાજી દર્શાવી કે શરાબીને પાછો બોલાવીને પૈસા આપ્યા.

પાછળથી ઝુહેરને પુછતાં તેણે બતાવ્યું કે સીરીયામાં ૨૦ ટકા ખ્રીસ્તીઓ અને બે ટકા યહુદીઓ છે.

આ લોકોના લીબાસને જોઇને અમુક લોકો કહે છે કે સીરીયામાં છોકરીઓ પેન્ટ શર્ટ પહેરે છે. જો કે મુસલમાન યુવતિઓ અને ઓરતો બુરકામાં અને નકાબમાં આવતી જતી દેખાય છે. ખેર, સૌથી પહેલાં નબીલ અમને અસહાબે કહફની પહાડી પર લઇ ગયેલ. અટપટી ગલીઓ અને ઉંચાઇ.

એટલા સાંકડા રસ્તા કે સામેથી કોઇ ગાડી આવે તો મુશ્કેલી થાય. ગલીઓ પસાર કરીને એક મોટા દરવાજા પાસે આવીને ગાડી ઉભી રહી ગઇ. પાંચ છ પગથીયા ઉપર એક મોટો ગેટ હતો. જે બંધ હતો. નબીલે અવાજ દીધો. તોએક મોટી ઉમરની ઓરતે દરવાજો

ખોલીને અમને આવકાર આપ્યો અને દરવાજાની અંદર લઈ ગઈ.

આગળ જતાં બીજો એક નાનો દરવાજો દેખાયો. જેને ખોલવામાં આવતાં અસહાબે કહફની ગુફા અને બંધ થયેલ સુરાખ હતો. તે નજરે પડયા. તે મહીલાએ અમને અસહાબે કહફની વિગતો સંભળાવી. જેમની વિશે અમને તો માલુમ હતું અને જેની વિગતો હું લખી ચુકયો છું. તેણે કહ્યું કે અંદર દફન છે. વલ્લાહો આલમ. હવે બખ્શીશનો વારો. ઓરત કહે અમને બખ્શીશ આપો. બહાર બીજી એક ઓરત હની. તે પણ ખાદીમ હની. અમે તેને પણ બખ્શીશ આપી તો નીચેથી બીજી ઓરતો આવીને અમને બખ્શીશ માટે વિનવણીઓ કરવા લાગી. તેમને પણ કંઈક આપ્યું. પાછલી વખતે જ્યારે વાલીદા સાથે મારી પુત્રી પણ વ્હીલચેર પર હની. તેથી અમે ઉપર ગયા ન હતા. આ વખતે સીરીયાની બીજી સફરનું મુખ્ય અને અસલ કારણ એ જ હતું કે જે જે ઝીયારતો રહી ગયેલ તે જોઈ લેવી. અને જાતે જોઈને, જાણીને માહીતી ભેગી કરીને વાંચકો સમક્ષ રજુ કરવી.

વ્હીલચેરને ઉપર ચઢાવવામાં થોડી મુશ્કેલી થઈ વ્હીલચેર ખરાબ હતી. ઝયનબીયામાં એક જ હતી. મારા પુત્ર અને પુત્રીએ કોશીશ કરી પણ વ્હીલ ચેર આડી અવળી થઈ જાય. ત્યાં એક બારેક વર્ષનો છોકરો ત્યાંથી પસાર થયો તેણે અમારી પાસે આવીને નીચેથી વ્હીલચેરમાં જે ડુકાવટ હતી તેને ઠીક કરી દીધી મને આશ્ચર્ય થયું કે અમે આટલા જણ ઠીક કરી શકયા નહી અને આ કિશોર એક મીનીટમાં તેની ખામી સમજી ગયો. એને શાબાશી આપી અને કંઈક આપવા ચાહ્યું તેણે સ્વીકાર કર્યો નહી. આને કહે છે છઠ્ઠી એન્ટ્રી. બીજા દિવસે વ્હીલચેર બદલી નાખેલ. ત્યાર બાદ અમારા ભોમીયા જેવા બલ્કે પુરેપુરા ગાઈડ સમાન ડ્રાયવર નબીલે એક ભરચક બજારની બહાર ગાડી થોભાવી અને અમને બજારમાં પગપાળા લઇ જવા લાગ્યો. માર્કેટ જોઈ તો તરેહ તરેહની સબ્ઝી, શાકભાજી, જાતજાતના ફ્રુટ અને ખાવા પીવાની વિવિધ જરૂરીયાતની વસ્તુઓથી ભરેલ બજારમાં ગ્રાહકોની અવર જવર ભારે.

મારી પત્ની એક સબ્ઝીવાળાની દુકાન પાસે ઉભી રહી ગઈ અને મને કહ્યું.

"ટમેટા તો જુઓ ! આ ટમેટાની સાઈઝ મોટા સફરજન જેવી છે. આ મરચાં તો જુઓ છ ઇંચ લાંબા અને આંખોમાં ઉડીને સમાઇ જાય તેવા લીલાછમ રંગના."

મેં દુકાનથી સરકીને જોયું અને સીરીયાની ફળદ્રુપ જમીનમાં ઉગતી ફળફળાદી શાકભાજીનું ધ્યાનથી નિરીક્ષણ કર્યું.

સલાદના પાંદડા હથેળીથી પણ મોટી સાઇઝના મટર આઠ ઇંચ લંબાઇ અને મોટાઇમાં આપણે ત્યાંના મટર કરતાં ડબલ. બીજી આઇટમો એટલી જ મનમોહક, આટલી સરસ ઉમદા સબ્ઝી જોતા રહેવાનું મન થાય. મારી પત્નીએ સબ્ઝી ખરીદવાનું શરૂ કર્યું. લીલી ડુંગળીને મોટી લસણની ગાંઠો. મેં પુછયું: આ બધું લઈને શું કરીશ ?

જવાબ મળ્યો: અકની બનાવીશ અને ટીનના ડબ્બા છે. તે ભરાવી લઈશ. મેં પચાસ રૂપીયા આપ્યા અને સબ્ઝીવાળાને ઇશારાથી કહ્યું કે ચાર વસ્તુઓ આપી દે. અમે વળતાં લઈ લેશું. આગળ જતાં સ્ટ્રોબરીના બોકસ ૩૦ પાઉન્ડમાં. અમે ચાર બોકસ લઈ લીધા.

અથાણાની પણ દુકાનો હતી. મારી પત્ની કહેવા લાગ્યા કે અથાણુ પણ લ્યો. ઝેતુનનું તાજું અચાર ૧૦૦ પાઉન્ડ કરેલા. મેં માંડ માંડ સમજાવ્યું કે આપણા ટેસ્ટનું નથી. મુશ્કેલીએ માની ગયા. પાછળથી મક્કામાં ખબર પડી કે ૨૦ રીયાલ કીલોમાં મળતો હતો. જેના ૩૨૦ રૂપીયા થાય. ખેર, બજાર જોતાં જોતા માલ્ટા, મોસંબીની ખુશ્બુ ભાવ ૧૫–૨૦ રૂપીયા, કીલોના બે કીલોની ખરીદી કરી. આગળ જતાં અમને એક મઝાર પર લઈ જવામાં આવ્યા. મઝાર શરીફ હતો. હઝરત મોહીનુદ્દીન ઈબ્ને અરબી રહેમતુલ્લાહ અલયહેનો પુરશોનક મઝાર ઘણા અકીદતમંદો અંદર ફાતેહા પઢતા હતા અને દુઆ કરતા હતા.

હઝરત સમસ્ત અરબસ્તાનમાં શેખ ઈબ્ને અરબીના નામે ખ્યાતનામ અને નેકનામ છે. સુફીયાએ–કીરામમાં આપ જે મરતબો અને દરજ્જો ધરાવે છે તે કોઈ વાંચનાર લખનાર વ્યકિતથી છુપું નથી. આપની વિલાદત ઉન્દીસના શહેર મરસીયામાં હીજરી સન ૫૬૦માં થઈ હતી, પછી ત્યાંથી આપ 'અશબીલીયાહ' સ્થળે તશરીફ લઈ ગયા ત્યાં શરૂઆતમાં કોઈ બાદશાહને ત્યાં કામ કરતા હતા. બાદમાં તમામ દુનિયવી મશગલાઓ છોડીને અલ્લાહની યાદમાં પરોવાઈ ગયા.

બાદશાહે એમને એક મકાન ભેટમાં આપ્યું હતું જેની કિંમત તે સમયમાં એક લાખ દીરહમની હતી. એક વખતે કોઈ સવાલી (સાઈલ) આવી ચઢયો. તે વખતે દેવા માટે કંઈ રોકડ ન હતી. તેથી એ ઘર તેને સદકામાં બખ્શી દીધું. ત્યાંથી આપ મીસર, ઈરાક અને સીરીયાની સફરે રવાના થઈ ગયા.મીસરમાં પણ ઘણો સમય કયામ કર્યો અને ઘણી બધી કિતાબો લખી. મીસરના લોકોએ એમને કેદમાં પુરી દીધા. એક અકીદતમંદ શખ્સે જે મોટો વગદાર હતો. તેણે મુકિત અપાવી અને અંતે સીરીયા–દમાસ્કસને સ્થાયી રહેઠાણ બનાવી લીધું. આપના લખાણો અંગે મોહદ્દીસોમાં ઘણા મતભેદો છે. પરંતુ અલ્લામા જલાલુદ્દીન સયુની રહેમતુલ્લાહ અલયહે જેવી મહાન વ્યકિતએ એમની તરફેણમાં એક અલગ કિતાબ "તમ્બીહુલ ગબી–તબર્રઈતુલ ઈબ્ને અરબી" નામે લખી છે.

અલ્લામા ઈબ્ને અરબી રહેમતુલ્લાહ અંગે નિર્ણાયત્મક કથન પાક–ભારતના સુફી આલીમોનું એજ છે કે એમની બાબત 'વલ્લીઅલ્લાહ' હોવાનો એતેકાદ રાખવામાં આવે. પરંતુ એમની કિતાબો જોવાનું યોગ્ય નથી. કારણ કે એમણે પોતે ફરમાવ્યું છે કે "અમે એવા લોકો છીએ કે અમારી કિતાબોજોવાનું (અજાણ, નાવાકેફ લોકો માટે) જાઈઝ નથી.....

એ વાત હઝરત ઈમામ ગઝાલીએ પણ પોતાની અમુક કિતાબોમાં લખી છે.

દરઅસલ વાત એ છે કે સુફીયાએ કીરામ પર જે હાલતો અને કેફીય્યતો તારી થાય છે તેને બીજો કોઈ શખ્સ જે એ 'અહેવાલ'માંથી પસાર નથી થયો સમજી નથી શકતો.

આપની એક કિતાબ ફીર્સુસુલ–હકમ'ને નામે ગજબની ખ્યાતી ધરાવે છે. જો કે સામાન્ય વ્યકિતની સમજ તેને આવરી શકે નહી. આલીમોથી વાતચીત કરતા જાણવા મળ્યું કે સુફીયાએ કીરામની મશ્હુર 'હમા ઉસ્ત'ની થીયેરીને રજુ કરનાર હઝરત શેખમોહયુદ્દીન ઈબ્ને અરબી રહેમતુલ્લાહ જ હતા. તેમ છતાં આપ મોટા વલી હોવામાં કોઈ બે મત નથી.

અમે પણ આપના મઝાર મુબારક પર ફાતેહા પઢી. ગજબની રૂહાની શાંતિ મળી. કેમ ન મળે એમના વિશે મશ્હુર છે કે આપ રહેમતુલ્લાહે અલયહે હુઝુરે પાકની બારગાહના એટલે બારગાહે નબવીના 'હુઝુરી' (હાઝીરબાશ) હતા.

અમે અલ્લાહના એ મહાન વલીના મઝાર મુબારકની ઝીયારત કરીને પાછા ફર્યા. મહીલાઓ ઠેર ઠેર રસ્તામાં રોકાઈ જાય. જલ્દી જલ્દી ચાલવાનું એમને કહીને બહાર આવેલ. ત્યાંથી અમારી કાર પહાડી વિસ્તારમાં દાખલ થઈ ગઈ મને અંદાજો થઈ ગયો કે હાબીલના મઝાર પર જઈ રહ્યા છીએ. ઠંડી ઠંડી હવા, ચારે તરફ હરીયાળી તેના એક બે ફોટા લીધેલ. મનોહર, દિલને આકર્ષી લેતા દ્રશ્યો. દિલમાં એવી જ ઈચ્છા થાય કે અહી જ રોકાઈ જઈએ.

હાબીલના મઝારના પગથીયા ચઢીને ઉપર પહોંચી ગયા. અમે ગયા વખતે આવ્યા ત્યારે મઝારનું સમારકામ ચાલુ હતું. મઝારની આસપાસ ખુબસુરત ડીઝાઈનો લગાવી દેવામાં આવી હની. જેની ખેંચેલ તસ્વીરો વાંચકો માટે પ્રગટ કરીશ.

ફાતેહા પઢી દુઆએ ખેર કરી નીચે ઉતરીને ગાડીમાં બેઠા. પાછા વળતી વખતે પણ એજ સુગંધિત વાતાવરણ. જતી વખતે અને પાછા આવતી વખતે મીલીટરીવાળાઓની ચેક પોસ્ટ આવે. નબીલ પાસેથી માંગીને સીપાહીઓએ સીગરેટો પીધી. પાછા ફરતી વખતે નબીલ સાથે તેમણે દુઆ સલામ થઈ અને અમે પાછા મુખ્ય સડક પર આવી ગયા. ઉતરાણ પછી પણ દમાસ્કસનો મોસમ ઠંડો જ હોય. જરાય ગરમી ન લાગી.

આગળ જતાં બીબી સકીનાના મઝાર પર પહોંચી ગયા. ગયા વરસની જેમ મઝાર પર કન્સ્ટ્રકશન કામ ચાલુ હતું. ફાતેહા પઢીને બહાર આવી ગયા. એક વરસ પહેલાં જોયેલ બાંધકામમાં કોઈ ખાસ પ્રગતિ દેખાઈ નહી. મારા માનવા પ્રમાણે બાંધકામને પુરૂં થતાં બે–ત્રાણ વરસ લાગી જશે. ઈરાની સહાયથી બાંધકામ થાય છે. ભવ્ય અને ઉત્તમ બાંધકામ થશે. એમાં કોઈ શંકા નથી.

નબીલને મેં કહ્યું.

"ભુખ લાગી છે. મીદાન ચોકમાં લઈજા" મીદાનમાં મહેમાનો લંચ કરશું.

ઘટાદાર વૃક્ષની નીચે ગોઠવેલા ખુરસીઓ, અમને ત્યાં બેસવા માટે કહુવામાં આવ્યુ. અવરેહમાની સાવરમાંની દુકાન કોર્નરની હની. જેની આસપાસની ફુટપાથ સાંકળી હની.

નબીએ કહયું.

"અહી બેસીએ તો આ બીજી દુકાનની આઈટમો ખાવી પડશે."

જગ્યા અનુકુળ હોઈ અને ફેમીલી સાથે સાંકડી જગ્યામાં બેસવું મુશ્કેલ હોઈ અમે વૃક્ષો નીચે ગોઠવાઈ ગયા. માસુમ ચહેરાવાળો એક બારતેર વરસનો ખુબસુરત છોકરો સ્મિત ફરકાવતો આવ્યો ખુરસીઓ અને ટેબલ ગોઠવી દીધા હતા. સવેરમાની દુકાનમાં મારો પુત્ર ખાલીદ ગયેલા. અબુ અલી નામે દુકાન પર બોર્ડ હતું. એ ચોકમાં સવેરમાની આઠ દસ દુકાનો હની. સૌથી મોટો સવરેમાનો રોલ અબુઅલીની દુકાનમાં હતો.

મેં તેમને પુછતા કહયું. "ઈશા સુધી ખતમ થઈ જશે." ત્યાં મારા પુત્રે ઉભા રહીને અંદર

નવા સવેરમાંના બનાવેલા.

એક નવીનના એ હની કે રોટીના રોલ પર સમોસા પડ લગાવીને તેલમાં ગરમ કરીને કડક બનાવેલ જેનાથી લીજજત ઔર વધી ગઇ. એક ૩૦ પાઉન્ડમાં વેચાતો હતો અમને હોલસેલના હીસાબે પચ્ચીસ પાઉન્ડમાં બનાવીને આપેલ અને રોજ અહી ખાવા આવવાની ભલામણ કરેલ. કોલ્ડ્રીકની બોટલ ૩૫ પાઉન્ડની પણ તેની પાસેથી લીધી.

લગભગ ૪૦૦થી ૪૫૦ રૂપીયામાં ૮ જણનો લંચ થઇ જતો પેટ ભરીને જમતા છેવટ સુધી તેની દુકાને જ ખાના હોઇ તે પણ ખુશ અમે પણ ખુશ.

સવેરમા ખાઇને નબીલ અમને કબ્રસ્તાન સગીર લઇ ગયો જ્યાં અસંખ્ય મહાન સહાબીઓ અને એહલે બયતની મુબારક અંતિમ આરમગાહો છે. ઉપરાંત તાબેઇનો, તબે તાબેઇન તેમજ અવલીયા અલ્લાહના મઝારો છે. પહેલા વર્ષ હું લગભગ ઝીયારતો કરી ચુક્યો હતો. જેનું વર્ણન હું આ પહેલાં કરી ચુકયો છું. બરકત ખાતર ફરી થોડુંક લખી રહયો છું.

હઝરત બીલાલ રદીયલ્લાહો તઆલા અન્હોના મઝાર પર ખાસ અકીદતથી ફાતેહા પઢીને દુઆ કરી. હઝરત ઉમ્મે સલ્મા (ર.અ.) અને હઝરત ઉમ્મે હબીબા (ર.અ.), ઉમ્મતની બંને મહાન મહિલાઓના મઝારો પાસે હોઇ બહારથી અલગ દરવાજા બનાવીને અલગ કરી નાખેલ છે એટલે પુરૂં કબ્રસ્તાન ફરવું ન પડે. ઉમ્મે હબીબાની ખીદમતમાં હું અકીદત ખંડણી આ પહેલાં અર્પણ કરી ચુકયો છું. ઉમ્મુલ મોમીનીન હઝરત ઉમ્મા સલ્મા (ર.અ.) અને નામાંકિત સહાબીએ રસુલ હઝરત અબુઝર ગફારીનો ઉલ્લેખ બરકત, ઇમાનની પમરાટ તથા એમના પવિત્ર જીવનમાંથી પ્રેરણા આપની હકીકતોનું સીરીયાની સફરના સુફી વાચકો માટે અત્રે ટુંકમાં પ્રસ્તુત કરવાનો મેં પ્રયાસ કર્યો છે.

હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમની તમામ જવઝએ મુત્તહરાન એટલે ઉમ્મહાનુલ મોમીનીનના પાક જીવન વૃતાંતો માત્ર અંકદીતને હવાલે જ નહી પરંતુ અનેકાનેક પ્રેરણાદાયી માર્ગદર્શનથી ભરેલા છે. આજના સુધારાવાદી ગણાતા સમયમાં જ્યાં રાત દિવસ મહિલા અધિકારો અને અવરતોની આઝાદી માટે પોકારો આખી દુનિયા ગુંજી રહયા. એવા સમયમાં ઉમ્મતની માઓના અનુકરણીય જીવનના પ્રસંગો અને એહવાલો મુસલમાન ઉમ્મતને ખરી તાલીમ પુરી પાડી રહયા છે.

એ પણ એક હકીકત છે દરેક ઉમ્મુલ મોમીનીનના મુબારક જીવન એક ખુલ્લી કિતાબની જેમ આપણને ખાસ કરીને નબવી યુગમાં મહિલાઓના સમાજી સ્થાન અને દરજજા અંગેની માહિતી પુરી પડે છે. અને મહિલા અધિકારની ખરી વ્યાખ્યા અને સમજણ આપે છે. ઉમ્મુલ મોમીનીન હઝરત ઉમ્મે સલ્મા રદીયલ્લાહો તઆલા અન્હોનું મૂળ નામ હીન્દ છે. પરંતુ આપ કુનિય્યત 'ઉમ્મે–સલ્મા'થી ઇસ્લામી ઇતિહાસમાં મશહુર છે એમના વાલીદનું નામ અબુ ઉમ્મીયા બિન મુગેરા હતું અને વાલીદાનું નામ અતીકા બિન્તે આમીર છે. કેટલાકે હઝરત ઉમ્મે સલ્માનું નામ 'રમ્લા' હોવાનું પણ બતાવ્યું છે.

એમના પિતા 'ઝાદુલ–રકાબ'ના લકબથી અરબ જગતમાં ખ્યાતનામ હતા. ઉદારતા

અને ફય્યામીને હવાલે એમનું વિશિષ્ઠ સ્થાન હતું. તેઓ જયારે પણ કોઈ સફરમાં જતા તો તમામ કાફલાનો 'ઝાદે–રાહ' (ખાવા પીવાનો) પુરેપુરો બંદોબસ્ત પોતે કરતા હતા. પહેલા હઝરત ઉમ્મે સલ્મા (ર.અ.)ના નીકાહ એમના પિત્રાઈ ભાઈ અબુ સલ્મા બીન અબ્દુલ અસદ સાથે થયા હતા. જે એમના કાકાના દીકરા હતા.

મદીનાની હિજરતમાં હજરત ઉમ્મે સલ્મા રદીયલ્લાહો તઆલા અન્હોને જે દર્દનાક પ્રસંગોનો સામનો કરવો પડયો તે કિતાબોમાં એમના જ શબ્દોમાં બયાન કરાયા છે.

હઝરત ઉમ્મે સલ્મા (ર.અ.) ફરમાવે છે કે:

જયારે મદીના જવાનો નિર્ણય કરી લીધો તો એમની પાસે એક જ ઊંટ હતું (એટલે કે હઝરત અબુ સલ્મા પાસે) તેની ઉપર મને અને મારા પુત્રને સવાર કરાવી અને ઊંટની નકીલ હાથમાં પકડી અબુ સલ્મા ચાલી નીકળ્યા અબુ મુગયરા જે મારા માબાપના લોકો હતા. અમને જોઈ લીધા અને પ્રતિકાર કર્યો કે અમે અમારી છોકરીને એવી ખરાબ હાલતમાં જવા નહી દઈએ.

અબુ સલ્માના હાથમાં ઊંટની નકીલ આંચકી લીધી અને પોતાની સાથે લઈને ચાલ્યા એટલામાં બનુ અબ્દુલ અસદ (મારા સાસરીયાના) લોકો આવી પહોંચ્યા અને મારા બચ્ચા સલ્મા પર કબ્જો કરી લીધો એ બનુ મગયરાથી કહયું કે જો તમે તમારી છોકરીને શોહર સાથે નથી જવા દેતા તો અમે અમારા બચ્ચાને તમારી છોકરી પાસે હરગીજ છોડશું નહી. હવે હું મારા શોહર અને મારો બચ્ચો ત્રણેય એક બીજાથી વિખુટા હતા. સદમાને લીધે મારી હાલત ખરાબ હતી. જેવું કે હિજરતનો હુકમ થઈ ચુકયો હતો તેથી અબુ સલ્મા મદીના પહોચી ગયા. અને હું એકલી રહી ગઈ.

દરરોજ સવારે ઘરેથી નીકળીને એક ટેકરા પર (રણના ટીલા) પર બેસીને સાંજ સુધી રોતી રહેતી. એવી જ હાલતમાં મારી ઉપર ઓછાવત્તા એક વરસ વીતી ગયું. એક દિવસે બનુ મુગયરાનો એક શખ્સ જે મારો સગો હતો તેને મારી એ પરેશાની જોઈને મારી ઉપર તરસ આવી અને બનુ મુગયરાને ભેગા કરીને બધાને સંબોધીને કહયું.

"તમે લોકો આ મીસકીનને શામાટે છોડી નથી દેતા. જેને તમે તેના બચ્ચા અને શોહરથી જુદા કરી દીધી છે."

એણે એવી અસરકારક રીતે એ શબ્દો કહયા કે મારા માવિત્રોના કબીલાના લોકોને રહેમ આવી ગયો અને એમણે પરવાનગી આપી દીધી છે કે તમે તમારા પતિ પાસે જઈ શકો છો. એ સાંભળીને બનુ અબ્દુલ અસદે પણ મારા બચ્ચાને મારી પાસે મોકલાવી દીધો. હવે મે ઊંટ પર કજાવો કસ્યો અને સલ્માને ખોળામાં લઈને સવાર થઈ ગઈ હું સદંતર એકલી હતી. અને એજ હાલતમાં 'તીગમ' નામે સ્થળે પહોંચી ત્યાં ઉસમાન બિન તલ્હા બિન અબી તલ્હા મળ્યા એમણે મારો ઈરાદો માલુમ કરીને મારાથી પુછયું.

"શું કોઈ તમારી સાથે છે."

મેં કહયું.

"નહી માત્ર હું છું અને મારો બચ્ચો."

એમણે મારી ઊંટની નકીલ પકડી લીધી. અને હાથે ખેંચીને આગળ આગળ ચાલવા લાગ્યા. અલલાહ જાણે છે મને તલ્હાથી શરીફ આદમી અરબમાં નથી મળ્યો જયારે મંઝીલ આવતી તો અને અમારે રોકાવું પડતું તો તેઓ કોઇ ઝાડની આડમાં થઇ જતા ચાલવાનો સમય આવતો તો ઊંટને તૈયાર કરીને લાવતા અને જયારે હું આરામથી બેસી જતી તો ઊંટની નકીલ પકડીને આગળ આગળ ચાલવા લાગતા સફર દરમ્યાન એજ ક્રમ રહયો. મદીના પહોંચીને બની ઉમર બીન અવફની આબાદી (કુબા વિસ્તાર)થી પસાર થયા તો ઉસ્માન ઇબ્ને તલ્હાએ મને કહયું.

"તમારા પતિ આ ગામમાં છે." અબુ સલ્મા ત્યાં રોકાયા હતા. હું અલ્લાહ પર ભરોસો કરીને એ મોહલ્લામાં દાખલ થઇ અને અલ્લાહ અલ્લાહ કરીને એમની સાથે મુલાકાત થઇ ઉસ્માન બિન ઇબ્ને તલ્હા મને અબુ સલ્માનું ઠેકાણું બતાવીને પાછા ચાલ્યા ગયા. એ મુસીબતના સમયમાં જયારે કે મુસલમાનો ચોતરફ તકલીફનો ભોગ હતા. હઝરત ઉમ્મે સલ્માની એ પણ વિશિષ્ઠતા છે કે તેઓ પ્રથમ પર્દાનશીન ખાતુન હતા જેમને મક્કાથી મદીના સુધી હિજરત કરવાનું સદભાગ્ય હાસીલ હતું.

હજુ તો હિજરતની તકલીફો તાજી હતી કે હઝરત અબુ સલ્માને ગઝવએ ઓહદમાં શરીક થવું પડયું યુધ્ધના મેદાનમાં એમના જ એક હમનામ અબુ સલ્મા હશ્મીના તીરથી એમનો હાથ–બાવડો જખ્મી થઇ ગયો એક મહીના સુધી ઇલાજ પછી રાહત થઇ ત્યારબાદ બે વરસ અગ્યાર મહીના પછી હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમના હુકમથી 'કતન' ગયા ત્યાં એમણે ૨૯ રાતદિવસ વીતાવ્યા.

હીજરી સન ૪માં સફરની આઠમી તારીખે ફરી મદીના મુનવ્વરા પાછા આવ્યા હવે હાથનો જખ્મ ફરી ખુલી ગયો અને એજ વરસે જમાદીલ આખરની નવમી તારીખે એ કદરપાત્ર સહાબીની વફાત થઇ.

હુઝુર અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે જનાઝાની નમાઝ ઘણા એહતેમામ સાથે પઢાવી જેમાં આપે નવ તકબીરો કહી. લોકોએ પુછયું.

"યા રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ આપને 'સહુ' તો થયો ન હતો?' ફરમાવ્યું.

"એ હજાર તકબીરોના હકદાર હતા."

હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમે પોતાના મુબારક હાથથી એમની આંખો બંધ કરી અને મગફેરતની દુઆ માંગી.

હીજરી સન ૪ના શવ્વાલ મહીનાની છેલ્લી તારીખોમાં આપનો નીકાહ અલ્લાહના પ્યારા રસુલ ફખે દોજહાં સાથે થયો.

એમની પવિત્ર જીંદગીમાં તો એક અત્યંત અનોખો પ્રસંગ પણ ઈતિહાસમાં નોંધાયેલ છે. એક વખત ઉમ્મે સલ્મા (ર.અ.) એ એમના પતિ અબુ સલ્માથી કહયું.

"મને માલુમ પડયું છે કે જો કોઈ ઓરતનો શોહર જન્નત નસીબ થાય અને ઓરત તેના પછી બીજો નીકાહ ન કરે તો અલ્લાહ એ ઓરતને પણ પતિ સાથે જન્નતમાં જગ્યા આપે છે. એવું જ મરદ માટે પણ છે. તો આવો આપણે બંને કરાર કરીએ કે ન તમે મારી પછી નીકાહ કરો અને ન હું તમારા પછી નીકાહ કરું."

હઝરત અબુ સલ્મા (ર.અ.) એ જવાબ આપ્યો.

"શું તમે મારી ઈતાઅત કરશો?"

ઉમ્મે સલ્માએ કહયું.

"તમારી ઈતાઅત સિવાય મને બીજી કઈ વસ્તુમાં ખુશી હોઈ શકે છે."

અબુ સલ્માએ કહયું.

"તો જયારે હું મરી જાઉ તો મારા પછી નીકાહ કરી લેજો."

પછી હઝરત અબુ સલ્મા રદીયલ્લાહો અન્હોએ દુઆ માંગી.

"યા અલ્લાહ! મારા પછી ઉમ્મે સલ્માને મારાથી બેહતર જાનશીન અતા ફરમાવ."

હઝરત ઉમ્મે સલ્મા ફરમાવે છે કે જયારે અબુ સલ્માનનો ઈન્તેકાલ થઈ ગયો હું દિલમાં કહેતી હતી કે અબુ સલ્માથી બેહતર કોણ હશે. તેના થોડા દિવસો પછી હુઝુર પાક સલલલ્લાહો અલયહે વસલ્લમ સાથે મારો નીકાહ થઈ ગયો."

મજકુર વર્ણનથી પતિ પત્નિના ખુશગવાર સંબંધોનો અંદાજો થાય છે સાથે જ એવું પણ માલુમ પડે છે કે એ જમાનામા ઈસ્લામની સાચી તાલીમની કેટલી ગાઢ અસર હતી કે એ મુબારક યુગનો કોઈ જોટો નથી.

'રશ્ક' અને ઈર્ષા– અદેખાઈ વચ્ચે એક ભેદ–ફરક છે. 'રશ્ક' ફીતરતનો તકાઝો છે અને એ બુરું પણ નથી. જો 'હસદ' ઈર્ષા સુધી નોબત ન આવે હુઝુર પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમના નિકાહમાં હઝરત ઉમ્મે સલ્મા આવ્યો તો એમના સૌદર્ય અને રૂપનો હાલ સાંભળીને ઉમ્મુલ મોમીનીન હઝરત આઈશા રદીયલ્લાહો અન્હાને 'રશ્ક' થયો અને તેઓ જોવા માટે આવ્યા. જોઈને વિચાર્યું જેટલું કેહવામાં આવ્યું છે તેનાથી કયાંય વધારે હઝરત ઉમ્મે સલ્મા (ર.અ.) 'હસીન' છે.

હઝરત ઈમામ હુસેન રદીયલ્લાહો અન્હોની શહાદત સંબંધે હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમ હઝરત ઉમ્મે સલ્માથી પહેલાં જ આગાહી ફરમાવી ચુકયા હતા. જે વખતે હજરત ઈમામ હુસેન (ર.અ.) શામી ફોજોના ઘેરામાં દ્રઢતાપૂર્વક અને જવાંમર્દી સાથે પોતાની જીંદગીની અંતિમ ક્ષણો પુરી કરી રહયા હતા. બરોબર એજ વખતે હઝરત ઉમ્મે સલ્મા (ર.અ.)એ ખ્વાબમાં જોયું કે:

"રસુલે પાક તશરીફ લાવ્યા છે અને અત્યંત પરેશાન છે માથા અને દાઢી મુબારક ગુબાર આલુદ છે. અરજ કરી યા રસુલુલ્લાહ શું હાલ છે! ફરમાવ્યું હુસેનના મકતલથી પાછો આવી રહયો છું."

આંખ ખુલી તો હઝરત ઉમ્મે સલ્માની આંખોમાંથી આંસુ વહી રહયા હતા. એજ અવસ્થામાં મોઢામાંથી નીકળ્યું "ઈરાકીઓએ હુસેનને કત્લ કર્યા, ખુદા એમને કત્લ કરે હુસેનને કનડગત કરનાર લોકો પર ખુદા લા'નત કરે.

ઉમ્મુલ મોમીનીન હઝરત ઉમ્મે સલ્માનું સમગ્ર જીવન 'ઝોહદ' હતું દુનિયવી માલ મતા પ્રત્યે ઘણું ઓછું ધ્યાન આપતા. દર મહીને સોમવાર, ગુરૂવાર અને જુમ્આના દિવસે એમ ત્રણ રોજા રાખતા હતા. હઝરત ઉમ્મે સલ્મા ઘણા સખી અને ઉદાર હતા. બીજાઓને પણ સખાવતની તરગીબ–પ્રેરણા આપતા હતા એક વખત કેટલાક ફકીર એમને ઘેર આવ્યા અને સવાલ કરવા લાગ્યા. તો ફરમાવ્યું.

"કંઈક આપીને તેમને રૂખસત કરી દો કંઈ ન હોય તો એક છુવારો (સુકી ખજુર) એમના હાથ પર રાખી દો.

ઉમ્મહાતુલ મોમીનીનમાં ફઝલ અને કમાલને હવાલે ઉમ્મુલ મોમીનીન હઝરત આઈશા પછી એમનો દરજ્જો હતો. હદીસે પાકની કિતાબોમાં હઝરત ઉમ્મે સલ્મા (ર.અ.)થી રિવાયત કરેલ હદીસોની સંખ્યા ૩૭૮ છે.

આપની વફાત શરીફના વરસમાં મતભેદ છે. શવ્વાલ પલ્મા આપે આ ફાની જગતથી પડદો ફરમાવ્યો હઝરત અબુ હુરૈરા રદીયલ્લાહો અન્હોએ આપની વસીઅત પ્રમાણે જનાઝાની નમાઝ પઢાવી.

એવું પણ કીતાબોમાં છે કે ઉમ્મુલ મોમીનીન હઝરત ઉમ્મે સલ્મા (ર.અ.)ની વફાત, હઝરત ઈમામ હુસેન (ર.અ.)ની શહાદત પછી હીજરી સન ૬૧માં થઈ હની.

એક રિવાયતમાં છે કે હીજરી ૬૩માં આપની વફાત થઈ જે વરસે 'હર્રા'નો બનાવ બન્યો એટલે કે હઝરત ઈબ્ને ઝુબેરના ઘેરાવ માટે શામી ફોજોએ મક્કા પર ચઢાઈ કરી હતી. વફાત સમયે હઝરત ઉમ્મે સલ્મા (ર.અ.)ની ઉમર શરીફ ૮૪ વરસની હતી.

ઉમ્મુલ મોમીનીન હઝરત ઉમ્મે સલ્મા રદીયલ્લાહો અન્હા બીજાઓને રાહત પહોંચાડવાનો પણ ઘણો ખ્યાલ રાખતા હતા. મોહબ્બતના તકાદાથી હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે 'મુએ–મુબારક' તબરૂક તરીકે પોતાની પાસે મેહફુઝ રાખતા હતા. બુખારી શરીફમાં છે કે એમની પાસે એક ચાંદીનો 'જલજલા' હતો તેમાં મુએ–શરીફ રાખેલા હતા. સહાબાએ કીરામમાંથી કોઈને કોઈ તકલીફ કે રંજ પહોંચતો તો એક પ્યાલામાં પાણી ભરીને ઉમ્મુલ મોમીનીન પાસે લઈને આવતા આપ મુએ મુબારક કાઢીને તે પાણીમાં ફેરવી આપતા અને તેની બરકતથી તકલીફ દુર થઈ જતી હતી.

બારગાહે રિસાલતમાં અકીદત અને મોહબ્બત સાથે સલામનું નઝરાણું પેશ કરાયું. એક દિવસ હુઝુર રસુલે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમ સહાબાએ કીરામ દરમ્યાન રોનક અફરોઝ હતા. એકવડીયા બાંધાનો એક આદમી રસુલે પાકની ખીદમતમાં હાજર થયો. અને ભારે અકીદત સાથે સલામ કર્યો સરવરે દોઆલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના મુબારક ચેહરા પર ખુશી ફેલાઈ ગઈ અને પાક મુખે શબ્દો સરી પડયા.

"આસમાને કોઇ એવા શખ્સ પર સાયો નથી કર્યો અને જમીને કોઇ એવી વ્યકિતને ખભા પર નથી ઉઠાવી, જે અબુઝરથી વધારે સાચી જીભ ધરાવતો હોય."

અને પુરી કાયનાતના દરેક ઝર્રા અને રજકણે ગવાહી આપી કે બેશક સૈયદુલ મુરસલીને સાચું ફરમાવ્યું.

હઝરત અબુઝર ગીફારીએ એ વખતે ઇસ્લામની સદાકતની ગવાહી આપી હતી જયારે હઝરત ખદીજતુલ હઝરત અબુબકર સીદીક, હઝરત અલી મુતુર્ઝા અને ઝૈદ બીન હારસા સિવાય કોઇએ કલ્મએ પાક પઢયો ન હતો. અને પછી આખી ઝીંદગી અબુઝરની જીભથી કોઇએ પણ હક સીવાય કોઇ પણ અન્ય વાત સાંભળી નહી એટલે સુધી કે એમની હકગોઇ' એ જમીન અને આસમાનમાં હલચલ મચાવી દીધી.

હઝરત અબુઝર ગીફારી રદીયલ્લાહો અન્હોનું નામ વિવિધ રિવાયતો પ્રમાણે 'બરીર' કે 'જુનદબ' હતું. આપનો તાલ્લુક અરબના મશહુર કબીલા બનુ ગીફાર સાથે હતો એ કબીલો કનાના બીન ખુઝેમાની નસલથી હતો. જે પંદરમી પેઢીએ હુઝુર રસુલે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમના 'નદ્દે–આલા' હતા. ગીફાર બીન મયબલ હઝરત અબુઝરની સાતમી પેઢીમાં એક નામાંકિત શખ્સ હતા. જેનાથી કીનાની નસલના અરબોનો આ કબીલો ગીફારી કેહવાયો.

બની ગીફારના મુખ્ય વસવાટ મદીનએ મુનવ્વરાથી ૮૦ માઇલના અંતરે 'બદર'ની આસપાસમાં હતો. તેની નજીક જ એ મુખ્ય માર્ગ હતો જેની મારફત અરબોના કાફલાઓ મક્કા મુકર્રમાંથી સીરીયા જતા હતા. બનુ ગીફાર કબીલાના લોકો ઘણા મુફલીસ હતા. પછી એક એવો વખત આવ્યો કે બદહાલીએ એમને ગુમરાહ કરી દીધા. અને તેઓ ન માત્ર મક્કા અને સીરીયા વચ્ચે આવતા જતા કાફલાઓને લુંટી લેતા બલ્કે આસપાસના કબીલાઓને અવાર નવાર લુંટફાટનો શીકાર બનાવી લેતા.

એવા વાતાવરણમાં હઝરત અબુઝર ગીફારીએ આંખો ખોલી કબીલાના લોકોને નવા નવા સાહસો કરતા અને માલ અસબાબથી લદાઇને પાછા આવતા જોઇને તેમની સાથે શરીક થઇ ગયા, પરંતુ કુદરતને તો એમનાથી કંઇક બીજું કામ લેવાનું મંજુર હતું. કોણ જાણે શું થયું કે એકાએક એમની જીંદગીમાં ઇન્કીલાબ આવી ગયો અને તબીયત લુંટફાટ અને રેહગનીથી હઠી ગઇ સાથે જ તેઓ કબીલાના દેવતાઓ અને મૂર્તિઓથી પણ બેઝાર થઇ ગયા અલ્લાહ તઆલાએ એમને તોહીદના માર્ગની સમજ આપી દીધી અને તેઓ રાત દિવસ અલ્લાહ તઆલાની બંદગીમાં મશગુલ રેહવા લાગ્યા, અલ્લાહ તઆલા જે તરફ ઝુકાવી દેતો એજ તરફ મ્હોં કરીને બંદગી કરી લેતા.

સ્વંય હઝરત અબુઝરે ફરમાવ્યું છે કે:

"હું રાતની નમાઝ માટે ઉભો થતો અને ઉભો રહેતો એટલે સુધી 'સુબહ–કાઝીબ' થઇ જતી તે વખતે હું પોતાને જમીન પર નાખી લેતો અને એવી રીતે પડયો રહેતો જેવી રીતે

જમીન પર કોઈ કપડું પડયું હોય છે. જયારે મારી ઉપર ધુપ પડવા લાગતી તો ઉઠતો."

ગીફાર કબીલાના લોકો એમની જીભે "લાઈલાહા ઈલ્લલ્લાહ"નો વીર્દ સાંભળતા હતા. અને અચમ્બામાં પડી જતા હતા કે આ કયા 'જુનુન' ગાંડપણ પડી ગયો છે. તે વખતે મક્કા મુકર્રમામાં નબુવ્વતનો આફતાબ તુલુઅ થઈ ચુકયો હતો. અને તવહીદની દાઅવતની શરૂઆત થઈ ચુકી હતી.

એક દિવસે ગીફારી કબીલાનો એક શખ્સ મક્કા ગયો ત્યાં એના કાનમાં દાઅવતે હકનો ભણકાર પડી ગયો પાછા ફરીને તે હઝરત અબુઝરથી મળ્યો અને કહયું:

"અબુઝર! મક્કામાં પણ એક શખ્સ લાઈલાહ ઈલ્લલ્લાહ' કહે છે અને લોકોને મૂર્તિપૂજાની મનાઈ કરે છે."

હઝરત અબુઝરે પોતાના ભાઈ ઉનૈસને કહયું.

"જુઓ મક્કામાં એક શખ્સ દાવો કરે છે કે તે અલ્લાહનો નબી છે. તેની પાસે આસમાની ખબરો આપે છે તમે મક્કામાં જઈને તપાસ કરો તેની સાથે વાતચીત કરો અને પુરી માહિતી મેળવીને લાવો."

અબુઝરના ભાઈ ઉનૈસ એક મશહુર શાયર હતા. અબુઝરનો હુકમ મળતા તેઓ તરતજ મક્કા જવા રવાના થઈ ગયા. મક્કા પહોંચી એમણે અલ્લાહના સાચા રસુલના ઈરશાદો સાંભળ્યા. અને ખુબજ પ્રભાવિત થયા પાછા આવી એમણે હઝરત અબુઝરને માહિતિ આપતા કહયું.

"તેઓ બહુ સારા માણસ છે. નેકીની પ્રેરણા આપે છે. બદીઓથી લોકોને અટકાવે છે અને એવી વાણી સંભળાવે છે જે શાયરી સાથે મેળ ખાની નથી..."

"...લોકો તેમને શાયર, કાહીન અને જાદુગર કહે છે પરંતુ અલ્લાહની કસમ મેં એમને એવા પામ્યા નથી. તેઓ ન તો શાયર છે અને ન જાદુગર તેઓ ભલાઈની તરફ બોલાવે છે અને બુરાઈથી રોકે છે."

હઝરત અબુઝરે ફરમાવ્યું:

"તમે અધુરી માહિતિ લાવ્યા. મને સંતોષ થયો નથી હવે હું પોતે જઈને જાતે તપાસ કરીશ."

એટલું કહીને રસ્તાનું થોડુંક ભાથું તૈયાર કર્યું. પુરાણી મશક ઉપાડી અને મક્કા તરફ રવાના થઈ ગયા. મક્કા પહોચી એમણે કાઅબા શરીફના હરમ જઈને હુઝુર રસુલે પાકની શોધ કરવા માંડી મુશ્કેલી એ હતી કે તેઓ રસુલે પાકને ઓળખતા ન હતા. પોતાના મક્કા ખાતે આવવાનો ભેદ ખુલી ન જાય એવા ડરથી કોઈને પુછવાની પણ હિંમત ન થઈ, રાતનો અંધકાર ફેલાઈ ગયો તો આપ હરમમાં જ લાંબા પડી સુઈ ગયા. એવી જ રીતે કેટલાક દિવસો વીતી ગયા દિવસે તેઓ તપાસ કરતા અને રાતે હરમમાં સુઈ જતા.

એક વખતે હઝરત અલી કરમલ્લાહો વજહો એમની પાસે ગયા અને બોલ્યા.

"કોઈ મુસાફર લાગો છો!"

"જી હા મુસાફર છું!" હઝરત અબુઝરે જવાબ આપ્યો.

હઝરત અલી (ક.વ.) એ ફરમાવ્યું:

"ભાઈ! હું તમને ઘણા દિવસોથી અહી જોઈ રહયો છું જાણે તમને કોઈ વસ્તુની તલાશ હોય."

હઝરત અબુઝરે જવાબ આપ્યો.

"જો તમે વાયદો કરો કે મને મારી મંઝીલે–મકસુદ સુધી પહોંચાડી દેશો અને મોઢું બંધ રાખશો. કોઈને નહી કહો, તો હું તમને બતાવી દઉ છું."

હઝરત અલી (ક.વ.) એ વાત ખાનગી રાખવાનું વચન આપતા હઝરત અબુઝર કહેવા લાગ્યા.

"મેં સાંભળ્યું છે કે મક્કા શહેરમાં એક શખ્સે નબુવ્વતનો દાવો કર્યો છે મેં પોતાના ભાઈને મોકલ્યો હતો પણ તે પુરી માહિતી લાવ્યો નહી તેથી હું પોતેજ આવી ગયો છું."

"હઝરત અલીએ ફરમાવ્યું.

"ભલે આવ્યા અને સારૂં જ થયું કે મને મળ્યા તમે સાંભળેલી વાત સાચી છે. અને તેઓ બેશક અલ્લાહના સાચા રસુલ છે."

એ જવાબ સાંભળી હઝરત અબુઝરનું દિલ ભરાઈ આવ્યું વરસોની મુરાદ પુરી થતી દેખાઈ આંખોમાં આંસુ ઉમટી આવ્યા રૂંધાએલા અવાજે હઝરત અલી (ક.વ.) થી વિનંતિ કરી:

"અલ્લાહનો વાસ્તો! મને એ ઝાતે–અકદસ સુધી પહોંચાડી દો."

એક રિવાયતમાં છે કે હઝરત અલી (ક.વ.) પહેલાં દિવસે કંઈ પુછયા વીના હઝરત અબુઝર ગીફારીને પોતાને ઘેર લઈ ગયા. રાત વીતાવીને અબુઝર પાછા કાબામાં પહોંચી ગયા. બીજે દિવસે હઝતર અલી એમને ફરીવાર મહેમાન તરીકે પોતાને ઘેર લઈ ગયા સવારે તેઓ ફરી કાબામાં ચાલ્યા ગયા. હવે હઝરત અલીએ એમને કાબામાં રોકાવાના મકસદ અંગે પુછયું અને હઝરત અબુઝરે ખાનગી રાખવાનું, અને રાઝદારીનું વચન લઈને હઝરત અલીને પોતાના આવવાનું કારણ જણાવ્યું કે અત્રે 'હકના દાસી'ની તલાશમાં હું હરમમાં પડયો છું."

હઝરત અલી (ક.વ.) એ ફરમાવ્યું.

"સવારે જયારે હું કાઅબામાંથી નીકળું તો તમારે મારી પાછળ ચાલ્યા આવવું રસ્તામાં તમારા વીશે મને કંઈ ધાસ્તી જેવું લાગે તો હું અટકી જઈશ. તમારે પણ આમતેમ થઈ જવું જો એવું કંઈ નહી થાય તો અટકયા વીના ચાલતો રહીશ તમારે પણ મારી પાછળ ચાલ્યા આવવું પછી જે ઘરમાં હું દાખલ થઈ જાઉ તમારે પણ વિના સંકોચે તેમાં દાખલ થઈ જવું!"

સવારે અબુઝરે એજ પ્રમાણે કર્યુ હઝરત અલી (ક.વ.) ની પયરવીમાં ચાલી નીકળ્યા હઝરત અલી કરમલ્લાહો વજહો એમને લઈને બારગાહે નબવીમાં હાજર થયા.

હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમનો નબુવ્વતના જલાલથી ચમકતો ચેહરો જોઈને હઝરત અબુઝરના દિલે ગવાહી આપી કે ખરેખર આ અલ્લાહના સાચા રસુલ છે એમણે બેતાબીથી અરજ કરી.

"યા રસુલ્લાહ! મને દાઅવતે ઈસ્લામીની વીગતો બતાવો."

હુઝુરે પાકે એવા બલીગ અંદાઝે અબુઝર સામે ઈસ્લામ પેશ કર્યો કે એમનું દિલ, ઈમાનના જોશથી છલકાઈ ગયું. ખુદ હઝરત અબુઝરનું બયાન છે કે રસુલુલ્લાહના 'કલમાતે તૈયબાત' મારા દિલના ઊંડાણમાં ઉતરી ગયા અને દીનેહક તરફ એવું આકર્ષણ અને ખેંચાણ પેદા થયું કે એજ વખતે મેં કલ્મો પઢી લીધો.

હવે હુઝુરે પાકે દરયાફ્ત ફરમાવ્યું.

"ગીફારી ભાઈ! આટલા દિવસ તમારા ખાવા–પીવાનો શું બંદોબસ્ત રહયો?"

અરજ કરી:

"યા રસુલુલ્લાહ! ખાવા માટે તો કંઈ મળ્યું નહી ઝમઝમના કુવાનું પાણી પીને પેટ ભરી લેતો હતો."

તે વખતે સૈયેદના હઝરત સીદ્દીકે અકબર (ર.અ.)પણ બારગાહે નબ્વીમાં હાજર હતા. એમણે અરજ કરી.

"યા રસુલુલ્લાહ! જો ઈજાઝત હોય તો હું અબુઝરને કંઈક ખવરાવું ?"

હુઝુરે ફરમાવ્યું. "જરૂર"

હઝરત સીદ્દીકે અકબર એમને પોતાની સાથે લઈ ગયા. અને તાએફના સુકા અંગુર હઝરત અબુઝરની સામે રાખી દીધા આ પહેલો નક્કર ખોરાક હતો જે મક્કા પહોંચીને અબુઝરને નસીબ થયો.

હઝરત અબુઝરના કબુલે ઈસ્લામ પછી હુઝુરે પાકે એમનાથી ફરમાવ્યું.

"અબુઝર! હવે તમે તમારા કબીલામાં પાછા જાવ અને તૌહીદની દાઅવત આપો. જયારે હકની દાઅવત સ્પષ્ટ પણે જાહેર થઈ ગયાની તમને ખબર મળે તો પાછા આવી જજો હાલ તો તમે પણ મક્કામાં તમારા ઈસ્લામને પોશીદા રાખો."

હઝરત અબુઝરનું દિલ તવહીદના જોશથી છલોછલ હતું એમણે અરજ કરી.

"યા રસુલુલ્લાહ અમને ઈજાઝત આપો કે હું મક્કામાં મારા ઈસ્લામની જાહેરાત કરીને જાઉ."

હુઝુરે પાક એમનો જોશ અને વલવલો જોઈને ખામોશ થઈ ગયા.

હઝરત અબુઝરે જુસ્સાથી કહયું.

"કુરેશના ટોળામાં જઈને કલેમએ–શહાદતની પુકાર નહી પાડું ત્યાં સુધી હું મક્કાથી જવાનો નથી.!"

હઝરત અબુઝર હરમમાં પહોંચી ગયા ત્યાં કુરેશના લોકો બેઠા હતા. તેમની સામે

જઈને બુલન્દ અવાજે પુકાર પછી "અશહદુ અલ્લા એલાહા ઈલ્લલ્લાહુ વ અશહદુ અન્ના મુહમ્મદ–ર– રસુલુલ્લાહ."

એ સાંભળતાંજ કુરૈશના લોકો ઉશ્કેરાઈ ગયા. અને બોલી ઉઠયા.

"ખબરદાર! છટકવા પામે નહી. મારો આ બદ–દીન ને!"

લોકો ચારે તરફથી તેમના ઉપર તુટી પડયા અને મારી મારીને ભોંય ભેગા કરી નાખ્યા. એટલામાં હુઝુરે પાકના કાકા હઝરત અબ્બાસ ત્યાં આવી પહોંચ્યા અને આપની ઉપર સુઇ ગયા બુમ પાડીને બોલ્યા.

"કમબખ્તો! તમને ખબર નથી કે, આ ગિફાર કબીલાનો માણસ છે. સીરીયા જતા તમારા વેપારી કાફલાઓને એમની જ વસ્તીમાંથી પસાર થવું પડે છે અગર એના કબીલાને ખબર પડી ગઈ તો તમારા બાર વગાડી દેશે. સીરીયાની સફરે જતો તમારો કોઈ કાફલો સલામત નહી રહે."

હઝરત અબ્બાસે એમને બચાવી લીધા. બીજા દિવસે પણ હઝરત અબુઝરે મકકામા પહોચી બુલન્દ અવાજે જાહેરાત કરી."

"એક માત્ર અલ્લાહ સિવાય કોઈ પરસ્તીશને લાયક નથી. અને મોહમ્મદ અલ્લાહના સાચા રસુલ છે.

એ શબ્દો નીકળ્યા હતા કે મુશરીકો ચારે તરફથી એમની ઉપર તુટી પડયા અને મારી મારીને લોહી લુહાણ કરી દીધા. સંજોગ વસાત હઝરત અબ્બાસ ફરી આવી ચઢયા અને મુશરીકોના અત્યાચારી પંજામાંથી એમને છોડાવ્યા.

હઝરત અબ્બાસની વાત મુશરીકોની સમજમાં આવી ગઈ કે જો ગીફારી કબીલાના આ શખ્સને ઈજા પહોંચી કે તે મરી ગયો તો સીરીયાની સફરે જતો કે આવતો કોઈ એક પણ કાફલો સલામત નહી રહે. ખેર હઝરત અબુઝર ગીફારી પોતાના કબીલામાં હેમખેમ પહોચી ગયા. અને હુઝુર પાકના આદેશ મુજબ પોતાના કબીલાને ઈસ્લામની દાઅવત આપી.

અર્ધો કબીલો તેજ વખતે મુસલમાન બની ગયો અબુઝરની વાલેદા રમલહ બિન્તે રબીઆ અને ભાઈ ઉનૈસ પણ મુસલમાન બની ગયાં અને હુઝુરે પાક(સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) મદીના તશરીફ લાવ્યા તો બાકીના લોકો પણ મુસલમાન બની ગયા.

હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમ હઝરત અબુઝર ગીફારી પર એટલી શફકત ફરમાવતા હતા કે મર્ઝુલ–મોતમાં પણ એમને બોલાવી મોકલ્યા અબુઝર કાશાનએ નબવીમાં પહોંચ્યા તો અકીદત પૂર્વક હુઝુરે પાક પર ઝુકયા, હુઝુરે, એમના હાથને પોતાના મુબારક શરીર સાથે ચોંટાવી લીધો અબુઝર પર બેખુદી છવાઈ ગઈ. જયારે સરકારે દોઆલમે આ ફાની જગતથી પડદો ફરમાવ્યો તો હઝરત અબુઝરનું દિલ દુનિયાથી ઉજડી ગયું. મદીનએ મુનવ્વરા છોડી સીરીયાની સરઝમીન પર કાયમી વસવાટ ઈખ્તેયાર કરી લીધો. એમની જીંદગી ફકર અને કીનાયત, ઝોહદ તથા તકવાનો વિચિત્ર નમુનો હતી. જે કાંઇ હાથ આવતુ અલ્લાહની રાહમાં લુંટાવી દેતા માત્ર એક ચાદર શરીર પર પરાધીન કરતા. હઝરત અબુબકર

અને હઝરત ફારૂકે આઝમના ખીલાફત કાળ પછી જયારે સાદા લીબાસની જગ્યાએ પુર તકલ્લુફ લીબાસનો ઉપયોગ થઈ ગયો. માલે ગનીમતના ઢગલાઓએ ખજાનાઓની બુનિયાદ રાખી. સાદા મકાનોને બદલે મહેલો બંધાવવા લાગ્યા. તો એ હાલત જોઈ હઝરત અબુઝર બેચેન બની જતા અને લોકોને સંબોધીને ફરમાવતા.

"જે લોકો સોનું અને ચાંદી ભેગા કરે છે અને તેને અલ્લાહની રાહમાં ખર્ચ નથી કરતા તેમને દર્દનાક અઝાબની બશારત સંભળાવી દો."

હઝરત અબુઝર જે રીતે ઉપરોકત આયતની તફસીર કરતા તેનાથી ઘણા બધાને મતભેદ હતો.

તેઓ ફરમાવતા ભુલો નહી! આદમીને મોત પછી માત્ર ત્રણ વસ્તુઓ કામ આવશે (૧) નેક અવલાદ જે એના માટે મગફેરતની દુઆ કરે (૨) સદકએ જારીયા અને (૩) ઈલ્મ જેનાથી લોકો ફયઝ–લાભ ઉઠાવે.

એક દિવસ હઝરત અમીર મુઆવીયા (ર.અ.) પોતાના મહેલ અલ ખીઝરાની તામીર કરાવી રહયા હતા. સંજોગ વસાત હઝરત અબુઝર એ તરફથી પસાર થયા. (આ વાત દમીશ્ક સીરીયાની છે) મહેલના ઠાઠમાઠ જોઈને અમીર મઆવીયાથી ફરમાવ્યું.

"જો આ મહેલનું બાંધકામ અલ્લાહના માલમાંથી થઈ રહયું છે તો 'ખયાનત' છે. અને જો તેની ઉપર તમારો માલ ખર્ચ કરી રહયા છો તો 'ઈસરાફ' છે."

હઝરત અમીર મુઆવીયાએ કબરસ પર ચઢાઈ માટે લશ્કર રવાના કર્યુ તો ઈસ્લામી મુજાહીદોના આ લશ્કરમાં હઝરત અબુઝર પણ શામેલ હતા. સીરીયા પાછા આવી તબ્લીગનું કામ શરૂ કરી દીધું.

એક દિવસે હઝરત અમીર મુઆવીયા રદીયલ્લાહો તઆલા અન્હોએ સારી એવી રકમ હઝરત અબુઝરની ખીદમતમાં મોકલી. એમણે ગણત્રીના કલાકોમાં એ રકમ જરૂરતમંદોમાં વહેંચી દીધી બીજા દિવસે અમીર મુઆવીયાએ કસોટી કરવા ખાતર એક કાસીદને એમની પાસે મોકલ્યો કે કાલે તે રકમ ભુલથી આપને મોકલી દેવાઈ હતી તેને પાછી આપી દો મકસદ એ હતો કે જો એ રકમ અબુઝર પાસે મોજુદ હોય તો એમનાથી પુછી શકાશે કે તમે તો એક રાત માટે પણ દોલત જમા રાખવાનું હરામ સમજો છો પછી આ રકમ શામાટે પોતાની પાસે રાખી.

કાસીદ જયારે હઝરત અબુઝરની ખીદમતમાં પહોંચ્યો અને રકમ પાછી દેવાની માંગણી કરી તો એમણે ફરમાવ્યું.

"તે રકમ તો મેં પ્હો ફાટવા પહેલાં જ, એટલે કે રાત પુરી થવા પહેલાં જ જરૂરત મંદોમાં તકસીમ કરી દીધી."

કાસીદ જયારે અમીર મુઆવીયા પાસે પાછો આવ્યો અને તેણે હઝરત અબુઝરનો જવાબ સાંભળાવ્યો તો અનાયાસે એમની જીભે આ શબ્દો સરી પડયા.

"અબુઝર ખરેખર સાચા છે. જે કહે છે તેની પર અમલ પણ કરે છે."

હઝરત અબુઝર દુનિયાના હંગામાઓથી અલગ અલગ દમીશ્કના પરાવિસ્તારમાં સબ્ર અને સંતોષથી જીવન વિતાવતા રહયા હીજરી સન ૩૧ કે ૩૨માં હજ માટે 'રબ્ઝા' (પરા વિસ્તારનું નામ)ના બધાજ લોકો હજ માટે રવાના થઈ ગયા.

હઝરત અબુઝર ગીફારી રદીયલ્લાહો અન્હો મર્ઝુ–મોતમાં પડી ગયા એમની પાસે એમની પત્નિ અને એક પુત્રી મોજુદ હતા. બંને રડવા લાગ્યા અબુઝરે પુછયું. "શામાટે રડો છો."

પત્નિએ જવાબ આપ્યો "તમે એક વેરાન સ્થળે અરણ્યમાં અંતિમ શ્વાસ લઈ રહયા છો. મારા હાથમાં એટલી શકિત નથી કે આપની અંતિમ આરામગાહ તૈયાર કરી શકું તેમજ કફન માટે કાપડ પણ નથી."

હઝરત અબુઝરે ફરમાવ્યું.

"સાંભળો! એક દિવસે અમે કેટલાક લોકો હુઝુર રસુલે અકરમ (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ) ની ખીદમતમાં હાજર હતા. હુઝુરે ફરમાવ્યું તમારામાંથી એક શખ્સ રણમાં મોતને ભેટશે. તેના જનાઝામાં મુસલમાનોની એક જમાત બહારથી આવીને શીરકત કરશે. તે વખતે જે લોકો મોજુદ હતા તે બધા શહેરી આબાદીઓમાં વફાત પામી ચુકયા છે. હવે માત્ર હું જ બાકી રહી ગયો છું. કોઈ કારણ નથી કે હું જ રસુલે પાકની પેશનગોઈનો અધિકારી ન બનું. તમે બહાર જઈને જુઓ હુઝુરના ઈરશાદ પ્રમાણે મુસલમાનોની કોઈ જમાત જરૂર આવતી હશે.

નજીકમાં જ એક ટેકરો હતો. હઝરત અબુઝર રદીયલ્લાહો અન્હોની પત્નિ એની ઉપર ચઢીને ઈન્તેઝાર કરવા લાગ્યા થોડીવાર પછી દુરથી ધુળની ડમરી ઉડતી દેખાઈ પછી તેમાંથી કેટલાક સવારો નીકળ્યા. જયારે નજીક આવ્યા તો હઝરત અબુઝરની પત્નિએ એમને પાસે બોલાવીને કહયું.

"ભાઈઓ! નજીકમાં જ એક મુસલમાન આખેરતની સફરની તૈયારી કરી રહયો છે. તેના કફન દફનમાં મને મદદ કરો."

કાફલાવાળાઓએ પુછયું."

"તે શખ્સ કોણ છે?"

જવાબ આપ્યો.

"અબુઝર ગીફારી."

હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમના "ખલીલે રસુલ"નું બીરૂદ ધરાવતા મહાન સહાબીનું નામે નામી સાંભળી કાફલાવાળાઓ બેતાબ થઈ ગયા. અને "અમારા માબાપ એમની ઉપર કુરબાન હોય" પુકારતા એમની તરફ લપકી પડયા.

બીજી તરફ હઝરત અબુઝર ગીફારીએ પોતાની સાહેબઝાદીથી ફરમાવ્યું.

"જાને પીદર! એક બકરી ઝબેહ કર, અને ગોશ્તની હાંડી ચુલા પર ચઢાવી દે. કેટલાક મહેમાનો આવનાર છે. જે મારી તદફીન–તકફીન કરશે. જયારે તેઓ મને સુપુર્દ–ખાક કરી

ચુકે તો એમનાથી કહેજો કે અબુઝરે તમને અલ્લાહની કસમ આપી છે કે જ્યાં સુધી તમે આ ગોશ્ત ન ખાઈ લ્યો અહીથી રૂખસત થાવ નહી."

કાફલાવાળાઓ જ્યારે હઝરત અબુઝરની વાવટીમાં દાખલ થયા. તો એમના છેલ્લા શ્વાસ હતા. ઉખડી ગયેલ અવાજે ફરમાવ્યું.

"તમે લોકોને મુબારક બાદ કે તમારા અહી પહોંચવાની ખબર વરસો પહેલાં હાદીએ, બરહક, હુઝુરે પાકે આપી હતી. હું વસીયત કરું છું કે મને કોઈ એવો શખ્સ કફન પહેરાવે નહી જે સરકારી ઓહદેદાર હોય કે રહી ચુકયો હોય."

કાફલામાં એક અન્સારી યુવાન હતો. તેણે આગળ વધીને અરજ કરી.

"હે રસુલુલ્લાહના મહેબુબ રફીક! મારી પાસે બે કપડાં છે જે મારી વાલેદાએ હાથે વીણેલા છે. ઈજાઝત હોય તો હું આપને કફન પહેરાવુ."

હઝરત અબુઝર ગીફારીએ હકારમાં માથું હલાવ્યું અને "બિસ્મીલ્લાહ વ બિલ્લાહ વ અલા મિલ્લતે રસુલુલ્લાહ" કહીને ખાલીકે હકીકીને જઈ મળ્યા.

કાફલામાં સંજોગવસાત મશહુર સહાબી અને ફકીહે ઉમ્મત હઝરત અબ્દુલ્લાહ બીન મસઉદ રદીયલ્લાહો અન્હો પણ હતા. એમણે જનાઝાની નમાઝ પઢાવી અને પછી બધાએ મળીને હીદાયતના એ આફતાબને સુપુર્દે–ખાક કરી દીધા. જ્યારે ચાલવા લાગ્યા તો હઝરત અબુઝર ગીફારીની સાહેબઝાદીએ કસમ દઈને એમને ખાવાનું ખવરાવ્યું.

હઝરત અબ્દુલ્લાહ બીન મસઉદે જની વખતે હઝરત અબુઝરના બાલ બચ્ચાંને સાથે લઈ લીધા અને મક્કા પહોંચીને હઝરત ઉસ્માન (ર.અ.)ને હવાલે કરી દીધા એક રિવાયત છે કે ખલીફએ રસુલુલ્લાહ હઝરત ઉસ્માન ગની રદીયલ્લાહો અન્હો હજથી પાછા ફરતી વખતે એમને 'રબઝા'થી મદીનએ મુનવ્વરા લઈ ગયા.

હુઝુર રેહમતે આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ હઝરત અબુઝર ગીફારી પર બેહદ શફકત ફરમાવતા હતા. જ્યારે મજલીસે નબવીમાં તેઓ મોજુદ હોતા તો હુઝુરે પાક સૌથી પહેલાં એમને જ મુખાતીબ ફરમાવતા અને જો મોજુદ ન હોય તો એમને તલાશ કરીને લાવવામાં આવતા અને હુઝુરે પાક એમની સાથે મુસાફા ફરમાવતા.

હઝરત અબુઝર ગીફારી જો કે વરસો સુધી ફયઝાને નબવીનો લાભ લેતા રહયા પરંતુ એમણે રિવાયત કરેલી હદીસોની સંખ્યા માત્ર ૨૮૧ની છે. જેમાં વધુ પડતી તોહીદ અને અખ્લાક સંબંધે છે જેનો ખુલાસો બરકત ખાતર અહી રજુ કર્યો છે.

રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે "હે અબુઝર કોઈ પણ નેક કામને હલકુ સમજી છોડશો નહી.

દાખલા તરીકે એ પણ નેકી છે કે ભાઈ પોતાના ભાઈ સાથે "કુશાદા પેશાની" સાથે મળે એટલે પ્રસન્ન વદને મળે."

રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે હે અબુઝર! જ્યારે તું સાલન પકાવે તો શોરવો વધારે કર. અને જે પાડોશી તારી મદદને લાયક હોય તેને ત્યાં મુનાસીબ

હીસ્સો મોકલતો રહે."

મશહુર સહાબી હઝરત અબુ મુસા યશઅરી ઈરાકના ગવર્નર હતા. તેઓ હઝરત અબુઝર ગીફારીથી મુલાકાત કરવા ગયા. તેઓ એમને અખી, અખી (ભાઈ ભાઈ) કહીને બોલાવતા હતા. અને હઝરત અબુઝર ફરમાવતા હતા કે આ ઓહદા પછી તમે મારા ભાઈ નથી રહયા.

હઝરત અબુ મુસાએ પુછયું "શા માટે?" હઝરત અબુઝરે ફરમાવ્યું. "મને માલુમ નથી કે તમે ગવર્નર બન્યા પછી શું શું કર્યું? પહેલાં એ બતાવો કે તમે કોઈ મોટી ઈમારત તો નથી બનાવી, ઢોરોના ધણ તો ભેગા નથી કર્યા, ખેતી માટે અનાજના ભંડારોનો સંગ્રહ તો નથી કર્યો?"

હઝરત અબુ મુસા યશઅરી એ જયારે એ બધા સવાલોના જવાબ નકારમાં આપ્યા તો ફરમાવ્યું "હા, હવે તમે મારા ભાઈ (અખી) છો."

ખરેખર, હઝરત અબુ ઝર ગીફારી રદીયલ્લાહો અન્હો સ્વાંગી સદગુણો ધરાવનાર એક મહાન હસ્તી હતા. એમના જીવનનો એક એક પ્રસંગ આપણા બધા માટે મશઅલે–રાહ છે. અલ્લાહ તઆલા આ મહાન સહાબીનું અનુકરણ કરવાની તૌફીક અતા ફરમાવે. અલ્લાહનો શુકર છે કે મહાન સહાબીના મઝારની ઝીયારત કરવાની અને ફાતેહા પઢવાનું નસીબ થયું.

ખેર બેશુમાર સહાબાએ કીરામ, તાબેઈન બુઝુર્ગો, તબે તાબેઈન અને નામાંકિત અવલીયાના મઝારો પર અત્રે હાજરી આપી ફાતેહા દરૂદ પઢી ઈસાલે સવાબ કર્યો અને ઉમ્મત માટે દુઆઓ માંગી બહાર નીકળ્યા.

સીરીયામાં અને ખાસ કરી દીમશ્ક સહિતના શહેરોમાં એક ધ્યાન ખેચે તેવું રીવાજી ચલણ છે. એટલે કે લગભગ ઝીયારતના બધા સ્થળોએ આપણે ત્યાં ખુલ્લી સુઝુકીઓ હોય છે. તેવી બધી સુઝુકીઓમાં કાપડના થાનને થાન લદાયેલ હોય રંગ બે રંગી અને તરેહ તરેહનું કાપડ, તેમાં લદાયેલ હોય અને લુઝ બાંકડા હોય સુઝુકીઓમાંથી બાંકડા બેન્ચો કાઢીને તેની ઉપર કાપડ ખોલીને ધ્યાન આકર્ષાય તેવી રીતે ગોઠવી દેવામાં આવે છે અને ઝાઈરીનો કાપડની ખરીદી કરે છે સાંજ પડતા બધુ સંકેલીને સુઝુકીમાં નાખીને વેચનાર ઘર ભેગો થઈ જાય છે. જાણે ચાલતી ફરતી દુકાન.

ખેર બહાર નીકળ્યા અસર થઈ ગએલ અને થાકી પણ ગયેલ નબીલને કહયું કે ચાલો ફ્લેટ પર, ફ્લેટ પર પહોચીને આરામ કરેલ મગરીબની નમાઝ પઢેલ મારી પત્નિએ ટમેટા અને બટાકા, મરચાં વગેરે જુદી જુદી શાકભાજી લીધી હતી મટર લેતાં ભુલાઈ ગયેલ હતું ચીકન મસાલાના ટીન બે ખોલીને પુલાવ બનાવવાનો પ્રોગ્રામ હતો. ગરમ મસાલો ન હોઈ અચાનક તેમને ખ્યાલ આવી ગયો કે હું પાન ઘરમાં જ બનાવું છું.

પાન અને મસાલો કરાચીથી સાથે લઈ ગયેલ તે મક્કા સુધી ચાલ્યો મક્કામાં પાન લીધા તે મદીનામાં ચાલ્યા અને છેલ્લા દિવસે મદીનામાંથી લીધા તે દીમશ્કમાં ચાલ્યા સાથે લવીંગ અને એલચી વગેરે હતા. પુલાવમાં નાખવા લીધા અને પકાવવા માટેની તૈયારી કરી.

ઘણા દિવસથી નાન રોટી ખાઈને થાકી ગયા હતા. ચાવલ આપણો રોજનો ખોરાક છે મળતા સર્વે ખુશ થયા મારી પીત્રાઈ બહેન કાફલા સાથે આવી હતી તે પણ પુછતાં પુછતાં અમારા ફ્લેટ પર આવી પહોંચી તે પણ ખાવામાં શામેલ થઈ.

કોલ્ડ્રીકની એક બોતલ બે લીટરની ૩૫ રૂપીયામાં લીધેલ ખાવાની મજા પડી અને સર્વે ખુશ થયેલા પહેલાં જ ચાવલ બે કીલો અમારી પાસે હતા. એક કીલો પકાવેલ અને એક કીલો બાકી રાખેલ.

બીજા દિવસે સવારે છ વાગે જવાનો પ્રોગ્રામ હોઈ જલ્દી સુઈ જવાનું નક્કી કરેલ અને સુઈ ગયા સવારે વહેલા ઉઠીને ફજરની નમાઝ પઢી અને નાસ્તો પણ ફટાફટ તૈયાર થઈ ગયો નાસ્તો કરીને હજુ તો તૈયાર પણ થયા ન હતા ત્યાં દરવાજા પર નબીલ મોજુદ.

લગભગ અડધો કલાક લેટ અમો ગાડીમાં ગોઠવાઈ ગયા અને ગાડી શહેરની બહાર નીકળી રોડ પર આવી ગઈ અને એક પેટ્રોલ પમ્પ પર રોકાઈ જેમાં ડીઝલ ભરાવવાનું હતું

પેટ્રોલ પમ્પ બહુજ ટુંકી અને સાંકડી જગ્યામાં હતો સડકની વચ્ચો વચ્ચ ટુંકી ફુટપાથ પર બે બે પમ્પ અને નાની છત આ પમ્પ બહુજ ટુંકી જગ્યામાં પમ્પનું કામ થઈ જાય એક નાની કેબીનની જગ્યા જયાં બેઠેલો માણસ પૈસા વગેરે લ્યે.

નીચે ઉતરીને પેટ્રોલ અને ડીઝલના ભાવ મેં જોયા સીરીયાના ૨૫ રૂપીયાનું લીટર પેટ્રોલ ડીઝલ સાત રૂપીયાનું લીટર નબીલે ટાંકી ડીઝલથી ફુલ કરાવી લીધી અને અમો આગળ વધી ગયા.

એકાદ કલાક બાદ કોઈ ગામ આવ્યું દુકાનો તો ઘણી બધી હતી પણ વહેલી સવાર એટલે દુકાનો બંધ હતી એટલે કોઈ રોનક પણ દેખાઈ નહી અમારે પણ રોકાવું ન હતું કોઈ કામકાજ ન હતું કોઈ વસ્તુ લેવાની ન હતી. તેથી આગળ ચાલતા રહયા.

અમારી મુસાફરી ચાલુ રહી અમારી ગાડી સીરીયાની મુબારક સરઝમીન પર આગળ વધી રહી હતી. હું પણ ખુશનુમા વાતાવરણ, રમણીય દ્રશ્યો અને મુબારક સરઝમીન પર હાજરી, તરેહ તરેહના વિચારોમાં મગ્ન હતો.

લગભગ ૧૦ વાગે અમે હમસ નામે શહેરમાં પહોંચી ગયા હમસ આવતાં જ મન મગજમાં અનેરો તરવરાટ આવી ગયો આ એજ જગ્યા છે. જયાં ઈસ્લામના મહાન સીપેહસાલાર અને ઈતિહાસ સર્જક ફતેહ–વિજેતાની અંતિમ આરામગાહ આવેલી છે.

એજ મહાન મુજાહીદ શેરવીર સહાબીએ રસુલ જેમના વલવલા અંગેઝ કારનામાઓ તથા રાહે હકમાં જાન ન્યોચ્છાવર કરી દેવાની ધગશના એહવાલો વાંચીને કે સાંભળીને દરેક મુસલમાનના દિલના ધબકારા તેજ થઈ જાય છે. અને લોહી ગરમ બની જાય છે.

મારૂ મન પણ એમના મુબારક મઝાર પર હાજરી દેવા ઝીયારત કરવા તત્પર બની રહયું હતું હઝરત ખાલીદ રદીયલ્લાહો અન્હો એજ તો અવિસમરીણ સહાબી છે. જેમને માટે અલ્લાહના મહેબુબ રસુલે દુઆ ફરમાવી હતી.

અલ્લાહ તઆલા એમને ઈસ્લામ કબુલ કરવાનો શર્ફ અતા ફરમાવ."

હઝરત ખાલીદ બીન વલીદ એજ તો છે કે જયારે તેઓ હઝરત ઉમર બીન આફા અને હઝરત ઉસ્માન બીન તલ્હા સાથે બારગાહે રિસાલતમાં હાજર થયા ઈસ્લામ કબુલ કર્યો અને હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમની બયઅતનો શર્ફ હાસીલ કર્યો તો અલ્લાહના પ્યારા મહેબુબ રસુલે કરીમે ખુશીના આવેશમાં સહાબાએ કીરામને સંબોધીને ફરમાવ્યું.

મક્કાએ પોતાના જીગરના ટુકડાઓને તમારી તરફ ફેંકી દીધા છે.

ખાલીદ તો એજ મહામુલ્ય સહાબી છે.

જેમની બાબતે સૈયદુલ મુરસલીને ફરમાવ્યું.

"ખાલીદ અલ્લાહની તલ્વારોમાંથી એક તલવાર છે. જેને એમણે કાફીરો સામે મેદાનમાં કાઢી છે.

મોટી મસ, વિશાળ જગ્યા, તેમાં મઝાર મુબારક, અને ત્યાં જ સ્કુલ–મદ્રેસો અને મસ્જીદ પણ અમે અંદર જઈ હઝરત ખાલીદ બીન વલીદની તુરબત પર હાજરી આપી ત્યાં બે મઝાર હતા.

એક મઝાર હઝરત ખાલીદ બીન વલીદનો અને બીજો મઝાર એમના સાહેબઝાદા અબ્દુલ રહેમાન બીન ખાલીદ બીન વલીદનો.

હઝરત અબ્દુલ રહેમાનને બહાદુરી, શુરવિરતા, શેહ સવારી અને સખાવત પોતાના અઝીમ વાલીદથી વારસામાં મળી હતી હઝરત ઉસ્માન ઝુન–નુરૈનના ખિલાફત કાળમાં તેઓ સીરીયામાં હમસના અમીર (ગવર્નર) હતા.

હઝરત અબ્દુલ રહેમાન એ મશહુર લશ્કરમાં એક અફસરની હેસીયતથી શરીક હતા જેણે સૌથી પહેલાં કુસ્તુનતુનીયા પર ચઢાઈ કરી હતી અને જે લશ્કરની બાબત હુઝુર રસુલે પાકે 'મગફુર' હોવાની બશારત આપી હતી. અમે હઝરત ખાલીદ બીન વલીદની દરગાહ પર હાજર થયા તો જોયું કે ત્યા બે તલ્વારો પણ હતી. જીહા, સૈફુલ્લાહ (અલ્લાહની તલ્વાર)ના લકબધારી મહાન સહાબીની તલ્વારો.

ફાતેહા પઢીને, અકીદત ખંડણી અર્પણ કરીને અમે બહાર નીકળ્યા તે વખતે મદ્રેસા સ્કુલના 'તુલ્બા'નો રીસેસનો વખત હતો. થોડાક આટાફેરા મારતા હતા. અને પોતપોતાની રીતે રીસેસનો સમય પસાર કરતા હતા.

અમો પણ હમામ વગેરે તરફ ગયા. વઝુ કર્યો હમામ વગેરેમાં ગજબની સફાઈ ભારે સાફ સુથરા હતા, આપણને લાગે કે કોઈ એરપોર્ટ કે મોટી ફાઈવ સ્ટાર હોટલના સાફ હમામ છે. વઝુ કરી ફ્રેશ થઈને પ્રીન્સીપાલની ઓફીસમાં ગયા.

પ્રીન્સીપાલ–સદર મુદર્રીસ તો બહાર હતા. બીજો એક શખ્સ ત્યાં હાજર હતો. તેણે અમને ભાવભીનો આવકાર આપ્યો. અમને સન્માન પૂર્વક બેસાડયા અને લાલ ચા આપી જે અમોએ પીધી.

થોડીવારમાં સદર મુદર્રીસ આવી ગયા અમે ઓળખાણ અને દુઆ સલામ પછી પુછયું. તો એમણે જણાવ્યું.

"અહી દીની દુનિયવી બંને તાલીમ અપાય છે. ૨૬૦ વિધાર્થીઓ ભણે છે ૧૫થી ૧૬ માસ્ટર છે."

તેમણે અમને અભ્યાસક્રમ અંગે વીગતો દર્શાવતું રંગીન પેમ્ફલેટ પણ આપ્યું. જેમાં હઝરત ખાલીદ બીન વલીદના મઝાર શરીફ પર ચાલતા મદ્રેસાની તમામ વીગત હતી. ખેર તાલીમ, દર્સ તદરીસનો સીલસીલો ચલાવની સ્કુલ જોઈને તબીયત ખુશ થઈ.

થોડીક બરકત ખાતર હઝરત ખાલીદ બીન વલીદની મુબારક જીવન ઝરમર પર એક નજર નાખીએ.

હઝરત ખાલીદ બીન વલીદ, સૈફુલ્લાહ ઈસ્લામી ઈતિહાસના તે મહાન સપુત છે જેમની અજોડ બહાદુરી અને દંગ બનાવી દેનાર લશ્કરી નિપૂણતા અને સલાહિયતનો દુનિયાના તમામ ઈતિહાસકારો મુકત મને સ્વિકાર કરે છે. એમની શેહ સવારી, મહારત, કયાદત, અને ચાતુર્ય ભરેલી 'સફઆરાઈ' લશ્કરી ગોઠવણીના એહવાલો વાંચીને અનાયાસે સ્વિકારવું પડે છે કે દુનિયાનો કોઈ મોટામાં મોટો જનરલ પણ એમની બરોબરીનો દાવો નથી કરી શકતો.

હઝરતખાલીદ બીન વલીદનો સંબંધ કુરેશના બનુ મખઝુમ ખાનદાન સાથે હતો જે ખુબજ સન્માનીય હતું લશ્કરી નેતૃત્વ પણ એમના કુટુમ્બની પાસે જ હતું એમના વાલીદનું નામ વલીદ હતું વાલેદાનું નામ લબાબતુ–સ–સુગરા હતું. ઉમ્મુલ મોમીનીન હઝરત બિબ્તે હારીસ, અને ઉમ્મુલ ફઝલ લબાબતુલ કુબરા, હઝરત અબ્બાસ બીન અબ્દુલ મુત્લીબના પત્નિ બંને બહેનો હતી. એ સગપણથી હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અને હઝરત અબ્બાસ, હઝરત ખાલીદના માસા હતા.

હઝરત ખાલીદ બીન વલીદ ખરેખર મોઢામાં સોનાનો ચમચો લઈને પેદા થયા હતા. બાપ 'રઈસુલ રઉસા' હતો. માલ દોલત, ગુલામો, ઊંટો, ઘોડાઓ, મકાનો, બગીચાઓ દરેક વખત વીપુળ પ્રમાણમાં મોજુદ હતા.

તેમ છતાં તેઓ કદી દુનિયવી એશ આરામમાં સપડાયા નહી અને બહાદુરી, હિમત, દિલેરી, મહેનતનો માર્ગ અપનાવ્યો તેમના ખાસ શોખ હતા. કુશ્તી લડવી, ઘોડાઓના ઉચ્છેર, અને તેમને કેળવવા, ઘોડાદોડની હરીફાઈઓમાં ભાગ લેવો લડાયક વિધા કળા શીખવી, તલ્વારબાજી, નેઝા બાજી, તીરઅંદાઝી વગેરે.

સ્વભાવે તેઓ અત્યંત હોશીયાર, ફુર્તિલા બહાદુર અને નીડર હતા. અલ્લાહ તઆલાએ એમના સ્વભાવમાં જ જાણે યુધ્ધકળા ભરી દીધી હતી.

હુઝુરે પાકે હકની દાઅવતનો આરંભ કર્યો તો હઝરત ખાલીદના એક ભાઈ જેમનું નામ વલીદ બીન વલીદ હતું તેઓ ગઝવએ બદર પછી ઈસલામ લઈ આવ્યા પરંતુ હઝરત ખાલીદે પોતાના બાપનું અનુકરણ કર્યુ એટલે સુધી બીજા મુશરીકો સાથે મળીને એમણે ઈસલામ સામે કમર બાંધી તેમ છતાં એમણે કોઈ હલકી હરકત કદી કરી નહી. પીતાની વફાત પછી પણ તેઓ સાત વરસ સુધી મુશરીકોનો સાથ દેતા રહયા. ગઝવએ બદર હીજરી સન બેમા મુશરીકોના લશ્કરમાં શામેલ હતા. પરંતુ કોઈ કારનામું દેખાડવાની તક મળી નહી ગઝવએ

ઓહદ હીજરી સન ત્રણમાં મક્કાની ઘોડે સવાર ટુકડીનું નેતૃત્વ કરી રહયા હતા. ઓહદના પહાડ પરના દુરે અયતેન પર હુઝુરે પાકે પચ્ચાસ તીરઅંદાજોને એ હેતુસર નિયુકત ફરમાવ્યા હતા કે તેઓ કાફીરો એ દુર્રા–ઘાટમાંથી પસાર થઈને પહેલા તબક્કામાં કાફરોનો પરાજય થયો અને ઘાટ પર નિયુકત મોટા ભાગના તીરઅંદાજોએ હુઝુરની હીદાયતની વિરૂધ્ધ પોતાની જગ્યા છોડી દીધી. તો ખાલીદની નજરોએ મુસલમાનોની આ કમજોરીઓ સમજી લીધી અને પોતાની ટુકડી સાથે એ દુર્રાને રસ્તે મુસલમાનો પર પાછળથી હુમલો કરી દીધો આ અચાનક હુમલાથી મુસલમાનોને ભારે નુકસાન ઉઠાવવું પડયું.

ગઝવએ અહેઝાબ હીજરી પાંચમાં ખાલીદ મક્કાના એ ઘોડે સવારોમાં શામેલ હતા જેઓ આખો દિવસ ખન્દકને કાંઠે કાંઠે ફરતા રહેતા કે મુસલમાનો ગફલતમાં હોય તો ખન્દક ઓળંગીને અચાનક હુમલો કરી શકે પરંતુ મુસલમાનોની ચોક્કસાઈ એ એમને કોઈ એવી તક આપી નહી.

હીજરી સન ૬માં જયારે હુઝુરે પાક ૧૪૦૦ સહાબાએ કીરામ સાથે કાઅબાની ઝીયારત માટે મક્કા રવાના થયા તો મક્કાના મુશરીકોએ ખાલીદ બીન વલીદના નેતૃત્વમાં બસ્સો સવારોને મુસલમાનોને અવરોધવા કે તપાસ કરવા માટે મક્કાથી રવાના કર્યા.

સુલેહ હુદૈબીયાને બીજા વરસે હીજરી ૭માં જયારે હુઝુરે પાક ઉમરાની અદાયગી માટે મક્કામાં દાખલ થયા તો હઝરત ખાલીદ બીન વલીદ મક્કાના મોટા ભાગના લોકો સાથે શહેરની બહાર નીકળી ગયા કારણ કે તેઓ મુસલમાનોના મક્કામાં દાખલ થવાના દ્રશ્યને જોવાની હામ ધરાવતા ન હતા.

મક્કામાં જ હુઝુરે પાકે એમના ભાઈ સહાબી હઝરત વલીદથી ફરમાવ્યું "અફસોસ! ખાલીદ અમારી પાસે આવ્યો નહી જો તે આવતે તો અમે તેનો ઉમળકા સાથે સ્વાગત કરતે, ખાલીદ જેવા શખ્સે ઈસલામથી દુર નહી રહેવું જોઈએ.

એ મોકા પર હુઝુરે પાકે હઝરત ખાલીદના ઈસ્લામ કબુલ કરવા માટે દુઆ પણ ફરમાવી હોવાનું એક રિવાયતમાં આવ્યું છે.

હઝરત વલીદે મદીનએ મુનવ્વરા પાછા જઈ પોતાના ભાઈ ખાલીદને એક દિલસોજી ભરેલો પત્ર લખ્યો જે ઈતિહાસના પાનાઓ પર મોજુદ છે. તેમણે લખ્યું હતું કે તમારા જેવો હોશીયાર શખ્સ ઈસ્લામની હક્કાનીયતથી બેખબર હોઈ શકતો નથી તમે હકને ઓળખો અને ઈસ્લામનું દામન પકડી લ્યો.

પત્રથી પ્રભાવિત થયા અને થોડા દિવસો પછી બારગાહે રિસાલતમાં હાજર થઈ ઈસ્લામ કબુલ કરી લીધો. અને મદીનએ મુનવ્વરામાં સ્થાયી થઈ ગયા એ રીતે એમણે હિજરતનો શર્ફ પણ હાસીલ કરી લીધો હુઝુરે રહેવા માટે એમને એક મકાન પણ એનાયત ફરમાવી દીધું.

હઝરત ખાલીદ બીન વલીદ ફરમાવે છે કે મેં બારગાહે નબવીમાં અરજ કરી.

"યા રસુલ્લાહ! મારાથી આપની વિરૂધ્ધ લડવાનો ગુનાહ અનેક વખત થઈ ચુકયો છે.

અલ્લાહ તઆલાથી આપ મારી મગફેરતની દુઆ કરો."

હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું.

"ઈસ્લામ પોતાનાથી પહેલાંના તમામ ગુનાહોને રદબાતલ ઠેરવી દે છે."

હઝરત ખાલીદે આશ્ચર્યથી કહયું.

"ખરેખર યા રસુલુલ્લાહ!"

આપે ફરમાવ્યું.

"હા."

ત્યારબાદ આપે દુઆ ફરમાવી કે: "ઈલાહી! ખાલીદના ભુતકાળમાં તારા દીનનો વિરોધ કરવાની જે ભૂલ કરી છે તેને માફ ફરમાવ."

હીજરી ૮ રમઝાનુલ મુબારકમાં હઝરત ખાલીદ બીન વલીદ એ પાક લોકોમાં શામેલ હતા. જેઓ ફતહે મક્કાના મોકા પર હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમની સાથે હતા.

ફતેહ મક્કાના પાંચ દિવસ પછી હુઝુરે પાકે હઝરત ખાલીદ બીન વલીદને ત્રીસ સવારો આપીને 'વાદીએ નખ્લા'માં આવેલા કુરેશના એક મોટા બુત (મુર્તિ) જેને 'ઉઝઝા' કહેતા હતા. તોડી નાખવા માટે મોકલ્યા. ઘણા બધા કબીલાઓ 'ઉઝઝા'ની હદથી વધારે તાઝીમ કરતા હતા. ઉઝઝાનું 'મોઅબદ' (મંદીર) મક્કાથી દસ માઈલ દુર એક બુસ્તાને–આમીર નામે બગીચામાં આવેલ હતું.

હઝરત ખાલીદે પચ્ચીસ રમઝાનુલ મુબારક હીજરી સન ૮માં ત્યાં પહોચીને ઉઝઝા અને તેના મંદીરને પૃથ્વીની સપાટી પરથી મીટાવી દીધું.

ત્યારે હીજરી ૯માં હુઝુરે પાક જયારે રુમીઓના સંભવિત હુમલાનો મુકાબલો કરવા તબુક તશરીફ લઈ ગયા તો હઝરત ખાલીદ પણ સાથે હતા.

હીજરી સન ૧૦માં ચારસો સવારો સાથે ઈસલામની દાઅવત માટે બારગાહે નબવીથી હઝરત ખાલીદ નજરાન ગયા અને ત્યાર બાદ યમન ગયા જયાં છ મહીના રોકાઈ ઈસ્લામની તબ્લીગ કરી એજ વરસે હજજતુલ વીદામાં હઝરત ખાલીદ બીન વલીદ પણ હુઝુરે પાકની સાથે હમરકાબ હતા. અને હજજની સઆદત હાસીલ કરી.

હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમે આ ફાની જગતથી પડદો ફરમાવ્યો અને હઝરત અબુબકર સીદ્દીક ખલીફએ રસુલ બન્યા તો એમણે ફીત્નાઓના નીકંદનમાં ઉમદા કારકીર્દી દાખવી.

હઝરત ખાલીદ બીન વલીદને દરબારે ખીલાફતથી હુકમ પહોંચ્યો કે હવે મુસલેમા કઝઝાબને ખતમ કરવાની કામગીરી પણ તમારે ઝીમ્મે છે.

મુસલેમા કઝઝાબનો સંબંધ 'યમામા (નજદ)ના કબીલા બનુ હનીફાથી હતો. એહદે રિસાલતના અંતિમ ચરણમાં તે એક પ્રતિનિધી મંડળ સાથે મદીનએ મુનવ્વરા આવ્યો અને હુઝુરે પાકથી કહેવા લાગ્યો.

'જો આપ મને પોતાનો જાનશીન મુકર્રર કરી દો તો હું અત્યારે આપના હાથ પર બયઅત કરું છું.

હુઝુરે પાકના દસ્તે મુબારકમાં એક લાકડી હતી. આપે તેને ઉઠાવીને ફરમાવ્યું.

"જાનશીન તો ઘણી મોટી વસ્તુ છે હું તો તને આ લાકડી દેવાનુ પણ પસંદ નથી કરતો. અલ્લાહે તારા મુકદ્દરમાં જે કંઈ લખ્યું છે તે થઈને રહેશે."

તે પાછો પોતાના કબીલામાં ગયો અને કહેવા લાગ્યો કે હું પણ નબી છું અને મોહમ્મદે મને પણ પોતાની નબુવ્વતમાં ભાગીદાર (નઉઝોબીલ્લાહ) બનાવી લીધો છે."

આ જુઠાણાને કારણે જ તે 'કઝઝાબ' (જુઠો) કહેવાય છે યમામાથી તેણે હુઝુરે પાકની ખીદમતમાં એક પત્ર લખ્યો.

"મુસલેમા રસુલે ખુદા તરફથી મોહમ્મદ રસુલે ખુદા તરફ અસ્સલામો અલય.....હું તમારા કામમાં ભાગીદાર બન્યો અર્ધા મુલ્ક મારો અને અર્ધો પ્રદેશ કુરેશનો..."

હુઝુરે પાકે જવાબ મોકલ્યો:

"મોહમ્મદુર– રસુલુલ્લાહનો પત્ર, મુસલેમા કઝઝાબને મળે તેને માલુમ થાય કે મુલ્ક અલ્લાહનો છે. પોતાના બંદાઓમાંથી જેને ચાહે છે તેનો વારીસ બનાવી દે અને આખેરતની ભલાઈ પરહેઝગારો માટે છે."

આ પત્ર મોકલાયા પછી બહુ જલ્દી હુઝુરે પાકે પડદો ફરમાવી લીધો અને મુસલેમા કઝઝાબનો ભયંકર ફીત્નો ફાટી નીકળ્યો. ટુંકમાં અનેક નામાંકિત સહાબાઓ એ ફીત્નાને કચડી નાખવામાં ઉતરી ગયા. ઘમસાણની લડાઈ થઈ જેને પરિણામે મુસલેમા કઝઝાબ હઝરત વહશી રદીયલ્લાહો અન્હો (હઝરત અમીર હમઝાના કાતીલ)ને હાથે જહન્નમ રસીદ થયો. આ ભયાનક લડાઈ 'જંગે–યમામા' નામે મશહુર છે. ઈતિહાસમાં તેનું સવિસ્તર વર્ણન મોજુદ છે. મેં તો માત્ર ટુંકમાં એનો ઉલ્લેખ કર્યો છે. આ લડાઈમાં મુરતદોના એકવીસ હજાર (૨૧૦૦૦) લોકો માર્યા ગયા. મુસલમાન શહીદોની સંખ્યા એક હજારની લગભગ હતી. તેમાં ચારસો મુહાજીરીન અને અન્સાર હતા. અને સાતસો કલામુલ્લાહના હાફીઝ હતા. હઝરત ખાલીદ બીન વલીદે એક કાસીદને ફતેહની ખુશખબરી સાથે મદીનએ મુનવ્વરા મોકલ્યો.

હઝરત ખાલીદ બીન વલીદ યમામાની એક વાદી અલ વબરમાં રોકાઈ ગયા. ત્યાં જ ૧૨મી મોહર્રમ હીજરી સન ૧૨માં એમને ખલીફએ રસુલુલ્લાહ હઝરત અબુબકર સીદ્દીકનો હુકમ મળ્યો કે તેઓ હઝરત મુસન્ના બીન હારસહ (રઅ.)ની મદદ માટે ઈરાક રવાના થઈ જાય.

હઝરત ખાલીદ બીન વલીદ કુલ એક વરસ બે મહીનાનો અરસો ઈરાકમાં રહયા એ દરમ્યાન એમણે પંદર (૧૫) લડાઈઓ લડી અને બધામાં ફતેહ હાસીલ કરી.

જંગે યરમુકની લોહીયાળ લડાઈ પછી ઈસ્લામી ફોજો દમીશ્ક તરફ આગળ વધી અને તેનો ઘેરાવ કરી લીધો.

હઝરત અબુ ઉબેદાએ બાબે જબાબીયા સામે પડાવ નાખી લીધો જયારે હઝરત ઉમર

બીન આસ બાબે તુમાર સામે ગોઠવાઈ ગયા હતા. હઝરત સરજીલ બીન હસના એ બાબુલ ફરાદીસ સામે મોરચો સંભાળી લીધો હઝરત યઝીદ બીન અબી સુફયાન બાબે કીસાન સામે મોરચાબંધ થઈ ગયા.

હઝરત ખાલીદ બીન વલીદે શહેરના કીલ્લાના પૂર્વ તરફના દરવાજાથી એક માઈલ દુર એક ખાલી ખાનકાહમાં ડેરો નાખી લીધો આજે પણ એ સ્થળ 'દેરે–ખાલીદ' તરીકે મશ્હુર છે. કડકડની ઠંડી હતી જે અરબ મુજાહીદો માટે અસહય હતી. દમાસ્કસનો ઘેરાવ બે મહીના દસ દિવસ અથવા એક રિવાયત પ્રમાણે ત્રણ મહીના સુધી ચાલુ રહયો એ દરમ્યાન દમાસ્કસના વાસીઓની કીલ્લાથી બહાર નીકળીને લડવાની હિંમત ન થઈ તેઓ કીલ્લાની રાંગ પરથી મુસલમાનો પર તીરોનો વરસાદ વરસાવતા રહેતા.

હઝરત ખાલીદ બીન વલીદ રાત ભર જાગતા રહેતા અને ફોજી વ્યવસ્થાની સાથો સાથ દુશ્મનોની હેરફેર પર પણ નજર રાખતા હતા. એક રાતે એમને શહેરની અંદર કંઈ હંગામો અને શોર સંભળાયો તો પોતાના જાસુસોથી માલુમ કરવાની કોશીષ કરી તો માલુમ પડયું કે દમાસ્કસના 'બતરીક'ને ઘેર છોકરાનો જન્મ થયો છે. અને તેની ખુશાલીમાં આજે શહેરના બધા લોકોએ ઉજવણી કરી હતી. તેમણે ઘણો દારૂ પી લીધો અને સાંજથી જ બેભાન પડયા છે.

હઝરત ખાલીદ પોતાની ખાસ ફોજી ટુકડી સાથે દમાસ્કસના કીલ્લા તરફ આગળ વધ્યા અને પાણીથી ભરેલી ખંદકને ઓળંગીને કીલ્લાની દિવાલ નીચે પહોચી ગયા.

ત્યાંથી કેટલાક મુજાહીદો સાથે કમન્દ દ્વારા કીલ્લાની અંદર ઉતરી ગયા. પહેરેદારોને કત્લ કરીને શહેરનો દરવાજો ખોલી નાખ્યો સાથે જ એમણે તકબીરનો નારો બુલન્દ કર્યો શહેરના સૈનીકો અચાનક હુમલાથી ગભરાઈ ગયા. પોતેજ શહેરના બીજા દરવાજા ખોલી નાખ્યા અને હઝરત અબુ ઉબેદાથી સુલેહની દરખાસ્ત કરી જે એમણે મંજુર કરી લીધી. હવે સ્થિતિ એવી હતી કે હઝરત અબુ ઉબેદા સુલેહ મંજુર કરીને શહેરની અંદર વધી રહયા હતા. અને બીજી તરફથી હઝરત ખાલીદ બીન વલીદ વિજયી આગેકુચ કરી રહયા હતા. શહેરની વચ્ચો વચ્ચ બંનેની મુલાકાત થઈ અને સુલેહ મંજુર કરાયાનું સાંભળી હઝરત ખાલીદ બીન વલીદે તલ્વાર મ્યાનમાં કરી લીધી. હવે ઈસ્લામી લશ્કર હમસ તરફ આગળ વધ્યું તે વખતે એ સીરીયાનું એક મહત્વનું શહેર હતું. રોમના હરકુલ બાદશાહને તેની ખબર થઈ તો તેણે એક મોટી ફોજ દમાસ્કસ તરફ રવાના કરી જેથી તે મુસલમાનોને હમસ સુધી પહોચવાથી રોકે અને શકય હોય તો દમાસ્કસમાંથી મુસલમાનોને કાઢી મુકે અને તેની ઉપર કબ્જો કરી લ્યે. તોઝરની પાછળ હરકુલે અન્ય એક ફોજ તેની મદદ માટે મોકલી તેના સેનાપતીનું નામ જનરલ શનીસ હતું હઝરત અબુ ઉબેદાએ હઝરત ખાલીદને તોઝરના મુકાબલા માટે રવાના કર્યા અને પોતે શનીસના મુકાબલા માટે ગયા. તોઝર દમાસ્કસ તરફ આગળ વધ્યા તો હઝરત ખાલીદ તેની પાછળ થઈ ગયા હઝરત યઝીદ બીન અબુ સુફયાન કે જેઓ દમાસ્કસમાં હતા. તેઓ તોઝરની કુચને રોકવા ફોજ સાથે બહાર નીકળી આવ્યા બંને વચ્ચે ઘમસાણની

લડાઈ થઈ એ દરમ્યાન હઝરત ખાલીદ બીન વલીદે પણ પાછળથી તોઝરની ફોજ પર હુમલો કર્યો એ રીતે બંને તરફથી ઈસ્લામી ફોજોએ રૂમીઓ પર ત્રાટકીને જોત જોતામાં યુધ્ધનું મેદાન જીતી લીધું ગણત્રીના રૂમી ફોજીઓ સીવાય બધાજ રણ મેદાનમાં મરી ગયા જેમાં તોઝર પણ શામેલ હતો. બીજી તરફ હઝરત અબુ ઉબેદાએ મરજુલ રૂમ નજીક શનીસને રોકી લીધો ભારે લડાઈ પછી રૂમીઓનો પરાજય થયો શનીસ અસંખ્ય રૂમીઓ સહિત માર્યો ગયો જે રૂમીઓ બચી ગયા તેમણે ભાગીને હમસમાં આસરો લીધો.

ઈસ્લામી ફોજોએ હવે હમસ તરફ કુચ કરી હઝરત ખાલીદ બીન વલીદ મોખરે હતા. હઝરત ખાલીદ હમસથી થોડા દુર હતા કે રૂમીઓની એક મોટી ફોજ હમસમાંથી નીકળી અને એમનો મુકાબલો શરૂ કર્યો હઝરત ખાલીદ બીન વલીદના પહેલા જ હુમલામાં રૂમીઓના પગ ઉખડી ગયા અને તેઓ ભાગીને પાછા હમસમાં ઘુસી ગયા.

હઝરત ખાલીદ બીન વલીદ હમસની નજીક પહોંચી ગયા અને પડાવ નાખી લીધો હઝરત મયસરહ બીન મસરૂક રદીયલ્લાહો અન્હો અને હઝરત અબુ ઉબેદા પણ હમસની બહાર પહોચી ગયા અને હમસના મોટા દરવાજા "રસ્તન" સામે પડાવ નાખ્યો અને ઈસ્લામી ફોજોને હમસની ચારે તરફ ફેલાવી દીધી.

હરકુલ પહેલાં હમસમાં જ રહેતો હતો તોઝારના પરાજય પછી 'અરહા' નામે સ્થળ ચાલ્યો ગયો. જે સમયમાં ઈસ્લામી ફોજોએ હમસનો ઘેરાવ કર્યો હતો તે વખતે ભારે ઠંડી હતી, આકરી શરદી પડી રહી હતી.

હમસના લોકોનું માનવું હતું કે અરબ લોકો આટલી આકરી શરદી સહન નહી કરી શકે અને ખુલ્લાં મેદાનમાં પડયા રહેવાનું તેમના માટે શકય નહી રહે પરંતુ એમની માન્યતા ખોટી પુરવાર થઈ મુસલમાનોએ સખ્તાઈપુર્વક હમસનો ઘેરો ચાલુ રાખ્યો.

એટલામાં મુસલમાનો હમસના કીલ્લાને તોડવામાં સફળ થઈ ગયા અને રૂમીઓએ ગભરાઈને હથીયાર નાખી દીધા અને હમસ શહેરને મુસલમાનોને હવાલે કરી દીધો. હમસની ફતેહ બાદ હઝરત ખાલીદ બીન વલીદ એક હજાર સવારો સાથે દમાસ્કસ ચાલ્યા ગયા.

હઝરત ખાલીદ બીન વલીદે ફતેહ કરેલ આ એજ હમસ શહેર છે જેમાં અમે અત્યારે હતા. અને ઈસ્લામના એ નામવર મહાન ફાતેહ અને તારીખસાઝ સહાબીએ રસુલના મઝાર શરીફ પર ફાતેહા પઢયા પછી એક ખાસ પ્રકારના રૂહાની સુકુનનો અનુભવ કરી રહયા હતા.

ત્યારબાદ ઈતિહાસના પાનાઓમાં બીજી એક ભયાનક લડાઈનો ઉલ્લેખ મળે છે. જેમાં હઝરત ખાલીદ બીન વલીદના આશ્ચર્યજનક કારનામાઓ જાહેરમાં આવ્યા એ યુધ્ધને "યરમુકની લડાઈ" કહેવામાં આવે છે.

હઝરત ઉમર ફારૂકે (ર.અ.) એક વખત હઝરત ખાલીદ બીન વલીદને સંબોધી ફરમાવ્યું હતું.

"હે ખાલીદ તમે મારી નજીક મોહતરમ અને બુઝુર્ગ હોવાની સાથો સાથ મને વહાલા અને પ્યારા પણ છો."

એ વખતે હઝરત ઉમર ફારૂકની ધાક ઈસ્લામના ખલીફા તરીકે ચોતરફ ફેલાએલી હતી.

હઝરત ખાલીદ બીન વલીદ હીજરી સન ૨૧ મુતાબીક ઈ.સ. ૬૪૩માં બીમાર થઈ ગયા અને વફાતથી થોડા વખત પહેલાં હસરતની સાથે ફરમાવ્યું.

"મેં મારી જીંદગીમાં લગભગ ત્રાણસો યુધ્ધો કર્યા છે. મારા શરીરમાં દરેક ભાગ પર તીરો, તલ્વારો અને નેઝાઓના જખ્મ લાગ્યા છે. પરંતુ શહાદત નસીબ થઈ નહી. અને આજે બીસ્તર પર ઊંટની જેમ જાન દઈ રહયો છું. ખુદા બુઝદિલોને કદી ચેન નસીબ ન કરે." ઈ.સ. ૬૪૩માં ઈસ્લામના એ મહાન અજોડ સીપેહસાલારે આ ફાની જગતથી સાંઈઠ વરસની ઉમરે પરદો ફરમાવ્યો.

હઝરત ખાલીદ બીન વલીદનો મુબારક મઝાર આજે પણ મોટી ઝીયારત ગાહ છે.

હઝરત ખાલીદ બીન વલીદને સરકારે દોઆલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ સાથે બેપનાહ મોહબ્બત હતી. તેઓ હુઝુરે પાકની શાનમાં કોઈ પ્રકારની ગુસ્તાખી બરદાસ્ત કરી શકતા ન હતા.

એક વખત હુઝુરે પાકની ખીદમતમાં કેટલુંક સોનું આવ્યું તે વખતે નજદના કેટલાક લોકો બારગાહે નબવી શરીફમાં હાજર હતા. આપે એ તમામ સોનું એ લોકોમાં તકસીમ કરી દીધું પરંતુ એક શખ્સને પોતાના ભાગથી સંતોષ થયો નહી. અને તેણે કહયું.

"મોહમ્મદ અલ્લાહથી ડર."

રહેમતુલ-લીલ- આલમીને અત્યંત ધીરજથી ફરમાવ્યું:

"જો હું અલ્લાહની નાફરમાની કરું છું તો બીજો કોણ તેની ઈનાયત કરે છે."

હઝરત ખાલીદ બીન વલીદ પણ એ મોકા પર દરબારે રિસાલતમાં મોજુદ હતા. તે નજદીની ગુસ્તાખી પર નખશીખ જલાલ બની ગયા તલ્વાર મ્યાનમાંથી ખેંચી કાઢી અને હુઝુરે પાકથી તેની ગરદન ઉડાવી દેવાની ઈજાઝત તલબ કરી.

પરંતુ આપ તો સરાપા 'અફ્વ' અને કરમ હતા. ફરમાવ્યું.

"ખાલીદ જવા દો."

હુઝુરે પાક સાથે એમની અકીદત અને મોહબ્બતની એ કેફીયત હતી કે આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના કેટલાક 'મુએ-મુબારક' (બાલ મુબારક) પોતાની ટોપીમાં સીવડાવીને રાખ્યા હતા. અને તે ટોપીને પહેરીને યુધ્ધના મેદાનમાં જતા હતા.

યરમુકની લડાઈમાં એક મોકા પર તે ટોપી કયાંક પડી ગઈ તો સખ્ત પરેશાન થઈ ગયા ઘણી દોડધામ પછી તેને તલાશ કરી ત્યારે ચેન પડયું.

એક મોકા પર હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું.

"તમે લોકો ખાલીદને કોઈ પ્રકારની તકલીફ ન આપો. કારણ કે તે અલ્લાહની તલ્વારોમાંથી એક તલ્વાર છે. જેને અલ્લાહ તઆલાએ કાફીરો પર ખેંચી છે."

સૈયદના હઝરત ખાલીદ બીન વલીદની સીરત અને કીરદાર તેમજ એમના ભવ્ય કારનામાઓનું વિસ્તૃત પણે વર્ણન કરવા માટે સેંકડો હજારો પાનાઓ નહી મોટી મોટી

કીતાબો જરૂરી છે. (અને લખાઈ પણ છે.) અત્રે બરકત ખાતર મેં યથાશકિત તેનું વર્ણન કર્યુ છે. મને મારી ખુશનસીબી માટે માન છે કે જલીલુલકદર સહાબી હઝરત ખાલીદ બીન વલીદ સૈફુલ્લાહના મઝાર મુબારક પર હાજર થવાની સીરીયાની સફર દરમ્યાન તક મળી અલ્લાહુમ્મા લકલ હમ્દ વ લકા શુક્ર.

આપણે સીરીયાની સફરની શાબ્દીક સહેલ સઆદત હાસીલ કરી રહયા હતા. અહી થોડોક વિસામો ખાઈને વાયદા મુજબ લંડનના પ્રવાસનો થોડો લાહવો લઈએ એક વાત વાંચકોની જાણકારી માટે બતાવી દઉ કે અગર તમને લંડન જતાં સીરીયાની મુલાકાત લઈ ત્યાંની ઝીયારતગાહો તથા ઈસ્લામીક ઈતિહાસ સાથે સંકળાયેલા સ્થળોની મુલાકાત લેવી હોય તો સીરીયન એરલાઈનની દમીશ્ક થઈને લંડન જતી ફલાઈટનો ઉપયોગ કરવો જોઈએ આ ફલાઈટ દમીશ્ક થઈને લંડન જશે જેમાં તમે દમીશ્કમાં રોકાણ કરી શકો છો અને ઝીયારતો પણ કરી શકો છો. ઉપરાંત વિમાનનું ભાડું પણ પાંચ હજાર ઓછું છે ને એક કાંકરે બે પક્ષી હવે આપણે લંડન તરફ જઈએ.

સીરીયાની સફરનો ૪૫મો હફ્તો ચાલતો હતો ને વખતે મારો મોટો પુત્ર મોહમદ આરીફ સ્કુલમાં બાળકોને વેકેશન હોઈ ફેમીલી લઈને લંડન ગયેલ હતો. તેણે લંડન આવવાનો ખુબજ આગ્રહ કરી મને લંડનની બે અઠવાડીયાની મુલાકાતે આવવા રાજી કરી લીધો. મને પણ ભાવતું હતું ને વૈદ્યે ચીધ્યું ટીકીટથી આ વખતે એક કાંકરે બે પક્ષી મારવાનો સવાલ જ ન હતો કેમકે હું અને મારી પત્નિ બે જણ હતા એટલે સગવડવાળી એર લાઈનની શોધ કરી તો પીઆઈએની ફલાઈટ સીધી લંડન જતી હતી તેથી મે ૧૯ જુનની જવાની અને જુલાઈની પછી આવવાની બે સીટો બુક કરાવી લીધી.

પીઆઈએની સફર બહુજ સગવડ અને આરામદાયી હતી કોઈ જાતની કમી હોતી નથી છતાં માણસો પીઆઈએની અવગણના કરતા રહે છે આવવા જવામાં પણ સમયની પાબંદી જળવાઈ રહે છે. લંડન એમ તો હું ચાર પાંચ વખત જઈ આવ્યો છું અને એક વખતે તો વેપારી પ્રવાસે ઈટાલી, જર્મની ફ્રાન્સ અને સ્વીટઝરલેન્ડ ગયેલ હોઈ બે વખત રોકાણ મળેલ લંડનમાં કામ ન હોય તો પણ લંડન જવાની સીટ કરાવી લેવી કેમકે લંડન જવાનો લહાવો જ કંઈક જુદો હોય છે યુરોપ જવાનું થાય અને લંડન ન જવું એવું છે કે દસ ડીશોનું ડીનર હોય અને મિઠાઈ જ ન હોય જાણે કોઈ મીસર જાય અને પીરામીડ ન જુએ પેરીસ જાય અને એફીલ ટાવર તથા આર્ટ ગેલેરીઓ ન જુએ સ્વીટઝરલેન્ડ જાય અને લીલાછમ વૃક્ષોનું વાતાવરણ બરફીલા પહાડી વિસ્તારોની મુલાકાત લ્યે નહી. યુરોપના ગમે તે શહેરમાં જાવ પણ લંડનનો લહાવો જ કંઈક ઔર છે. લંડન જઈ આવેલ માણસ કહેતો ફરે છે કે હું લંડન ગયેલ હતો લંડન રીટર્ન હોવાનો યુવાનો પણ ગર્વ કરતા રહે છે મોટા મોટા નેતાઓ કાઈદે આઝમ સહિતના લગભગ દરેક રાજદ્વારી નેતાએ લંડનની મુલાકાત લીધી છે. દુનિયાનું મુગધ્ધારી અને શીરોમણી કોસ્મોપોલીટન શહેર લંડન છે. મહાન બ્રીટીશ સામ્રાજયનો કદી નહી આથમનો સુર્ય તો અસ્ત થઈ ગયો અને દરેક દેશ જે તેના કબ્જામાં હતો તેને છોડતો

પડયો પરંતુ લોકોને આકર્ષી લેવાની કળા, અંગ્રેજોએ અંકબંધ જાળવી રાખી છે.

લંડનમાં ભાગેડુ રાજદ્વારીઓ, દેશ નીકાલ નેતાઓ પોતાની માતૃભૂમી–વતનને લુંટનારા બ્યુરોક્રેટસ અને ડીકટેટરો સર્વે માટે દોલત છુપાવવા લંડનની તીજોરીઓ ખુલ્લી છે મફત મોરો માટે પગાર જીવન નિર્વાહ અહી અપાય છે વગર કામ કર્યે ૭૫ પૌડથી પણ વધારે તેનાથી આપણા ઘણા નાના રાજદ્વારી નેતાઓ પણ બેકારી એલાઉન્સ અહી લેતા હોય છે. અહી પાઘડી પહેરીને ફરતા શીખો સરદારજીઓએ પણ વર્ચસ્વ જમાવી લીધું છે તોલારામ અને લોલારામ સારા પ્રમાણમાં છે.

લંડનની ઘણી બધી વિશિષ્ઠતાઓ છે. પરંતું ત્યાંની ભુગર્ભ ટ્રેન જે તેની અજોડ વિશિષ્ઠતા છે. એવી વિશિષ્ઠતા કે જેને તોલે કોઇ પણ શહેર આવે નહી.

ખેર અમે સવારે ૯ા વાગે રવાના થયા અને બપોરે ૧ા વાગે હીથ્રો એરપોર્ટ પર પહોંચી ગયા બધી કાર્યવાહી, ઇમીગ્રેશન એક મીનીટમાં પતી જાય ગ્રીન ચેનલથી બહાર નીકળી આવેલ મારો પુત્ર આરીફ તવક્કલ અને પૌત્ર ઇસ્માઇલ ગાડી લઇને આવેલ હતા. જે અમને અર્ધા કલાકમાં કીંગ્સબ્રેરી પહોંચાડી દીધેલા તે દિવસે આરામ કરેલ મારા પુત્ર અને બચ્ચાંઓએ આગ્રહ કર્યો પણ મેં મના કરી તો તે લોકો ફરવા ચાલ્યા ગયા અને સાંજે સાત વાગે પાછા આવી ગયા.

લંડનમાં ૬ વાગે દુકાનો બંધ થઇ જાય. ત્યાંના મોસમ અને દિવસની વધઘટના હીસાબે બંધુય વખતના હીસાબે ચાલે. જુનમાં સાડા નવ વાગે મગરીબ થતી હતી પણ દુકાનો ૭ વાગે બંધ થઇ જાય, પરંતુ તે પછી લંડનની નાઇટ લાઇફ આરંભાઇ જાય. બીજા દિવસે સવારે ચાર મોટા અને ત્રાણ નાનાઓની ટ્રેન અને બસની કમ્બાઇન્ડ ટીકીટ પુરા દિવસની મંગાવી લીધી કમ્બાઇન્ડ ટીકીટ બસ અને ભુગર્ભ ટ્રેન બંનેમાં ઉપયોગમાં લઇ શકાય મોટાની ટીકીટના ૩.૮૦ પાઉન્ડ અને સોળ વરસ સુધીના ૦.૮૦ પેની ત્યારે લંડનમાં એવો પણ સીલસીલો છે કે શુકવાર સાંજથી લઇને શનીવાર અને રવીવારે બાળકોની ટીકીટો મફત એ કેવી સરસ સરકારી પોલીસી કે રજાના દિવસે નાના મોટા બધા ફરવા જઇ શકે.

ખેર પહેલે દિવસે અમે લેસ્ટર સ્કવેર જવાનો પ્રોગ્રામ બનાવેલા અંડર ગ્રાઉન્ડ ટ્રેનની ૧૫ લાઇનો અને ત્રાણસો સ્ટેશનો છે. ટીકીટ બસ અને ટ્રેન બંનેમાં ચાલે. અગર ખાસ બસની ટીકીટ લ્યે તો અર્ધા ભાવમાં પડે. ટ્રાફીકનો ભારે ધસારો અને રશ રહેતો હોઇ ટ્રેનમાં વધારે માણસો આવજા કરે છે પહેલે દિવસે અમો લેસ્ટર સ્કવેર જવા ટ્રેનમાં બેઠા અને એકાદ કલાકની મુસાફરી પછી ત્યાં પહોંચી ગયા.

બાળકો ટોકોડેરો નામની મોટી બીલ્ડીગમાં રમત ગમત ઝુલા વગેરે અને ટીવી કોમ્પ્યુટર ગેમ્સ છે ત્યાં ચાલ્યા ગયા. અને અમે લેસ્ટર સ્કવેર રોડ પર દાખલ થયા, તો મારા પુત્રે બતાવ્યું કે અહી ટ્રાફીકની પાબંદી છે કોઇ પણ જાતનું વાહન સાયકલ સુધ્ધાં તે અહી લાવવાની મનાઇ છે. ત્યાં તો મેળા જેવું વાતાવરણ હતું. રંગબેરંગી વિવિધ લીબાસમાં સ્ત્રીઓ ફરતી હતી અને ટુરીસ્ટોના ટોળે ટોળા ફરતા હતા. ઓરતોના હાથોમાં વીવીધ ડીઝાઇન વાળી

રંગબેરંગી છત્રીઓ દ્રશ્યમાં અનેરી ભાત ઉપજાવતી હતી. લંડનમાં મોસમનો કોઇ ભરોસો નહી વરસાદ કયારે ચાલુ થઇ જાય કંઇ કહેવાય નહી, છત્રીઓ એક ફેશન જેવી લાગે. ખેર આ બધી રોનક જોઇને સાચેજ લાગેલ કે દુનિયાનો ટુરીસ્ટ લંડન જરૂર આવે છે. પછી બીજી કોઇ જગ્યા પસંદ કરે છે. અમો સામે આવેલ ચાર્લી ગાર્ડનમાં પ્રવેશ કર્યો ગાર્ડન બહુજ મોટો ન ગણાય પણ ટ્રાફીક બંધ હોઇ અંદર ઘણા સ્ત્રી પુરૂષો બેઠા હતા. એક ચાર્લી ચેપ્લીનવાળાનું પૂતળું હતું અને બીજો એક પૂતળો તેનું નામ મેં જોયું નહી બંનેના ફોટા લીધા અને ખબર પડી કે અહી લગભગ દરરોજ કોઇને કોઇ અંગ્રેજી અને ઇન્ડીયન ફીલ્મનું શુટીગ થાય છે આ ગાર્ડન તો ઠીક લંડનમાં ઠેર ઠેર મોટા મોટા બગીચાઓ છે પરંતુ ગાર્ડનમાં માણસો બહુજ ઓછા હોય પણ આ વિસ્તાર તો જાણે આકર્ષણ ભર્યુ લાગે ટ્રાફીક બંધ હોઇ ત્યાંથી પાછળ સાયકલ રીક્ષા ચાર પાંચ ઉભા હોય જે સહેલાણીઓને ચક્કર લગાવીને પાંચ દસ પાઉન્ડ લઇ લે.

લોકો શોખથી રીક્ષામાં બેસે બંધ વિસ્તારમાં દાખલ ન થાય ખેર અમો બીજી વખત ચાર્લી ગાર્ડન ગયા ત્યારે તંબુ વગેરે લાગી રહયા હતા. કોઇકે કહયું કે વેરાઇટી સંગીતનું પ્રોગ્રામ છે. તેની આજે તૈયારી થઇ રહી છે કાલે આવજો, પ્રોગ્રામ જોવા ટીકીટ ફ્રી છે અમે ગયેલ નહી આસપાસ ફરીને પાછા વળેલ. આ ઇલાકાથી હું બહુજ પ્રભાવિત થયેલ શોર બીલ્કુલ નહી, સંપુર્ણ શાંતિ ન પદુષણ પેટ્રોલ ત્યાં લગભગ ૮૦ પેની ડીઝલ પણ એજ ભાવ લગભગ ૧૦૦ રૂપીયાનું લીટર.

કરાચીથી રવાનગીથી બે દિવસ પહેલાં અલહાજ સીદ્દીક પોલાણી સાથે મુલાકાત થઇ જેઓ ૬૫ વરસથી સામાજીક સેવા કરી રહયા છે. અને સાહિત્યીક સેવા તેમજ મઝહબી સેવાને ક્ષેત્રે પણ મોખરેની વ્યકિત ગણાય છે લગભગ બાવીસ હજ કરેલા લગાતાર દર વરસે હજ માટે જતા. ત્રણ ચાર વખત મેં પણ તેમની સાથે હજ કરેલ.

મીના અરફાત માટે કાફલો બનાવે તે બધી જ જવાબદારી સંભાળે બસમાં બધાને આરામથી બેસાડીને પોતે બસના પગથીયા પર બેસીને લબ્બેક પઢાવે આ કહેવાય હાજીઓની ખીદમત. તો તેમણે એટલે અલ્હાજ સીદ્દીક પોલાણીએ મને એક લીફાફો આપેલ તે દીપક બારડોલીકરને આપવાનો હતો હવે દીપક માન્ચેસ્ટરમાં મે ફોન કરેલ તો કહે કે ભાઇ તમો આવો તો લઇ આવો ને મુલાકાત પણ થાય મારી ઉમર પણ મોટી થઇ હવે મારી લંડન આવક જાવક ઓછી છે. છતાં હું કોઇ બંદોબસ્ત કરૂં છું.

એમણે વિપુલ કલ્યાણીને ફોન કરેલ કે મારી પાસેથી સફેતરો વસુલ કરી લ્યે. વિપુલ ભાઇ ફોન કરીને મને મળવા આવેલા મેં દીપકનો લીફાફો ઉપરાંત મારી બર્માની બાર દિવસની સફરના બે પુસ્તકો અને દીપક માટે પણ બે ત્રણ પુસ્તકો આપ્યા. વિપુલ ભાઇએ મને ઓપિનિયન નામે ગુજરાતી માસીકની એક કોપી આપી જે ૨૬ જુન ૨૦૦૫ના પ્રગટ થઇ હતી.

'ઓપિનિયનના તંત્રી સંપાદક વિપુલ કલ્યાણી પોતે હતા. મને આપેલ અંક ૧૨૩મો

હતો. 'ઓપિનિયન' માસીકનું લવાજમ ૨૫ અને ૪૦ પાઉન્ડ ટાઇટલ પેજ પર છપાવેલું છે.

ઓપિનિયનના પહેલા પાને હયદર અલી જીવાણીનો વિશ્વ ગુર્જરીનું સ્નેહ મિલન' નામે માહિતી લેખ હતો. ઓપિનિયન જાહેર ખબર વીનાનું સામાયીક મે પુછયુ.

"ભાઇ જાહેર ખબર વીના તમારૂં છાપું કેમ ચાલે છે?"

તે કહેવા લાગ્યા.

"એકલે હાથે બધું કરૂં છું. કોઇ સ્ટાફ નથી. ખર્ચ નથી બસ કાગળ અને છપાઇનો ખર્ચ છે."

એમણે બ્રીટનમાં ગુજરાતી અને ગુજરાતીઓ વીશે માહિતી આપી કે યુકેમાં પાંચ લાખ ગુજરાતીઓ છે. બોલતાં બધાયને આવડે છે પણ લખતા વાંચતા નથી. એમણે ત્યાં પણ બે ત્રણ મહીના પહેલાં ગુજરાતી ભાષાને જીવંત રાખવા એક કન્વેન્શન બોલાવેલ જેમાં ભારત અને પાકિસ્તાનથી પણ લોકો શામેલ થયા હતા. ગુજરાતીને જીવંત રાખવા દરેક જગ્યાએ ધાંધીયા છે.

એમ તો બસમાં કીગ્સબરીથી બેસીએ તો ગુજરાતી ઓરતો પણ હોય અને ગુજરાતીમાં વાતો કરતી હોય મોટી ઉમરની બહુ હોય, અને નાની બાળકીઓ સ્કુલ જવા આવવામાં બસમાં સફર કરે. એ પણ સાફસાફ ગુજરાતીમાં વાત કરે. એક વખતે ૧૦ જેટલી બાળકીઓ હું હતો તે બસમા ચઢી ડબલ ડેકર બસ હોય નીચે જગ્યા ન હોવાથી ઉપર ચઢી અમે પણ ઉપર જ હતા. ગુજરાતીમાં વાતચીત શરૂ કરેલ.

ચાર પાંચ સીટો ખાલી છે એમ એક બીજાથી વાત કરી પણ સીટ પર કોઇ બેસે નહી, મને આશ્ચર્ય થયું કે આ બાળકીઓ કેમ સીટ પર બેસતી નથી. જયારે પુરી સીટો ખાલી થઇ તો દસે જણી સાથે સીટ પર બેસેલ જે મને બહુજ સારૂં લાગ્યું એક બીજાનો કેટલો માન મોભો બાળકોમાં કે અમુક બેસે અને બાકીને ઉભા રહેવું ન પડે બેસે તો બધી બેસે નહિંતર બધી ઉભી રહે.

અમો સવારના નાશ્તામાં ઘરમાં ડબલ રોટી અને અંડા બનાવીને કરી લેતા બપોરનું લંચ, રોજ બહાર ફરવા જે જગ્યાએ ગયા હોઇએ ત્યાં 'હલાલ' રેસ્ટોરેન્ટમાં કરી લઇએ. હવે લંડનમાં હલાલ હોટલો ઘણી છે. રેસ્ટોરન્ટોમાં હલાલ લખેલું હોય તે સીવાય અલ્લાહ અને રસુલના નામ કલમા અને એવું બધું ઇસ્લામી વાતાવરણ લાગે, શરાબ પીરસાય નહી એટલે પાકી હલાલ રેસ્ટોરન્ટ, હવે તો ગોસ્ત અને મુરઘીઓના મોટા મોટા સ્ટોરો દરેક જગ્યાએ દેખાય અને હલાલ લખેલું હોય, અને ઇસ્લામી લખાણો અને નખ્શીઓ લાગેલી હોય, જેથી આપણને ૧૦૦ ટકા સંતોષ થાય કે હલાલ છે. હવે ત્યાં ખાવા પીવાનો કોઇ પ્રોબ્લેમ નથી. ત્રણ અમે ઘેર પકાવી લેતા હતા. ચીકન અને ગોસ્ત લગભગ બે ત્રણ પાઉન્ડમાં કીલો મલે ૧૨થી ૧૫ રોટીનું પેકેટ એક પાઉન્ડમાં મળે. રેસ્ટોરન્ટમાં જમવા જઇએ તો એક પાઉન્ડની એક નાન મળે ૩૨ થી ૪૦ પાઉન્ડનો ૭ જણનું બીલ આવે કોલ્ડ ડ્રીન્ક ૭૦થી ૭૫ પેનીનું હોય. ઘરમાં બહુજ સસ્તુ બહાર બહુજ મોંઘુ. હું પૈસા કાઢતો અને ગણતો તે બાદ પાઉન્ડની નોટો

કાઢવાનું બંધ કરીને દરેક જગ્યાએ ક્રેડીટ કાર્ડ ચાલે તે ક્રેડીટ કાર્ડ આપી દઉ. અને સહી કરી દઈએ બીલ આવશે ત્યારે જોવાશે. આ, અગાઉ જે વીશે કડવા અનુભવો થયેલા જે સાવચેતી માટે લખું છું લંડનમાં એક હોટલનું નામ હલાલ હોટલ અમો હોટલમાં જમવા માટે દાખલ થઈ ગયા. પણ ઈસ્લામી જેવું કંઈ દેખાય નહી એટલે બેરાને બોલાવીને હળવેકથી પુછયું કે આ મુસલમાનની હોટલ છે. તેણે ધીમે અવાજે કહેલ કે તમે ધ્યાનથી મંગાવો અહી હલાલ નથી. બેરો બંગાળી મુસલમાન હતો. અમે બેરાને તો કહીને સબ્ઝી અને ઝીંગા મંગાવી ખાધા. બીજી વખત મારા વેવાઈ યુસુફ મુકાની અમને એક મોટી રેસ્ટોરન્ટમાં લઈ ગયા અને દાખલ થતાં જ મેનેજરે આવકાર આપ્યો.

મેં પુછયું.

"અહી હલાલ છે."

તો મેનેજરે કહયું.

"અહીયા મસ્જીદનો ઈમામ પણ જમવા આવે છે."

મને સાફ જુઠ દેખાઈ ગયું અને શરાબના બાટલા પણ દેખાયા અને શરાબ પીરસનાર પણ હતા. મેં સાવચેતીપુર્વક સીકુડ અને સબ્ઝી ખાધી.

પેરીસમાં એક જણ ઘણા વખતથી આવેલ તે કહે પાકિસ્તાની હોટલમાં તમને લઈ જાઉ. સાથે જ પાકિસ્તાની હોટલ હતી. અને ડીશો પણ પાકિસ્તાની પરંતુ એક ખુણામાં શરાબના બાટલા ગોઠવાયેલા હતા. હું સમજી ગયો.

માલીકને બોલાવી મેં પુછયું. તો કહે હાજી સાહેબ! બધો ગુનાહ મારી ઉપર બસ તમારે બેધડક મંગાવો તેની બોલવાની છટાથી સમજ આવી ગઈ કે ગુનાનું કામ તો શરાબ વેચીને કરતો હતો. તેને શું ફરક પડે છે? ખેર મેં રીંગણાનો ભુરથો એવી સારી ડીશો હતી તે મેં મંગાવી ગોશ્ત અને મરઘી ન ખાધી. હવે પેરીસમાં ગોશ્ત અને મુરઘી ખાવાનું મન બહુ જ થાય. અમારો એક મુસ્લીમ ડ્રાયવર, કાસીમ નામ અમને ફરવા લઈ જતો હતો. તેને મેં કહયું કે અમને હલાલ રેસ્ટોરન્ટમાં લઈ જા.

તેણે દ્રઢતાપુર્વક કહયું.

"જરૂર તમને હલાલ રેસ્ટોરન્ટમાં લઈ જાઉ છું."

તે અમને એક ઈરાની રેસ્ટોરન્ટમાં લઈ ગયો દાખલ થતાં જ અંદર કાઉન્ટર પર લખેલ હતું "અહી શરાબ વેચવામાં નથી આવતો." ઉપરાંત બીજા ઈસ્લામી તુગરા જોઈને વિશ્વાસ બેસી ગયો કે આ ખરેખર, સાચી હલાલ રેસ્ટોરન્ટ છે. તો ઘણા દિવસ બાદ બોટી નસીબ થઈ.

સફરમાં અવાર નવાર અનુભવો થતા રહે છે એક વખત અમે ઈટાલીના મીલાન શહેરમાં ગયા હતા. એરપોર્ટથી હોટલ નક્કી કરી અને ટેકસીવાળાને માર્ક ઝોની લઈ જવા કહયું માર્ક ઝોની પરાં વિસ્તારનું નામ હતું. ટેકસીવાળાએ શહેરમાં એક દુકાન પાસે ગાડી ઉભી રાખી ને કહે ઉતરો માર્ક ઝોની આવી ગયું.

અમે પુછયું.

"કયાં છે?"

તો એક દુકાન પર માર્ક ઝોની નામનો બોર્ડ હતો. અમે તેને કહયું અમને ઓપેરા વિસ્તારમાં જવું છે. માંડ માંડ બેચાર માણસો વચ્ચમાં પડેલ અને પૈસા વધારે મળવાની લાલચે અમને લઈ ગયો. અમને દોસ્તોએ પહેલાંથી જ જાણકારી આપી હતી કે ઈટાલીમાં સંભાળજો એરપોર્ટ પર તમે બ્રીફકેસ નીચે રાખશો તો તે ઉપડી જશે.

ખેર ટેકસીવાળો અમને માર્કઝોની વિસ્તારમાં અમારી હોટલમાં લઈ ગયેલ તેને ભાડું આપીને અમે અમારા રૂમમાં જઈને થોડો આરામ કર્યો.

સાંજનો વખત હતો હજુ અંધારૂ થયું ન હતું જરાક લટાર મારવા બહાર નીકળ્યા, જે લુમો અમે જોવા જવાના હતા. તે વેર હાઉસ હોટલની સામે હતો. અમે પગપાળા થોડુંક ચાલ્યા હશું ત્યાં પેલો વેર હાઉસ દેખાઈ ગયો અમે જગ્યા જોઈ લીધી હવે કાલે સવારે ત્યાં જવાનું નક્કી કરી હોટલે પાછા ફર્યા. સવારે નાસ્તાથી પરવારીને અમો પેલા વેર હાઉસ તરફ ચાલી નીકળ્યા. ચોકીદારનો ત્યાં રિવાજ નહી બધું કામ રીમોટ કન્ટ્રોલથી થાય. દરવાજા પણ રીમોટ કન્ટ્રોલથી ખુલબંધ થાય. અમે પણ બટન દબાવીને બતાવેલ અમે કોણ છીએ. તરતજ ગેટ ખુલી ગયો. ઓફીસમાં દાખલ થયા તો સર્વત્ર સ્ત્રીઓનો પ્રભાવ પ્રભૂત્વ હતો દરેક સીટ પર મહીલા બેઠી હતી. અને દરેક જગ્યાએ પ્રીન્ટેડ સ્ટીકર લાગેલ હતા કે "ઓરતો મર્દો કરતાં બમણું કામ કરે છે."

અમે બોસને મળવા ઉપર ગયા તો તે પણ સ્ત્રી નીકળી આવકાર આપ્યો. અને કડકડતી શરદીમાં નાની પ્યાલીમાં બે ઘુંટ કોફીના, ગરમ પાણીમાં બે ચમચા કોફી નાખી હશે. એ ત્યાંનો રિવાજ.

અમો પણ દવાની જેમ એક ઝટકે બે ઘુંટમાં કોફી પી લીધી. આવી ઘાટી અને તેજ કોફી પીવાથી શરદી તો જાણે ઉડી ગઈ પુછતાં માલુમ પડયું કે ઈટાલીમાં માફીયા ગેમ બહુજ હોય આ પણ માફીયાની માલીકીનું છે.

ખેર વાત લંડનની હતી. લંડનમાં પણ મહિલાઓ ડ્રાઈવીગ કરે બસ ચલાવે હોટલોમાં વેઈટર તરીકે પણ કામ કરે એક વખતે મેં જોયું કે એક ટેલીવીઝન સેટોથી ભરેલી પુરી ટ્રકનો સામાન બે યુવતિઓએ ખભા પર ઉચકીને ગોદામમાં રાખી દીધેલ.

એરપોર્ટ પર પેસેન્જરો માટે ગાડી પણ મહિલાઓ ચલાવે અરે એટલે સુધી દેશનું સુકાન પણ મહીલાના હાથ હોઈ શકે. સ્ત્રી રાજ પણ ચલાવે જેને બીજા શબ્દોમાં ઓરતોનું રાજ કહી શકાય. અત્રે એક ટુચકો, નહી બલ્કે ઈબ્રત ખાતર એક વાસ્તવીક ટુચકો નોંધવાની ઈચ્છાને રોકી શકતો નથી. બધા જાણે છે કે બ્રીટનમાં માર્ગારેટ થેચર વડા પ્રધાન હતી તે પણ એક સ્ત્રીજ હતી. બ્રીટનની મહારાણી કે સામ્રાજ્ઞી જગત વિખ્યાત સ્ત્રીજ છે. તો થેચરની સરકારે એક કાયદાને પાર્લામેન્ટમાં મંજુરી આપી, કાયદો હતો સ્વેચ્છાએ સૃષ્ટી વિરૂધ્ધનું કૃત્ય એટલે કોમેન્લુમના ફેઅન ગુના નથી. તેમજ સજાતિય લગ્ન એટલે પુરૂષ પુરૂષને અને

સ્ત્રી સ્ત્રીને પરણી શકે. તેવા કાયદાને મંજુર કરવામાં આવ્યો જેની ઉપર થેચરે એટલે કે એક સ્ત્રીએ વડા પ્રધાન તરીકે સહી કરી અને બ્રીટનની મહારાણીએ જે એક સ્ત્રી છે તેણે તેની ઉપર બંધારણીય વડા તરીકે મંજુરીને મોહર મારી એમ દુનિયાની બે નામાંકિત સ્ત્રીઓએ 'લવાતત'ને કાયદાનું રુપ આપી તેની ઉપર અનુમતિની મોહર મારી છે તે ઈબ્રતનો મુકામ અલ્લાહ પનાહમાં રાખે.

બીજા દિવસે મને સાઉથ હોલ જવાનું હતું મેં મારા પુત્રને કહયું કે આજે આપણે સાઉથ હોલ જઈશું તેણે ટીકીટો મંગાવી અને કહયું કે ત્યાં માત્ર બસ જશે. ટ્રેન નથી જતી. બે ત્રાણ બસો બદલીને અમો સાઉથ હોલ પહોંચી ગયા.

બસમાંથી ઉતરતાં જ એમ લાગ્યું કે આપણે ઈન્ડીયામા પહોંચી ગયા છીએ. બહુમતી દુકાનો પણ એશીયનોની, ઈન્ડીયન અને પાકિસ્તાનીઓની દરેક જગ્યાએ વાત ઉર્દુમાં થાય. ગોરા બહુજ ઓછા દેખાય.

અહી લંડન શહેર કરતાં એજ વસ્તુઓ સસ્તી હતી. થોડી ખરીદી કરી આમ–કેરી લઈને ઠેર ઠેર પાકિસ્તાનીઓ પથારા લગાવી બેઠા હતા. ચાર સીદરી આમ બે પાઉન્ડમાં અને નાના ખુનચા લગાવીને વેચે. ટેલીફોન પાંચ કાર્ડ ત્રાણ પૌન્ડમાં મળે પાકિસ્તાનમાં ૭૦ મીનીટ વાત થાય. અને અમેરીકામાં ચાર કાર્ડ આપી દે. દરેક દેશના કાર્ડ મળે અમે પાકિસ્તાની કાર્ડ લેનાર હતા. તેમાં લાઈન જલ્દી મળી જતી હતી. અને વધુ મીનીટો મળતી હતી. ફરતા ફરતા અમે ચૌધરી રેસ્ટોરન્ટ પાસે પહોંચી ગયા તો બહાર એક મોટર રીક્ષા નકશી કામવાળો કરેલ ઉભો હતો ખબર પડી કે આ હોટલવાળા લોકોની એક બસ અને એક ઓટો રીક્ષા નકસી કામવાળા પાકિસ્તાનથી મંગાવીને હોટલની બહાર ઉભો રાખેલ બસ તો લગભગ ઓર્ડરમા ગઈ હોય રીક્ષો ઉભો હોય.

ખેર અમો રેસ્ટોરન્ટની અંદર ગયા તો બહુજ પ્રભાવિત થયા. વેલ ડ્રેસવાળા વેઈટર, સજાવટ પણ સારી અને એક સાઈડ પર દિવાલમાં ફોટા લાગેલ હતા. ફોટાઓ જોતા ખબર પડી કે દીલીપ કુમાર, શાહરુખ ખાન, ઈમરાન ખાન, પાકિસ્તાની ક્રીકેટ ટીમ, અને પ્રમુખ જનરલ પરવેઝ મુશર્રફ પણ અહી ખાવા માટે આવી ચુકયા છે. આ તો બહુજ મશહુર રેસ્ટોરન્ટ હતું. પુછપરછ કરતાં એક ઉપલેટાવાસી છોકરો કામ કરતો હતો. તેનાથી વાતચીત કરતાં ખબર પડી કે તે મારો સગો થાય. અને ઝાકીર ઉપલેટવીનો પૌત્ર થાય તેના અને મેનેજર સાથે ફોટા પડાવ્યા અને જમવાનું મંગાવેલ.

લંડનમાં અને અહી લગભગ એક જ ભાવ હતા. એટલે તફાવત લાગેલ નહી.

રોડ પર ગરમા ગરમ જલેબી મળે. એ ઉપરાંત ઈન્ડીયા પાકિસ્તાનની લગભગ દરેક ચીજ વસ્તુ મળે મજા પડી. જાણે મુંબઈમાં આવી ગયા હોઈએ. ઈમીટેશન જવેલરીના પણ ૧ પાઉન્ડની દુકાન અને તેમાંથી અને બીજી જગ્યાએથી થોડીક શોપીંગ પણ કરેલ. અમને બધાને એટલી મજા આવી કે રવાના થવાના એક દિવસ પહેલાં પાછા અહી આવ્યા અને ચૌધરી રેસ્ટોસ્ટમાં ખાણું ખાધું. સાથે હરવા ફરવા અને શોપીંગ કરવાની પણ મજા આવી.

લંડનના ભરપુર પ્રભાવશાળી અને ઝાક ઝમાળ અને રંગ બેરંગી લીબાસવાળા ટુરીસ્ટો છતાં આપણા માહોલમાં ઈન્ડીયા પાકિસ્તાનના માણસો દેખાતા હોય આ વિસ્તારમાં એક અનેરું આકર્ષીત વાતાવરણ, મજા પડે તેવો માહોલ હતો. બીજા દિવસે ઉપટન પાર્ક ગયા. ગ્રીન સ્ટ્રીટમાં ગુરૂવારે બજાર ભરાય છે. ત્યાં જતાં ખબર પડી કે ખાવાની વસ્તુઓની બજાર હતી. ગોશ્ત, માછલી, સબ્જી, અને ફ્રુટ વગેરે લંડનમાં કોઈ જગ્યાએ ગોશ્ત સ્ટોર જુઓ તો બધામ હલાલ સ્ટોરની દુકાનો કેમકે મુસલમાનો ગોશ્ત અને મુરઘી વધારે ખાય છે. હવે તો મોટી મોટી સુપર માર્કીટોમાં જ 'ઝટકા'નો ગોશ્ત અને સુવ્વરનું માંસ મળે આ બજારમાં અમારા માટે કોઈ આકર્ષણ ન હોઈ બહાર નીકળીને શોપીગની દુકાનો તરફ નીકળી ગયા. મોટી મોટી લાંબી લાંબી દુકાનોની હારમાળા જેમાં બેચાર દુકાનોમાં તો ફકત ઈસ્લામી વસ્તુઓ મળે એવી. જેવું કે બુર્કા, ટોપી, મુસલ્લા, તસ્બીહો, કુર્આન શરીફ, અને એવી બીજી ઘણી બધી આઈટમો મારી પત્નીએ એક કાપડની ટોપી ડીઝાઈન વાળી ૬ પાઉન્ડમાં લઈ લીધી. મેં કહયું કે કરાચીમાં આવી જ ટોપી ૩૫૦ રૂપીયામાં મળે છે. પણ કહે કે નહી મને પસંદ પડી તો મેં લઈ લીધી. ખેર ભાવ તો બધાય વધારે જ હોય. પછી પાકિસ્તાની લાગતી કબાબ હોટલમા જમવા ગયા અને ત્યાં ખાવામાં ચીકનનો સાલન વગેરે, પણ હોટલના કબાબનું નામ સાંભળીને શીખ કબાબ ખાવાનું મન થાય. ચાર પ્લેટ કબાબ પણ મંગાવ્યા. એક પ્લેટમા બે કબાબ હોય અને દોઢથી ૨ પાઉન્ડની પ્લેટ.

ત્યાર બાદ ફરતા ફરતા આગળ નીકળી ગયા. તો બીજી એવીજ હોટલ આવી. નામ પણ એજ આગળ લાહોરી કબાબ, બહાર બોર્ડ પણ લગાવેલ કે રૂમ ભાડે મળશે. તો મેં અંદર જઈને પુછયું તો કહે કે અમારી પાસે સ્ટુડીયો રૂમ છે. જે નાનો રૂમ અને બાથ અને કીચન હોય તેને સ્ટુડીયો રૂમ કહે બે અઠવાડીયાનું ભાડું ૧૫૦ પાઉન્ડ એક અઠવાડીયું રોકાવાના હોવ તો ૧૦૦ પાઉન્ડ મને રૂમ બતાવવાની ઓફર કરી મેં તેને કહયું કે તમારો કાર્ડ આપો કોઈને આવવાનું થશે અને રૂમની જરૂરત હશે તો તમારી પાસે મોકલાવીશ તેણે મને કાર્ડ આપ્યું અને અમે ત્યાંથી પાછા વળ્યા.

ટયુબ સ્ટેશન ગયા. ત્યાં ભૂગર્ભ ટ્રેનના દરેક સ્ટેશન પર મુસાફરો માટે જોઈતી સગવડો મોજુદ હોય છે. નાનુ સ્ટેશન હોય તો પ્લેટ ફોર્મ પર બેન્ચો ગોઠવેલા હોય છે અને મોટું સ્ટેશન હોય તો વીઝીટીંગ રૂમ હોય છે.

ગાડી કીંસબરી પહોંચી ત્યાં ઉતરીને થોડુંક ચાલવાનું હોય આગળ બસમાં બેસી જઈએ ટીકીટ તો હોય જ. અમારા ઘરની બરોબર સામે ઉતારે.

આગલા દિવસે વેસ્ટ મીનીસ્ટર સ્ટેશન પર ઉતરીને ક્રુઝર લોન્ચમાં બેસવાનો લહાવો લીધો. ૩૫ પાઉન્ડમાં ચાર મોટા અને ત્રણ નાનાની ટીકીટ જે પચાસ મીનીટ સુધી થેમ્સ સરોવરમાં સહેલ કરાવે. સરોવરમાંથી આપણને મોટી મોટી બીલ્ડીંગો લંડન આઈ જે ચકડોળ જેવા હોય અને અર્ધા કલાકમાં એક ચક્કર પુરો કરે. જેનાથી પુરું લંડન આપણે ઊંચાઈથી જોઈ શકીએ જે મનોહર દ્રશ્ય લાગે ઘણી બધી બીલ્ડીંગો આવે અને કોમેન્ટરી થતી જાય. ત્યાં

એક હબશી યુવાન આવીને અમારો ફોટો ખેંચી ગયો અમને સમજ ન પડી કે શા માટે ફોટો ખેંચેલ અર્ધા એક એક પોટમાં વચમાં અમારો ફોટો આજુ બાજુ ખુબસુરત દ્રશ્યો દેખાતા હતા. અમને કહયું કે ૧૦ પાઉન્ડમાં ફોટો અને આ સ્ટીકરમાં તમારો ફોટો જે ફ્રીઝ પર લગાવવાનો છે એ હીસાબે કહયું તો ૧૧૦૦ રુપીયા, થયા તો પણ હીમત કરીને મેં પાંચ પાઉન્ડની ઓફર આપી દીધી પણ તેઓ પોતાનો ભાવ ખરાબ ન કરે. એટલે ફોટો લીધો નહી.

સામે મછલી ઘર, લેડી ડાયનાની જયાં શાદી થયેલ તે ચર્ચ લંડન બ્રીજ અને બીજી બીલ્ડીગો બીગબેન ટાવર પાર્લામેન્ટની બીલ્ડીગ વગેરે દર કલાકે કુઝ જાય એટલે પચીસ મીનીટમાં ફેરો પુરો કરીને કીનારા પર પાછી આવી. અમે નીચે ઉતરીને આસપાસ ખુશનુમા વાતાવરણમાં ચક્કર લગાવેલ.

લાહોરી કબાબ, લાહોરી તબાક અને એકજ નામની રેસ્ટોરન્ટો હોય. ઓરીજનલ લાહોરી કબાબ, એમ લખી નાખે પણ કોઇ પણ કરાચીનું નામ નજરે આવેલ નહી અમુક હોટલોમાં તો ઓર્ડર લેવા માટે આઇપેકનો ઉપયોગ કરે. ઓર્ડર સાંભળીને બટન દબાવી દે એટલે પત્યું. પુછતા ખબર પડી કે આઇ પેકનો કમાલ એ હતો કે તમે લંડનમાં કારમાં જયાં જવું હોય, અને માર્ગની ગતાગમ ન હોય તો આઇપેક લઇ લ્યો અને તેમાં રોડ અને નંબર અને એરીયા નાખી દો તો કારમાં રાખેલ આઇપેક તમને કોમેન્ટરી કરતો રહેશે. લેફ્ટ, રાઇટ અને ભુલ થાય તો કહે યુ ટર્ન કરો. તમને આસાનીથી તમારે જવું હોય તે ઠેકાણે પહોંચી દીયે.

આજકાલ તો મોબાઇલ અને આઇપેક સાથમાં મળે છે. જે ત્રણ સોથી ચાર સો પાઉન્ડમાં મળે લંડન સીટીનો નકશો કોમ્પ્યુટરમાં સરકારે ફીડ કરી દીધું છે. લંડન શહેર છ ઝોનમાં વહેંચાયેલો છે. હીથ્રો એરપોર્ટ છઠ્ઠા ઝોનમાં કીંગ્સબરી ૪ માં છે સેન્ટ્રલ લંડન ઝોન ૧માં આવેલ છે. એટલે કે દરેક ગલી અને રોડ પર જવા માટે તમને સહાય કરે. કયાંય ભુલની ગુંજાઇશ નહી. દીનપ્રતિ દીન નવી શોધો નીકળે છે.

અમે હાઇડ પાર્ક ગયા. જયાં ઘણા માણસો તકરીર કરતા હોય. અને પેટની વાત નીકાળતા હોય અહી દરેકને બોલવાની છુટ જે તકરીર કરવી હોય તે, કરે. જેના વિરોધમાં બોલવું હોય તે બોલે મનનો બફારો કાઢવાનો આ સારો તરીકો છે. હાઇડ પાર્કના એક ખુણામાં સર્પન ટાઇન ઝીલ છે જયાં નાની લોંચો ચાલતી હોય છે. આરામ ખુરશી કાપડની સીટવાળી આરામ ખુરસી જેની ઉપર બેસવાનું ભાડું એક પાઉન્ડ એક કલાકનું હોય. બર્મીંહામ પેલેસ અમુક સમયમાં ખુલે છે તેની પણ ટીકીટ રાખેલ છે. સહેલાણીઓના ખીસ્સા ખાલી કરવાની કળા અંગ્રેજો પાસે ખુબ છે.

મીસરનો મુસલમાન ડોડી જે લેડી ડાયના સાથે પ્રેમ લીલા કરતાં મોતને ભેટી ગયો તેના પીતાનું લંડનમાં મશહુર હેરલ્ડ શોપીંગ સેન્ટર સેલ લાગેલ છે. ખુબજ જાહેરાતો અને કોમ્પ્યુટર પર વેબ સાઇટ પર જાહેરાતો તેના ટુવાલની બે પૌડની જાહેરાત આપે સ્ટોર ફરીને જોયો કોઇ પણ વસ્તુના ભાવ આપણી સમજ શકિતથી બહારના હોય.

ટુવાલવાળા ડીપાર્ટમેન્ટમાં ગયા. તો નેપકીન સાઇઝ ૧૬"–૧૬" ઇંચનો ટુવાલ બે પાઉન્ડનો

જે આપણે ત્યાં બે રૂપીયામાં મળે છે. હવે જરાક લાંબો તેનાથી હોય મોઢું લુંછવા તેનો ઉપયોગ કરાય, ભાવમાં એક મીડું વધી ગયું ૨૦ પાઉન્ડનો જેનાથી માંડ માંડ વઝુ કરીને હાથ મ્હોં લુંછી શકાય.

મેં મારા પુત્રને કહયું કે નકામા આંટા ફેરા મારવાથી શું ફાયદો કોઈ સારા સસ્તા, મુનાસીબ ભાવવાળા સ્ટોરમાં જઈએ જેથી કંઈક ખરીદી કરીએ મારો પુત્ર પ્રીમા નામે સ્ટોરમાં લઈ ગયો જેની ચેન છે લંડન અને યુકેમાં એના ઘણા સ્ટોર છે. ટેક્ષટાઈલની વસ્તુ અને ગાર્મેન્ટ મળે મેં તો બેથી ત્રણ પાઉન્ડમાં હાથ મ્હોં લુછવાના ટુવાલ લીધા મોટા ટુવાલ લીધા અને પુત્રો માટે શર્ટ લીધા પાંચ પાઉન્ડમાં ત્યાં ભાવ વ્યાજબી હતા. બે પાઉન્ડમાં સારા મોજાની જોડ, પાંચ જોડ મોજાની લીધી. પૈસા આપવા માટે લાઈનમાં ઉભો પૈસા વસુલ કરવા માટે છ સાત યુવતિઓ મશીન લઈને બેઠી હતી. એક સાથે સાત જણ ૧૫ મીનીટ બાદ વારો આવ્યો ક્રેડીટ કાર્ડથી પેમેન્ટ કરી બહાર નીકળ્યા. ક્રમ પ્રમાણે કબાબનો લન્ચ લીધો એક પાઉન્ડની રોટી મળે પણ મોટા સુપર સ્ટોરમાં રોટીના ૧૨ના બે પેકેટ ૧ પાઉન્ડમાં ૧.૨૫ પાઉન્ડમાં બે લીટરની કોકો કોલા અને ચેનવાળા અઝકા સ્ટોરની પોતાની પ્રોડકટ ૨૦થી ૨૫ પેનીમાં બે લીટરની આપે જેમાં કોલા લખેલ હોય ઓરેન્જ લેમન પણ મળે અને ટેસ્ટ પણ એવો જ અંડા એક પાઉન્ડમાં ૧૫થી ૨૦ સ્ટોરની પ્રોડેકટ અને બીજી નામીગરામી પ્રોડકટસ લ્યો તો પાઉન્ડના પાંચ અને સાઉથ ઓલમાં લ્યો તો દોઢ પાઉન્ડમાં ત્રીસનો કેરેટ.

માર્કેટવાળા જો બહોળો વેપાર બતાવવાને ડાયરેકટ સ્ટોરમાં વેચાય એટલે વચમાં કોઈ નફો થાય નહી એટલે કેટલીક ચીજો સસ્તી મળે. અમારા ઘરની નજીક સ્ટોરમાં બહુજ સસ્તી ચીજો મળતી હતી. એના પુરા લંડનમાં ઘણા સ્ટોર છે ઘરમાં પકાવવાનું સસ્તુ પડે અને બહાર ખાવાનું મોંઘુ પડે ગોશ્ત અને મુરઘી પણ એકથી બે પાઉન્ડ અને ત્રણ પાઉન્ડમા એક કીલો બકરાનો અને ગાયનો ગોશ્ત પણ મળે.

ઈન્ડીયાના સ્ટોરમાં જાવ તો ગરમ મસાલા, અથાણા વગેરે દરેક ઈન્ડીયાની આઈટમ મળે. લંડન એટલે વિવિધ બોલીઓ બોલનારાઓનું શહેર એક અખબાર પ્રમાણે ૧૨૧ ભાષાઓ લંડનમાં બોલાય છે.

લંડનમાં ઓલમ્પીક માટે જોરદાર પ્રચાર ઝુંબેશ ચાલી રહી છે. દરેક ટ્રેનોમાં સીટ કવર પર ઓલમ્પીકના લોગો લાગી ગયા છે અને ટ્રેનોના કલર અને ડીઝાઈન પણ ઓલમ્પીકના પ્રચાર માટે રંગી નાખી છે. ત્યાં દરેકને આશા હતી કે ૨૦૧૨માં ઓલમ્પીક લંડનમાં યોજાશે શીંગાપુરમાં એ નિર્ણય માટે કમેટીની મીટીંગ મળી હતી. વોટીંગ થવાની હતી. ત્યાં ફ્રાન્સના પ્રમુખ અને બ્રીટનના વડા પ્રધાન અમેરીકાના કલીન્ટનના પ્રતિનિધીઓ અને મહાન બોકસર મોહમદ અલી વગેરે મોજુદ હતા. છેવટે અમેરીકા, રશીયા અને સ્પેન લંડનની ફેવરમાં હતી ગયા એટલે એમના વોટ પણ બ્રીટનને મળેલા પેરીસ ૫૦ અને લંડનને ૫૦ વોટ મળેલ ફ્રાન્સના પ્રમુખ કેનવાસ કરતાં કમીટી સામે બહુજ સખ્ત તકરીર કરી એટલે સુધ્ધાં કહી નાખ્યું કે લંડનમાં ઓલમ્પીક યોજાશે તો તેમને મેડકાવ (ગાંડી ગાય) ખવરાવશે અને મહેમાનગીરીની

પ્રણાલીકા પણ નથી આવડતી. ફ્રાન્સ તમારી ભારે મહેમાનગીરી અને સરળ બંદોબસ્ત કરશે એટલે અમને વોટ આપો આખરી સફળતા લંડન તરફેણમાં જ ગઈ અંગ્રેજ ગોરી પ્રજા ખુશીથી ચીચીયારીઓ પાડતા રસ્તાઓ પર નીકળી આવ્યા. અને નાચવા ગાવાનું શરૂ કરી કરેલ. બીજા દિવસે સવારે બોમ્બ ધડાકા થયા ખુશી ગમમાં બદલાઈ ગઈ અને એવું સાંભળવા મળ્યું હતું કે લંડનને નજર લાગી ગઈ છે છેલ્લે ૧૯૪૯માં ઓલમ્પીક યોજાઈ હતી. હવે ૬૪ વર્ષ પછી અત્રે યોજાશે જેની પાછળ ૩.૨ બીલીયન પૌડ ખર્ચ થશે હવે દરેક બ્રાન્ડ ઉપર ઓલમ્પીક બ્રાન્ડ લાગશે અને આવક શરૂ થઈ જશે.

બીજા દિવસે જુમ્માનો મુબારક દિવસ હોઈ અમોએ નક્કી કરેલ કે અલગર ઈસ્ટમાં નમાઝ પઢશું. ત્યાં બંગાળી મુસલમાનોની ઘણી વસ્તી છે અને મસ્જીદ પણ સારી છે અમો બારેક વાગે મસ્જીદમાં પહોંચી ગયા. મસ્જીદ લગભગ ફુલ ભરેલી હતી. છેલ્લી હરોળમાં મુશ્કેલીથી જગ્યા મળી, મોલાનાએ બંગાળીમાં વાઅઝ કર્યુ અને અરબીમાં ખુત્બો પઢેલ નમાઝ પઢીને બધાય એક બીજાથી મળેલ અમોએ પણ બેચાર જણથી હાથ મીલાવેલ.

મારો પુત્ર કહે હવે આપણે સામે નાઝ રેસ્ટોરેન્ટ છે ત્યાં લંચ લેશું નજીક ગયા તો ૬ પાઉન્ડમાં લંચ લખેલું હતું બુફે લન્ચ હતો બે પ્રકારના સાલન અને બે જાતના ચાવલ હતા રોટી અને સ્વીટ ડીશ તથા ફ્રુટ સલાડ ખાવાનું સારૂં હતું.

મેં એક પ્લેટ લીધી અને બીજી પ્લેટ બદલાવી તો મેનેજર કહે એક જ પ્લેટ લેવાની છે. પછી લખેલ હતું કે એક વખત લઈ લો તો ૬ પૌડ અને વધુ વખત લ્યો તો ૭ પાઉન્ડ, મેં બેરાને બોલાવીને કહયું કે બાળકોનો શું હીસાબ છે. તેણે કહયું કે એક પ્લેટમાં બે બાળકો ખાઈ લ્યે તો એક નાજ પૈસા લગાવીએ મેં કહયું કે હવે છ પાઉન્ડના હીસાબે લગાવજે વધુ લગાવીશ નહી તેણે હકારમાં જવાબ આપ્યો અમે લન્ચ લીધો અને સાત જણના ૪૨ પાઉન્ડ થતા હતા. ખબર પડી કે બે પાઉન્ડ વધારે લગાવેલ બીલ ૪૪ પાઉન્ડનો આવેલ જે મેં કેડીટ કાર્ડથી ચુકવી દીધેલા ને ઈલાકામાં પણ વાતાવરણ દેશી લાગેલ મજા પડી.

એક દિવસ ટુટીગ બ્રોડવે ગયા જ્યાં ઘણા પાકિસ્તાનીઓ છે અને પાકિસ્તાની માહોલ પણ છે અગાઉ મારા મીત્ર યુનુસ અરફાના મિત્ર સીદ્દીકભાઈ મારી દુકાને આવ્યા. હતા તે ટુટીગ બ્રોડવેમાં રહેતા હતા. બે વરસ અગાઉ હું લંડન ગયો હતો ત્યારે તેમના આગ્રહને વશ થઈ તેમને ત્યાં રોકાયો હતો. તેમના પુત્રો બહુજ વીવેકી અને સારા હતા. તે વખતે મારે ન્યુયોર્ક જવું હતું. ટીકીટ લંડનથી લેવી હતી. એક પુત્ર જે વહેલો આવી ગયેલ હતો તેને વાત કરી કે અમારે ન્યુયોર્ક જવું છે સસ્તી ટીકીટ મળે એવો માર્ગ બતાવો તેણે કહયું.

"હાજી સાહેબ! ટીકીટ ખરીદવા જવાની જરૂરત નથી. ઘર બેઠા બંદોબસ્ત થઈ જશે મારો નાનો ભાઈ હમણાં આવશે તે આ કામમાં માહીર છે. તમને ટીકીટ લઈ આપશે."

એ દરમ્યાન અફઝલ ઈન્ટર નેટ પર કોશીષ કરતો રહયો ૨૧૫ પાઉન્ડમાં આવવા જવાની લંડન ન્યુયોર્કની શોધેલ મેં કહયું અનવરને આવવા દો. નહી તો પછી આ ટીકીટ લેશું. અનવર ભાઈ આવ્યા વાત કરી તે ભાઈ ઈન્ટર નેટ પર બેસી ગયા અને કુવેત એરલાઈનની ટીકીટ ૬૧

મેના રવાનગી, જે બે ત્રણ દિવસ પછી ટીકીટના ભાવ વધી જશે. ૧૭૫ પાઉન્ડમાં આવક જાવક. આ શનીવારે જવાનું અને આવતા શનીવારે પાછા આવવાનું. મને તો ભાવતું હતું અને વૈધે બતાવ્યું એ પછીના શનીવારે મારી ઈજીપ્ત એરલાઈનની ફ્લાઈટ હતી.

મેં કીધું કે અનવર જલ્દી ઓકે કરાવી લે. અનવરે પુછયું.

"હાજી સાહેબ! આપની પાસે ક્રેડીટ કાર્ડ છે? મેં તેને હંકારમાં જવાબ આપ્યો તો કાર્ડ નંબર આપો.

મેં કાર્ડ તેના હાથમાં મુકી દીધો તો તેણે નંબર આપીને બે સીટો પાકી કરી લીધી. અને મારા એકાઉન્ટમાંથી ૩૫૦ પાઉન્ડની બે ટીકીટ લઈ લીધી.

મેં અનવરને પુછયું.

"ભાઈ ટીકીટો કયાં છે!"

અનવર કહેવા લાગ્યો." હાજી સાહબ! તમને એરપોર્ટ પર સ્કાયના કાઉન્ટર પરથી મળી જશે. અને ૨૦ પાઉન્ડ સર્વીસ ચાર્જ લેશે."

અમે કહયું." ઠીક છે." પરંતુ દિલમાં વસવસો હતો. પરંતુ એરપોર્ટ પર જતાં તરતજ કેરીયર સર્વીસ સ્કાયનો કાઉન્ટર મળી ગયો પાસપોર્ટ બતાવતા અમને ટીકીટ આપી દીધી અને ૨૦ પાઉન્ડ અમે ચુકવી દીધા.

કુવેત એર લાઈનની સર્વીસ બહુજ સારી અને વિમાન પણ સારૂ અને આધુનિક.

ન્યુયોર્ક જવા આપણા એક સામાજીક આગેવાને માત્ર ન્યુયોર્કથી લંડન જવાની ટીકીટ લગભગ એટલા જ પૈસામાં લીધી. એટલે કે ખાસી જવાની એક તરફની જે અર્ધો અર્ધ ફાયદો, મતલબ કે ઈન્સાને કોશીષ કરવી જોઈએ. તો દરેક કામમાં ફાયદો થાય અને મજા પણ આવે. ખેર પહેલા ત્રણ ચાર દિવસ ટુટીગ બ્રોડ વેમાં રહેલ એટલે મારો જોયેલ અને જાણીતો એરીયા હતો. ત્યાં હરવા ફરવાની આવવા જવાની મજા પડી.

અનવર અને ભાઈઓએ બહુજ આગ્રહ પુર્વક કહયું કે આખરે ઘરે જરૂર આવજો હવે બે ભાઈઓની શાદી થઈ ગઈ છે અને તેમના માતાજી પણ ત્યાં છે. પરંતુ વખતે મેળ ખાધો નહી અમો ટુંટીગ બ્રોડવેથી ૬ વાગે નીકળી ગયા એ લોકો સાત વાગે આવેલ મુલાકાત થઈ નહી.

બીજા દિવસે મારે લંડન મ્યુઝીયમ જોવું હતું અમે જરૂરી માહિતી મેળવી બીજા દિવસે ટ્રેને ટાવર હીલ સ્ટેશને અમને ઉતારી દીધા. સાથે જ વિશાળ બીલ્ડીગમાં ઘણા વિભાગો હતા. એક મોટી જગ્યામાં મ્યુઝીયમ હતું. એ લોકોને રસ ન હતો અને મારા પૌત્ર ઈસ્માઈલને લઈ ટીકીટ બારી પર ગયેલ તો એક જણના ૧૯ પાઉન્ડ.

મેં કહયું આ નાનો છે. અને હું એક સીનીયર સીટીઝન છું આગળ બોર્ડ લાગેલ હતો સાઈઠ વર્ષથી વધુ ઉમરના લોકો માટે ૧૧ પાઉન્ડ અને બાળકોને અર્ધા એટલે ૯.૫ પાઉન્ડ ફિર એમ ૨૦.૫ પાઉન્ડ આપીને અંદર દાખલ થયા.

આસપાસ નજર દોડાવી તો ઘણા હોલ હતા. અમે અંદાજો કરી એક હોલમાં ગયા ત્યાં

પુરાતન, અને ઐતિહાસીક વસ્તુઓ હતી. પથ્થરના રાજાઓ અને ઘોડાઓના પુતળાં, પથ્થરની કોતરણી અને શીલાઓમાં કંડારાયેલા પ્રાચીન અવશેષો, ઉપરાંત શસ્ત્રો બંદુકો તોપો વગેરે ઘણી બધી પ્રાચીન અપ્રાપ્ય અમુલ્ય ઘણી વસ્તુઓ હતી.

પરંતુ મને તો કોહીનુર હીરો જોવામાં રસ હતો. અને બીજા અમુલ્ય હીરાઓ જોવાની આ મ્યુઝીયમમાં આવવાની મારી નેમ હતી. ત્રણ ચાર હોલમાં આટા મારીને બહાર ચોગાનમાં આવી ગયા મેં એક યુવતિને પુછયું મારા પૌત્રે ડાયમન્ડ જોવા છે. કયો હોલ છે યુવતિએ આંગળી ચીધીને ઈશારો કર્યો તે તરફ જોઈને મારા પૌત્રે કહયું કે ઓહો...હો આટલી મોટી લાઈન! તે યુવતિએ તેની સામે હસીને કહયું કે લાઈનમાં ઉભા રહી જાવ વારો આવી જશે. અમે લાઈનમાં ઉભા રહી ગયા.

પાંચ છસ્સો માણસની લાઈન હશે લાંબી કતારના ફોટા લીધા. તે બાદ માંડ માંડ અમારો વારો આવતા અંદર દાખલ થયા અને બોર્ડ વાંચતા જ મારો ઉત્સાહ ઓગળી ગયો અહી ફોટા લેવાની અને મુવી ઉતારવાની સખ્ત મનાઈ છે.

હવે મે ઈસ્માઈલને કેમેરો આપી દીધો અને કહયું કે મોકો જોઈ આપણે બે નંબરમાં ફોટા લઈ લઈશું હીરાના તાજવાળો શો કેસ દિવાલ સાથે લાગેલ હતો તેમાં ખુબસુરત હીરા ગોઠવેલા હતા. શો કેસ જયાંથી શરૂ થાય ત્યાંથી એકસીલેટર લાગેલ હતો તેની ઉપર ઉભા રહેનાં જ ચાલવા લાગે એટલે ઉભો રહેનાર શોકેસની સામેથી પસાર થઈ જાય કોઈ પણ માણસ રોકાઈને જોઈ શકે નહી તરતજ પસાર થઈ ગયેલ અને ફોટા પાડવાનો મોકો મળ્યો નહી. આગળ જતાં એક મોટો શોકેસ હતો જેમાં એક તાજ હતો. જેમાં શાહી હીરા હતા. એક મોટો હીરો હતો જે કોહીનુર (લાગતો) હતો. મારા પૌત્રે મને કહયું અહી મોકો સારો છે એણે કહયું કેમરાની ચાંપ દબાવી છે. હું તેની આગળ ઉભો રહી ગયો અને એ જગમશહુર હીરો, જેને નીરખવાનો, જોવાનો મને શોખ હતો. તેનો ફોટો લઈ લીધો કોઈએ જોયું નહી. તેની તસ્વીર સાફ અને સારી આવી મે મનોમન કહયું કે ચાલો ફેરો સફળ થઈ ગયો.

અમારા મોબાઈલ બહાર મુકાયા હતા. ફેમીલીના ફોન આવતા હશે. અમો બહાર નીકળી ગયા ત્યાં પણ બહુ રોનક હતી. થીમ સરોવરના કાંઠે લોકો લોન્ચરમાં બેસતા હતા. અને સરોવરને કાંઠે બાંકડાના બેન્ચ લાગેલ હતા. અમે ત્યાં બેઠા મારી ફેમીલી રાહ જોતી હતી. અમો ફેમીલી સાથે મળીને લન્ચ માટે રવાના થયા ખાન રેસ્ટોરન્ટ બેસ વોટર સ્ટેશનથી નજીક છે ત્યાં જઈને લન્ચ કરેલ ખાન હોટલ પણ આવી ગયો હતો હવે બહુજ વિસ્તારી દીધેલ છે. અને સેટીગ પણ સારી કરી છે હોલ પણ બહુજ મોટો બનાવી લીધેલ છે. અને ખાણા પણ સ્વાદીષ્ટ લીજજતદાર હોય છે ખેર પાછા ઘરે આવી ગયા. બીજા દિવસે વીમ્બીલી સેન્ટર ખાતે, રવિવાર હોઈ બજાર લાગે છે. ત્યાં જવાનો પ્રોગ્રામ કરેલ, રવીવાર બજારમાં ઘણી દુકાનો ઉભી કરાય છે જેમાં મોબાઈલ અને ઈલેકટ્રોનીકનો સામાન અને બીજી ઘણી બધી વસ્તુ મળે છે. અને વેચનાર પણ ઘણા હોશીયાર. આપણે ત્યાં જે લીલામ થાય છે તેમ ઈલેકટ્રોનીક આઈટમોનો એક સ્ટોર લગાવીને એક પહોંચેલો માણસ નાના લાઉડમાં બોલે

એક ચીજ બનાવે, સીડી પ્લેયરથી એવોજ કોઇ ઇલેકટ્રોનીક આઇટમ લઇને બનાવે કહે કે સાચો ભાવ સ્ટોરમાં ૯૪-૯૯ પાઉન્ડ હું ૭૫માં નહી, ૫૦માં આપીશ નહી હું તમને સાવ સસ્તુ અને મફતના ભાવે ૨૦ પાઉન્ડમાં આપું છું. પ્લાસ્ટીકની થેલીમાં પીસ નાખીને નીચેથી માણસોને આપે એટલે એ લોકો જેને જોઇએ તેને આપે. વેચનારની વાતો અને ચતુરાઇથી પ્રભાવિત થઇ જાય. અને ચાર પાંચ પીસ વેચાઇ જાય. પછી બીજી વસ્તુ ઉપાડે એમ ત્યા ટોળા જમા હોય, તેની તકરીર સાંભળવાની અને એકટીગ જોવાની મજા આવે બાકી બધું સારૂં તો નહોય. બે ત્રણ પાઉન્ડમાં વસ્તુઓ મોંઘી ન પડે કેમકે બજારમાં ૧૫૦થી ૩૦૦ પાઉન્ડ ૯થી પાંચ વાગ્યા સુધી તો જગ્યાનું ભાડું આપવું પડે. અમોએ સેકન્ડ હેન્ડ મોબાઇલ ૩૦થી ૪૦ પાઉન્ડમાં કેમેરા અને મુવીવાળા લીધા. અને બીજી પણ થોડી ઘણી શોપીગ કરી બજાર બહુજ મજાનું.

બપોરના ત્રાણ વાગ્યા ભૂખ લાગેલ હતી. ત્યાં હલાલ કબાબના ત્રાણ ચાર સ્ટોર લાગ્યા હતા. આરીફને ખબર હતી કે એક પાકિસ્તાની હૈદ્રાબાદનો છે અને કબાબ રોલ બહુજ સારો બનાવે છે. અમે ત્યાં ગયા અને કબાબ રોલ ખાધા મજા આવી. શોફ્ટ ડ્રીન્ક પણ લીધી ચાર પાઉન્ડ એક જણના લાગેલા આજનો દિવસ રવીવાર બજારમાં નીકળી ગયો. બીજા દિવસે ટ્રફાલગર જયાં ખુલ્લી જગ્યા અને કબુતરો ઘણા બધા હોય છે ત્યાં દાણા-ચણા નાખવામાં આવે છે અને ફીલ્મની શુંટીગો ઘણી થાય છે. એમ ત્યાં દુનિયાભરના ટુરીસ્ટોની ભીડ જામેલી હોય છે. વાતાવરણ પણ અલહાદદાયી અને પ્રફુલ્લિત હોય છે પણ જાણવા મુજબ કોઇ અંગ્રેજની યાદગાર છે જેણે યુધ્ધમાં સ્પેનનો કબ્જો મુસલમાનોથી પાછો લીધો હતો મુસલમાનોએ સ્પેન પર ઘણા વર્ષો હુકુમત કરી હતી. પણ ત્યાં રોડ અને જગ્યાઓના મુસ્લીમ નામ નથી. પાછા ફરતી વખતે ઘણા બધા સ્ટોરોમાં ફરીને જોયું ખાસ કંઇ ખરીદવા જેવું હતું નહી. એક સ્ટોર આરગોસમાં ગયો ત્યાં કોઇ ખાસ સામાન દેખાયું નહી ટેલીફોન ડાયરેકટરી જેવી કેટલીક બુકસ ફોટાઓ સાથે પડી હતી. તમે જોઇ લો અને પસંદ પડે તો નંબર કાઉન્ટર પર આપો તો તમને પેમેન્ટ લઇને રસીદ આપે. અને તમારો નંબર આવે ત્યાં સુધી બેસી જાવ તમારો નંબર ડીસ્પલે થાય તો તમે કાઉન્ટરપર જાવ તો તમારો પાર્સલ તમને બીલ જોઇને આપી દે. અત્રે આ એક નવીનતા જોઇ.

બીજી નાની પુસ્તીકા વાળો શેલ્ફની ખાસ થોડીક સસ્તી હતી. અમે બે ચાર પુસ્તક લઇને ઘેર આવીને જોઇ બે ચાર વસ્તુઓ ચીજોના ફોટાના ભાવ જોઇને કરીને બીજા દિવસે જઇને આવેલા આપણને સસ્તુ ન લાગે પણ આખો દિવસ નવરા ફરતા હોઇએ તો કંઇને કંઇ કરવાનું એટલે થોડી ખરીદી અને થોડી સહેલ થાય.

મ્યુઝીયમ બેની મેડમ તુસાઉની આકરી ટીકીટ લઇને જોવા જવાનું અંગ્રેજો પ્રવાસીઓના ખીસ્સા ખંખેરી લેવાની સારી કળા જાણે છે હું ખર્ચનો બજેટ બનાવીને જાઉં છું દરેક જગ્યાએ બજેટથી ઓછો ખર્ચ થાય અહી લંડનમાં બજેટથી ૩૦૩૦૦૦ વધુ ખર્ચ થયેલા એવી છે કળા અંગ્રેજોની.!

લંડનનો પણ એવો જાદુ છે કે માણસ ખર્ચ કરતો જ જાય.

બીજા દિવસે વિમ્બલંડન સીટી ગયેલા ટ્રેનમાં બેઠા વિમ્બલડનનો સ્ટેશન સૌથી છેલ્લો બ્રીટનમાં અને દુનિયામાં વિમ્બલડનની બહુ ઘેલછા લાગેલી છે. વિમ્બલડનનો ગ્રાઉન્ડ અહી હોય તેથી વિમ્બલડન પુરું શહેર ઉભું થઈ ગયું એક મોટી સુપર માર્કેટ જેમાં ઘણી બધી ફેશનવાળા દુકાનો અને બહુજ ખુબસુરત માલ જાળ બનેલા ત્રણ માળાનો ફરતા ફરતા દુકાનોમાં જોવાનું હોય, લેવાનું મુશ્કેલ હોય. એવી જ રીતે ઓવલના મેદાન પાસે ટ્રેન જાય ઓસ્ટ્રેલીયા અને ઈગ્લેન્ડની ક્રીકેટ મેચ ચાલુ હતી. પરંતુ ત્રીસથી પચાસ પાઉન્ડની ટીકીટ લઈને જોવા જવાની હિંમત થઈ નહી મેચ ટીવી પર જોઈ લેતા હતા.

બીજા દિવસે જુમ્માનો દિવસ હતો. અમો વિમ્બલી સેન્ટરમાં ઈલીગ રોડમાં નમાઝ પઢવાનું નક્કી કરેલા ત્યાં નમાઝી ઘણા હોય મસ્જીદ એટલી મોટી ન હોય અને સડક પર નમાઝ પઢવાની મનાઈ હોઈ બધાને નમાઝ અદા કરવાનો મોકો મળે તે માટે મસ્જીદ કમીટી ત્રણ જમાનો કરે છે. સવા વાગે, દોઢ વાગે અને પોણા બે વાગે જમાત થતી હતી. એટલે લોકો બહાર નીકળી જાય અને લોકો નમાઝ પઢવા આવે અમને પોણા બે વાગ્યાની જમાત મળી ત્રણેય જમાતોના ઈમામ અલગ અલગ અને સારી રીતે ખુત્બો અને નમાઝ પઢાવી મસ્જીદ ચીક્કાર ભરેલી હતી અને બહાર પરસાળ પણ ફુલ હતી. હું થોડાક પંજસુરા અને યાસીન શરીફ વગેરે સાથે લઈ ગયો હતો. હવે મારો એક દિવસ બાકી હતો. નમાઝ માટે ગયો તો સાથે લેતો ગયો નમાઝ બાદ નમાઝીઓએ ચપોચપ ઝડપી લીધેલ અને તેમણે દુઆઓ આપી. મને સંતોષ થયેલ કે દુરના મુલ્કમાં પણ મુસલમાનોનું ઈમાન મજબુત છે. નમાઝીઓએ અકીદતથી પંજસુરા અને યાસીન શરીફ લીધેલ.

નમાઝ પઢીને પાછી એજ હોટલમાં જયાં પહેલા પણ જમી ચુકયા હતા. ત્યાં જઈને લન્ચ લીધું 'ગુજરાત સમાચાર' એક અઠવાડીક નીકળે છે તેનો નંબર મારી પાસે હતો બેત્રણ વખત વાત થયેલ આવવાનો તેમણે બહુ આગ્રહ કર્યો પરંતુ ફેમીલી સાથે હોઈ, ત્યાં પહોંચી શકયો નહી.

સી.બી. પટેલ સાથે અવાર નવાર વાત થતી હતી. તેઓ કહે કે ૪૦ વર્ષથી લંડનમાં છું. મને ઓફીસે આવવાનું કહયું પણ જઈ શકયો નહી ઘણા પરિચિત શખ્સો સાથે ફોન પર સલામ દુઆ કરી એક વીપુલ કલ્યાણી, દીપક બારડોલીકરનો સંપેતરો લેવા આવેલ જેની સાથે ગુજરાતીમાં તેમની વાતચીત અને સાહિત્યીક લખાણથી લાગતું હતું કે ત્યાં પણ ગુજરાતી ભાષા ઓકસીજન પર છે બચાવવાની કોશીષ ચાલુ છે પરંતુ મુશ્કેલ લાગે છે.

છેલ્લો દિવસ શનીવાર હોઈ સાઉથ હોલ જવાનું નક્કી કરેલ. ચોધરી હોટલનો લંચ ખાવાનું મન થયેલ તો ત્યાં જઈને ખાધું પીધું અને ખરીદી કરીને ઘેર પહોંચીને સામાન પેક કરેલ અને સામાનનો વજન કરેલ. પીઆઈએમાં ટીકીટ દીઠ ૩૦ કીલો લાવી શકાય છે. સામાન વધારે ન હતો હું હાથમાં સામાન ઉપાડતો નથી. અને મારી સાથે હોય તેઓને પણ આગ્રહ કરીને કહું છું કે હેન્ડ કેરી નથી કરવાની. લગભગ જયાં પણ જાઉ છું મારી સાથે સામાન

લીમીટમાં હોય. રવીવાર ત્રીજી જુલાઈના બપોરે બાર વાગે એરપોર્ટ ગયેલ તો એરપોર્ટ પહોંચતાંજ જાણે માનવ મેદનીનો મહેરામણ ઉમટી પડયો હોય એવું વાતાવરણ. સામાન બોર્ડીંગ, સીટ નંબર કરાચીથી બુક કરેલા. એટલે એમાં હેરફેરની શકયતા ન હતી. સામાન સુટકેસ લગેજ કરાવીને અમો હાથ હલાવતા ઈમીગ્રેશન તરફ ગયા. ત્યાં ચાર પાંચ અંદર જવાની મોટી લાઈનો. અમો એક લાઈનમાં ઉભા રહી ગયા.

અમારો વારો આવતાં પાસપોર્ટ કે ઈમીગ્રેશન કાર્ડ કંઈ પણ નહી હાથમાં સામાન હોય તેને મશીનમાંથી પસાર થવું પડે. અમારે ઈમીગ્રેશન દરવાજામાંથી પસાર થવાનું હતું. બીજું કાંઈ પણ નહી. ન પાસપોર્ટ જોયો ન કાર્ડ ભરવાનું ન સ્ટેમ્પની વીધી. અમો એરપોર્ટ પહેલા વિભાગમાં આવી ગયા જયાં ડયુટી ફ્રી શોપ અને રેસ્ટોરન્ટ. રેસ્ટોરન્ટની કોફી પીધી. એક મોટા શોપીંગ સેન્ટરમાં આવી ગયા હોઈએ એવું લાગે. અમો સોફા પર બેઠા અને ડયુટી ફ્રી શોપોમાં આંટાફેરા કરેલ. હજુ બે વાગ્યા હતા.

અમારી ફલાઈટ પાંચ વાગે હતી. અને ચાર વાગે સ્કીન પર ગેટ નંબર આવવાનો હતો. પુરશેનક વાતાવરણમાં બેકલાક તો નીકળી જશે. સામે બોર્ડ જોયું તો અંદર ગેટ સુધી જવામાં ઓછામાં ઓછી ૧૦ મીનીટ અને વધુમાં વધુ ૨૦ મીનીટ ચાલવાનું. મને ખબર હતી કે અંદર એરપોર્ટ પર ચાલતી નાની ગાડીઓ હોય છે. જેમાં પહેલાં ગયેલ. મોટી ઉમરના માણસોને બેસાડી લ્યે.

અમારો સ્કીન પર ગેટ નંબર આવવામાં ૧૦ નંબરો બાકી હતા. પહેલાં ૧૦ નંબર આવશે પછી અમારો નંબર આવશે અમને પીઆઈએના કાઉન્ટર પર બતાવી દીધેલ કે તમારો નંબર ચાર વાગે આવશે. લંડન હીથ્રો એરપોર્ટ પર ૨૪ રનવે છે. ૫૦ થી વધુ ગેટ છે. તે સીવાય બે એરપોર્ટ છે. અમો બે વરસ પહેલાં લંડનથી ન્યુયોર્ક જઈ રહ્યા હતા ત્યારે અમારી ટીકીટ કોમ્પ્યુટરાઈઝડ હતી. તે બાદ ગેટવીક એરપોર્ટથી ન્યુયોર્ક ફલાઈટો જાય છે. અમે પણ એજ એરપોર્ટ પર ગયા. બાકી હીથ્રો એરપોર્ટની રંગત કંઈ ઓરજ છે.

અંગ્રેજોના દેશ ગ્રેટ બ્રીટનની છુટક માહિતી

અંગ્રેજોના એટલે કે યુરોપની એક ગોરી પ્રજાના દેશ ગ્રેટ બ્રીટન અને લંડન અંગેની કેટલીક છુટક માહિતી પણ અત્રે સંક્ષિપ્તમાં રજુ કરવાનું અજાુગતુ કે અસ્થાને નહી ગણાય. લંડનમાં હોટલ ૫૦ પૌડથી ૩૦૦ પૌડ સુધીની પણ હોય છે દરેક જગ્યાએ બોર્ડ લાગેલા હોય બેડ એન્ડ બ્રેક ફાસ્ટ ૧૦ પાઉન્ડમાં નાસ્તો પણ થઈ જાય કરકસરવાળી અને ફેમીલી વીનાની વ્યકિતનો ગુજારો થઈ જાય અને બેડ પણ મળી જાય આપણે ત્યાં જેવી રીતે ગેસ્ટ હાઉસ હોય છે તેમ. લંડનની ભુગર્ભ ટ્રેનના સ્ટેશનો અને અંદરના રસ્તાઓના ખુણાઓમા આધુનિક ઢબે ભીખ માગવાનો નવો તરીકો અમુક લોકો અપનાવે છે કેટલાક ગીટાર અને હાર્મોનિયમ વગાડે, તો કોઈ વાંસળી પર ધુનો સંભળાવે ફાળીયું કે હેટ ટોપી ઊધી વાળીને આવતા જતા મુસાફરો પાસેથી સુધરેલા તરીકે ભીખ વસુલ કરે. અને કળા વેચી રહયા છે તેવું

જાહેર કરે. જેમ આપણા સત્તાધિશો કશકોલ (ભીક્ષાપાત્ર) તોડી નાખવાના દાવા કરે અને આડકતરી રીતે ઝોલી ફેલાવીને ભીખ માંગે લોનો પણ મેળવી લ્યે હાલમાં જ જબરજસ્ત ધરતિકંપમાં કબ્જા હેઠળના કાશ્મીરમાં પણ નુકસાન થયું ભારતે જાહેરાત કરી કે અમને મદદ જોઈતી નથી. અમે અમારી રીતે કરી લઈશું.

ભુગર્ભ ટ્રેનમાં મુસાફરી દરમ્યાન એક વિશિષ્ઠતા જોવા મળી એમ તો ગોરી પ્રજા અંગે શીક્ષીત અંગ્રેજો એક બીજાના પરિચય વીના વાતચીત કરવામાં ઓછપ અનુભવે છે. અજાણ્યા શખ્સ કે પરદેશી સાથે તો વાતચીત કરવાનો સવાલ જ પેદા થતો નથી. એટલે સુધી ટ્રેનમાં પણ વાંચન કરવામાં પ્રવૃત રહે. કોઈ અક્ષરો જોડવાની કસોટી ભરતા દેખાય કે છાપાઓ અને સાંજના અખબાર વાંચવામાં સમય પસાર કરે. એટલી હદે એ રિવાજ બ્રીટન વાસીઓ જોવા મળ્યો. બીજી એ વાત જોવા મળી કે હીંદુસ્તાની અને પાકિસ્તાનીઓની વસ્તીવાળા વિસ્તારોમાં ભૂગર્ભ ટ્રેન સ્ટેશનો સામે બેકાર માણસો ઉભા રહી જાય અને ટ્રેનોમાંથી ઉતરતા પેસેન્જરો પાસેથી ટીકીટ માંગી લ્યે. ઘણા માણસો ટીકીટ આપી પણ દ્યે. આ ટીકીટ આખો દિવસ ચાલતી હોય છે રાતના અગ્યાર વાગ્યા સુધી એટલે આ રીતે માંગીને મેળવીલી ટીકીટ એક પાઉન્ડમાં વેચી નાખે આવી રીતે રોજના વીસ પચ્ચીસ પાઉન્ડ એમને મળી જાય એવી રીતે રોજગારના ઘણા તરીકાઓ બેકાર લોકોએ શોધી કાઢયા છે.

ટયુબો (ભૂગર્ભ ટ્રેનો) રાત્રે ૧૧ વાગ્યા સુધી ચાલે છે. એટલે સવારે પાંચ વાગે શરૂ થઈ જાય છે. રાતના સમયે કાળા લોકો ચાકુ વગરે બતાવીને કોઈ એકલા અટુલા શખ્સને લુંટી પણ લ્યે છે.

લંડનનો હીથ્રો એરપોર્ટ રાત્રે સાડા અગ્યાર વાગે બંધ થઈ જાય છે સવારે ૪ સાડા વાગે ખુલે છે. યુકેમાં એક તો વાતાવરણ ગેરમુસ્લીમોનો તો પણ દીનદાર મુસલમાનોએ રોઝા, નમાઝ, ઝકાત અને હજ ઉમરા વગેરે ઈસ્લામી અરકાનો ટકાવી રાખેલ છે. મસ્જીદોમાં પણ મુસલમાન નમાઝીઓ ઘણા દેખાય છે. હજ ઉમરામાં તો મને દરેક વખતે એમનો ભેટો થાય છે. એક બશીરભાઈ જે બોલ્ટનમાં રહે છે. અને વરસ દરમ્યાન ચાર કાફલા લઈને ત્રણ વખત ઉમરા અને એક વખત હજ માટે લગભગ બસ્સો જણ સાથે આવે છે. એક કાફલો રમઝાનમાં, એક સફર મહીનામાં, અને એક રબીઉલ અવ્વલમાં તેમજ એક વખત હજ માટે આવે છે. બે વરસ પહેલા હજમાં હું તેમના ટુર સાથે હતો. અર્ધા લોકો ઈન્ડીયાના અને અર્ધા યુકેના, અલ ખાલીદ ટુરમાં બશીર અને ઈન્ડીયાના યુસુફભાઈ બંને પચાસ પચાસ ટકાના ભાગીદાર છે. સારી હોટલોમાં ઉતારો અને સારૂં ખાવાનું સાથે જ બીજી સગવડ પૈસા પુરા લ્યે.

યુકે વાળાઓ વખતના પાબંદ ચાર બસો ઝીયારત માટે જતી હતી. સવારના સાત વાગ્યાનો ટાઈમ આપેલ આપણે પાકિસ્તાની હીસાબે ૭.૧૫ મીનીટે ઉતરેલ ત્યારે ખબર પડી કે બસો તૈયાર હતી અને ચાલવા માંડી હતી. બસ રોકાવીને ચઢેલ વીવેકે વાતચીત સાથે દરેક રીતે સભ્યતા દાખવે એક ડોકટર પણ હજ માટે આવેલ હતા. તેમનો રૂમ મારા ફ્લોર પર હતો. ડોકટર સાહેબ બધાનો મફત ઈલાજ કરતા હતા. અને દવા પણ આપતા હતા.

લંડનનો મોસમ સરસ છે. જેને માણવા સેહલાણીઓ ઉમટી પડે છે. લંડનમાં જોવા લાયક મેડમ તુસાનો મોમ (મીણ)નો મ્યુઝીયમ ટુરીસ્ટો જરૂર જોવા જાય છે. બીગબેગ ટાવર, બીલ્ડીગ, સ્ટ્રીટો અને બીજા ઘણા બધા સ્થળો છે પણ લંડનની અસલ મજા તો લંડનના માર્ગો પર પગપાળા ચાલવાની છે રંગ બેરંગી લીબાસમાં ફરી રહેલ દુનિયાભરના સહેલાણીઓ રોડ પર નકશા લઈને ફરતા હોય. વાદળો ઘેરાયેલા હોય. ઝરમર વરસાદ વરસતો હોય મહિલાઓ જાત જાતની રંગબેરંગી છત્રીઓ લઈને ચાલતી હોય. ત્યાં ચાલવાની મજા આવે.

મકાનોની બહુજ સગવડ ૮૦ વારનો મકાન લાકડાનું હોય નીચે ડાઈનીગ ડ્રોઈગ અને કીચન હોય. ઉપર બેડરૂમ અને નાના ત્રણ રૂમ હોય જેની કિંમત બે અઢી કરોડ રૂપીયા પાકિસ્તાની એટલે જ રેસકોર્સ જેવા ઊંચા ઈલાકામાં જગ્યા હોય ત્યાં કિંમત વીસથી પચ્ચીસ કરોડ રૂપીયા લોકો ત્યાં મુડી રોકાણ પણ કરે છે. ઈમરાનખાનના માજી સસરા, શારજાહના ક્રીકેટ સર્જક અબ્દુલ રહેમાન બુખતરના મકાનો પણ ત્યાં છે. મોસમ માઈનસ થાય નહી અને ગરમી પડે નહી એટલે લંડનમાં રહેવાની મજા અલબત્ત લંડનમાં પગપાળા ફરવાનો લહાવો લેવા જેવો. ઠેકઠેકાણે બસ સ્ટોપ નકશા લાગેલા હોય છે. મારે એક બેન્કમાં જવું પડયું ટયુબમાંથી ઉતરીને પુછપરછ કરતા નકશો જોઈને આગળ વધ્યા. આગળ જતા એક બીજી બેન્ક આવી. અંદર જઈને જોયું એક ઓફીસર બેઠો હતો. એડ્રેસ પુછેલ કે ભાઈ અમારે આ બેન્કમાં જવું છે. ભાઈ તો મુંઝવણમાં માથું ખંજવાળતા ઉભા થઈ ગયા. બેન્કમાંથી બહાર રોડ પર આવીને અમને જમણે ડાબેથી જમણે એમ રસ્તો સમજાવીને અંતમાં કહેલ કે ૧૦ મીનીટની વોક છે. એડ્રેસ એમને માથે મોટો ભાર આવી પડેલ અમને પણ એમ થયું.

મારા એક મિત્રે મને એક બનાવ કહી સંભળાવ્યો જો કે મને પણ એવો જ અનુભવ છે. મીના અરફાતમાં માર્ગ ભુલી ગયા અને પોલીસવાળાને પુછયું તો પોલીસવાળા કહે 'ગુદામ' અને આગળ હવે જેને પુછે ને સર્વ પોલીસવાળા 'ગુદામ' કહે હવે આ લોકોને ટીખળ સુજી એમની સાથે એમનો માસો આદમ હતો. એક પોલીસવાળાને પુછયું કે ફીર માસા આદમ! કયાં છે? પોલીસવાળાએ કહયું ગુદામ.

આપણામાં અને અંગ્રેજોમાં એક ફરક તો છે જ. ખૈર વાત લંડન મોસમની થતી હતી. લંડનની ટયુબ પણ અજાયબી છે. બે–ત્રણ મીનીટમાં ટ્રેન આવે અને ઉપડે એટલી વારમાં એટલા જ માણસોની ભીડ જામી જાય. દરવાજા ખૂલે અને થોડી વારમાં ઓટોમેટીક બંધ થઈ જાય. ટયુબમાં સફર કરવામાં ત્યાં કોઈ નાનપ નથી. કામધંધે જનારાઓ, ઓફિસે જનારાઓ બધા ટયુબમાં સફર કરે છે. એક તો ટ્રાફિકથી બચી જવાય અને બીજું શાંતિથી સફર કરીને ઠેકાણે પહોંચે. જો ટયુબ બંધ થઈ જાય તો પુરા લંડનનું કામકાજ રોકાઈ જાય. લાઈનો રંગને હીસાબે ઓળખાય, લાલ, પીળો, ગ્રીન અને એવાજ બીજા કલરના નકશા હાથમાં હોય અને સ્ટેશન પર મોટો નકશો હોય. કહેવાય છે કે બીજા વિશ્વયુદ્ધ વખતે બોંબવર્ષાથી બચવા માટે લંડન શહેરમાં સર્વત્ર ભોંયરા ખોદેલ હતા જેનો બાદમાં અંડરગ્રાઉન્ડ

ટ્રેન માટે ઉપયોગ થયો.

૧૯૮૭માં હું જ્યારે લંડન ગયો તો ટયુબની ટીકીટનો ફોટા સાથે કાર્ડ બનાવો તો પાંચ પાઉન્ડમાં પૂરા અઠવાડિયાનો કાર્ડ બનાવેલ. બસ અને ટ્રેનમાં ગમે એટલી સફર કરવાની છૂટ. ફોટો ન હોય તો કાર્ડના પચ્ચીસ પાઉન્ડ. હાલમાં આજના ચાર પાંચ પૌડમાં એક દિવસનો કાર્ડ બને છે. ફેમીલી કાર્ડ બનાવો તો ત્રાણ પાઉન્ડમાં કાર્ડ બને.

સાઉથ આફ્રિકાના વિસ્તારને આઝાદી મળી તો મોટાભાગના મેમણ વેપારીઓ લંડન ચાલ્યા ગયા. એમને બ્રિટીશ પાસપોર્ટ મળી ગયા. અમારા એક ઓળખીતાને ત્યાં શાદીનો પ્રસંગ હોઈ તેણે એક દાવત યોજી જેમાં અમને પણ આમંત્રાણ આપ્યું. ખેર અમે જ્યાં દાવત હતી તે હોલમાં જમવા ગયા તો ત્યાંના મકાનોની જેમ હોલ પણ નાનો હતો જેમાં મુશ્કેલીએ ૧૫૦ આદમી આવી શકે.

હોલમાં પહોંચ્યા તો ઘરના માણસોએ ફોલ્ડીગ ટેબલ અને ફોલ્ડીગ ખુરસીઓ ખોલીને ગોઠવી. કાગળના દસ્તરખ્વાન બીછાવ્યા. કાગળની પ્લેટો અને ગત્તાના ગ્લાસ ગોઠવ્યા. કોકો કોલાની ડીસ્પોઝેબલ બોતલો ગોઠવી. જમવાનું શરૂ થતાં કાગળની મોટી પ્લેટો વચમા રાખી. ગાઠીયા અને લાડુ પીરસ્યા તે બાદ મુરઘીનું સાલન અને કોકાકોલા સાથે રાખ્યા. જમણવાર પતી જતાં જ ઘરનો બધો સામાન (વેસ્ટેજ અને કાગળની પ્લેટો, ગલાસ વગેરે) સંકેલીને મોટા કાળા વેસ્ટેજ ભરવાના થેલાઓમાં ભરીને બાંધીને બહાર રાખી દીધા અને મોટું વાઈપર ઉઠાવીને હોલનો ફર્શ પણ ઘરની એક વ્યક્તિએ સાફ કરી નાખ્યો. મેં પૂછતાં કહ્યું કે એક માણસના ખાલી ફુડના ત્રાણ પાઉન્ડ લીધા. હોલનું ભાડું અલગ.

અમેરિકા ન્યુયોર્ક રવાનગી

ખેર, અમે લંડનથી અમેરિકા જવા માટે એરપોર્ટ પર પહોંચ્યા. એરપોર્ટ પર સ્કાય કોરીયર સર્વીસનો સ્ટોલ તરત જ મળી ગયો. નામ અને પાસપોર્ટ બતાવતાં અમને તરત જ બે ટીકીટનો કવર આપી દીધેલ જે તૈયાર હતો. ‘વીસ પાઉન્ડ અમે ચાર્જના ચૂકવી દીધા કારણ કે ટીકીટ ઈન્ટરનેટ પર બનાવી અને પ્રુફ કરાવી હતી. અને અમે લગેજની કાર્યવાહીમાં લાગી ગયા. અગાઉ લંડનમાં એવી સીસ્ટમ હતી કે કોઈ પણ કાઉન્ટર પર તમો લગેજ બુક કરાવીને બોર્ડીંગ કાર્ડ મેળવી શકો છો. હવે એવો શીરસ્તો છે કે આપણી જે એરલાઈન હોય તેના કાઉન્ટર પર જવું પડે. ખૈર લગેજ કરાવીને બોર્ડીંગ પાસ લઈને ઈમીગ્રેશનમાંથી પસાર થઈને લોન્જમાં જઈને બેઠા.

વખતસર પ્લેનમાં જવાનું એનાઉન્સ થયેલ. અમે પ્લેનની સીટ પર ગોઠવાઈ ગયા. લંડનથી મારા મર્હુમ મિત્રના પુત્ર અશરફ જે એધી ટ્રસ્ટમાં અને ન્યુયોર્ક મેમણ જમાતમા ઉચ્ચ ઓહદે રહી ચૂકેલ હતા. સ્વભાવે સોશીયલ માણસ છે. મેં તેમને ફોન કરીને કોઈ વ્યાજબી હોટલમાં રૂમનો બંદોબસ્ત કરવા કહેલ.

એરપોર્ટ પર પહોંચ્યા. કાઉન્ટર પર પાસપોર્ટ આપ્યો તો ઓફિસરે મારી સામે જોઈને વ્યંગમાં અને ટીખળમાં કહ્યું,

"હં..... હં..... હં..... પાકિસ્તાન....."

મેં પણ તેને તરત જ કહ્યું,

"યસ ! પાકિસ્તાન !"

મારી ઉમર અને પાસપોર્ટ જોઈને મને ફકત એટલું જ પુછેલ કે,

"કેટલું રહેવું છે ?"

મેં જવાબ આપ્યો,

"બે અઠવાડિયા."

છ મહિનાની સ્ટેમ્પ લગાવી દીધેલ. મારા પુત્રને રોકીને સ્કુટીગ રૂમમાં મોકલેલ. ત્યાં જવાનીયાઓની લાઈન લાગેલી હતી. જ્યાં એક ફોર્મ ભરાવેલ અને પાછો પુછપરછ માટે કાઉન્ટર પર આવેલ. આંગળીઓની છાપ લીધેલ અને પુછપરછ ચાલુ હતી એટલે હું પાછો કાઉન્ટર પર આવી ગયેલ. માંડ માંડ જાન છુટી. એવી ઈઝઝત છે ત્યાં આપણા પાકિસ્તાનીઓની. એના કરતાં લંડનના એરપોર્ટ પર જઈએ તો સ્મિત સાથે સ્વાગત કરે અને ફકત એટલું જ પુછે કે કેટલું રોકાવું છે. આપણે બે અઠવાડિયા કહીએ, પણ છ મહિનાની સ્ટેમ્પ લગાવી દે.

એરપોર્ટથી બહાર નીકળેલ અને અશરફભાઈ ગાડી લઈને આવી ગયો અને કીધું કે અમે વેપારી માણસ છીએ. આ મારો પુત્ર છે. મારું કેડીટ કાર્ડ બતાવેલ કહ્યું કે ન્યુયોર્કથી બીજે કયાં જવાનું છે ? મારા પુત્રે નકારમાં જવાબ આપ્યો. તેણે કહ્યું, "ન્યુયોર્કમાં જ રહેજો અને પાછા જની વખતે એન્ટ્રી કરાવી લેજો." મેં કહ્યું ઠીક છે.

ખેર અમે દુઆ સલામ કરી ગાડીમાં બેઠા. મને અશરફભાઈ પ્રત્યે માન હતું. આટલું મોડું ઈમીગ્રેશનમાં થયેલ છતાં તે અમારી રાહ જોતા હતા. મેં કહ્યું:

"મને તો એમ કે તમે વાર થતાં ચાલ્યા ગયા હશો ?"

તેમણે કહ્યું:

"આજકાલના પરિસ્થિતિને હિસાબે ઘણા જવાનીયાઓ અને દાઢીવાળાઓને પુછપરછમાં વાર લગાડે છે. મને ખાત્રી હતી કે તમારી ફલાઈટ આવી ગઈ છે. તમે થોડા મોડા નીકળશો."

હવે મેં એમને હોટલ લઈ જવા કહયું તો એમણે સ્મિત વેરતા કહયું કે:

"તમને સારી હોટલમાં લઈ જાઉ છું."

આખરે તેમના બંગલે જે ન્યુયોર્ક શહેરથી ૧૫ થી ૨૦ કીલો મીટર દુર હતું ત્યાં પહોંચ્યા, અમને બીજા માળનો રૂમ આપ્યો ત્યાં બે બેડરૂમ હતા. બીજો રૂમ તેમણે એમના મિત્ર આસીફ જબ્બાર ભાઈ જેમની સદરમાં ઈલેકટ્રોનીકસની દુકાન છે તેમના તાલીમ માટે ન્યુયોર્ક આવેલ ફરઝંદને આપ્યો હતો. અને તે બીજા માળે રહેતા હતા.

અમને એક મોટા હોલમાં જમાડેલ બીજા દિવસે રવીવાર હોઈ એ લોકો અર્ધો દિવસ છુટ્ટી કરે. સવારે ૧૦થી ૧૧ વાગે નીકળે અને ચારેક વાગે ઘરે પાછા પહોંચે અમે સવારે મારા

બીજા ઓળખીતાઓને ત્યાં જવા માટે કહેલ અમોને ત્યાં એમની દુકાને મુકી આવેલ જે મારા મીત્રના પુત્રોની હતી. ડોલર શોપની વીસ સ્ટોરની ચેન હતી. જેને જોઈને મને ખુશી થઈ કેમકે હું ૧૯૮૭માં ગયો હતો તો એક ભાઈ અશરફ ભાઈને ત્યાં નોકરી કરતો હતો અને તેમના પિતા અને એક પુત્ર બેકાર હતા.

અશરફ ભાઈ ઘણા મહેમાન નવાઝ અને સોશીયલ અને મઝહબ પ્રત્યે રુચી રાખનારા માણસ અમારા આગમન અને રોકાણની તેમના ચેહરા પર ખુશી હતી. અમે થાકેલા હોઈ નહાઈને ફ્રેશ થઈ ગયા. નીચે ડ્રેઈંગ રુમમાં અશરફભાઈ અમારો ઈન્તેઝાર કરતા હતા. અમો નીચે ગયેલ ગપસપ શરૂ કરી એટલામાં તેમના ડાઈનીંગ રુમમાં જમવાનું તૈયાર હતું અમને બોલાવ્યા તે લોકોએ અમને બહુજ આવકાર આપેલ.

અશરફભાઈ અમને લેવા આવી ગયા હતા કે રવીવાર હોઈ લન્ચ ઘરે કરવાનું છે અમે એમની સાથે ગાડીમાં બેસી ગયા પહેલા ઈન્ડીયન અને પાકિસ્તાની મોટલો જેનું ત્યાં જંકશન હતું ત્યાં પહોચી મોટલો જોઈને તબીયત ખુશ થઈ મેં અચકાતા અચકાતા અશરફભાઈને કહયું.

"મારે ખત (દાઢી વાળ) બનાવવા છે.!"

"અરે આ બાજુમાં છે ચાલોને જઈએ" અશરફભાઈએ કહયું.

એક પાકિસ્તાની હેર કટીગ સલુનમાં દાખલ થયા તો પંજાબી ભાઈએ ખુશીખુશી આવકાર આપ્યો મારા ખત બનાવતાં સુધી તેની વાતો પણ ચાલુ જ હતી ખત બનાવીને બહાર નીકળ્યા તો ઈન્ડીયા અને પાકિસ્તાની દુકાનો હતી. અશરફભાઈએ મીઠાઈનો બોકસ પેક કરાવ્યો જે અમને જમવામાં આપી. ઘરે જઈને ખાઈ પીને નવરા થયા તો ચાલો પાડોશમાં મસ્જીદમાં જઈ નમાઝ પણ પઢશું. અને ત્યાં મુલાકાતો પણ થશે.

મસ્જીદમાં ગયા, અસર બાદ પાંચ છ જણ જમા થયેલ અને શીકવા શીકાયતો કરેલ કે આજે મીટીગ રાખી હતી. આડોસ પાડોશવાળા કોઈ આવતા નથી. ઘણીજ કોશીષ કરતા પણ ત્યાં બહાર નીકળવાનું બહુજ મુશ્કેલ છે. આ પહેલા પણ હું ન્યુયોર્ક ગયેલ ત્યારે ક્રીકેટના વર્લ્ડ કપ ચાલતા હતા. હું પાકિસ્તાની હોટલમાં જમવા ગયો ત્યાં એક ભાઈ જમી રહયા હતા. મેં સલામ દુઆ બાદ પુછયું.

"તમે ન્યુયોર્કમાં છો?" તેણે હંકારમાં જવાબ આપ્યો મેં પુછયું ભાઈ ક્રીકેટ મેચ ચાલે છે કે અહી ટેલીવીઝનની કઈ ચેનલ પર પ્રોગ્રામ આવે છે? અને કયા સમયે મેચ આવે છે?

તેણે મારી સામે જોયું અમને કહેવા લાગ્યો.

"ભાઈ તમે ટેલીવીઝન અને મેચની વાત કરો છો હું તો જમતાં જમતાં હીસાબ કરતો હતો કે હોટલમાં જમવાના આઠ ડોલર અને આવક જાવકના બે કલાકના ૧૨ ડોલર ૨૦ ડોલર બસ ભાડાના વગેરે અલગ આ વિચિત્ર નવી દુનિયા છે. સવારે ઉઠીને જરૂરીયાતથી ફારેગ થઈને કામ પર જઈએ સાંજે મોડા આવીએ રાતે ઘરે પહોચીને ખાઈને સુઈ જઈએ એજ અમારો ક્રમ, અમને રેડીયો, અખબાર અને ટેલીવીઝનની ફુરસદ કયાં હોય છે!"

હવે મને લાગ્યું કે અશરફભાઈ મફતની મહેનત કરે છે અહી કોઈ મીટીગમાં આવશે નહી અને અહી મેળ મુલાકાત મુશ્કેલ છે.

ખેર આઠ દિવસ ન્યુયોર્કમાં બહુજ સારી રીતે પસાર થઈ ગયા અશરફભાઈનું મકાન બંગ્લા, મારા મિત્રના પુત્રો ઈલ્યાસ અને ફારુક તેમના વીસ સ્ટોર અને બંગલાઓ અને અમારા સ્નેહી ભાઈ ગફાર પોચીયાના પુત્ર અમીનનો પણ મોટો હોલસેલ ગ્રોસરી અને ઈમ્પોર્ટનો વેપાર એટલે કે બધા પાસે સારી ગાડીઓ અને સારા મકાનો આપણે ત્યાં એક કરોડની હોય તેવી મર્સીડીસો અને પજેરો ખેર બધાએ બહુજ ઈઝઝત આપી.

એમ્પાયર સ્ટેટ બીલ્ડીગ જોઈ, બીઝનેસ સેન્ટર બાદ સૌથી ઉચી બીલ્ડીગ છે. ટ્રેડ સેન્ટરની વીરાનગત જોઈ જે ખોફનાક દ્રશ્ય રજુ થતું હતું. ન્યુયોર્કની એમ્પાયર સ્ટેટ બીલ્ડીગ જયાં એટલી બધી રોનક, ખુબસુરત વિસ્તાર, બીલ્ડીગો અને માણસોની અવર જવર જેને જોઈને આશ્ચર્ય થાય. ત્યાં મેડમ ટુસાઉ જે લંડનમાં છે તેણે અહી પણ એક મ્યુઝીયમ ખોલેલ છે તે જોવા અમને લઈ ગયેલ. મીણના પુતળા જાણે હમણાંજ બોલી ઉઠશે એવો આભાસ થાય.

મહાત્મા ગાંધીનું પુતળું જોયું. હાથમાં લાકડી, અર્ધ લંગોટી પહેરીને ઉભા છે જાણે સાચેજ ગાંધીજી ઉભા છે. ત્યારે મનમાં ઝંખના અને અદેખાઈ ઉપજી કે આપણા કાઈદનું પણ પુતળું હોત તો કેવું સારું થાત.

૪૨ સ્ટ્રીટવાળા રોડ પર જ મુસ્લીમ મીસરી લોકો હલાલ ફુડ ટેસ્ટી બનાવે છે તે જમી લીધું. ઈલ્યાસ વગેરેના બે બંગ્લા ન્યુજર્સીમાં એટલે સ્ટેટ અલગ થઈ જાય પણ ૨૦ કીલોમીટરનું જ અંતર હશે. ત્યાંના રીતરીવાજ અને હોટલ રેલ્વે અને પ્લેન બધુંજ સીઝન પ્રમાણે ચાલે. એ જે ટીકીટ ૧૭૫ પાઉન્ડમાં કુવેત એરની આવવા જવાની લીધી હતી અમારા કરાચીના એક ભાઈએ ૨૦૦ પાઉન્ડમાં માત્ર જવાનું ભાડું ખર્ચીને લીધેલ. આ બધું અનુભવ નહી હોવાનું અને નાવાકેફ હોવાને લીધે બને છે.

મને ગયા વખતનો નાસ્તો કર્યાનો એક બનાવ યાદ આવી ગયો. હોટલમાં જઈને નાશ્તો કર્યા પછી મેં બીલ મંગાવ્યું તો ચાર ડોલર. બીજા દિવસે એજ હોટલમાં જઈને નાશ્તામાં એજ આઈટમ મંગાવી હવે બીલ આવ્યું ૬ ડોલર.

મેં વેઈટરને બોલાવીને પુછયું:

ભાઈ કાલે ચાર ડોલર અને આજે ૬ ડોલરનું બીલ કેમ ?

તેણે જવાબ આપ્યો.

આજે વીકએન્ડ છે. વીક એન્ડમાં ૫૦ ટકા ભાવ વધારે હોય છે.

અમે ન્યુજર્સીમાં એક બે દિવસ રોકાયા. કેરોમાં બે કલાકના ૩૦ ડોલર. અમે દરીયાનો એક ચક્કર લગાવેલ. જયાં લીબર્ટી આર્ચનો પુતળો વચ્ચમાં આવે છે. વધુ વર્ણન કરું તો એક અલગ સફરનામું થઈ જાય.

પાછા વળતાં ૪૨ સ્ટ્રીટમાં રાતની રોનક જોઈ. આ રોનક ત્યાં અલગજ હોય છે. ત્યાંના

લોકોએ કહેલ કે ન્યુ ઈયરની રાતે બાર વાગે અહી પગ મુકવાની પણ જગ્યા ન મળે. ૧૨ વાગે ધુમધડાકા સાથે નૃત્ય અને મોજ કરે.

આ પહેલાં અગાઉ પાંચ દિવસ માટે અમેરિકા ગયેલ. ત્યારે ચાર દિવસ તો આરામથી નીકળી ગયા. પણ પાંચમાં દિવસે શું કરવું તે વીશે ચર્ચા કરી તો ન્યુયોર્કવાળાઓએ સલાહ આપી આટલાન્ટીક સીટી જઈ આવો. ત્યાં મજા આવશે. મેં પુછયું:

ત્યાં શું છે ?

એ લોકોએ કહ્યું કે કેસીનો અને બહુજ રંગીન રાત હોય છે સર્વના આગ્રહથી અમે બસ સ્ટોપે પહોંચ્યા આવવા જવાની ટીકીટ ૩૦ ડોલર અને કેસીનો રમવા માટે તમને ૨૦ ડોલરના ટોકન ત્યાં મફત મળશે. અમે ત્રણ ટીકીટ મંગાવી અને રાતે બાર વાગે પાછું આવવાનું કહેલ કે તમને સવારથી પહેલાં પાછા લઈ નહી આવીએ. પુરી રાત ત્યાં રહો, જુગાર રમો.... ખેર અમે જવાનું માડી વાળ્યું.

પહેલાં પણ એક વખત ન્યુયોર્ક જવાનું થયું હતું. એરપોર્ટ પર ઉતરીને ઈમીગ્રેશન લાઈનમાં લાગી ગયેલ વખતે આપણે અમેરીકાને રશીયા વિરૂદ્ધ અફઘાનિસ્તાનમાં દરેક સાથ આપી રહયા હતા. એક કાઉન્ટર પર ઓફીસર પાસે મારો પાસપોર્ટ રાખીને ઉભો રહયો તે ઓફીસર પાસપોર્ટના પાના ફેરવતો હતો ઘણીવાર થતાં મેં કહયું.

પેજ નંબર ફલાણા પર વીઝા છે." તો સાહેબને ગુસ્સો આવી ગયો તેનો ચહેરો લાલચોળ થઈ ગયો ગુસ્સો જણાતો હતો. તેણે મને ઉબાબથી કહયું.

"તમે અહી મારી જગ્યા પર આવીને બેસી જાવ. હું નીચે આવી જાઉ છું." ખેર મારી ભુલ કહો તો ભુલ મારી નિય્યત તો સારી હતી. નાછુટકે મારે 'સોરી' કહેવું પડયું.

હવે ઓફીસર સાહેબે સવાલો શરૂ કર્યા હું જવાબો આપતો રહયો.

તેણે પુછયું.

"કયાં રોકાશો?" મેં કહયું.

"હોટલમાં."

તેણે પુછયું.

"કઈ હોટલમાં?"

મેં જવાબ આપ્યો. કોઈ પણ અનુકુળ હોટલમાં રોકાઈ જઈશ." ફરી તેણે કહયું.

"નહી હોટલનું નામ આપો." હવે જો કોઈ નવો માણસ પહેલી વખત ન્યુયોર્ક ગયો હોય તો તે હોટલનું નામ કયાંથી આપે અને તેને નામની ખબર પણ કયાંથી હોય મારા નસીબે એક બે હોટલના કાર્ડ મારી પાસે હતા. મારા મિત્રોએ આપેલ જેને મેં સાચવીને રાખ્યા હતા. કહેવાય છે તે સંઘર્યો સાંપ પણ કામ લાગે મેં તેને એક હોટલનું કાર્ડ અને તેનું નામ બતાવ્યું પણ તેનો ગુસ્સો બરોબર ચાલુ રહયો અને છ મહીનાને બદલે ગુસ્સામાં તેણે મને એક મહીનાના વીસા આપેલ.

બીજા દિવસે અશરફ ભાઈ અમને એરપોર્ટ મુકવા આવેલ ઘરે જ જમાડીને બધાએ

અમને લાગણી પુર્વક વિદાય આપેલ.

એરપોર્ટ બહાર ઈન્તેઝાર કરતા હતા કે ખાલીદની એકઝીટ એન્ટ્રી થઈ જાય તો મને ખબર આપજો પછી હું જઈશ. એકઝીટની સ્ટેમ્પ લગાવીને બધા સાથે મુલાકાત કરી બધા ગળે મળ્યા કેટલી ભાવભીની અને મોહબ્બત ભરી વિદાય.

હાલમાં મારો વચેટ પુત્ર રઉફ તેની પત્નિ સાથે અમેરીકા ગયો હયુસ્ટન એરપોર્ટ પર ઈમીગ્રેશન વાળાઓએ રઉફનો પાસપોર્ટ જોઈને પુછેલ કે તમારા પાસપોર્ટ પર ઈરાનના વીઝા લાગેલ છે. શામાટે? તમો શીયા છો? રઉફે કહયું નહી. ઓફીસરે કહયું કે તો પછી ઈરાનના વીસા શામાટે?

હવે વાત એ હતી કે અમારો ઈરાન થઈને બગદાદ શરીફની ઝીયારતો કરવાનો પ્રોગ્રામ હતો. ત્યાં લડાઈ શરૂ થઈ ગઈ અને ભંયકર બોમ્બમારો શરૂ થઈ ગયો. અને બગદાદની બરબાદી શરૂ થઈ ગઈ એટલે જવાનું મોકુફ કરેલ હવે એ ઓફીસર કોઈ વાતે સમજે નહી છેવટે ઘણીવાર સુધી બેસાડી રાખી તેને પાસપોર્ટ વગર સ્ટેમ્પ લગાવી આપેલ અને એક પરમીટ આપી તથા કહેલ કે વાપસીમાં એન્ટ્રીનો સ્ટેમ્પ તથા એકઝીટનો સ્ટેમ્પ લાગશે.

ખેર માંડ માંડ પ્રવેશ મળેલ પાછા વળતાં એરપોર્ટ પર બેસાડી રાખેલ કે મોટો ઓફીસર આવશે એ તમારી પુછપરછ કરશે.

"ભાઈ અમારી ફલાઈટનો વખત થોડો છે અમને સ્ટેમ્પ લગાવી દો."

પણ કોઈ જવાબ મળેલ નહી છેવટે મોટો અધિકારી આવ્યો અને આવીને પોતાની સીટ પર ગોઠવાઈ ગયો અમને કહે તમો બેસો, એક પાકિસ્તાની સ્ટુડન્ટ પણ બેઠો હતો એણે કહયું "ભાઈ મને તો આદત પડી ગઈ છે તમે આરામથી બેસો જે થવાનું હશે તે થશે. ફલાઈટ તો મીસ થશે.

ખરેખર ઘણીવાર પછી અમને બોલાવીને વીધી કરીને સ્ટેમ્પ લગાવી પરંતુ અમારી ફલાઈટ ચાલી ગઈ હતી. યુનાઈટેડ એરલાઈનની ફલાઈટ લંડન માટેની ફલાઈટમાં જવાનું અમને એર લાઈને ઓકે કરી દીધું અને કહયું કે તમે ફીકર ન કરો. લંડનથી પ્લેન અબુધાબી તો ઉપડી ગયો હશે તમને અવેજી ગોઠવણ કરી આપું છું.

અમીરાત એરલાઈન તમને લંડનથી બે કલાક બાદ મળી જશે.

બંને એરલાઈનો એક દેશની હોઈ નસીબ જોગે સગવડ થઈ ગઈ અને અમીરાત એર લાઈનથી દુબઈ થઈને કરાચી પહોંચેલ.

અમેરીકાની આડોડાઈનો પ્રસંગ લખું અમો ઈસ્લામાબાદ વીઝાનો ઈન્ટરવ્યુ દેવા ગયેલ મારા ત્રણ પુત્રો તેમની પત્નિઓ અને હું તથા મારી પત્નિ...ઈન્ટરવ્યુમાં દરેકને અલગ અલગ સવાલો પુછે મારી નાની વહુને પુછેલ કે.

"તમે સીરીયા શામાટે ગયા હતા?"

તે હોશીયાર હતી અને ઈંગ્લીશમાં વાતચીત કરતી હતી તેણે જવાબ આપ્યો."

"મારા સસરાને પ્રવાસનો શોખ છે. તેઓ વિવિધ દેશોમાં જાય છે અને અમને લઈ

જાય છે તો અમો પણ એમની સાથે જઈએ છીએ."

આ વાત અમેરીકન અમલદારને ગળે ઉતરી ગઈ.

જો કે તે માણસ પણ નરમ હતો એટલે હસીને વાત કરતો હતો છેવટે અમને પાંચ પાંચ વરસના વીઝા આપવાની મુબારકબાદ આપીને દરેકને અલગ અલગ બોલાવીને ટોકન આપતો જાય. અને મુબારકબાદી દેતો જાય.

તેણે બાદમાં કહયું.

"પાંચ દિવસમાં તમારા પાસપોર્ટ કરાચી અમેરીકન એકસપ્રેસથી લઈ લેજો."

પાંચ દિવસ બાદ પાસપોર્ટ આવી ગયા.

ન્યુયોર્ક ફોર્ટી ટુ સ્ટ્રીટ જે ભરચક એરીયામાં સુંદર અને મોટા સ્ટોરો હોટલો અને માણસોની દરેક રીતે ભીડ રહે છે. કહેવાને તો એ સ્ટ્રીટ છે પરંતુ હકીકતમાં મોટો રોડ છે. અમો ગાડીમાં ત્યાંથી પસાર થયા, ટ્રાફીક સીગ્નલ આવ્યો લાલબત્તી હોઈ ટ્રાફીક રોકાઈ ગયું માણસોના ચાલવા માટે જેબ્રા ક્રોસીગ બનેલ હોઈ તેની પાછળ ગાડીઓ રોકાય લાલ સીગ્નલ થાય તો ઝેબ્રાની આસપાસનો વોક સીગ્નલ આવે અને રાહગીરોની આવજા શરૂ થઈ જાય અને સીગ્નલ ખુલે તો સ્ટોપની લાલ બત્તી બળી જાય.

અમારી બધી ગાડીઓ ઝેબ્રા ક્રોસીગની પાછળ ઉભી રહી ગયેલ. અને પોલીસની ગાડી જે ઝેબ્રા ક્રોસીગની થોડીક ઉપર આવી ગઈ એક માણસે કારમાંથી ઉતરીને, પોલીસ કારના ડ્રાયવરને કહેલ કે તમે ઝેબ્રા ક્રોસીગ પર ગાડી ઉભી રાખી છે. તે, કાનુનનો ભંગ છે. પોલીસ કારનો ડ્રાયવર ગભરાયો થોડી ગુંજાઈશ મુજબ ગાડી તેણે પાછળ હઠાવી અને સોરી કહેલ અમેરીકામાં આવા દ્રશ્યો પણ જોવા મળે છે.

સીરીયાની સફરમાં આપણે થોડોક વિસામો લીધેલ પાછા સીરીયા તરફ ફરતો મને એક મોટો આઘાત લાગેલ મારી વાલેદા હજીયાણી હવામાંના ૧૯ ડીસેમ્બર ૨૦૦૫ના સોમવારના ઈન્તેકાલ થઈ ગયો જે મારા માટે ઘણો મોટો આઘાત હતો મારી સાથે એમને અને એમની સાથે મને એટલી મોહબ્બત હતી કે તેનું વર્ણન અશકય છે.

મારી વાલેદાએ મારી સાથે ઘણા પ્રવાસો કર્યા જેમાં સાત હજ અસંખ્ય ઉમરા તેમજ બે વખત સીરીયાની સફર ઉપરાંત તુર્કી, લંડન અને ભારત ખાતે સૈયદ મીરાં દાતાર અને સુલ્તાનુલ હીન્દ ખ્વાજા મોઈનુદીન અજમેરી ઝીયારત વગેરે અમે સાથે કરી આવેલ. ખેર અલ્લાહની મરજી અલ્લાહ તઆલા એમની મગફેરત ફરમાવે આમીન.

વાલેદાના ઈન્તેકાલ અંગે શોક દર્શાવના અને શાંત્વન આપવા જીવનના દરેક ક્ષેત્રના લોકોએ તસ્દી લીધી અને આ મોટા સદમાને જીરવી લેવા ધારસ બંધાવી.

ખેર આપણે હવે સીરીયાની સફરમાં આગળ વધીએ અને અલ્લાહ તઆલાના પયગમ્બરો તથાબરગુઝીદા સહાબા એ કીરામ અને અવલીયા અલ્લાહની સરઝમીનમાં આગળ પ્રયાણ કરીએ.

ખેર, હઝરત અબ્દુલ્લાહ બીન ઉમરના મઝાર પર ફાતેહા માટે ગયા ત્યાં હાજરી આપીને

બહાર નીકળ્યા તો નબીલ અમને અમીરૂલ મોમીનીન હઝરત ઉમર બીન અબ્દુલ અઝીઝના મઝાર પર લઇ ગયેલ જેમની દરગાહ સાથે વિશાળ મસ્જીદ હતી. જે તે વખતની ઇસ્લામી સંસ્કૃતિ અને બાંધકામનો ઉમદા નમુનો હતી.

આપણે ત્યાં ઠઠ્ઠાની જામે મસજીદ અને લાહોરની બાદશાહી મસ્જીદમાં જે વચ્ચે ખુલ્લો ચોક અને આજુબાજુ કમાનો સાથે બંધ લાબા હોલ જે વગર લાઉડ સ્પીકરે અવાજ સંભળાય જાણે એમ લાગતું હતું કે કાં તો આણે એની નકલ કરી છે અથવા એમણે અમારી નકલ કરી છે. ખુમસની ઝીયારતો પુરી થઇ થોડોક રોકાઈને ખુમસ શહેર જાયું ખુબસુરત શહેર હતું. જોવા લાયક ખરૂં પણ વખત ન હોઈ અમોયે નબીલને સંકેત આપ્યો કે હવે હક્કા તરફ ચાલો જે અમારી હવે પછીની મંઝીલ હતી.

ગાડી પુર ઝડપે ચાલતી હતી. હક્કા અમે લગભગ ત્રાણ વાગે પહોંચ્યા સૌ પહેલાં અમે અદભુત આશીકે રસુલ સૈયદના ઉવેસ કરનીના મઝાર પર ગયા. વિશાળ મસ્જીદ અને ત્યાં મઝાર પહેલો આવે હઝરત ઉવેસ કરનીનો મઝાર આવે અમે ત્યાં ગયા.

માર્ગમાં એક નદી આવેલ જે અંગે નબીલે કહયું કેકુરાત નદી છે. અને માર્ગમાં એક ખુબસુરત રળીયામણું ગામ પણ આવેલ પણ વખત ન હોઈ રોકાણ કરેલ નહી ખેર હઝરત ઉવેસ કરનીના મઝાર પર પહેલાં (સીરીયાની પહેલી સફર વખતે) પહોંચી શકયા ન હતા. તેનું દુ:ખ તો હતું જ એટલે હવે ખુશી થઈ મઝાર પર હાજરી આપી ફાતેહા પઢી અને દુઆએ ખેર કરી હઝરત ઉવેસ કરની વીશે આ પહેલા આગળ લખાઈ ચુકયું છે.

તે બાદ અમે મશહુર સહાબી હઝરત અમ્માર બીન યાસીર (ર.અ.)ના મઝાર પર હાજરી આપી હુઝુરે પાકના મહાન સહાબીની પવિત્ર જીવન ઝરમરનો થોડો ફયઝ હાસીલ કરીએ અને આપણા ઈમાનને તાજગી બખ્શીએ.

તૈયબુલ–મુતય્યબ હઝરત અમ્માર બિન યાસીર રદીયલ્લાહો અન્હો

સરકારે તાજદારે મદીના સરવરે દો આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ એક દિવસ કાશાનએ અકદસમાં તશરીફ ફરમા હતા. હઝરત અલી કરમલ્લાહો વજહ પણ બારગાહે રિસાલતમાં હાજર હતા. એટલામાં એક કદાવર, પહોળી છાતી અને નરગીસી આંખોવાળા એક દેખાવડા શખ્સે અંદર હાજર થવાની પરવાનગી માંગી એમનો અવાજ સાંભળીને હુઝુર રસુલે પાકના મુબારક ચેહરા પર ખુશી ફેલાઈ ગઈ અને આપે ફરમાવયું.

"મરહબા, યા તૈયબુલ–મુતય્યબ"(ખુશ આમદીદે, ભલે પધાર્યા, પાકીઝા અને પાક સાફ ઈન્સાન).

હુઝુરે મેહબુબે રબ્બુલ આલમીન જે સહાબીને તૈય્યબુલ–મુતય્યબ"ના મહાન લકબથી નવાઝ્યા, તે સૈયદના હઝરત અમ્માર બીન યાસીર રદીયલ્લાહો અન્હો હતા.

હઝરત અમ્મારના વાલીદ હઝરત યાસીર બીન આમીર યમનના રહેવાસી હતા. પોતાના લાપતા ભાઈની તલાશમાં મક્કામાં આવ્યા અને અબુ હુઝયફા મખઝુમીના હલીફ બની મક્કામાં જ કાયમી વસવાટ ઈખ્તેયાર કરી લીધો અબુ હુઝયફાએ પોતાની લોંડી સુમય્યા

સાથે હઝરત અમ્માારની શાદી કરી દીધી જેમની કુખે બે સઆદતમંદ ફરઝંદો અમ્માર અને અબ્દુલ્લાહ પેદા થયા આ નેક ફીનરત કુટુમ્બ ઈસ્લામના દાઅવતની શરૂઆતના જ સમયમાં હુઝુરે પાકની દાઅવત પર 'લબ્બેક–યા રસુલ્લાહ' કહયું.

આ નસીબવંતા ખાનદાને ઈસ્લામ કબુલ કર્યો તે વખતે સાત કે ત્રીસ વ્યકિતઓ ઈસ્લામનો શર્ફ હાસીલ કરી ચુકી હતી. એ વખતે 'દાઅવતે–આમ' (જાહેર તબ્લીગ)ની શરૂઆત થઈ ન હતી. એ વખતે હુઝુરે પાક હઝરત અરકમ બિન અલી અરકમના મકાનમાં રહેતા હતા.

અબુ હુઝયફાના ઈન્તેકાલ પછી હઝરત સુમય્યા એમના વારસદાર અબુ જહેલ વગેરેની ગુલામીમાં આવી ગયા હતા. એ સમય હકના મતવાલાઓ માટે ગજબનો કપટો વખત હતો જે શખ્સ ઈસ્લામ કબુલ કરતો કુરૈશના મુશરીકોના ગુસ્સા અને અસહય અત્યાચારોનો ભોગ બની જતો હતો.

હઝરત સુમય્યા પર પણ મુશરીકોએ ઈસ્લામ કબુલ કર્યા બદલ એવા એવા માનવતાને કંપારી છુટે તેવા જુલ્મો કર્યા જેનો દાખલો મળવો મુશ્કેલ છે. એ વખતે હઝરત યાસીર અને હઝરત સુમય્યા બંને વૃધ્ધાવસ્થાને આરે હતા. પરંતુ કાફીરોનો પાશવી ત્રાસ એમના કદમને હકના માર્ગથી ચલીત કરી શકયા નહી એજ હાલત એમના ફરઝંદોની હતી.

એ મઝલુમોને લોખંડના બખ્તરો પહેરાવીને મક્કાની ધોમ ધકતી રેતી પર સુવરાવી દેવા અને એમની પીઠને બળતા અંગારાઓથી દાગવી કાફીરોનો રોજીંદાનો ક્રમ બની ગયો હતો પરંતુ તેઓ તૌહીદના નશાના એવા કેફમાં હતા. હકના રસ્તાથી હઠવાનું નામ પણ લેતા ન હતા.

એક દિવસે એ ચારેય પવિત્ર જણ કાફીરોને હાથે અસહય અત્યાચારો ઝીલી રહયા હતા. કે હુઝુર અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ત્યાંથી પસાર થયા. એમને ભારે ઈજામાં સપડાયેલા જોઈ આપને સખ્ત રંજ થયો અને આપે ફરમાવ્યું.

"સબર કરો હે આલે–યાસીર! તમારા માટે જન્નતનો વાયદો છે.

હઝરત ઉસ્માન ગની, ઝુન્ન નુરૈન રદીયલ્લાહો અન્હો ફરમાવે છે કે:–

હું હુઝુરે પાક સાથે એક દિવસ એ સ્થળેથી પસાર થયો જયાં આ કુટુમ્બને ઈજાઓ અપાઈ રહી હતી. હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું.

"સબર કરો–હે અલ્લાહ આલે યાસીરની મગફેરત ફરમાવી દે. અને તે એમની મગફેરત કરી જ દીધી."

ઝઈફ યાસીરનો આ જુલ્મો સેહતા સેહતા એક દિવસ ઈન્તેકાલ થઈ ગયો.

એહદે–રિસાલતની પ્રથમ શહીદ ખાતુન

પછી એક દિવસ અલ્લાહ અને તેના રસુલે પાકના દુશ્મન અબુજહલનો ગુસ્સો હદ ઓળંગી ગયો તેણે હઝરત સુમૈયાના નાજુક મુકામ પર પોતાની બરછી ખેંચીને મારી જેના સદમાથી તેઓ શહીદ થઈ ગયા પવિત્ર નબવી યુગની આ પહેલી શહાદત હની. જે રાહે–હકમાં થઈ અને શહીદ થનાર પ્રથમ મહીલા હઝરત અમ્મારની વાલેદા હઝરત સુમય્યા હતા. પથ્થર દિલ અબુ જેહલે હઝરત અબ્દુલ્લાહ બીન યાસીરને પણ તીર મારી શહીદ કરી દીધા.

હવે માત્ર હઝરત અમ્માર રદીયલ્લાહો અન્હો બાકી રહી ગયા હતા. એમને વાલીદાની બેકસીની મોતથી ભારે સદમો થયો રોતા રોતા હુઝુર રેહમતુલલીલ આલમીન સલ્લલ્લાહો અલયહે વસલ્લમની ખીદમત શરીફમાં હાજર થયા અને બધી વીતક અરજ કરી:

"યા રસુલુલ્લાહ! હવે તો જુલ્મની ઈન્તેહા થઈ ગઈ."

હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમે એમને સબરની તલકીન કરી અને ફરમાવ્યું.

"હે પરવર દિગાર! આલે યાસીરને દોઝખથી બચાવ."

માબાપ અને ભાઈની શહાદત પછી હઝરત અમ્માર પહેલાની જેમ કાફીરોના સીત્તમનો શીકાર બનીને રહયા.

એક વખતે એક શખ્સે હઝરત અમ્મારને 'કુરતો' (ખમીસ) ઉતારતા જોયા તો એમની પીઠ દાગથી (બળી જવાના નિશાનોથી) ભરેલી દેખાઈ પુછયું આ શું છે? એમણે કહયું.

"એ તે ત્રાસ અને જુલ્મના નિશાનો છે જે મક્કાની ધકતી રેત પર મને દેવામાં આવતા હતા."

એક વખત મુશરીકોએ હઝરત અમ્મારને મુશરીકોએ ભડકે બળતા અંગારાઓમાં સુવરાવી દીધા. હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ત્યાંથી પસાર થયા તો એમના માથા પર શફકતથી હાથ ફેરવ્યો અને ફરમાવ્યું.

"હે આગ! અમ્માર પર એવી રીતે ઠંડી થઈ જા જેવી રીતે તુ ઈબ્રાહીમ અલયહીસ્સલામ પર ઠંડી થઈ હતી." હઝરત અમ્માર રદીયલ્લાહો અન્હો સતત મક્કામાં રહીને કાફીરોના જુલમોને બરદાસ્ત કરતા રહયા એટલે સુધી હિજરતે–નબવીથી એક મહિના પહેલા એમણે મક્કાથી મદીનએ મુનવ્વરા તરફ હિજરત કરી. જે છ સહાબાએ સૌથી પહેલાં મક્કાથી મદીનએ મુનવ્વરા હિજરત કરી તેમાં હજરત અમ્મારનું નામ પણ શામેલ છે.

સૌ પ્રથમ મદીના તરફ હિજરત કરનાર છ સહાબાએ કિરામના નામો આ મુજબ છે (૧) હઝરત અબુ સલ્મા અબ્દુલ્લાહ બિન અબ્દુલ અસદ મખઝુમી (૨) હઝરત આમીર બીન રબીઆ (૩) હઝરત આમીરના પત્નિ હઝરત લયલા (૪) હઝરત સાઅદ બીન અબી વક્કાસ (૫) હઝરત અમ્માર બિન યાસીર (૬) હઝરત બીલાલ બિન રબાહ.

હઝરત અમ્માર પહેલા કુબા પહોચ્યા અને ત્યા જ રહયા એટલે સુધી કે હુઝુરે પાક મક્કાથી હિજરત કરીને કુબામાં તશરીફ લાવ્યા કુબાની મસજીદના બાંધકામમાં હઝરત અમ્મારે જોશ જુસ્સા સાથે ભાગ લીધો મસ્જીદે કુબા માટે પથ્થરો હઝરત અમ્મારે જ ભેગા કર્યા

હતા. અને મોટા ભાગનું બાંધકામ પણ એમણે જ કર્યું. મદીનએ મુનવ્વરામાં જયારે મસ્જીદે નબવી શરીફનું બાંધકામ શરૂ થયું તો તેઓ સતત ઇંટો ઉઠાવીને લાવતા હતા. અને 'રીજઝ' જોશ ખાતર પંકિતઓ પઢતા હતા.

"અમે મુસલમાન છીએ અમે મસ્જીદ બનાવીએ છીએ."

હઝરત અમ્માર બિન યાસીર રદીયલ્લાહોને "અસહાબે–સુફ્ફા"માં શામેલ રહેવાનો થોડા સમય માટે શર્ફ હાસીલ રહયો ત્યાર બાદ હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમે જમીનનો એક મોટો ટુકડો અના ફરમાવ્યો. બદરથી 'નબુક' સુધીના તમામ ગઝવામાં હઝરત અમ્માર પોતાના આકા અને મવલા સલ્લલ્લાહો અલયહે વસલ્લમ સાથે શરીક રહયા. હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમ એમનો ભારે સન્માન ફરમાવતા હતા.

હુઝુરે પાકે આ ફાની જગતથી પરદો ફરમાવ્યો તે પછી પુરૂં અરબસ્તાન 'ઇરતેદાદ'ના ફીત્નાની લપેટમાં આવી ગયું મુરતદો સામેની બધી લડાઈઓમાં સૌથી વધારે સખ્ત લોહીયાળ લડાઈ યમામાની લડાઈ હની. હઝરત અમ્મારે મુસૈલખા કઝઝાબ સામેની આ લડાઈમાં આશ્ચર્યજનક બહાદુરી દાખવી હઝરત અમ્મારનો એક કાન આ લડાઈમાં શહીદ થઈ ગયો જે પાસે જ જમીન ઉપર ફડકી રહયું હતું. પરંતુ તેઓ સતત હુમલા પર હુમલા કરતા રહયા એક મોકા પર મુસલમાનોના કદમ ઉખડી ગયા તો તેઓ એક ઊંચા ટેકરા પર ચઢી ગયા અને લલકારીને કહયું.

"મુસલમાનો! શું તમે જન્નતથી ભાગો છો જુઓ, હું અમ્માર બીન યાસીર છુ. આવો, મારી તરફ આવો." એમનો તાસીર ભરેલો અવાજ સાંભળી મુસલમાનોના કદમ જામી ગયા અને એવો જોરદાર હુમલો કરાયો કે મુરતદો નાસી છુટયા અને મુસલમાનોને ફનેહ નસીબ થઈ નબુવ્વતના મોટા દાવેદાર મુસલેમા કઝઝાબ સામેની આ લોહીયાળ લડાઈ હીજરી સન. ૧૧માં થઈ હતી. તે વખતે હઝરત અમ્મારની ઉમર શરીફ ૬૫ વરસની હતી. તેઓ યુવાનોથી બાજી લઈ ગયા.

અમીરૂલ મોમેનીન હઝરત ઉમર ફારૂકે હીજરી સન. ૨૦માં હઝરત અમ્માર બીન યાસીરને કુફાના વાલી–ગવર્નર બનાવ્યા અને તેઓ એક વરસ નવ મહીના કુફાના ગવર્નર પદે રહયા બાદમાં અમીરૂલ મોમીનીને એમને ગવર્નર પદેથી હઠાવી દીધા.

ઈતિહાસમાં લખેલું છે કે સૈયદેના ફારૂક આઝમે એક દિવસ એમને પુછયું.

"તમે ગવર્નર પદેથી હઠાવી દીધાને લીધે નારાજ તો નથી થયા ને?"

હઝરત અમ્મારે જવાબ આપ્યો.

"તમે પુછો છો તો, હકીકત એ છે કે હું ન તો એ મનસબ પર નિયુકત થવાથી ખુશ હતો અને ન હવે પદભ્રષ્ટ થયાથી નાખુશ છું."

સૈયદેના હઝરત ઉસ્માન મુન–નુરૈનની શહાદત પછી સૈયદના હઝરત અલી કરમલ્લાહો વજહો ખલીફા બન્યા તો હઝરત અમ્મારે એમને પુરજોશ હીમાયત કરી અને શહાદતના

દિવસ સુધી એમને સક્રિય સાથ આપ્યો. હઝરત અમ્માર બીન યાસીર લાંબી મુદત સુધી નબ્બુવતના સરચશ્માથી ફયઝ હાસીલ કરતા રહયા. તેઓ હદીસે પાકની રિવાયત કરવામાં બેહદ સાવચેત હતા અને તકેદારી રાખતા એજ કારણે એમણે માત્ર ૬૨ હદીસોની રિવાયત કરી છે.

હઝરત અનસ બીન માલીક ફરમાવે છે કે મેં રસુલુલ્લાહને ફરમાવતા સાંભળ્યા કે:

"બેશક જન્નત આ ચાર આદમીઓ માટે 'મુશ્તાક' છે.

અમ્માર અલી, સલ્માન અને મકદાદ.

હઝરત અમ્માર પુરી પુરી રાત નમાઝ અને અવરાદ વઝાઈફમાં મશગુલ રહેતા હતા. કુર્આન પાકની તફસીર કરનાર મોટા આલીમો ફરમાવે છે કે 'સુરએ મોમર'ની આ આયત હઝરત અમ્માર બીન યાસીર રદીયલ્લાહો અન્હોની શાનમાં નાઝીલ થઈ છે.

"ભલા મુશરીફ (સારો છે કે) તે જે રાતના સમયે જમીન પર પેશાની રાખીને અને ઉભા રહીને ઈબાદત કરતો અને આખેરતથી ડરતો અને પોતાના પરવર દિગારની રહેમતની ઉમ્મીદ રાખતો હોય." (આયત ૯). આવી મહાન ફઝીલતના માલીક અને જેમના માટે જન્નત પણ મુશ્તાક છે તેવા સહાબીના મઝાર પર હાજરી દઈને ફાતેહા પઢવા અને દુઆ માંગવા પછી દિલની જે કેફીયત થઈ તેનું વર્ણન કરવાની ખરેખર મારામાં શકિત નથી. અલહમ્દો લિલ્લાહ. તે બાદ હઝરત ઉબી બીન કયસ અલ ગનીના મઝાર પર ફાતેહા પઢી. બાદમાં નબીલને કીધું કે કોઈ મોટી ઝીયારત છે તો કહે નહી. મેં કહયું હવે સવરેયાની દુકાન પર લઈ જા. શહેર બહુ મોટો નહી એક જ બજાર કોઈ કહે કે સવેરયા ખતમ થઈ ગયેલ કોઈ કહે કે ને સાંજે મળશેએક શીખકબાબ વાળાની દુકાન આવી નબીલ કહે, ખાવું છે પણ હોટલ કોઈ ભટીયારખાના જેવી લાગી તો મે ના કહી બજારમાં એક હોટલ સારી લાગી તો ગાડી થોભાવવાનું કહી હું હોટલની અંદર ગયો.

પીઝાની હોટલ મેં ભાવ પુછયું તો કહે ૧૦૦ રૂપીયા સીરીયન હું પાછો જવા લાગ્યો તો કહે, બેસો, બેસો તમને ઓછા કરી દઈશ. હું તો ખાલી ફેમીલી સાથે સલાહ મશવેરો કરવા માટે પાછો ફર્યો હતો. ફેમીલી સાથે વાતચીત કરી તો બધા કહે કે ભુખ લાગી છે. હવે જે મળે તે ખાઈ લઈએ. મેં પીઝાવાળાને કહયું કે ૧૦ પીઝા આપ ૬૦૦ રૂપીયા આપીશ. તે રાજી થઈ ગયો હોટલમાં બેસવાની જગ્યા સારી હતી. અમે બેઠા તો તેણે પીઝા બનાવવા શરૂ કર્યા પીઝાની રોટી તૈયાર હતી જેના બેચાર ટુકડા અમને આપી ગયો જે ખાતા સ્વાદમાં સારા લાગેલ એક પારસલ ઓર્ડર ખતમ કર્યા બાદ અમારા પીઝા તૈયાર કરેલ.

કોલ્ડ ડ્રીકની બોતલો મંગાવી મેં પીઝાવાળાને કહયું.

"ભાઈ જેટલા તૈયાર થઈ જાય આપતો જા." તો તે પીઝા આપતો ગયો મીરચ મસાલો ન હોઈ આપણા ટેસ્ટ મુજબ સ્વાદ ન મળે પરંતુ ભુખ ન જુએ વાસી ભાત ના હીસાબે પીઝા ખાઈને પેટ ભરી લીધું. ચા માટે કહયું તો એક કલાક બાદ તો પાછા ગાડીમાં ગોઠવાઈ ગયા. અને હલબ તરફ રવાના થયા.

સીરીયામાં મિલાદુન્નબી અને દુરૂદ પાકની મહીમાનો વર્તાવ

માર્ગમાં દમાસ્કસનો બોર્ડ કે માઈલ સ્ટોન આવેલ. ૩૭૫ કીલો મીટર હું ખુશ થઈ ગયો. કે હલબ બાદ ૨૦૦ કીલોમીટર રહી જશે. પણ એવું ન થયું હલબથી આવવા જુદો માર્ગ હતો અને ત્યાં પહોંચ્યા તો દમાસ્કસ ચારસો કીલોમીટર રહેલ.

કલબ પહોંચતાં જ શહેરમાં ઠેર ઠેર, અને દરેક જગ્યાએ ઝંડીઓ લાગેલ નજર આવેલ. અને હુઝુરની શાનમાં નાઝીલ થયેલ આયતો "વમા અરસલ નાકા ઈલ્લા રહેમતુલ-લીલ-આલમીન તેમજ બીજી આયતો અને હુઝુર પાકના મુબારક નામો લખાયેલા અરબીમાં બેનરો નજરે પડયા આવી જ ઝંડીઓ અને બેનર મેં દમાસ્કસ અને હક્કા અને ખમુસમાં જોયા હતા. એ બાબતે નબીલને પુછતા તેણે કહયું.

"ઈદે મીલાદુન્નબી અહીયા સર્વત્ર શાન શૌકતથી મનાવવામાં આવે છે. બાર દિવસ સુધી મીલાદ શરીફની મેહફીલો હોય છે. અને બારમી રબીઉલ અવ્વલના જાહેર રજા હોય છે." મને ખુશી થઈ કે સરકારે દોઆલમના આમદનો મુબારક દિવસ દરેક જગ્યાએ મનાવવામાં આવે છે ફકત ઈન્ડીયા અને પાકિસ્તાનમાં જ નથી. ખેર હવે ભરચક બજાર પાસે નબીલ ગાડી લઈ ગયો હલબ સીરીયાના બીજા નંબરનો મોટો શહેર છે. અહી મોસમ પણ એવોજ ખુશગવાર હોય છે. એમ તો પુરા સીરીયાનો મોસમ ખુશગવાર છે.

બજારમાં દાખલ થતાં જ એક મોટી મસ્જીદની દિવાલ પાસે ૧૦થી ૧૨ ખુરસીઓ પડેલી જોઈ. જેની ઉપર 'નાબીના' માણસો હાથમાં તસ્બીહો લઈને બેઠા હતા. અને દુરૂદ શરીફ પઢતા હતા. કયારેક 'સલ્લુ અલન નબી'નો જોરદાર અવાજ સાથે સર્વ ઉભા થઈ જતા અને એક અવાજે મધુર લેહજા અને ભારે અકીદત પુર્વક દુરૂદ શરીફ પઢતા હતા. અમીર લોકો તેમને મદદ કરતા હતા.

અમો મસ્જીદની અંદર દાખલ થયા. જો કે બહારથી રોનક જેવું કંઈ લાગતુ ન હતું મસ્જીદનું રીપેરીંગ કામ થતું હતું અને નમાઝ માટે બાજુમાં કયાંક અવેજી ઈન્તેઝામ કરેલ હતો. દરવાજા ઘણી સુંદર નકશી કામવાળા હતા. આપણે જેને કારબીન કહીયે છીએ તે ટાઈપના બનતા હતા. જોતા એમ લાગતું હતું કે બહુજ સુંદર નકશી કામ સાથે આલીશાન મસ્જીદને સુશોભીત કરાશે.

સીરીયામાં બે મહાન પયગમ્બરો
હઝરત યાહ્યા અને ઝકરીયા (અ.સ.)ના મઝારો

સર્વત્ર સામાન વેર વિખેર પડેલ જોઈ અમે ત્યાંથી પસાર થઈને હઝરત ઝકરીયા અલયહીસ્સલામના મઝાર પર હાજર થઈ ગયા મઝાર શરીફ નજીક પહોંચતા મારા મગજમાં હઝરત ઝકરીયા અને હઝરત યાહ્યા અલયહીસ્સલામ કે જેઓ બની ઈસરાઈલના મહાન પયગમ્બરો હતા. એમની શહાદત અને એમના મુકદ્દસ અને પાક જીવનના અનેકાનેક સબકઆમોઝ બનાવો ઉમટી આવ્યા, હઝરત ઝકરીયા અલયહીસ્સલામની ખીદમત શરીફમા અકીદત ખંડણી રુપ આપના જીવનના અમુક અદભુત પ્રસંગો વાંચકો સમક્ષ રજુ કર્યા વીના મને લાગે છે કે આપણી સીરીયાની સફર અધુરી રહી જશે.

હઝરત ઝકરીયા અને હઝરત યાહ્યા, વાલીદ અને ફરંઝદ બંને હઝરત સુલેમાન અલયહીસ્સલામની અવલાદમાંથી હતા. અને બની ઈસરાઈલના પયગમ્બરો છે. અલ્લાહ તઆલાએ બંનેનો ઝીકર કુર્આન પાકની ચાર સુરતોમાં આલે ઈમ્રાન, અનઆમ, અમ્બીયા અને મરીયમમાં ફરમાવ્યો છે. જેમાં સુરએ મરીયમના પહેલા પુરા રૂકુઅમાં હઝરત ઝકરીયાનો મુબારક જીવનનો અહેવાલ છે.

હઝરત મરીયમની વાલેદા 'હુન્ના'એ મન્નત માની કે, હે અલ્લાહ મારા પેટમાં જે બચ્ચો છે તેને મેં તારી 'નઝર' કર્યો એ મન્નતમાં એક રીને પુત્રની દુઆ હતી પરંતુ હઝરત મરીયમની વાલેદાને શું ખબર કે પુત્રી પેદા થશે ત્યાર બાદ હઝરત મરીયમની વાલેદાએ મન્નત પુરી કરવા ચાહી અને પુત્રીને બયતુલ મુકદ્દસની ખીદમત માટે દેવા ચાહયું તો ત્યાંના પ્રત્યેક ખાદીમની એ ખ્વાહીશ હતી હઝરત મરીયમ એમને મળી જાય. એટલે સુધી બધા વચ્ચે મુકાબલાની પરિસ્થિતી સર્જાઈ ગઈ અંતે કુર્રા અંદાઝીનો નિર્ણય કરાયો કે દરેક ઉમેદવાર તવરાત લખવાની પોતાની કલમને પાણીમાં નાખે અને જે નહેરની વહેણની વિરુધ્ધ ઉપર ચઢે તે જ ખાદીમ હઝરત મરીયમને પોતાની તરબિયતમાં લઈ લ્યે.

કુર્આ અંદાઝીમાં હઝરત ઝકરીયાના હકમાં ફેસલો થયો જે મુજબ હઝરત મરીયમની કીફાલત અને તરબિયત હઝરત ઝકરીયાને સોંપવામાં આવી એ વખતે હઝરત મરીયમની ઉમર શરીફ ત્રાણ વરસની હતી.

તઝકરૂલ અમ્બીયામાં છે કે ઝકરીયા અલયહીસ્સલામના પત્નિ અને હઝરત મરીયમની વાલેદા બંને બહેનો હતી. એ રીશ્તાથી હઝરત ઝકરીયા, હઝરત મરીયમના માસા હતા. એ વખતે હઝરત ઝકરીયા તબઈ ઉમરથી આગળ નીકળી ગયા હતા. જે અવસ્થામાં સામાન્ય પણે લોકોને ત્યાં અવલાદ થતી નથી. ઉપરાંત હઝરત ઝકરીયાના પત્નિ 'વાંઝ' હતા.

હઝરત મરીયમ સમજણી ઉમરે પહોંચ્યા તો હઝરત ઝકરીયાએ એમને માટે એક 'ખીલવત ખાનું' ઈબાદત માટે એક હુજરો બનાવી દીધો હઝરત ઝકરીયા અલયહીસ્સલામ જયારે હુજરામાં જતા તો એમને તરેહ તરેહના બીન મોસમી ફળ ત્યાં જોવા મળતા. એમ તો

ઉમદા ફળોનું એકાંતવાસના હુજરામાં આવવું આશ્ચર્યજનક હતું અને તેનાથી પણ અચમ્બાની વાત એ હતી કે ગરમીની મોસમમાં ઠંડીની મોસમના ફળ અને ઠંડીની મોસમમાં ગરમીની મોસમના ફળો એટલે બેમોસમના ફળો રાખેલા દેખાતા હતા.

હઝરત ઝકરીયા અલયહીસ્સલામે પુછયું.

"હે મરીયમ આ વસ્તુઓ (બે મોસમી ફળો) તારી પાસે કયાંથી આવ્યા?"

જવાબ મળ્યો:

"આ અલ્લાહ તઆલાની પાસેથી આવ્યા છે. બેશક અલ્લાહ તઆલા જેને ચાહે છે બે ગુમાન રોજી–રીઝક પહોંચાડે છે."

હઝરત ઝકરીયા અલયહીસ્સલામ અવલાદ નહી હોવાને લીધે ફીકરમંદ હતા કે મારા ભાઈબંદો અને સગાઓમાં તો કોઈ એ લાયક નથી કે મારા પછી બની ઈસરાઈલની 'ઈસ્લાહ'નો ખ્યાલ રાખે તેથી આપે અલ્લાહ તઆલાની બારગાહમાં દુઆ માંગી."

"હે પરવરદિગાર! મને પોતાની બારગાહમાંથી નેક અવલાદ અતા ફરમાવ બેશક તું દુઆને સાંભળનાર છે."

ઝકરીયા અલયહીસ્સલામ તે વખતે ઘણા વૃધ્ધ હતા આપની ઉમર શરીફ જુદી જુદી રિવાયતો પ્રમાણે ૭૭, ૯૦ કે એનાથી વધારે વરસની હતી. ઉપરાંત એમની પત્નિ 'વાંઝ' હતા. હઝરત મરીયમની નેકી અને બરકતો જોઈને એકાએક જોશ અને વલવલો બેદાર થયો કે હું પણ અવલાદ માટે દુઆ કરું જે અલ્લાહ મરીયમને મોસમ વીનાના ફળ આપી શકે છે ઉમ્મીદ છે કે નિરાશાની અવસ્થામાં મારી દુઆને કબુલ ફરમાવશે.

દુઆ અલ્લાહની બારગાહમાં કબુલ થઈ અને આપને બશારત દેવામાં આવી.

હઝરત ઝકરીયા અલયહીસ્સલામ તે વખતે મસ્જીદની અંદર ઉભા નમાઝ પઢતા હતા. હઝરત ઝકરીયા શેખે આઝમ હતા. કુરબાની પેશ કરવાનું અને કુરબાનગાહનો દરવાજા ખોલવાનું આપને જ સુપુર્દ હતું. આપની ઈજાઝત વીના કોઈ અંદર દાખલ થઈ શકતો ન હતો. એક દિવસે કુરબાનગાહ પાસે મસ્જીદની અંદર નમાઝ પઢતા હતા. અને લોકો દાખલ થવાની ઈજાઝતના ઈન્તેઝારમાં હતા કે અચાનક એક યુવાન સફેદ કપડાં પરાધીન કરેલ દેખાયો જે હઝરત જીબ્રઈલ હતા. તેમણે નીદા આપી.

"અલ્લાહ તમને યાહયાના પેદા થવાની બશારત આપે છે." યાહયા નામ રખાયાનું કારણ તફસીર કારોએ એવું દર્શાવ્યું છે કે એમની વાલેદાના વાંઝીયા પણાને અલ્લાહ તઆલા એમના જીવન માટે દુર ફરમાવી દીધું.

હઝરત ઝકરીયાએ જીબ્રઈલ (અ.સ.) તરફ ધ્યાન આપ્યા વીના મુનાજતમાં કહયું.

"હે મારા રબ! મારે ત્યાં પુત્ર કેવી રીતે થઈ શકે છે. હું વૃધ્ધા વસ્થામાં પહોંચી ગયો છું. અને મારી પત્નિ વાંઝણી છે." ખુશખબરી સાંભળીને એમણે તાજજુબથી કહયું.

અલ્લાહ તઆલાએ એમની પત્નિને વિલાદતને લાયક બનાવી દીધા.

હઝરત ઝકરીયા અલયહીસ્સલામે અરજી કરી ઈલાહી! મારા માટે એ બાબતની એક

નિશાની મુકર્રર કરી દે.

અલ્લાહ તઆલાએ ઇરશાદ ફરમાવ્યો.

"નિશાની એ છે કે જયારે તમે ત્રણ દિવસ સુધી વાત ન કરી શકો અને માત્ર ઇશારાઓથી તમારો મતલબ જણાવી શકો તો સમજી લેજો કે અમારી બશારત અસ્તિત્વમાં આવી ગઈ.

અલ્લાહ તઆલાની હઝરત યાહયા જેવા ફરઝંદના સ્વરૂપે આપેલ નેઅમતથી અંદાજો થાય છે કે હઝરત ઝકરીયા અલયહીસ્સલામ કેવા દરજજાવાન નબી હતા અને આપને પોતાની કોમની ઇસ્લાહની કેટલી ફીકર હતી. હઝરત ઝકરીયા કારપેન્ટર (સુથાર–નજજાર)નું કામ કરીને ગુઝર બસર કરતા હતા. એટલે કે કોઇ પણ રીતે કોમ પર મઝહબી પેશ્વા હોવા છતાં બોજા રૂપ નહતા. બની ઇસરાઇલનો ઇતિહાસ અંત્યત કાળો છે તેઓ પોતાના નબીઓ અને મોહસીનોના દુશ્મન બની ગયા. એટલે સુધી કત્લ કરવાથી પણ અચકાતા નહી ઝકરીયા અલયહીસ્સલામે બની ઇસરાઇલની કોમ પર એટલો મોટો અહેસાન કર્યો હતો કે ભુલાઇ ગયેલ, ગુમ થઇ ગયેલ. 'તવરાત'ને એમણે પોતાની ખુદાદાદ યાદશકિતથી ફરી વાર લખાવી દીધી હતી. પરંતુ અહેસાન ફરામોશ કોમ એમની દુશ્મન બની ગઇ અને એમને કત્લ કરવાનું મલીન કાવત્રુ બનાવ્યું.

હઝરત ઝકરીયા અલયહીસ્સલામે કોમના એ 'શર'થી બચવાની કોશીષ કરી. એવા સમયે એક દરખ્તે આપને અવાજ આપીને કહયું કે મારી અંદર પનાહ લઇ લ્યો અને દરખ્ત વચમાંથી ફાટી ગયો દરખ્તમાં બેસી ગયા અને દરખ્ત પાછો મળી ગયો. યહુદીઓ આપની તલાશમાં સર્વત્ર ફરતા હતા. શયતાન જે હંમેશથી અલ્લાહવાલાઓનો દુશ્મન છે તેણે મુખબરી કરી દેતાં દુશ્મનોથી કહયું કે તમે જેની તલાશમાં છો તે આ દરખ્તની અંદર છુપાયેલો છે. આપનું કોઇ કપડું થોડું બહાર રહી ગયું હતું. ઇબ્લીસે કહયું કે હું જાુઠું નથી કહેતો જોઇ લ્યો આ કપડું બહાર રહી ગયું છે.

બની ઇસરાઇલને શયતાનની વાત પર ભરોસો આવી ગયો અને એક મોટી કરવત લાવીને દરખ્ત પર ચલાવી દીધી કરવત જયારે ચાલી અને આપના માથા સુધી પહોચી તો આપે 'આહ' કરવા, ઇજાને લીધે ચાહયું તો અલ્લાહ તઆલા તરફથી નીદા આવી કે જો સહેજ પણ ઉફ કે આહ કરી તો તમારું નામ અમ્બીયાની યાદીમાં કાઢી નખાશે. ખેર હઝરત ઝકરીયા અલયહીસ્સલામને ઝાલીમ યહુદીઓએ શહીદ કરી દીધા. અને આપ ઉફ સુધ્ધાં કહયું નહી. શહાદત વખતે આપની ઉમર શરીફ એક સો વરસ કરતાં વધારે હતી. અમે હઝરત ઝકરીયા અલયહીસ્સલામના મઝાર પર ફાતેહા પઢી દુઆઓ માંગી અને એક મહાન પયગમ્બરના મઝાર મુબારક પર હાજરીની સઆદત હાસીલ કરી. આવા મોટા પયગમ્બરના મઝારે જવાનું સદભાગ્ય હાસીલ થશે એવું સ્વપ્ને પણ વિચાર્યું ન હતું. અલ્લાહનો કરમ કે આ બધી નેઅમતો હાસીલ થઇ. બહાર નીકળીને ગાડીમાં બેઠા બીજા એક મઝારે નબીલ અમને લઇ ગયો જે મોહસીન બીન હુસેનનો મઝાર કહેતા પહેલા લખેલ મુજબ લગભગ મઝાર સાથે મસ્જીદ જરૂર હોય.

હલબનો શહેર ગાડીમાંથી જોયું લગભગ છ વાગી ગયા હતા. અને દમાશકસ ૪૦૦ કીલોમીટર દુર હતું એટલે નબીલને કહયું કે દમીશ્ક ચાલો નબીલે ગાડી પુરઝડપે ચલાવી પણ અંધારૂં થઈ જતાં સામેથી ગાડીઓની લાઈટો આવે તો સ્પીડ ઓછી કરવી પડે પણ શાબાશ છે નબીલને કે એક ઝોંકો પણ લીધા વીના ૧૬ કલાક ગાડી ચલાવી છતાં થકાવટના ચીન્હ નજરે પડયા, ન આળસ મરડી બગાસું ખાધું રાત્રે લગભગ અગ્યાર વાગે દમીશ્ક પહોંચી ગયા. કમાલ તો એ છે કે અમને કોઈને પણ ૧૬ કલાકના સફરનો કંઈ ખાસ થાક દેખાયો નહી મને તો એ સીરીયાના રૂહાની અને ભૌગાલીક મોસમનો કમાલ લાગેલ. રાતે ઘરેજ રોટી મંગાવીને કોરમાના ટીન ખોલીને કોલ્ડ્રીક, દહી, વગેરે સાથે ખાઈ લીધું અને એકાદ કલાક ગપસપ કરી. નબીલને સાડા દસ વાગે આવવાનું કહેલ હતું એટલે સવારે વહેલા જવાનું ન હતું રાતે એક વાગે સુતા બીજા દિવસે સાડા દસ પહેલાંજ નબીલ મોજુદ હતો અમો લગભગ ૧૧ વાગે નીકળેલ અને નબીલને કહયું આજે મસ્જીદે ઉમવીની અતરાફમાં જે ઝીયારતો છે તેને મુકીને બાકી બધી ઝીયારતો કરાવી દે કેમ કે કાલે જુમ્મા છે નમાઝ મસ્જીદે ઉમવીમાં પઢશું અને અતરાફની ઝીયારતો પણ કરી લેશું. ખેર સૌથી પહેલાં અમે 'બાઝારે–શામ' નામે સ્થળે ગયા જયાં બહુ મોટી બજાર અને મોટા મોટા સ્ટોરો તથા માર્કેટો છે. બજારમાં દાખલ થતાં જ સીધા હાથ પર એક નાની મસ્જીદ હતી, જેમાં હઝરત અબુ હુરેરાનો મઝાર હતો. મસ્જીદમાં વઝુખાના શાનદાર અને સાબુ અને સારી કવોલીટીના ટુવાલ પણ રાખેલ હતા મસ્જીદના એક ખુણામાં ઉચાઈ પર આપનો મઝાર હતો. જયાં જઈને હઝરત અબુ હુરેરાની હદીસોની કરેલ રિવાયતોની યાદ આવી ગઈ. હઝરત અબુ હુરેરા રદીયલ્લાહો અન્હો એ બુઝુર્ગ સહાબાઓમાંથી છે જેમણે પોતાના વતનથી મદીનએ મુનવ્વરા આવ્યા પછી બારગાહે રિસાલતમાં હાજર રહેવાને તમામ જહાનની ઈઝઝતો અને સરબુલન્દીઓ પર સરસાઈ આપી. હઝરત અબુ હુરેરાની ગણના હદીસે પાકની રિવાયત કરનાર એ મહાન સાત સહાબીઓમાં સૌથી મોખરે થાય છે. જેમણે એક હજારથી વધુ સંખ્યામાં હદીસોની રિવાયતો કરી છે. હઝરત અબુ હુરેરા એ રિવાયત કરેલ હદીસોની સંખ્યા પાંચ હજાર ત્રણસો ચુમ્મોતેર (૫૩૭૪) છે. જયારે બીજા બુઝુર્ગ સહાબીઓ અને એમણે રિવાયત કરેલ હદીસોની સંખ્યા નીચે મુજબ છે.

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ-----૨૬૬૦.
ઉમ્મુલ મોમીનીન હઝરત આઈશા સીદીકા-----૨૨૧૦.
હઝરત અબ્દુલ્લાહ બીન ઉમર-----૧૬૩૦.
હઝરત જાબીર બીન અબ્દુલ્લાહ અન્સારી---- ૧૫૪૦.
હઝરત અનસ બીન માલીક અન્સારી-----૧૨૮૬.
હઝરત અબુ સઈદ ખુદરી-----૧૧૭૦.

શરૂઆતમાં હુઝુરે પાકના અમુક 'ઈરશાદાત' (હદીસો) હઝરત અબુ હુરેરાના મગજમાંથી ભુલાઈ જતી હતી. એ વાત એમના માટે અસહય હતી. એક દિવસે બારગાહે રિસાલતમાં

અરજ કરી.

"યા રસુલુલ્લાહ! હું આપના અમુક ઈરશાદને ભુલી જાઉ છું."

હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ઈરશાદ ફરમાવ્યો.

"ચાદર ફેલાવો."

એમણે ચાદર ફેલાવી દીધી. આપે તેમાં પોતાના મુબારક હાથ નાખ્યા અને પછી ફરમાવ્યું.

"એને છાતી સાથે લગાવી લ્યો."

હઝરત અબુ હુરેરાએ હુકમનું પાલન કર્યું. એમનું પોતાનું કહેવું છે કે આ પ્રસંગ પછી હું હુઝુરે પાકના કોઈ 'ઈરશાદ'ને કદી ભુલ્યો નથી.

હઝરત અબુ હુરેરાનું કુટુમ્બીક નામ અબ્દે શમ્સ હતુ હુઝુર પાકે એમનું ઈસ્લામી નામ અબ્દુલ રહેમાન રાખ્યું પરંતુ ઈતિહાસમાં તેઓ પોતાની કુનિય્યત અબુ હુરેરાથી ખ્યાતનામ છે. એમનો કબીલો યમનમાં આબાદ હતો.

હઝરત અબુ હુરેરા પોતાની કુનિય્યતનું કારણ બયાન કરતાં ફરમાવે છે કે મેં એક બીલાડી (હુર્રાહ) પાળી હતી. રાને તેને એક ઝાડ પર રાખી દેતો અને સવારે જયારે મારી બકરીઓ ચરાવવા જતો ત્યારે એ બીલાડીને સાથે લઈ લેતો લોકોએ બીલાડી સાથેના મારા અસાધારણ લગાવને જોઈને મને અબુ હુરેરા કહેવાનું શરૂ કરી દીધું.

એક રિવાયતમાં છે કે હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમ એમને અબુ હર્રા કે અબુ હુરેરા કહીને સંબોધન કરતા હતા દવસ કબીલાના એક રઈસ હઝરત તુફેલ બીન ઉમર મક્કામાં ગયા અને ઈસ્લામ કબુલ કરીને પાછા આવ્યા એમણે પોતાની કોમને પણ ઈસલામની દાઅવત આપી પરંતુ ચાર આદમીઓ સિવાય કોઈએ એમની વાત પ્રત્યે લક્ષ આપ્યું નહી. એ ચાર વ્યકિતઓમાં હઝરત તુફેલના માબાપ અને પત્નિ તથા અબુ હુરેરા હતા જેમણે ઈસ્લામની હકકાનિયત કબુલ કરી.

હઝરત તુફેલ મક્કા ગયા અને બારગાહે રિસાલતમાં હાજર થઈ અરજ કરી.

"યા રસુલુલ્લાહ! મારી કોમ ઘણી નાહનજાર છે. ઘણી કોશીષ કરી પરંતુ તેઓ હકને કબુલ કરવા તૈયાર નથી હવે આપ આ બદબખ્ત કોમ માટે બદદુઆ ફરમાવો."

હુઝુર રહેમતુલ–લીલ આલમીને બદદુઆને બદલે દુઆ ફરમાવી.

"હે અલ્લાહ દવસ કબીલાને હિદાયત અતા ફરમાવ." ત્યારબાદ હુઝુર પાકે હઝરત તુફેલને પાછા જઈ તબ્લીગ ચાલુ રાખવાનો આદેશ ફરમાવ્યો.

હુઝુરે પાકની દુઆને પ્રતાપે દવસ કબીલાના ઘણા બધા કુટુમ્બો ઈમાન લઈ આવ્યા. એ દરમ્યાન હુઝુર મક્કાથી હિજરત ફરમાવી મદીના તશરીફ લઈ ગયા અને બદર, ઓહદ અને ખન્દકની લડાઈઓ પણ થઈ ગઈ હિજરી સન ૬માં હઝરત તુફેલ પોતાના કબીલાના ૮૦ કુટુમ્બોને સાથે લઈ મદીના પહોંચ્યા એ કાફલામાં હઝરત અબુ હુરેરા પણ એમની વાલેદા સાથે શામેલ હતા.

હુઝુરે પાક તે વખતે ગઝવએ ખયબર માટે તશરીફ લઈ ગયા હતા. હઝરત તુફૈલ, હઝરત અબુ હુરેરા અને કાફલામાં શરીક બીજા તમામ પુરૂષો સાથે મદીનાથી ખયબર પહોંચ્યા બયઅત પછી હઝરત અબુ હુરેરા હુઝુરે પાકના દામને–અકદસ સાથે એવા વાબસ્તા થયા કે જીવનના અંતિમ શ્વાસ સુધી એ મુબારક પાલવ એમના હાથમાંથી છુટયો નહીં હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ગઝવએ ખયબરથી ફારેગ થઈ મદીના મુનવ્વરા પાછા તશરીફ લાવ્યા તો હઝરત અબુ હુરેરા પણ આપની સાથે પાછા આવ્યા અને મદીના મુનવ્વરામાં સ્થાયી પણે વસી ગયા. મદીનએ મુનવ્વરા આવ્યા પછી હુઝુરે પાકે આ ફાની જગતથી પરદો ફરમાવ્યો ત્યાં સુધી એટલે હીજરી સન ૭થી ૧૧ સુધી જમાનો હઝરત અબુ હુરેરાના જીવનનો સોનેરી કાળ હતો ફયઝાને નબવીની બરકતોને હાસીલ કરવા હઝરત અબુ હુરેરા અસહાબે સુફ્ફામાં શામેલ થઈ ગયા. રાત હોય કે દિવસ દરેક વખતે તેઓ બારગાહે રિસાલતમાં હાજર રહેવાની કોશીષ કરતા હતા. એમના જીવનનો માત્ર એક જ ઉદ્દેશ હતો કે હુઝુરના જમાલે મુબારકથી આંખોને રોશન કરતા રહે.

રાત દિવસ હુઝુરે પાકની મુબારક સોહબતમાં રહેવાને પ્રતાપે હઝરત અબુ હુરેરાના સીનામાં એટલી બધી હદીસોનો ખજાનો જમા થઈ ગયો કે હુઝુરે પાક ફરમાવતા હતા કે:

"અબુ હુરેરા ઈલ્મનું વાસણ છે."

ઈલ્મ હાસીલ કરવાની ધગશે હઝરત અબુ હુરેરાને રોજી કમાવવાની ફીકરથી બેનિયઝ કરી દીધા હતા. એમણે બારગાહે નબવીમાં હર વખતની હાજરી ખાતર ભુખ પ્યાસ અને ફિકર ફાકાની મુસીબતો બરદાસ્ત કરી અનેક દિવસો સુધી ભુખ્યા ફાટેલા કપડાં પહેર્યા પરંતુ એમણે એ ગવારા કર્યુ નહી કે હુઝુર પાકની સોહબતનો લેશ માત્ર ત્યાગ કરે. ઈલ્મની ખાતર તકલીફો બરદાસ્ત કરવાનું સેહલું કામ નથી. અને ન તો એ દરેક શખ્સના ગજાની વાત છે. એમણે બારગાહે રિસાલતમાં હાજરીને દુનિયાની દરેક વસ્તુ પર સરસાઇ આપી.

એક વખત હુઝુરે પાકની ખીદમતમાં ગનીમતનો માલ આવ્યો હુઝુરે પાકે પ્રેમથી હઝરત અબુ હુરેરાને પુછયું.

"કેમ અબુ હુરેરા! તમને પણ કંઇ ખ્વાહીશ છે?"

એમણે અરજ કરી.

"યા રસુલુલ્લાહ! મારી ખ્વાહીશ તો એજ છે કે આપથી ઈલમ શીખતો રહું આપની ખીદમતમાં હાજર રહું માલ મારે શું કામનો!"

હઝરત અબુ હુરેરા વતનથી હિજરત વખતે વાલેદાને પણ પોતાની સાથે લઈ આવ્યા હતા. એમનું નામ મયમુના કે ઉમેમા હતું. તેઓ યુવાનીમાં બેવા થઈ ગયા હતા અને મુશ્કેલ સંજોગોમાં હઝરત અબુ હુરેરાની પરવરીશ કરી હતી.

હઝરત અબુ હુરેરા વાલેદાના ઘણા ફરમાબરદાર હતા પરંતુ એમની વાલેદા મદીનએ મુનવ્વરામાં પહોંચી ગયા છતાં પોતાના બાપીકા મઝહબ પર કાયમ હતા. હઝરત અબુ હુરેરા વાલીદાના શીર્કને લીધે મનોમન દુભાતા રહેતા પરંતુ જયારે પણ વાલીદાને તૌહીદની દાઅવત

આપતા તો તેઓ એને ઠુકરાવી દેતા.

એક દિવસે તો તેઓએ દાઅવતે ઈસ્લામના જવાબમાં હુઝુરે પાકની શાનમાં અમુક અયોગ્ય શબ્દો કહી બેઠા હઝરત અબુ હુરેરાને સખ્ત આઘાત લાગ્યો તેઓ રોતા રોતા બારગાહે નબવીમાં હાજર થયા અને બધી હકીકત કહયા પછી અરજ કરી:

"યા રસુલુલ્લાહ! મારા માટે દુઆ કરો કે અલ્લાહ એમને હકને કબુલ કરવાની તૌફીક ફરમાવે."

હુઝુર અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે એજ વખતે દુઆ કરી:

"ઈલાહી! અબુ હુરેરાની માને હીદાયત આપ."

હઝરત અબુ હુરેરા ખુશી ખુશી ઘરે પાછા આવ્યા જોયું તો દરવાજા બંધ છે. અને મા ગુસલ કરી રહી છે. ગુસલથી ફારેગ થઈ દરવાજો ખોલ્યો અને બોલ્યા.

"હે ફરઝંદ! ગવાહ રહેજે હું અલ્લાહ અને તેના સાચા રસુલ પર ખરા દિલથી ઈમાન લાવું છુ." માએ કલ્મો પઢતાં જ હઝરત અબુ હુરેરા ખુશીથી બેખુદ બની ગયા અને ખુશીના આંસુ સારતા બારગાહે રિસાલતમાં હાજર થઈ અરજ કરી:

"યા રસુલુલ્લાહ! આપની દુઆ કબુલ થઈ અને મારી માને અલ્લાહ તઆલાએ હિદાયત બખ્શી."

હુઝુર અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ એ ખબર સાંભળીને ઘણા મસરૂર થયા.

એક વખતે હઝરત અબુ હુરેરા કેટલાક અસહાબે સુફ્ફા સાથે ભુખથી પરેશાન થઈ બારગાહે રિસાલતમાં હાજર થયા.

હુઝુરે પુછયું.

"અત્યારે કેમ આવ્યા?"

એમણે અરજ કરી:

"યા રસુલુલ્લાહ! ભુખ ખેંચી લાવી છે."

હુઝુર પાકે ખજુરનો એક થાળ મંગાવ્યો અને દરેક શખ્સને બે બે ખજુરો આપીને ફરમાવ્યું.

"આ બે ખજુર ખાવ અને ત્યારબાદ પાણી પીવો આ બે ખજુર! તમને આજના દિવસ માટે પુરની બની જશે."

હઝરત અબુ હુરેરાએ એક ખજુર ખાઈ લીધી અને બીજી પોતાના પાલવમાં રાખી લીધી હુઝુર પાકે દરયાફ્ત ફરમાવ્યું.

"અબુ હુરેરા! તમે આ ખજુર શામાટે દામનમાં રાખી લીધી?"

એમણે અરજ કરી:

"યા રસુલુલ્લાહ! મારી વાલેદા માટે!"

ઈરશાદ થયો.

"તમે આ ખજુર ખાઈ લ્યો તમારી વાલેદા માટે પણ તમને બે ખજુરો આપશું."

એમણે ઇરશાદ પર અમલ કર્યો અને હુઝુરે એમને બે ખજુરો અતા ફરમાવી જેથી તેઓ પોતાની માને આપી શકે.

હીજરી સન ૧૧માં જયારે હુઝુર પાકે આ જગતથી પરદો ફરમાવ્યો અને હઝરત અબુ બકર સીદ્દીક ખલીફા બન્યા તો પુરા અરબસ્તાનમાં 'ઇરતેદાદ'નો ફીત્નો ફેલાઇ ગયો હઝરત અબુ હુરેરાએ હઝરત અબુબકર સીદીક સાથે આ ફીત્ના વિરુધ્ધ ભરપુર હીસ્સો લીધો.

હઝરત ફારુક આઝમના ખીલાફત કાળમાં હઝરત અબુ હુરેરાને બેહરીનના વાલી મુકર્રર કરવામાં આવ્યા.

હીજરી સન ૫૮માં હઝરત અબુ હુરેરા સખ્ત બીમાર થઈ ગયા 'મરઝુલઅમોત'માં એક દિવસ રોવા લાગ્યા લોકોએ તેનું કારણ પુછયું તો ફરમાવ્યું.

"હું આ દુનિયાની દિલફરેબીથી છુટી જવા અંગે નથી રોતો હું તો એ માટે રડું છું કે સફર લાંબો છે અને રસ્તા માટેનું ભાથું ઓછું હું અત્યારે જન્નત અને દોઝખના ઉચાણ નીચાણમાં છું. માલુમ નથી કે કયા રસ્તે જવું પડે."

આખરી વખત આવ્યો તો વસીયત કરી.

મારી કબર પર તંબુ લગાવજો નહી જનાઝાની પાછળ આગ લઈને ચાલશો નહી જનાઝાને લઈ જવામાં જલ્દી કરજો મેં રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમથી સાંભળ્યું છે કે જયારે મોમીનને ચારપાઈ પર રાખવામાં આવે છે તો તે કહે છે મને જલ્દી લઈ ચાલો અને જયારે કાફીર અથવા ફાજીરને ચારપાઈ પર રાખવામાં આવે છે તો તે કહે છે મને કયાં લઈ જઈ રહયા છો."

વફાત વખતે એમની ઉમર શરીફ ૭૮ વરસની હતી. અને વફાતનું વરસ હીજરી સન ૫૯ છે. સૈયદેના હઝરત અબુ હુરેરાએ રિવાયત કરેલ હદીસોમાંથી અમુક અત્રે બરકત ખાતર લખી છે.

અલ્લાહ તઆલા શરીર અને ચહેરાને જોતો નથી. બલ્કે તેની નજર તો તમારા દિલ પર છે.

જયારે કોઇ શખ્સ લોકોને નમાઝ પઢાવે તો હલકી (ટુંકી) પઢાવે કારણ કે લોકોમાં કમજોર, ઝઈફો અને બીમાર પણ હોય છે. અને જયારે એકલો નમાઝ પઢે તો જેટલી લાંબી ચાહે પઢે.

લોકોની અદેખાઇ (હસદ)થી બચો કારણ કે હસદ નેકીઓને ખાઇ જાય છે જેવી રીતે આગ બળતણને ખાઇ જાય છે.

બે આદમીઓનું ખાવાનું (ભોજન) ત્રણને અને ત્રણનું ચારને કાફી થઈ જાય છે.

હઝરત અબુ હુરેરાના મઝાર પર હાજરીથી હું પોતાને ખુશ નસીબ સમજવા લાગ્યો અને એક અનેરો આનંદ અને રૂહાની સુકુન મળેલ. અલ્લાહનો લાખ લાખ શુક કરેલ અને ફાતેહા દુરૂદ અને દુઆ માંગી અલ્લાહ કબુલ કરે.

અલ્લાહની ખુશનુદી પામેલ આવા મહાન બુઝુર્ગોના મઝારો જોઈને એમ જ થાય કે

ફરી આપણે સીરીયા આવીએ મોસમ પણ બહુ સારો અને આવી હસ્તીઓના મુબારક મઝારોની હાજરી પછી શું જોઈએ? ખેર બજારમાં અમારી મહિલાઓ ભાવ સાંભળીને વિચાર કરતી થઈ ગઈ હતી. કહે અહી નથી ફરવું નહિતર બજાર આવે તો એકાદ કલાક તો જરૂર નીકળી જાય.

ગાડીમાં બેસીને મસ્જીદ અબુ નુર ગયા જયાં શેખ અબ્દુલ રહેમાન બીન અબુબકર સીદીકનો મઝાર હતો. ત્યાં હાજરી આપી આગળ વધ્યા તો મોટા રોડ પર ટ્રાફીક ઘણી હતી. ટ્રાફીક પોલીસ હાથમાં દોઢ ફુટનો દંડો લઈને આગળ પાછળ ફરતો હોય અને તેનાથી ટ્રાફીક કન્ટ્રોલ કરતો હતો. રોડ પર ગાડીઓ કરતા ટેકસીઓ ડબલ હતી. ખબર નહી ત્યાં ટેકસીઓની ભરમાર હતી. પેટ્રોલ સસ્તો હોઈ અને મોટી બસો ન હોઈ ટેકસીમાં પેસેન્જરો મળી જતા હશે. નાની વેનો નજીવા ભાડા પર ચાલે જેમાં લોકોની ભીડ હોય પણ અમને એક વખત પણ ટેકસી કે વેનમાં બેસવાનો મોકો મળેલ નહી. ટેકસીમાં મીટર ન હોઈ ભાવ કરીને પેસેન્જરોને બેસાડે. મેં નબીલને વારંવાર હઝરત ઈબ્રાહીમ અદહમ રહેમતુલ્લાહના મઝાર પર લઈ જવાનો આગ્રહ કર્યો હવે એ કહી રહયો હતો કે એ કદી ગયો નથી. અને તેને ખબર પણ ન હતી. નબીલે કોઈ ટુરીસ્ટ ગાઈડને ફોન કરીને હઝરત ઈબ્રાહીમ અદહમના મઝાર વીશે પુછેલ સામે છેથી તેને હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહની પેદાઈશના સ્થળ મોહલ્લા બુરઝાદ વીશે બતાવેલ.

નબીલ અમને ત્યાં લઈ ગયો જયાં એક શાનદાર દરવાજો હતો. જેને નબીલે ખોલ્યો અંદર એક 'ગાર' (ગુફા જેવી જગ્યા) હતી. ત્યાંની ખાદીમ આધેડ વયની સ્ત્રી હતી. 'અસહાબે-કાફ'ની 'ગારની મુજાવર પણ એક ઓરત હતી. એ વાત સમજમાં આવી નહી. બાદમાં મારી ટેવ અને જીજ્ઞાસાથી મેં માહિતી મેળવવા અને તેનું કારણ જાણવા અનેક જગ્યા પુછપરછ કરી. જાણવા મળ્યું કે હઝરત ઈબ્રાહીમ અલયહીસ્સલામની વાલેદા એમને દુધ પીવરાવવા લપાતા છુપાતા આ ગારમાં આવતા હતા. એ જગ્યાની મહિલા ખાદીમે તો રીતસરની તકરીર શરૂ કરી દીધેલ કે નમરૂદના ડરથી હઝરત ઈબ્રાહીમ અલયહીસ્સલામની વાલીદા અહી ગુફામાં છુપાઈ ગયા હતા. અને અહીયા હઝરત ઈબ્રાહીમ અલયહીસ્સલામનો જન્મ થયો હતો. અગાઉ મને એક કરાચીના મોલાના સાહેબે વાતચીતમાં કહેલ કે અમો પગપાળા ચાલીને મહા મુસીબતે હઝરત ઈબ્રાહીમ અલયહીસ્સલામની વિલાદતના ગારમાં પહોચ્યા હતા. અને અમે આકસ્મીક પણે હઝરત ઈબ્રાહીમ અદહમના મઝાર મુબારકની તલાશમાં આ સ્થળે પહોંચી ગયા ખેર તે મહિલા મુજાવરે કાબાનું ચણતર અને ઝમઝમ વગેરેના મક્કા ખાતે બનેલ હઝરત ઈબ્રાહીમ અલયહીસ્સલામના વાકેઆત બતાવી દીધા.

હઝરત ઈબ્રાહીમની પેદાઈશનું સ્થળ ગુફા અંગેનો એહવાલ

હઝરત ઈબ્રાહીમ અલયહીસ્સલામની વિલાદત નમરૂદના જમાનામાં થઈ હતી. એ વખતે ઈરાકના બાદશાહોને નમરૂદ કહેવામાં આવતા હતા. આપની પેદાઈશ ઈ.સ. પુર્વે ૨૦૦૦માં થઈ હતી. આપની પેદાઈશના શહેરનું નામ બાબુલની સ્થળ 'અવર' (ઉર) હતું. કલદાનીયાનો અંગ્રેજી ઉચ્ચાર કાલ્ડીયા છે. એને જ ઈરાક કહેવામાં આવે છે. પેદાઈશનું સ્થળ 'ઉર' અત્યારે સીરીયાના પ્રાચીન ખંડેરોમાં છે. જેનું ખોદકામ ૧૮૯૪થી ૧૯૨૨ સુધી કરાયું પ્રાચીન ખંડેરોના અવશેષોને સંગ્રહસ્થાનોમાં સુરક્ષિત કરી લેવાયા આપના પિતાનું નામ આઝર અને વાલીદાનું નામ 'અમિલા' કે 'બલુના' હતું.

આપની વિલાદતથી પહેલાં નજુમીઓએ નમરૂદ બાદશાહથી કહયું હતું કે એવા એંધાણ દેખાઈ રહયા છે કે તમારી સલતનતની બરબાદી રૂપ બની શકે અને શાહી મઝહબને બદલે એક નવો મઝહબ આવી જશે. નમરૂદે ખ્વાબ જોયો હતો કે તેણે જોયું કે તેના તખ્ત, સીહાસન ચકરાવા લઈ રહયો છે એટલામાં તેને એક શખ્સ નજરે પડયો તેના જમણા હાથમાં સુરજ અને ડાબા હાથમાં ચાંદ હતો. તે શખ્સ કહેવા લાગ્યો તારા પરવર દિગારની ઈબાદત કર. નમરૂદ બોલ્યો શું મારા સિવાય પણ કોઈ ખુદા છે.

એ શખ્સે કહયું "હા છે. જમીન અને આસમાનનો અને તમામ કાયનાતનો ખુદા." પછી તે શખ્સ નમરૂદના તખ્તને કહયું કે અલ્લાહના હુકમથી હલી જા. તખ્ત હલવા લાગ્યો એટલે સુધી કે નમરૂદ તેના પરથી પડી ગયો અને તેની આંખ ડરને લીધે ખુલી ગઈ તેણે પોતાના ખાસ પુજારી આઝરને જાણ કરી નજુમીઓને બોલાવવામાં આવ્યા. અને તેમને ખ્વાબની તાબીર બતાવવાનું કહેવામાં આવ્યું અને જો ખ્વાબની સાચી તાબીર ન બતાવી તો સજા દેવાની નમરૂદે ધમકી આપી.

નજુમીઓએ ત્રણ દિવસની મોહલત માંગી લીધી અને નમરૂદના દરબારમાંથી બહાર આવી આઝરને કહેવા લાગ્યા કે ખ્વાબની તાબીર એવી માલુમ પડે છે કે નમરૂદથી જે શખ્સ વધારે નજીક હશે તેને ત્યાં એક પુત્રનો જન્મ થશે અને તે નમરૂદ સાથે ઝગડો કરશે જો તમે અમને જાનમાલની સલામતીની ખાત્રી અપાવો તો અમે ખ્વાબની તાબીરથી નમરૂદને વાકેફ કરી દઈએ. આઝરે નમરૂદ પાસેથી નજુમીઓને ખાત્રી અપાવી તો તેમણે મજકુર ખ્વાબની ઉપર મુજબની તાબીર નમરૂદને બતાવી દીધી.

નમરૂદે કહયું.

"આઝર! તમે તો મારાથી બધા લોકો કરતા વધારે નજીક છો અને રાતદિવસની નીકટતા ધરાવો છો."

નમરૂદે નજુમીઓથી પુછયું:

"તમે એ કેવી રીતે સમજયા કે અમારો મઝહબ અને હુકુમત બધું ખતમ થઈ જશે."

નજુમીઓએ જવાબ આપ્યો.

"હે બાદશાહ! આજ વરસે કે ચાલુ વરસમાં આપણાં 'ઉર' શહેરમાં એક છોકરાનો જન્મ થશે જેના હાથે તમારી સત્તા અને મઝહબ બધાનો સર્વનાશ થઈ જશે."

નમરૂદે બધા નજુમીઓની ગરદન ઉડાડી મોતને ઘાટ ઉતારી દીધા.

નમરૂદે એ સાંભળી આખા દેશમાં ઢંઢેરો પીટાવી આદેશ આપી દીધો કે એક વરસ સુધી કોઈ પુરૂષ તેની પત્નિ સાથે મળે નહી. જો કોઈને ત્યાં એ દરમ્યાન બચ્ચાનો જન્મ થશે તો તેને કત્લ કરી દેવાશે એ એવો જ હુકમ હતો જેવો ફીરઓને આપ્યો હતો. નમરૂદના હુકમથી છોકરાને કત્લ કરી દેવામાં આવતો જયારે નવ જન્મીત છોકરીને છોડી દેવામાં આવતી. જયારે લોકો પણ આ શાહી ફરમાનની પાબંદી કરી શકયા. નહી જેને પરિણામ બેશુમાર નવજન્મીત છોકરાઓ કત્લ કરી દેવાયા પરંતુ "દુશ્મન અગર કવી અસ્ત, નીગેહબાં કવી તર અસ્ત" જો દુશ્મન શકિતશાળી છે તો નીગેહબા તેના કરતાં પણ વધારે શકિતશાળી છે.

એ દરમ્યાન હઝરત ઈબ્રાહીમ અલયહીસ્સલામના વાલેદા ગર્ભવતી બની ગયા જેને એમણે છુપાવવાનો પ્રયાસ કર્યો એટલે સુધી કે પતિથી પણ છુપાવતા રહયા. પછી ખ્યાલ આવ્યો પતિથી છુપાવવું યોગ્ય નથી. તેથી વાત જાહેર કરી દીધી અને પતિથી કહયું.

"જીંદગીના અંતિમ ભાગમાં મારી તમન્ના પુરી થઈ છે. એવું ન થાય કે મારો બાળક નમરૂદના શાહી હુકમનો ભોગ બની જાય."

અંતે શહેરથી બહાર એક ગુફાને બચ્ચાની વિલાદત માટે પસંદ કરી અને વીલાદતની રાતે 'ગાર' (ગુફા)માં પહોંચી ગયા. એજ ગુફામાં હઝરત ઈબ્રાહીમની વીલાદત થઈ ગુફામાં હઝરત ઈબ્રાહીમને છુપાવી એમની વાલેદા પાછા ઘરે આવી ગયા. અને ચુપકે ચુપકે એમને દુધ પીવરાવી દેતા. એક વખત જોયું કે હઝરત ઈબ્રાહીમ એક આંગળીથી દુધ અને બીજીથી 'શહેદ' (મધ) ચુસી રહયા છે. દમાશકસ નજીક એ કરીયા (ગામ) હતું તે વખતે એનું નામ બરઝર હતું. ખેર આપની વાલીદા દુધ પીવરાવી, દેખભાળ માટે ઘરેથી આવતા અને ત્યારબાદ પાછા ચાલ્યા જતા એજ ગુફામાં હઝરત ઈબ્રાહીમની પોશીદાપણે તરબિયત થઈ રહી અને ગુફાની બહાર કોઈને કાનોકાન પણ ખબર પડી નહી. હઝરત ઈબ્રાહીમ એક દિવસમાં એક અઠવાડીયા જેટલા એક અઠવાડીયામાં એક મહિના જેવા બાળકની જેમ મોટા થતા ગયા.

આજે પણ આ ગુફામાં શહેર અને આસપાસના તેમજ દુર દુરના વિસ્તારોમાંથી ઓરતો પોતાના બચ્ચાને સાથે લઈને આવે છે અને ગુફામાં બેસીને પોતાના બચ્ચાને ધવરાવે છે. કદાચ એજ કારણ હશે કે ત્યાંની રખેવાળ કે મુજાવર એક આધેડ વયની મહિલા હતી.

દીન અને દુનિયાના બેતાજ બાદશાહ હઝરત ઈબ્રાહીમ અદહમ (રહે.)

મારા મનમગજ ઉપર તો હઝરત ઈબ્રાહીમ અદહમના પવિત્ર જીવન વૃતાંત અને એમના અમુલ્ય રૂહાની પ્રસંગો છવાયેલા હતા. જેમણે બાદશાહીથી ફકીરી ગ્રહણ કરી તે મહાન સુફી સંતના વાકેઆત હું ૧૯૬૦મા અલ ફલાહમાં લખી ચુકયો છું. જેની રૂહાની ઝલક અત્રે લખવાની મારી જીજ્ઞાસા રોકી નથી શકતો.

દીન અને દુનિયાના બાદશાહ હઝરત ઈબ્રાહીમ અદહમ રહમતુલ્લાહ અલયહ પોતાના જમાનાના સૌથી વધુ મુત્તકી અને સીદ્દીક હતા.

હઝરત જુનેદ બગદાદી રહમતુલ્લાહ અલયહ ફરમાવે છે.

"તમામ ઉલુમની ચાવી હઝરત ઈબ્રાહીમ અદહમ છે."

એક વખતે ઈમામ આઝમની મજલીસમાં હાજર થયા પણ ઈમામ સાહેબના શાગીર્દોએ આપનો જાહેરી દેખાવ જોઈ તૃચ્છ નજરોથી જોયું એ જોઈને હઝરત ઈમામે આપને "સૈયદના" (હે મારા સરદાર) કહીને સંબોધીને બોલાવ્યા એટલે ઈમામ સાહેબના શાગીર્દોએ શરમીન્દ થઈને પુછયું "આ માન તેમને કેવી રીતે હાસીલ થયું?"

ઈમામ સાહેબે ફરમાવ્યું.

"તેઓ હર વખત અલ્લાહની ઈનાઅતમાં તલ્લીન રહે છે અને આપણે બીજા ધંધાઓ પણ કરીએ છીએ."

શરૂમા આપ બલ્ખના બાદશાહ હતા. તેમજ આન, બાન, અને શાનથી હુકુમત કરી રહયા હતા.

એક રાત્રે આપ પોતાના મહેલમાં મીઠી નીદ્રામાં પોઢી રહયા હતા. અર્ધી રાતના સમયે અચાનક એક બનાવથી આપની આંખ ખુલી ગઈ આપને ખબર મળી કે એક શખ્સ મહેલની છત પર ફરી રહયો છે. આપે તેને પુછયું. તું કોણ છે અને અત્યારે અહી શું કરી રહયો છે?

તે શખ્સે જવાબ આપ્યો.

"હુ આપનો દોસ્ત છું અને અહી મારૂ ઊંટ ગુમ થઈ ગયું છે તેને શોધી રહયો છું."

આપે ફરમાવ્યું.

"અરે ભાઈ! આ વાત કેવી રીતે શકય છે? કે શાહી મહેલની છત પર ઊંટ આવી જાય!"

એ સાંભળી તે શખ્સે કહયું.

"રેશમી વસ્ત્રો પહેરીને એશ આરામ અને ઈશરતમાં અલ્લાહ મળી જાય તે કેવી રીતે બની શકે છે!"

જવાબ સાંભળી આપના દિલમાં ખુદાનો ખોફ પેદા થઈ ગયો બીજા દિવસે જાહેર દરબારમાં આપ આન બાન અને શાનથી તખ્ત પર બેઠા હતા. અચાનક એક

પ્રભાવશાળી માણસ અંદર દાખલ થયો.

અમીરો, સરદારો, અને ગુલામોમાંથી કોઈની હિંમત ન પડી કે તેના આવા અપમાનજનક આગમનનું કારણ પુછે એટલે તે સીધો જ આપના તખ્ત સુધી પહોંચી ગયો.

આપે બહુ જ આશ્ચર્યથી પુછયું.

"તું કોણ છે અને અહી કેવી રીતે આવ્યો?"

તેણે કહયુ.

"હું આ સરાય (મુસાફરખાના)માં થોડા સમય રોકાવવા ઈચ્છું છું."

આપે ફરમાવ્યું.

"આ સરાય નહી, શાહી દરબાર છે."

તે માણસે કહયું: આપના પહેલા આ મહેલમાં કોણ રહેતુ હતું!"

આપે ફરમાવ્યું "મારા વાલીદ."

ફરી પુછયું "તમારા વાલીદથી પહેલા?"

ફરમાવ્યું. "મારા દાદા."

આવી રીતે ઘણા નામો સુધી પુછીને તેણે ફરી પ્રશ્ન કર્યો આપના પછી અહી કોણ રહેશે?"

ફરમાવ્યું. "મારી અવલાદ."

તે પછી તે માણસે કહયું "જરા વિચાર તો કરો જે સ્થાને આટલા માણસો આવે અને જાય પણ કોઈનું રહેઠાણ સદા નથી એટલે આ સ્થાન મુસાફરખાનું નથી તો શું છે?" આટલું કહીને તે બહાર નીકળી ગયો પરંતુ આપના દિલમાં રાત્રીના બનાવથી એક જીજ્ઞાસા લાગી હની અને આ મામલાએ બળતામાં ઘી હોમ્યું આપ એકલા તેની પાછળ દોડયા. અને પકડીને પુછયું.

"તમે કોણ છો?" તે શખ્સે જવાબ આપ્યો "હું ખિઝર છું."

આ સાંભળીને આપનો ખૌફ વધી ગયો આપ પાછા આવ્યા અને આવીને સુઈ ગયા પણ ચેન ન પડતા ન છુટકે હવાખોરી માટે ઘોડા પર સવાર થઈને બહાર નીકળ્યા સથવારાના માણસો અલ્લાહની કુદરતથી અલગ પડી ગયા તે વખતે આપે અવાજ સાંભળ્યો.

"ઈબ્રાહીમ! તે સમયથી પહેલાં જાગો જયારે તમને મોતને કારણે જગાવવામાં આવે."

તે પછી એક હરણને જોઈને શીકાર કરવા ઈચ્છયું. પણ ત્યાં તો અલ્લાહની કુદરતથી હરણ બોલી ઉઠયું:

"તમે મારો શીકાર નથી કરી શકતા પરંતુ પોતે શીકાર થઈ જશો. શું તમારા માટે કોઈ બીજો 'શુગલ' નથી.!"

આ વાતોથી આપના દિલ પર ખુદાનો ખૌફ એટલી હદે છવાઈ ગયો અને આપની આંખો રોશન થઈ ગઈ. અને અલ્લાહની બરકતોની વર્ષા થવા લાગી એટલે આપ તખ્ત અને હુકુમતને લાત મારી ફકીરીના, દુરવેશો જેવા વસ્ત્રો પહેરીને શહેરની બહાર નીકળી ગયા. આપ

ગુનાહો પર રૂદન કરતા જતા હતા અને જંગલો તથા વગડાઓમાં પગ પાળા પસાર થતા હતા.

આપે મીનાશપુરના અતરાફમાં એક ભયાનક ગુફામાં લગભગ નવ વરસ સુધી રીયાઝત કરી જુમ્આને દિવસે આપ ગુફામાંથી નીકળી જંગલમાંથી લાકડા ભેગા કરતા શહેરમાં જઈને વેચતા જુમ્આની નમાઝ અદા કરતા. અર્ધી કિંમત અલ્લાહની રાહમાં ખેરાત કરી દેતા અને બાકીની અર્ધી રકમની રોટી ખરીદી પાછા ગુફામાં આવી જતા અને એક અઠવાડીયા સુધી બહાર નીકળતા નહી.

રિવાયત છે કે જંગલમાં આપની એક બુઝુર્ગ સાથે મુલાકાત થઈ એમણે આપને ઈસ્મે આઝમ શીખવ્યું આપ એજ નામથી ખુદાને યાદ કરતા રહયા તે પછી આપની મુલાકાત ખીઝર અલયહીસ્સલામથી થઈ તેમણે ફરમાવ્યું.

"ઈબ્રાહીમ! તે બુઝુર્ગ મારા ભાઈ હઝરત ઈલ્યાસ અલયહીસ્સલામ હતા. આપે તેમનાથી ઘણી તાલીમ મેળવી તેના લીધે આ અઝીમુશ્શાન મરતબા સુધી પહોંચ્યા."

આપ ચાલીસ વરસ સુધી એકધારી રીતે રૂદન (ગીર્યાઝારી) કરતાં જંગલોમાં રહયા. એટલે સુધી મક્કા મુકર્રમા નજીક પહોચી ગયા આપની પધરામણીની ખબર કોઈને કોઈ રીતે બુઝુર્ગોને થઈ ગઈ. બધા આપના સ્વાગત માટે આવ્યા આપને જાણ થતા કાફલાથી થોડ આગળ નીકળી અલગ થઈ ગયા જેથી આપને કોઈ ઓળખી ન શકે.

હરમ શરીફના બુઝુર્ગોના ખીદમતગારો એ આપને પુછયું.

"હવે તો ઈબ્રાહીમ નજીક હશે? હરમના બુઝુર્ગો તેમનું સ્વાગત કરવા આવી રહયા છે."

આપે ફરમાવ્યું.

"બુઝુર્ગો તે ઝીન્દીકથી શું ઈચ્છે છે.?

આ સાંભળીને તેમણે આપને મારપીટ કરવાનું શરૂ કરી દીધું. અને કહેવા લાગ્યા. "આટલા મોટા બુઝુર્ગને તું ઝીન્દીક કહે છે ઝીન્દીક તો તું પોતે જ છે."

આપે ફરમાવ્યું.

"હું પણ એજ કહું છું." જયારે તે લોકો આગળ નીકળી ગયા તો આપે પોતાના નફસને સંબોધીને કહયું.

"તેં તારા કર્તવ્યોની સજા જોઈ લીધી અલ્લાહનો શુકર છે કે મેં તને તારા મકસદમા કામ્યાબ થવા દીધો નહી અને તું હરમના મશાઈખના સ્વાગતના લુત્ફને માણી શકયો નહી." ત્યારબાદ આપે હરમ શરીફમાં રહેવાનું શરૂ કરી દીધું. જાત મહેનતથી કમાઈને પોતાનું પોતાના સાથીદારોનું પેટ ભરતા હતા. કયારેક ખેતરોની રખેવાળી કરતા અને કયારેક જંગલમાં જઈને લાકડાં કાપીને લાવતા અને વેચીને પૈસા મેળવતા.

એક શખ્સ આપની ખીદમત શરીફમાં એક હજાર દિરહમ લઈને હાજર થયો અને કહયું.

"હુઝુર! આને કબુલ ફરમાવો."

આપે ફરમાવ્યું.

"હું મોહતાજો પાસેથી કશું લેતો નથી."

તે શખ્સે અરજ કરી?

"હું મોહતાજ નથી, બલ્કે દોલતમંદ છું."

આપે ફરમાવ્યું.

"શું તું આનાથી વધારે ધન મળે એમ નથી. ઇચ્છતો?"

તેણે કહયું.

"કેમ નહી.!"

ફરમાવ્યું.

"બસ! તું આ દિરહમ ઉપાડી લે. કેમ કે તું મોહતાજ નહી પણ મોહતાજોનો સરદાર છે."

એક વખત ફરમાવ્યું.

"આરીફની નિશાની એ છે કે એ ચિંતન કરે અને દરેક વસ્તુથી બોધ ગ્રહણ કરે તથા ખુદાવંદે કરીમની કિર્તી ગાતો અને તેની સના કરતો રહે.

ફરમાવ્યું.

ત્રાણ પર્દા ઉપડી જવાથી સાલિકના દિલમાં અનવારે ઇલાહીની વર્ષા થાય છે. એક એ કે બંને જહાંની હુકુમત મળવાથી ખુશી ન થાય બીજું એ કે જો એ લુંટી લેવામાં આવે તો ગમગીન ન થાય કારણ કે કોઇ વસ્તુ પર ખુશ થવું લાલચુ હોવાની અને ગમગીન થવું ગુસ્સાની નિશાની છે.

એક વખતે એક શખ્સે આપને નસીહત કરવાની વિનંતી કરી આપે ફરમાવ્યું.

"બાંધેલાને આઝાદ કરી દે, અને આઝાદને બાંધી દે."

તેણે કહયું.

"આનો અર્થ સમજાયો નહી."

ફરમાવ્યું.

"બંધ ખીસ્સાને ખોલી દે અને ખુલેલી જબાનને બંધ કરી દે."

અકીદતમંદોએ અલ્લાહ તઆલાના એ મહાન વલી અલ્લાહથી દરયાફત કર્યું.

"શું કારણ છે કે અલ્લાહ તઆલા અમારી દુઆને કબુલ નથી કરતો?"

આપે ફરમાવ્યું.

"તમે અલ્લાહ તઆલાને ઓળખો છો પરંતુ તેની ઇબાદત નથી કરતા રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને પિછાણો છો. પણ તેઓની પયરવી નથી કરતા. કુર્આને કરીમને પઢો છો પણ તેની ઉપર અમલ નથી કરતા.

અલ્લાહ તઆલાની નેઅમત ખાઓ છો પણ શુક્ર નથી કરતા. એ જાણો છો કે બહિશ્ત તાબેદારો માટે છે પણ તેની તલબ નથી કરતા જાણો છો કે દોઝખ ગુનેગારો માટે છે

પણ તેનાથી ડરતા નથી શયતાનને દુશ્મન સમજો છો તેમ છતાં તેની સાથે દોસ્તી કરો છો. મોતને બરહક સમજો છો. પણ એનો કોઇ સામાન નથી કરતા સગાવહાલાઓને તમારા પોતાને હાથે જમીનમાં દફન કરો છો પણ એનાથી ઇબ્રત નથી લેતા. અને બુરાઇનો ત્યાગ નથી કરતા ઉલ્ટું બીજાઓના એબો જુઓ છો. ભલા જે શખ્સ આ રીતનો હોય તેની દુઆ કેવી રીતે કબુલ થઇ શકે છે! આવા શખ્સની દુઆ અલ્લાહ તઆલા સાંભળે છે ખરો, પરંતુ કબુલ નથી કરતો.

ફરમાવે છે કે:

એક વખત હું એક બગીચાની રખેવાળી પર નિયુકત હતો એક દિવસ બાગનો માલીક આવ્યો અને બોલ્યો:

"મીઠા દાડમ લાવ." હું દાડમ તોડીને તેની પાસે લઇ ગયો પણ તે બધા ખાટા નીકળ્યા. બાગના માલીકે કહયું.

"આટલી મુદ્દતથી અહી કામ કરો છો, છતાં મીઠા ખાટા દાડમની પરખ નથી કરી શકતા?"

આપે ફરમાવ્યું.

"તમે મને બાગનો રખેવાળ બનાવી રક્ષણ માટે રાખ્યો છે. અને ફળોની જાણવણીનું કામ સોંપ્યું છે ન કે તમે મને ફળ ખાવા માટે રાખ્યો છે!"

એ સાંભળી બગીચાના માલીકે કહયું.

"તું તો એવી વાતો કરે છે કે જાણે તું ઇબ્રાહીમ અદહમ હોય, અને મારો ખ્યાલ છે કે આપ જ ઇબ્રાહીમ અદહમ છો."

મેં જયારે એ સાંભળ્યું તો હું બાગને છોડીને ચાલી નીકળ્યો.

એમા શંકા 'શક'ની કોઇ રજમાત્ર પણ ગુંજાઇશ નથી કે મોલાના રુમી રહેમતુલ્લાહ અલયહની મસનવી શરીફ રુહાનિય્યતનો એક વિશાળ દરીયા છે. અવલીયાએ કીરામની મહેફીલો તથા ઉલ્માએ હકના બયાનોમાં વારંવાર 'મસનવી' શરીફની અશઓરાની રુહાની લિજજત મન અને મગજ પર અનેરી અસર જન્માવે છે.

મશ્હુર વલી અલ્લાહ ઇબ્રાહીમ અદહમ રહેમતુલ્લાહનો લેખ મેં આજથી વરસો પહેલા 'અલફલાહ'માં પ્રગટ કર્યો હતો. ત્યારથી દિલની અજીબ કેફીયત હતી. મસનવી શરીફમાં મોલાના રુમીએ બાદશાહતને ત્યાગી ફકીરી ઇખ્તેયાર કરવા પાછળ રહસ્યનો સ્ફોટ કરતી એક હિકાયત લખી છે.

ઇશ્કે હકીકીએ સુલ્તાન શાહ અદહમથી બલ્ખની સલતનત છોડાવી દીધી અને દશ વરસ સુધી આપ નામદાર નીશાપુર પાસે એક ગુફામાં ઇબાદતમાં મશગુલ રહયા અંતે આપને બાતીની સલતનત હાસીલ થઇ ગઇ.

સુન લે અય દોસ્ત જબ ઐયામ ભલે આતે હંય

ધાત મીલને કી વોહ ખુદ આપ હી બતલાતે હંય

મૌલાના રૂમી હીકાયત બયાન કરતાં ફરમાવે છે.

હઝરત સુલ્તાન ઈબ્રાહીમ અદહમ તમામ જાહેરી ઠાઠ માઠ અને શાહી શણગારોથી બેનિયાઝ બની એક દરિયાને કાંઠે ફકીરી ગોદડી સીવી રહયા હતા. એટલામાં બલ્ખનો એક વઝીર એ તરફ અચાનક પસાર થયો કયાં શાહી તખ્ત અને તાજ અને કયાં હવે દરિયાને કાંઠે બેસીને ગોદડી સીવી રહયા હતા. અમીર ત્યાં આવી પહોંચ્યો બાદશાહને આવી હાલતમા જોઈને બાતીનના તે આંધળા શખ્સે એમની તરફ હીકારતથી જોયું અને દિલમાં વિચારવા લાગ્યો કે આ તે કેવી મુર્ખાઈ અને હિમાકત છે.

સાત વિસ્તારોની સલતનતને ઠુકરાવીને ભીખારીની જેમ ગોદડી સીવી રહયા છે. હઝરત સુલ્તાન ઈબ્રાહીમ અદહમને કશ્ફ દ્વારા માલુમ પડયુ કે આ શખ્સ મારી ફકીરીનો ઉપહાસ કરી રહયો છે. તે વખતે આપે પોતાની કરામત અને બાતીની સલતનતની શૌકતને જાહેર ફરમાવી જેથી અમીરને પોતાના ફાસીદ ગુમાન પર નદામત થાય અને તેને માલુમ પડે કે અલ્લાહ તઆલાથી તાઅલ્લુક પછી કેવી અનેરી નેઅમત હાસીલ થાય છે.

આપે તરતજ પોતાની સોઈને દરિયામાં ફેંકી દીધી. જેનાથી આપ ગોદડી સીવતા હતા. અને મોટા અવાજે દુઆ ફરમાવી કે:

"હે અલ્લાહ મારી સોઈ મને અતા ફરમાવવામાં આવે.

એ સાંભળતાજ એજ વખતે વીના વીલંબે દરિયામાંથી એક લાખ (અસંખ્ય) માછલીઓ જાહેર થઈ જેમના હોઠોમાં અનેક સોનાની સોઈઓ હતી.

માછલીઓએ દરિયામાંથી પોતાના માથા ઉચકીને અરજ કરી:

"હે શેખ! હે અલ્લાહના મહાન વલી અલ્લાહ તરફથી આપ આ સોયોને કબુલ ફરમાવો." આખું વાતાવરણ ખુલ્લા પ્રકાશમાં લાખો સોનાની સોઈઓથી ઝગારા મારવા લાગ્યું નજર પહોંચે ત્યાં સુધી દરીયાની સપાટી પર માછલીઓના મોઢામાં ઊંચી થયેલી સોનાની સોયો નજરે પડતી હતી. હઝરત ઈબ્રાહીમ અદહમ એ દ્રશ્ય જોઈને અને માછલીઓની ગુજારીશ સાંભળીને ફરમાવ્યું.

"આમાં તો મારી પોતાની કોઈ સોઈ નથી." અંતે દુર પાણીની સપાટી પરથી એક મોટી અને ખુબસુરત રંગની માછલી આગળ આવી. જેના મ્હોંમાં બાતીને સલતનતના સુલ્તાને ફેંકેલી સોય હતી. માછલી કાંઠાથી વધુને વધુ નજીક સરકી આવી એટલે સુધી કે હઝરતે હાથ લાંબો કરીને સોઈ લઈ લીધી. જયારે એ મોટા અમીર વઝીરે આપની આ કરામત જોઈ તો પોતાના ફાસીદ વિચારો અને પોતાની બેખબરી પર તે ભારે શરમીંદા થયો અને તેણે એ ભોંઠપથી એક મોટો નિશ્વાસ નાખ્યો, આહ ખેંચી અને કહેવા લાગ્યો.

અફસોસ કે દરીયામાં રહેતી માછલીઓ આ કામીલ શેખ અને વલીના દરજ્જાથી વાકેફ છે અને હું ઈન્સાન હોવા છતાં નાવાકેફ છું હું કમનસીબ છું અને આ મહાન દોલતથી મહેરૂમ છું અને માછલીઓ આ માએરફતથી (વાકેફ હોવાને લીધે) ખુશનસીબ છે. એવું

વિચારતા વઝીર પર ગ્રહન છવાઇ ગયું ને ઘણી વાર સુધી રોતો રહયો નદામતના આ ગ્રહન અને કામીલ શેખની થોડીવારની સોહબતની બરકતથી એ વઝીરની કાયા પલ્ટાઇ ગઇ અને તેના દિલમાં અલ્લાહ તઆલાની મોહબ્બત પેદા થઇ ગઇ અલ્લાહ તઆલાએ પોતાના ખાસ બંદાઓની સોહબતમાં એવી જ બરકત ભરેલી તાસીર રાખી છે. કે કમબખ્તી, નેક બખ્તીમાં, દુર્ભાગ્ય સદભાગ્યમાં બદલાઇ જાય છે.

મોલાના રુમી ફરમાવે છે કે:–

જયારે દિલ રડે છે તો તે વખતે દિલમાં મોહબ્બતનું ખમીર તૈયાર થાય છે. અને જેના દિલમાં મોહબ્બતનો દર્દ ન હોય તેવું દિલ, દિલ જ નથી.

શુક્ર હય દર્દે દિલ મુસ્તકીલ હો ગયા

અબ તો શાયદ મેરા દિલભી દિલ હો ગયા

હઝરત સુલ્તાન ઈબ્રાહીમ અદહમે એ વઝીરને પોતાની કરામત દેખાડયા પછી ઈરશાદ ફરમાવ્યો:

"હે અમીર! આ દિલની સલતનત બેહતર છે કે તે હકીર અને ફાની બલ્ખની સલતનત?"

મુલ્કે દિલ બેહ યા

ચુની મુલ્કે હકીર

દિલની બાદશાહી બહેતર છે કે બલ્ખ જેવી 'હકીર' તુચ્છ સલતનત."

બાતીની સલતનતના બાદશાહની પાક સોહબતથી એ વઝીરને દિલની સલતનત હાસીલ થઇ ગઇ તો એજ ક્ષણે વઝારત અમારતનો ત્યાગ કરી દીધો અને સુલ્તાન ઈબ્રાહીમ અદહમની ખીદમત શરીફમાં જંગલમાં રહેવાનું ઈખ્તેયાર કરી લીધું.

મોલાના રુમીએ આ હિકાયતમાં અલ્લાહ તઆલાની મોહબ્બત અને આખેરતની નેઅમતો બંને જગતની નેઅમતોથી અફઝલ હોવાની તાલીમ આપી છે.

લોકો જયારે હઝરત ઈબ્રાહીમ બીન અદહમના ઉચ્ચ મરતબા અને આપની શકલથી જાણકાર થઇ ગયા તો આપ મક્કા મોઅઝ્જમાં પહોંચ્યા રિવાયતમાં છે કે રણના જંગલમાં એક બુઝુર્ગ સાથે આપની મુલાકાત થઇ જેમણે આપને ઈસ્મે આઝમ શીખવી દીધું એટલે આપ તેજ પાક ઈસ્મથી અલ્લાહને યાદ કરતા રહયા.

ત્યારબાદ આપની મુલાકાત હઝરત ખિઝર અલયહીસ્સલામથી થઇ એમણે ફરમાવ્યુ.

"ઈબ્રાહીમ! તુ બુઝુર્ગ મારા ભાઇ હઝરત ઈલ્યાસ અલયહીસ્સલામ હતા. પછી આપે તેમનાથી ઘણી વાતો શીખી અને એજ કારણે આવા અઝીમુશ્શાન મર્તબા સુધી પહોંચ્યા.

આપ રહેમતુલ્લાહ અલયહ ફરમાવતા હતા કે મારી પાસે ચાર સવારીઓ છે. જયારે કોઇ નેઅમત આવે છે તો 'શુક્ર'ની સવારી પર બેસીને તેની સાથે જાઉ છું. જયારે કોઇ બંદગી જાહેર થાય છે તો 'ઇખ્લાસ'ની સવારી પર બેસીને સામે હાજર થઇ જાઉ છું. અગર મારાથી કોઇ ગુનાહ થઇ જાય છે તો 'તૌબા'ની સવારીને કામમાં લઉ છું જયારે કોઇ બલા નાઝીલ થાય છે તો 'સબ્ર'ની સવારી કામ આવે છે.

ફરમાવ્યું.

જ્યાં સુધી તમે પોતાની પત્નિને બેવા ઓરત ન સમજો અને ફરઝંદોને યતીમ ખ્યાલ ન કરો અને રાત્રે કુતરાઓની જેમ ધુળ (ખુલ્લી જમીન) પર ન સુઓ ત્યાં સુધી એ વાતની આશા ન રાખો કે કાલે કયામતને દિવસે મર્દો (અલ્લાહ વાળાઓ)ની સફમાં તમારો હશર કરવામાં આવશે.

ફરમાવ્યું:

જે શખ્સનું દિલ ત્રણ હાલતોમાં ખુદાની તરફ હાજર ન થાય તો તે એ વાતની નિશાની છે કે તેના પર અલ્લાહની રહેમત રહેમના દરવાજા બંધ કરી દેવામાં આવ્યા છે. એ ત્રણ અવસ્થા આ પ્રમાણે છે. (૧) કુર્આને કરીમની તિલાવત સમયે (૨) નમાજ વખતે (૩) ઝીકે ઈલાહી વખતે.

ફરમાવ્યુ. આરીફની નિશાની એ છે કે એ ચિંતન કરે અને દરેક વસ્તુથી બોધ ગ્રહણ કરે તથા અલ્લાહ કરીમની તસ્બીહ કરતો રહે અને તેની સના કરતો રહે.

ખેર હઝરત ઈબ્રાહીમ અલયહીસ્સલામની વિલાદતગાહ આગળ દુઆએ ખેર કરી હઝરત ઈબ્રાહીમ અલયહીસ્સલામની વિલાદત ગાહ પર હાજરી કંઈ નાની સુની વાત ન હતી. અલ્લાહનો શુકર અદા કરેલ અને બહાર નીકળેલ.

ત્યાર બાદ મસ્જીદે કદમમાં જઈ હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમના કદમ મુબારકની ઝીયારત કરેલ અને તે બાદ મશહુર સહાબી ઉબ્બી બિન કઅબ અન્સારી રદીયલ્લાહો અન્હો અન્સારી જેમના વિશે મશહુર છે કે કુર્આન પાકની તિલાવત બહુજ સારી કિરઅતથી કરતા હતા. તેમના મઝાર પર ફાતેહા પઢવાની અને દુઆ કરવાની સઆદત હાસીલ થઈ અત્રે વાંચકોની માહિતિ ખાતર થોડું હઝરત ઉબ્બી વિશેનું વર્ણન કર્યું છે.

સૈયદુલ મુસ્લેમીન હઝરત ઉબય બિન કઅબ અન્સારી

હિજરતે નબવી શરીફથી થોડા વરસો બાદનો પ્રસંગ છે. એક દિવસે મધ્યમ કદના એક ગૌર રંગના પાકિઝા સુરતવાળા આદમી બારગાહે રિસાલતમાં હાજર થયા. એમણે અદબપૂર્વક હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમને સલામ કર્યો અને પછી આપની ખીદતમત શરીફમાં બેસીને નબવી ઈરશાદોથી ફયઝયાબ થવા લાગ્યા.

એકાએક હુઝુરે પાક પર વહીની અસરો છવાઈ ગઈ. અને આપ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને મોઢે કુર્આન પાકની એક સુરત 'સૂરએ– બૈયના' જારી થઈ ગઈ. તે સાહેબ પણ વહીએ ઈલાહીનો એક એક શબ્દ ધ્યાનથી સાંભળતા અને તેને લખતા જતા હતા. હઝરત જીબ્રાઈલ પયગામે ઈલાહી પહોંચાડીને પાછા ચાલ્યા ગયા તો હુઝુર સરકારે દો આલમે એ સાહેબથી સંબોધી ફરમાવ્યું:

"મને અલ્લાહે હુકમ આપ્યો છે કે હું તમને કુર્આન સંભળાવતો રહું." (જેમ તમને યાદ થઈ જાય).

એ આદમીએ અરજ કરી:

"યા રસુલુલ્લાહ ! શું અલ્લાહ તઆલાએ મારૂં નામ લીધું છે."

હુઝુરે ફરમાવ્યું. "હા".

એ સાંભળીને એ આદમી ખુશીના આવેશમાં વિભોર બનીને બેખુદ બની ગયા અને બેઈખ્તેયાર રોવા લાગ્યા. હુઝુરે પાકના એ સહાબી જેમનું ખુદ રબ્બે ઝુલ–જલાલે નામ લઈને પોતાના હબીબે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમને હુકમ આપ્યો કે એમને કુર્આન સંભળાવે: સૈયદુલ મુસલેમીન ઉબય બીન કઅબ અન્સારી રદીયલ્લાહો અન્હો હતા.

સૈયદેના હઝરત ઉબય બીન કઅબ અન્સારી રદીઅલ્લાહો અન્હોની ગણના ઈસ્લામી ઈતિહાસની મહાન વ્યકિતઓમાં થાય છે જેમને દરબારે રિસાલતમાં અત્યંત વિશિષ્ઠ દરજ્જો હાસીલ હતો અને જેમના અગાધ ઈલ્મ બાબતે બધા સર્વ સહમત છે. હઝરત ઉબયનો સંબંધ અન્સારના માનનીય કબીલા નજજાર (મઝાર જની શાખા)ના ખાનદાન બની જદીલા સાથે હતો. આપના વાલીદનું નામ કઅબ અને વાલીદાનું નામ સુહીલા હતું. અબુ તુફૈલ અને અબુલ મનઝર આપની કુનિયતો હતો જ્યારે સૈયદુલ કુર્રા (કારીઓના સરદાર). સૈયદુલ મુસ્લેમીન અને સૈયદુલ અન્સાર આપના ઈલ્કાબો હતા.

તેઓ બાળપણમાં લખવા વાંચવાનું શીખી ગયા હતા અને એમની ગણના અન્સારના ભણેલા ગણેલા લોકોમાં થતી હતી. ઈસ્લામથી પહેલાં તેઓ તવરાત વાંચી ચુકયા હતા એવી જ અસર હતી કે ઈસ્લામની સદાએ એમને બહુ જલ્દી પોતાની તરફ આકર્ષી લીધા. બયઅત–ઉકબાથી પહેલાં એહલે હિજરને નબવી શરીફથી પહેલાં જ મક્કા જઈને ઈસ્લામની દોલત હાસીલ કરી લેવાનું સદભાગ્ય એમને હાસીલ થયું. હુઝુરે પાકની જ્યારે મદીનએ મુનવ્વરામાં પધરામણી થઈ તો અન્સાર (સહાબીઓ)માંથી હઝરત ઉબય બીન કઅબને સૌથી પહેલાં 'વહી' લખવાનું શરફ હાસીલ થયું. એ રીતે એમને અન્સારના 'કાતીબે–વહી'માં વિશિષ્ઠ દરજ્જો હાસીલ છે. ગઝવાતનો સીલસીલો શરૂ થયો તો હઝરત ઉબયએ બદરથી લઈને તાઈફ સુધી તમામ ગઝવાતમાં હુઝુરે પાક સાથે હાજર રહ્યા.

હઝરત ઉબયને રહેમતે આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમથી બેપનાહ મોહબ્બત હતી અને કલામે ઈલાહી સાથે એટલો બધો અકીદત સભર લગાવ હતો કે વધારે પડતો સમય બારગાહે નબવીમાં વિતાવતા. હુઝુરે પાક એમને કુર્આન સંભળાવતા અને હીફઝ કરાવતા હતા અને વહીની કિતાબતની ખીદમત પણ લેતા હતા. એવી રીતે એમને બારગાહે રિસાલતમાં વિશિષ્ઠ તકર્રુબ હાસીલ થઈ ગયું.

કુર્આન પાક સાથે હઝરત ઉબયનો અસાધારણ લગાવ એટલો બધો મકબુલ થયો કે ખુદ અલ્લાહ તઆલાએ હઝરત ઉબયનું નામ લઈને રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમથી ફરમાવ્યું કે એમને કુર્આન પાક સંભળાવતા રહે. ઈરશાદે રબ્બાની પ્રમાણે હુઝુરે અકરમે હઝરત ઉબયની તાલીમ પર ખાસ તવજ્જોહ ફરમાવી જેનું પરીણામ એવું આવ્યું તેઓ કુર્આન હકીમના હાફીઝ અને કુર્આની ઉલુમ અને મઆરીફના ઘણા મોટા આલીમ બની ગયા.

એમની કીરઅત હુઝુર રસુલે પાકને એટલી બધી પસંદ હતી કે એક વખતે આપે ફરમાવ્યું:

"લોકોમાં સૌથી મોટા 'કારી' ઉબય બીન કઅબ છે."

એક વખત હુઝુરે પાકે હઝરત ઉબયથી દરયાફત ફરમાવ્યું કે:-

"કુર્આનમાં કઈ આયત અત્યંત અઝમત ધરાવે છે ?" (એટલે ભારે અઝમત વાળી છે)

હઝરત ઉબયએ અરજ કરી !

"આયતુલ કુરસી".

એમનો જવાબ સાંભળી હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ઘણા ખુશ થયા અને ફરમાવ્યું:

"ઉબય તમને આ ઈલ્મ મસરૂર કરે. રાજી અને ખુશ રાખે."

હઝરત ઉબય બીન કઅબથી રિવાયત છે કે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે ફરમાવ્યું કે ઉબય ! શું હું તને એવી સુરત (કુર્આન પાકની સુરાહ) ન બતાવું જે ન તવરાતમાં છે ન ઝબુરમાં અને ન ઈન્જીલ અને ન કુર્આનમાંજ એના જેવી (સુરત) ઉતારવામાં આવી.'

મેં અરજ કરી!

"બેશક જરૂર બતાવો."

આપે ફરમાવ્યું:

"બેશક હું ઉમ્મીદ રાખું છું કે તું આ દરવાજાથી નિકળવા પામશે નહી ત્યાં સુધી તેને જાણી લઈશ." ત્યાર બાદ આપ ઉભા થઈ ગયા અને હું પણ આપની સાથે ઉભો થઈ ગયો. આપ મારી સાથે વાત કરતા હતા અને મારો હાથ આપના મુબારક હાથમાં હતો. તો મેં પાછળ હઠવાનું શરૂ કર્યું એ ભયે કે આપ આ સુરતની ખબર દેવાથી પહેલાં જ દરવાજાથી બહાર ન ચાલ્યા જાય.

જ્યારે હું દરવાજાની નજીક થયો તો મેં અરજ કરી:

"યા રસુલુલ્લાહ તે સુરત જેનો મને વાયદો ફરમાવ્યો છે ?"

આપે ફરમાવ્યું:

"તમે જ્યારે નમાઝ માટે ઉભા થાવ છો તો કેવી રીતે પઢો છો ?"

મેં સુરએ ફાતેહા પઢી. આપે ફરમાવ્યું તે સુરત એજ છે અને એ 'સબઅ-મસાની' છે. જેની બાબતે અલ્લાહ તઆલાએ કહ્યું છે.

"વ-લ-કદ આતયનાકા સબ્અન મીનલ મસાની વલ કુર્આનલ-અઝીમ." (સુરએ હજર). અને અમે આપને સાત આયતો આપી જે મુકર્રર પઢવામાં આવે છે અને કુર્આન અઝીમ આપ્યો.

હુઝુર રહેમતે-દોઆલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના લુત્ફ અને કરમની વર્ષા હઝરત ઉબય પર એટલી બધી થઈ કે એહદે રિસાલતમાં જ તેઓ દર્સની મસનદ પર નિયુકત થઈ ગયા. લોકો એમની સેવામાં કુર્આન પઢવા અને મસઅલા દરયાફત કરવા

આવતા હતા. હઝરત ઉબય હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમના ઇરશાદનો એક એક શબ્દ ધ્યાનથી સાંભળતા હતા અને મન મગજમાં સંગ્રહી લેતા હતા. એક વખતે બારગાહે રિસાલતમાં હાજર હતા કે એક શખ્સે હુઝુરે પાકથી સવાલ પુછયો.

"યા રસુલુલ્લાહ અમે લોકો જ્યારે બીમાર પડીએ છીએ અથવા બીજી તકલીફ ઉઠાવીએ છીએ, તેમાં પણ કંઇ સવાબ છે ?

હુઝુરે પાકે ફરમાવ્યું:

"હા, એ બીમારીઓ અને તકલીફો મુસલમાનના ગુનાહોનો કફ્ફારો બની જાય છે."

હઝરત ઉબયએ પુછયું:

"યા રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ શું મામુલી (સાધારણ, નજીવી) તકલીફ પણ ગુનાહોનો કફ્ફારો થઇ જાય છે ?"

ફરમાવ્યું:

"નાની નાની તકલીફો શું, મુસલમાનને એક કાંટો પણ ભોંકાઇ જાય છે તો એ પણ ગુનાહનો કફ્ફારો બની જાય છે." એ સાંભળતાં જ ઇમાનના જોશની એવી કેફીયત થઇ કે અનાયાસે જીભે આ દુઆ આવી ગઇ.

"ઇલાહી હું હંમેશા બુખારમાં રહું પરંતુ નમાઝ બાજમાઅત, હજ, ઉમરા અને જેહાદને લાયક રહું." એ દુઆ તરત જ કબુલિય્યતને દરવાજે પહોંચી ગઇ. સીરતકારોનું બયાન છે કે ત્યાર બાદ હઝરત ઉબયને હર વખત હલકો તાવ રહેતો હતો. કદાચ એજ કારણે એમના સ્વભાવમાં થોડી ગરમી પેદા થઇ ગઇ હતી. હઝરત ઉબયને કુર્આનની કિરઅતમાં એવો કમાલ હાસીલ થઇ ગયો હતો કે ખુદ હામીલે–વહી અને નબુવ્વત સલ્લલ્લાહો અલયહે વસલ્લમ એમનાથી કુર્આનની દોર ફરમાવતા હતા. અંતિમ વરસે હીજરી ૧૧માં પણ હઝરત ઉબયને છેલ્લી વખત કુર્આન સંભળાવ્યું અને સાથે જ ઇરશાદ ફરમાવ્યો:

"મને જીબ્રાઇલે અમીને આવીને કહ્યું કે ઉબયને કુર્આન સંભળાવી દો."

ખલીફએ રસુલુલ્લાહ હઝરત અબુબકર સીદ્દીક, હઝરત ઉમ્બીનો બેહદ એહેતરામ કરતા હતા. જ્યારે એમણે કુર્આન કરીમની તરતીબ અને તદવીનનું કામ એહલે ઇલ્મ સહાબાઓની એક જમાતને સુપુર્દ કર્યુ તો હઝરત ઉબયને એ જમાતના અમીર મુકર્રર કર્યા. તેઓ કુર્આનના શબ્દો બોલતા જતા હતા અને લોકો લખતા જતા હતા.

સીદ્દીક અકબર પછી હઝરત ઉમર ફારૂક ખલીફા બન્યા તો એમણે હઝરત ઉબયને મજલીસે શુરાના સભ્ય નિયુકત કર્યા અને એમના અભિપ્રાયને ઘણું મહત્વ દેતા હતા. અમીરૂલ મોમીનીન ફારૂકે આઝમ હઝરત ઉબયને 'સૈયદુલ મુસ્લેમીન કહેતા હતા અને ફરમાવતા હતા કે:

"અમારામાંથી સૌથી મોટા કારી ઉબ્બી છે.

હઝરત ઉમર મુશ્કેલ મસઅલામાં હઝરત ઉબયથી રજુ કરતા હતા અને ગુંચવણભર્યા મામલાઓમાં એમનાથી ફેસલાઓ કરાવતા હતા અને આપ એમને સૈયદુલ મુસ્લેમીન અને સૈયદુલ–કુર્રાના ઇલ્કાબથી સંબોધન કરતા હતા.

તરાવીહની જમાતના સૌથી પહેલા ઇમામ

અમીરૂલ મોમીનીન હઝરત ઉમર ફારૂકે પોતાના ખિલાફત કાળમાં તરાવિહને બાજમાન કરી તો હઝરત ઉબય બીન કઅબને મરદોના ઇમામ મુકર્રર કર્યા જ્યારે તમીમદારીને અવરતોના ઇમામ મુકર્રર ફરમાવ્યા. અમીરૂલ મોમીનીન હઝરત ઉમર જો કે હઝરત ઉબય પર બેહદ મહેરબાન હતા અને તેમની નાઝીમમાં કોઇ ઉણપ છોડતા નહી પરંતુ હઝરત ઉબય દીની મામલાઓમાં એમની 'રીઆયત' કરતા નહી જે વાતને હક સમજતા તેને તરત જ વ્યકત કરી દેતા હતા.

સહાબાએ કીરામ મુબારક જીવન અને હઝરત ઉબયની ફઝીલત સાથે સંકળાયેલ એક દિલચસ્પ અને ઇમાન પરવર પ્રસંગનો ઉલ્લેખ સીરતે પાકની કિતાબોમાં મોજુદ છે. જેનાથી હુઝુરે પાકના સહાબીઓ જેમનાથી અલ્લાહ રાઝી હતો અને તેઓ અલ્લાહથી રાઝી હતા. 'રદીયલ્લાહો અન્હો વ રદુ અન્હા' ઇમાન પરવર પ્રસંગ આ પ્રમાણે છે. હઝરત ઉમર રદીયલ્લાહો અન્હો એક શખ્સ પાસેથી પસાર થયા જે આ આયત પઢી રહ્યો હતો.

"વસ્સાબેકુનલ– અવ્વલુન.... બેએહસાન"

અમીરૂલ મોમીનીન હઝરત ઉમર રોકાઇ ગયા અને તે શખ્સથી કહ્યું:

"મારી પાસે આવો" તે શખ્સ આપની નજીક આવ્યો તો ખલીફએ સાદીકે પુછયું:

"તમને કુર્આન પાકની આ આયત કોણે યાદ કરાવી ?"

તે શખ્સે અરજ કરી:

"મને ઉબય બીન કઅબે યાદ કરાવી છે."

હઝરત ઉમરે ફરમાવ્યું:

"ચાલો ! ઉબય બીન કઅબ પાસે" તેને આપ સાથે લઇને હઝરત ઉબ્બી બીન કઅબ પાસે આવ્યા અને ફરમાવ્યું:

"હે અલા અલ મનઝર (હઝરત ઉબયની કુનિય્યત) ! આ શખ્સ કહે છે કે તમે એને આ આયત તાલીમ કરી છે."હઝરત ઉબયએ કહ્યું: "સાચું કહે છે. મેં આ આયત રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના 'દહને–મુબારક' (પવિત્ર મોઢે) સાંભળી છે."

હઝરત ઉમરે આશ્ચર્યથી કહ્યું:

"તમે એને મોહમ્મદ રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના 'દહને–મુબારક'થી સાંભળી છે ?"

હઝરત ઉબયએ ફરમાવ્યું:

"હા, ત્રીજી વખત પુછવામાં આવતા આપે ઘણા ગુસ્સાથી કહ્યું. "હા, ! અલ્લાહની કસમ ! આ (આયત)ને અલ્લાહ તઆલાએ જીબ્રાઇલ પર અને જીબ્રાઇલે મોહમ્મદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમના કલબ પર નાઝીલ કરી ! બેશક ખત્તાબ અને તેના પુત્ર સાથે મશવેરો ન કર્યો. (સલાહ ન લીધી).એ સાંભળી હઝરત ઉમર રદીયલ્લાહો અન્હો ત્યાથી

બહાર નીકળ્યા. એવી રીતે કે બંને હાથો આસમાન તરફ ઉઠાવી રાખ્યા હતા અને કહી રહ્યા હતા. "અલ્લાહો અકબર – અલ્લાહો અકબર."

સૈયદુલ મુસ્લેમીન હઝરત ઉબય બીન કઅબ રદીયલ્લાહો અન્હોના કુર્આન ફ્હેમી, કુર્આનની સમજ અને કુર્આનના ઈલ્મમાં પારંગતા, પ્રવિણતા સંબંધેની અનેક રિવાયતો ઈસ્લામી ઈતિહાસના મુબારક નબવી યુગના પ્રકરણમાં આજે પણ અકબંધ સુરક્ષિત છે. જેમાંથી કેટલીક બરકત ખાતર અને વાંચકોની જાણકારી માટે અત્રે રજુ કરવાની તક ઝડપી લેવાની ખ્વાહીશને રોકી શકતો નથી. અલ્લાહ પાકનો એહસાન અને હુઝુર રસુલે પાકનો કરમ છે કે મને આવા મહાન સહાબીના મુબારક મઝાર પર હાજરી દેવાની સઆદત હાસીલ થઈ અને મુબારક હસ્તીઓની ખીદમતમાં હાજરીથી અવશ્ય ફયઝ હાસીલ થાય છે. એવો મારો દ્રઢ વિશ્વાસ છે.

'એહલે–શામ' સીરીયાના લોકોની એક મોટી જમાતને સાથે લઈ મશ્હુર સહાબી હઝરત અબુ દરદા રદીયલ્લાહો તઆલા અન્હો એક વખત સીરીયાથી મદીનએ મુનવ્વરા આવ્યા. એ બધા લોકોએ હઝરત ઉબયથી કુર્આન પાકની તાલીમ હાસીલ કરી.

એક દિવસ એ (સીરીયાના લોકો)માંથી એક શખ્સ હઝરત ઉમરની સામે કોઈ આયત પઢી.

હઝરત ઉમરે તેની કિરઅત અંગે વાંધો દર્શાવ્યો. તે શખ્સે કહ્યું:

"મેં આ આયાત ઉબય બીન કઅબથી એવી રીતે જ સાંભળી છે."

હઝરત ઉમરે એક આદમીને મોકલ્યો કે ઉબયને બોલાવી લાવો, તે વખતે હઝરત ઉબય પોતાના ઉંટને ચારો આપી રહ્યા હતા. અમીરુલ મોમીનીનનો પયગામ મળ્યો તો કાસીદ (આવનાર વ્યકિત)થી પુછયું કે શું કામ છે ? તેણે હકીકત બયાન કરી તો હઝરત ઉબયને ગુસ્સો આવી ગયો અને એ જ હાલતમાં દરબારે ખિલાફતમાં હાજર થયા કે હાથમાં ચારો હતો અને પાલવ ચઢેલું હતું. હઝરત ઉમરે તે આયત એમનાથી પઢાવી ત્યાર બાદ હઝરત ઝૈદ બિન સાબિતને હુકમ આપ્યો કે એ જ આયત પઢે. એમણે હુકમનું પાલન કર્યું. હઝરત ઉમરે હઝરત ઝૈદનું સમર્થન આપ્યું. તે પર હઝરત ઉબયએ આવેશપૂર્વક કહ્યું:

"ઉમર ! અલ્લાહની કસમ ! તમે જાણો છો કે હું રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમની પાસે અંદર હાજર રહેતો હતો અને તમે લોકો બહાર રહેતા હતા. હવે આજે મારી આ કદર કરાઈ રહી છે અલ્લાહની કસમ જો તમે કહો તો 'ખાના નશીન' બની જાઉં ન કોઈની સામે વાત કરું અને ન લોકોને કુર્આન પઢાવું એટલે સુધી કે મને મોત આવી જાય."

હઝરત ઉમર વ્યાકુળ બની ગયા અને ફરમાવ્યું:

"હરગીઝ નહી ! જ્યારે અલ્લાહે તમને ઈલ્મ આપ્યો છે તો આપ શૌકથી લોકોને કુર્આનની તાલીમ આપો."

મશ્હુર સહાબી જેમને કુર્આન પાકના પહેલા તફસીરકાર હોવાનો દરજ્જો હાસીલ છે તે સહાબી હઝરત અબ્દુલ્લાહ બીન અબ્બાસ રદીયલ્લાહો અન્હોથી રિવાયત છે કે હું એક

વખત મદીનએ મુનવ્વરાની એક ગલીમાં કુર્આન મજીદની એક આયત પઢતો જઇ રહ્યો હતો. એટલામાં પાછળથી અવાજ આવ્યો:

"સનદ બતાવો ! હે ઈબ્ને અબ્બાસ સનદ બતાવો."

મેં પાછળ ફરીને જોયું તો હઝરત ઉમર હતા. મેં કહ્યું:

"હું આપને ઉબય બીન કઅબનો હવાલો આપું છું."

એ સાંભળી હઝરત ઉમરે પોતાના એક ગુલામથી કહ્યું: ઉબય પાસે જાવ ! અને એમનાથી દરયાફત કર કે શું તમે એમને આ આયત યાદ કરાવી છે ?

અમે હઝરત ઉબય પાસે ગયા. હજુ અમે દરવાજા પર પહોંચ્યા હતા કે ખુદ હઝરત ઉમર આવી ગયા અને અંદર આવવાની ઈજાઝત માંગી. ઉબયે ઈજાઝત આપી દીધી અમે લોકો ઉબય પાસે એવી હાલતમાં પહોંચ્યા કે એમની કનીઝ માથામાં કંઘી (દાંતીયો) કરતી હતી. હઝરત ઉમર માટે ચામડાનો એક ટુકડો નાખી દેવામાં આવ્યો. તેઓ એની ઉપર બેસી ગયા.

ઉબય બીન કઅબ દિવાલની તરફ મોં કરીને બેઠા હતા તેઓ એવીજ રીતે બેઠા રહ્યા અને એમની પીઠ હઝરત ઉમરની તરફ હતી એ જોઈને હઝરત ઉમરે અમારી તરફ જોઈને કહ્યું.

જુઓ તો ખરા આ (ઉબય) ને આપણી પરવાજ નથી.

થોડીવાર પછી ઉબય બીન કઅબે હઝરત ઉમર તરફ મોઢું કર્યુ અને કહ્યું:

ખુશ આમદીદ (ભલે પધાર્યા) ! અમીરૂલ મોમીનીન ! આ સમયે શા માટે પધરામણી થઈ ! માત્ર મુલાકાત માટે અથવા કોઈ બીજા હેતુસર ?

હઝરતે ઉમરે કહ્યું:

હું કોઈ હેતુસર આવ્યો છું. છેવટે તમે લોકોને અલ્લાહની રહેમતથી શા માટે માયુસ અને નિરાશ કરો છો ?"

"વારૂ ! કદાચ કોઈ આયત આપે સાંભળી છે જે સખ્ત છે. તમને માલુમ હોવું જોઇએ કે મેં કુર્આન એ હસ્તીથી શીખ્યું છે. જેણે તાજો તાજો એને જીબ્રાઈલે અમીનથી હાસીલ કર્યો હતો." એ સાંભળીને હઝરત ઉમર રદીયલ્લાહો તઆલા અન્હોએ હાથ પર હાથ માર્યો. એ એવું કહેતા કહેતા ઉભા થઈ ગયા કે "અલ્લાહની કસમ તમે અહેસાન જતાવવા ચાહો છો. પરંતુ મને સંતોષ નથી થયો. મને કોઈ રીતે ચેન નહી પડે."

અમીરૂલ મોમીનીન હઝરત ઉબયના દિલથી કદરદાન અને મદ્દાહ પ્રશંશક હતા.

સીરીયાના મશ્હુર ઈતિહાસીક સફરમાં એમણે 'જાબિયા' નામે સ્થળે જે મશ્હુર ખુત્બો આપ્યો એમાં અમીરૂલ મોમીનીને ફરમાવ્યું:

"મન અરાદલ કુર્આના ફલયાતા અબ્બીયા."

"જેને કુર્આનનો શોક હોય તે ઉબયની પાસે આવે."

સહાબાએ કિરામના આ પ્રસંગોનું વર્ણન કરવામાં મારો મકસદ એ પણ છે કે આપણને માલુમ પડે કે હુઝુરે પાક સલ્લલ્લાહો અલયહે વસલ્લમના મહાન સહાબીઓનું જીવન

કેટલો બધો 'તકલ્લુફ' (ખોટા સંકોચ) વિનાનો હતો. સાદગી, નિર્ભયતા, ખોટા આદરભાવનો ત્યાગ, ઉમદા અખ્લાક એમના રેહન સેહન અને રોજીંદા જીવનમાં વણાયેલા હતા અને કેમ ન હોય એમને હુઝુરે પાકથી પરોક્ષપણે તરબીયત હાસીલ કરવાનું સદભાગ્ય પ્રાપ્ત થયું હતું.

ત્રીજા ખલીફા હઝરત ઉસ્માન ઝુન-નુરૈન રદીયલ્લાહો તઆલા અન્હો પણ હઝરત ઉબયના મહાસાગર સમાન ઈલ્મના પ્રસંશક હતા. એમણે પોતાના ખીલાફત કાળમાં મેહસુસ કર્યું કે અમુક સહાબીઓની કીરઅતમાં (કુર્આન પઢવાની રીતમાં) મતભેદ છે. તેથી હઝરત ઉસ્માને પાકો ઈરાદો કરી લીધો કે તમામ મુસલમાનોને એક કીરઅત પર એકત્રીત કરવામાં આવે જેથી તમામ મુસલમાનોનો એક કીરઅત પર 'ઈજમાઅ' થઈ જાય. અમીરુલ મોમીનીન હઝરત ઉસ્માન ગનીએ મજકુર હેતુસર અન્સાર અને મુહાજેરીનના અગ્રેસર બાર સહાબીઓને નિયુકત કર્યા જેમને કુર્આન પર 'ઉબુર' હતો અને તેઓ કુર્આન પઢવામાં, તેની કિરઅત કરવામાં પારંગત હતા અને પછી એમને એ કામ સોંપવામાં આવ્યું કે તેઓ પરસ્પર સલાહ મશવેરાથી કીરઅત સંબંધેના મતભેદોને દુર કરે. એ મજલીસ (કમીટી)ના અમીર હઝરત ઉબય બીન કઅબ રદીયલ્લાહો અન્હોને મુકર્રર કરવામાં આવ્યા. જેઓ બોલતા જતા હતા અને મશહુર સહાબી હઝરત ઝૈદ બિન સાબીત લખતા જતા હતા. જ્યાં મતભેદ સામે આવતો બધા આપસમાં મશવેરો કરીને તેને દુર કરી લેતા હતા. (જે ઉચ્ચાર સંબંધિત હતો) ત્યાર બાદ કુર્આન પાકના બધા નુસ્ખા (પ્રતો) હઝરત ઉબય રદીયલ્લાહો અન્હોની કિરઅત પ્રમાણે થઈ ગઈ. જે આજ દિવસ સુધી અને કયામત સુધી એ પ્રમાણે જ રહેશે."

મશહુર રિવાયત એજ છે કે હઝરત ઉબય બીન કઅબની વફાત હઝરત ઉસ્માન રદીયલ્લાહો અન્હોના ખીલાફત કાળ દરમ્યાન હીજરી સન ૩૨માં થઈ હતી. જો કે બીજી અમુક રિવાયતોમાં આપની વફાત હીજરી સન ૧૯, અથવા ૨૦ કે ૨૧માં થઈ હોવાનું વર્ણવામાં આવ્યું છે. પરંતુ વધારે આધારભુત રિવાયત હીજરી સન ૩૨માં વફાત થઈ હોવા અંગેની છે.

હઝરત ઉબયએ પોતાની પાછળ જે અવલાદ છોડી એમાં તુફૈલ, મોહમ્મદ, રબીઅ, અબ્દુલ્લાહ અને ઉમ્મે ઉમરના નામો માલુમ પડયા છે. એમની પત્નીનું નામ ઉમ્મે તુફૈલ હતું. જેઓ સહાબીયા હતા.

હઝરત ઉબય ઈલ્મ ફઝલનો ઉચ્ચ દરજ્જો ધરાવતા હતા. તેઓ ન માત્ર કુર્આન મજીદ બલ્કે બધા કુર્આની ઉલુમમાં નિષ્ણાંત હતા. બલ્કે ફીકાહ અને હદીસે પાકના પણ ઘણા મોટા આલીમ હતા. હદીસોના પ્રખર ઈમામોએ લખ્યું છે કે હઝરત ઉબ્બીએ રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમથી હદીસોનો મોટો હીસ્સો સાંભળ્યો હતો. તેમ છતાં હઝરત ઉબય હદીસની રિવાયત કરવામાં ભારે સાવચેતી વર્તતા હતા. તેથી એમનાથી માત્ર ૬૪ હદીસોની રિવાયત મળે છે.

હઝરત ઉબય રદીયલ્લાહો અન્હો ઈલ્મી મહાનતાની એવી કેફીયત હતી કે મોટા જલીલુલ-કદર સહાબીઓ એમના દર્સમાં શામેલ થતા હતા. તેમાં હઝરત ઉમર ફારુક, હઝરત અબુ હુરેરા, હઝરત અબાદા બિન સામીત, હઝરત અબુ મુસા અશવરી, હઝરત

એયુબ અન્સારી, હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ અને હઝરત અનસ બીન માલીક જેવા ઉમ્મતના મહાન સ્થંભો પણ શામેલ છે. આ બુઝુર્ગો હઝરત ઉબ્બીના ઘરે જઈને મસઅલા દરયાફ્ત કરવાથી દુર રહેતા ન હતા. રિવાયતો પ્રમાણે હઝરત ઉબયને અન્સાર (સહાબીઓ)માં સૌથી મોટા આલીમ તરીકે સ્વીકારમાં આવે છે. એમને ઈસ્લામી ઉલુમ ઉપરાંત તવરાત અને ઈન્જીલ ઉપર પણ ઉબુર હાસીલ હતું. એ આસ્માની કિતાબોમાં હુઝુર અકરમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ અંગે જે બશારતો લખેલી છે. તેઓ તેને ભારે લુત્ફ અનેખુશી સાથે લોકોને સંભળાવતા હતા.

હુઝુર નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે આ ફાની જગતથી પરદો ફરમાવ્યો તે પછી હઝરત ઉબય બીન કઅબની ઝાત ફયઝનો એક એવા ઝરણાની હેસીયત ધરાવતી હતી કે જેનાથી દરેક મુસલમાન પોતાની હેસીયત પ્રમાણે ફયઝ હાસીલ કરતો હતો. તેઓ લોકોને શરઈ મસઅલાઓ પણ બતાવતા હતા. એમની ષ્ટિએ કુર્આન કરીમ પર અમલ કરીને જ મુસલમાનો પોતાની દુનિયા અને આખેરત શણગારી અને શોભાવી શકતા હતા.

એક વખતે કોઈ શખ્સે અરજ કરી કે મને કોઈ વસીયત ફરમાવો: તો આપે ફરમાવ્યું:

"કુર્આન કરીમને પોતાનો ઈમામ બનાવી લ્યો. તેના ફેસલાઓ અને એહકામો પર રાજી થઈ જાવ. બેશક આ કુર્આન એ જ છે જે તમારા માટે રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમે છોડયું છે અને એ એવો 'શાહીદ' છે જેના પરકોઈ શબ્દ ઉચ્ચારી શકતો નથી. તેમાં તમારો ઉલ્લેખ પણ છે અને તમારાથી પહેલાંની ઉમ્મતોનો પણ. એજ તમારા આપસના ઝગડાઓનો ફેસલો કરનાર છે. તેમાં તમારા પણ અને તમારી બાદ આવનારાઓના અહેવાલ પણ લખેલા છે."

હઝરત ઉબ્બી બીન કઅબ ફરમાવતા હતા કે મુસલમાનમાં ચાર 'સીફ્તો' જરૂર હોય છે.

(૧) જો મુસીબતમાં સપડાઈ જાય તો સબર કરે છે.

(૨) જો તેને કોઈ નેઅમત અતા થાય તો અલ્લાહનો શુકર કરે છે.

(૩) જો કોઈ ફેસલો આપે છે તો પુરો ઈન્સાફ કરે છે.

(૪) જો તે બોલે છે તો હંમેશા સાચું બોલે છે અને જ્યારે કોઈ બંદો અલ્લાહ તઆલાના ડર-ખોફથી કોઈ વસ્તુ છોડી દે છે. તો અલ્લાહ તઆલા તેને બદલે તેને એનાથી સારી વસ્તુ એવી જગ્યાએથી આપે છે જ્યાંથી તેના મળવાનું ગુમાન સુધ્ધાં હોતું નથી અને જ્યારે કોઈ બંદો અલ્લાહ તઆલાએ આપેલ નેઅમતોની કદર નથી કરતો અને તેનો એવી રીતે ઉપયોગ કરે છે જે શરીઅત પ્રમાણે તેના માટે જાઈઝ નથી તો અલ્લાહ તઆલા જરૂર તેના બદલામાં એવી રીતે સજા આપે છે જે તેના ગુમાનમાં પણ હોતું નથી. સ્વભાવમાં કંઈક અંશે તકલ્લુફ હતો. દર્સના હલ્કામાં ગાદી પર બેસીને તાલીમ આપતા હતા અને તાલીબોને પોતાની તાઝીમ માટે ટદ્દર ઉભા રહેવાની મનાઈ ફરમાવતા હતા. વૃધ્ધાવસ્થામાં જ્યારે દાઢી અને માથાના વાળ ધોળા થઈ ગયા હતા તો પણ વિખરાયેલા વાળને નાપસંદ ફરમાવતા હતા. એક લોંડીને ઝીમ્મે એ કામ હતું કે તે આપના વાળોને ઓળી દેતી હતી. દિવાલમાં એક

આરીસો લાગેલો હતો જ્યારે કંઘી કરતા હતા તો તેની તરફ મ્હોં કરી લેતા હતા.

હઝરત ઉબયનું વ્યકિતત્વ ઈલ્મ અને અમલ બંનેથી ઉભરાતું હતું. બીદઅતથી દુર રહેતા હતા અને દરેક કામમાં સુન્નતના પાલનની તકેદારી રાખતા હતા. ઈબાદતમાં ખાસ લુત્ફ હાસીલ રહેતું. અત્યંત ખુશુઅ અને ખુઝુઅ સાથે નમાઝ પઢતા હતા. મોટા ભાગે 'શબ–બેદાર' રહેતા હતા. તિલાવત અને નમાઝમાં આંખોથી મોટા આંસુ જારી થઈ જતા હતા. સામાન્ય પણે ત્રીજી રાતે કુર્આન મજીદ ખતમ કરી લેતા હતા. રાતના એક ભાગમાં દુરૂદ અને સલામમાં મગ્ન રહેતા હતા.

રદીયલ્લાહો તઆલા અન્હો.

સીરીયાની સફરનો ૭૪મો હપ્તા ચાલતો હતો કે મારી ઓફીસે હબીબ મેમન આવેલ અને કહેવા લાગ્યા કે આપની વાલેદાના ઈન્તેકાલ પછી તમારો મુડ બરોબર રહેતો નથી. તમે જરા બહાર ફરી આવો ને!

મેં કહ્યું ભાઈ ઉમરાના વીઝા ચાલુ થશે કે તરત જ ઉમરા માટે જઈશ ઈન્શાઅલ્લાહ, રબીઉલ અવ્વલના મહીનામાં મદીનએ મુનવ્વરામાં હાજરી આપશું. તો કહે કે હજુ તો બે મહીનાની વાર છે તે દરમ્યાન આપણે અમેરીકાનો પ્રવાસ કરી આવીએ. મેં કહ્યું:"કે હબીબભાઈ હું એકલો પ્રવાસ કરતો નથી. સહકુટુંબ કરૂં છું. અથવા મારો પુત્ર હોય તેની સાથે પ્રવાસ કરૂં છું. તે કહો કે ભાઈ મારા પુત્રો અને પત્નિ વહુ અને ભાઈનું કુટુંબ પણ ત્યાં છે. મારી તબીયત પણ નરમગરમ રહે છે. એકલો તો જવા નથી માંગતો તમે આવો તો આપણે બે ત્રણ અઠવાડીયા ફરી આવીએ. અને હું મારા કુટુમ્બીજનોથી મુલાકાત કરી આવું. તેમણે ભાર પુર્વક કહ્યું કે હું તમને ખાતરી આપું છું કે તમને કશી તકલીફ નહી પડે. સામાન વગેરે ઉપાડવાની મારી આદત નથી. હું હેન્ડ કેરી કરતો નથી. ખાલી હાથે વિમાનમાં બેસીએ. તેમણે આગ્રહ ચાલુ રાખ્યો ખાત્રી આપતા રહ્યા હતા. અને કંઈ પણ ઉપાડવાનું નહી અને રહેવા કરવાની પણ સગવડ છે. દરેક જગ્યાએ મકાન છે. અને મારા કુટુમ્બીજનો છે. એમનો આગ્રહ જોઈને મને પણ થયું અમેરીકામાં ન્યુયોર્ક વગેરે તો ગયેલ પણ લોસએન્જલસ ગયેલ ન હતો.

અમેરીકનો દરેક શબ્દને ટુંકમાં જરાક મોઢું વાંકું કરીને બોલે અને વાત કરે એટલે લોસ એન્જલસને એલએ કહે. ચાઈના એર લાઈનની બે ટીકીટો બનાવી છે. બેંગકોક થઈને એલએ જાય, તાઈવાન એર લાઈન જે ચાઈના એર લાઈન કહેવાય હવે નકકી થયું કે સફર બહુ લાંબો હોઈ ચાર દિવસ બેંગકોકમાં રોકાઈને થોડીક શોપીંગ કરી લેવી. એટલે બે કટકે સફર થઈ જાય.

કરાચીથી શનીવાર ૧૧મી માર્ચના રાતે ૧૨ વાગે બેંકકોક માટે થાઈ એર લાઈનનો સફર શરૂ થાય. રવિવારે ૭ વાગે બેંકકોક આપણાથી બે કલાક આગળ છે. એટલે પાંચના બદલે સાત વાગ્યા હતા. હોટલ માટે કોઈ મસઅલો ન હતો. અગાઉ ચાઈના ટાઉનમાં "વાઈટ ઓરચીડ" માં ઉતરેલ હતા. તે હોટલમાં સીધા પહોંચી ગયા. ૯૦૦ બાથ બે બેડ રૂમના કહેલ મે પહેલા આઠસો બાથમાં રૂમ લીધેલ હતું એ હોટલવાળાને કહ્યું કે પહેલાંની જેમ આઠસો

બાથ લગાવી લે. તો તરત જ તે માની ગયો.

"વાઈટ ઓરચીડ" હોટલ સારી હતી. બુફે નાશ્તો હતો. જેમાં પચ્ચીસથી ત્રીસ વાનગીઓ હતી. જે મીટવાળા ચીઝ અને સુપ ન પીવે તે માટે ઈડાઓ ડબલ રોટી, ચા કોફી હોટલમા ઈન્ડીયાનો નોન વેજ સ્ટોલ પણ હતો. હોટલવાળો કહે કે નાશ્તો કાલથી મળશે આજે નાશ્તો કરવો હોય તો ૧૨૭ બાથ એક જણના. ફળો, જયુસ, સલાડ, વેજીટેબલ બીજી ઘણી ચીજો હતી. મારા પાસે કેડીટ કાર્ડ હોય તે હોટલના કાઉન્ટર પર આપ્યું તે ચાર્જ કરી લીધું અને અમો રૂમમાં જઈને આરામ કરેલ અને બપોર બાદ લંચ માટે નીકળેલ હોટલ સારી પણ ટકોડોરે જવા માટે રીક્ષા કરવી પડે તે ચાલીસ બાથ એટલે પાકિસ્તાની અને મદ્રાસી મુસ્લિમ હોટલ સુધી પહોંચી ગયા. મલબારી કેરાલા હોટલમાં ઈડલી ઢોસાની ત્યાંની સ્પેશીયલ ડીશ હતી અને રૂમાલી પરાઠા પણ ખાધા જે પણ તેમની ખાસ આઈટમ છે. તે જમી પરવારીને રોડ પર આંટાફેરા કરેલ બેંગકોકમાં ટુરીસ્ટોની ભરમાર રહે છે. અમો એરપોર્ટ પર ઉતર્યા તો એરપોર્ટ પર માણસોના ટોળેટોળા. અમે ઈમ્રીગેશન લાઈનમાં લાગેલ કેટલીય લાઈનો હતી. વીઝા વગર આવેલ માણસો એરપોર્ટ પર વિઝા મેળવી લ્યે તેમની અલગ લાઈન હતી.

પહેલાં પાકિસ્તાનીઓ પણ એરપોર્ટ પર વીઝા મેળવતા હતા. હવે અહીથી વીઝા લઈને જવાનું હોય છે. બીજી ટ્રાન્ઝીટ વીઝા એક મહીનાનો માટે વીઝીટ વીઝા ૧૫૦૦માં બે મહીનાના એરપોર્ટ પરથી ટેકસી ૩૫૦ બાથમાં મળી ગઈ.

આજકાલ ડોલરના ૩૮ બાથ મળે છે. તેમની કરન્સીની પોઝીશન મજબુત છે. એક વખતે આપણી બરાબર હતી. બલ્કે આપણા રૂપિયાના ડબલ બાથ મળતા હતા. ખેર જમી પરવારીને મોબાઈલની સીમ લીધી. મોબાઈલ ચાલુ થતાં કરાચી નંબર આપી દીધેલ એટલે ઈનકમીંગ ફ્રી હોય. ફોન આવતા અને આપણને જરૂરત હોય તો મીસકોલ મારી દઈએ રવિવાર હોય દુકાનો બંધ ખેર હરવા ફરવામાં સાંજ થઈ ગઈ. જમી પરવારીને હોટલ પર જઈને સુઈ ગયેલ.

બીજા દિવસે સોમવાર હતો અમે નાશ્તાથી પરવારીને ટેકોડોરો હોટલ ગયા. જયાં હનીફ કાપડયાની ઓફીસ છે. હબીબ મેમનનો મીત્ર પણ સાથે હતો. તેમની ઓફીસે જઈ બેઠા અને ફુકેટ જવાનું કહેલ કેમકે ફુકેટ થાઈનું બહુજ ખુબસુરત ટાપુ છે. અને રળીયામણો પણ છે. અને દરેક ટુરીસ્ટ ત્યાં જાય છે.હનીફ ભાઈએ ટ્રાવેલ એજન્ટને ફોન કરીને ફુકેટની ટીકીટ આવકજાવક કરાવી લીધી.

ટ્રાવેલ એજન્ટ મુસલમાન હતો હવે અમને નિરાંત થઈ અને બોબી માર્કેટમાં થોડી ખરીદી માટે પહોંચી ગયેલ જયાં બધું હોલસેલમાં આપણને બહુજ સસ્તુ લાગે એટલે બાળ કોના શુટ વગેરે લેવા માડેલ ત્યાં તો હનીફ ભાઈનો ફોન આવેલ કે તમારી એલએની સીટ ચાઈના એરલાઈનમાં છે જે ચાર દિવસ વધારી દેવાની મના કરે છે. એટલે તમારે ફુકેટનો પ્રોગ્રામ કેન્સલ કરવો પડશે. અમે હનીફભાઈને પટાયાનો પ્રોગ્રામ કાલનો સવાર સાંજનો કરી આપો. તેમણે ટ્રાવેલ એજન્ટને ફોન કરી એક જણના ૧૦૦૦ બાથને હીસાબે પટાયાનો

પ્રોગ્રામ નકકી કરેલ. બીજા દિવસે સવારે ટુરસ્ટિની વેન હોટલમાં આવીને અમને લઇ ગઇ.

ત્રણેક કલાકના સફર બાદ પટાયા બીચના શહેરમાં પહોંચીને થોડોક વિસામો ખાઇ લીધો. સાથે કુઝ મોટી લોંચ ઉભી હતી. તેમાં બધાયને સવાર થઇ જવા કહેલ. અમો બધાય અને થોડા બીજા સહેલાણીઓ કુઝમાં બેસી ગયા. અને પાણીના મોજાં ઉછાળતી કુઝ ચાલી.

અર્ધા માર્ગે કુઝ રોકાઇને સહેલાણીઓને છત્રીમાં લટકાવીને હવામાં ઉડવાનો લ્હાવો લેવો હોય તેમને ત્રણ ચારસો બાથમાં છત્રી તેની કમરમાં રસ્સી બાંધી દીયે અને નીચે એક નાની લોંચ હોય તેનો છેડો તેની પાસે હોય. કશ્તી ચાલે એટલે એ ભાઇને કુઝમાંથી આગળ ધકેલી દે. છત્રી ખુલી જાય અને તેમાં બેઠેલ શખ્સ હવામાં લટકીને ઉડે. લોંચવાળો રસ્સી જરાક લાંબી કરે ત્યારે એ પ્રમાણે વધુ ઉચે જાય. અને લોંચ દોડાવે. દસેક મીનીટની મજામાં ૩૦૦ બાથ લઇ લ્યે. અને બીજી એક મજા એ કે તમને કમરથી બાંધીને એવી સેટીગ કરે કે તમો પુરા સમુદ્રની અંદર આવો. તમારું માથું બહાર હોય એ કરતબના ૪૦૦ બાથ લ્યે. નવી નવી મજા માણવા લોકોનો ધસારો રહેતો.

અર્ધો કલાક બાદ કુઝ ચાલી અને એક ટાપુ પર રોકાઇ અમો બધા નીચે ઉતર્યા હવે એલાન કરેલ કે ૧૨ વાગે જમવાનું છે. જેમાં વેજીટેબલ સાલન, ચાવલ અને માછલી અને ઝીંગા હતા. અમો ચાર મુસલમાન હતા. તેઓનો ખોરાક અલગ હતો. બીજા બધાયને શું હતું એ ખબર નહી.

સમુદ્ર કાંઠે આરામ ખુરસી કાપડની સીટવાળી હતી. જેના ૨૦ બાથ ભાડુ જેટલી પણ વાર બેસો તો બેસવા માટે ખુરસી લેવી જરૂરી હતી. અમે પણ એક એક ખુરસી લઇ લીધી. અને લાંબા થઈને બેઠા. ત્યાં ઘણી બધી વસ્તુઓ વેચનારા આવે એક છોકરો ચામડાના પર્સ, બેગ અને પાટલુનના બેલ્ટ લઈને નીકળેલ. તે મારી પાસે આવ્યો તો મેં બેલ્ટનો ભાવ પુછયો. તેણે ૫૦૦ બાથ બતાવેલ. મેં પહેલાં પણ એક બેલ્ટ અહીથી ખરીદ કરેલ હતો. એટલે મેં તરતજ ૧૦૦ બાથમાં માંગી લીધેલ. તે છોકરાએ વધુ રકઝક કર્યા વીના આપી દીધેલ વધુ વાત કરતાં ખબર પડી કે તે છોકરો બલ્કે યુવાન મુસલમાન હતો. જેની ખાત્રી કરાવવા અલ્હમ્દો અને કલ્મો પઢીને સંભળાવેલ. ખેર ઘણા સહેલાણીઓ પોતપોતાની રીતે મગ્ન હતા. કોઇ સમુદ્રમાં ડુબકીઓ મારી રહ્યો હતો તો કોઇ ફોટોગ્રાફી કરતો હતો. કેટલાક લોકો સ્વીમીંગમાં મગ્ન હતા. ખુલ્લી હવાની લહેરો અનેસમુદ્ર કાંઠો એટલે વખત પસાર થઇ ગયેલ. પાછા ફરવાની જાહેરાત થઇ એટલે બધા તૈયાર થઇને લોંચમાં બેઠા. કાંઠે પહોંચીને થોડાક આરામ બાદ વેનમાં બેસીને પાછા રવાના થયા માર્ગમાં હીરાના પહાડો પાસે એક મ્યુઝીયમ પાસે ગાડી રોકાઇ ગઇ અને સૌને મ્યુઝીયમમાં આવવાનું આમંત્રણ આપેલ. માન સન્માન સાથે મ્યુઝીયમના વ્યવસ્થાપકોએ આવકાર આપીને ઠંડા પીણાની ઓફર કરી. કાઉન્ટર પર કોકાકોલા હતા. એટલામાં એક ટ્રેન આવી ગઇ. અમને બધાને એમાં બેસાડી દીધા, અંધકારભર્યા ભોંયરામાંથી ટ્રેન પસાર થવા લાગી. માર્ગમાં પહાડો પર લાઇનો હતી

જેમાં આપણને માણસો કામ કરતા દેખાય. અમુક ડમી માણસો પણ હતા. ટ્રેન પણ થોડીક આડી અવળી એડવેન્ચર ટાઈપથી પસાર થઈ એટલે મનોરંજન પણ મળે.

હવે પહાડોમાંથી પસાર થઈને એક મોટા હોલમાં આવીને ટ્રેન રોકાણી સૌને ઉતરવાનું કહેલ. ઉતરતાંજ જોયું કે હોલમાં ઘણા બધા શો કેસ ગોઠવેલા હતા. હીરા મોતીની અંગુઠીઓ અને ઝવેરાતના બીજા સંખ્યાબંધ સેટ મોજુદ હતા. દરેક સહેલાણી સાથે એક સેલ્સમેન કે સેલ્સ ગર્લ લાગી જાય અને અંગુઠી વગેરે બતાવીને કહે કે આ તમારી મેડમ માટે બહુજ સારી છે. કિંમત ફકત ૨૦૦૦ બાથ, ઘણા જણાએ ખરીદી કરી.

અમારી સાથેના મેમણ ભાઈએ પણ ૧૫૦૦માં એક અંગુઠી લીધી. અને હોલમાંથી બહાર નીકળ્યા તો સોફા સેટ વગેરે પર બેસાડીને ચા કોફીની પીવા માટે ઓફર કરી, ચા કોફી પીધા પછી બધા ફરી બસમાં સવાર થયા અને લાગ્યું કે ધંધો કરવાનો સરસ કીમીયો હતો. અમે મોડી સાંજે સીધા રેસ્ટોરન્ટ પર ઉતર્યા હયદર રેસ્ટોરન્ટ પાકિસ્તાની છે અને હયદર ભાઈ અને તેના પુત્ર વગેરે મળતાવડા સ્વભાવના. ગ્રાહકી ચાલુ જ હોય. અને હોટલ પર ઘરે પણ ઓર્ડર પણ પહોંચાડી દેતા હતા. ખાવાનું પણ આપણા ટેસ્ટ મુજબ અને હોટલ પાકિસ્તાની હોય એટલે ખાવાની અને બેસવાની મજા પડે. બીજા દિવસે હનીફ કાપડીયાની ઓફીસે ગયેલા, બેત્રણ વખત તેમની પાસે ગયેલ પણ તે બહુ મસરૂફ હોય, પરંતુ અમને સારો આવકાર આપે તેમનો હીરા અને બીજા ઝવેરાતમાં લગના પત્થરોનો (સ્ટોનનો) કારોબાર હતો. દર શનીવારે બેંગકોકથી થોડે દુર એક માર્કીટ હોલ બનેલ હતો ત્યાંના મેમ્બર પાસે કાર્ડ હોય ત્યાં ગ્રાહક બેસી જાય અને તેની આડતમાં માલના સોદા થાય, દલાલ સેમ્પલ લઈને આવે અને સોદા થાય તો લખત વગેરે થાય અને જે માલ લીધેલ હોય તેની થેલી ઉપર સહી સીક્કા પણ થાય, સીદ્દીક ભાઈ કહે અમને ૧૪ ટકા કમીશન મળે અને ૯ ટકા ગ્રાહકને કાપી દઈએ, પેમેન્ટ પણ અમારે કરવી પડે ગ્રાહક અમને આઠ પંદર દિવસે આપે. તેમ ચાલ્યા કરે.

હયદર ભાઈની હોટલમાં પણ અમને લંચ માટે લઈ ગયા હતા એમ બીજા દિવસે સવારે ૧૦ વાગે એરપોર્ટ પર પહોંચી ગયા. સામાનની ખરીદી થઈ ગઈ હોય ચાઈના એરવાળા વજન બે જણના ચાર પેટી ૩૨ કીલોના હીસાબે છોડે. વધારે સામાનના પૈસા માગે ઘણી માથાકુટ છતાં જરા પણ નમતું આપેલ નહી. છેવટે નવ હજાર બાથ ભરીને સામાન લગેજ કરાવ્યું. એક વાગે ચાઈના એરલાઈનની ફલાઈટ હતી. જે ચારેક કલાકમાં ટાઈપેઈ પહોંચી જે તાઈવાનનો બીજો શહેર છે ત્યાં પહોંચાડી દીધેલ.

એરપોર્ટ લાજવાબ પ્લેનથી ઉતરીને આપણે આગળ વધીએ તો કાચ લાગેલા જમાંથી શહેરની ખુબસુરત ઈમારતો અને રોડ તથા બીજી સુંદર વસ્તુ જોઈને લાગે કે શહેર જોવા જેવું હશે. ખેર એરપોર્ટ હતો એટલો સરસ અને મોટો કે આપણને લાગે કે બહુજ મસરૂફ એરપોર્ટ હશે પણ બહુજ ઓછી આવક દેખાઈ અમારી એલએની ફલાઈટ બીજા ટર્મીનલ પર હતી. એટલે ત્યાં નાની ટ્રેન આવી અને સીધી બીજા ટર્મીનલ પર લઈ ગઈ. જયાં વેઈટીગમાં બેઠા. ચાર કલાક બાદ ફલાઈટ હતી. પણ આઠ કલાક પણ હોય તો કોઈ એર લાઈન તરફથી ચા

નાશ્તાનું પુછે નહી. અમારી સાથે એક પાકિસ્તાની હતો જેની પત્નિ ચાઈનીઝ જેવી લાગતી હની તેની એક બાળકી હની. જેને આખો માર્ગ ભાઈ સાહેબે સંભાળેલ મેં તેમને પુછયું કે તમારું એકજ બાળક છે તેણે કહયું કે અમો જયાં રહીએ છીએ ત્યાં એક જ બાળક પેદા કરી શકાય છે. તે ચાઈના છે. હવે તાઈવાન હોય કે ચાઈના હોય એ હું ચોક્કસ સમજી ન શકયો ખેર ચાર કલાક પસાર થઈ ગયા અને અમારી અસલ મંઝીલ માટે ફલાઈટ તૈયાર હતી. જેમાં સવાર થઈ ગયા. અને લાંબો સફર મેં ઈન્ટફ્રન્ટ સીટ, જેની આગળની સીટ હોય છે. અને તેની આગળ બીજી કોઈ સીટ નથી હોતી. નાનું બાળક જેની સાથે હોય છે સીટ એરલાઈનવાળા તેને આપે છે. તે સીટની સામે પાર્ટીશનમાં ઝુલો લગાવી શકાય છે અને પેસેન્જર ન હોય તો ખાલી સીટ થઈ જાય છે. તે સીટ પર હું નજર જમાવી બેઠો હતો. જેવો વિમાનનો દરવાજો બંધ થયો કે હું આગળની સીટ પર બેસી ગયો અને જરાક પગ લાંબા કરવાનું મળી ગયેલ હવે વાંધો નહી આવે. જેમ તેમ કરીને ૧૧ કલાક પસાર કરવાના હતા. પ્લેન પ૦૦ પેસન્જરોનું. એક લંચ આપેલ અને એક નાસ્તો આપેલ. તાઈવાનને અમેરીકાનો આર્શીવાદ હોઈ તરક્કી કરી ગયેલ છે અને ચાઈના એરલાઈન નામ અંગે પણ વાંધો હોય તો પણ દાદ દેતા નથી.

ખેર અલ્લાહ અલ્લાહ કરીને એલએનો એરપોર્ટ આવેલ વીમાન રોકાતા જલ્દી ઉતરીને ઈમીગ્રેશન લાઈનમાં લાગી ગયેલ જલ્દી પહોચી ગયેલ એટલે તરતજ વારો આવી ગયેલ ખાસ કંઈ પુછપરછ કરી નહી અને એક મીનીટમાં છ મહીના રહેવાના વીઝા લગાવી દીધા. સામાન લેવા લગેજ બેલ્ટ પર નંબર જોઈને ૮ નંબર બેલ્ટ પર પહોંચી ગયા. હબીબ ભાઈના પુત્રો અને બીજા સ્નેહીઓ આવી ગયા હતા. ત્યાં અંદર આવવાની છુટ હોય છે. સામાન આવેલ તો ઉચકીને ટ્રોલી પર રાખેલ અને બહાર મોટી વેન મોજુદ હતી તેમાં બેસાડીને અમને ઘર તરફ લઈ ગયેલ, રોડ અને માર્ગો બહુજ સાફ સુથરા અને આપણા મોટર વે જેવા રોડ, ચાર પાંચ ટ્રેક હોય એટલે ગાડીમાં જરા પણ ઝટકો કે ધક્કો આવે નહી આરામથી ઘરે પહોંચી ગયા.

બહુ લાંબી વિમાનની મુસાફરી હોઈ, બંધીયાર બેસીને થાકેલા હતા. થોડુંક આરામ કરી નાહી ધોઈને થાક ઉતાર્યો તો ડીનર તૈયાર હતું જમવા બેસી ગયા અને જમી થોડીક વાત ચીત કરીને સુઈ ગયા. સવારે નાશ્તાથી પરવારી ગયા. હબીબભાઈના પુત્રો ફહીમ અને નઈમ, ફહીમ બહુજ એકટીવ અને વાતોડીયો કહે કે અંકલ તમો થાકેલા છો આજે જરા હળવા હરવા ફરવાનું રાખશું કાલે તમને યુનિવર્સલ સ્ટુડીયો લઈ જઈશું.

ઘરની પાસે એક મોટી યુનીવરસીટી હતી. સી–સન યુનિવરસીટી કેલીફોર્નીયા સ્ટેટ યુનિવરસીટી. જયાં આપણા માજી વડા પ્રધાન ભુલે સાહેબે તાલીમ લીધી હતી અને હાલમાંજ બેનઝીર ભુલેને ત્યાં લેકચર આપવા માટે બોલાવેલ હતી અને ત્યાં લેકચર આપી આવી હતી. પછી ગાડીમાં ડાઉન ટાઉન તરફ ગયા. એક સ્ટોરમાં ગયા કોસ્કો નામના સ્ટોરની ચેઈન પુરા અમેરીકામાં છે અને દરેક વસ્તુ વ્યાજબી ભાવે મળી જાય, અને નવીનતા એ કે વાર્ષીક ૪૫ ડોલરના મેમ્બર બનો અને જોઈતા કાર્ડ બનાવી દેવાય તોજ આ સ્ટોરમાં ખરીદી માટે જઈ

શકો ફાલતુ માણસ અને મેમ્બર વીના કોઇ અંદર જઇ શકે નહી. અલબત્ત મેમ્બર સાથે જઇ શકાય.

સ્ટોરમાં ચક્કર લગાવીને આગળ ઇન્ડીયા પાકિસ્તાની દુકાનો હતી. ત્યાં ગયા. એક દુકાન બંગાળીની હતી. તેના પાસે ઇમીટેશન જવેલરી સેટ ઘડીયાલ સાથે નવ ડોલરમાં લીધા તેણે કહેલ કે પહેલાં અમે ઇસ્માઇલી ભાઇ પાસેથી લીધેલ હતો. તેણે કહેલ કે અહી ઇસ્માઇલી ભાઇઓની ૧૫ દુકાનો છે. ખેર આ વિસ્તારમાં કાળા (અમેરીકનો) ચરસી ગંજેરી જેવા ઘણા બેઠા હતા. બંગાળીને પુછતાં તેણે કહેલ કે આ લોકો ઘરબાર વગરના છે અને તેઓ કંઇક સરકાર તરફથી હપ્તો મળે છે (વીકલી એલાઉન્સ) અને કંઇક આ કાળા લોકો પાસેથી માંગી લ્યે છે.

ગાડીઓનો પાર્કીંગ લોટ છે ત્યાં રાતે તેઓ સુઇ જાય છે એ લોકોનીજીંદગી આવી રીતે જ નીકળી જાય છે. આમ દુકાનો, સ્ટોરો, બજારો અને મોટી બીલ્ડીંગો વગેરે જોઇ આજનો સમય પસાર કરેલ. મજા આવી. મોસમ પણ ઠંઠો હતો. રાતે ઘેર પહોંચી ગયા. ખાણું ખાધું. જે લોકો વિદેશોમાં રહે તેમની દેશી વસ્તુઓ ખાવાની ઇચ્છા ઔર વધી જાય છે. એટલે દરેકના ખાણાના ટેબલ પર અથાણું પાપડ કાળી મરી લીલી જે ત્યાં ઇન્ડીયા સ્ટોર પરથી મળ એટલે દેશી ચીજો દરેક ઘરમાં હોય.

રાતના ખાણા પછી બીજા દિવસે હોલીવુડ જવાનું પ્રોગ્રામ બનાવેલ. યુનિવરસલ સ્ટુડીયોની ટીકીટ ઇન્ટરનેટ પર લઇ લીધેલ મારા ખ્યાલથી ૬૦ ડોલરમાં પુરા વરસની ટીકીટ લેવાય છે. સવારે નાશ્તા વગરેથી પરવારીને હોલીવુડ રવાના થયા માર્ગમાં તો કયાંય રોકાણ નહી અને સીધા યુનિવરસલ સ્ટુડીયો ગયેલા.

ગેટ પર કોમ્પ્યુટર લેટર બનાવીને અંદર દાખલ થયા તો અમારી આઇ.ડી. ચેક કરી પાસપોર્ટ અને વીઝા ચેક કર્યા બાદ અંદર જવા દીધા અને અમને એક એક નકશો આપી દીધો સૌથી પહેલાં પાસ બનાવાના હોલમાં ગયા ત્યાં પાસપોર્ટ દેખાડીને ૨૦૦૬ સુધીનો પાસ બનાવી લીધેલ ત્યાં જ ફોટો પણ ખેંચાવવાનો અને ફોટોવાળી આઇ.ડી. બનાવી આપેલ. એટલે બીજો કોઇ અમારા બદલે ન જઇ શકે આઇ.ડી. બનાવીને અમે આગળ વધ્યા તો એક હોલ આવેલ. જેમાં એનીમલ પાળેલા જાનવરો, પક્ષીઓનો ખેલ થતો હતો. તેનો વખત થઇ ગયો હતો.

થોડીકવાર સુધી ત્યાં અંદર જઇને બેસી ગયા બકરી, કુતરા, વાંદરા અને જાત જાતના પશુપક્ષીઓનો ખેલ શરૂ થયેલ પાળેલા જાનવરો વિવિધ કરતબો કરી બતાવેલ. અને પ્રેક્ષકોએ ખુબજ દાદ આપી. પરંતુ અમો અર્ધા કલાક બાદ બહાર નીકળી આવ્યા. બહાર નીકળીને એક રેલ (ટ્રેન)માં બેસી ગયા. જે મમ્મીઓ (મડદાઓના વૃંદો) અને ભોંયરાઓમાંથી પસાર થાય. વિવિધ ભયભિત કરી દેતા ડરામણા અવાજો આવે અને ગાડી પણ વાંકી ચુકી થઇ જાય અને ઊંચાઇથી નીચે આવી પડે. એટલે મોટી ઉમરના માણસોના હાડકાં ખોખરા થઇ જાય ત્યારબાદ કોઇ એવા પ્રકારના ઝુલા અથવા કોઇ બીજી વસ્તુમાં હું બેઠો નહી. એક નાની

રેલ્વે ગાડી અવળી થઈને ઉપરથી ૮૪ ફુટથી રાઈડ કરે જેમાં હરખથી માણસો અને બાળકો બેસે.

આ દુનિયાનો મોટામાં મોટો અને જુનો સ્ટુડીયો છે. ત્યાં ઘણી જાતના સેટ લાગેલા હતા. 'વોર ઓફ ધી વર્લ્ડ'નો સેટ, મશહુર કાર્ટુનોના સેટ, ગેરીલા ડ્રોકયુલા અને બોમ્બ વર્ષાના સેટ, એવી તો ઘણી જગ્યાઓ જે વિવિધ ભાતના સીન ઝડપવા બનાવેલી હતી. જેક એન્ડ વેલવુડ બેન્ડ હતો. સ્ટુડીયામાં બે ડબ્બાની ગાડીમાં જોકર નાચતા હોય તે મ્યુઝીક ચાલુ હોય એટલે બધાયનો ધ્યાન ખેંચાય, ખેર ત્યાર બાદ એક સીનેમા થીએટર આવેલ થ્રી.ડી. ફીલ્મ જોવા અંદર ગયા આ પુરા સ્ટુડીઓમાં દરેક જગ્યાએ ફ્રીમાં જવાનું કોઈ પણ શોના પૈસા આપવાની જરૂરત નહી.

ખેર થીએટરમાં અંધારૂં થયું ફીલ્મ શરૂ થઈ બહારથી અમને એક એક ચશ્મા આપી દેવામાં આવ્યા હતા. એટલે ચશ્મા ચઢાવીને ફીલ્મ જોવા બેઠા હવે થ્રીડી પીકચરની ખુબી એ કે ફીલ્મમાં કોઈ પત્થર ફેંકે તો આપણને એવો અભાસ થાય કે પત્થર આપણી ઉપરજ આવી રહયો છે. કોઈ છલાંગ લગાવે તો આપણને એમ લાગે કે આપણી ઉપર આવશે. ફીલ્મમાં ધરતિકંપનો સીન આવે તો આપણી સીટમાં પણ ધ્રુજાઈ પેદા થઈ જાય અને પછી એક પાઈપથી પાણી અમારા તરફ ફેંકેલ તો સાથે જ પાણી અમારી ઉપર ઉડેલ અને કપડાં થોડા પલળી પણ ગયા આવી બધી અવનવી રીતો, નવીનતા સાથે દ્રશ્યો બહાર નીકળીને ટોકરા પડયા હોય તેમાં દરેક જણ ચશ્મા ફેંકી દે.

મને યાદ છે કે કરાચીમાં થ્રી.ડી. ફીલ્મ લાગી હતી. તો ચશ્મા આપેલ થોડા અઠવાડીયામાં ચશ્મા અર્ધા જેટલા ઓછા થઈ ગયા અને ફીલ્મ ફેલ થઈ ગઈ તે બાદ થ્રીડી ફીલ્મ આવી નહી.

યુનીવરસલ સ્ટુડીઓમાં જોવા લાયક ૭૪થી વધારે વિભાગો જેમાં ફીયર ફેકટર, (ડરામણો વિભાગ) એનીમલ પ્લાન્ટ (પશુઓનો ઉચ્છેર) બેક ટુ ફયુચર રાઈડ (ભવિષ્યની મુસાફરી) સ્ટુડીયો ટુર, બ્લાસ્ટ, ઝોન, વેન હેલ્સીંગ ફ્રોર્ટસ ડ્રાકુલા (ડ્રાકુલા કીલ્લો) વોટર વર્લ્ડ, (પાણી જગત) ફીલ્મમાં દેખાડવામાં આવતા સ્પેશીયલ ઈફેકટમાં બ્લેક ડ્રાફટ, રસવેન્જ ઓફ ધી મમ્મીના સેટ, જસીક પાર્ક, ટર્મીનલો, ઉપરાંત સોવીનીયરો, રમકડા, યુનિવરસલ કલોથસ, ફીલ્મ કેમેરા સપ્લાય, મુવી કલેકટેબલ્સ, આર્ટસ એડ બાફસ, તથા ખાવા પીવાની ઈન્ટરનેશનલ આઈટમો વગેરે વિવિધ પ્રકારના આકર્ષણો છે. જે ખરેખર જોવા લાયક છે. અને દર્શાવે છે કે ફીલ્મ જગતનું આ સ્ટુડીયો કેટલું વિશાળ અને વૈભવશાળી છે. ખેર મેં અત્રે ટુંકમાં વર્ણન કર્યુ છે જો કે એ આધુનિક દુનિયાની વિશાળતા વિસ્તૃત જાણકારીનો પાત્ર છે.

ખેર અમે સ્ટુડીઓનો ચક્કર લગાવીને થાકી ગયા. તો ચારેક વાગે બહાર નીકળીને ગાડીમાં બેસી ઘરે આવી ગયા.

બીજા દિવસે જુમ્આ હોઈ અમારે જુમ્આની નમાઝ માટે જવું હતું હબીબ ભાઈ પહેલાં પણ રહી ગયા હોઈ એક મસ્જીદમાં એમના ઓળખીતા ઘણા હતા ત્યાં નમાઝ પઢવા જવાનું થયું પહેલે માળે મસ્જીદ હતી અને નીચે નાઈટ કલબ હતી. જે દિવસે શાંત હોય અને

રાને ધમાલ રહે.

નમાઝમાં મેમણ ૧૦થી૧૫ દેખાયા અંતે હબીબ ભાઈથી મુલાકાત કરેલ એક ભાઇ યાકુબ પણ હતા. જેમને સ્ટેટની લોટરી લાગી હતી. ૩૦ મીલીયન ડોલરની તો એક સાથે લ્યો તો ૩૦ ટકા રાખીને આપો અને વર્ષના એક મીલીયન લ્યો તો પુરા મળે તો યાકુબભાઈ વર્ષના એક મીલીયન લેતા હતા. પણ મસ્જીદની જગ્યા લેવાનું શરૂ શરૂમાં બહુજ જોશ હતો હવે ઠંડા પડી ગયા છે. તો આ જગ્યા નીચે કલબ અને ઉપરની જગ્યા ખરીદાઈ ન લેવાય ત્યાં સુધી મુનાસીબ નથી.

અમેરીકામાં બધાયને લોટરીનું ઘેલું લાગેલું છે આ વખતે એક બે હપ્તાથી કોઈને લોટરી લાગેલ ન હોઈ ૨૫૦ મીલીયન સુધી પહોંચી ગયેલ છે.

૧ ડોલરની ટીકીટ મનમાં લાલચ આવી જાય પરંતુ લાલચને અંકુશમાં રાખીને, રોકીને અમોએ ટીકીટ લીધી નહી લોકો ૧૦૦થી હજાર સુધીની ટીકીટો ખરીદે છે. એવી રીતે મફતમાં કરોડપતિ બનવાની લાનત લાગેલ છે.

બીજા દિવસે એક મિત્ર અસર અને મગરીબ પઢવા એક શાનદાર મસ્જીદમાં લઈ ગયેલ જે અરબોએ બનાવી હતી. હીટર અને એસી. વઝુ પાણી વગેરેની ઉત્તમ સગવડ હતી. ખબર પડી કે ફીલીસ્તીની અરબોએ મસ્જીદ બનાવી છે. મેં કહયું કે આ તો બીચારા આપણને કંગાળ હાલતમાં દેખાય છે. અને આ લોકો તવંગર છે.

એ ભાઈએ જવાબ આપ્યો.

"હાજી સાહેબ! પૈસાપાત્ર ફીલીસ્તીનીઓ પહેલાં જ નીકળીને અહી આવીને વસી ગયા છે."

એ ભાઈ જાવેદ હતા. જેમને ત્યાં રાતના દાઅવત હોઈ અમને અસર અને મગરીબની નમાઝ પઢાવીને પોતાના પેટ્રોલ પમ્પ અને સ્ટોર પર બતાવ્યા પછી પોતાને ઘેર લઈ ગયા.

અમે ઘરે પહોંચ્યા તો તેમના માતાજી મોજુદ હતા. અને તંદુરસ્ત હતા. પાનદાન લઈને બેઠા હતા તેઓ મારી સાથે વાતોએ વળગ્યા તો માજી પાકા અકીદાના સુન્ની દરેક નીયાઝ નજર વગેરેમાં માને અને જોશથી વાતો કરે. અને નહી માનનારાઓ પર નારાજગી દર્શાવે મને સમજ આવી ગઈ કે તેમનો પુત્ર જરાક અકીદામાં આડ અવળો થઈ ગયો હોઈ તેને સંભળાવવા બધું બોલતા હતા. દાવત બહુ સારી હતી. માજીએ મને મોહબતથી આપણી કાઠીયાવાડી ઢબે પાન ખવરાવતા અને કહેતા કે પાન ખાઈને હાજી સાહેબની રૂહને ખુશ કરો તેમના પતિ કદાચ પાન બહુ જ ખાતા હશે.

એક વાત સાફ દેખાઈ હતી કે તેમને હાજી સાહેબથી અનહદ મોહબ્બત હતી. ખેર ખાઈ પીને ગપસપ કરીને ઘેર પહોંચયા બીજા દિવસે શહેરમાં હરીફરીને વળી હોલીવુડ સીટી પહોંચી ગયા જયાં રહેણાંક વિસ્તારમાં સૌથી મોંઘો ઈલાકો જોયો બ્રેલવી હીલ પણ જોયો.

ત્યાં એક કબ્રસ્તાન પણ હતો જેમાં અમેરીકાના માજી પ્રેસીડન્ટ રેગીન બીજા શહેરમાં મરી ગયેલ પણ કદાચ ફીલ્મી દુનિયા સાથેના તેનો સંબંધ હોઈ અત્રે એને દફનાવવા લઈ

આવેલા આપણા ઈમરાન ખાનની કહેવાતી પ્રેમીકા સીના વાઈટ પણ એજ કબ્રસ્તાનમાં દફન છે.

બીજા દિવસે સેન્ટ ડીયાગો જવાનુ નક્કી કરેલ ત્યાં હબીબ ભાઈના જમાઈ રહે છે. ૩૦૦ કીલો મીટર દુર બીજા દિવસે આરામથી લન્ચ કરીને બહાર નીકળેલ તો આઠ વાગે એન્ડીયાગો પહોંચી ગયા. સીધા અમને દાવત હતી. ત્યાં ગયા, હબીબ ભાઈના સાળા યુસુફભાઈને ત્યાં પહોંચી ગયા યુસુફભાઈના ઘરનો પકવાન વખણાય એટલે પહેલી દાવત ત્યાં જ રાખેલ એમણે પાંચ છ ડીશો પકાવી લીધેલ હતી. હવા પાણી ત્યાં સારો ઠંડી પણ સારી જેવી.

મેં પહેલેથીજ એલએમથી સ્વીટર, ટોપી ગરમ અને હાથના મોજા લઈ લીધા હતા. સમુદ્ર પણ અહી હતો. નેવી પોર્ટ, એરફોર્સનું અને ફોજી મથક પણ ગણાય અમેરીકાનો બીજો અથવા ત્રીજો ખુબસુરત શહેર છે અને આબાદી પણ કરાચીથી થોડી ઓછી હશે. રાતે રીઝવાન ભાઈ જે હબીબભાઈના જમાઈ બહુજ ખુબસુરત અને ફર્નીશડ ફ્લેટ ૧૭૦૦ ડોલર ભાડામાં જેમાં વિજળી અને પાણીનું બીલ ભાડુતે ભરવાનું બાકી સેનટેનન્સ ફ્લેટોની વચ્ચો વચ્ચ માલીકની એક ઓફીસ જે પણ કામ હોય તે થઈ જાય વચ્ચમાં સ્વીમીગ પુલ ભાડું આપણને વધુ લાગે પણ ત્યાંના હીસાબે બહુજ સારો.

ખેર બીજા દિવસે ડાઉન ટાઉનમાં ચક્કર લગાવેલ અને સમદ્ર કાંઠે ગયેલ જયાં સારા જેવી રોનક હતી. ત્યાં નૌકા વિહારનો પણ બંદોબસ્ત હતો. જેની ૨૦ ડોલર ટીકીટ હતી. અમે આઠ દસ જણ હોઈ તે લોકોના આગ્રહ છતાં અમે ના કહી એટલે બહારથી ચક્કર લગાવ્યો. જયાં એક ઈન્ડીયા સ્ટાર નામે મોટી સ્ટીમર ઉભી હતી. જે વખતે ઈન્ડીયા પર અંગ્રેજોનું રાજ હતું તે વખતની જુની સ્ટીમર હતી. ઘણી મોટી હતી. તે સિવાય એક સબમરીન ઉભી હતી. ત્યાં ફોટો લેવાનું મન થયું પણ મનાઈને હીસાબે ફોટો લેવા દેતા નહતા. બાદમાં એક ઓફીસરને પુછેલ તો કહે જરૂર લ્યો પછી અમે સારા દ્રશ્યોના ફોટા લીધા. એમ પણ ત્યાંના દ્રશ્યો ઘણા રળીયામણા હતા. પણ ડીસ્પોઝેબલ કેમેરો હતો. તેના ફોટા બધા ખરાબ થઈ ગયા. પરંતુ બીજા કેમેરાથી ખેંચેલ તસ્વીરો સંગ્રાહી ગઈ ત્યારબાદ એક મોટો જહાઝ જે દસથી બાર માળ નો હશે. ત્યાં લાંગરેલો ઉભો હતો. તેને માલુમ કરતા જાણવા મળ્યું કે એ રાઉન્ડ વલર્ડ' વિશ્વ પ્રવાસે સહેલાણીઓને લઈને નીકળેલ છે. દરેક સાત દિવસ પણ એક જગ્યાએ એક એક દિવસ રોકાય છે અને સહેલાણીઓને શહેરમાં જવા આવવાની છુટ મળે.

માલુમ કરતાં જાણવા મળ્યુ કે પુરી પૃથ્વીનો ચક્કર લગાવતા આઠ મહીનાનો સમય લાગે એટલું વધુમાં જાણવા મળ્યું કે જહાઝમાં દરેક સગવડ મોજુદ છે. જે એક નાના શહેરમાં હોય છે જીવન જરૂરીયાતની બધી જ ઉપલબ્ધી સીનેમા તેમજ મનોરંજનની સગવડ તો છે જ સાથે સાથે ખાવા પીવાની ઉમદા ગોઠવણ અને ખબર ન પડી કે ખર્ચ કેટલો ૫૦ હજારથી એક લાખ ડોલર અંદાજે ખર્ચ હશે. કારણ કે તેમાં કેબીનોનો વર્ગ હોય છે. એક કેબીન એવી હોય કે જેમાં કોઇ બારી ન હોય, ખાલી દિવાલ હોય બીજી એક ફીકસ ગ્લાસ રાઉન્ડ પુરતી ખીડકી બીજી એવી જેની ખીડકી ખુલે નહી એવી ચોથી ઝુકાવાળી, જહાઝ અત્યંત આકર્ષક

અને દરેક વસ્તુ સામગ્રીથી સજજ, ખેર વખત અને દોલત તથા હિમત હોય એજ એટલો લાંબો પ્રવાસ કરે.

નૌકાદળનું એક આધુનિક શસ્ત્રોથી લેસ યુધ્ધ જહાઝ ઉભું હતુ. એવા તો ઘણા જહાજ અને શોનક હતી પણ સાંજ થતાં શરદી લાગવા લાગી એટલે ઘર તરફ રવાના થયા બીજા દિવસે સી વર્લ્ડની ટીકીટો ઈન્ટરનેટ પર બુક કરાવી હતી. સી વર્ડ સેન્ડીયાગોથી નજીક પડે એટલે સેન્ડીયાગોના નાશ્તાથી પરવારીને નીકળ્યા. સીવર્લ્ડની વીધી હોઇ યુનિવરસલ સ્ટુડીયોની જેમ ઓળખ પાસપોર્ટ જોઇ અંદર જવા દીયે.

અંદર દાખલ થઈ પહેલાં આઇ.ડી. બનાવવાના હોલમાં ગયા કેમેરા મોજુદ હતા છતાં ફોટો ન લીધો અને આઇડી કાર્ડ બનાવી આપેલ ૨૦૦૬ સુધી ગમે ત્યારે જઈ શકાય આનો એક લાભ એ કે બીજી વખત બીજો કોઇ માણસ પણ જઈ શકે સીવર્ડ પણ એકથી એક માછલી, સમુદ્રના પ્રાણી જીવન અને ખાસ ખાસ વિસ્મતાઓ માટે બનાવવામાં આવેલ છે.

એક થીએટરમાં ગયા ત્યાં ડોલફીન માછલીનો ખેલ હતો ડોલફીન માછલી કેળવાયેલી હોઇ અવનવા ખેલ રજુ કર્યા ટ્રેનરને ઇશારે માછલી વર્તન કરે. ટ્રેનર ડોલફીન પર સવારી કરે જેવી રીતે ઘોડે સવારી કરાય છે. ડોલફીનના મોઢામાં બે પગ રાખીને પુરા તળાવ (મોટા પુલ)માં ટ્રેનર ચક્કર લગાવે એવા અવનવા કરતબો કરીને પ્રેક્ષકોને મનોરંજન પુરો પાડે.

બીજી એક હોર્સ માછલી જે પણ ડોલફીનની જેમ મોટી ગાય જેવી તે માછલી અને તેના ટ્રેનરે પણ ઉમદા કરતબો બતાવેલ અને તમાશબીનોની ભરપુર દાદ મેળવેલ ત્યાં હોડીઓમાં પણ બેસીને પણ લહાવો લેવા જેવો એક હોડી તો ખુબ ઊંચેથી રાઇડ કરે જે પાણીના ધોધની સાથે સોએક ફુટ નીચે પાણીમાં લપસીને નીચે પડે તે જોવાની અને બેસવાની મજા ઔર જ હોય પણ મેં તેમાં બેસવાનું મુનાસીબ ન સમજયું. એટલે આવી સાહસીક રમતોમાં ઉમરના હીસાબે મારી હિંમત વધી નહી. ત્યાર બાદ એક સથળે બરફના પહાડ વચ્ચે એક હેલીકોપ્ટરમાં બેસાડે અંધારૂં કરીને ફીલ્મ ચાલુ કરે. અને હેલીકોપ્ટરનું હલન ચલન પણ ચાલુ થાય. પરંતુ તે હોય એક જ જગ્યા પર ખેર જે હોલીકોપ્ટરમાં ન બેસો તે બરફના પહાડ જામેલા શોકેસમાં બરફમાં રહેલ જાનવરો અને બીજા ન્યુઝીલેન્ડથી લાવેલા પક્ષીઓ જે બરફમાં રહે છે. તે જુએ.

બધું અવનવું, કુદરતની અજાયબીઓ એક હોલમાં ગયા ત્યાં એક સાર્ક માછલીઓ ત્રણ તરફ ગ્લાસ બંધ આજુબાજુ અને ઉપર આપણે નીચે ચાલતા જઈએ આપણી જમણે ડાબે અનેઉપર શાર્ક માછલીઓ આંટા મારતી હોય. એવા અવનવા પ્રયોગો જોયા. મનોરંજનના બીજા સાધનો પણ ઘણા બધા સટોલો અને શોરૂમ તથા ખાવા પીવાના પણ ઘણા સટોલો આવું બધું જોવામાં સાંજ પડી ગઇ અને અમે પાછા ઘર તરફ રવાના થયા.

'સીવર્લ્ડ' એડવન્ચર પાર્ક એ આ મનોરંજન સ્થળનું નામ, જેમ સાન ડાયગોમાં આવેલું છે. જેમાં લગભગ પચ્ચીસ જેટલા સ્થળો છે જયાં જગતભરમાંથી લાવીને માછલીઓ તથા સમદ્રી, પ્રાણીઓ રાખવામાં આવ્યા છે. જેમાં ચાર આંખવાળી માછલી પણ એક

વિશિષ્ઠતા છે. 'સીવર્લ્ડ' નોન સ્મોકીંગ પાર્ક છે. જયાં ધુમ્રપાન કરવાની પાબંદી છે. અને મુખ્ય ગેટ પર વ્હીલચેર પણ ભાડે મળે છે.

સીવર્લ્ડ પાર્કમાં મને યાદ રહી ગઈ છે. તે મુખ્ય જોવા લાયક વસ્તુઓ હન્ટેડ લાઈટ હાઉસ, એટલે ભુત્યો લાઈટ હાઉસ કે દીવાદાંડી, ફ્રેશવોટર એક યુરીયમ (માછલી ઘર), શાર્ક એનકાઉન્ટર, સીલાયન સ્ટેડીયમ, ડોલફીન સ્ટેડીયમ, સ્કાય ટાવર (આસમાની મીનારો), હાઈડ પુલ, દરીયાડ ભરતીનું સ્ટેડીયમ, શામુ સ્ટેડીયમ, (માછલીઓના અવનવા કરતબો) જર્ની હુ એટલાન્ટીસ (ઉપરથી ઉછળીને, લપસીને ઊંચેથી પાણીમાં પડતી કરતી. વાઈલ્ડ એર્કટીક (બરફમાં રહેતા જાનવરોની અજાયબી) વગેરે ખાસ ખાસ સટેડીયમ આવેલા છે.

બીજા દિવસે લાસવેગાસનો પ્રોગ્રામ બનાવેલ હોટલોમાં વીકએન્ડમાં તો બહુજ રશ હોય હોટલોના રૂમ મળતા ન હતા. અને ૪૦૦થી ૫૦૦ ડોલરથી ઓછો રૂમ મળે નહી. એટલે બુધવાર હોઈ હોટલનો રૂમ લગભગ ૨૦૦ ડોલરમાં બુક કરાવયો અને ગાડીમાં જવાનું પ્રોગ્રામ નક્કી કર્યુ અને લન્ચ બાદ નીકળવાનો નિર્ણય લીધો.

લાસ વેગાસની જીંદગી રાત્રે શરૂ થાય છે એટલે ચાર કલાકની ડ્રાઈવ એટલે ત્રણ વાગે નીકળીએ તો સાત વાગે પહોંચી જઈએ તો એ હિસાબ કરીને રવાના થયા.

હાઈવે પર ગાડી ચાલતા અવનવા કાનૂન જાણવા મળેલ. જવાના બે રોડ હોય અને આવવાના બે રોડ હોય. દરેકમાં ચાર ટ્રેક હોય. જો તમારે સળંગ જવાનું હોય તો તમે ડાબે તરફના રોડ પર ચાલ્યા જાવ. જેમાં ચાર–પાંચ ટ્રેક તો હોય જ.

અમુક જગ્યાએ ડાબે તરફ ફાસ્ટ ગાડી ચલાવી શકાય પણ શરત એ કે તમારી કારમાં એકથી વધુ જણ હોય. જો કારમાં માત્ર એક શખ્સ હોય તો ફાસ્ટ ટ્રેડ ડાબી તરફ ગાડી ન ચલાવી શકાય એટલે આવા માર્ગના કાનૂનનો પ્રત્યક્ષ અમલ થતો હોય. રોડ એવો કે આપણને જરા પણ ઝટકો ન લાગે. કારો પણ ચાર હજાર સીસીની હોય તો બાયરોડ મજા પડે. સાંજે અમે લાસ વેગાસ પહોંચી ગયા. ત્યાં સાંજથી જ લાઈટોની ઝાગમગાટ શરૂ થઈ ગયેલ હતી. અત્યારથી જ આવી રોશની જોઈને લાગ્યું કે રાત કેટલી જવાન હશે અને કેટલી જોબન પર હશે તેનો અંદાજો કરી શકાતો હતો.

ખૈર, અમો પહેલાં રૂમ પર જઈને ફ્રેશ થયા. ઘરેથી અમોને રાતના ખાવાનું ટીફીન આવેલ હતું કેમકે ત્યાં હલાલ ખાવાનું શોધવું મુશ્કેલ હોય છે. રાત માટે ટીફીન હોય તો ખાઈપીને નીકળાય. નીચે ઉતરીને કાઉન્ટર કોફી પીધી. કોફી અમેરિકામાં ઠેર ઠેર મળે છે. સેંકડો બ્રાન્ચોની હોય અને ભાવ પણ વાજબી.

અમો સૌથી પહેલાં સૌથી મોટા કેસીનો એમ.જી.એમ.માં દાખલ થયા. બહુજ મોટો કેસીનો હતો. ઝાગમગાટ રોશનીમાં ત્યાં દાખલ થયા તો જાણે રાત પણ ઝાગમગાટ હતી. અને જુગારીઓ વિવિધ જાતના પાટલાઓ પર અને મશીનો પર જુગાર રમવામાં મગ્ન હતા. જુગાર રમતા હોય અને ઠંડા પીણાં, શરાબ વગેરે મફત પીરસાતા હોય, વેઈટર ફરતા હોય અને ઓફર કરતા હોય. મને કંઈ આ પાટલા અને જુગારમાં કંઈ ગતાગમ પડી નહી. ખાલી

આંટાફેરા કરીને હું તો થાકી ગયો.

ચાર-પાંચ કલાકની મુસાફરી પણ કરી હતી એટલે મેં તો હબીબભાઈને કહ્યું કે મને તો હોટલ પર છોડો મને થકાવટ છે તો તેમણે કહ્યું કે હું પણ આવું છું.

"સામે એક અલાદીન કેસીનો હતો, ત્યાં ચક્કર લગાવીને જઈએ." હબીબભાઈએ કહ્યું. ત્યાં પણ એજ પાટલા અને એજ માહોલ જેમ તેમ કરીને તેમને બહાર લઈ આવેલ. તો ભાઈ કહે કે "ચાલો ગાડીમાં ચક્કર લગાવીએ." મેં કહ્યું: "ગાડીમાં ચક્કર લગાવવામાં વાંધો નથી." કારમાં ગોઠવાઈ ગયા અને લાસ વેગાસનો ચક્કર લગાવ્યો. રાત સમૂળગી ઝગમગી રહી હતી. અંધકારનું તો નામોનિશાન નહી. અંધારું ગાયબ થઈ ગયેલ. રાત દિવસથી પણ વધારે પ્રકાશીત અને રોશન.

વરસોથી લાસ વેગાસના વખાણ અને ફિલ્મોમાં તેના દ્રશ્યો તથા સીન જોઈને એવું લાગતું હતું કે લાસ વેગાસ જોવા જેવું હશે. તો આજે આ લાસ વેગાસ જે જુગારીઓ માટે મનોરંજન મોટું ધામ અને જુગારીઓનો સ્વર્ગ છે અને વિશાળ શહેર છે. જોઈ લીધું. દરેક હોટલો ફૂલ ભરેલ હોય, ૨૦૦૦ રૂમવાળી ચરા મોટી હોટલ અને એનાથી પણ મોટી હોટલના રૂમો પણ ભરેલા કારોની હારમાળ અને નાના વિમાનો માટેના એરપોર્ટ અલગ જગ્યાએ કેટલાય નાના વિમાનો ઊભા હોય, જેમાં ધંધાપાત્ર માણસો વિમાનમાં આવે અને ખીસ્સા ખાલી કરીને ચાલ્યા જાય. હારવામાં પણ એ લોકોને મજા પડે છે.

લાસ વેગાસના ઉલ્લેખ સાથે અનેરા જુગારધામની કેટલીક રસપ્રદ વિગતો અત્રે ટાંકવાનું અસ્થાને નહી ગણાય. આશા છે કે વાંચકો માટે મહદ અંશે માહિતિપૂર્ણ પણ રહેશે. લાસ વેગાસમાં દુનિયાનો એક પહેલા નંબરનો કુવારો કેસીનોની વચ્ચોવચ આવેલ છે. કુવારો એટલો જોરદાર દ્રશ્ય સર્જે છે કે ખરેખર અદભૂત ગણી શકાય. કુવારાનું પાણી ૧૦ માળ ની ઈમારત જેટલું ઉપર જાય છે. પાણી તેના માટે મુકર્રર હદની બહાર આવતું નથી. કુવારામાં આધુનિક રીતે લાઈટીગની વ્યવસ્થા કરી છે કે પાણીનો રંગ બદલાતો રહે છે જેના અવનવા પ્રતિબિંબો પડે છે. એ રમણીય દેખાવ સર્જે છે.

કેસીનોવાળાઓએ બીજી એક સગવડ એવી રાખી છે કે એક ફલાય ઓવર ટ્રેન જે કેસીનોની આસપાસ ચાલે છે. ટ્રેન પૂરા વિસતારનો ચક્કર લગાવે છે. દરેક કેસીનો પાસે રોકાય અને મફતમાં લઈ જાય.

ટ્રેનમાં આવક જાવક થાય અને રમનારાઓએ એક જગ્યાએ ગાડી પાર્ક કરી હોય તો પાર્કીગમાંથી ગાડી કાઢવાની માથાકૂટ નહી. કેસીનોવાળાઓ જુગારીઓ માટે કેટલી સગવડો રાખે છે તે જોઈને થોડીવાર માટે આશ્ચર્ય થયું. ત્યાં એક બ્લાઝીઓ નામે એક ભવ્ય હોટલ પણ છે. જેણે ગ્રાહકોને આકર્ષવા માટે સફેદ ચીત્તા (ટાઈગર) અને બીજા વિવિધ પ્રાણીઓ સુંદર પાંજરાઓમાં રાખેલ છે.

દુનિયામાં પહેલાં ચાંચીયાગીરીનું ચલણ હતું જેને ઉર્દુમાં બેહરી કઝઝાક કહેવામાં આવે છે. જેઓ મધદરિયે વહાણોમાં હથીયારોથી લેશ થઈને બીજા મુસાફર વહાણો અને સમુદ્રી

જહાઝો પર રીતસરના ત્રાટકીને માલસામન લૂંટી લેતા એટલું જ નહી પરંતુ રીતસરની નાની મોટી લડાઈઓમાં ખલાસીઓ અને મુસાફરોને પણ મારી નાખતા હતા. એક જમાનામાં પ્રચલિત ચાંચીયાગીરીની યાદ અપાવવા ચાંચીયાગીરીનો તાદ્રશ્ય નાટક ભજવાતું હતું. કીશ્તીમાં મુસાફરો હોય તેને ચાંચીયા લૂંટી લ્યે તેવું નાટક ભજવે એ બધી ગ્રાહકોને આકર્ષવા માટેની તરકીબો હતી. ત્યાંની વેબસાઈટો પ્રમાણે લાસ વેગાસને જુગારનું મથક એટલે કે કેન્દ્રિય ધામ તરીકે રજુ કરાય છે. ઉપરાંત વેકેશન ગાળનારાઓ માટેનું સ્વર્ગ. આ જગતનું એક એવું શહેર છે જે સૂતું નથી એટલે આખી રાત જાગૃત રહે છે. લાસ વેગાસની એમજીએમ ગ્રાન્ડ હોટલ અને કેસીનો આખી દુનિયામાં વિખ્યાત છે. આ હોટલમાં કુલ ૫૦૩૪ રૂમ છે ઉપરાંત ગોલ્ડન નગ્ગેટ હોટલ પણ લાસ વેગાસની અતિ મશહુર હોટલ છે જ્યાં અમો ચક્કર લગાવી આવેલ હતા.

લાસ વેગાસમાં જોવા લાયક સ્થળોમાં ખાસ કરીને ફેશન શો માલ, લાસ વેગાસ કન્વેન્શન સેન્ટર, રીપ્લે મ્યુઝીયમ, કેશમેન ફીલ્ડ બોલ પાર્ક, ફ્રીમોન્ટ સ્ટ્રીટ એકસપ્રીયન્સ, યુનિવર્સીટી, લીકેટ ગાર્ડન, લેન્ડ એકસ્પો એન્ડ કન્વેન્શન સેન્ટર મુખ્ય છે. ઉપરાંત અમેરિકનો ચોકલેટ–ચ્યુંઈગ્મના રસીયા તો છે જ તેથી લાસ વેગાસની ઈથકા એમ. ચોકલેટ ફેકટરી પણ આ નવી દુનિયાની અત્યંત જાણીતી ફેકટરી છે.

લાસ વેગાસનું ઈન્ટરનેશનલ એરપોર્ટ પણ જાણીતું છે જેનું નામ એમસી કેસીન છે. બેલાગીયો હોટલ એન્ડ કેસીનોમાં જુગારીઓથી આખી રાત ઉભરાતું રહે છે. આ દુનિયાની સારામાં સારી ગણાતી હોટલ ૧૯૯૮માં ૧.૬ બીલીયન અમેરિકન ડોલરના ખર્ચે બંધાઈ છે અને તેના કેસીનોનું કુલ ક્ષેત્રફળ લાખો સ્કવેર ફૂટનું છે. તેમાં ૩૦૨૫ રૂમ તેમજ ભવ્ય સ્યુટ છે. તેમાં ૧૨ તો રેસ્ટોરન્ટ છે અને કુલ વિસ્તાર ૧૦ એકરનો છે. જેમાં લેક વિશાળ હોજ અને મનમોહક સંખ્યાબંધ ફુવારાઓ પણ છે. સમગ્ર વાતાવરણ સંગીતમય ઉપરાંત ઝાકઝમાળ માટે વિવિધરંગી, આધુનિક યાંત્રિક રોશની (લાઈટીગ) ડીનર વ્યવસ્થા બધુંજ. કેરીબીયન શીડ વોકર ગેમ્સ સહિતની જુગાર માટેની વિવિધ રમતો. હાઈ લીમીટ સલુન ૧૨ જુગારના પાટલા સહિત.

મેડમ તુસાનું મ્યુઝીયમ જેમાં ૧૦૦થી વધુ પૂતળાં, ફિલ્મી જગત, રમત ગમતના ક્ષેત્રના જેની પ્રવેશ ફી ૨૨.૯૫ ડોલર, સીનીયર સીટીઝનો માટે ૧૭.૯૫ ડોલર ૧૨ વરસની ઉમરના બાળકો માટે ૧૨.૯૫ ડોલર જ્યારે પાંચ વરસની ઓછી વયના બાળકો માટે મફત પ્રવેશ. કેમકે જનરલી તો કોઈ પણ માણસ જાણી જાય નહી કે આટલા શાહી ખર્ચા અને મનોરંજનનો બધોય ખર્ચ રમનારાઓના ખીસ્સામાંથી નીકળે અને જુગારખાનામાં કરોડોનું રોકાણ કરેલ હોય તેનું વળતર પણ કમાતા હોય. ૧૦૦ના ૬૦ તો થઈ જાય. કોઈને કયાંથી આ વાતો મગજમાં આવે. છતાં જુગારની લત એટલી ખરાબ છે કે રમવા માટે સળવળાટ થયા કરે.

ખૈર મને તો એવો વિચાર આવેલ કે હું એક વખત મલેશીયા ગયો હતો ત્યાંના ગેટીંગ

આઇલેન્ડમાં જે કેસીનો જોવા ગયો હતો ત્યાં આ કેસીનો સુધી કોઇ ફરક નહી. ખૈર અમો રૂમ પર પહોંચી ગયા અને અમારો એક સાબ કહે કે હું જરા ચક્કર લગાવીને આવું છું. હબીબભાઇ અને હું સુઇ ગયા. હવે રીઝવાનભાઇ જે ચક્કર લગાવવા ગયા હતા તે બે કલાક બાદ આવેલ. તેમની પાસે મોબાઇલ હોઇ આવીને કહે કે કરાચીથી ફોન હતો. તમારા પુત્ર ખાલીદનો તેમણે કહેલ કે યુનુસ અરફાનો ઇન્તેકાલ થઇ ગયેલ છે. મારી નીદ ઊડી ગઇ કેમકે એ મારા નજીકના મિત્ર હતા.

કરાચી યુનુસભાઇના ઘરે ફોન મીલાવેલ. તો કોઇ ખાતુને ફોન ઉઠાવેલ અને કહેલ કે હાજી સાહેબનો ઇન્તેકાલ થઇ ગયેલ છે મેં ખરખરો કર્યો. હાજી સાહેબ અઠવાડિયામાં બે વખત મારી ઓફિસે આવતા હતા. તેઓ જરૂરતમંદોની મદદ કરતા હતા. હું હતો નહી પણ ઇન્તેકાલના આગલે દિવસે મારી ઓફિસે આવેલ અને પૂછપરછ કરીને સલામ આપેલ. ખૈર મારી ઊંઘ ઊડી ગઇ. થોડી વાર સુધી અલ્લાહનો કલામ વગેરે પઢવાથી દિલને આશ્વાસન મળ્યું અને તેના લીધે ઊંઘ પણ આવી ગઇ.

સવારે ઊઠીને ફ્રેશ થઇને નીચે ઉતર્યા. કોફી પીધી, સાથે બિસ્કિટ હતા તે પણ ખાધા અને સીધા એલે તરફ રવાના થયા કેમકે એલેથી જાવ કે સેન ડીયાગોથી જાવ. લોસ વેગાસનું અંતર લગભગ અડધું. મેન્ડ ડીયાગો લગભગ જોવાઇ ગયું હતું એટલે એલે પાછા ફરવા રવાના થયા. બપોરે એલે પહોંચી ગયા. બપોરનું જમણ લઇને થોડો આરામ કરી શહેરમાં ચક્કર લગાવી ઘેર આવ્યા તો હબીબભાઇના પુત્ર ફહીમે કહ્યું કે તમારી કાલની શીકાગોની સીટો બુક કરાવી લીધી છે.

શીકાગોમાં પણ હબીબભાઇનું સુસરાલ અને ભાઇનું ઘર હતું એટલે ત્યાં જવાનો પહેલાથી પ્રોગ્રામ હતો. મને પણ શીકાગો જોવાનું મન હતું.

૨૦૦ ડોલરમાં આવવા–જવાની ટીકીટ લીધી હતી. પાંચ કલાકની ફ્લાઇટ હતી. ઘણી વખત નેટ પર કોશિષ કરો તો ટીકીટ સસ્તી મળી જાય. બીજા દિવસે સાઉથ એર લાઇનની ફ્લાઇટમાં સવાર થયા. ખૈર પોર્ટ ગયા જ્યાં સામાન બુક કરાવેલ. નવા કાયદા પ્રમાણે ૫૦ પૌડ એક જણના બે બેગ સામાન લ્યે. એક પાઉન્ડ પણ વધારે ન લ્યે. ખૈર સામાન બુક કરાવી લીધો. બોર્ડીંગ પાસમાં સીટ નંબર ન હોય. મેં પૂછયું કે ફીકસ સીટ નંબર નથી તો જવાબ મળ્યો કે ડોમેસ્ટીક ફ્લાઇટમાં સીટ નંબર ન હોય. બોર્ડીંગ કાર્ડ જોઇને કહે કે તમારે એ નંબર છે તમે વહેલા આવેલા છો એટલે ૧/૩ પેસેન્જર પહેલા એને બોલાવશે તો તમે મનગમતી સીટ પર બેસી જજો અને પહેલો બોલાવે તો અમો જલ્દીથી આગળ પાછળ વિમાનમાં ચઢી ગયા અને મનગમતી સીટ શોધીને બેસી ગયા. ધી 'બી'વાળા આવ્યા અને 'સી'વાળાની હાલત ખરાબ હોય તેમને એક સાથે સીટો પણ ન મળે. બે જણ સાથે હોય તો અલગ અલગ તેમને કોઇની સાથે બેસવું પડે. એ સિવાય કોઇ માર્ગ ન હોઇ ચુપચાપ બેસી જાય.

વિમાન હવામાં અધ્ધર થયું ને પછી કહીએ તો અઢી અઢી મણની બે એરહોસ્ટેસો

દ્રશ્યમાન થઈ. હું તો જોઈને ચોંકી ગયો. કારણ કે મેં સંખ્યાબંધ એરલાઈનોમાં મુસાફરી કરેલ. દરેક એરલાઈનમાં સારી દેખાવડી એન દુબળી પાતળી કમરવાળી એરહોસ્ટેસો હોય. આ એર હોસ્ટેસોની કમર જ ૪૫ ઈંચની હશે. જાણે કે પહેલવાન લાગે.

એક કાળી અને એક ગોરી. ખૈર વિમાને ઉડ્યન શરૂ કરેલ. થોડીવાર બાદ આ પહેલવાન એરહોસ્ટેસ પૂછવા લાગી:

"તમારે સોફ્ટ ડ્રીન્ક જોઈએ છે ?"

અમને ખબર હતી કે ડોમેસ્ટીકમાં આ લોકો પાંચ કલાકની ફ્લાઈટમાં ખાવાનું આપતા નથી. ખૈર ઠંડુ પીણું અને એક મગફળીનો પેકેટ આપેલ અને થોડીક વાર બાદ એક મોટો પ્લાસ્ટીકનો થેલો લઈને આવેલ જેમાં ખાલી ગ્લાસ અને કચરો નાખતા જાવ. મને એવું લાગ્યું કે આ એરહોસ્ટેલ છે કે કચરો ઉપાડવાવાળી !

ખૈર, જેમ તેમ પાંચ કલાક ભૂખ્યા પેટે નીકળી ગયા. હવે પછી નક્કી કર્યું કે કંઈ ખાવા માટે સાથે લેવું. બાજુવાળી સીટ પર ચાય–બીસ્કીટ માટે વહુ સાથે આવેલ માતા હતા. એક ભારતીય યુવતિ વિમાનમાં સવાર થઈ અને વિમાને ઉડ્યન કર્યું કે તરત લેપટોપ ખોલીને ભારતી ફિલ્મ લગાવીને બેસી ગઈ. શીકાગો આવતા લેપટોપ બંધ કરીને તૈયાર થઈ ગઈ. અમો પણ તૈયાર થઈને બ્રીફકેસ વગેરે લઈને ઉતરવાની તાલાવેલીમાં હતા. વિમાનની સફર બાદ માણસ જરા વટથી ઉતરે પણ અહીયા પાંચ કલાક ભૂખ્યા પેટે બેઠા હતા એટલે મુડમાં નહોતા. ખૈર સામાન માટે બેલ્ટ પર ગયા તો હબીબભાઈના સ્નેહીઓ આવી ગયા હતા. એ લોકો જ સામાન ઉતારીને ગાડી તરફ લઈ ગયેલ.

એક મોટી વેન અને એક કાર ચાર–પાંચ જણ લેવા આવેલ હતા. ગાડીઓમાં બેસાડીને હબીબભાઈના ભત્રીજા જાવેદના ઘરે લઈ ગયા જ્યાં ખાણાનો સારો–પ્રબંધ હતો એટલે અમને તો ભૂખ્યા પેટે સૂકી રોટી પણ ચાલે તેમ હતું પરંતુ અહી તો જાતજાતના પકવાન હતા. ખૂબ ધરાઈને ખાધું.

લેવા આવનારાઓમાં એક વડીલ એંસી વરસના હતા. એક કોટનનો સફેદ ખમીસ અને સફેદ લેંઘો પહેરેલો હતો. મને આશ્ચર્ય થયું કે અમો કોટ ટોપી પહેર્યા છે. હવામાન શીકાગો પહોંચ્યા ત્યારે ઝીરો સેન્ટીગ્રેડ હતું. પુછતાં તેમના પૌત્રોએ જણાવેલ કે માઈનસ પંદર પણ હોય પરંતુ હાજી સાહેબનો એક જ ડ્રેસ છે. કકડતી ઠંડી હોવા છતાં તેમના મોઢામાંથી એક સીસકારો પણ નીકળતો ન હતો. તે હબીબભાઈના સસરા હતા.

હબીબભાઈના સસરા સાથે ગપસપ કરી. જાવેદના ઘરે અમારો ઉતારો હતો. એ બધા સવારના મળવાનું કહીને ગયેલ અને અમે પણ થાકી ગયા હોઈ સુવાની તૈયારી કરી. અમારા માટે અલગ રૂમ ફાળવવામાં આવેલ હતો જેમાં હીટર પણ હતું. શીકાગો અને એલેમાં હીટર તો દરેક ઘરમાં હોય. શીકાગોમાં શરદી અને બરફ બહુ જ પડે એટલે મને ડર હતો તેથી દરેક ગરમ કપડા સાથે લીધા હતા પણ ઝીરો ડીગ્રી હોય ખાસ કંઈ ખબર ન પડી અને બરફવર્ષા પણ ન હતી. અમે અમેરિકા છોડયું તેના બે દિવસ બાદ જ શીકાગો અને

બેલેમાં ભારે બરફવર્ષા થઇ અને ઠંડી પણ વધી ગઇ. અમો નસીબદાર કે મોસમ સારો મળ્યો.

બીજા દિવસે સવારે જાવેદભાઇ અમને લઇને નીકળ્યા અને હબીબભાઇના સાસરીયે લઇ ગયા. ત્યાં તેમના સાળા હારૂનભાઇ બહુ જ વિવેકી અને મળતાવડા. મને પાસે બેસાડી વાતચીત કરી. મુશ્કેલી એ હતી કે તેમની આંખો બીમારીમાં ચાલી ગઇ હતી અને બંને કાનથી પણ સંભળાતું ન હતું. હવે ઇલાજ કરાવ્યો તો સંભળાય છે પણ આંખે દેખાતું નથી. હોસ્પિટલવાળાઓએ એક લાખ ડોલરથી ઉપરનું બીલ મોકલેલ છે ઓછો કરાવવાની કોશિષો ચાલુ છે.

હારૂનભાઇના પિતા જે એરપોર્ટ પર અમને લેવા આવ્યા હતા. મોટી ઉમર છતાં બહુ જ ઓછું બોલતા હતા અને હારૂનભાઇના પુત્રો ભારે હોશિયાર, દાદાને ડોલરની નોટોની થપ્પી અને કોરા કાગળની પરચીઓ આપી દીધી છે. જે થોડીવાર પછી ગણતા જાવ અને પરચી પર કંઇક ટપકાવે અને છોકરાઓએ તેમને આ ઉમરે મશરૂફ અને પ્રવૃતિશીલ રાખે છે અને જીવ પણ સારો રહે તથા આડાઅવળા વિચારો પણ ન આવે બધાય તેમને બાપા કહે.

મને છોકરાઓનો આ તરીકો પસંદ આપેલ. હારૂનભાઇ પાસે તેમના વેવાઇ જે બશીર પટેલ, જેમના પુત્ર સાથે તેમની પુત્રીની શાદી કરી છે. તે મારા જમાઇના મોટા ભાઇ પણ થાય. તે પણ મારા આવવાનું સાંભળીને મળવા આવેલ હતા. સાથે જમી પરવારીને બહાર નીકળવાનું નક્કી કરેલ. બશીરભાઇ દાવત આપવા આવ્યા હતા. એકલા રહેતા હોઇ તેમણે હોટલમાં દાવત આપી હતી.

મેં હબીબ તરફ ઇશારો કર્યો, હબીબભાઇએ એક દિવસ બાદ રાતની દાવત કબૂલ કરી. અમારૂં રોકાણ પાંચ દિવસનું હોય એટલે જેટલું જોઇ શકાય તેટલું જોઇ લેવાનું હતું. બહાર નીકળ્યા, ઠંડી કહે મારૂં કામ. ઘરમાં લોકો સાદા કપડા પહેરે કેમકે હીટર સતત ચાલતા હોય. બહાર નીકળે ત્યારે ગરમ કપડાં પહેરી લ્યે. મેં પણ પૂરી તૈયારી કરી લીધી હતી. ગાડીમાં બેઠા તેમના ઘર પાસેજ ડીવોન સ્ટ્રીટ હતી. જ્યાં પાકિસ્તાન, ભારત અને બાંગ્લાદેશની વસ્તુઓની વિવિધ દુકાનો હતી. સાડીની દુકાનો અને સ્ટોરો પણ હતા. સ્ટોર પર બોર્ડ લાગેલ હોય. એ બોર્ડોમાં બે-ત્રણ બોર્ડ ગુજરાતીમાં લખેલા પણ જોયા. મને આશ્ચર્ય થયું કે આપણા કરાચીમાં કોઇ સ્ટોર પર ગુજરાતી બોર્ડ નજર ન પડે અને અહી ગુજરાતી વાણીયા ગુજરાતીમાં બોર્ડ લગાવે છે જેથી તેમનો ભાષાપ્રેમ નજરે પડતો હતો. વિવિધ હોટલો પણ હતી. પાકિસ્તાની હોટલોના નામ ઉસ્માનીયા, લાલ કીલ્લા, સાબરી નીહારી, ગરીબનવાઝ વગેરે હતા.

માલુમ કર્યુ તો ખબર પડી કે આ હોટલ ખરેખર ગરીબનવાઝ છે. અહી ખાવાનું સસ્તું મળે છે અને અહી આપણા લોકોએ રજા લઇને ગાંધી રોડ, જીન્નાહ રોડ અને મુજીબ રોડના પાટીયા પણ લગાવી દીધા હતા. જાણે એવું લાગે કે આપણે ભારત કે દુબઇમાં જ ફરી રહ્યા છીએ. એક જગ્યાએ મને અલી હેર કટીંગનું બોર્ડ નજરે પડયું. પહેલાં પણ એક મુસ્લિમ હેર કટીંગ સલુન દેખાયું હતું.

હું તે હેર કટીંગ સલુનમાં ગયો. આઠ જેટલી ખુરશીઓ હતી પણ બે જણ કામમાં હતા

અને વેઇટીગમાં ચાર–પાંચ જણા બેઠા હતા. હું ઊભો થઈ ગયો. વાણંદ જે અલી પોતે હતો. હેર કટીગ સલુનનો માલિક હતો તેણે પૂછયું:

"હાજી સાહેબ ! ખત બનાવશોને ? હું પોતે ખત બનાવીશ. અહી દરેક કામ થાય છે. આપ બેસો."

બીજો કારીગર દેશી ન હતો. કદાચ મેકસીકન હશે કારણ કે મેકસીકનો સેન્ટ ડીયાગો પાસે જ બોર્ડર હોઈ કામ માટે આવે છે. મેકસીકનોની ઘૂસણખોરી ચાલુ જ હતી. તેઓ ત્યાંથી અનેક ચીજ વસ્તુઓ લઈ આવે. સીગરેટ, અમેરિકામાં ફેકટરીમાંથી ૧૧ા ડોલરમાં નીકળે અને દુકાન સુધી પહોંચતા ને સાત ડોલર સુધી વેચાય છે.

મેકસીકનો સીગરેટ પણ લાવે અને આપણા દેશી લોકોને ગાડી–કાર બનાવવી હોય, રીપેર કરાવવી હોય તો મેકસીકન બોર્ડરમાં ઘુસીને બનાવી આપે કેમકે ત્યાં અર્ધા ભાવમાં કામ થઈ જાય. અમેરિકાની સરખામણીએ મેકસીકો દરેક વાત અને વસ્તુમાં સસ્તું.

ખૈર હેર કટીગ સલુનમાં બેસીનું હું ઈગ્લીશ, ઉર્દુ તથા એકાદ ગુજરાની પાના વાંચતો હતો. ત્યાં લોકલ દેશી અખબાર જાહેરાત લ્યે અને છાપું મફત. સ્ટોરો અને હેર કટીગ સલૂન તેમજ હોટલોમાં મફત રાખી દે. સમાચારોમાં કોઈ દમ ન હોય પણ આપણા એક મોટા નેતા જે સત્તા પર છે તેના વિશે લખેલું હતું કે વિદેશમાં જામ સરકાવીને શરાબ પીવે છે. વગેરે વગેરે. તે વાંચી રહ્યો હતો તેટલી વારમાં અલીએ મને અવાજ દીધી, ખુરશી પર બેસાડી કામ શરૂ કર્યુ અને કહેવા લાગ્યો કે હું ફયસલાબાદનો છું. સુતર મંદીમાં રહું છું રેઝર મશીનથી દાઢ ીના વાળ ઓછા કરવા લાગ્યો મેં કહ્યું: ભાઈ કાતરથી કાપ, તો કહેવા લાગ્યો:

"હાજી સાહેબ ! ફીકર ન કરો તમારી ખત બની જાય પછી કહેજો." બહુ જલ્દી કામ કરે. બાજુવાળો વિદેશી કારીગર જરા ધીરે હાથ ચલાવતો હતો. અલીએ એટલી વારમાં બે જણને ફારેગ કરે તે એક જણને ફારીગ કરે. આમ પણ તે કલાકના દસ ડોલર લે એટલે એને કામની શું જલ્દી !

એટલામાં એક મુસલમાન સ્ત્રી આવી અને કહે કે બાળકના વાળ ઉતારવાના છે તો અલીએ જવાબ આપ્યો મશીનથી ૨૦ ડોલર અને રેઝરથી ૩૦ ડોલર. મારા ખ્યાલથી તે ખાતુન પાછી ચાલી ગઈ. મારી ખત બની જતાં હું ઊભો થઈ ગયો અને અરીસામાં જોયું તો જે વાળનો ગુચ્છો હતા તેના કરતા ઘણું સારું થઈ ગયું પૈસાનું પૂછયું તો અલીએ કહ્યું "દસ ડોલર." એટલે આપી ગાડીમાં પહોંચ્યા. તે લોકો ચક્કર લગાવીને પાનની દુકાનેથી પાન લઈ આવ્યા હતા. અહી પાન પણ મળે. દૂર દૂર પાકિસ્તાનીઓ ડીવોન જેમને આપણા લોકોએ દીવાન કરી દીધેલ છે તેની આસપાસ મકાન ગોતે અહી દિવાન પર ચક્કર લગાવી અને ખાવાપીવા અને પાન વિગેરેની સગવડ મળી જાય. થોડા આગળ એક મોટી બિલ્ડિગ છે જેમાં ૧૫૦થી ૨૦૦ ફલેટ હતા. જુની બિલ્ડિગ અને ત્યાં બધા દેશી માણસો રહે. સાંભળવા મુજબ ૭૫૦ ડોલર મહિનાના ભાડાથી મળી જાય. પાન બિલ્ડિગમાં દીલીપકુમારનો પણ

ભાગ છે. ગાડી આગળ વધી તો થોડેક આગળ સ્ટોર અને દુકાનવાળો રોનકદાર વિસ્તાર આવ્યો. હારુનભાઈ મોટા પુત્ર આસીફભાઈ વાતચીતમાં ખુલ્લા દિલના પહેલે તેમને પૂછીએ એ વાત બતાવે અને વગર પુછીએ પણ બતાવે.

એમણે કહ્યું: "એક અરબ નાના રોડ પર ખુંચો લગાવતો હતો. હવે એટલી પ્રગતિ થઈ છે કે આ બધીય દુકાનો તેની છે. એ કન્સ્ટ્રકશનનું તેનું મોટું કામ છે. આગળ વધ્યા તો એક પચ્ચીસ માળની બહુમાળી બિલ્ડિંગ આવી.

આસીફે કહ્યું:

"આ બિલ્ડિંગના માલીકે ઉપરના માળેથી કૂદીને આપઘાત કરેલ." કરોડો ડોલરની બિલ્ડિંગના માલિકને કોણ જાણે શું મુંઝવણો હશે ? થોડાક આગળ વધ્યા તો એક કાર દેખાઈ જેના પર કાંઈ લખેલું હતું. આસીફભાઈએ જણાવ્યું કે આ ગાડી મોહતાજો અને અપંગો તથા આંધળાઓ વગેરે બુક કરાવી લ્યે અને તેમને જ્યાં જવું હોય ત્યાં ગાડી આવીને લઈ જાય અને મૂકી આવે. આ સગવડ સરકાર તરફથી હોય છે.

★ ★ ★

અત્રે અમેરિકા વિશેની થોડી જનરલ માહિતીનું વર્ણન અસ્થાને નહી લેખાય.

જનરલ મોટર હાલમાં જબરી કટોકટીમાં છે. જાપાન અને કોરીયાની કારો અને બીજા વાહનો ઘણા દેશોમાં સસ્તા બને છે. એશીયાના જાપાન તથા ચીન અને કોરીયાની મોટર કંપનીઓની હરીફાઈમાં જનરલ મોટરને જબરો આર્થિક ફટકો પડેલ છે. હાલમાં હજારો કામદારોને છૂટી આપવામાં આવેલ જેના લીધે અબજો ડોલરની નુકસાની થઈ હતી. આ કટોકટીમાંથી નીકળવું જનરલ મોટર માટે મુશ્કેલ છે.

અમેરિકાના રહેવાસીઓ એટલે કહેવાતી દુનિયામાં વસતા દરેક જણે પ્રમુખ બુશને ભાષણ કરતા સાંભળ્યા હશે. તેઓ રાજદ્વારી ઢબે હસે કે સ્મિત ફરકાવે તો પણ મોઢું વાંકું કરીને, બલ્કે એક દરજ્જે ચહેરાના હાવભાવને વિકૃત બનાવીને અને અમેરિકનોની વાત કરવાની ખાસીયત એવી કે વાતચીત કરે તો પણ સતત મોઢું વાંકુ કરે જાણે કે મોઢું વાંકુ કર્યા વિના વાયા–વાણી તેમનાથી પ્રગટ જ ન થાય. બીજી એક વાત પણ જોઈ. ઘણાને એ વાત સાંભળી–વાંચીને આશ્ચર્ય થશે કે અમેરિકામાં પેટ્રોલ કરતા ડીઝલ મોંઘુ છે. જ્યારે આખી દુનિયામાં સર્વત્ર ડીઝલ કરતા પેટ્રોલ મોંઘુ છે. અમેરિકામાં તમામ બસોમાં સીએનજીનો વપરાશ ફરજીયાત છે. મોંઘુ પડે છતાં લગાવવું જ પડે. આ બધું પ્રદુષણ ઓછું કરવા માટે છે.

ત્યાંની નીતિ બનાવનારાઓની દ્રષ્ટિએ ડીઝલનો વપરાશ ઓછામાં ઓછો થવો જોઈએ. ડીઝલનો ધુમાડો પ્રદુષણમાં વધારો કરે છે. પ્રદુષણમાં થઈ રહેલ વધારો રોકવા અમેરિકામાં ડીઝલનો ભાવ આકરો છે જેથી તેઓ વપરાશ ઓછો થાય અને વાતાવરણ પણ સ્વચ્છ રહે. અમે એક સ્ટોર પર બેઠા હતા ત્યાં એક કીશોર સીગરેટ લેવા આવેલ. કાઉન્ટર પર બેસેલ શખ્સે તેને કહ્યું કે તારી આઈડી બનાવ. તે શખ્સે આઈડી પોતાના હાથમાં લીધી ઝીણવટથી

તપાસી બાદમાં તેણે પૈસા લઈને તેને સીગરેટનું પાકીટ આપ્યું.

માલુમ કરતા કહેલ કે અહી સીગરેટ અને શરાબ ૧૮ વર્ષથી નાની ઉમરના છોકરા કે છોકરીને વેચી શકાય નહી અને અગર કોઇ એમ કરે તો તેને આકરો દંડ થાય અથવા લાયસન્સ પણ કેન્સલ થઇ જાય. એવું પણ બને કે પોલીસવાળા અઢાર વર્ષથી નીચેની વયના છોકરાને ગ્રાહક બનાવીને સીગરેટ લેવા મોકલે અને તે દુકાનદાર ઝડપાઇ જાય તો તેને સજા થાય. ત્યાં કાનૂન પર સખ્તીથી અમલ કરવામાં આવે છે.

એટીએમ મશીન પણ અમેરિકામાં સામાન્ય છે. દરેક સ્ટોરવાળા, પેટ્રોલ પંપવાળા વગેરે બેંકથી રજા લઇને પુરતી ગોઠવણ કરીને મશીન લગાવી લ્યે. મશીન ૫૦૦૦ ડોલરમાં ખરીદીને દુકાન કે રેસ્ટોરામાં લગાવે. નોટો પણ પોતે જ નાખે અને દરેક વખતે મશીનનો ઉપયોગ કરાતા તેમને ૧૫ ડોલર મળે. બેંક સ્ટોરવાળાના ખાતામાં જમા કરી નાખે. કેટલીક વધી રહેલી છે આ સીસ્ટમ. ગ્રાહક કે વપરાશકારને કોઇ સહેજ પણ તકલીફ કે અગવડ પડે નહી. મશીન લગાવવા માટે બેંકો પણ પ્રોગ્રામ બનાવે અને આટલી સરળતાથી એટીએમ મશીન લાગી જાય. બેંકવાળાઓને નોટો પણ નાખવી પડે નહી. ખાનેદાર સામે જ જમા-ઉધારનો હિસાબ થઇ જાય.

હું એક ઓળખીનાના પેટ્રોલ પંપ પર બેઠો હતો અને વેપાર વાણીજયની માહિતી મેળવતો હતો એટલામાં એક નીગ્રો-કાળો અમેરિકન આવ્યો અને તેણે એટીએમનો ઉપયોગ કરી પાંચ કે દસ ડોલર કાઢયા. મને નવાઇ લાગ્યું તે ભાઇએ કહ્યું કે કાળા લોકો મોટા ભાગે નાની રકમ કાઢે છે પરંતુ અમને દરેક ઉપયોગ વખતે ૧૫ ડોલરનું કમીશન મળી જાય છે. આગળ વધી અમે ડાઉન ટાઉન ગયા ત્યાં મોટી મોટી બિલ્ડિંગો જોઇ. ગગનચુંબી ઇમારતો હતી જેમાં દુનિયાની બીજા નંબરની ઊંચી બિલ્ડિંગ પણ ત્યાં જોઇ. એક મોટી બિલ્ડિંગ આવતા આસીફભાઇએ જણાવ્યું કે આ બિલ્ડિંગનો પેન્ટ હાઉસ દસ મીલીયન ડોલરમાં વેચાયો છે. છે ને આ પણ અમેરિકાના શહેર શિકાગોની વિચિત્રતા. રાત પડી ગઇ. ગાડી ઘર તરફ ચાલી. બીજા દિવસે પાછા હારુનભાઇ પાસે બેઠા. ગપસપ કરી. બાપાનો શાંત મિજાજ અને એજ કમ ડોલર ગણવાનો અને પાછા ખીસ્સામાં મૂકવાનો.

બપોર જમીને ફરવા નીકળ્યા. પહેલે આસીફભાઇ અને તેમના ભાઇઓએ એક મોટર ગેરેજ રાખેલ છે જયાં નાનાથી લઇને કોઇ ગાડી એકસીડન્ટમાં સાવ દબાઇ ગઇ હોય તેને ડેન્ટ, પેન્ટ અને રીપેર કરી નવી બનાવી આપે. બે ભાઇઓમાં બે ગેરેજ પર બેસે અને બે ટેકસી ચલાવે અને કોઇ એકસીડન્ટવાળી ગાડી સસ્તી મળી જાય તો લઇ, બનાવીને વેચે. ગેરેજ ચોવીસ કલાક ખુલ્લુ રહે અને બે હજારથી વધારે રોજનો ખર્ચ. તેનાથી વધારે કામ થાય નહી. છોકરા હોશિયાર એટલે ગેરેજની સાથે સાથે ગાડીની લે-વેચનું કામ પણ કરી લ્યે. કારીગરોની બહુમતિ મેકસીકનોની. અને ટેકસી ચલાવનાર પાકિસ્તાની તો ઘણા. અનેક મેમણો પણ ત્યાં ટેકસી ચલાવે છે, તેમાં કોઇ જાતની નાનપ નહી. સમયની પાબંદી નહી,

જ્યારે મન થાય ત્યારે ગાડી લઈને નીકળી જાય. પૂરો દિવસ ચલાવે તો ૧૫૦થી ૨૦૦ ડોલર મળી જાય. ૧.૮૦ સેન્ટ એક માઈલનું ટેકસી ભાડું. આવી બાદશાહી અને ડોલર મળે તો મછી નોકરી કરવાનું કોણ વિચારે ?!

પરંતુ દરેક આ કામ નથી કરી શકતા. ત્યાં આપણી જેમ નથી. જ્યાં કાનૂનનો ભંગ કોઈ નથી કરતું અને કરે છે તો તરત જ દંડના ૧૦૦ ડોલર, ૨૦૦ ડોલર ચૂકવવા પડે. ભૂલ કરો, સ્પીડ વધારે હોય, એટલે ત્યાં બહુ જ સાવચેની અને કાળજીપુર્વક ચલાવવામાં આવે છે. છતાં પણ ભૂલ થાય તો દંડના ડોલર ભરવા પડે તે બાદ અમને શહેરમાં ડાઉન ટાઉનમાં લઈ ગયા જે ઘણો જ મોંઘો વિસ્તાર છે ત્યાં દુકાનો અને પ્લોટોની કિંમત સાંભળી મારા તો હોશ જ ઊડી ગયા. એ વિસ્તારના રેસ્ટોરન્ટો પણ મોંઘા. એક રેસ્ટોરન્ટમાં ડીનરના ૨૫૦ ડોલર અને તે પણ એડવાન્સ બુકીંગ કરાવવી પડે અને બે મહિના પહેલા બુકીંગ કરાવો તો જ જગ્યા મળે. પહેલા પૈસા. તમારી તારીખ બુક હોય અને તમે ન જાવ તો તમારા પૈસા પણ ગયા.

બીજો એક સ્ટેક હાઉસ હતો જ્યાં પચાસ ડોલરનો એક સ્ટેક જવા પણ જગ્યા ન મળે. કુલ હોય ત્યાં એક કોફી હાઉસ જ્યાં પ્રમુખ બુશ પણ કયારેક કોફી પીવા પણ આવે. આગળ જતાં એક ઊંચી એલ્ડર બિલ્ડિંગ આવી તો આસીફભાઈએ કહ્યું કે એની છત પર પાવર કુલ દુરબીન લાગેલી છે. જ્યાંથી મંગળ (તારો) દેખાય છે. આગળ જતાં એક સ્ટેડીયમ (કોરમેક) હોલ જોયો. જેમાં અવારનવાર પ્રોગ્રામ થાય અને આપણી ઈદની નમાઝ પઢવા ૧૦૦૦૦થી ૧૫૦૦૦ માણસો આવે. ખૈર આવી ઘણી અવનવી જગ્યા આસીફભાઈ મને બતાવતા રહ્યા અને હું તેની નોંધ ટપકાવતો રહ્યો.

બેસ ફુટબોલ અમેરિકાની લોકપ્રિય રમત છે. સોલ્જર હટા સ્ટેડીયમ જે ૩૦૦ મીલીયન ડોલરને ખર્ચે બનાવેલ છે. કહે છે કે સ્ટેડીયમમાં બેસવાની ખુરસીઓ ૪૦ મીલીયન ડોલરમાં બની છે. ખૈર શીકાગોમાં ફરતાં ફરતાં રાત પડી ગઈ. ઘરે જઈ ડીનર કરી બીજા દિવસનો પ્રોગ્રામ બનાવ્યો અને સુઈ ગયા. બીજા દિવસે બપોરે જમી કરીને આસીફભાઈએ કહ્યું કે ઈન્ડીયાના સ્ટેટ જવું છે. ત્યાં પાણીમાં એક મોટું જહાઝ ઊભું છે તેમાં કેસીનો છે. શીકાગોનો મેયર કેસીનોની પરમીટ નથી આપતો એટલે શીકાગોમાં કેસીનો નથી, એટલે આવનાર મહેમાનને અહી લઈ જઈએ છીએ. માર્ગમાં ખૂબસૂત બિલ્ડિગો, લેકશાયર, મીશીગન લેક જે ઘણો જ મશહુર છે. આ સરોવર કેનેડાથી અહી સુધી આવે છે. મીશીગન લેકનું પાણી મીનરલ વોટરવાળા બોટલો ભરીને લઈ જાય છે. ત્યાં નળનું પાણી પીવાનો રિવાજ ઓછો છે એટલે દરેક માણસો મીનરલ વોટર પીવે છે અને ત્યાંનું આયુષ્ય પણ લાંબુ હોય છે. સ્ત્રીની ઉમર ૯૦થી ૧૦૦ વરસ. પુરૂષ પણ ૯૦ સુધી તો પુગેજ. મેડીકલની તમામ સગવડ પણ સારી. કોઈ પંચાવન (૫૫) વર્ષનો માણસ મરી જાય તો તેને કહે "હી વોઝ વેરી યંગ" તે યુવાન હતો, બહુ જલ્દી મરી ગયો.

માર્ગમાં મીશીગન લેક આવેલ જેનું પાણી ઠંડી વધારે હોવાને લીધે થીજી ગયું હતું

શીકાગોમાં બરફ ઘણો પડે એટલે સડકો પણ લીસી અને લપસણી નહી. થોડીક ખરબચડી પરંતુ આપણી સડકો કરતાં ઘણી જ સારી કેમકે બરફમાં જમીન ભીની થાય તો લપસણી બની જાય એટલે થોડીક રફ રાખવી પડે. બરફ પડે એટલે સડકો, ગાડીઓ અને મકાનો બરફથી ઢંકાઇ જાય. હંમેશનું કામ અને કમ એટલે બરફ ખતમ થઇ જાય એટલે ફુટપાથ રોડ પર નમકનો છંટકાવ કરે એટલે સડક એકદમ સાફ અને સ્વચ્છ થઇ જાય. એક અંદાજા મુજબ પેદા થતી નમકનો ૧૦% ભાગ અમેરિકન બરફ સાફ કરવામાં ચાલ્યો જાય છે. બરફવર્ષાની આગાહી હોય તો કોલોનીમાં રહેતા માણસોની જે મેનટેનેન્સ માટેની સંસ્થા હોય તે ઘરના આંગણે પણ નમક છંટકાવી દયે. એક-બે દિવસ ઘરના આંગણામાં નમક જોઇ પૂછયું તો જાવેદે કહ્યું કે બરફવર્ષા થશે તો સફાઇમાં આસાની થશે. થોડા આગળ ગયા તો ઇન્ડીયાના સ્ટેટ શરૂ થઇ ગયું અને બે-ત્રણ કોલોનીઓ મેદાનમાં પણ હતી પણ અસલ આકર્ષણ તો સ્ટીમબરમાં કેસીનો હતો. અમો પાર્કીંગમાં ગાડી પાર્ક કરી દાખલ થયા તો પ્લેન-ટયુબ પસાર કરીને વિમાન જવાય. જેવું કે મોટા એરપોર્ટ પર હોય છે તેમ સ્ટીમરમા જવા માટે ખૂબસૂરત માર્ગ તેમજ કિંમતી ગાલીચા બનાવેલ હતા.

હવે આસીફભાઇએ પૂછયું:

"હાજી સાહેબ પાસપોર્ટ છે ?"

મેં કહ્યું: "પાસપોર્ટ તો ઘરે છે." તો કહે કે પહેલાં એક મહેમાન આવ્યા હતા. તેમનો ઓળખ કાર્ડ માંગેલ પાસપોર્ટ ન હોઇ જવા ન દીધા અને પાછા ફરવું પડયું હતું. મેં કહ્યું: "ફીકર નહી કરો આપણે જરા વટથી અંદર ચાલ્યા જશું તો કોઇ પાસ નહી માંગે. ખૈર આડુંઅવળું જોયા વગર હું અને હબીબભાઇ અંદર દાખલ થયા. કોઇએ રોકયા નહી તો આસીફભાઇ પણ આવી ગયા.

ગેટવાળા સમજયા કોઇ મોટા માણસ લાગે છે. અંદર એજ પાટલા અને વિવિધ જાતના ગંજીફાના પત્તાથી જુગાર રમાય. પાસાઓ ફેંકે અને ગોળ ફરતા ફરતાં ૩૨ ખાનાઓમાંથી ગોળી એક ખાનામાં ફસાઇ જાય. ખેર હવે આસીફભાઇ અને છોકરાઓ થોડી શુગલ કરવા હશે, આવ્યા છીએ તો ૫૦થી ૧૦૦ ડોલર રમીએ એટલે આસીફભાઇએ મને કહ્યું:

"હાજી સાહેબ તમે ચક્કર લગાવો અમે પણ જરાક ચક્કર લગાવીએ." અર્ધો કલાક બાદ મળીએ છીએ.

અમો સમજી ગયા કે અમારી હાજરીમાં તે લોકો એક ડોલર પણ રમશે નહી એટલે અમો જુદા પડીને બીજે ચક્કર લગાવવા આગળ વધી ગયા. જહાઝનો કેસીનો જોવા જેવો હતો. ફાઇવ સ્ટાર હોટલથી પણ વધારે શણગારેલો અને સુશોભિત હતો અને લાઇટોથી ભરપૂર એટલે દિવસ જેવું જ વાતાવરણ લાગે. કયા ફાઇવ સ્ટાર હોટલો આપણી થ્રી સ્ટાર જેવી મુશ્કેલીથી હોય કારણ કે ત્યાં શણગાર અને ચમકદમકનો ખર્ચ વધારે આવે છે એટલે ફાઇવ સ્ટાર હોટલમાં પણ દમ નહી.

આપણે ત્યાંની ફાઇવ સ્ટાર હોટલો ઘણી લાજવાબ હોય છે. ખૈર અમો થાકીને બહાર

આવી ગયા અને એક બાકડા પર બેસી ગયા. આસીફનો મોબાઈલ મારી પાસે હતો. તેને ફોન કર્યો તો કહે હમણા આવીએ છીએ. થોડી વારમાં જ તે લોકો આવી ગયા. ઘણું મોડું થઈ ગયું હોવાથી ઘરે જઈને આરામ કરેલ. બીજા દિવસે બશીરભાઈએ સાબરી નીહારી હોટલમાં દાવત રાખી હતી. નામ નિહારીનું પણ ખાવાની દરેક વસ્તુ મળે. આંટાફેરા કર્યા પછી હોટલમાં જમવા ગયા. હોટલ ઘણી મોટી પણ ગ્રાહકો ઓછા હતા. શનિવાર અને રવિવારે ગ્રાહક વધુ હોય. બશીરભાઈએ કહ્યું કે આપે જે ખત ૧૦ ડોલરમાં બનાવી તે અગર બુધવારે બનાવો તો અર્ધા ભાવે કરી આપે કારણ કે એ લોકો પાસે બુધવારે ગ્રાહકો ઓછા હોય છે.

ખાવામાં નીહારી, ચીકન રોટી, બીરીયાની અને કોલ્ડ ડ્રીન્ક સાંભળ્યા મુજબ એક માણસના ૧૦ ડોલર થાય. ખૈર, બીજા દિવસે સવારે ગાડીમાં મીશીગન જવાનું હતું તેથી જલ્દી ઘરે જઈને સૂઈ ગયા. બીજા દિવસે સવારે કાફલો હારુનભાઈના ઘરેથી રવાના થવાનો હતો. હારુનભાઈ અને તેમના પત્નિ સાથે હતા કેમકે મીશીનમાં તેમની પુત્રી અને જમાઈ રહેતા હતા અને બાપા તો હોય જ આગળની સીટ પર ખમીસ-ઈજારમાં.

એક વેન અને એક કાર એમ બે ગાડીઓ રવાના થઈ. હારુનભાઈના જમાઈ કરીમભાઈને ફોન કરી દીધો હતો. માર્ગમાં મીશીગન લેક આવે અને ઝાડપાન પૂરી રીતે ખીલેલા ન હતા છતાં પણ થોડી રોનક હતી. ઠંડી ઓછી થતાં ઝાડપાન ફરી બહારમાં આવે ત્યારે વાતાવરણ ખુશનુમા થઈ જાય છે.

માર્ગમાં મોટર ગાડીની વાતો ચાલી નીકળી. કહે છે કે લાખ માઈલ ચાલેલી ગાડી છે સારી ગાડી છે. મેં કહ્યું કે લાખ માઈલ ચાલેલી ગાડી ! તો કહે કે એક તો એન્જિન બહુ જ હેવી હોય અને રોઠ પણ સારા એટલે બે લાખ માઈલ સુધી ગાડી અવાજ સુદ્ધાં ન કરે અને ખર્ચો પણ ન કરાવે.

આગળ વધ્યા. રસ્તામાં સાઈડમાં કોઈ કોઈ ઠેકાણે બરફ જામેલ હતી એટલે વાતાવરણ ખુશનુમા હતું. બપોર ટાણે મીશીગન પહોંચી ગયા. મીશીગન શહેરમાં દાખલ થતાં જાણવા મળ્યું કે દ્રાક્ષની મોસમ છે અને તેની સુગંધ આવવા લાગી.

કરીમભાઈના ડ્રોઈંગ રુમમાં જઈને બેઠા. સામે જ પારદર્શક ગ્લાસ લાગેલ હતો. સામેનો રળિયામણો દેખાવ અને સૌદર્ય દિલ મોહી લીધું અને એવું લાગે કે જીવને જીવ જન્નત છે. આ કુદરતે બનાવેલ શહેરની આવી સીઝન છે તો પછી અસલ જન્નત સુંદરતાનો તસવ્વુર કરી શકાય છે.

કરીમભાઈ મળતાવડા અને વાતોડીયા પણ ખરા. એમ પણ દેશના અને વતનના માણસને જોઈને વાતોનો ઉન્માદ જાગી ઊઠે તે સ્વાભાવિક છે. તેઓ મહેમાનનવાઝ પણ ખરા. તેમણે વાતો શરૂ કરી કે અહીથી કેનેડાની બોર્ડર નજીક છે. એકાદ કલાકમાં બોર્ડર સુધી પહોંચી શકાય અને નાયગ્રો ધોધ જવા માટે ચાર-પાંચ કલાક લાગે. હવે કેનેડા જવાની ઇચ્છા તો ઘણી હતી પણ કેનેડાના વીઝા નહોતા અને શરદી પણ ઘણી હતી એટલે વિચાર માંડી વાળ્યો.

કરીમભાઈનું મકાન બે-ત્રણ હજાર વાર પર બનેલ હશે. ફર્નીચર વગેરે બહુ જ સારો. ત્રણ કારો જનરલ મોટરની. કરીમભાઈ કહે કે હું ૨૮ વર્ષથી જનરલ મોટરમાં કામ કરું છું અને હાલમાં મને કલાકના ૪૦ ડોલર મળે છે. અહીં ખાલી મોટરની બોડી અને દરવાજા બને છે. એક કલાકમાં ચારસો દરવાજા બને છે. જનરલ મોટરના આવા તો અનેક કારખાના છે. કરીમભાઈના કહેવા મુજબ અમને ગાડી ઓછા ભાવે મળે એટલે એમની ત્રણેય કારો લાજવાબ હતી.મારી નોકરીની મુદ્દત હવે પૂરી થઈ ગઈ છે ગમે ત્યારે નિવૃત થઈ જઈશ. તેમને મહિને ૩૫૦૦ ડોલરનું પેન્શન આજીવન મળશે. પેન્શન પછી પત્નિને પણ મળે.

કરીમભાઈ જનરલ મોટરના સીનીયર માણસ અને યુનિયનમાં પણ ભાગ લ્યે યુનિયનના ચેરમેન પણ ઘણા વખત સુધી ચુંટાતા રહ્યા હતા. હાલમાં નથી. બપોરના ખાણાનો 'એહતેમામ' તથા પ્રબંધ બહુ જ વધારે પડતો કરેલ હતો. ચીકન, મટન પયા, પાછલી વગેરે સારી મહેમાની હતી.

વાતાવરણ ઘણું સારું હતું અને સફરથી આવેલ હોય પેટ ભરીને જમી લીધું. ખાવ નું ખાઈ ચા-પાણી પીધા બાદ કરીમભાઈ અમને ચક્કર લગાવવા પોતાની ગાડીમાં લઈ ગયા. ગાડીમાં બેસતાં જ લાગેલ કે ગાડી સારી છે. મોટી વેગન જેમાં કોમ્પ્યુટર, ફ્રીઝ અને દરેક સગવડ હતી. તેઓએ અમને શહેરની વિવિધ જગ્યાએ લઈ ગયા. ત્યાં વાયએમસી કલબ પણ હતી. અમેરિકામાં ઠેર ઠેર વાયએમસી કલબો છે. બીજી ઈમારતો અને જનરલ મોટરની ફેકટરી પણ બહારથી બતાવી કારણ કે અંદર જવા માટે પાસ બનાવવો પડે. ત્યાં મકાનો લગભગ લંડન જેવા. ગ્રાઉન્ડ પ્લસ વન. કહેવાય છે કે અમેરિકા પહેલા બ્રિટીશ કોલોની હતું એટલે મકાનો વગેરે લંડન ટાઈપના છે. હવે કરીમભાઈને અમોએ ઘણી જગ્યાએ કોટા પાઈલ અને બરફ પણ ઘણી પથરાયેલી હતી. આવું ખૂબસૂરત શહેર મેં પહેલાં કયાંય જોયું ન હતું. પાંચેક લાખની આબાદી, શાંત જીવન અને હવાપાણીનું તો પૂછવું જ શું ?

કરીમભાઈના બે પુત્રો છે. એક ૧૮-૨૦ વર્ષનો અને એક તેનાથી થોડો નાનો છે. ભાંગ્યું-તૂટયું ઉર્દુ બોલે, કરીમભાઈએ કહ્યું કે મારા બંને પુત્રોને પાકિસ્તાન કુર્આનની તાલીમ માટે મોકલેલ પણ થયું એવું કે એક વખત તે ગાડીમાં આવતો હતો તો રોડ વચ્ચે તેના પૈસા અને ઘડિયાળ તેમજ ગાડી લૂંટી ગયા. એમણે બીજા કોઈ સગાની ગાડી લીધી તે પણ બે-એક દિવસમાં લૂંટાઈ ગઈ તેથી મારું દિલ તૂટી ગયું અને મેં બંને પુત્રોને પાછા બોલાવી લીધા.

કરીમભાઈના પુત્રો કોમ્પ્યુટરની તાલીમ લ્યે છે અને જનરલ મોટરમાં સર્વીસ કરે છે અને ટ્રેનીંગ લ્યે છે. લાગે છે કે તે પણ જનરલ મોટરમાં પિતાની જેમ સારી જગ્યા મેળવી લેશે. ખૈર કરીમભાઈએ લગભગ મીશીગન શહેરનો પૂરો ચક્કર લગાવેલ. મીશીગન લેક જે કેનેડાથી શીકાગો સુધી ફેલાયેલું છે તેનું પાણી લગભગ મીનરલ વોટરવાળા ભરે છે. મીશીગન નામ સાંભળેલું હતું આજે તેના દર્શન પણ થઈ ગયા.

ઘરે પાછા ફર્યા. ગાડી ગેરેજમાં રાખી. કરીમભાઈએ ખાવાપીવાની વસ્તુઓ અને

કોલ્ડ ડ્રીન્ક ગેરેજમાં રાખી હતી જાણે કે ગેરજ + ખાધાખોરાકીનો સ્ટોર. અમોએ ઘરે આવીને ચા–પાણી પી પાછા ફરવાની તૈયારી કરી રહ્યા હતા. આસીફભાઇ આરામથી સૂઇ રહ્યા હતા. થોડી વાર બાદ તેઓ ઊઠયા અને અમે ફરી તૈયાર થઇ શીકાગો તરફ રવાના થઇ ગયા.

હવે કમાલ એ છે કે બરફ અને ધોધમાર વરસાદ છતાં પણ કયાંય સડક તૂટેલી દેખાય નહી. કહેવાય છે કે અહી પૂરા વરસનો ઠેકો હોય છે. એક કિલોમીટરના ૭૦૦ ડોલરના હિસાબે સડક કયાંય પણ થોડીઘણી તૂટે એટલે તરત જ બની જાય, કમ મુજબ ચાલે એટલે સડકમાં કયાંય ખાડા–ખરબચડા નજરે પડે નહી.

ખૈર લગભગ ઇશા વખતે શીકાગો પહોંચેલ. આજે અમારો અહી છેલ્લો દિવસ હતો એટલે હારુનભાઇથી મુલાકાત કરી વિદાય લીધી. હારુનભાઇએ એક–એક શર્ટ હબીબભાઇ અને મને ભેટ આપી જે અમારે નાછૂટકે સ્વીકારવી પડી કેમકે આટલી મહેમાનનવાઝી બાદ ભેટ અમારી આપવી જોઇએ પરંતુ તેમણે માન સાથે આપી એટલે સ્વીકારી. ખરેખર મોટા મનની અને મોટા દિલની વાત છે.

બીજા દિવસે એરપોર્ટ રવાના થયા. સામાન તો પૂરો જ હોય. કરાચીથી લઇને હબીબભાઇને એકબીજા માટે સામાન ફેરનો છેલ્લો કોલ કરેલ. અમો વિમાનમાં ગયા તો અમારી લાઇનમાં માંડ બે સીટો ભેગી મળી. વિમાને ટેકઓફ કર્યુ અને આકાશમાં પહોંચ્યાં એ જ અઢી અઢી મણની એર હોસ્ટેસોએ દેખા દીધી તથા કાટ અને પેન લઇને દરેક સીટ પર આવીને પૂછયું કે તમારે કોલ્ડ ડ્રીન્ક લેવી છે ? જાણે કોઇ મોટો ડીનરો મેન્યુ પસંદ કરાવતી હોય તેમ ઓર્ડર માંગી રહી હતી.

ખૈર અમોએ થોડા કટકબટક સાથે બિસ્કિટ અને ડ્રાય ફ્રુટ વગેરે લઇ લીધું. મને યાદ છે કે ૧૯૮૭માં કેએલએમમાં પણ યુરોપ, અમેરિકા અને વળતાં ઉમરા અને દુબઇની બિઝનેસ કલાસની ૨૬૦૦૦માં ટીકીટ લીધી હતી જેમાં ૧૭ કુપન હતા. તે સર્વીસ ખાવાપીવા સિવાય ડ્રાયફ્રુટના પેકેટ ખાવા આપે. એમ્સ્ટર્ડમાં ત્રણ દિવસ ફાઇવ સ્ટારમાં રોકાણ અને ખાવાપીવા સાથે.

કેએલએમનો એ ઉડ્જનો જમાનો હતો. આ જાડી સ્ત્રીઓ વિશે પુછતાં અને અમેરિકામાં વધારે પડતા જાડાપણા વિશે પૂછતાં ખબર પડી કે અહી ચોકલેટ, આઇસક્રીમ અને ઠંડા પીણાના વધુ પડતા ઉપયોગથી સ્થૂળકાય બની જાય છે. ઘણી મોટી ઉમરની સ્ત્રીઓ તો વ્હીલચેર જે બેટરીથી ચાલે અને તે પણ સહકાર આપે તેમાં બેઠેલી દેખાય. વિમાનમાં આપણી ડોમેસ્ટીક એરલાઇનો યાદ આવી ગઇ કે દોઢ કલાકની ફ્લાઇટમાં પણ ખાવાનું સારું આપે. અરે વિમાન તો શું લાહોરજા ડાયવો ? બસમાં જઇએ તો એક છોકરી દુબળી પાતળી દરેક પેસેન્જરની મહેમાનનવાઝી કરે. એક રીફ્રેશમેન્ટ બોકસ આપે જેમાં સેન્ડવીચ વગેરે હોય અને ઠંડાપીણા વગેરે આપે. ખૈર જેમ તેમ પાંચ કલાક નીકળ્યા અને દરવાજામાંથી નીકળતી વખતે ગુડ બાય કહેવાયા એજ મોટી જાડી એર હોસ્ટેસો આવી.

મારા આજ દિવસ સુધીના અનેક સફરોમાં મેં બીજી એક નવીનતા જોઇ. એલે આવી

અમો નીચે ઉતર્યા. સામે અમોને લેવા માટે હબીબભાઇના પુત્ર આવ્યા હતા. અમારી બીજા દિવસની કરાચી પાછા ફરવાની ટીકીટ હતી. આજે ગુરૂવાર હોય શુકવારે સાંજે ૭ વાગે એરપોર્ટ જવું હતું. કેમકે ૧૦ વાગે ફલાઇટનો સમય હતો. ઘરે પહોંચી થોડોક આરામ કર્યો.

રાતના ખાણું ખાઇને ચા પીધી. ફહીમે વાતની શરૂઆત કરતા કહેલ કે હાજી સાહેબ ચાલો હોલીવુડનો ચક્કર લગાવીએ કારણ કે શનીવારે ઓસ્કાર એવોર્ડ છે તેની તૈયારીઓ થઇ રહી છે જરા રોનક જોઇ આવીએ. અમે તરત હા પાડી અને અમને ફહીમ હોલીવુડ કોડેક થીયેટર લઇ ગયો જ્યાં તડામાર તૈયારીઓ થઇ રહી હતી. કોડેક થીયેટર આગલના રોડ પર બધી વ્યવસ્થા સંપૂર્ણ હતી, રોડો પણ બંધ હતા. આજુબાજુના કન્ટેનર અને બીજી ચીજોથી દિવાલો બનાવેલ. લગભગ ૧૦૦થી વધારે સીકયુરીટી ગાર્ડ પહેરો ભરી રહ્યા હતા તેનાથી અંદાજો થયો કે કેવી જબરદસ્ત સીકયુરીટી હશે ?

બાદમાં વર્તમાનપત્રો દ્વારા ઓસ્કાર એવોર્ડની વિગતો જાણી તેનાથી અંદાજો આવ્યો કે કેવો ભવ્ય પ્રોગ્રામ હતો જેમાં ૭૦ કરોડ ડોલરના આભૂષણો અને હીરાજડીત દાગીનાઓ પહેરીને ફિલ્મી દુનિયાની અભિનેત્રીઓ તેમજ જાણીતા કુટુંબોની મહિલાઓ આવી હતી. કુલ આ સમારંભ પર ૧૧૫ કરોડ ડોલરના ખર્ચાઓના અહેવાલો આવ્યા હતા. ઓસ્કાર એવોર્ડની ભૂંડી નકલ ભારતમાં પણ થાય છે અને ૧૦થી ૨૦ જણ નાચગાન કરીને આઇટમો રજૂ કરે છે.

આ વખતે ઓસ્કાર એવોર્ડનો સમારંભ પાંચમી માર્ચ ૨૦૦૬ના સાંજના કોડેક થીયેટરમાં યોજાયો હતો જેમાં લગભગ સાડા ત્રણ હજાર લોકોના બેસવાની ગુંજાઇશ છે. દુનિયાભરના જાણીતા અભિનેતાઓ અને અભિનેત્રીઓ દર વખતે હાજરી આપે છે. અને સલામતિનો કડક જાપ્તો પણ હોય છે.

એ દરમ્યાન નીચે ઉડયન કરતા હેલીકોપ્ટરો તથા ઠેર ઠેર પોલીસ ચેકીંગને જોઇને એવું લાગતું હતું કે આ કોઇ સમારંભ નહી બલ્કે યુદ્ધનું મેદાન છે. એ પ્રસંગે સત્તાવાળાઓ તથા વ્યવસ્થાપકોને ઇરાક–અમેરિકા યુદ્ધના વિરોધીઓની ત્રાસવાદી ઘટનાનો ખતરો હતો. સમારંભની જગ્યાથી થોડે દૂર જ દેખાવકારો દેખાવો કરી રહ્યા હતા. આ વખતે યોજાયેલ ઓસ્કાર એવોર્ડ ૭૮મો હતો. આ એવોર્ડની શરૂઆત ૧૯૨૯માં થઇ હતી જ્યારે ફિલ્મો મૂંગી હતી તે વખતે અવાજને બદલે દ્રશ્યો જોઇને ફિલ્મનો અંદાજો કરવાની પ્રથા હતી. ૧૯૫૩માં પહેલી વખત એવોર્ડ સમારંભ પ્રસારીત કરાયો. ઓસ્કાર એવોર્ડમાં સમારંભને આખી દુનિયાના ફિલ્મી સીતારાઓનો સૌથી મોટો મેળાવડો ગણાય છે. આ વખતના એવોર્ડ વિતરણમાં 'કેશ'ને શ્રેષ્ઠ ફિલ્મ ઠેરવવામાં આવી છે.

લોસ એન્જલસના કોડેક થીયેટરમાં યોજાયેલ સમારંભ ફીલીપ સેમોર હોફમેનને શ્રેષ્ઠ અભિનેતા અને રેઝો દરવોનને શ્રેષ્ઠ અભિનેત્રીનું સન્માન મળ્યું. સમારંભમાં અભિનેત્રીઓના રંગબેરંગી અને ફેશનેબલ વસ્ત્રો ચર્ચામાં રહ્યા. ખાસ કરીને અભિનેત્રી ચોર્લસથેરોન તેણે પરિધાન કરેલા વસ્ત્રોને કારણે વાતચીતનો વિષય બની રહી.

ખૈર અમો ઓસ્કાર એવોર્ડ સમારંભના સ્થળનો ચક્કર લગાવી રાત્રે પાછા ફરી સૂઈ ગયા. બીજે દિવસે જુમ્આ હોઈ નાશ્તાથી પરવારી નમાઝની તૈયારી કરી અને મસ્જીદમાં પહોંચી ગયા. મસ્જિદના મૌલાના પાકિસ્તાની હતા. તેમણે પહેલાં અંગ્રેજીમાં તકરીર કરી પછી બે ખુત્બા પઢયા અને નમાઝ થઈ. નમાઝ પછી ઘણા પાકિસ્તાનીઓ મળેલ તેમાં અમુક મેમણો પણ હતા. હબીબભાઈ અહી એક વરસ રહી ચૂકયા હોઈ ઘણા ઓળખીતાઓ મળેલ. હવે મને એ સમજ ન આવી કે આટલી મોટી મસ્જિદમાં પણ દરેક સફમાં એક ટ્રે ફેરવવામાં આવતી જેમાં ડોલર નાખવાના, પહેલા જુમ્આના જે મસ્જિદમાં ગયેલ તેમા પણ આ જ સીલસીલો હતો.

ખૈર મને તો અરબોવાળી ફલસ્તીનીઓની મસ્જીદ પગભર લાગી. ત્યાં કોઈ ચંદો માંગવાની જરૂરત ન હતી. જાણવા મળ્યું કે મસ્જીદનો વહીવટ ફલસ્તીનીઓના હાથમાં છે. સાથે જ મુહાજીર ફલસ્તીનીઓ તો ગરીબ હશે એવું પૂછાતાં જવાબ મળ્યો કે જેટલા અમીર ફલસ્તીનીઓ હતા તે બધા ત્યાંથી નીકળી ગયા છે અને અમેરિકામાં સેટ છે.

નમાઝ અદા કરી ઘરે આવી સામાન પેક કર્યો. ખાવાનું ખાધા પછી સાંજે સાત વાગે રવાના થયા તો સામાનની સ્કુટીગ મશીનમાં કાઢવાની લાઈન, સામાન મશીનમાંથી પસાર થઈ જાય એટલે સીલ કરી દયે. વળી વજન કરાવવા જાવ અને વધુ હોય તો પૈસા આપવા પડે નહિંતર પાછા મશીન પાસે જઈને લાઈનમાં લાગો. પૂરો વજન થયેલ હોય તો વાંધો નહી. કાઉન્ટર પર આવવા ટાણે ઈમીગ્રેશનવાળાએ એક કાર્ડ લગાવી દીધેલ તે કાર્ડ બોર્ડીંગ વખતે લઈ લીધું. વાપસીમાં એકઝીટ કરતા નથી કાર્ડ પાછો લ્યે એટલે આપમેળે એકઝીટ થઈ જાય.

વિમાનમાં બેઠા. ત્યાંની સીટ સારી તો ન કહેવાય પણ જે સીટ ખાલી હોય ત્યાં બેસી જવાનું અમો પણ એક ખાલી સીટમાં બેસી ગયા અને થોડી જ વારમાં હબીબભાઈ પણ અમારી બરાબરમાં આવીને બેસી ગયા.

વિમાને ઉડ્યન શરૂ કર્યું તો જાહેરાત થઈ કે અમો ટાઈપી ૧૬ કલાકમાં પહોંચી જશું તો મારા તો છાતીના પાટીયા બેસી ગયા. આવતા વખતે ૧૧ કલાક અને જતી વખતે ૧૬ કલાક. પવનની દિશાને લીધે વખત વધારે લાગેલ. થોડીવાર ચિંતા થઈ પછી મનને મનાવી બેસી ગયા.

જમવાનું આવેલ તેના પર મુસ્લિમ ફુડનું લેબલ લાગેલ હતું. શીકાગોમાં એક નવી વાત એ જાણવા મળી કે ત્યાં ખાવાના પેકેટ પર હલાલ લખેલું હોય. ચીકન તો હલાલ છે પણ ઝુબાહ કરવું જરૂરી છે એટલે ખાવામાં સબ્ઝી, સલાડ, ફ્રુટ જયુસ વગેરે ખાધું. ચીકન ગળે ન ઉતર્યું.

ખૈર હવે એમ નક્કી કર્યું કે ગેરમુસ્લિમ એરલાઈનમાં વેજીટેબલ ફુડ લખાવી દેવાય એટલે માથાકુટ નહી. ખાધા બાદ ટીવી ચાલુ કર્યું. દરેક સીટી પર એક ટીવી અને તેમાં દરેક ચેનલ પર હિંદી ફિલ્મ આવે એટલે મેં ટીવી ખોલ્યું નહી. સૂવાની કોશિશ કરી પણ વિમાનમાં

આદત ન હોય એટલે સમય ઘણો મુશ્કેલીથી પસાર થયો. બીજી વખત નાશ્તો આવ્યો તેમા ઈંડા–આમલેટ અને ડબલ રોટી ને ફ્રુટ જયુસ તે ખાધું. ખૈર વિમાને પોતાના સમયે ઉતરાણ કરેલ. મેં અલ્લાહનો શુકર અદા કરેલ અને ત્યાંથી ટ્રેનમાં બેસીને બીજા ટર્મીનલ પાસે લઈ ગયેલ. ચાર કલાક બાદ બીજી ફલાઈટ હતી. ચાર કલાક આંટાફેરા કરીને કાઢયા. પાછી સવાર થઈ તો ચાર કલાકના ઉડયનનો થાક હોઈ એ પણ ભારે લાગેલ. બેંગકોક આવેલ ત્યાં પાંચ કલાકનું રોકાણ. તે બાદ પાંચ કલાકની ફલાઈટ. ખૈર મેં તો ખુરસીઓ પર બ્રીફકેશને ઉપર કોટ રાખીને લંબાવી દીધેલ. થકાવટના કારણે મારી હાલત સારી ન હતી. હું બે–ત્રણ કલાક લાંબો થઈને પડયો રહ્યો.

વખત થતાં થાઈ એરલાઈનમાં સવાર થયા જેમાં બધાય પાકિસ્તાની છે. જમણ પણ આવ્યું તો મુસ્લિમ. ખૈર બેંગકોકમાં મુસ્લિમ ફુડ મળી જાય અને વિમાનમાં પણ સપ્લાયર હોય એટલે વાંધો ન આવે કારણ કે ત્યાં મુસ્લિમ વસ્તી ઘણી છે.

શુક્રવારે સાંજે સાત વાગે રવાના થયા અને રવિવારે રાત્રે દસ વાગે એરપોર્ટ પહોંચી ગયા અને ઘરે ૧૧ વાગે પહોંચ્યા. વાંચકોને મારી સલાહ છે કે આટલો લાંબો સફર હોય તો વચ્ચમાં રોકાણ જરૂર લેવું. હું ચાળીસ કલાકે ઘરે પહોંચ્યો.

પાંચ સ્ટેટ ફર્યા. કેલીફોર્નીયા, લોસ એન્જલસ, લોસ વેગાસ ઈન્ડીયાગો, શીકાગો, મીશીગન સ્ટેટ, ગ્રાન્ડ રેપીટ.

આપણે પૃથ્વીના તટ પર નવી દુનિયા તરીકે પરિચિત થયેલ અને આજના એક માત્ર સુપર પાવર દેશ અમેરિકાની કેટલીક શાબ્દીક સહેલ કરી. થોડુંક ચેન્જ અને માહિતી માટે અમેરિકાની મારી મુલાકાતના કેટલાંક સંભારણા વાંચકોની જાણકારી ખાતર મેં રજુ કર્યા. મૂળ તો એનો મકસદ અમેરિકાના શહેરી અને જનજીવન વિશે આછો પરિચય આપવાનો હતો કે સુધરેલા ગણાતા દુનિયા અકે આગવા દેશનું રહેન સહેન કેવું છે ?

હવે આપણે સીરીયાના સફર તરફ આગળ વધીએ જે અંતિમ ચરણમાં પ્રવેશી રહ્યું છે. સીરીયાની એક આગવીજ વિશિષ્ટતા છે અને અનેરૂં આકર્ષણ છે. મક્કા મુકર્રમા, મદીનએ મુનવ્વરા અને બયતુલ મુકદ્દસ પછી ઈસ્લામી ઈતિહાસમાં સીરીયાનું મહત્તાભરેલું સ્થાન છે.

અમે હઝરત ઈબ્રાહીમ અલયહીસ્સલામની વિલાદતગાહ પર હાજરી આપી અને અલ્લાહનું શુકર અદા કરેલ કે અલ્લાહ પાક “ખલીલ”ની વિલાદતગાહ એ કોઈ નાની સુની વાત ન હતી. અલહમ્દોલિલ્લાહ ત્યાર બાદ અમે સાત સહાબીઓની મઝારો પર હાજરી આપવા ગયા. સાતેય સહાબાએ કિરામના મઝાર સાથે આપેલા છે જેમાં હજર બીન અદી અલ કુન્દી, શરીક બીન મદાદ અલ ખફસરી, હયરી બિન શબાને, કલયસ બીન ઝબીયા, મોહરર બીન શબાબ, કુદ્દામ બીન હૈયાન અલ ગઝની, અને અબ્દુલ રહેમાન બીન હસ્સાન રદીયલ્લાહો તઆલા અન્હુમ અજમઈન.

ખૈર, અમે ખુશનસીબી સમજીને ફાતેહા પઢી. એકસામટે સાત સહાબાના મઝારો પર હાજરી એ પણ એક ખુશનસીબી છે. સાત સહાબાએ કીરામના એક સાથે મઝારની વંદુ

કોઇ માહિની મળેલ નથી.

તે બાદ મસ્જીદે કદમ ખાને જઇ હુઝૂરે પાકના કદમ મુબારકની ઝિયારત કરેલ અને છેલ્લે સૈયદી મીકદાદ બિન ઉમર અલ અસ્વદના મઝારની ઝિયારત કરી, મઝાર પર હાજર થતાંજ મારા મગજમાં જાણે એ ઐતિહાસિક શબ્દો ગૂંજી ઉઠયા જેના પર બીજા સહાબાએ કીરામ પણ "રશ્ક" કરતા હતા.

"યા રસુલુલ્લાહ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ ! અમે તેઓ (જેવા) નથી જેઓ મુસા અલયહીસ્સલામની કોમની જેમ કહી દે કે "તું અને તારો રબ્બ જઇને લડો અમે તો અહી જ બેઠા છીએ." (કુર્આન પાક) ! યા રસુલુલ્લાહ ! અમે તો એવું કહીએ છીએ કે આપના રબે આપને જે હુકમ આપ્યો છે તે તરફ આપ ચાલો, એ અલ્લાહની કસમ જેની કુદરતના કબ્જામાં અમારી જાન છે. અને જેણે આપને હકની સાથે "મબઉલ" કર્યા છે. અમે આપની જમણે (જમણી બાજુએ) લડશું, અને (ડાબે બાજુએ) લડશું અને આગળ લડશું અને પાછળ લડશું. એ અલ્લાહની કસમ જ્યાં સુધી અમારામાંથી એક આંખ પણ ફરે છે ત્યાં સુધી અમે આપણો સાથ-સંગાથ છોડીશું નહી."

હક અને બાતીલની પ્રથમ ટક્કર "બદર" માટે રવાના થતા પહેલાં એક લાંબા કદના ભરેલ શરીરના આકર્ષક ડીલડોલના એક શખ્સે ગજબના જોશ અને કુરબાન થઇ જવાની ભાવના સાથે આ શબ્દો બારગાહે રિસાલત અરજ કરી રહ્યા હતા. જમીન અને આસમાનની ગેબી મખ્લુક સુદ્ધાં જોઇ રહી હતી કે હુઝૂરે પાકનો મુબારક ચહેરાએ શબ્દો સાંભળી ખુશીની સાથે ચમકી રહ્યો હતો.

એ શબ્દોએ ન માત્ર રહેમતે આલમ સલ્લલ્લાહો અલયહે વસલ્લમને ખુશ કર્યા હતા બલ્કે એ મોકા પર મોજુદ શમ્એ રિસાલતના બધા પરવાનાઓના લોહીને પણ આ શબ્દોએ ગરમાવી દીધું હતું. સહાબાએ કિરામના ચહેરા બહાદુરી દાખવવા અને હુઝૂરે પાક પર જાનો કુરબાન કરી દેવાની દિલી તમન્નાના જોશથી લાલ બની ગયા હતા.

અને પછી જ્યારે હુઝૂર મહેબુબે રબ્બુલ આલમીને જ્યારે એ શબ્દો ઉચ્ચારનાર ખુશનસીબ વ્યક્તિ માટે બંને જહાંની ખયરની દુઆ ફરમાવી તો દરેકને 'રશ્ક' થવા લાગ્યો કે કાશ એ શબ્દો એમના મોઢામાંથી નીકળ્યા હોત.

ઈતિહાસની છાતી પર સદા માટે કંડરાઈને સદા જીવંત બની જનાર એ શબ્દો બારગાહે રિસાલતમાં ઉચ્ચારવાની સઆદત જે સરફરોશને નસીબ થઇ તે હતા અબુલ અસ્વદ મીકદાદ બિન ઉમર. જેમના મઝારની સામે અમે અદબપૂર્વક હાજર હતા અને અમારી જીત ને ફાતેહાનું નઝરાણું હતું.

હઝરત અમીર મુઆવીયા રદીયલ્લાહો અન્હો ઇસ્લામી ઈતિહાસની નામાંકિત વ્યક્તિ છે. તેઓ સહાબી અને 'કાતિબે વહી' હતા. એમની ઝાત કોઇ પરિચયની મોહતાજ નથી. હઝરત યુનુસ બિન મયસરા કે મેં સીરીયા, દમીશ્કના મીમ્બર પરથી હઝરત મુઆવીયાને એવું કહેતા સાંભળ્યા કે લોકો ! સદકો આપતા રહો. અને કોઇ શખ્સ એવું ન કહે કે હું ધણી

ઓછી આવકવાળો છું એ માટે ગરીબ આદમીનો સદકો ગનીના સદકાથી અફઝલ છે.

હઝરત તાઉસ હઝરત ઈબ્ને અબ્બાસથી રિવાયત કરે છે કે હઝરત મુઆવીયા જ્યારે "કરીબુલ મર્ગ" (મોતની નજીક) થયા તો ફરમાવ્યું:

"હું કોહે–સફા પર હતો કે મેં કંઘો (દાંતીયો) મંગાવ્યો અને હુઝૂરે અકરમ સલ્લલ્લાહે અલયહે વસલ્લમના મુએ–મુબારક લીધા અને તે એ જગ્યા હતા તેથી જ્યારે હું મરી જાઉ તો એ બાલ મુબારકને મારા મ્હોં અને નાકમાં રાખી દેજો."

હઝરત અમીર મુઆવીયાએ નસીહત ફરમાવી અને કહ્યું હતું કે હું હુઝૂરે પાકને વઝુ કરાવતો હતો તો આપે પોતાની મુબારક ખમીસ ઉતારી અને પહેરાવી દીધી. મેં તેને રાખી છોડી છે અને આપના મુબારક નાખુનના 'તરાશા'ને ભેગા કરીને રાખ છે. તેથી જ્યારે હું મરી જાઉ તો મને એ ખમીસને પહેરાવી દેજો અને મુબારક નાખુનના 'તરાશા' (કતરણ)ને મારી આંખોમાં નાખી દેજો. મને ઉમ્મીદ છે કે અલ્લાહ તઆલા તેની બરકતથી મારી ઉપર રહેમ ફરમાવશે.

હીજરી સન ૬૦ના રજબના સીત્તોનેર (૭૭) વર્ષની ઉમરમાં હઝરત અમીર મુઆવીયાની વફાત થઈ અને દમીશ્કમાં આપની કબર આવેલી છે જ્યાં જવાની સરકારી ધોરણે મનાઈ છે. એક મકાનમાં કબર છે. બહારથી ફાતેહા પઢી લીધી. અત્રે હઝરત અમીર મુઆવીયા વિશે હઝરત મૌલાના જલાલુદ્દીન રૂમી (રહે.)એ એક હિકાયત મસનવી શરીફમાં લખી છે જે ઘણી મશ્હુર છે જે અત્રે વાંચકોની માહિતી માટે નોંધવાનું મુનાસીબ લાગતાં ટુંકમાં હિકાયતનો સાર રજુ કર્યો છે જે હઝરત મુઆવીયાના દરજજાની સિદ્ધિ માટે પુરતો છે.

મૌલાના જલાલુદ્દીન રૂમી ફરમાવે છે કે એક વખત હઝરત અમીર મોઆવીયા રદીયલ્લાહો પોતાના નિવાસસ્થાને સુતા હતા એટલામાં અચાનક એક શખ્સને આપને જગાવી દીધા. આપ જ્યારે જાગૃત થયા તો જોયું કે તે શખ્સ છુપાઈ ગયો, બલ્કે અદ્રશ્ય થઈ ગયો.

હઝરત અમીર મુઆવીયાએ મનોમન વિચાર્યું "મારા ઘરની અંદર આવા સમયે તો કોઈ આવી નથી શકતો. આવી ધૃષ્ટતા અને હિંમત કોણે કરી છે ? એટલામાં આપે જોયું કે એક શખ્સ દરવાજાની આડમાં પોતાના ચહેરાને છુપાવીને ઊભો છે.

આપે દરખાસ્ત કર્યુ.

"તું કોણ છે ?

તે શખ્સ બોલ્યો.

"મારૂં મુળ નામ તો અઝાઝીલ ઈબ્લીસ છે."

આપે પૂછયું,

"હે ઈબ્લીસ ! તેં મને શા માટે ઉઠાડયો ? સાચેસાચું બતાવ ?"

તેણે કહ્યું,

"નમાઝનો સમય પૂરો થવા આવ્યો છે. તમારે મરયમ મસ્જીદ તરફ દોડવું જોઈએ."

આપે ફરમાવ્યું:

"હરગીજ તારો એવો ઈરાદો અને નિય્યત હોઈ શકતી નથી કે તું ખયર અને ભલાઈનો કોઈને માર્ગ ચીધે. મારા ઘરમાં તો ચોરની જેમ ઘુસી આવ્યો છે અને કહે છે કે હું ચોકીદારી કરું છું. તારો જેવો ચોર જે માર્ગ ભટકાવનાર પણ છે. કયા હેતુસર તને મારી ઉપર આવું મમત્વ જાગ્યું ?"

ઈબ્લીસે જવાબ આપ્યો,

"હું પહેલાં ફરિશ્તો હતો અને ઈતાઅતના માર્ગને મેં દિલોજાનથી પસાર કર્યો છે. જેવું કે પહેલાંનો તરીકો દિલમાંથી સદંતર ભૂંસાઈ શકતો નથી અને પહેલી મોહબ્બત કેવી રીતે દિલમાંથી નાબૂદ થઈ શકે છે ? હું નેક લોકોને નેકીનો રસ્તો દેખાડું છું અને બુરા લોકોને બુરાઈ તરફ માર્ગદર્શન આપું છું તેથી મેં આપને દીનના કામ માટે જાગૃત કરી દીધા તો એ તો મારી અસલ ફીતરતનો તકાદો છે."

હઝરત આમીર મુઆવીયાએ ફરમાવ્યું:

"હે ડાકુ, રસ્તે ચાલનાર ને લૂંટનાર ! મારા સાથે ખોટો વાદવિવાદ કરવાનું બંધ કર, મને મારી અંદર ગુમરાહ કરવાનો માર્ગ મળી શકશે નહી. મારી અંદર રસ્તો તલાશ ન કર. હવે ઝટ ! સાચે સાચું તેં મને ફજરની નમાઝ માટે શા માટે ઉઠાડયો જ્યારે કે તારું કામ તો ગુમરાહ કરવાનું છે. તું તો લોરીઓ ગાઈને, જાગવા ચાહતા લોકોને મીઠી નીંદરે સુવરાવી દે છે. આરીને મને જગાવી દેવામાં શું ભેદ છે ?

ઈબ્લીસે કહ્યું:

"જનાબ ! વાત એમ છે કે જો તમારી નમાઝ કઝા થઈ ગઈ હોત તો આપ અલ્લાહની બારગાહમાં એટલી બધી આહોઝારી કરતે જેનાથી આપનો દરજ્જો ઘણો જ બુલંદ થઈ જાત અને હું હસદ-ઈર્ષાથી બળીને પાક બની જાત. તેથી મેં વિચાર્યું કે આપને બેદાર કરી દઉં જેથી આપ નમાઝ અદા કરી લ્યો....."

".....જો આપની નમાઝ કઝા થઈ જતે તો આપ દર્દદિલથી આહોઝારી કરતે અને આપનો અફસોસ અને નદામતનું રૂદન આપને બસ્સો રકાત નમાઝથી વધુ મુકર્રર બનાવી દેત. તેથી તમારો ઉચ્ચ કુર્બના હસદથી મેં તમને જાગૃત કરી દીધા. કયાંક આપની આહોનો કમાલ મને બાળી નાખે નહી. હું ઈન્સાનનો દુશ્મન છું અને મારું કામ હસદ કરવાનું છે. કીન્નાખોરી છે.

હઝરત અમીર મુઆવીયા રદીયલ્લાહો અન્હોએ ફરમાવ્યું:

"હવે તેં સાચું કહ્યું હસદ અને દુશ્મની જે કાંઈ તે કરી છે તું એને જ પાત્ર છે."

મૌલાના જલાલુદ્દીન રૂમી રહેમતુલ્લાહે ઉપરોકત હિકાયતમાં હઝરત અમીર મુઆવીયાના દરજ્જાનું વર્ણન કરવાની સાથોસાથ હસદ અને ઈર્ષાના વબાલથી દૂર રહેવા માટે માર્ગદર્શન આપ્યું છે. આ પહેલાં પણ અદેખાઈમાં પોતાની જ એક આંખ ઈર્ષાળુ વ્યકિતએ ગુમાવી દીધી હોવાના એક પ્રસંગનું વર્ણન કર્યુ છે.

આવી યાદો સાથે અમે હઝરત અમીર મુઆવીયાના મઝાર પર દૂરથી બલ્કે બહારથી ફાતેહા પઢી લીધી કારણ કે અમીર મુઆવીયાનો મઝાર દમીશ્કના એક મહોલ્લામાંના એક મકાનની અંદર આવેલ છે જ્યાં જાણવા પ્રમાણે કોઇ કુટુંબ પણ રહે છે પરંતુ સરકાર તરફથી અંદર જવાની સખ્ત મનાઇ છે અને કોઇને પણ અમીર મુઆવીયાના મઝાર સુધી જવાની પરવાનગી મળતી નથી.

હવે આજની ઝિયારતો ખતમ થયેલ અને આવતી કાલનો પ્રોગ્રામ બનાવી સાંજે ઝુહેર સાથે મીટીગ કરે તો ઝુહેરે કહ્યું:

"કાલે તમે તફરીહ, હરવા ફરવા માટેનો દિવસ રાખો. ઝરમોર ઝીલ (લેક) નબીલ તમને લઇ જશે. મને પૂરી ખાત્રી છે કે હાજી સાહેબ તમને મજા પડશે. દમિશ્કના પરા વિસ્તારો પણ જોવા મળશે."

અમારો પણ હરવા ફરવાનો મૂડ હતો કેમકે ત્રણ અઠવાડિયાઓથી અમો મક્કા, મદીના અને સીરીયાની ઝીયારતો કરી ચૂકયા હતા. બધા ખુશ થઇ ગયા. વાતો નીકળી. ઝુહેરની બિલ્ડિગમાં ૧૦૦ રૂમ હતા.

મેં પૂછયું,

"બિલ્ડિગ કેટલાની હશે ?" બિલ્ડિગ દમિશ્કના અતિ પ્રખ્યાત, ગીચ અને ઝાઇરીનોથી ભરચક રહેતા વિસ્તારમાં હતી. તેણે જવાબ આપ્યો:

"દોઢ મીલીયન ડોલરની છે."

અંદાજે આઠ કરોડ સીરીયા રૂપિયા થયા. આઠ નહી પાંચ-છ કરોડની તો હશે.

ઝુહેરે મને કહ્યું કે બીજી વખતે તમે આવશો તો હું તમને અહીના રઇસોના બંગલા બતાવીશ જે ૧૦થી ૨૦ કરોડ રૂપિયાની એક બંગલાની કિંમત છે.

ખૈર વાતો ચાલી તો મેં પેટ્રોલ વિશે પૂછયું તો તેણે કહ્યું કે આઠ લાખ બેરેકા રોજીંદના હિસાબે અમારે ત્યાં પેટ્રોલ નીકળે છે અને ઉસામા અને તાલીબાનને સીરીયાના લોકો પસંદ કરે છે તેમજ અમેરિકા અને તેને સાથ આપતા ઈન્તેહાદી દેશોને પસંદ નથી કરતા. ખૈર મેં કહ્યું કે પાકિસ્તાનમાં પણ ઇસ્લામપસંદ જમાતો અને પક્ષો તથા લોકો અમેરિકાને પસંદ નથી કરતા.

ઉમરા અને હજ વિશે વાત નીકળી તો ઝુહેરે કહ્યું કે અમો પંદર દિવસમાં ઉમરા કરવા જશું. અમારા કૌટુંબિક સભ્યોની ભરેલી એક બસને લઇ જશું અને બસ વીસ કલાકમાં પહોંચી જશે અને દસ હજાર વ્યકિત દીઠ ખર્ચ આવશે.

મેં પૂછયું,

"તમે હજ અદા કર્યો છે ?"

તેણે જવાબ આપ્યો:

"અમારા માટે મુશ્કેલી એ છે કે અમારી મુસલમાન વસતિના એક ટકાને હિસાબે માત્ર ૧૫૦૦૦થી પણ ઓછા માણસોનો કવોટા છે અને સરકારના નીતિ-નિયમો એવા છે કે

જેટલી અરજીઓ આવે તેમાં પહેલાં મોટી ઉમરના લોકોને હજ માટે જવાની પરવાનગી આપવામાં આવે છે. ૬૫થી ૭૦ વરસના હોય તેનો નંબર આવી જાય. બહુ બહુ તો ૫૦થી ૫૫ વરસની વ્યક્તિનો નંબર આવે. બાકીના નંબર લાગે નહી એટલે હજ માટે જવાનો ચાન્સ નથી. ઉમરા માટે જઈએ છીએ. ઉમરા કરવાનું સીરીયાના લોકો માટે બહુ સરળ અને આસાન છે. ખૈર મેં શાંતિ અને વ્યવસ્થા વિશે પુછયું તો ઝુહેરે જણાવ્યું.

"અમારો દેશ દુનિયાના એ ચાર દેશોમાંથી એક ગણાય છે જ્યાં ઓછામાં ઓછા કાઈમ અને ગુનાખોરી થાય છે."

મને પણ ત્યાં ગુનાખોરી અને કાઈમ જેવું દેખાયું નહી. પણ ચાર દેશોની યાદીમાં મો ન જ હોય. મેં એક જગ્યાએ વાંચ્યું હતું કે એક સંસ્થા છે જે દર વરસે મોટા શહેરોની નામાવાલી બહાર પાડે છે અને એક, બે, ત્રણ અને ચાર નંબરે આવતા દેશોના નામ જાહેર કરે છે. જ્યાં ગુનાખોરીની સરેરાશ ઘણી જ ઓછી છે. લંડનની એક સંસ્થા મર્સરી જે દર વરસે દુનિયાના સૌથી સલામત ચાર શહેરો અને જોખમી શહેરની ક્રમવાર નામાવાલી બહાર પાડે છે જેમાં યુરોપના જ શહેરોનો નંબર સલામત ગણાતા શહેરોની નામાવલીમાં આવે છે. સૌથી છેલ્લે આજકાલ બગદાદનું નામ છે જે બીનસલામત શહેર ઠર્યું છે.

લંડન અને રોમ જેવા સહેલાણી શહેરો પણ પચ્ચીસના ક્રમમાં નથી આવતા. લેકસનબર્ગ, ઝયુરીચ પર ચાર શહેરોમાં નથી આવતા અને અસ્થિરતાવાળા દેશની યાદીમાં છેલ્લે નંબરે હોય છે. આફ્રિકાના શહેરો પણ બીનસલામત જાહેર થાય છે. આપણા દેશના કોઈ શહેરનો નંબર પચાસ નંબરમાં પણ નથી. (સલામત શહેરોની યાદીમાં)

ખૈર અમને સીરીયા અને દમીશ્ક આપણા કરાચીની સરખામણીમાં સાવ સલામત શહેર દેખાયું. કોઈ ગુનાહીત પ્રવૃત્તિ, લડાઈ ઝઘડા વગેરે નજરે પડયા નહી. આપણા માટે તો સલામત શહેર જ ગણાય.

ખૈર હવે નક્કી એમ થયું કે કાલનો દિવસ હરવા ફરવા માટે નીકળી જવું અને રાતના નબીલને ઘેર દાવત રાખેલ ત્યાં જવું. મેં ઘણી આનાકાની કરી પરંતુ ઝુહેરે મને ઈશારો કરીને કહ્યું કે જશું.

ગયા વરસે અમે ૧૬માંથી ૪ જણની દાઅવત કબુલ કરી હતી. આ વખતે નબીલે બધાને આગ્રહ કરીને દાઅવતમાં આવવાનું કહેલ અને ઝુહેરના કહેવાથી માન્ય રાખેલ અને થોડોક ચેન્જ પણ થઈ જશે. રાતે ખાઈપીને ચા–પાણી પી થોડી ગપસપ કરીને સૂઈ ગયા.

સવારે મોડા આવવાનું નબીલને કહેલ તો પણ તે સાડા દસ પહેલાં આવી ગયેલ. અમે લગભગ ૧૧ વાગે ગાડીમાં ગોઠવાઈ ગયા.

સૌથી પહેલાં દમીશ્કના અતિ મોર્ડન વિસ્તારમાં અમને નબીલ લઈ ગયો જ્યાં વિશાળ સડકો અને ઊંચી બિલ્ડિંગો હતી. શોપીંગ સેન્ટરો પણ અનેક, અને રોડ ઉપર ટ્રાફિક પણ ઘણું. નાની નાની બસોમાં પેસેન્જરોની ભરમાર. આપણી જેમ બસમાં ચઢવાનું, લાઈન કે કતાર બનાવવાનું નહી. યુવતિઓ પણ શર્ટ અને જીન્સની પેન્ટ પહેરેલી દેખાઈ. કદાચ આ

વિસ્તારમાં બહુમતિ ગેરમુસ્લિમોની હશે કેમકે ગેરમુસ્લિમોનો લીબાસ લગભગ પેન્ટ શર્ટ. લગભગ રોહરીઓ પણ પહેરે એટલે પુરૂષો પેન્ટ શર્ટમાં હોય.

મારી ફેમિલીની મહિલાઓએ ગાડી સાઇડમાં રોકાવી નીચે ઉતરવાનું કહેલ. મેં નબીલને ગાડી રોકવાનું કહ્યું અને ગાડી એક સાઇડમાં રોકાઇ જતાં અમો બધા નીચે ઉતર્યા જેથી એ વિસ્તાર પણ ઉડની નજરે જોઇ લેવાય. અમે બે–ચાર ફોટા લીધા. સ્ટોરોમાં આંટા મારેલ પરંતુ મોટા મલ્ટી સ્ટોરોમાં ચક્કર લગાવતા માલુમ પડયું કે એ ફેશનેબલ સ્ટોરોમાં ખરીદી કરવાનું કામ આપણું નહી. ભાવો સાંભળીને મારી ફેમિલીએ કહ્યું કે પાછા ચાલો ગાડીમાં.

મેં કહ્યું:

"ખરીદી નથી કરવી, તમારો તો શોપીંગ કરવાનો મૂડ અને ઈરાદો હતો."

જવાબ મળ્યો:

"અહી તો ઘણા ઊંચા અને મનસવી ભાવ છે."

અમારા બજેટની સીમાથી બહાર. ખૈર આ દમીશ્કનો નવો વિસ્તાર હતો. જેમ જુનું શહેર, ઓલ્ડ ટાઉન અને ન્યુ ટાઉન એમ શહેરના વિસતારો હોય છે. એવી રીતે દમીશ્કના આ નવા વિસ્તારની રોનક જોઈને આગળ વધી ગયા અને શહેરની બહાર ગાડી પુરઝડપે આગળ વધી. ખૈર અમે નવા દમિશ્કે ગયા. વખતે જોયેલ નહી. હવે આ વખતેની સીરીયાની સફરમાં એ વિસ્તાર પણ જોવાઇ ગયું અને સંતોષ થયો કે નવા દમિશ્કને પણ જોઇ લીધું.

હવે અમારી આગામી મંઝીલની અમને ખબર ન હતી. નબીલ ગાડી દોડાવી આગળ વધી રહ્યો હતો. માર્ગમાં અતિ ખુશ્નુમા વાતાવરણ. સીરીયાની બરકતવંતી સરઝમીનની લીલોતરી ચારે તરફથી આંખોને આકર્ષી રહી હતી. ઠંડી ઠંડી હવાની એક પ્રકારની સુગંધિત પવનની લહેરો મન મગજને તર બનાવી રહી હતી. સીરીયામાં ગાડીમાં સફર કરવાનો અનેરો લહાવો હતો.

ખૈર થોડા કલાકની મુસાફરી પછી અમે એક ઝીલ પાસે પહોંચી ગયા. ત્યાં નામનું બોર્ડ લાગેલ હતું. ઝરમોર ઝીલ (લેક)નો બોર્ડ જોયો. અમારી ગાડી એક ઘટાદાર ઝાડની નીચે ઊભી રહી ગઇ. અમે નીચે ઉતરીને આસપાસનું નિરીક્ષણ કરેલ તો ત્રણ–ચાર કીશ્તીઓ કાંઠા પર ઊભી હતી.

કેટલાક શખ્સો ઘોડાઓ લઇને ઊભા હતા. ઝીલ પર આવતા લોકોને તેમના સાથે બચ્ચાઓને ઘોડા પર બેસાડી કાંઠાના રળીયામણા વિસ્તારની સહેલ કરાવતા તેમણે અમને પણ ઘોડાઓ પર બેસાડીને ફરવાની મજા માણવાનો આગ્રહ કર્યો. અમારી સાથે કોઇ નાનું બાળક ન હોઇ કોઇને બેસવાનું મન થયું નહી.

એક ઘોડાવાળો કહે કે સાહેબ તમે ઘોડા પર બેસીને ફોટા પડાવી લ્યો. અમે પૈસા નહી લઇએ તો પણ અમારામાંથી કોઇ તૈયાર થયેલ નહી. કીશ્તીવાળા થોડા દૂર હોઇ કોઇએ અવાજ આપી બોલાવેલ નહી. હવે અમોએ બેસવા માટે મુનાસીબ જગ્યા માટે આસપાસ નજર કરી તો એક જગ્યાએ આઠ–દસ ખુરશીઓ અને ટેબલ પડેલ હતા. તેની ઉપર બેસવાનો

વિચાર કરતા હતા એટલામાં એક માણસે આવીને કહ્યું, "બેસો, બેસો તમારા માટેજ છે." સાથે જ તે કહેવા લાગ્યો:

"પણ મારી લાલ ચા પીવી પડશે !" હું કીટલી લઈને થોડીવારમાં આવું છું અને હતીયો ૩૦૦ રૂપિયા."

અમે તો વિચારમાં પડી ગયા. ખૈર નછૂટકે બેસવું પડયું. પાણીની મીનરલ વોટર બોટલના ૧૦૦ રૂપિયા. ખબર ન હતી તેથી આવા બખેડા થયા.

અમારી નજીક જ્યાં અમો બેઠા હતા ત્યાં સ્કૂલનો એક કાફલો પીકનીક માટે આવેલ હતો. સ્કૂલ છોકરીઓની હતી. સ્કૂલમાંથી વિદ્યાર્થીનીઓને પીકનીક માટે લાવવામાં આવી હતી. પાંચ ટીચરો અને એક હેડ મીસ. કુંડાળો જમાવીને શતરંગી વગેરે પર બેઠી હતી. તેમની પાસે ખાવાપીવાનો બંદોબસ્ત હતો. અમારી પાસે સલામ-કલામ કરીને બસી ગઈ અને બહુજ પ્યાર-મોહબ્બતથી મળેલ.

એક વાત ખાસ નોંધ કરવા જેવી હતી કે બધાયનો અવાજ ધીમો. કોઈ ઊંચા અવાજે વાત કરે નહી ! બોલવાનો તરીકો પણ ભારે નમ્રતાભરેલો. આપણાથી તદ્દન ઉલ્ટું.

એક અંજીરવાળો સુઝૂકીમાં અમારી પાસે આવીને ઊભો રહ્યો. બે જણ હતા. એકે અંજીરના બે-ત્રણ ટુકડા કરીને અમને ચાખવા માટે આપેલ અને કહ્યું:

"આ લીલા અંજીર છે. ૪૫૦ રૂપિયા કિલોના." તેણે થોડાક સખ્ત અંજીર બતાવેલ ૨૫૦ રૂપિયા કીલો. એક સાવ સખ્ત બતાવેલા જે ૧૦૦ રૂપિયે કીલો.

હવે કહેવા લાગ્યો:

"બોલો કેટલા આપું ? અને શું ભાવ આપશો ?"

મેં કહ્યું:

"ભાઈ મને આ લીલા અંજીર આપ."

મેં લીલા અંજીર જોયા છે, જે બંધ હોય છે. આવા ખુલ્લા અને ચપટા નથી હોતા.

ખૈર ઠગારા ગળે પડી ગયા હતા. મેં ગુસ્સામાં કહી દીધું કે ૧૦૦ રૂપિયાના કીલો આપ.

કહેવા લાગ્યો:

"કેટલા કીલો લેશો ?"

હવે મને ભાન થયું કે એ તો ૧૦૦ રૂપિયામાં પણ ચોંટાડી દેશે એટલે મેં કહ્યું:

"એક કીલો."

તેણે વજન કરીને ટેબલ પર રાખી દીધા. મેં સોની નોટ આપી દીધી તો આવા ઠગ, ઠગારા અને ધુનારા આપણે ત્યાં પણ હોય છે અને છેતરપિંડી કરનારા, ધઉ કહીને જુવાર વેચનારા સીરીયાના લોકોની બહુમતિમાં કોઈ કોઈ ત્યાં પણ હોય છે.

સ્કૂલની ટીચર્સે અમને સલાડની પ્લેટ પેટ ભરીને ચમચીઓ સાથે ખાવા માટે આપેલ. સબ્જી વગેરે હોય, નમક-મરચાં ન હોય. આવા પ્રકારનો સલાડ ખાવામાં મજા પડે નહી, પરંતુ પ્રેમભાવ સાથે અપાયેલ પ્લેટમાંથી થોડુંક ચાખી પ્લેટ શુકિયા અદા કરી પાછી આપી

દીધી અને થોડાક અંજીર ખાધા. બાકી સ્કૂલની વિદ્યાર્થીનીઓને આપ્યા.

થોડીક વાર ત્યાં બેઠા અને અફસોસ કરવા લાગ્યા કે અગર અમને ખબર હોત કે આવી ખૂબસૂરત જગ્યાએ લઈ આવતે અને શતરંજી અથવા બીજું કોઈ પાથરણું લઈ આવતે તો આવા ઉલ્લાસભર્યા ખુશ્નુમા વાતાવરણનો આનંદ માણવાની મજા બેવડી થઈ જાત અને સમય પણ વધારે લઈ આવ્યા હોત.

પેલો ટેબલવાળો ખુરશીઓવાળો ચા લઈને આવેલ. મેં અને બીજા એક-બે જણે લીલી ચા પીધેલ. બાકી બચી ગયેલ તે પાછી લઈ ગયો. કીશ્તીમાં પણ બેસવાનું કોઈનું મન થયેલ નહી કેમકે આપણે ત્યાં અવારનવાર કીશ્તી કલરી લેક વગેરે સ્થળોએ ડૂબી જવાના અને પૂરા કુટુંબના અકસ્માતનો ભોગ બનવાના સમાચાર અવારનવાર આવતા રહે છે. કીશ્તી પણ બહુ સારી ન હોઈ કોઈનું મન થયેલ નહી. અમારી ઘરની મહિલાઓએ સ્કૂલની ટીચર્સ અને વિદ્યાર્થીનીઓ સાથે યાદગાર તરીકે ફોટા પડાવ્યા.

જગ્યા બહુ સરસ હતી. થોડીકવાર ગપસપ કરીને બેઠા રહ્યા અને સીરીયાના મધુર આલ્હાદીક પવનની લ્હેરની મજા માણતા રહ્યા. પાછા આવીને ગાડીમાં બેઠા અને નબીલ પર છોડી દીધું કે કયાં લઈ જાય છે ?

નબીલ અમને ત્યાંથી આગળ આ ખૂબસૂરત જગ્યામાં ફેરવતાં ફેરવતાં એક મોટા ગેટ પાસે આવીને ઊભો રહ્યો. ગેટ પર તાળું લાગેલ હતું અને બહાર એજ અંજીરવાળો ઊભો હતો. અંદર લીલોછમ્મ બગીચો દેખાતો હતો અને કદાચ આબશાર કે જોવાલાયક સ્થળો હોય એવો અંદાજો મળેલ. ખૈર ફરતા ફરતા પાછાં વળેલ. નબીલને પુછયું તો મેં કહ્યું કે અમને ભૂખ લાગી છે. ખૈર પાછા દમીશ્કમાં મીદાન ચોક પર લઈ જવા કહ્યું.

માર્ગમાં ઘણા માણસોની ભીડ હતી. નબીલ પણ ઉતરીને પાણીની ખાલી બોટલો લઈને ગયો અને ભરીને પાછી લઈ આવ્યો. ખબર પડી કે પાણી આબશાર અને મશહૂર ઝરણાનું હતું. અહી એક મોટી ટાંકી બનાવી હતી તેમાં પાણી જમા થતું હતું તેમાં આગળ નળ લાગેલા હતા. લોકો ત્યાંથી પાણી ભરતા હતા.

ચશ્માનું પાણી અમે પણ પીધું અને આપણા સ્વાત અને મરીની યાદ તાજી થઈ ગઈ. ખૈર આબશાર જોવા મળેલ નહી એટલેથી જ શુકર માનીને દમિશ્ક આવીને મીદાન ચોકમાં પહોંચી ગયા અને સપરમાનો ઓર્ડર આપેલ. સીરીયાની ખુશ્નુમા સીઝન એટલે કકડીને ભૂખ લાગી હતી તેથી જલ્દી હોઈ સપરમા તૈયાર કરાવીને બધાયે પેટ ભરીને ખાધું. શહેરનો થોડોક ચક્કર લગાવી હોટલ પર પહોંચી ગયા.

લગભગ છ વાગ્યા હતા. બે-ત્રણ કલાક આરામ કરવાનો વિચાર હતો. રાત્રે ૮-૩૦ વાગે બોલાવવા આવવાનું નબીલને કહેલ પરંતુ નબીલ તો હોટલમાં જ રોકાઈ ગયો અને હોટલના માલિક અને માણસો સાથે વાતચીત કરતો રહ્યો. ખૈર અમે ચા-પાણી પીધી અને થોડોક આરામ કરીને બેઠા એટલે ૮-૩૦ વાગે નબીલે દરવાજા ખટખટાવ્યો અને અમોને બોલાવ્યા.

અમો તૈયાર થઈને લગભગ નવ વાગે એની ગાડીમાં બેસી ગયા. પાછલા વરસની દાવત યાદ આવી. અમો ચાર જણ ગયા હતા. બાકીના ચાર જણને કારવાને ઈસ્લામવાળા ગુલામ મુસ્તફાના હતા જેમાં હીલ પાર્કવાળી મેમણ સોસાયટીના સેક્રેટરી સત્તાર મનીયાર અને બીજા એક ભાઈ નામવર મહાનુભાવ હતા . એ ઝુહેર પણ હતા તે વખતની યાદ આવી ગઈ.

હવે અમારી ગાડી નબીલના ઘર તરફ ચાલી અને અડધા એક કલાક બાદ તેનું ઘર આવી ગયું. પહેલે માળે ફ્લેટ હતો જે અમે જોયેલ હતો પણ મારી સાથે મારી પુત્રીઓએ તો એ ફ્લેટ પહેલી વખત જોયેલ, જોઈને દંગ રહી ગયા. એ લોકોની ધારણામાં એક ડ્રાઈવરના ઘરનો જે નકશો હતો તેનાથી સદંતર ઉલ્ટું. એક શાનદાર ફ્લેટ, ફુલ ફર્નીશ્ડ, એક ડ્રોઈંગ અને ટીવી લોન્જ, સોફા, ટેબલો, કારપેટ વગેરે ફર્નીચરની સજાવટથી જાણે ફ્લેટ દીપી ઊઠતો હતો. ત્રણ બેડરુમ પણ હતા જે શણગારીને રાખેલ હતા.

નબીલનો એક યુવાન પુત્ર હતો. હાલમાં જ ભણીને સર્વીસમાં લાગ્યો હતો. ૨૦૦થી ૨૫૦ ડોલર પગાર હતો અને ઈંગ્લીશ સડસડાટ બોલતો હતો એટલે અમને સૌને વાતચીત કરવામાં ફાવટ આવી ગઈ. કરાચીની વસ્તીનું સાંભળીને એ અચંબામાં પડી ગયો અને કહેવા લાગ્યો:

"અમારા પૂરા સીરીયાની વસ્તીની બરોબર તમારા કરાચીની વસ્તી છે."

વાતચીત કરતા હતા ત્યાં ખાણું તૈયાર થઈ ગયું. ૬થી ૮ ડીશો હતી. પાયા, ગોશ્ત, મગજ સૂપ અને ચાવલની ડીશ, આંબલીનું શરબત. જમીને ફરી ડ્રોઈંગ રુમમાં આવીને બેઠા. ત્યાં કાળી ચા આવી.

નબીલની પત્નિ હોશિયાર હતી પણ આપણને નમક મીરચી વિના ચાલે નહી એ હિસાબે ફીકા ભોજનમાં આપણને ટેસ્ટ પણ ન આવે. ખૈર, ઈઝઝત અને ભારે માનપાન સાથે દાવત કરી તે પણ મોટી વાત છે. દાવતમાં આવવાથી વધારે ચેન્જ મળેલ તેથી મજા આવી.

મારી પત્નિએ પહેલાંથીજ મને કહ્યું હતું કે આપણે જમવા જઈએ તો કોઈક તોહફો લઈ જઈએ. મેં કહ્યું કે તોહફો લેવા કયાં જઈશું ? ૧૦૦૦ રુપિયાનો કવર હદીયા રુપે આપી દઈએ તો સર્વે સહમત થઈ ગયા. હદીયો કરીને આપેલ નબીલની પત્નિએ વધારે આનાકાની કર્યા વગર રાખી લીધેલ અને અમને પણ એક પ્રકારનો સંતોષ થયેલ કે મફતમાં દાવત ન ખાધી. તોહફાની આપ-લે કરવી એ પણ એક પ્રકારનો ઈસ્લામી અને નેકીભર્યો શિષ્ટાચાર છે.

લગભગ બાર વાગે પાછા અમારા ફ્લેટ પર આવી ગયા. સવારે જુમ્આનો દિવસ હતો. નબીલને અગિયાર વાગે બોલાવેલ. મસ્જીદે ઉમવીમાં નમાઝ પઢવાનો પ્રોગ્રામ બનાવેલ. ઓરતોને પણ નમાઝ માટે લઈ જવાનું નક્કી કરેલ કેમકે મસ્જીદે ઉમવીમાં ઓરતો મોટી સંખ્યામાં જુમ્આની નમાઝ પઢવા આવે છે અને આસપાસ ચાર-પાંચ ઝીયારતો હતી તે પણ થઈ જાય. તે બાદ ઘરે આવીને એરપોર્ટ જવાનું નક્કી કરેલ.

ખૈર જુમ્આનો દિવસ અમારા દમિશ્કના રોકાણ અને સીરીયાની આ બીજી સફરનો છેલ્લો દિવસ હોઈ. સવારે નાશ્તાથી પરવારીને સામાન પેક કરી લીધો. નબીલ અગિયાર વાગે મોજુદ ૧૧–૩૦ વાગે અમે નીકળેલ અને આ ઐતિહાસિક મસ્જિદમાં બાર વાગે પહોંચી ગયા.

વઝુ કરીને ઘરેથી તૈયાર થઈને ગયા હતા. બીજી સફમાં જઈને બેસી ગયા. હઝરત યાહયાનો મઝાર હોઈ તે તરફ ઓરતોનો વિભાગ હતો. ત્યાં ઘણી ઓરતો આવી ગઈ હતી. મોટી ભીડ હતી. મોઅઝ્ઝીન ચબુતરા પરથી સલાતો સલામ અને ના'તીયા કસીદા મીલાદ પઢતા હતા. અરબ જવાન અને તે પણ સીરીયાના. ગજબનો અવાજ, લહેજામાં ભારે અકીદત બહુજ કર્ણપ્રિય લાગે અને દિલમાં ઉતરી જતું લાગે. અમે બેઠા સાંભળતા હતા. મસ્જીદમાં માણસોની આવક ચાલુ હતી અને અઝાન પહેલાં મસ્જીદ ચીક્કાર ભરાઈ જવા આવી હતી.

આપણે ત્યાં જુમ્આના ખુત્બા સુધી માંડ મસ્જીદ ભરાય. ત્યા જુમ્આની નમાઝમાં જલ્દી હાજર થઈ જવાનો લોકો ભારે એહતેમામ કરે છે. એમ પણ જલ્દી મસ્જીદમાં પહોંચી જવાની અનેક ફઝીલતો આપેલી જેનાથી દરેક મુસલમાન વાકેફ છે.

ખૈર, સાડા બાર વાગે અઝાન થઈ ત્રણ મોઅઝ્ઝીન ફરતા ફરતા અઝાન આપેલ. ત્રણેયનો અવાજ અલગ અને ભેગો એમ આવે. તે બહુ સારું લાગતું હતુ. અઝાન બાદ સુન્નત પઢેલ. ગયા વખતે ખાસ કોઈ વધારે ધ્યાનથી નોટ કરેલ નહી. આ વખતે દરેક રીતભાત તોરતરીકાને નોટ કરતો હતો.

ઈમામ ખતીબ સાહેબ જે પ્રભાવશાળી વ્યક્તિ હતા. મીમ્બર પર ચઢીને સલામ કરીને બેસી ગયા. મને એક કે હવે આપણે ત્યાં જેમ ખુત્બાની અઝાન થાય છે તેમ ખુત્બાની અઝાન થશે પણ પહેલા એક મોઅઝ્ઝીન ઊભો થયો અને અલહમ્દો અને કુલ શરીફથી બીજી આયતોની તિલાવત કરેલ. તે બાદ બીજો મોઅઝ્ઝીન ઊભો થયો તેણે દરૂદ શરીફ અને સલાતો સલામ અને ના'તીયા કસીદાના અશઆર પઢયા. હવે ત્રીજો મોઅઝ્ઝીન ઊભો થયો અને તેણે ખુત્બાની અઝાન આપી જે આપણા માટે નવીન વાત હતી.

ખૈર ખતીબ સાહેબે બુલન્દ અને પ્રતિભાશાળી અવાજમાં ખુત્બો શરૂ કરેલ જેના ઉતાર ચઢાવ તો આપણે સમજીએ પરંતુ અરબીમાં હોઈ ખાસ અર્થ અમજદ નહી. ખતીબ સાહેબે ખુત્બામાં દુઆ કરી. આલમે ઈસ્લામ માટે, ઈરાક, અફઘાનિસ્તાન અને અલ–જઝાઈર માટે ખાસ દુઆ માંગી. મને થયું કે કાશ્મીર માટે દુઆ કરેલ નહી. બીજી જ પળે વિચાર આવ્યો કે હવે કાશ્મીરમાં જેહાદની જે કુરબાની આપી હતી. તે આપણે પોતે ખતમ કરી નાખી છે અને હવે વાત ફૈસલા પર આવી છે. હવે આપણી મસ્જીદોમાં પણ કાશ્મીર માટે કયાં દુઆ માંગવામાં આવે છે ? તેથી હવે તે લોકો પણ સમજી ગયા છે કે હવે કાશ્મીર અને પાકિસ્તાન માટે દુઆ કરવાની અલગથી જરૂરત નથી. ખૈર ખુત્બો પુરો થયેલ અને જમાત ઊભી થઈ.

એક મોઅઝ્ઝીને ઇકામત કહી. બીજાએ તકબીર અને ત્રણેય સાથ પુરાવે. હવે દરેક તકબીરમાં ત્રણેય મોઅઝ્ઝીન. એક સાથે અવાજથી અવાજ મીલાવીને તકબીર આપે જે બહુજ સારૂં અને કર્ણપ્રિય લાગે અને નવીનતા પણ ખરી. સલામ પણ ત્રણેય મોઅઝ્ઝીનો સાથે અવાજ મેળવી.

સલામ ફેરવતાં જ ખતીબ સાહેબ તરત જ ઊભા થઈ ગયા. હું પણ આગળ જ હતો એટલે જલ્દીથી ઊભો થઈને તેમની સાથે મુસાફેહો કર્યો. એક પાકિસ્તાની તરીકે ઓળખાણ આપી. ઈમામ સાહેબ બહુ ખુશ થયા અને દુઆઈયા કલમા કહેલ. હું પાછા સુન્નત અને નફ્લ પઢવા લાગી ગયો.

હું ફારેગ થયો પરંતુ ઈમામ સાહેબ માંડ માંડ પાંચ ડગલા આગળ વધ્યા હતા. નમાઝીઓએ તેમને ચારે તરફથી ઘેરી રાખેલ. પહેલાં તો મને એમ કે તરત જ હુજરામાં જઈને બાકીની નમાઝ પઢશે. હવે સમજ પડી કે તરત જ ઊભા થઈ ગયા છતાં લોકોએ ઘેરી રાખેલ હતા અને નમાઝ બાદ ઊભા થાય તો કલાકો નીકળી જાય.

બાદમાં પુછતાં માલુમ પડયું કે જામે ઉમવીમાં તેઓ બુખારી શરીફ હદીસના માહીર છે અને હદીસે પાક પઢાવતા હતા. આજે પણ મારા મગજ પર જામે ઉમવીના ખતીબ સાહેબની અસર છે અને એમની સાથે ફોટો મારા પુત્રોએ ખેંચી લીધેલ છે.

ત્યાર બાદ અમે હઝરત યાહયાનો મઝાર જે મસ્જીદમાં ડાબે તરફ હતો ત્યાં જઈને ફાતેહા પઢી અને દરૂદો સલામ પઢીને દુઆ કરેલ અને અલ્લાહનો શુકર અદા કરેલ કે એક પયગમ્બરના મઝાર પર હાજરી નસીબ થઈ, ઘણી ખુશનસીબીની બીના હતી.

બહાર ચોગાનમાં મસ્જીદથી બહાર નીકળતા ડાબી બાજુ હઝરત ઈમામ હુસેનના સર મુબારકની ઝિયારત કરી ફાતેહા પઢી બહાર નીકળ્યા. હઝરત ઉકૈયા, નુરૂદ્દીન ઝંગી અને સલાહુદ્દીન ઐયુબીના મઝાર પર હાજરી આપી.

હઝરત નુરૂદ્દીન ઝંગીની મસ્જીદમાં એજ કસીદહે બુરદહ શરીફનો વિર્દ ચાલુ હતો જેનું વર્ણન આ પહેલાં હું કરી ચૂકયો છું. તે બાદ મીદાન ચોકમાં એજ દુકાનમાં જ્યાં અમને ફ્રુટ આવી પહોંચી ગયા. ત્યાં અમારા માટે ખાસ મસાલા વગેરે નાખીને સપેરમાં તૈયાર કરી દેવામાં આવતા ખાઈને હોટલ તરફ રવાના થઈ ગયા.

રૂમમાં પહોંચીને ચા–પાણી પીધા. નબીલના કહેવાથી ખબર પડી કે એજન્ટનો માણસ આવશે અને ટીકીટો પણ તેની પાસે છે જે અમને ઈમીગ્રેશનમાંથી પસાર કરશે. મેં કહ્યું કે ચાર વાગી ગયા છે. એરપોર્ટ પહોંચતા પાંચ વાગશે. ત્રણ કલાક પહેલાં કાઉન્ટર ખુલે છે તો નબીલે કહ્યું કે મરવાન નામે એજન્ટને ઘરે ફોન કરેલ તો કહેલ કે કાઉન્ટર છ વાગે ખુલશે. મારાથી વાત કરાવી તો મેં કહ્યું:

"ભાઈ ત્રણ કલાક પહેલાં કાઉન્ટર ખુલે છે અને સાથે સામાન પણ છે અમને આગળ ની સીટો જોઈએ છે." નબીલથી કહ્યું કે તેને ઘરેથી બોલાવી લે. શુક્રવાર હોવાથી અહી છુટી હતી એટલે એજન્ટની ઓફિસ પણ બંધ હતી. નબીલને બધી ખબર હતી એટલે નબીલ

એના ઘરે જઈને એને બોલાવી લાવેલ અને અમે સામાન ગાડીમાં ગોઠવીને એરપોર્ટ રવાના થયા. એરપોર્ટ પર પહોંચીને સામાનની નીચે ઉતાર્યો ત્યાં ટ્રોલી લેવા જાય તો એક ડોલરની એક ટ્રોલી મળે. અમે ચાર ટ્રોલીઓ લીધી. સામાન ભરીને એરપોર્ટની અંદર દાખલ થયા અને સામાન અને બોર્ડીંગવાળા ભાગમાં જે ફ્લાઈટનો કાઉન્ટર ખુલે ત્યાં જવા દયે. મને કહેવામાં આવ્યું કે તમારું કાઉન્ટર છ વાગે ખુલશે અને ઈલેકટ્રીક બોર્ડ ઉપર પણ છ વાગ્યાનો સમય હતો. હવે મરવાનની વાત સાચી લાગી. મરવાને કીધું કે એરપોર્ટ ટેકસના ૨૦૦ના હીસાબે ૧૬૦૦ રૂપિયા આપો. મેં પૈસા આપ્યા. તે ટીકીટો સાથે જ લાગ્યો હતો. તેણે દરેક પાસપોર્ટ પર ૨૦૦ની ટીકીટ લગાવીને અમને આપેલ અને કહેલ કે હું હવે તમારો સામાન બોર્ડીંગ થઈ જશે તો ઈમીગ્રેશન કાઉન્ટર પર આવીશ.

નબીલને ભેટીને છૂટા પડયા. ઝુબેરે પહેલાં જ ૧૧૫૦૦ સીરીયન રૂપિયામાં તેનો ફેસલો કરેલ જે મેં આપી દીધા. પાંચ દિવસના ફરવાના એક દિવસ ૬૦૦ કિલોમીટર જવા અને ૬૦૦ કીલોમીટર આવવાના એમ ૧૬ કલાકનો સફર એટલે વાજબી પૈસા કહેવાય.

ફ્લેટના રૂમના ૭૦૦૦ રૂપિયા, પાંચ દિવસના લીધા એ પણ બિલ્કુલ વ્યાજબી લાગેલ. ખૈર છ વાગે અમને અંદર જવાની રજા મળી. અંદર દાખલ થઈને એક કાઉન્ટર પર જઈને હું ઊભો રહી ગયો. ત્યાં ઊભેલ અધિકારી દેખાવે હસમુખ અને સારો લાગેલ. મેં સલામ કરી અને બોર્ડીંગ માટે ટીકીટ અને પાસપોર્ટ આપેલ.

ઉમરા માટે ગયેલ હતા. જીદ્દાહથી સામાન અહી લાવેલ એજ સામાન છે, એકાદ દાગીનો વધેલ છે. બધાય ટેક લાગેલ છે. તેણે પૂછયું:

"કેટલા દાગીના છે ?"

મેં જવાબ આપ્યો:

"એમ તો અમો આઠ પેસેન્જર છીએ અને મોટી પેટીઓ પાંચ છે અને નાના થેલા-બેગ મળીને ૧૭ હશે અને અમે હેન્ડ કેરી માટે કંઈ રાખીશું નહી."

અમારી સાથે ઝમઝમના છ નાના ગેલન હતા. તેણે પૂછયું:

"આને સાથે લેશો ?"

મેં જવાબ આપ્યો:

"એને પણ લગેજમાં નાખશું. મારી સાથે ફેમીલી છે ઉપાડવાવાળા મારા એક પુત્ર સિવાય કોઈ નથી."

તો મારી સામે જોઈને હસીને કહ્યું:

"માફી મુશ્કેલા." કંઈ મુશ્કેલી નથી. કાંટા પર સામાન રાખનાર માણસને ટેક આપીને કહે કે બધા પર ટેક લગાવી છે."

એણે બધાય સામાન પર ટેગ લગાવી દીધેલ વજન કરેલ નહી અને અમારી સાથે કોઈ સામાન રહેલ નહી. હવે આગળની સીટોનું કહેલ તો તે કામ મુશ્કેલ હતું કેમકે આગળ દમામના પેસેન્જરો માટે સીટો રાખે એટલે ઉતાવળમાં અગવડ પડે અને નવા ચઢે તે પણ

આગળ ગોઠવાઈ જાય. તો મેં કહ્યું: ઠીક છે ખૈર પ્લેન સુધી પહોંચીને સીટ પર ગોઠવાઈ ગયા અને દમામ આવતાં આગળના પેસેન્જર ઉતરી ગયા અને ચઢનારા મુસાફરો ઓછા હતા એટલે આગળની સીટો ખાલી હતી. અમારી પાસે પ્લેનના સ્ટાફે આવીને કહ્યું: "તમારે આગળ આવવું હોય તો આવી જાવ. અમો આગળના ભાગમાં સીટો ઉપર બેસી ગયા.

સવારે સાડા ત્રણ વાગે ૩૦ એપ્રીલ ૨૦૦૫ના અમારી ફ્લાઈટ કરાચી પહોંચી ગઈ. એમ મારી ઉમરાથી અને સીરીયાની આ બીજી સફર પૂરી થઈ. સીરીયા ખ્યાતનામ પયગમ્બરો, મશ્હુર સહાબાએ કિરામ અને મહાન અવલીયાએ કીરામની પવિત્ર અને મુકદ્દસ સરઝમીન. એ સીરીયા જેને પાક ભૂમિ પણ ફરમાવવામાં આવેલ છે. એ મુબારક પ્રદેશ જેને ખૂણે ખૂણે ઈસ્લામી ઈતિહાસની જાજરમાન બેશુમાર યાદગીરીઓ વીણાયેલી છે. સીરીયા એટલે એવી અતિ મૂલ્યવાન ફળદ્રુપ અને ઝહાની સુગંધથી મહેકતી જમીન જ્યાંની ખુશ્બોના પમરાટને સ્વંય મેહબુબે રબ્બુલ આલમીન સલ્લલ્લાહો અલયહે વસલ્લમે મહેસુસ ફરમાવ્યો. મને પણ એક ખાસ લગાવ થઈ ગયો એ પવિત્ર સરઝમીન સાથે મનના અગાધ ઊંડાણમાંથી અકિદતવિભોર બનીને આ મુબારક સરઝમીનને ત્યાં આરામ ફરમાવી રહેલા અલ્લાહના પ્યારાઓને આ પુસ્તકના લેખન દ્વારા વિનમ્ર અકીદત ખંડણી અર્પણ કરવાનો પ્રયાસ આ સાથે પૂર્ણતાએ પહોંચ્યો.

સીરીયાની સફરના વાંચકોને મારી આ અદબપૂર્વકની કોશિષ નિર્થક તો નથી લાગી મને તેની પ્રતિતિ તો આ લેખનમાળાના મિલ્લતમાં દર સોમવારે થતા પ્રકાશનથી અદ્રશ્ય થઈ ગઈ છે. અલ્લાહ તઆલા અમ્બીયાએ કીરામ અને મહાન સહાબીઓ તથા અવલીયા અલ્લાહના ફયઝથી આપણા દામનને છલકાવી નાખે એવી તમન્ના સાથે વિરમું છું. સીરીયાના આ સફરની સમાપ્તિ અન્ય કોઈ ફળદાયી આલેખન માટે કારણભૂત બનશે. મારો અંતરઆત્મા એવો પ્રબળ પ્રતિસાદ આપે છે.

વમા તવફીકી ઈલ્લાહ બીલ્લાહીલ અલીય્યીલ અઝીમ

મુખપૃષ્ઠ પર અપાયેલી સીરીયાની તસ્વીરોની વિગતો



જામીયા ઉમુવી

સૈયદા બીબી ઇકૈયા હઝરત ઉવેસ કરની (રદિ.) સૈયદા બીબી ઝયનબ

હઝરત હાબીલ (અ.સ.) અ. રહેમાન ખાલીદ બીન વલીદ (રદિ.) સૈયદ ઉસ્માન સકબી (રદિ.)

પ્રાચીન દમિશ્ક શહેર હઝરત યાહયા (અ.સ.) ઈદે મિલાદુન્નબી (સલ્લલ્લાહો અલયહે વસલ્લમનું જન્મ



મસ્જિદે ઉમુવીનો બહારનો દરવાજો મઝાર ગારે વિલાદતે હઝરત ઈબ્રાહીમ (અ.સ.)

મુનાજાત

–તારો આજીઝ બંદો અ. સત્તાર તવક્કલ

હે સકળ સૃષ્ટિના સર્જનહાર ! બે પગે, ચાર પગે કે પેટ બળે ચાલનાર અને પાણીમાં રહેનાર, દીઠ–અદીઠ મખ્લુકના પાલનહાર ! માત્ર તારા માટે જ બધી હમ્દ છે અને ફકત તું જ તમામ પ્રશંસા અને બંદગીને લાયક છે.

હે અલ્લાહ ! તમામ ભલાઈઓ તારા હાથમાં છે. હે સૌથી વધારે દયાવાન, કૃપાળુ ! હે અલ્લાહ તારી જ હમ્દ છે કે તેં અમને હિદાયત આપી. ઈઝઝત અર્પણ કરી અને મને તૌફીક અતા ફરમાવી અને ઈમાન તથા સાચા અકીદાની નવાઝીશ ફરમાવી.

હે ઝળહળતા સૂરજ અને શીતળપૂર્વક ચમકતા ચાંદને પેદા કરનાર, હે મુસીબતમાં પડેલાઓની મુસીબતોને દૂર કરનાર ! હે નવજન્મિત બાળકને રોઝી પહોંચાડનાર, હે તૂટેલા હાડકાંને જોડનાર, હે ફરીયાદીઓની દાદરસી કરનાર, હે બેચેન લોકોને ચેન અર્પણ કરનાર, હે ગમગીન લોકોને રાહત બખ્શનાર અને હે બેકરાર લોકોની દુઆને કબુલ કરનાર, હે કણસી રહેલા બીમારને શીફા અને તંદુરસ્તી અતા ફરમાવનાર. હું તારો આજીઝ અને લાચાર બંદો છું ! મારી આ ઈલ્તેજાને કબૂલ ફરમાવ.

બેશુમાર દુરૂદ અને લાખો સલામ તારા મહેબુબ હઝરત મોહમ્મદ મુસ્તુફા એહમદે મુજતુબા પર કે જેમને સદકે અને પ્રતાપે તેં તમામ જહાનોનું સર્જન કર્યું. હે અલ્લાહ તારો લાખ લાખ શુકર કે તેં અમને તારા મહેબુબે પાકની ઉમ્મતમાં પેદા કર્યા.

હે અલ્લાહ તારો અહેસાન છે કે આજે હું મારા પુસ્તક 'સીરીયાની સફર'ની પૂર્ણતા કરીને કીતાબ રૂપે પ્રગટ કરીને તારા બંદાઓ સમક્ષ રજુ કરી રહ્યો છું. હે, સૌ દયાવાનોથી વધુ દયાવાન ! હે અરહમુર્રાહેમીન ! સીરીયામાં આરામ ફરમાવી રહેલ તારા મહાન પયગમ્બરો, તારા મહેબુબે પાકના જાંનીસાર સહાબીઓ, તારા બરગુઝીદા અવલીયાએ કિરામના

અહેવાલો, વૃતાંતો, અકવાલો તેમજ ઈસ્લામી ઈતિહાસના કિર્તીવાન અને ખ્યાતનામ મુજાહિદોએ ઈસ્લામની સરબુલંદી ખાતર બેનમૂન કારનામાઓ સર્જાંવી જનાર મહાન વિભૂતિઓનું સંક્ષિપ્ત વર્ણન મેં આ પુસ્તકમાં કરવાનો યથાશક્તિ પ્રયાસ કર્યો છે.

હે મન મગજમાંના વિચારોથી વાકેફ મારા માલિક ! તારી બારગાહમાં મકબુલ આ તમામ બુઝુર્ગોંના તુફૈલ તું મને, મારી આલ અવલાદને, મારા મિત્રો અને શુભેચ્છકોને અને ખાસ કરીને 'સીરીયાની સફર'ના આલેખનમાં મને પ્રોત્સાહન આપનાર બિરાદરોને તેમજ આ પુસ્તકનું વાંચન કરનારાઓને તારા મહેબૂબે પાકની મોહબ્બત અતા ફરમાવ તેમજ તારી અને તારા રસૂલે પાક (સલ્લલ્લાહો અલયહે વસલ્લમ)ની તાબેદારી કરવાની તૌફીક અતા ફરમાવ.

હે મૌલાએ કાએનાત ! 'કુન' કહીને સર્જન કરનાર ! મારી આ તુચ્છ કોશિષો થકી કોઈ વાંચકને તારી તરફ અને તારા નબી પાક તથા અવલીયા તરફ રગબત થઈ જાય તો તમામ બરકતો, અનવારો અને ફયઝની વર્ષાથી તરબોળ બનાવી દેવાનું તારા માટે કોઈ મોટી વાત નથી. અને હે હય્યો કય્યુમ ! તેના સદકે મારો બંને જહાનમાં બેડો પાર કરી દે. આમીન.

હે નૂહની કશ્તીને પાર લગાડનાર ! હે ઈબ્રાહીમ પર આગને ગુલ્ઝાર કરી દેનાર ! હે મુસાને અસા અર્પણ કરી સમુદ્રમાં માર્ગ આપનાર ! હે ઈસાને મરેલાઓને જીવતા કરવાની શક્તિ દેનાર ! હે મરીયમને વગર મોસમના ફળ બક્ષનાર અને બની ઈસ્રાઈલને મન્નો સલ્વા અતા ફરમાવનાર ! યુસુફને હુશ્ન અતા કરનાર, હે સુલેમાનને હવાઓ પર કાબુ આપનાર ! તારા સર્વોત્તમ સર્જન, જેને લીધે આ સકળ સૃષ્ટિનું તેં સર્જન કર્યું, તેમના સદકે આ લેખમાળા, આ પુસ્તક વાંચનારને સીધો માર્ગ દેખાડ, અકીદતની દૌલત અતા ફરમાવ, બક્શીશ ફરમાવ. હે ગફુરૂર્ રહીમ !